હરિ:ૐ



# જીવનમંથન

- પૂજ્ય શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટા
હરિ:ૐ
હરિ:ૐ આશ્રમ-સૂરત

॥ હરિઃૐ ॥

# જીવનમંથન

## સાધકોને પૂજ્ય શ્રીમોટાના પત્રો

: સંપાદકો :
શ્રી હેમંતકુમાર ગુણાભાઈ નીલકંઠ
શ્રી નંદુભાઈ ભોગીલાલ શાહ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** | **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૫૬ | ૧૦૦૦ | ચોથી | ૧૯૯૨ | ૨૦૦૦ |
| બીજી | ૧૯૭૪ | ૧૦૦૦ | પાંચમી | ૨૦૦૬ | ૧૦૦૦ |
| ત્રીજી | ૧૯૮૪ | ૧૦૦૦ | | | |

❑ પૃષ્ઠ : ૨૦ + ૩૭૬ = ૩૯૬

❑ કિંમત : **રૂ. ૨૫**/-

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

## સમર્પણાંજલિ

પૂજ્ય શ્રીમોટાના પ્રત્યક્ષ સંપર્કમાં આવ્યા
તે ધન્ય સમયથી,
હરિઃૐ આશ્રમના ટ્રસ્ટીમંડળ સાથે અને
સવિશેષ રીતે પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈ તેમ જ
પૂજ્ય શ્રી ઝીણાકાકા સાથે
સતત આત્મીય સંબંધ જાળવી રાખી,
આશ્રમની તમામ પ્રકારની જરૂરિયાતોમાં
તેમ જ આશ્રમ દ્વારા થતી
સમાજોત્થાનની યોજનાઓમાં
ભક્તિભાવે સહાયક બની રહેતા
એવા
ઓલપાડ તાલુકાના ગામ પરીયાના વતની અને
હાલ ઝામ્બિયા(આફ્રિકા)માં સ્થાયી થયેલા
**શ્રી જયંતીભાઈ એમ. મહેતા**ને
પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહ સ્વરૂપ
**'જીવનમંથન'**ની આ પાંચમી આવૃત્તિનું પ્રકાશન
અર્પણ કરતાં અમે આનંદ અને ધન્યતાની
લાગણી અનુભવીએ છીએ.

તા.૨૫-૧૨-૨૦૦૬ — **ટ્રસ્ટીમંડળ,**
નાતાલ — હરિઃૐ આશ્રમ, સુરત

**હરિઃૐ**

તા.૨૯-૭-૧૯૪૩

(શિખરિણી)

તને માડી હૈયે વળગી વળગી પ્રેમ કરવો,
જઈ વારી વારી, બસ સમજું તે કર્મ અદકું,
વિના જોયા હૈયે પળ પણ મને શાંતિ ન વળે,
મને માડી તારા વગર કળ તે ક્યાંય ન પડે.

(શિખરિણી - મંદાક્રાંતા)

અહા શો માનું હું મન-હ્દયથી ભાવ-આભાર તારો !
મને મુકાવ્યું તેં મન-હ્દયથી ઝંખવું-ઝૂરવાનું,
સુવાડીને અંકે અમી તુજ કરે પાઈ પાઈ નવાજ્યો,
બનાવી શો તારો, મુજ પતિતને આશરો પૂર્ણ દીધો.
થતાં કાંઈ, ભાવે જનની-ચરણે મૂકતાં મૂકતાં તે
-ઉરાડી દૈ કેવું રહ્યું સહ્યું બધું આપમેળે કૃપાએ
-મને તારામાં તેં રસબસ કરી શો ઉછાળ્યા કર્યો મા !
પ્રશસ્તિ શી ગાવું ! મુજમહીં ખરે એવી તાકાત ક્યાં મા !
તને વારે વારે મુજ મળ અને મૂત્રથી માડી કેવો
બગાડીને ગંદી મલિન કરતો ! તોય તેં પ્રેમ રાખ્યો,
ભીનામાંથી સૂકે લઈ લઈ મને તેં સુવાડ્યા કર્યો, મા !
કૃપા એવી માડી તુજ, મુજ પરે શી હતી ! તો જીવ્યો, મા !
હાવાં બોલાવે કે નહિ પણ છતાં માડી તું પાસ લાગે,
મને સંભાળે છે પળ પળ હ્દે ભાન એવું ઊગ્યું છે !
નથી મારાથી મા ! કહીંય અળગી, કાળજી સર્વ રાખે,
હવે તારી સાથે તુજ શિશુ સદા ખેલવું માત્ર વાંછે.
મને તારી સાથે રમત રમતાં ઊછળે કોડ હૈયે,
અને એ ભાવે મા ! ગરક બનતાં તુંમહીં રંગ વ્યાપે,
ઉછાળો મસ્તીનો ઉર મદભર્યો શો ચઢે રોમ રોમે !
ભૂલું તારામાં ત્યાં મુજ જીવનનું સર્વ અસ્તિત્વ સ્હેજે.

---

## પ્રાક્[૧]-કથન (પ્રથમ આવૃત્તિ)

વિદ્યાનો સિંધુ અને અનુભવનું બિંદુ સમતુલામાં પ્રવેશતાં, અનુભવબિંદુના પલ્લાને વજનપૂર્ણ નિહાળવાને સુઅવસર સાંપડશે. વજૂદ[૨] તેના વજનમાં વૃદ્ધિ કરશે.

સિદ્ધાંતો-સાધનો-શબ્દમાં વિશદ રીતે વર્ણવાય. જીવનના ઢાળમાં ઉતારવા અને રુચિકરતાથી જિંદગીના પ્રત્યેક કર્તવ્યમાં વણી લેવાના એ કાર્યમાં સૌકર્ય,[૩] સિદ્ધાંતોના પરામર્શ[૪] માત્રથી, કે સાધનોના પ્રયોગમાત્રથી શક્ય ન બને.

પ્રત્યેક પ્રશ્નનો ઉકેલ, પરીક્ષ્ય[૫] કક્ષામાં પોતાની જાતને મૂકી, તેની-તે સિદ્ધાંતોની-જીવનસંગતિ[૬] શી છે તે દર્શાવી, એક રસસંચયશીલ મધુકરની માધુકરી વૃત્તિએ નિત્ય નિત્ય પરિશીલન શીલથી નિજ નિષ્કપટ અનુભવને સમષ્ટિ સામે મૂકી જવું, એ જીવંત સિદ્ધિ છે.

વ્યક્તિ વ્યક્તિ અસંયમ-અતિસંયમ, અનાહાર-અત્યાહાર આદિ એકતર[૭] પક્ષમાં પ્રવેશી શકે છે, પરંતુ માધ્યમિક ભૂમિકામાં વસી મિતાહાર, મિતવિહાર સ્થિતિને સંપાદિત ન કરી શકે.

એ યોગને સાધવા પ્રયત્નશીલ, કેવળ તેની સામગ્રીને સ્પર્શતા વાઙ્મયથી કૃતકૃત્ય નહિ બને ને વિપુલતમ સિદ્ધિ નહિ સંપાદન કરી શકે, ત્યારેઃ –

તે જ રીતે વિદ્યાનો અત્યંત સંગ્રહ કરી ચૂકેલ પણ તેને વ્યવહારના પ્રશ્નોને ઉકેલવામાં, ઉપયુક્ત[૮] કરવામાં, સફળતા ઓછી મેળવી શકે છે. ત્યાં જીવનના અટપટા પ્રશ્નોને હલ કરવાની કઠિનાઈઓ ઊભી થાય છે, ત્યારે :–

---

૧. પ્રાક્=આરંભ  ૨. વજૂદ=વાસ્તવિકતા  ૩. સૌકર્ય=સરળતા  ૪. પરામર્શ=સ્મૃતિ  ૫. પરીક્ષ્ય=પરીક્ષા કરવા યોગ્ય  ૬. જીવનસંગતિ=જીવન સાથેનો સંબંધ  ૭. એકતર=બેમાંથી એક  ૮. ઉપયુક્ત=ઉપયોગ

એકાદ અનુભવબિંદુ મળતાં તાત્કાલિક અસર થાય છે. તત્ત્વવિચારોને, જ્ઞાનસલિલને, વિદ્યાવૈભવને વસવાનું સ્થાન બુદ્ધિ છે. માનવની તે હોઈ તેમાં ધૈર્યધનનો સમાવેશ અલ્પ માપમાં હોય છે.

જીવનના પ્રસંગોની સામે સામનો કરવામાં તે ઉપકારક અવશ્ય થાય - જો બુદ્ધિ બુદ્ધિના સ્વરૂપમાં રહી શકે. બુદ્ધિનું સાચું સ્વરૂપ નિશ્ચયાત્મક વૃત્તિ.

કોઈ પણ પૂર્વગ્રહ કરી બેઠેલી પરિસ્થિતિને પલટવી, એ ભગીરથ કાર્યમાં સામગ્રી ક્ષીણબલ બને છે.

કોઈ તપસ્વી તપોબલ, અનુભવબલ અને પ્રેમબલની ત્રિવેણીનો સંગમ સાધી અનુભવનાં બિંદુઓ જો આપ્યા કરે તો આશ્વાસનના સિંધુઓ તેમાંથી નીપજશે.

વ્યથાનાં નિવારણ, આપત્તિનાં વારણ કેવળ તેના સહજ સમતાયુક્ત ઉપભોગથી અને મૌનાવલંબનથી જ છે. કર્મના પરિપાકોનાં પરિવર્તન શક્ય નથી. તેનો ક્ષય તેના દૃલોપભોગથી.

તે સહનશીલતાના કાલમાં સાક્ષાત્ અવલંબનની આવશ્યકતા. તેના પરોક્ષ-અપરોક્ષ સહકારે સંસ્કાર અને સહિષ્ણુતા પ્રવાહની માફક મળ્યા જ કરે.

જે પ્રવાહ સરિતાના સલિલ સમો સ્વચ્છ-પક્ષપાત વિનાનો, મધુર રુચિકર વાઙ્મયમાં, મનોહર તત્ત્વ-દિશામાં લઈ જનારો, મંગલકર-પરિણામ હિતાવહ, શીતલ સ્નેહ-રસ પ્રચુર, એ પંચશીલપૂર્ણ હોય તો લક્ષ્ય સિદ્ધ કરી શકાય.

અપરોક્ષ સહવાસ કરતાંય પરોક્ષ સહવાસ એ વધુ અસરકારક નીવડે છે. છિદ્રાન્વેષણ, મન-મક્ષિકાનો સહજ સ્વભાવ છે. શબ્દદેહમાં વધુ સુવાસ છે, તેને કદી કરમાવાની કે લાવણ્ય-માધુર્યને તેમાંથી ઓસરી જવાની સંભાવના નથી.

તે અનેક વિગ્રહ[1] લઈ શકે છે અને દુરાગ્રહમાંથી છોડાવી શકે છે. શબ્દસ્વરૂપે સર્વના સમીપમાં પહોંચી જવું અને અંતઃશુદ્ધિસંરક્ષણ સાથે અન્ય અંતઃશુદ્ધિ સાધવી એ અક્ષર-વિગ્રહની વિજય-સિદ્ધિ છે.

ચિરંતન કાલથી તે પરમ ભાગવત તત્ત્વોએ તત્ત્વોના તાત્પર્યને પોતાના અનુભવરૂપે અર્પ્યું છે. તેમના અનુપમ અનુભવમાંથી કંઈક ગુણ-રત્નો લાધ્યાં છે અને તે રત્નોમાંથી માનવ સુખ-સંપન્ન બન્યો છે.

પુષ્ટિપ્રેમના-વિશ્વપ્રેમના મહાપુરુષ હરિરાયજીના શિક્ષાપત્રો એક સૂત્રાત્મક ભાષામાં સંપ્રદાય સર્વસ્વ અર્પી જાય.

શ્રી સ્વામીનારાયણ સંપ્રદાયની શિક્ષાપત્રી માનવ બનવાની ચાવી બતાવી જાય.

અનુભવનું એ એક જ બિંદુ ઇંદુ જેટલી શીતળતા અને સિંધુ સમાન ઐશ્વર્ય-સુખ અર્પે છે.

મહાનુભાવોની રજ અને સમજ ધીરજધનનાં દાન કરી સ્વરૂપ ભાન કરાવે છે.

આવા જ પ્રકારના આ એક 'જીવનમંથન' ગ્રંથની લહાણ તેના અભ્યાસીને આત્મત્રાણ[2] સમી નીવડશે.

ગ્રંથના સ્વામીમાં સ્વામિત્વભાવના નથી, સમત્વભાવના છે. એ ભાવનાથી કસ્તૂરીમૃગની પ્રકૃતિએ એ ગુપ્ત રહેવું વધુ પસંદ કરે છે.

રત્નાકર જેમ રત્નો સંતાડે છે તેમ તેમ તેમાં સંશોધન વધુ થાય છે. સાધુતા અને શાંતિ અપ્રાગટ્યમાં વધુ નીપજતી હશે કે સચવાતી હશે !

---

૧. વિગ્રહ=આકાર, સ્વરૂપ  ૨. આત્મત્રાણ=આત્મરક્ષણ

આ ગ્રંથને સ્પર્શતી પ્રસ્તાવના લખવાનો અવસર મને સાંપડ્યો અને તે નિમિત્તે મને સાધુતાની માધુરી નીરખવાની અને ચાખવાની તક મળી.

કુસુમની કળી અંદર અગણિત ગંધને ભરીને બેઠેલી હોય છે. તેનો વિકાસ અભિતઃ[૧] પરિમલ પ્રસરાવશે. આ કળીમાંથી એવું જ તેના રસલિપ્સુને[૨] મળશે.

અંતઃશૈત્ય[૩] તો એ સાધુ-મહાનુભાવોથી મેળવી શકાય છે.

**सुशीतलं चन्दनमम्बुसंगात्**
**वायुर्जलाद्वारनिलप्रसंगात् ।**
**चन्द्रोऽपि राकानिशया वियोगिनां**
**स्वभावतः शीतल एव साधुः ॥**

(ભાવાર્થ :- ચંદન, પાણીના સંગથી શીતળ બને છે. વાયુ, પાણીથી અને જળથી ભિંજાયેલા અનિલના સંગથી શીતળ બને છે. ચંદ્ર પણ પૂર્ણિમાની રાત્રિના અભાવે શીતળ હોતો નથી. માત્ર, સાધુ જ સ્વભાવથી સહજ શીતળ હોય છે.)

તા. ૨૩-૧-૧૯૫૬ કૃષ્ણશંકર શાસ્ત્રી
સોમવાર

---

૧. અભિતઃ=આસપાસમાં, ૨. રસલિપ્સુને=રસાકાંક્ષીને ૩. અંતઃશૈત્ય= આંતરિક શીતળતા

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

જીવનમાં મળતાં જતાં પરિસ્થિતિ અને સંજોગો-જો ધ્યેય પરત્વેનું લક્ષ્યબિંદુ એકાગ્ર અને કેંદ્રિત, જીવતુંજાગતું, એકધારું રહ્યા કરતું હોય તો આપણને વેધક અને પ્રેરણાત્મક જીવનદૃષ્ટિ પ્રેરાવતા રહે છે. જીવન જેમ સમગ્ર, સળંગ, એકપણે હોય છે, પરંતુ તેમ તેવું દૃષ્ટિબિંદુ જીવનમાં જીવનથી આપણે રાખી શકતાં હોતાં નથી. આવી પડેલા સંજોગને તે કાળ પૂરતા જીવનના એક વિભિન્ન ટુકડા તરીકે લેખીને આપણે વર્તતા હોઈએ છીએ. તેથી, તેવા જીવનના વર્તનમાં સળંગતા અને સમગ્રતા પ્રગટતી નથી અને તે કારણે સમગ્ર જીવનના મૂળભાવનું સાતત્ય કદી કર્મમાં પ્રગટતું જ નથી. સમગ્રતા, સળંગતા સામાન્ય જીવાત્માને જીવનમાં ખ્યાલમાં પ્રગટવી શક્ય નથી હોતી. જીવનમાં જીવનના ધ્યેયની ભાવના જ્વાળામુખીના જેવી ધગધગતી જ્યારે જ્વલંતપણે પ્રગટી ઊઠતી હોય છે ત્યારે જ ધ્યેય પરત્વેની ભાવના પ્રમાણેનું વર્તન પ્રત્યેક થતા જતા કર્મમાં પ્રગટી શકે છે અને એવો માનવી સજાગ રહી શકે છે. જે જીવાત્મા પળે પળ સજાગ રહેતો હોય છે, એવો પછી કઈ રીતે કર્મથી વિમુખ બની શકે ? એવો જીવાત્મા તો જે કંઈ મળે છે એને ધ્યેયની ભાવનાના ત્રાજવાથી તોલી તોલીને તેવી ભાવનાને જ્વલંતપણે પ્રગટાવવાને અને તેને પોષણ આપવાને જ એની કૃપાથી જીવતો રહ્યા કરતો હોય છે. એવો જીવ કશાથી વિમુખ નથી બની શકતો.

સાધનામય જીવન એ જ સાચું જીવન છે. સાધનાથી જીવનમાં જીવનનાં સહસ્ર નયન ખૂલતાં હોય છે. જીવનમાં અનેક પાસાંનાં એને દર્શન ખૂલતાં જતાં હોય છે. જીવનના સહસ્રમુખી નારાયણનાં તે દર્શન કરતો રહે છે અને જીવનનાં સર્વ પાસાંને તે સાદર અને સદ્ભાવથી નીરખે છે. જીવનના અનેક ક્ષેત્ર પરત્વેની સદ્ભાવનાની

સાથે તે તો સુમેળ સાધતો રહે છે. જીવનની સર્વ પ્રકારની રચનાત્મક પ્રવૃત્તિમાં તે સમાધાન મેળવતો રહે છે. એને કશા સાથે વિરોધ નથી. એ તો જેની તેની સાથે સમરસ થતો રહે છે અને એ જ એના જીવનનું સાચું રહસ્ય. એને કશાયથી પછીથી અલગ થવાપણું કેમ હોઈ શકે ?

એવાના જીવનમાં ગુણ ખીલે છે અને એની શક્તિ પણ સહજપણે પ્રગટીને પ્રવર્તે છે, પરંતુ તેમાંયે તે આપમેળે નિર્મમત્વથી, નિરાસક્ત ભાવે તરતો રહે છે. જીવનનું ધ્યેય જીવનના કોઈ એક જ પાસામાં સમાઈ જતું નથી હોતું. તે તો પ્રથમ એકાગ્ર અને કેંદ્રિત થતું થતું એની પરાકાષ્ઠાએ પહોંચી પહોંચી, પછી તો તે વિસ્તાર પામતું પામતું જીવનનાં સર્વ પાસાંને સ્પર્શતું હોય છે. તેથી, તે જેમ એકમાં છે તેમ અનેકમાં પણ હોય છે.

જીવનનો સાધક તો જ્યાં ત્યાંથી સદ્ભાવનાની પિછાણ અને કદર કર્યા વિના રહી શકતો નથી. જેનું તેનું યોગ્ય મૂલ્યાંકન તે યથાભાવે કરતો રહે છે. કોઈ પણ સદ્પ્રવૃત્તિના હાર્દને તે અનુભવ્યા વિના રહી શકતો નથી. તેથી, તે જીવનની સકળ સદ્પ્રવૃત્તિનાં મૂળમાં છે. જીવનના સાધકની ભાવના કંઈ વેરવિખેરપણે પડેલી નથી હોતી. તે તો જેમ એકાગ્ર અને કેંદ્રિત હોય છે તેમ તે પાછી સર્વતોમુખી થવાને પણ એકધારી મંડ્યા કરતી રહે છે. સાધકના જીવનની દૃષ્ટિને એકમાં એકાગ્ર અને કેંદ્રિતપણે થવાવાનું જે પ્રગટે છે, તે તો વિસ્તાર પામવાપણાની દશાને પામવા કાજે. તેથી, તેનું એકમાં જે પુરાઈ રહેવાપણું એક કાળ પૂરતું બન્યા કરતું હોય છે, તે તો જ્વાળામુખીની જેમ બહાર ફૂટી નીકળતાં પહેલાં તેના અંદરના ભૂગર્ભમાં ઘણા સમય પહેલાંથી બહાર ફાટવાની ક્રિયાપ્રક્રિયા સતત ચાલી રહેલી હોય છે, તેના જેવી તેની આ પૂર્વ તૈયારી છે. આવા પ્રકારની પૂર્વ તૈયારીરૂપ સાધકનું સાધનામાં એકાગ્ર અને કેંદ્રિત થતું જતું જીવન હોય છે. તેથી, તે સમાજથી અટૂલો અને એકલો પડી ગયેલો છે એમ માનવું તે યોગ્ય નથી. કોઈક વૈજ્ઞાનિક જેમ પોતાની શોધના પ્રયોગના મનનચિંતવનમાં

એકાગ્ર રહ્યા કરતો હોય છે, અને તેવા એકાગ્ર મનનના કાળના તબક્કા પૂરતી બીજા બધા પ્રકારના જીવન પરત્વે એની દૃષ્ટિ જતી નથી હોતી, તેમ સાધકનું પણ થતું હોય છે.

જેણે જેણે કંઈક મેળવવું છે તેણે તે મેળવવાના પ્રયત્નમાં એકાગ્ર અને કેંદ્રિત થયા વિના ચાલવાનું નથી. જેણે જે જે પ્રવૃત્તિ જીવનધ્યેયને વિકસાવવાને હાથમાં લીધી છે, તેમાં તેણે એકાગ્ર અને કેંદ્રિત થવું જ પડે છે. આ હકીકત જીવનનાં સર્વે ક્ષેત્રોને લાગુ પડે છે. લડાઈના જોશને જીવતું અને થનગનતું રાખવા તે ગાળામાં સમગ્ર પ્રજાની દૃષ્ટિની જેમ એકાગ્ર, કેંદ્રિત અને તત્પરતાવાળી રાખવામાં આવે છે અને તે કાળ પૂરતું જેમ બીજા કશા પરત્વે ઝાઝું મહત્ત્વ અપાતું નથી - એકમાત્ર લડાઈમાં ટકી રહેવા અને જીતવા પરત્વેની પ્રવૃત્તિને જ જેમ મહત્ત્વ અપાયા કરાય છે તેમ જીવનમાં સાધના પરત્વેના વલણને સમજવાનું હોય છે.

જીવનના રાગદ્વેષાદિક પ્રકૃતિનાં વલણોથી - તે તે પ્રગટતાં દોરવાઈ ન જતાં શાંતિ, સમતા, તટસ્થતા કેળવવાને જાગૃતિપૂર્વક મથ્યા કરવું અને જીવન પરત્વેના સકળ વર્તનભાવમાં સત્ત્વ ગુણને પ્રગટાવવાને એકધારું જ્ઞાનપૂર્વક મથવું, - એને શું कर्म નહિ ગણાય કે ? અને તેવું કર્મ પણ શ્રીપ્રભુપ્રીત્યર્થે થયા કરે, પ્રભુભાવે થયા કરે અને તે જ્ઞાનભક્તિપૂર્વક શ્રીભગવાનનાં ચરણકમળે સતત સમર્પણ થયા કરે, આ બધું કંઈ જેવું તેવું कर्म નથી. સાધનામય જીવનનું કર્મ સંસારનાં કર્મથી નિરાળું છે. સાધનામય જીવનના સાધક પરત્વેના સંસારના વિચારકો અને વિવેચકોના ટીકાયુક્ત પ્રહારોને જીવનના સાધકે સમભાવે નીરખી નીરખી પોતે પોતામાં વધારે પ્રામાણિકપણે નિરંતર એક જ ભાવમાં પ્રવર્તવાનું કર્યા કરે તે જ યોગ્ય છે.

આવા પ્રકારની જાગૃતિ, સાવધાની, સાવચેતી સાધકને પ્રગટાવવા આ કાગળો લખાયેલા છે.

હરિજન આશ્રમ, સાબરમતી

તા. ૨૩-૧-૧૯૫૬

॥ હરિઃૐ ॥

# સંપાદકોનું નિવેદન

(પ્રથમ આવૃત્તિ)

આ પુસ્તકમાંના પત્રો અમુક વ્યક્તિઓ ઉપરના હોઈ, તેમની કક્ષા, રુચિ અને સ્વભાવને અનુલક્ષીને તે લખાયા છે. તેથી, સાધનાના વિષયમાં તેટલા પૂરતો જ પ્રકાશ આમાં પાડવામાં આવ્યો છે. આધ્યાત્મિક વિષયનાં સર્વ પાસાંનો તેમ જ સર્વ કક્ષાનો નિર્દેશ આમાં નથી, એટલું ધ્યાનમાં રાખવાની વાચકને વિનંતી છે.

પૂજ્યશ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીએ તેમના સતત કામના દબાણમાંથી પણ ભાવપૂર્વક સમય કાઢીને આ પુસ્તકની પ્રસ્તાવના લખી આપી છે, તે કાજે અમો તેમનો હૃદયથી ઘણો આભાર માનીએ છીએ. કહેવાતા અને ગણાતા શિક્ષિત વર્ગમાં આર્ય- સંસ્કૃતિની સંસ્કારભાવનાને પોષક ને પ્રેરક એવા શ્રીમદ્‌ભાગવત, રામાયણ આદિ ગ્રંથ પરત્વે આદર-પ્રેમની ભાવના પ્રગટાવવામાં શ્રીપ્રભુકૃપાથી તેઓ યશસ્વી નીવડતા જાય છે અને એ ગ્રંથો જીવનવિકાસમાં કેવો મોટો ફાળો આપી શકે તેમ છે, એની યોગ્ય મૂલ્યાંકનની દૃષ્ટિ, તે રીતે ને તે ભાવે, સમાજને તેઓશ્રી પ્રેરી રહેલા છે, તે આપણું સદ્‌ભાગ્ય છે. સોનું અને સુગંધ એકઠાં મળ્યાંની જેમ તેમની સજ્જનતા અને નમ્રતા અનુભવે ઓર ખીલી તેની યોગ્યતામાં પરખાતાં હોય છે. શ્રીભગવાનની કૃપાના તેઓ પુષ્ટ આત્મા છે.

શ્રી ચીમનભાઈ મહાજનનો લેખકની સાથે અનોખો ભાવ હોવાથી તેમણે આ પુસ્તકની પ્રસિદ્ધિનું કાર્ય જે પ્રેમભાવે કર્યું છે, તે માટે અને તેમના તેવા ભાવ કાજે અમે તેમના ઋણી છીએ.

હરિજન આશ્રમ, સાબરમતી — **હેમંતકુમાર નીલકંઠ**
તા.૨૪-૧-૧૯૫૬ — **નંદલાલ શાહ**

# લેખકનું કથન

## = નડિયાદ હરિઃૐ આશ્રમ =

નડિયાદથી કપડવંજના રસ્તે ૩ માઈલના સિમાચિહ્નના પથ્થર આગળ શેઢી નદી ઉપર બિલોદરા ગામની હદમાં સને ૧૯૫૫ના મેની તા.૨૮મીથી 'હરિઃૐ' આશ્રમની સ્થાપના થયેલી છે. તે આશ્રમના મકાનના કામકાજની દેખરેખ ભાઈ શંકરલાલ શાહે રાખી હતી. આશ્રમની રોજબરોજની દેખભાળ શ્રી કુબેરદાસભાઈ ભાવસાર (ભારત ભવન હોટલ, સ્ટેશનરોડ, નડિયાદ) રાખે છે. આશ્રમ અંગેનો ભોજનખર્ચ આદિ પણ તે ભાઈએ આપવાનું પ્રેમથી સ્વીકારેલું છે. આ જીવની સાથે આ આશ્રમ સ્થપાયા પહેલાં તેમનો મુદ્દલે પરિચય ન હતો.

**अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।**
**तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥**

જે ભક્તો અનન્યભાવથી ચિંતન કરીને મને નિષ્કામભાવથી ઉપાસે છે, તેવા નિત્ય પરમાત્માના ધ્યાનમાં સ્થિર થયેલા પુરુષોના યોગક્ષેમને હું વહન કરું છું. (ભગવદ્ગીતા ૯/૨૨)

આધ્યાત્મિક જીવનનું તે ગણિતશાસ્ત્ર છે. જેના દિલમાં પળેપળ જ્ઞાનભક્તિપૂર્વકની જીવતીજાગતી હરિસ્મરણભાવના ગર્જતી વહ્યા કરતી હોય છે, તેનો અભ્યુદય કરવા કાજે તે હજાર હાથપગ અને નયનવાળો સદાય તૈયાર જ છે, તે કેટકેટલું સત્ય છે !

શ્રી કુબેરદાસભાઈની સેવા એ તો આ જીવને દિલ પ્રત્યક્ષ પ્રભુકૃપા છે. એમનો ઉપકાર તે શેં મનાય ? વળી, જેમણે જેમણે આ આશ્રમના મકાનના ખર્ચમાં મદદ કરી છે તથા જે જે ભાઈ-બહેનોએ આશ્રમના ઉપયોગ માટે સાધનસામગ્રી આપી છે, તેમનો પણ સહ્દયતાથી આભાર માનું છું. કેટલાંકની મદદ તો તદ્દન અણધારી અને ઓચિંતી મળી આવી, તે એ વહાલાની પરમ કૃપા હતી અને છે.

તા.૨૩-૧-૧૯૫૬ હરિજન આશ્રમ, સાબરમતી

**શ્રીમતી ડૉક્ટર કાંતાબહેનને**

**તથા**

**શ્રી રામભાઈ મગનભાઈ પટેલ (વિદ્યાનગર)ને**

**સપ્રેમ સમર્પણાંજલિ**

**(બીજી આવૃત્તિ)**

(અનુષ્ટુપ)

રામ, કાંતા મળ્યાં કેવાં ઓચિંતાં જીવને મને !
ગરીબની વહારે શાં ધાયાં છે અણીની સમે ! ૧
આમંત્રેલાં નથી મેં તો, આપમેળે પધારિયાં,
સ્વીકારી લૈ મને કેવો બનાવ્યો નિજનો સદા ! ૨
પોતાનો ગણીને પૂરો ભાગ ભાવતણો દીધો,
ભાગ્યે જોવા મળે તેવું, આશ્ચર્ય સૌથી મોટું શું ! ૩
કમાણીમાંથી પોતાની ભાગ આપ્યા કરેલ છે,
ને પરમાર્થનાં કર્મે સહકાર દીધેલ છે. ૪
મારી અંગત સેવામાં આપ્યો છે સાથ બેઉએ,
રાખ્યાં છે ક્ષોભ મર્યાદા, સંકોચ કૈં ન બેઉએ. ૫
પડવા તૂટ ના દીધી સેવાનાં કર્મને વિશે,
માડીના જેવી સંભાળ મારી કેવી લીધેલ છે ! ૬
પનારે હું પડેલો છું તેને નિભાવવાતણી
- કાળજી રાખવાની છે તમારે બેઉએ ચહી. ૭
યદ્વાતદ્વાપણું મારું વેઠી લીધેલ કેવું છે !
તમે ના ગણકાર્યું છે, ના મન કૈં લીધેલ છે. ૮
સેવાનો બદલો પૂરો વળાવાનો ન મુજથી,
બદલો વાળવાકેરી મારી તાકાત ના કશી. ૯
આપી, આપી, આપી શું શકું, હું તુચ્છ જીવ છું,
સમર્પણાંજલિ ભાવે સમર્પી હું, પદે નમું. ૧૦

**- મોટા**

હરિઃૐ આશ્રમ,
કુરુક્ષેત્ર, રાંદેર, સુરત-૫.
તા.૨૧-૮-૧૯૭૪.

# નિવેદન
## (ત્રીજી આવૃત્તિ)

આ પુસ્તકમાંના કાગળો અમુક વ્યક્તિઓને સંબોધીને લખાયેલા છે, તેમ છતાં તે કંઈ માત્ર એકલી તે તે વ્યક્તિઓને ઉદ્દેશીને છે, તેવું કશું નથી. લેખકના જીવનની સાથે સાધનાભાવે સંકળાયેલા જીવોને સંબોધીને આ કાગળો લખેલા છે. કેટલીક વાર પરોક્ષ રીતે કહેવાયેલું આપણને વધારે અસરકારક પણ નીવડતું હોય છે. જે જે એવા જીવો જ્યારે તે લખાણ વાંચશે અને એમાંનું અમુક અમુક મુદ્દાવાળું લખાણ પોતાને જ ઉદ્દેશીને છે એમ જ્યારે તેને સમજાશે ત્યારે તેને તે વાંચીને ગતિમાં પ્રગટવા કાજે આનંદ ઊપજવાનો.

આ પુસ્તકનું લખાણ કાગળરૂપે છે અને તે જુદી જુદી વ્યક્તિઓને તેમના કાગળમાં પુછાવ્યું હોય તેટલા પૂરતો ઉત્તરરૂપે તે કાગળ લખાયેલો છે. કેટલુંક લખાણ તદ્દન સાદું, સરળ અને પહેલા જ વાંચને સમજાય તેવું છે, જ્યારે કેટલાંક લખાણની ભાષા જરા ઊંચી-અઘરી પણ લાગે છે. અને આમ લખાણ એક જ લેખકનું હોવા છતાં તેમાં ઉપર જણાવ્યા પ્રમાણેનો વિસંવાદ જણાય છે. એક જ ઘાટીનું લખાણ દરેક લખાણમાં નથી, તેનું કારણ તો એ છે કે જે જે વ્યક્તિને પૂજ્ય શ્રીમોટાએ લખ્યું છે તે તે વ્યક્તિની આધ્યાત્મિક પ્રગતિ, સમજ અને સાહિત્યની કક્ષાનો પણ તેમણે ખ્યાલ રાખેલો છે. વળી, પત્રલેખકની કક્ષા, રુચિ અને સ્વભાવને અનુલક્ષીને આ પત્રો લખાયા છે. તેથી, સાધનાના વિષયમાં તેટલા પૂરતો જ પ્રકાશ આમાં પાડવામાં આવ્યો છે. આધ્યાત્મિક વિષયનાં સર્વ પાસાંનો તેમ જ સર્વ કક્ષાનો નિર્દેશ આમાં નથી, એટલું ધ્યાનમાં રાખવાની વાચકને વિનંતી છે.

આ પુસ્તકની ત્રીજી આવૃત્તિ હરિઃૐ આશ્રમના પ્રકાશન તરીકે પ્રગટ કરતાં અમને હર્ષ થાય છે.

સામાન્યપણે પુસ્તકના પ્રકાશકો હાલમાં ૧૬ પાનાંના એક ફર્મા દીઠ રૂપિયો દોઢ (૧-૫૦) રાખતા હોય છે જ્યારે હરિઃૐ આશ્રમ આવાં મોટાં પુસ્તકોની કિંમત ફર્માનો પોણો રૂપિયો (૦-૭૫) રાખે છે. પુસ્તક પ્રકાશનના જુદા જુદા તબક્કાઓની કાર્યવાહી આશ્રમ પોતે જ કરકસરયુક્ત સીધા વહીવટથી અંગત દેખરેખ તળે કરતું હોવાથી આમ કિંમત-ઓછી રાખી શકાતી હોય છે. અમને આશા છે કે જનતા આ પુસ્તકને સારો આવકાર આપશે.

તા. ૨૦-૧૦-૧૯૮૪

**ટ્રસ્ટીમંડળ,**
**હરિઃૐ આશ્રમ, નડિયાદ**

# નિવેદન

## (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના ૧૯૪૨-'૪૩ના વર્ષ દરમિયાન લખાયેલા પત્રોના આ ગ્રંથ 'જીવનમંથન'ની ચોથી આવૃત્તિ પ્રગટ કરતાં હર્ષની તથા ધન્યતાની લાગણી અનુભવીએ છીએ. પૂજ્ય શ્રીમોટાનું આધ્યાત્મિક સાહિત્ય ઘણાંને પ્રેરક અને પ્રોત્સાહક બને છે એ હર્ષની વાત છે. એની નવી આવૃત્તિ પ્રકાશિત કરવાની ભાવના જેમના દિલમાં જાગે છે અને એ અંગેનો એમનો સહયોગ અમને પ્રાપ્ત થાય છે. આથી, પૂજ્ય શ્રીમોટાનું વિપુલ સાહિત્ય આજ લગી આ રીતે જ પ્રકાશિત થતું રહ્યું છે. આ હકીકત દર્શાવે છે કે પૂજ્ય શ્રીમોટાના હૃદયમાં પ્રગટેલ ચેતન-પ્રભુની શક્તિ કેવી પ્રકાશમાન અને સક્રિય બની રહી છે. 'જીવનમંથન'ની આ કોમ્પ્યૂટરાઈઝ્‌ડ ટાઈપ સેટિંગમાં તૈયાર થયેલી ચોથી આવૃત્તિના પ્રકાશનમાં અમને શ્રી લેખડિયા પરિવારનો ઉમળકાભર્યો સહયોગ પ્રાપ્ત થયો છે. અમે એમને ધન્યવાદ પાઠવીએ છીએ અને હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાના સમગ્ર પત્રસાહિત્યમાં 'જીવનમંથન' જીવનમાં પ્રગટતા મંથનના વિવિધ પ્રકાર તથા તબક્કાની સમજૂતી આપે છે. એમાંય જેનામાં પરમ તત્ત્વ પ્રગટ થયેલું છે એવા અનુભવી પુરુષ પૂજ્ય શ્રીમોટા પણ પોતાને નિમિત્તયોગે મળેલાં સ્વજનોને જીવનના કલ્યાણમાર્ગે પ્રેરવા કેવું મંથન અનુભવે છે એ પણ સમજાય છે. આ હકીકતની દૃષ્ટિએ આ પુસ્તકમાંના પત્રો ઘણી જગ્યાએ સૂક્ષ્માતિસૂક્ષ્મ મંથનોનો સંકેત કરે છે. ધ્યાનપૂર્વક વાંચનાર શ્રેયાર્થીને આ બાબત પૂજ્ય શ્રીમોટા પ્રત્યે દિલનું આકર્ષણ વધારનારી બને છે.

હરિઃૐ આશ્રમની પ્રકાશન પ્રવૃત્તિમાં અમને શ્રી રમેશભાઈ ભટ્ટનો ઉમળકાભર્યો સાથસહકાર મળે છે. આશ્રમ પ્રત્યેના એમના આવા ભાવનાત્મક અભિગમની અમે દિલથી કદર કરીએ છીએ.

અધ્યાત્મરસિક વર્ગ પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો ખરીદીને વાંચે અને હરિઃૐ આશ્રમ દ્વારા પૂજ્ય શ્રીમોટા પ્રેરિત લોકકલ્યાણનાં કાર્યોમાં પોતાનો સાથ આપે એવી અમે વિનંતી કરીએ છીએ.

હરિઃૐ આશ્રમ, નડિયાદ
તા.૨૦-૯-૧૯૯૨

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, નડિયાદ

# નિવેદન
## (પાંચમી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ 'જીવન'નો સ્વીકાર કર્યો છે. આપમેળે નિમિત્તયોગે અનેક જીવ પૂજ્યશ્રીના સંપર્કમાં આવ્યા છે, તે સર્વને તેઓશ્રીએ 'સ્વજન' તરીકે બિરદાવ્યા છે.

આવા સ્વજનને પોત પોતાના જીવનપથ ઉપર અનેક અને વિવિધ પ્રસંગો તેમ જ પરિસ્થિતિઓનો સામનો કરવાનો આવે ત્યારે જીવન-વિકાસની ભાવના સાથે વર્તનકળાની સરળ ભાષામાં સમજ આપતા પત્રો પૂજ્યશ્રીએ તેઓને લખ્યા છે. આવા પત્રસાહિત્યમાંથી અનેક સંપાદિત પ્રકાશનો પૂજ્ય શ્રીમોટાને પ્રિય એવા 'જીવન' શબ્દથી થયાં છે, જેમ કે : જીવનસંદેશ, જીવનપાથેય, જીવનપ્રેરણા, જીવનપગરણ, જીવન-પગથી, જીવનમંડાણ, જીવનસોપાન, જીવનપ્રવેશ, જીવનદર્શન વગેરે વગેરે..

આ પ્રકારના સાહિત્યની સતત માંગ રહેતી હોવાથી એ પ્રકાશનોની નવી નવી આવૃત્તિનું પ્રકાશન પણ થતું રહે છે. હાલમાં **'જીવનમંથન'**ની પ્રતો અપ્રાપ્ય છે અને સ્વજનોમાં તેની માંગ રહેતી હોવાથી તેની પાંચમી આવૃત્તિનું પ્રકાશન કરતાં અમે આનંદ અને ધન્યતાની લાગણી અનુભવીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

અગાઉની આવૃત્તિઓની જેમ આ નવી આવૃત્તિને પણ સ્વજનો આવકારશે એવી આશા અને શ્રદ્ધા છે.

તા. ૨૫-૧૨-૨૦૦૬ **ટ્રસ્ટીમંડળ,**
નાતાલ હરિઃૐ આશ્રમ, સુરત.

# જીવનમંથન

❑

-પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

**- શ્રીમોટા**

॥ હરિઃૐ ॥ કરાંચી, તા.૩૦-૭-૧૯૪૨

## ભગવાન ભક્ત ઉપર વારી જાય છે

આટલું લખ્યા પછી તમારો તા.૨૭-૭-૧૯૪૨નો કાગળ મળ્યો. તમારાં બધાંનો આટલો બધો પ્રેમભાવ શું કંઈ એમનો એમ જ વહી જવાનો છે ? ના, ના. એ તો બને જ કેમ ? તમારાં બધાંના આવા પ્રેમભાવ માટે ભગવાનનો ઘણો ઘણો ઋણી છું. એ જ મારે મન તો એની કૃપા છે. બાકી, હું કોણ ? જગતની દૃષ્ટિએ તો એની પાસે કશું નથી - માલ નથી, મિલકત નથી, ધનદોલત નથી, જમીન નથી, જાગીર નથી, એવી કંઈ પ્રતિષ્ઠા પણ નથી. કોઈ ખૂણામાં પડેલા એવા એક માનવીને ભગવાને કેવો આનંદ આપ્યો છે ! કેટલી કૃપા વરસાવી છે ! અને કેટલો એના ખરા અર્થમાં સુખી બનાવ્યો છે ! તે બધું આંખ સામે તરી આવે છે અને હૃદય એનાં ચરણકમળે ગદ્‌ગદિત બને છે. તમારાં બધાંની પ્રેમભાવનાને જવાબ વાળી શકવાની - એટલે કે જે હેતુસર આપણને બધાંને ભગવાને મેળવ્યાં છે, તે હેતુ ફળાવવામાં નિમિત્ત બનવાની શક્તિ ભગવાન મને આપો ! એના સિવાય તો હું બિચારો શું કરી શકું ? અને ક્રોધમાં કે ગુસ્સામાં કે બીજી રીતે કઠણ થઈને મારાથી કશુંક તમારા પ્રત્યે થાય ત્યારે મને જતો કરશો અને મનમાં ન લાવશો એટલી જ વિનંતી છે. ફરીથી વારંવાર એ પરમ કૃપાળુ પ્રભુનો અહેસાન માનું છું કે એણે એની કૃપાનાં આવાં પવિત્ર દર્શન કરાવ્યાં. એને હજારો ધન્યવાદ. ભગવાન સૌનું ભલું કરો !

## દઢતા અને મૃદુતાથી વર્તો

જે કરવાનું હોય તે પૂરી દઢતાથી અને આપણી નવી પરિસ્થિતિને સંપૂર્ણપણે વફાદાર રહીને બધું જ કરીએ, પરંતુ તેથી જરાક પણ અન્યથાપણું હૃદયમાં બીજા પ્રત્યે ન પેસી જાય - પેસી જવા ન પામે - એ તો આપણે ખાસ ખાસ સમજવાનું છે.

## ઉદયની ચાવી

માણસને જ્યાં સુધી પોતાનું પોતાપણું પૂરેપૂરું સૂઝતું નથી ત્યાં લગી એની અંતરની આંખ ખૂલતી જ નથી. એટલે આપણું પોતાપણું પૂરેપૂરું આપણને સૂઝતું જાય અને તે સ્પષ્ટપણે, એમાં જ આપણા ઉદયની સાચી ચાવી રહેલી છે. એમાં ભગવાનની કૃપા જ વરસતી થયેલી છે, એમ હ્દયથી પામવાનું છે.

## 'બિગરી કૌન સુધારે ?'

જ્યાં સુધી એ પતિપત્નીમાં સુમેળ નહિ જામે ત્યાં સુધી તેમનો કેડો છોડવાનો નથી. એ તો એ પ્રભુ કરાવે ત્યારે ખરું. 'બિગરી કૌન સુધારે, નાથ બિન, બિગરી કૌન સુધારે ?' એવું એક ભજન છે. એના વિના એવી તાકાત કોઈનામાં નથી. આપણે બધાં તો સાવ ખાલી, પામર માનવીઓ છીએ.

## મળેલાં કામમાં જ રચ્યાપચ્યા રહો

દરિયો ડહોળવાનું સાહસ કરવાનું કદી મન થયું નથી. એટલે આપણે તો જે કામ મળ્યું છે, એમાં જ રાચી રહેતાં થવામાં આનંદ કર્યા કરવો છે. એટલા જગતમાં જ પ્રભુ જે કંઈ કરાવવાને શક્તિ આપ્યા કરશે તે પ્રમાણે શીખવું છે, અને આપણે બધાંયે તે પ્રમાણે મથવું છે. સાથ પ્રભુનો છે. એનાં શક્તિ-સ્વરૂપ થવાનું છે અને થવું છે. બાકી તો આનંદ છે.

---

હરિઃૐ કરાંચી, તા.૪-૮-૧૯૪૨

## સૂક્ષ્મ સૂચનો સમજો

તમે કાગળોમાંનાં સૂક્ષ્મ સૂચનો અને એનો અર્થ અને એની ગંભીરતા તથા મહત્ત્વ સમજવા લાગ્યા છો. એટલે મને ઘણો આનંદ થાય છે. સ્ફુટપણે કશું સમજવાની ઈચ્છા ન રાખવી. જેટલું વધારે સૂક્ષ્મપણે

કહેવાયેલું આપણાથી સમજાય તેટલું વધારે સારું. એથી, આપણી બુદ્ધિ કસાય છે અને વધારે સૂક્ષ્મ થાય છે. વસ્તુનું યથાર્થપણું શું છે અને આપણી પરિસ્થિતિને અનુકૂળ શું છે, તે પણ એને લીધે આપણને સમજણમાં આવવા માંડે છે.

## કોઈ પણ ભોગે સરળ થવું

આપણે બધાં વધારે ને વધારે પવિત્ર અને વધારે કોમળ થયા કરીએ. આપણાં દરેકે દરેક કામમાં વધારે ને વધારે sincerity – નેકદિલી રાખીએ. ભલે કોઈ આપણી સરળતાનો, આપણી નેકદિલીનો ગેરલાભ લઈ જાય. ખરો ગેરલાભ તો એને જ છે, આપણને નથી. છેતરનાર જ સાચી રીતે તો છેતરાય છે.

## સાથ આપો

હમણાં તો સૌ... બહેન પોતા ઉપર વધારે લક્ષ આપે અને ઊંડા ઊતરીને પોતાને તપાસતાં રહે એ ઘણું જરૂરનું છે. તે કામમાં આપણે સહાનુભૂતિપૂર્વક મદદ કર્યાં કરવાની છે. એ પણ આપણને કહેવા જેવું હોય તે જરૂર પ્રેમથી, અકળાયા વિના, ખુલ્લા દિલે કહ્યા કરે. મનમાં કશું ન રાખે. આશા-ઇચ્છા કંઈ ન રાખે. શા માટે ન રાખવી એ પણ કાગળોમાં બતાવ્યું છે. એમને જોઈએ તો તે કાગળો ફરી વાંચી સંભળાવશો અને સમજાવશો. તેઓ વૃત્તિની ઉપરવટ થવા મથ્યા કરે, તણાઈ તો ન જ જવાય એવો નિશ્ચય કરે. એ બાબતમાં સંપૂર્ણ સાથ આપણો રહ્યા કરે. વિચારોની સાંકળો ન જોડ્યા કરે. આ બધું ફરી ફરી એમને સમજાવશો. એમનાથી કોઈનો પણ વાંક-ગુનો થયો હોય તો તેની તેની માફી પણ માગી લે.

## સાધક પતિનો ધર્મ

એમની જે કંઈ પણ મોહની વૃત્તિઓ હોય તે મુકાવવામાં આપણે સમજણથી, કળથી અને પ્રેમથી એમાં પૂરેપૂરી મદદ આપવાની છે. એ

જે કંઈ કરે તે સમજીને, વિચારીને કરે. એમનાં બધાં કાર્યોમાં એમને સંપૂર્ણ સ્વતંત્રતા આપવાની પૂરતી જરૂર છે, કારણ કે એ એક કે બીજા ઉપર આધાર રાખતાં જ શીખેલાં છે. એ ટેવ નીકળી જવી જોઈએ. તે માટે પણ એમના ઉપર જ આપણે બધું છોડતાં રહેવાનું છે. ભલે કંઈ નુકસાન થાય કે કંઈ કામ બરાબર ન થાય તોપણ એમ જ આપણે કરવું ઘટે. આપણે કૉલેજમાં પ્રયોગ કરતાં હતાં ત્યારે કેટલી ભાંગફોડ કરતાં હતાં ? એ તો કશાકનો ભોગ આપીને જ કશુંક મેળવવાનું રહે છે. આ બધું કરવામાં આપણે એનાથી ચડિયાતાં છીએ કે વધારે સમજુ અને ડાહ્યા છીએ કે જ્ઞાની છીએ, એવું ભાન આપણે રાખવાનું નથી, તેમ જ એમના દિલમાં એવો ભાવ ન પેસી જાય તે પણ આપણે જોવાનું છે. જ્યાં એ તૈયારી ન બતાવે ત્યાં આપણે ધીરજ રાખવાની છે, પણ એમનો સાથ લેવાનું છોડી દેવાનું નથી. એમને ભણાવવા તમે જેમ કોશિશ કરતા, તેમ પ્રેમથી, સહાનુભૂતિથી અને અત્યંત કોમળ લાગણીથી આમાં કોશિશ કરવાની છે, તે જાણશો.

## પૈસા તરફની દૃષ્ટિ

પૈસાની ગણતરી કરવાની નથી એ જેટલું આ માર્ગમાં સારું છે, તેટલું જ સારું એનો અયોગ્યપણે વહેવાર ન થાય તે જોવાનું કામ છે. પૈસાના સંગ્રહની હૂંફનો કદી વિચાર સરખો પણ ન આવવા દેવો. તો કોઈ એમ કહે કે ‘એમ હોય તો પૈસો રાખવો જ શું કામ ? હોય તો એનો વિચાર આવેને ?’ પણ આ વિચાર બરાબર નથી. જેમ કોઈને સ્વાદનું ભાન જ ન હોય અને ગોતા જેવું ખાય એમાં કશી મહત્તા નથી, પણ જેને સ્વાદની ખરી પરીક્ષા હોય તેમ છતાં જો એ પ્રસંગ પડ્યે એવું કરે તો તેમાં યથાર્થતા કહેવાય, અથવા તો જેમ દેહ, ઇંદ્રિયો વગેરે આપણામાંનું તત્ત્વ વિકસાવવાની ભૂમિકા માટે મળેલાં છે, અને એ ભૂમિકા પૂરતાં તો એ વાસ્તવિક અને જરૂરનાં છે, તેવી જ રીતે પૈસા તરફ પણ આપણે જોવું ઘટે. પૈસો ન હોય અને પોતે પોતાને ભિખારી

સમજે એમાં તો શી નવાઈ ? પણ પાસે પૈસો હોય તેમ છતાં પોતાને ભિખારી સમજે અને એવું નમ્ર વર્તન રાખ્યા કરે તો જરૂર લાભ થાય.

## આઘાત અને પ્રત્યાઘાત

ગમે તેવા પ્રસંગ કે વાણી વગેરે કશાયના આઘાત પ્રત્યાઘાત આપણામાં ન ઊઠે એ તો સૌથી ઉત્તમ જ કહેવાય, પણ એ ઊઠે ત્યારે પણ આપણાથી એવા કશામાં તદ્રૂપ થઈ જઈ તે પ્રમાણે ન વર્તાય, પણ એમનાં સ્વરૂપોનું મૂળ સમજાય એવી અને એટલી તટસ્થતા, સમતા, સ્થિરતા આપણે સતત કેળવ્યા કરવાની છે. વળી, વૃત્તિ, વિચાર કે મનનાં વલણથી દોરવાઈ ગયા વિના એને કેવી રીતે રચનાત્મક વળાંકમાં વાળી શકાય તે આપણને સૂઝવું જોઈએ.

## આપણી ઈચ્છાશક્તિ

આપણી ઈચ્છાશક્તિનો ઉપયોગ આપણાં વૃત્તિ, વિચારો, વાસના વગેરે ઉપર કરવાનો છે. એનો જેમ જેમ નિશ્ચયથી દૃઢતાથી આપણે ઉપયોગ કરતાં રહીશું તેમ તેમ તે વધુ સતેજ થયા કરશે. ઈચ્છાશક્તિનું બળ વૃત્તિ, વિચાર કે વાસના કરતાં ક્યાંય વધારે છે, એ તો આપણને અનુભવે સમજાઈ જવાનું છે અને એની પ્રેરણાથી આપણા વહેવારમાં પણ ઈચ્છાશક્તિનો ઉપયોગ કરવામાં મથ્યા કરવાનું છે.

## 'હરિનો મારગ છે શૂરાનો'

ગમે તેટલા જોરથી કોઈ વિચાર આવતા હોય તોપણ એને એટલા જ કે વધારે જોરથી અટકાવવાનો પ્રયત્ન કરવો નહિ. જો આપણે વિચારના ધસારાને એવી રીતે અટકાવીશું તો એ તાત્કાલિક કદાચ અટકી પણ જાય, કિંતુ તેથી આપણું કામ સુધરશે નહિ. આપણે તો ત્યારે એને સમજવા મથવું. એ કેમ આવે છે, શાથી આવે છે, એનું મૂળ શું છે - તે બધું આપણે જોવું અને એમ આપણે એનામાં ઊંડું ઊતરવાનું રાખવું. આ બધું કરવાનું તો ખરું જ પણ સાથે સાથે એમાં આપણું

નામસ્મરણ રહ્યા કરે એ પણ જોવાનું છે. 'આ બધું કેમ થાય !' એમ ગણીને ગભરાવાનું નથી. થશે, બધું થશે. આપણો માર્ગ તો બેહદ ધીરજ માગી લે છે. આપણામાં હોય એટલાં બધાં જોશ, બળ, ભાવના વગેરેને તે માગી લે છે. એ તો વીર પુરુષનાં પરાક્રમ, સાહસ અને હિંમત માગી લે છે. આપણું સર્વસ્વ યાહોમ કરી દેવાની શક્તિ માગે છે. એ બધું આપણે જરૂર કરી શકવાનાં છીએ. જેમ જેમ આપણને આપણા અંતરમાંનું સૂઝતું જશે અને આ માર્ગમાં દૃઢ થતા જઈશું, તેમ તેમ એનો રંગ જામતો જશે, અને રંગે ચડેલો - રણે ચડેલો - શું નથી કરી શકતો ?

---

હરિઃૐ કરાંચી, તા.૬-૮-૧૯૪૨

## 'મૈં તો લિયો હરિ મોલ'

એવું એક ભજન મીરાંબાઈએ ગાયું છે. એ કહે છે કે 'મેં તો ભગવાનને ત્રાજવામાં તોળીને, કાંટોકાંટ કિંમત આપીને વેચાતો લીધો છે. જગતમાં પણ આપણને કંઈ કશું પણ લેવું હોય છે તો એ માટે કંઈ ને કંઈ આપવું જ પડે છે. આપ્યા વિના કશું પણ ક્યાંયે મળ્યું જાણ્યું નથી ત્યારે આપણે ભગવાનને શું આપ્યા કરીએ ? એની શી કિંમત આપીએ ?

## 'પ્રેમને લીધે જ સ્વાર્પણ થાય'

તમને યાદ છે કે... ભાઈ જેલમાં હતા ત્યારે તેટલો વખત તમે કંઈ મિષ્ટાન્ન ખાતાં ન હતાં. કેરી પણ ખાધી ન હતી. એમનામાં તમારો જે પ્રેમ છે અને પ્રેમમાં જે ઐક્યની ભાવના રહેલી છે, તે ભાવના આપણને તેમ કરવા પ્રેરતી હોય છે. તેવી જ રીતે જો આપણને ભગવાનને વિશે પ્રેમ લાગી જાય તો તો પછી સહજપણે-સરળપણે-આપોઆપ આપણે આપણું બધું એને આપ્યા જ કરીએ. આપણને કોઈના ઉપર લાગણી હોય છે - દા.ત., કહોને કે મારા ઉપર-તો તમે મને કંઈ આપતાં ખચકાતા નથી, (જેટલું ખચકાવાપણું લાગે એટલું પ્રેમની ભાવનામાં કમીપણું ખરું,) ઊલટું ઉમંગથી તે કરો છો, તેમ

એના ઉપર પ્રેમ જાગતાં અર્પણની ક્રિયા આપણામાં આપોઆપ પછીથી તો શરૂ થઈ જ જશે. એના ઉપરની જાગેલી પ્રેમભાવના જ આપણને તે પ્રમાણે કરાવશે, કારણ કે પ્રેમનો એ તો સહજ સ્વભાવ છે.

## પ્રેમ જાગવાના ઉપાય

પણ તે પહેલાં આપણે ત્યારે કરવું શું ? હાથ જોડીને બેસી રહેવું ? ના, ના. ત્યારે શું કરવું ? એ માટે જ શ્રીભગવાને કહ્યું છે કે :-

**સર્વ ધર્માન્પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।**
**અહં ત્વાં સર્વ પાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ॥**

'બધા ધર્મોને છોડી દઈને એક મારે શરણે આવ. હું તને તારાં બધાં પાપમાંથી મુક્તિ આપી દઈશ. ચિંતા કરીશ ના.'

આ એક શ્લોકમાં એણે આપણને બધું સમજાવી દીધું છે. એનો અર્થ પહેલાંના એક કાગળમાં લખ્યો છે. આપણામાં જે તત્ત્વો રહેલાં છે, એમનાં એમનાં જે પ્રાકૃતિક ધર્મો-સ્વભાવ-લક્ષણો હોય તેમને તેમને આપણે છોડી દેવાનાં છે. મન વગેરે કરણનો સ્વભાવ આપણને મમતામાં, મોહમાં, સ્વાર્થમાં, આસક્તિમાં, વાસનામાં, આશા-ઈચ્છાઓમાં, કામમાં, ક્રોધમાં, લોભ, મોહ, મદ, મત્સરમાં વગેરે અનેક અનેક વૃત્તિઓમાં જકડી રાખવાનો છે, પણ એ આપણે છોડી દેવાનાં છે. એ છોડી દેવામાં, એના પ્રમાણે ન ચાલવામાં આપણે શ્રીભગવાનને એની કિંમત આપ્યા કરીશું, પૂરેપૂરી એ ઉપર જીત મેળવી લઈશું, ત્યારે એના ઉપર આપણો પ્રેમ જાગવાનો છે.

---

હરિઃૐ કરાંચી, તા.૭-૮-૧૯૪૨

## અંતરમાંથી જ્ઞાન ઊગે તે શ્રેષ્ઠ

મને ખોટું લાગશે એવા વિચારથી કશું કંઈ મનમાં રાખી મૂકશો નહિ. જે લખવું હોય તે જરૂર લખી શકો છો, પણ સમજવાની

બાબતમાં તો જેમ જેમ જાણવાની ઉત્કંઠા વધતી જશે, જેમ જેમ સાધનાના અભ્યાસમાં એકતાનપણું અને એમાં કેંદ્રિતપણું આવતું જશે, તેમ તેમ બધું આપોઆપ સમજાતું જશે. પોતાની મેળે સમજાતાં એમાંથી આનંદ મળે છે અને એ આનંદમાંથી જ સ્વયંવિકાસ વહેલો થાય છે. એટલું જ નહિ આપણો વિકાસ થઈ રહ્યો છે એવા અનુભવ પણ સચોટપણે આપણને થતા રહે છે અને ખ્યાલમાં રહે છે અને કંઈ ન સમજાયું તો તેથી શું બગડી ગયું છે ? આપણે એવી કશી ધાડાધાડ તો છે જ નહિને ? ગરીબ માણસ મહેનત કરીને ચાર પૈસા મેળવે છે તો એનો એને જે આનંદ રહે છે તે આપણને નથી રહેતો. નાનું છોકરું પોતાની મેળે કશુંક કરશે તો તે આપણને બતાવ્યા કરશે, કેમ કે એ નવું કરી શકવાથી એને આનંદ ઊપજે છે. એવી સ્વયંસ્ફૂર્તિનાં સર્જન કે રચનામાં એનો પોતાનો વિકાસ થઈ રહેલો છે. તેથી, એના આનંદને એ રીતે વ્યક્ત કરતું હોય છે. તેમ છતાં જે કંઈ ન સમજાયું હોય તે જરૂર આપણે મળીએ ત્યારે પૂછી લેવાનું રાખશો... ભાઈને કંઈ મેં કહ્યું ન હતું કે એમણે તમને પેલું લખાણ મોકલવું. એમણે તો એ તમને આપોઆપ મોકલ્યું. એમ જો આ આપોઆપ મળ્યું તો શું બીજું એવી રીતે નહિ મળે ?

## ભાવ અને અનુભવને જ મહત્ત્વ આપો

ત્રાટકમાં આંખની કીકી હાલતી જણાય છે. એટલે ત્યારે દૃષ્ટિની મર્યાદા બદલાય છે. એમાં જેમ જેમ ભાવના જામતી જશે તેમ એ કીકી પણ હાલતી બંધ થશે. આ બધામાં ભાવના મુખ્ય છે અને તે વધ્યા કરે એ આપણે જોતાં રહેવાનું છે.

મને કયા શબ્દોમાં સંબોધન કરો છો એ તરફ લક્ષ આપવા કરતાં કેવો ભાવ આપણમાં જામે છે એ તરફ લક્ષ આપવું જરૂરી છે. આપણે બધાં અરસપરસ ભેગાં મળીને હૃદયથી, પ્રામાણિકતાથી, સાચા દિલથી,

શ્રદ્ધાથી, વિશ્વાસથી આપણા સર્વ સમગ્ર બળથી, સાહસથી, હિંમતથી એને માટે સર્વસ્વનું સમર્પણ કરી દેવાની પૂરેપૂરી જાગ્રતિના જ્ઞાનભાન સાથે એનામાં એકાગ્રપણે અને સમગ્રપણે કેંદ્રિત થવાનો નમ્ર પ્રયત્ન એની કૃપાથી કર્યાં કરીએ અને એ પ્રયત્નમાં આપણે એકબીજાને વળગી રહીએ તથા એકતાનો અનુભવ કરીએ, એ શું આપણે માટે બસ નથી ?

ભાઈ કૉલેજિયન નથી, તમે માધ્યમિક શાળાના વિદ્યાર્થી નથી કે હું પ્રોફેસર નથી. એવા ભેદો નકામા છે. કોઈ કોઈનાથી આગળ કે પાછળ છે જ નહિ અને એવું મનમાં રાખશો નહિ એવી વિનંતી છે. કાગળમાં જે લખું છું તે સમજાવવાની બાબતમાં તમે નાના બાળકને એકડો ઘુંટાવવાનો દાખલો ટાંક્યો છે, પણ એકડો ઘુંટાવવાની પદ્ધતિ હવે તો જૂની થઈ ગઈ છે કે થવા માંડી છે. હવે તો બાળક પોતાની મેળે એ કેમ કરીને શીખતું થઈ જાય એ જોવાય છે. એની મેળે શીખતું થાય એમાં એની આંતરિક શક્તિનો વિકાસ સુંદર અને વહેલો થાય એમ હાલમાં તો મનાવા લાગ્યું છે.

## વડીલોની સેવા આ માર્ગમાં ખૂબ મદદ કરે

વડીલો પ્રત્યે પ્રામાણિક નમ્રતા રાખવી એ જ આપણે માટે યોગ્ય છે. વડીલો પ્રત્યે એવો વડીલભાવ રાખવાથી આપણને તેમના પ્રેમાળ હૃદયની સહાનુભૂતિ અને પ્રેમ મળે છે. આપણી અને તેમની વચ્ચે તેથી ગેરસમજૂતીને પછી સ્થાન રહેતું નથી. એમ કરતાં કરતાં આપણાં હૃદયો પણ મળવા લાગે છે. માટે, આપણે તો એવો જ ભાવ રાખવાનો છે. આ જેમ મહત્ત્વનું છે તેમ આ પણ જરૂરી છે કે જેટલા જરૂરના જ અને અનિવાર્ય છે તે સિવાયના બીજા જૂના સંબંધોમાં આપણે ક્યારેય મનને જવા દેવાનું નથી, પણ તે તે પ્રત્યે સહાનુભૂતિની દૃષ્ટિ તથા કોમળપણું રહ્યા કરે તે જરૂરનું છે.

## ભાવપૂર્વક કાગળો લખવા

પૂજ્ય...ને કાગળ લખો ત્યારે એવી રીતે લખવું કે જેથી એમની હમદર્દી અને પ્રેમની લાગણીઓ આપણા તરફ વળ્યા કરે અને એમના મનમાંના બધા સંદેહ ટળી જાય. આપણે કંઈ અતિશયોક્તિ કરીને એટલે કે ખુશામત કરવાને ખાતર મીઠુંમરચું ભભરાવીને કશું કહેવું નહિ, પણ જે હકીકત હોય તેને એવી રીતે રજૂ કરવી કે જેથી એની સત્યતાની છાપ સામા ઉપર પડે જ પડે. એટલે એમાં લાગણી, ભાવના ખૂબ રાખીને લખવાનું રાખવું. તદ્દન કોમળ અને નમ્રભાવ સાથે લખવું - જાણે તેઓ પાસે જ હોય અને આપણે આપણી વાત ઘણા વહાલથી એમની આગળ મૂકતાં હોઈએ તેમ.

---

હરિઃૐ   કરાંચી, તા.૧૦-૮-૧૯૪૨

## આધ્યાત્મિક પંથની ગંભીરતા

આ બાબતમાં ખુલ્લું દિલ રાખીને જે તે કંઈ કહી દેવું અને કોઈ જાતની ભડક તેમ કરવામાં ન રાખવી એ ઘણું જરૂરનું છે. આ માર્ગમાં આપણે એકબીજાને સહાનુભૂતિ અને પ્રોત્સાહન આપ્યા કરવાનું છે. આપણાં બધાંના સ્વતંત્રપણાના ખોટા ખ્યાલો તો જડમૂળથી નીકળી જવા જ જોઈશે. તમે પત્નીને આ રંગમાં રંગાવાની સંમતિ આપી છે, પણ એનો પૂરો અર્થ, ગંભીરતા અને મહત્ત્વ આપણા હૃદયમાં પૂરેપૂરાં ઊતર્યાં હશે કે કેમ એ એક સવાલ છે. એમના ઉપરનો આપણો હક્ક ઉઠાવી લેવાનો છે. એના ઉપર આપણો પત્નીપણાનો ભાવસંબંધ કે એનો આપણા ઉપર પતિપણાનો ભાવસંબંધ આ માર્ગમાં જોડાયા પછી રહેતો નથી, પણ comrades on the Path દિવ્ય પંથે જનારાં સાથીયાત્રીઓનો સંબંધ રહે છે અને થવાનો છે.

## આપોઆપ ઊગતી સમજણના લાભ

તમને મારાં લખાણમાંથી વધારે ને વધારે ઊંડું સમજાતું જાય છે, એટલે કૃપા કરીને ધીરજ રાખશો. જેટલું ઊંડું ઊતરાય તેટલું ઊતરીને તટસ્થપણા સાથે - આપણી નવી પરિસ્થિતિ મુજબ યોગયોગ્ય કેવો અર્થ બંધબેસતો મારાં લખાણમાંથી નીકળી શકે તે સમજવાને મથશો તો જરૂર સમજી શકશો. એ વિશે મારા મનમાં ખાતરી નથી એમ નથી. એટલું જ નહિ પણ એમાંથી જ તમે તમને વધારે ઓળખતા થઈ જવાના છો અને વધુ ઊંડા ઊતરી શકવાના છો તેની પણ પૂરેપૂરી ખાતરી છે.

## આપતા જશો તેમ તેમ અદકું મળતું જશે

તમે જેટલું આપો છો તેટલો તો તમને જવાબ મળ્યા જ કરે છે, એ તો અનુભવે આપણને સમજાશે. ન સમજાય એ અશક્ય છે. એટલે ભાવના, પ્રેમભાવ, શ્રદ્ધા, વિશ્વાસ વધારે ને વધારે ઉત્કટપણે આપ્યા કરશો તો તેટલો લાભ તમને વધારે મળશે. વાવ્યા વિનાનું જમીનમાં વવાઈ શકાતું નથી તો પછી ઊગી તો શકે જ કેમ ? માટે જ આપ્યા કરવાનું ઘણું જરૂરનું છે. તમારી હાલની હૃદયની વૃત્તિ જોઈને મને કેટલો આનંદ થતો હશે ! પણ એનાથી તો ક્યાંય આગળ મજલ કાપવાની છે અને ક્યાંના ક્યાં એની કૃપાથી લઈ જવાના છે ! પણ એ તો જેમ જેમ પંથ કપાતો જશે તેમ તેમ સમજણ પણ પડતી જ જશે.

**'સ્વપ્નાં વિશે વિકારોની સૂક્ષ્મતા પજવે મને,**
**નિવારીને પ્રભો ! તેને દિવ્યરૂપે કરો હૃદે.'**

એમ પ્રાર્થનારૂપે હૃદયમાં હૃદયથી ભાવના રાખ્યા કરશો.

---

હરિઃૐ કરાંચી, તા.૧૨-૮-૧૯૪૨

## સાધક અને દુનિયા

આપણે એટલું ધ્યાનમાં રાખવાનું છે કે આપણે જગતના ઋણી છીએ, જગત કંઈ આપણું ઋણી નથી. દુનિયા માટે કશુંક પણ કરવાનું

આપણને મળે તો આપણાં ધન્યભાગ્ય ગણાય. જગતને મદદ કરવામાં આપણે ખરી રીતે આપણી જાતને મદદ કરીએ છીએ. જેટલા પ્રમાણમાં માનવી પોતાને ઓળખે છે અને પોતાની સેવા કરે છે તેટલા પ્રમાણમાં તે જગતને ઓળખે છે અને જગતની સેવા કરે છે. આપણી જાતને જાણવાની અને મદદ કરવાની આપણી પ્રક્રિયામાં આપણે જગતની અવગણના ન કરવી ઘટે.

## સદાય પ્રવૃત્ત અને સર્વ વ્યાપ્ત

વિશ્વમાં ભગવાન જ બધે ઠેકાણે વ્યાપ્ત છે. 'આ જગત ઢસડાયા કરે છે અને તમારી કે મારી મદદની તેને જરૂર છે', એવી માન્યતા સાચી નથી. શ્રીભગવાન તો આ જગતમાં હંમેશ હાજર કે વર્તમાન છે. તે તો અમર છે અને સદાય પ્રવૃત્તિશીલ છે અને તેની જાગૃતિ તથા તકેદારી સતત, અનંત અને અમર્યાદ છે. આખું વિશ્વ જ્યારે ઊંઘતું હોય છે ત્યારે પણ તે તો જાગતો જ ખડો હોય છે. નિરંતર, જરા પણ અટક્યા વગર તે કામ કર્યા કરતો હોય છે. વિશ્વમાં અને જગતમાં જે જે રૂપાંતર કે ફેરફાર થયા છે કે થાય છે, તે તેણે જ કરેલા છે. તેથી, આપણે કદી કોઈને પણ ધિક્કારવાં ન ઘટે.

## જગતમાં આપણો ધર્મ

જગત તો હંમેશ સારાનરસાનું સંમિશ્રણ રહેવાનું. આપણો ધર્મ તો નિર્બળ તરફ હમદર્દી રાખવાનો અને ખોટાં કામ કરનારને પણ ચાહવાનો છે. જગત એટલે એક ભવ્ય મહાન નીતિની કસરતશાળા કે વ્યાયામગૃહ છે. તેમાં આપણે દરેકે વ્યાયામ કરવાનો છે કે જેથી આપણે વધારે ને વધારે આત્મબળવાળાં બનીએ.

## બાહ્યાચાર

આપણે કોઈ પણ જાતના ઝનૂની મતાગ્રાહી ન થવું ઘટે, કેમ કે એવો ઝનૂની મતાગ્રહ પ્રેમનો વિરોધી છે. 'હું તો પાપીને જ ધિક્કારું છું. પાપને નહિ'.

એવું આપણે ઘણી વાર લોકોને ભોળપણથી બોલી જતાં સાંભળીએ છીએ, પણ 'પાપ' અને 'પાપી' વચ્ચે ખરેખરી રીતે અંતરમાં અંતરથી ભેદ પાડી શકે એવો એક તો બતાવો ! તેને જોવાને હું તમારી સાથે તમે કહેશો ત્યાં આવીશ. એવો ભેદ સાચી રીતે પાડનારા તો જવલ્લે જ હોય. એવા તો જૂજ અપવાદરૂપ છે. બાકી, આમજનતા તો એટલી ઊંચી કક્ષાએ પહોંચે એમ મારી સમજણમાં તો નથી આવતું. હા ! કેટલીક હદ સુધી એનો બાહ્યાચાર જાળવી શકે તે જુદી વાત છે અને અલબત્ત, લોકો આગળ તો એવો આદર્શ મૂકવો એ વધારે સારું છે, કેમ કે તો જ એમની કક્ષાથી ઊંચે આવવાનો એમને માટે સંભવ રહે. તેમ છતાં માનવજાત તો એવી ને એવી રહેવાની. જો ગુણ અને ગુણી વચ્ચેનો ભેદ આપણે બરાબર સમજી શકીએ અને તે પ્રમાણે જીવનમાં તેને ઉતારીએ તો આપણે જીવન્મુક્ત થઈ જઈએ. એમ કરી શકવું કંઈ સહેલી વાત નથી.

## આપણે જ સ્વસ્થ થવાના ઉપાયો શોધો

વળી, જેટલા વધારે આપણે શાંત રહી શકીશું અને આપણા જ્ઞાનતંતુઓ જેટલા વધારે સ્વસ્થ હશે તેટલું વધારે સારું આપણું કામ (એટલે કે આપણી જનસેવા) પણ થશે, અને આપણો પ્રેમ પણ તેટલો વધારે થશે. એટલે અંતમાં તો આપણે કેવી રીતે સ્વસ્થ, શાંત અને તેમ છતાં શક્તિશાળી થઈ શકીએ અને આપણી નાડીઓ અને જ્ઞાનતંતુઓ કેમ કરીને અસ્વસ્થ, અશાંત, કંપાયમાન થતાં અટકે એના ઉપાયો અને રસ્તાઓ શોધવાના રહ્યા.

## પ્રભુને હૈયે ધારી અંતરમાં યુદ્ધ ખેલો

ગમે તેવી પરિસ્થિતિ આવે તોયે આપણે શાંતિ, પ્રસન્નતા, સમતોલપણું, તટસ્થતા જાળવી રાખવાને સતત મથ્યા કરવું પડશે. એ રીતે મથ્યા કરવાથી આપણને એ બધું સાચી રીતે મળી રહેવાનું છે.

કેટલાક મોટા સેનાધિપતિઓ પોતાનાં જીવનયુદ્ધ પ્રત્યક્ષ નજરે દેખાય એવી સ્થૂળ પ્રવૃત્તિશીલ ભૂમિકા ઉપર ખેલતા હોય છે. બીજા કેટલાક પોતાની અંદર જ મહાભારત યુદ્ધો ખેલતા હોય છે. આપણે આપણાં યુદ્ધો આપણી અંદર ખેલવાનાં છે. એ યુદ્ધો પણ જેવી તેવી રીતે નહિ પણ ખૂબ નિશ્ચયબળથી અને આપણું એકમાત્ર ધ્યેય સાધવા માટે લડવાનાં છે. આપણા સ્થાનમાંથી એક તસુ જેટલી પણ પીછે હઠ આપણે કરવાની નથી અથવા થવા દેવાની નથી. ચાલો, ત્યારે ! આપણે પણ આપણાં યુદ્ધો ખેલ્યા જ કરીએ અને દ્વંદ્વોની સામે લડતાં લડતાં તેમને પૂરેપૂરાં હરાવીને આપણું જીવનધ્યેય સિદ્ધ ન કરીએ ત્યાં સુધી જંપીને બેસીએ જ નહિ. આપણા માર્ગમાં નડતાં કોઈ પણ બળથી કે અવરોધથી આપણે ડઘાઈ જઈને અટકી ન પડીએ. આપણા જીવનસિદ્ધિના હેતુમાંથી - કોઈ પણ નબળાઈની પળમાં પણ - આપણે વિચલિત ના થઈએ. શ્રીભગવાન આપણને હાથ દેવાને, મદદ કરવાને, હરહંમેશ અને હરપળે ઇંતેજારીથી તૈયાર જ છે. એની નાની સરખી ટચલી આંગળીથી પણ એ સદાય સાચો રાહ બતાવતો ઊભો છે, અને એ તો અપરંપાર દયાનો ભંડાર છે, અને સાક્ષાત્ કૃપાનો સાગર છે. માટે, આપણે તો તનમનથી - મનસા, વાચા, કર્મણા, - પૂરેપૂરાં સાફ દિલથી - આપણા યુદ્ધમાં ઝંપલાવીએ. આપણા અંતરમાં આપણે ઊંડા ને ઊંડા જયા કરીએ અને સાથે સાથે શ્રીભગવાનનું નામ પણ સતત લેતા જ રહીએ, પણ એકલા નામસ્મરણથી આપણો દહાડો નહિ વળે. આપણે તો હૃદયમાં સતત નામ લેવાનું છે અને તેની સાથે આપણાં અંદરનાં યુદ્ધો પણ લડ્યા કરવાનાં છે.

જ્યારે જ્યારે માનવીને શાંતિ, (એટલે કે મનનું ઉપર ઉપરનું સુખ) આરામ, સુખસગવડો મળે છે ત્યારે ત્યારે એને જીવનયુદ્ધની વાત સતત યાદ રહેતી નથી. આપણામાંના સત્ત્વને ઉપર લાવવાને માટે આપણે સતત એના ઉપર (જીવનયુદ્ધ ઉપર) ભાર દીધા જ કરવો પડશે. ક્યાંયે

આપણી અધોગામી વૃત્તિઓ કે લાગણીઓને વશ થઈ જવાનું નથી. એ માટે સતત તકેદારી આપણે રાખવાની છે. કશાથીયે હાલી ઊઠવાનું પણ નથી. જો આપણે આપણી અંતરની ગતિ સતત નહિ ચલાવી શકીએ તો જગતને આપણે કેવી રીતે જવાબદાર રહી શકીશું ? જ્યારે બહાર લડત ચાલતી હોય★ ત્યારે આપણે આપણી અંદરની લડત વધારે વેગથી ચલાવવી જોઈશે. તો જ આપણો સાથ અને ભાગ બહારની લડતમાં આપોઆપ અપાયા જશે અને આપણાથી 'સત્ત્વ' લેવાયા જશે. આપણી અંદરની જાત વિશેની સમજણ જેમ જેમ વધતી જશે તેમ તેમ આપણાં શ્રદ્ધાવિશ્વાસ અને તમન્ના-ધ્યેયને ખાતર કહો કે ધર્મને ખાતર કહો (for the cause) મરી ફીટવાની તમન્ના - વગેરે બધું આપણામાં જીવતુંજાગતું બની જતું લાગશે જ. આપણે ખરેખર જીવતાં છીએ અને માત્ર માટીનાં પૂતળાં નથી એવા અનુભવ આપણને હૃદયમાં થયા કરશે.

## સંતોની આસપાસ પણ વાતાવરણ દૂષિત હોય

ઘણાં વર્ષો પહેલાં ૧૯૨૪ની સાલમાં એક મહાત્માની પાસે પૂજ્યશ્રી બાળયોગીના સૂચનથી ગયો હતો. એમને ત્યાં જેને આપણે 'નૈતિક' ગણીએ એવું બધું ન હતું. ગમે તે લોકો આવે અને ગમે તેમ વર્તે. ઝઘડા પણ થાય. મારામારી પણ થાય અને ચોરી પણ થાય. એ બધું જોતાં મને ત્યારે ઘૃણા તો થઈ ન હતી કે એમની અવગણના પણ કરી ન હતી. પણ તે બધું સમજાઈ શકાયું ન હતું. આજે એ બધું ખ્યાલમાં આવે છે. એમની મહત્તાની તો મને ખબર પડી જ ગઈ હતી. તેથી, અન્યથાપણે તો કશું વિચારવાપણું હતું નહિ, પણ મને ત્યારે એમ થયેલું કે 'આવા મહાત્માઓ પાસે પણ આવું સેળભેળ બધું કેમ ચાલતું

---

★ ૧૯૪૨ની સ્વાતંત્ર્યની લડત

હશે ?' પણ પછી સમજાયું. જેમ દરિયામાં અનેક નાનીમોટી નદીઓનાં વહેણ જતાં હોય છે તેમ સંતાત્મા પાસે પણ અનેક જાતના લોકો પોત પોતાની મુરાદો બર લાવવાને માટે જતા હોય છે.

## દ્વંદ્વોની દુનિયામાં આપણું ધ્યેય

દુનિયા જ્યાં સુધી છે ત્યાં સુધી એમાં અનેક પ્રકારના પ્રવાહો અને સામા પ્રવાહો રહ્યા જ કરવાના, સત્ અને અસત્, સુખ અને દુઃખ, પ્રકાશ અને અંધકાર - એવાં દ્વંદ્વો દુનિયામાં તો રહ્યા જ કરવાનાં. હા. એમ બને કે કોઈ વાર સત્ વધારે પ્રમાણમાં predominently પ્રધાનપણે રહ્યા કરે અને તેને આપણે 'સત્યયુગ' કહીએ છીએ. આવી રીતે આપણામાં સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કળિયુગ - એમ ચાર કાળની કલ્પના ઉદ્ભવેલી હશે. દરેક યુગમાં થોડા પ્રમાણમાં બીજા યુગો હોય છે જ, અને આપણામાં પણ ચારે યુગ છે. તેમાંથી બીજાઓને ઘટાડી ઘટાડીને, પછી તો સત્યયુગનીયે ઉપર થઈને જીવવાનું આપણું તો ધ્યેય છે. સ્થળ અને કાળ તો આપણાં શરીર તથા તેની અંદરનાં તત્ત્વોની રમતને અંગે છે અને એમને લીધે છે.

## આપણી અનંત લડત

એટલે અંદર અને બહાર લડતો તો આવતી રહેતી પ્રત્યેક પરિસ્થિતિમાં ચાલુ જ રહેવી જોઈએ. એ લડત તો સતત સંગ્રામવિજયી રહ્યા કરે. જગતમાં સદાય મચતાં ઘમસાણોમાંથી આપણને ઘણું શીખવાનું મળે છે. એવાં ઘમસાણો જોઈને, સાંભળીને આપણામાં બળ ઉપજાવવાનું આપણને સૂઝવું જોઈશે. આપણો વેગ, ઉત્સાહ વગેરે બધું વધવું જોઈશે. જો સતેજ વાતાવરણમાંથી આપણને બળ ન મળી શક્યું તો ક્યાંથી મળી શકવાનું છે ? ઉશ્કેરાટની વખતે તો નામસ્મરણ વધારે ઉગ્ર અને તેજસ્વી બન્યા કરે છે, એવો મારો તો અનુભવ છે.

## પરિસ્થિતિમાંથી શીખી લઈ તેને છોડો

આપણે એક પછી એક આપણા અંદરના થરો તપાસ્યા કરીએ, ઊંડા ને ઊંડા ઊતરતાં જઈએ. આપણી સાધનામાં ખૂબ જ લક્ષ, ચિત્ત, પ્રેમ, ઉત્સાહ, ખંત, ઉલ્લાસ, જ્ઞાન, પ્રેમભક્તિ વગેરે ઉમેરતાં જઈએ. વધારે ને વધારે એમાં એકાગ્ર થતાં જઈએ તો જ પરિસ્થિતિનો ધર્મ બજાવ્યો ગણાય. વળી, એ ધર્મ બજાવતાં રહીશું, એટલે ત્યાં ને ત્યાં પાછું વળગી રહેવાનું હોતું નથી, કારણ કે એક સ્થિતિમાં રહેવાનું બનતાં ત્યાં આસક્તિનું વલણ આપણને થયા વિના રહેતું નથી. એટલે એનું કામ પતતાં એને (પરિસ્થિતિને) છોડવાની જ હોય. એટલે જે પરિસ્થિતિમાં આપણે જ કંઈ શીખવાનું હતું તે શીખી લીધું તે પછી એ આપણે માટે મૃતવત્ બની જાય છે. જ્યાં ત્યાં આપણું યોગક્ષેમ બસ ચાલ્યા કરવું જ જોઈએ અને એટલા માટે જ્ઞાનપૂર્વક લડતાં લડતાં આપણે આપણું બધું એને સમર્પણ કર્યાં કરીએ અને એને બધું કહ્યા કરીએ, એની કૃપા તો સતત માગ્યા જ કરીએ, એને શરણે રહ્યા કરીએ; Thy will be done 'તેરી ઈચ્છા પૂરી હો' એવી ભાવના કેળવ્યા કરીએ, એનું નામસ્મરણ સતત લીધા કરીએ, અને સત્યનાં જ નહિ પણ સત્યનારાયણનાં પણ દર્શન કરીએ.

## આપણું વિરાટ સ્વરૂપ

સત્યને અનેક પાસાં કે બાજુ છે અને તે દરેક બાજુ જગતમાં પોતાનું વર્ચસ્વ જમાવવા મથવાની, પોતાને જ assert કર્યા કરવાની (પોતાનો કક્કો ખરો કરાવવાનો આગ્રહ રાખવાની) ત્યાં પણ આપણે એટલી કાળજી રાખવાની રહેશે કે આ બધી મતાગ્રહોની સામસામી ખેંચતાણમાં એમાંની એકાદ બે કે અમુક બાજુઓના આગ્રહમાં આપણે તણાઈ તો નથી જતાંને ? આપણું જીવનમુખ તો સહસ્ર નેત્રવાળું, સહસ્ર જીભવાળું, સહસ્ર કાનવાળું, સહસ્ર ઇંદ્રિયોવાળું - ટૂંકમાં સહસ્ર શરીરી રહેવું જોઈશે. એવા આપણા જીવનમુખ કે જીવનલક્ષ્યની વિશાળતા,

ભવ્યતા અને બૃહદપણાની કલ્પના સરખીની હજી ગેડ બેસાડતાં આપણને કંઈ ને કંઈ થઈ જવાનું છે. એ રીતે જોતાં આપણી લડત અનંત છે. એનો છેડો જ નથી દેખાતો, પણ તેથી કંઈ ચિંતા કર્યે ચાલશે ના, કે વિમાસણમાં પડી, મૂકી દીધે પણ પત્તો ખાવાનો નથી. આપણે તો જે થોડી મૂડી કમાયા એને વેપારમાં રોકવાની છે અને એ આડીઅવળી ખરચાઈ ન જાય એની કાળજી રાખીને એમાં વધારો કર્યા જ કરવાનો છે અને ધનવાન થતાં જ જવાનું છે.

## ઊગેલાં જ્ઞાનશક્તિનો ઑર આનંદ

જો આપણે આપણી જાતને યોગ્યપણામાં સમજી શકતાં થઈ ગયા હોઈશું તો આપણને ગમે તેમાંથી પણ બધી સમજ મળતી રહેવાની છે, એ વિશે ખાતરી રાખશોજી. જે કંઈ લખેલું હોય અને ન સમજાતું હોય એને, પરિસ્થિતિને અનુરૂપ અને અનુકૂળ રીતે જેટલું ઘટાવાય એટલું, - જાતને સમજીને - તેમાંથી સમજવા પ્રયત્ન કરશો અને જાતે જ સમજવાને મથ્યા કરશોજી. જેટલો જાતે ચાલતાં શીખવામાં આનંદ આવે છે, અને 'પોતે પણ એમાં ભાગ ભજવ્યો છે, મથામણ કરી છે અને પરસેવાનું રળેલું છે,' એવા સ્વાનુભવથી જે આનંદ મળે છે તે તો કંઈ ઑર જ હોય છે.

---

હરિઃૐ મુંબઈ જતાં, તા.૧૮-૧૦-૧૯૪૨

## સાધકના માટે સ્પષ્ટતાની જરૂર

સાધનાની બાબતમાં તો કશું વધારેઓછું માનવા દેવાય જ નહિ. એટલે એ બાબતમાં તો સ્પષ્ટ જ કહેવાનું હોય. કોઈને પોતાની માન્યતામાં રહેવા દેવાય નહિ… ભાઈ એક ડગલામાં પૂરું ચોક્કસ દૃઢ થયા વિના બીજામાં કૂદવાનું કરે છે ત્યારે એને વાળવાને ઘણી વખત મથાયા વિના રહી શકાયું નથી. વળી, તમારી આ બાબતની હકીકત જાણવાને કેટલી ઇંતેજારી હતી, તે તો મારા અગાઉના કાગળથી જાણ્યું હશે જ.

## એકાગ્ર દૃષ્ટિ અને અનન્ય રસ

તમને જે પ્રયોગ કરવાનું સૂચવ્યું હતું, તેમાં મારે જોવું હતું કે ક્યાં સુધી તમે એમાં દૃઢ ઇચ્છા શક્તિનો ઉપયોગ કરી શકો છો. તમે એ પ્રયોગ અજમાવી જોયો એટલે હવે હાલમાં તે ન કરશો. ધીરે ધીરે માત્રા વધારવાની છે, તે ધ્યાનમાં રાખ્યા કરવાનું છે. આપણા કોઈ પણ પ્રયોગમાં આડફંટે તાણી જતો રસ આપણાથી ન ભોગવાઈ જાય તે બાબતમાં પૂરેપૂરી સાવચેતી, જાગ્રતિ અને દૃઢતા તથા તટસ્થતા રાખવાની છે. આગળનું પગલું, અલિપ્તતા જળવાતી અનુભવાય તો જ ભરવાનું શક્ય બને. મને લાગે છે કે આપણામાં યોગ્ય જાતના રસને બદલે બીજી જ જાતનો રસ થોડેવત્તે અંશે રહેલો છે. આપણામાં ક્યાંય એવું કશું અંદર પડી રહેલું હોય, છૂપી, સૂક્ષ્મમાં સૂક્ષ્મ ઇચ્છા એવી રહેલી હોય તો તે (ઇચ્છા) વધે, પણ સાધનાની જ માત્ર દૃષ્ટિ સંપૂર્ણપણે રહ્યા કરે તો આવા પ્રયોગ સફળ થાય. એમાં પણ યુદ્ધ કર્યા કરવાનું છે, તે ચૂકવાનું નથી. આપણી વૃત્તિની ઉપરવટ જવા માટે આ પ્રકારની સાધના એક મહત્ત્વનું અંગ છે.

## તમારા વડે જ દીપીશ

વૃત્તિઓને જે રીતની ટેવ પડેલી છે, તે રીતના પટમાં એને વહેવા દેવાની નથી. વૃત્તિઓને જે રીતમાં વહેવાની ટેવ પડેલી છે તેમાં ન વહેવા દેવા માટે જાગૃતિ, સાવચેતી, દૃઢતા આદિ પ્રત્યેક નાનામાં નાની બાબત, ટેવ કે લક્ષણમાં જો રહ્યા કરે અને તે સામે યુદ્ધ અપાયા જાય તો કામ વહેલું આગળ જરૂર વધી શકે, એ માટે મનમાં જરાકે શંકાને સ્થાન નથી. આ હકીકતની સમજ અનુભવોની પરંપરાથી ઊંડી ઊંડી ઊતરતી જાય તો એમાં શ્રદ્ધાવિશ્વાસ વધીને જીવંત બનતાં જાય છે. જો પુરુષાર્થ સમજ સાથે, ખંતપૂર્વક, ધીરજથી, સાહસ અને હિંમતપૂર્વક કરવાનો રાખીશું અને તે માટે પરમ કૃપાળુ પ્રભુની કૃપા માગ્યા કરીશું

તો સુંદર પરિણામ નીપજવાનું છે તે જાણશો અને તે બાબત ખાતરી રાખશો, કારણ કે મારું તો સર્વ કંઈ ધન, કીર્તિ, યશ, માલમિલકત અને મોભો કે માનમરતબો એટલે તમારો પુરુષાર્થ છે. તમારા વડે જગતમાં ઊંચું મોં રાખી શકાવાનું છે. તમે બધાં જેટલાં જીવંતપણે અને જ્વલંતપણે જીવનમાં ઊતરશો તેટલું મારામાં જોર, બળ, વેગ, રસ, ખંત, હોંશ, તમારા પ્રત્યેનું આકર્ષણ અને છેવટે એના પરિણામે પ્રેમ હૃદયથી વધ્યા જ કરવાનો છે, તે જાણશોજી. મારે જો ક્યાંયે કશામાંયે દિપાવાપણું રહ્યું હોય તો તે તમારાથી છે. તમારે લીધે જ મારું ભાવિ તો ઉજ્જ્વળ છે. મારું ક્ષુલ્લક, શુષ્ક જીવન તમારા વડે જળસિંચન થઈને નવપલ્લવિત થવાનું છે. તમે મારે તો જે કંઈ છો તે છો.

## સતત સાધના

વિચારની સાંકળો દિવસના બીજા વખતમાં પણ ન રહ્યા કરે તે પણ જોતા રહેવાનું છે જ. આપણે યુદ્ધ ક્યાં નથી લડવાનું એની સાધકના જીવનમાં મર્યાદા હોઈ શકે જ નહિ. એણે તો જે તે બધું ભગવાનના ભાવને અવતારવા માટે, ભૂમિકા દૃઢ બનાવતા રહેવા માટે, જ્યાં ત્યાં બધું કર્યા જ કરતા રહેવાનું છે. જે કંઈ છે તે યથાયોગ્યપણે જ મળેલું છે. એટલે કશુંયે નકારવાનું નથી, પણ જે છે તે સાધનાની રીતે વાપર્યા કરવાનું છે અને એની સમજ તે બાબતમાં વધાર્યા કરવાની છે.

## સર્વ કંઈ સાધનાના ઉપયોગ કાજે જ

જીવનમાં ગૂંચ ક્યાંયે નથી - જો આપણે જીવનમાં સાધનાને અનુકૂળ, મૂળભૂત, સંપૂર્ણપણે ફેરફારો કર્યા કરતાં હોઈશું તો કોઈ પણ સમજણમાં - માન્યતામાં - અનુભવમાં - પડ્યા રહેવાનું નથી. હરહંમેશ એનાથી આગળ જવાવાને લક્ષને પ્રેર્યા કરવાનું છે. ક્યાંયે ખચકાવાનું નથી. ક્યાંયે અટકી પડવાનું નથી. સાધનામાં તો આગેકૂચને જ સ્થાન છે. આપણને મળેલું જગત, શરીર, માતાપિતા,

સગાંવહાલાં, ભાઈભાંડુ, પતિપત્ની, માલમિલકત, સંજોગો, પરિસ્થિતિ, અરે ! એ બધાં ઉપરાંત આ જીવન પણ માત્ર સાધનાના ઉપયોગ માટે મળેલાં છે. વળી, એ બધાંનો ઉપયોગ યોગ્ય રીતે કરતાં રહીશું તો જીવનમાં સાત્ત્વિક રસ ઊપજ્યા વિના રહેવાનો નથી. સાધનાનો અનુભવ જો જીવનને ઊર્ધ્વગામી ન બનાવી શકે તો અનુભવ લૂલો ગણાયને ? પણ સાધનામાં તેવું બની શકવા સંભવ જ નથી. આ બધું આપણને સમજમાં ઊંડું ઊતર્યા સિવાય રહેવાનું નથી.

---

હરિઃૐ ખાર, તા. ૧૮-૧૦-૧૯૪૨

## અમારી અભિલાષા

અમારે જો કંઈ પણ કરવાપણું હોય (જોકે નથી) તો તે એટલું જ છે કે તમે જીવનને સાચી રીતે સમજો, તે અનુભવો અને તેનું અમૃત ચાખો. હા, તેટલી અભિલાષા છે. એ અભિલાષાની આગને ધારો તો તમે વધારી પણ શકો તેમ છો અને એના ઉપર ઠંડું પાણી પણ રેડી શકો તેમ છો. હા ! પ્રભુએ કોઈ પૂર્વકર્મોના સંજોગાનુસાર તમને મેળવી આપ્યા અને મને ઘણી રાહત, સરળતા, નિશ્ચિંતતા કરાવી આપી, તે માટે તમારો આભાર કંઈ નાનોસૂનો નથી.

## પ્રેમ એટલે સ્વજનની ગુલામી

આપણા જીવનનો પંથ ઊલટી ગતિનો છે. જગતનાં માની લીધેલાં સંસારનાં ધોરણો, માન્યતાઓ આપણને ખપનાં નથી એ વાત પૂરેપૂરી ગળે ઊતરી જશે પછીથી વાંધો આવવાનો નથી. પછીથી ગાડું સીધું ચાલશે. પછીથી કોઈ ગૂંચ કે ઉદ્વેગ તે બાબતમાં રહેવાનો સંભવ નથી. આપણે સ્વતંત્રતાનો અર્થ સમજતાં હોતાં નથી. બાળકને જન્મવાને માટે માના પેટમાં નવ માસ કેદ રહેવું પડે છે, એવી રીતે કેદ રહ્યા સિવાય બાળક બહાર આવી શકતું નથી તો આપણે પણ જન્મવાનું જ છેને ?

એટલે આપણે પણ તેવું કેદ (સમજમાં દૃઢ ઉતારીને) રહેવું પડે અને તો કંઈ થઈ શકે. વળી, સંસારમાં અને ખાસ કરીને પતિપત્નીનાં જીવનમાં તો પ્રેમ સિવાય બીજું કયું સુખ હોઈ શકે ? સાચા પ્રેમમાં તો ત્યાગ, બલિદાન અને સર્વસ્વનું સમર્પણ આવી જાય છે. જો પ્રેમમાં ત્યાગ, બલિદાન અને સમર્પણ આવી જતાં હોય તો આપણું જુદું અસ્તિત્વ ક્યાં રહ્યું ? ત્યાં વળી સ્વતંત્રતા કેવી ? એવા ખ્યાલોને હું તો ઊંધે પાટે દોરનારા ગણું છું, પણ તમને એ તો અનુભવે સમજાશે. પતિપત્નીનાં જીવન બે નથી, એક છે - જેમ ગુરુશિષ્યનાં જીવન એક છે તેમ. ગુરુને-ભાવને-શરણે જવાને જે ઇચ્છે નહિ, એને જીવનનો સ્પર્શ થવા સંભવ રહેતો નથી. તેમ જ પતિપત્નીનાં જીવનની બાબતમાં પણ સમજી લેવાનું છે. આપણા પ્રેમની પાછળ કશી સામા માણસ પાસેથી અપેક્ષા ન રહેવી જોઈએ. એનામાં એક થવામાં તમારી સાચી સ્વતંત્રતા છે. તમે જેટલા આનંદથી તેનામાં એક થશો તેટલા તમારા જીવનસાથી પણ તમારામાં એક થવાના છે. જેમ ગુરુમાં - સદ્ભાવમાં - શિષ્ય એક થતો જાય છે તેમ તેમ ગુરુ પણ તેનામાં એક બનતો જાય છે. જોકે પાછો તે તો એકપણે હોય છે. જો તમારે પ્રેમ કરવો હોય તો તો એને માટે સર્વ ત્યાગ, સર્વ બલિદાન અને સર્વસ્વનું સમર્પણ કરવું જ રહ્યું, એના ભાવમાં તમારી જાતને ભેળવી દેવી જ રહી. જેમ સાધક પોતાની જાતને જીવનના ધ્યેયમાં - સાધનામાં - (ગુરુમાં પણ) ગુમાવી દેવા, ભેળવી દેવા મથી રહે છે તેમ. બાળકને માટે ભોગ આપતાં મા કદી અચકાતી નથી. તેવો પ્રેમ જો આપણે એનામાં રાખીશું તો એનું હૃદય પણ આપણું પોતાનું બની જવાનું છે. ત્યારે તમે અને એ એમ બે જુદાં રહી નહિ શકો. હું તો તમને સાચા સુખનો રસ્તો બતાવી રહેલો છું, પરંતુ આપણી લાલસાઓ, માની લીધેલી જીવનની સમજણો, માન્યતાઓ અને આપણાં બધાંનો જડ સ્વભાવ તે સામે બળવો કરે છે અને આપણને ઉદ્વેગ કરાવતો હોય છે.

જ્યારે મનમાં સરળપણું - નિશ્ચિંતપણું - ન હોય ત્યારે સાધનામાં કશું

સારું ન થઈ શકે. મન ઉપર કે મનમાં કશો ભાર ન રહેવો ઘટે. હલકું ફૂલ જેવું હૃદય રાખ્યા કરીએ તો જરૂર બધું સારું થઈ શકે.

માટે, એના જીવનની સમજણમાં જેટલા ઊંડા ઊતરશો અને એને એ રીતે જેટલા ઉમળકાથી, કંટાળ્યા વિના સાથ આપ્યા કરશો તેમ તેમ તમને બધું દીવા જેવું જણાયા વિના રહેવાનું નથી. પતિપત્નીની વાત જવા દો. આ જીવ તો ઑફિસમાં પણ...ભાઈને બધી વાતે સતત અનુકૂળ - એના મત પ્રમાણે - રહેવા મથ્યા કરતો હતો. એમાં મને ક્યાંયે ગુલામી જેવું લાગ્યું નથી, બલકે ફાયદો થયો છે. મારો મતાગ્રહ નાશ થવામાં એ રીતે ઘણો ભાગ ભજવ્યો છે.

## જગતમાં કોઈ સ્વતંત્ર નથી

જગતમાં કે જીવનમાં જો લાંબી દૃષ્ટિ કરીને જોઈએ તો જણાશે કે કોઈ પણ ક્યાંયે સ્વતંત્ર નથી. જો સાચી રીતે સ્વતંત્ર હોત તો જગતમાં ઝઘડા ક્યાંથી હોત ? આપણી માનેલી સમજણ, આપણી માન્યતાઓ, જીવનનાં સુખનાં સાધનોની આપણી સમજૂત - એ પ્રમાણે જ એ બધું નિર્વિઘ્ને ચાલ્યા કરે, એમાં સરળપણું રહ્યા કરે, ક્યાંયે જરા પણ અથડામણ ન થાય એવા સંજોગો અને એવી વૃત્તિને આપણે સ્વતંત્રતા માની લઈએ છીએ, પણ ખરી રીતે એમાં સ્વતંત્રતા નથી. એ તો ઇંદ્રિયોની વૃત્તિઓના ગુલામ થતાં જવાનો રસ્તો છે. જગતમાં કોઈ પણ સ્વતંત્ર નથી. જેણે ભગવાનને અનુભવ્યો છે તે જ એકમાત્ર સ્વતંત્ર થઈ શકે છે. બાકીનાં બધાં તો ઘટમાળની ગુલામીમાં જ પડી રહેલાં છે અને ઘટમાળની ઘરેડમાં તો કોણ નથી ?

## અમારો સ્વાર્થ

અમારે કશું તમારી પાસેથી લેવું નથી કે જોઈતું નથી. જે જોઈએ છે તે તમારા પોતાના જીવનવિકાસને અંગે જ. આજ સુધી ભગવાને મને એની કૃપાથી નિભાવ્યો છે અને હવે પછી પણ નિભાવશે જ. એણે દાંત

આપ્યા છે તો ચાવણું પણ એ આપશે. તેમ છતાં અમારો સ્વાર્થ છે અને તે તમારું જીવન ઉચ્ચતર બને, દિવ્ય બન્યા કરે, એટલે કે તમે ઊર્ધ્વગામી થયા કરો એ માટેની ભૂમિકાને જે જે અનુકૂળ ન હોય એવી બધી માન્યતાઓ, સમજણો, માપો, તમારાં બદલાતાં થાય એમાં અમારો સ્વાર્થ છે. જે કંઈ કરાવવું પડે છે, તે તમારા પોતા માટે કરાવવું પડે છે. આ દાવો મારા જેવો 'મૂર્ખ' માણસ કરે તે વધારે પડતું કોઈને લાગે, પણ એ તો અનુભવે જે સમજાશે તે ખરું. અનુભવ થયા જશે ત્યારે જ સાચી રીતે સમજાવાનું છે, એવી શ્રદ્ધાથી પ્રેરાઈને જે તે કંઈ કર્યાં કરવાનું બને છે. તેમ છતાં માનવદેહધારીને બધી રીતે સંપૂર્ણ કોઈ ન માને તેમાં કશું ખોટું ન ગણાય. કદાપિ કંઈ બગાડી બેસું, એમ તમને લાગે તો મને માફ કરશો અને તે માટે તમે બતાવશો તે પ્રાયશ્ચિત્ત કરવાને તૈયાર હંમેશાં રહીશ, તે જાણશોજી.

## અમારું કઠણ કરમ

પરંતુ એટલી વાત તો ચોક્કસ છે કે તમારી આજની સમજણ કે માન્યતા પ્રમાણેની સ્વતંત્રતામાં કે સુખ-આનંદની ગણતરીમાં તમને રખાવી શકાશે નહિ, ત્યાંથી તો તમને ખોટું લાગે તોયે - કદીક ધક્કા મારીમારીને પણ - ખસેડવા પડશે. અમારે નસીબે જો ભૂંડા થવા વારો આવશે તો તે ભાગ પણ ભજવવાને તૈયાર રહેવું જોઈએને ? મારામાં તો અનેક દુર્ગુણો છે, હું તો ક્રોધ પણ કરું. કોઈ સ્વજનનું સાધનાથી ઊંધે પાટે જવાનું સહન કરી શકું નહિ એવો અસહિષ્ણુ છું. બોલવા કરવામાં પણ કંઈ સંયમ હોય એવી કોઈ બાંયધરી ન આપી શકું. કદીક સ્વજનોને મનદુઃખ કરાવવામાં આંચકો આવતો નથી, એવો વિવેક વગરનો છું. તેમ છતાં અમારાં સગાં, વહાલાં (જીવનમાં અને જીવનનાં) - જે કહો તે - તમે બધાં છો. એટલે તો આ બધું ચલાવી લો છો. બાકી, આટલું કોણ સહી લે ?

## પ્રેમની ભીખ

તમારાં બધાંનો પ્રેમ છે એ જ સાંકળે મારે તમારાં બધાંની સાથે પૂરેપૂરું સંકળાવું છે, પણ એ તો તમારા હાથમાં છેને ? જીવનની સાચી સમજ અને સૂઝ ઊગે નહિ ત્યાં સુધી તમારાં બધાંનું જે તે બધું સહન કરવાને એ પ્રેમ તૈયાર ઊભો છે. તો એવા લેભાગુને જરા કૃપા કરીને પ્રેમ કરશો અને પોતામાંનો એક બનાવવાને હૃદયથી મથ્યા કરશો એટલી વિનંતી છે. તમારું બધું લઈ લેવાને - હરી લેવાને - સગવડ અને સરળપણું આપ્યા કરશો. બીજો કશો તો તમારાં બધાં ઉપર અમારો હક્ક નથી કે જેથી દાવો કરીને કંઈ કશું માગી શકીએ. મહેરબાની રાખશો. ભગવાન ઉપર ભરોસો રાખશો. એ આપણું કશું ખોટું થવા નહિ દે એટલી ખાતરી હૃદયમાં રાખજો. અમારે તમારામાં ભળવું છે તો છૂટથી ભળવા દેજો. મનમાં કશું ત્યાં આડખીલીરૂપે ન રહ્યા કરે એટલી સાવચેતી અને જાગૃતિ રાખ્યા કરવાની છે. તમારું બધાંનું સર્વ વાતે સાચું કલ્યાણ થાય એ ઉદ્દેશીને તમારામાં સંકળાવાનું ભગવાને કરાવ્યું છે તો એ ઉદ્દેશ પાર પડે એટલી સુગમતા થવા દેશો તો તમારું ઋણ કદાપિ હું ભૂલી શકવાનો નથી, તે જાણશો.

---

હરિઃૐ કરાંચી, તા. ૨૪-૧૦-૧૯૪૨

## સાધના સહજ ક્રિયા છે

'પ્રવૃત્તિ' કે 'નિવૃત્તિ' એવા ભેદ તત્ત્વતઃ કશા નથી. ભગવાનને ખોળે માથું મૂક્યા પછી આપણને એ સંભાળે છે અને 'સારા-નરસા' એટલે કે ગમતા-અણગમતા બધા અનુભવોમાંથી આપણને કંઈક નવી દૃષ્ટિ, નવી સૂઝ આપ્યા કરે છે અને એમ કરતાં કરતાં આપણને ચાલતાં શીખવે છે. ધીરજ, શ્રદ્ધાની અપરંપાર કસોટીઓ તો એ દરમિયાન થયા કરે છે, પણ આપણે તો એને શરણે રહીને એને જ સતત વળગી

રહેવાનું છે. તે ઉપરાંત, એ બધી મથામણ પણ એને આપણે સમર્પણ કરવાની છે. જોકે 'મથામણ' જેવું ખરી રીતે તો એ કહેવાય નહિ, કારણ કે જેમ સોય લોહચુંબક પ્રત્યે, એની ખેંચાવાની હદમાં આવતાં, ખેંચાયા જ કરે છે અને એને પોતાને કશો પ્રયત્ન કરવાપણું રહેતું નથી, એવું આપણું આમાં છે.

## સમૂળગા 'નગ્ન' થાઓ

આવી રીતે સમર્પણ થવાથી આપણે ખાલી ને ખાલી જ રહ્યા કરીએ. જે કંઈ ઉદ્ભવે, થાય, મુશ્કેલી આવે, વિચારો આવે કે ભાવ ઊપજે એ બધા વહેવાર - અંતરના તેમ જ બહારના - ગમે તેવા હોય તે બધા આપણે તો એને જણાવ્યા કરીએ. એ ક્રિયામાં આપણે વધારે ને વધારે ઊંડા ઊતરતાં જઈએ તથા વધારે ભાવવાળાં થતાં જઈ એની નજીક આવવાનો પ્રયત્ન કર્યા કરીએ. આપણા એના વિશેના બધા ખ્યાલો છોડી દઈને કોરાં પાનાં કે કોરી સ્લેટ જેવા થઈને પછી જે કંઈ એમાં થવાપણું હોય તે માત્ર જોનાર તરીકે બનીને આપણે થવા દીધા કરીએ. આવી રીતે મનના જૂના તમામ સંસ્કારોને ભુસાઈ જવા દઈએ તો જ આપણે સમૂળગા નાગા (પવિત્ર અને ચોખ્ખા) એની આગળ થઈ શકીશું અને ત્યારે સાચો ભાગવત ભાવ આપણામાં ઊતરવા પામશે, ત્યારે એ ભાવના-સંચારની ઝડપ કંઈ ઑર હશે.

## એને જ ભરોસે

એક વખતે એને શરણે ગયા પછી ભગવાન આપણને ક્યારે અને કેવી રીતે ઘડે છે એ આપણે પામર જાણી શકતાં નથી. એટલે આપણે તો એને ભરોસે રહીને જે કંઈ ભાગે આવેલું કર્મ હોય તેને કર્યા કરીને ચિંતા વગરના રહ્યા કરવાનું છે. પ્રવૃત્તિ કે નિવૃત્તિ, કશા વિશે હાયવોય આપણે કરવાની નથી.

## જિજ્ઞાસા અને ખપી જવાની તમન્નાની જરૂર

કોઈ ઝવેરીની કે બીજા વેપારીની પેઢીને કોઈ હોશિયાર માણસ મુનીમ તરીકે મળી જાય તો થોડા વખતમાં તે પોતે પેઢીનો બધો ભાર ઉપાડીને પેઢી ચલાવે છે. આપણે તો ભગવાનના નામનો વેપાર ચલાવવો છે. એ વેપારમાં નથી જરૂર કુનેહની કે નથી જરૂર બુદ્ધિની. એમાં મુખ્ય જરૂર છે જિજ્ઞાસાની અને એ જિજ્ઞાસા યોગ્ય દિશામાં વહે એવી જરૂર છે. આપણે કોઈ પણ આગ્રહ રાખવો નહિ. આપણે શરીરને દુઃખ દેવાથી વેગળાં રહેવાનું છે. તેમ જ શરીરને ફટવી દેવાનું પણ નથી. આપણે મધ્યમ માર્ગ રાખવાનો છે. આપણી સાધનામાં ખોરાક એ મુખ્ય નથી, પણ જિજ્ઞાસા અને ખપી જવાની તમન્ના એ મોટામાં મોટી વાત છે. જોકે ખોરાક શરૂઆતમાં થોડો ભાગ ભજવે છે તોપણ એના ઉપર જરાયે જોર રાખવાની જરૂર નથી. આપણી જિજ્ઞાસા અને ખપી જવાની તમન્ના વધે એમાં આપણું સમગ્ર બળ તથા ભાવના વાપરવાનાં છે.

## સદ્અર્થની પ્રવૃત્તિ અંતે તો લાભકારક

'વાડ વિના વેલો ચડે નહિ' એમ આ માર્ગની બાબતમાં કહેવાય છે. એનો અર્થ એવો નહિ કે ગુરુ વિના જ્ઞાન આવે જ નહિ. ઊલટું હું તો માનું છું કે આપણી જિજ્ઞાસા પાકટ થશે ત્યારે ભગવાન પોતે પોતાના બંદાને આપણી પાસે મોકલશે, પણ 'વાડ વિના વેલો ચડે નહિ' તેનો અર્થ એ કે આપણામાં જે ભાવના જાગી છે તેનો વિકાસ કરવા માટે અમુક યોગ્ય પગલાં લેવાં જોઈએ. એ પગલાં લેવામાં આપણે ભૂલ કરીએ તો, કે દક્ષ અને જાગ્રત ન રહીએ તો ભુલાવામાં પડી જવાનો સંભવ રહે છે. તેમ છતાં સદ્અર્થે કરેલી કોઈ પણ પ્રવૃત્તિ નકામી તો જતી નથી - એ અમર ભગવદ્ વચન આપણા વિશ્વાસને માટે અને હિંમત આપવા માટે પૂરતું છે.

## યોગયોગ્ય પ્રવૃત્તિની વ્યાખ્યા

કશી કોઈ જાતની વાત વિશે દિલમાં આપણે મડાગાંઠ બાંધી ન રાખવી. બીજી કોઈ પણ જાતની પ્રવૃત્તિ વહોરી લેતાં પહેલાં હજાર વાર વિચાર કરવો, પણ આવી પડેલું કામ હોય તેમાંથી કદી પણ છટકવાની વૃત્તિ આપણે સેવવી નહિ, અને આપોઆપ જે કંઈ આવી પડે, આપણા પોતાના કોઈ પણ જાતના વિચાર વિના તો તે સહર્ષ સ્વીકારી લેવું.

## પ્રાર્થનાના અભ્યાસના લાભ

એવી સ્થિતિમાં જ્યારે કોઈ જાતની અકળામણ થાય ત્યારે જો આપણે ભગવાનને માનતાં હોઈએ અને એનામાં ડૂબી જવાની વાતમાં શ્રદ્ધા રાખતાં હોઈએ તો તેવે વખતે તે માટે પ્રાર્થના કરવાનું રાખશો. વળી, દિલની કોઈ પણ વાત વિશે પૂરી નેકદિલીથી ખુલ્લેખુલ્લું આત્મનિવેદન આપણે એ પરમ કૃપાળુને ચરણે કરી શકીએ છીએ, કરવું જ જોઈએ. આપણે લક્ષમાં રાખવાનું છે કે તે વખતે આપણી ભાવના કે લાગણી તેમાં ભળી ગયેલી ન હોવી ઘટે. તે ઉપરાંત, એ આત્મનિવેદન કરવામાં આપણી ભાવનાનો પારો ઊંચામાં ઊંચો હોય, એમાં શુષ્કતા ન હોય તો આપણને એનો જવાબ મળશે. કદાચ શરૂઆતમાં એકદમ ભલે આમ ન બને તોપણ આ જાતનો અભ્યાસ, આપણને ઘણો મદદરૂપ થઈ પડે છે.

## યોગ્ય વર્તનની રીત અને તેનું કારણ

જગત મિથ્યા, એટલે કે તદ્દન ખોટું 'સસલાનાં શિંગડાં' જેવું અસત્ય નથી, પણ જગતને જોવાની આપણી દૃષ્ટિ ખોટી છે, તે કાઢી નાખવાની છે. જ્યારે આપણે ભાવનામય થઈ જઈએ છીએ ત્યારે જગત 'જગત' તરીકે રહેતું નથી. ભગવાનના વ્યક્ત સ્વરૂપ તરીકે ત્યારે આપણને તે દેખાય છે. આ કારણસર આપણે વહેવારને નકારવાનો નથી, તેમ જ વહેવારને તાબે પણ થઈ જવાનું નથી. ભગવાનના એક જીવંત સજ્ઞાન, સભાન ચેતના-વાહન તરીકે સંસારવહેવારમાં જીવવાનું છે.

## થનગનતો આનંદ હોવો ઘટે

જીવનની સાધનામાં ઉદાસીનતાને, ગમગીનીને ક્યાંય સ્થાન નથી. જો થનગનાટભરી મસ્તી અને બાળકના જેવું હલનચલન તથા ઊંડો ઉત્કટ પ્રેમભાવ આપણામાં ન રહેતાં હોય તો આપણે ક્યાંક અટવાઈએ છીએ કે ખોટકાયાં છીએ એમ માનવું. એટલે જ્યાં રહેતા હોઈએ કે જ્યાં જ્યાં જઈએ ત્યાં વાતાવરણને સતેજ બનાવીએ અને એ વાતાવરણમાંથી પ્રેરણા મેળવીએ. કદાચ એમ બને કે આપણે એવા કોઈ વાતાવરણમાંથી કંઈ ન મેળવીએ તોપણ એની સાથે અસહકાર તો ન સંભવી શકે.

## જીવનનો હેતુ

જીવન નિરર્થક (નકામું, હેતુ વગરનું) નથી. જીવન એ નિરાશા નથી, જીવન એ ફેંકી દેવા જેવી વસ્તુ નથી. જીવન એ ખાલી મનના મનોરથો નથી તેમ જ મિથ્યા સ્વપ્નું પણ નથી. જીવનની અંદર આવેલી જુવાનીને આપણે આપણા આદર્શો સાથે સાંધી દઈને તેમાંથી આપણા અખંડ પુરુષાર્થને માટે પ્રેરણા મેળવ્યા કરવાની છે. એક લોકગીત છે :-

## જોબનિયું

જોબનિયું ખાંડાની ધારે ખેલો, જોબનિયું આજ આવ્યું ને કાલ જાશે.
જોબનિયું પ્રેમમસ્તીમાં મહાલો, જોબનિયું આજ આવ્યું ને કાલ જાશે.
જોબનિયું આત્માની એંધાણે પેખો, જોબનિયું આજ આવ્યું ને કાલ જાશે.
જોબનિયું રસ-રંગ હીંચે હિલોળો, જોબનિયું આજ આવ્યું ને કાલ જાશે.
જોબનિયે કરવાનું સૌ કરી નાખો, જોબનિયું આજ આવ્યું ને કાલ જાશે.
જોબનિયે જીવનસિદ્ધિ પામો, જોબનિયું આજ આવ્યું ને કાલ જાશે.
જોબનિયું ફાટુંફાટું ઉર રાખો, જોબનિયું આજ આવ્યું ને કાલ જાશે.
જોબનિયું ખાંડાની ધારે ખેલો, જોબનિયું આજ આવ્યું ને કાલ જાશે.

## જુવાનીનો સદુપયોગ કરવો

આ જોબનને જીવનમાં ટકાવી રાખવા માટે કોઈ મહાન આદર્શ (દા.ત., ભગવાનની પ્રાપ્તિ એ જ એક ધ્યેય) અને તેને જીવનમાં ઉતારીને માણી શકવાની - જાણવાની - પ્રચંડ જિજ્ઞાસા જરૂરની છે, તે સિવાય જોબન ટકી શકે નહિ. જુવાનીના જોમ વિના આપણે સખત મહેનત મજૂરી પણ કરી શકીએ નહિ. સાહસ અને અજાણમાં ભૂસકા મારવા, એ તો માત્ર જુવાની કરી શકે. એવી હિંમત બીજા કશાથી આવી શકે નહિ. એટલે આપણો પ્રથમ ધર્મ આપણી જુવાનીને પ્રેમથી આપણા ઉત્સાહમાં - આપણા આદર્શની રણભૂમિમાં - જોડી દેવાનો છે.

## અભ્યાસ અને વૈરાગ્ય

સતત અભ્યાસ અને વૈરાગ્ય વિના આપણને સાચી દૃષ્ટિ, સાચું જ્ઞાન મળે નહિ. અભ્યાસ એટલે કે આપણે જે ધ્યેય ધાર્યું છે (ધારો કે ભગવાનને મેળવવાનું) તેનું જ સતત ચિંતવન - અતિશય ભાવભરી રીતે અને વેગપૂર્વક-આપણામાં જાગ્રત રહ્યા કરે તે. તે આપણને સતત ધક્કેલ્યા કરે અને એ બાજુના પ્રયત્નમાં આપણને સામેલ રાખ્યા કરે, બીજા કોઈ પણ વિચાર કે કલ્પનાને રહેવા ન દે, તે આપણી જિજ્ઞાસા અને તમન્નાને વધારેમાં વધારે વેગવાળી, પ્રાણવાળી, ચેતનાવાળી, બળવાળી તથા દિવ્ય બનાવ્યા કરે. આ સઘળું થવા માટે આપણામાં વૈરાગ્યની ભાવના પણ ખૂબ જામેલી હોવી જોઈએ. વૈરાગ્ય એટલે 'આ સંસાર સાર વગરનો છે, નકામો છે, આડે આવે છે, આ બધું મિથ્યા છે, ખોટું છે, સંસાર કચરો છે' વગેરે વગેરે વિચારો નહિ. આવા વિચારો ખોટા છે. કોઈ પણ બાબતની આપણને આસક્તિ ન રહે, રાગ ન રહે, મન કોઈ પણ વાતમાં ચોંટી રહે નહિ એનું નામ વૈરાગ્ય. આપણે ભાગે આવેલું કામ તો આપણે કરવાનું જ છે, પણ તે આસક્તિ વગર, પ્રાર્થના કરતાં કરતાં, ભગવાનની કૃપા પ્રસાદીરૂપ અને તેને જ સમર્પણ કર્યા

કરીને કરવાનું છે. આપણને મળેલાં કામમાંથી ભાગી છૂટવાનો, છટકવાનો ઈરાદો કે વિચાર સુધ્ધાં રાખવાનો નથી. તેમ છતાં આપણી જિજ્ઞાસા (ભગવાનને ઓળખવાની અને અનુભવવાની ઇચ્છા) એની કૃપાથી એટલી બળવાન થયેલી હોય અને આપણી તમન્ના એટલી તલપાપડ થયેલી હોય કે આપણને એના વિના કશું સૂઝે નહિ એનું નામ વૈરાગ્ય. વૈરાગ્ય એટલે શ્રીભગવાનનાં ચરણકમળે હૃદયના સંપૂર્ણ ભાવે આસક્તિ. આવી સ્થિતિ આપણે આપણી કરવાની છે.

## એવી સ્થિતિ કાજેના ઉપાય

એવી સ્થિતિ લાવવાને માટે આપણે સતત ભગવાનને શરણે જઈને આપણું બધું થતું કે થવાનું કે થયેલું એને કહ્યા કરીએ. મનથી, શરીરથી, ઇંદ્રિયોથી, બુદ્ધિથી જે કંઈ કરીએ, વિચારીએ, એ બધું શ્રીભગવાનને આપી દઈએ. આપણી આખી જાત જ પ્રત્યેક પળે પ્રાર્થના કરતાં કરતાં એને સોંપી દઈએ. એક પળ પણ નકામી ન જાય, એને યાદ કર્યા વિનાની ન જાય; આવી દશા આપણે એની કૃપાથી લાવવાની છે. આપણે હૃદયમાં ભગવાનના નામનો યજ્ઞ કરીએ. તેમાં આપણા બધા વિચારો અને કામ હોમ્યા કરતા હોઈએ એવો સતત વિચાર કરતા રહીએ. ભગવાન માટે અપાર પ્રેમ વગર અને પ્રભુ સર્વશક્તિમાન છે એવા જ્ઞાનભાન વગર આપણાથી ઉપર લખ્યું એવું થઈ શકશે નહિ. આપણી અનેક ખામી હોવા છતાં ભગવાન આપણા ઉપર નિરંતર કૃપા વરસાવ્યા કરે છે. આ કંઈ માત્ર કલ્પના નથી. આપણી આંખો જો સાચી રીતે ઊઘડી હશે તો આવું આપણને દેખાયા વિના રહેશે નહિ.

## શરણની શક્તિ

ભગવાનના શરણથી ગમે તેવો દુષ્ટ માણસ પણ સુધરી જાય છે. ઊલટી કેટલીક વાર તો એની લાયકાત વધારે પણ હોઈ શકે. જેટલો પતિત અને પાપી તેટલો ઉદય પણ વધારે વેગવાળો થવાનો. જેમ

જમીન ઉપર પછાડેલો દડો જેટલા જોશથી નીચે પડ્યો હશે તેટલા જોશથી ઊંચે આવવાનો. માત્ર, આપણે બધાં ભેગાં મળીને પ્રામાણિકપણે દિલથી પ્રયત્ન કરીએ અને છેવટની હદ સુધીની (રજનીયે રજ જેટલી) નમ્રતા કેળવીએ. આપણે તો કંઈ જ નથી, આપણે મીંડું છીએ, સાવ શૂન્ય છીએ, એવા ભાવથી ભગવાનના ભાવને જીવનમાં પ્રત્યક્ષપણે વિકસાવવા અને અનુભવવા આપણે મથ્યા કરીએ. અમારી મહત્ત્વાકાંક્ષા આપણાં બધાં વિશે એવી છે.

## સર્વ સમર્પણ સર્વ ભાવે કરો

જે કંઈ આપો તે અડધું ન આપશો. આપો તો પૂરેપૂરું એને ચરણે ધરી દેશો. એનામાં લેવાની અને આપવાની અખૂટ શક્તિ છે. એની શક્તિને કોઈ હદ નથી. માટે, કંજૂસ બનશો નહિ. જીવનનો લહાવો ફરી ફરી કદી મળતો નથી.

## પ્રસન્નતા અને ઉદાસીનતા

પ્રભુના સાક્ષાત્કારની અધીરાઈને લીધે આપણામાં ઉદાસીનતા રહે તે ભલે યોગ્ય હોય, પણ આ ઉદાસીનતામાં જે પ્રેમની ઝલક રહેવી જોઈએ તે જો જીવનમાં ન આવે તો તેવું જીવન કદી પણ ટકી શકે નહિ. જેમ ટાઢ અને તડકાના અતિશય સેવનથી મોટા મોટા પથ્થરોના પણ ભૂકા થઈ જાય છે, તેવું આપણું પણ થાય છે. સાચા પ્રકારની ઉદાસીનતામાં તો પ્રેમની ઉચ્ચતમ અને બળવાન ભાવના રહેલી છે. જો એ પ્રેમ વ્યક્ત ન થાય તો એ પ્રેમ આપણામાં નથી તેમ ગણાય, અને જો પ્રેમ છે તો તે વ્યક્ત થાય છે. પ્રસન્નચિત્ત થવું અને રહેવું એ તો સાધનાનું એક મુખ્ય અંગ છે, લક્ષણ છે.

## હાર કે નિરાશામાંથી જીત

આપણે કોઈ રીતે ઉતાવળ કરવાની નથી. ભગવાન આપણી કસોટી અનેક રીતે કરતો હોય છે. આપણી નિરાશા એવી હોય કે આપણને તેમાંથી

વધારે બળ મળે. નિરાશામાંથી તો ઊલટી આપણી તમન્ના અને તત્પરતા વધવી જોઈએ. એને શરણે રહીને યજ્ઞાર્થે સર્વ કર્મો કર્યાં કરીને, તે બધું પાછા સમર્પણ કરતા રહીને આપણે પુરુષાર્થ કરતાં કરતાં હારીશું તો એ હારમાં જ આપણી જીત રહેલી છે. જોકે પછી તો હાર જેવું કશું રહેતું નથી.

## સર્વત્ર પ્રભુદર્શનનાં સાધનો

પૂર્ણ જીવન માટે પ્રાણવાન પુરુષાર્થ કરવાનું આપણાથી ભૂલી જવાય કે એમાં ભૂલા પડાય તો એનો શો ઉપાય ? એવો પ્રશ્ન કુદરતી રીતે ઊભો થાય, તે વેળાએ આપણે માનસિક સ્થિતિને તપાસી લેવી જોઈએ. શાથી એમ થાય છે તેનું કારણ ખોળી કાઢવું જોઈએ. એવું વિચાર્યા વિના - અને તે પણ તટસ્થ રીતે - આપણને ચાલવાનું નથી. ભગવાનનો ભાવ કંઈ એમ ને એમ નીતરવાનો નથી. પર્વતની મોટી મોટી શિલાઓની અંદર રહેલું પાણી તે શિલાઓનાં છિદ્રોમાંથી પણ વહેવાને જોર કરી રહેલું હોય છે. તેવી રીતે આપણી અંદર રહેલો ભગવાન પ્રગટ થવાને માટે હંમેશ તૈયાર હોય છે. માત્ર, આપણી તૈયારી હોતી નથી, એ મોટો વાંધો છે. આપણે શિલા જેવા બની જઈને ભગવાનનાં ભાવને પ્રગટ થવા દેતા નથી. તેથી, એવી તૈયારી માટે કેડ બાંધીને દરેક પળે, દરેક મિનિટે, દરેક સેકંડે યુદ્ધ કર્યાં કરવાનું છે. તો જ આપણું 'સ્વ-રાજ્ય' (સ્વ એટલે પોતાનું, આત્માનું) મળશે. ભગવાન તો આપણી અંદર અને બહાર ચારેબાજુ ભર્યો ભર્યો છે. છતાં આપણે ભગવાનને જાણી શકતા નથી, કારણ કે આપણે એના થયા નથી અને થવાની તમન્ના લાગી નથી. તેથી, આપણને એની હયાતી દેખાતી નથી. એક ઘડાનું મોઢું સજ્જડ બંધ કરીએ અને પછી તેને દરિયાની અંદર નાખીએ તો તેની અંદર પાણી ભરાશે નહિ. તેવું આપણું છે. માટે, મોઢું ખોલીને હૃદય ખોલીને, તેમાં ભગવાનનું નામ જેટલું ભરાય એટલું ભર્યા કરવું. એટલે એ પરમ કૃપાળુ આપણને બધે દેખાવા લાગશે. ખૂબ ધીરજ રાખવી તેમ જ ખૂબ અધીરાઈ પણ રાખવી.

## લાલચોને મચક ન આપશો

સાધના કરતાં કરતાં અથવા ધ્યાન સમયે કે ગમે તે વખતે આપણને ચમત્કારો દેખાય, આપણામાં કોઈ નવી શક્તિ આવી છે એવું આપણને સમજાય, અમુક સિદ્ધિ મળે, પરંતુ તે બધાં તરફ કશું લક્ષ આપણે આપવું નહિ. તે ફસાવનારી વસ્તુઓ છે. આપણે તો ભગવાન જ મેળવવાના છે. ભગવાન પોતે આપણી પાસે આવે તે પહેલાં ઘણી લલચાવનારી ચીજો એ મોકલશે. જો તેમાં આપણે મોહ પામીશું તો ભગવાન નહિ મળે. મા પોતાના બાળકને રમકડાં આપે અને જો બાળક રમકડાંમાં ફસાઈ જાય તો મા આઘી જતી રહે અને પોતાનું કામ કરવા માંડે, પણ જો બાળક રમકડાં ફેંકી દઈ રોવા જ માંડે તો તરત મા દોડતી આવે.

## 'ભગવાનનું દર્શન'

ભગવાનનું દર્શન એટલે કાલ્પનિક ભાવ, મનની કોઈ કલ્પના નથી. સંસ્કારપરંપરાગત જામેલી આપણામાં એ બાબતની જે એક પ્રકારની ભાવના છે તે પણ તે નથી. શાસ્ત્રોમાં વર્ણવેલી દર્શનની સ્થિતિ પણ એક પ્રકારની મર્યાદા છે. ભગવાનના ભાવનું આપણામાં પ્રત્યક્ષ થવું એનો અર્થ એ કે એના ભાવની અંદર રહેલાં તત્ત્વો - જેમ કે એનું સચરાચરપણું, એની અનંત અમર્યાદિત શક્તિ, અનેક પ્રકારના ગુણોની અને ગુણોથી પરની શક્તિ, એનું સવિકલ્પપણું, એનું નિર્વિકલ્પપણું વગેરે આપણામાં પ્રત્યક્ષ અનુભવરૂપે પ્રગટ થાય ત્યારે એનાં દર્શન થયાં ગણાય. ભગવાને જે આ સૃષ્ટિ રચી છે તેની પાછળ કોઈ ગૂઢ હેતુ હશે જ - છે, એ હેતુને પાર પાડવામાં પ્રત્યેક જીવ સંકળાયેલો છે. આપણને આત્માની સ્થિતિનું ભાન થતાં તે હેતુનું સ્પષ્ટ દર્શન થાય છે અને એમ આપણે એના યંત્ર બનીએ છીએ. પળેપળ એવી ભાગવત સ્થિતિમાં રહેવાયા કરાય અને પળેપળ તેવાં ભાગવતી કાર્ય થયા કરે એનું નામ ભગવાનનું દર્શન.

હરિઃૐ        ખાર, તા.૨૭-૧૦-૧૯૪૨

પ્રેમની ભાવના જ એવી છે કે તે આપણને અભેદ બનાવશે અને હૃદયનો પ્રેમભાવ યોગભાવનાની રીતે કેળવાતો જતાં જે કંઈ રહ્યું સહ્યું હશે તે બધું બળીને ભસ્મ થઈ જશે.

...કહેવામાં કશું એવું તાત્ત્વિક વજૂદ તો ન હતું, પરંતુ આપણને એવું જે કંઈ ગાંડુંઘેલું સૂચવાયું હોય તે કરવામાં ઉમંગ રાખીને તેમ કરવા જતાં તો એક પ્રકારનો શરણભાવ કેળવાતો જતો હોય છે અને આપણી જ રીતે કામ કરવાના કે લેવાના આગ્રહો ઘટતા જાય છે.

## કૃતજ્ઞતાના ભાવે

રખડવાની તો ઘણી ધમાલ ચાલે છે. શરીર તો કહ્યું કરતું નથી તોયે પ્રેમથી તે કરવું રહ્યું. ૧૯ વર્ષ સુધી સંઘમાં પ્રેમથી કામ કર્યું છે અને એના લૂણે શરીર નભ્યું અને જે તે કંઈ ભગવત્કર્મ કરી શકવાની પણ સગવડ, અનુકૂળતા તેમાંથી મળ્યા કરી. તે સંસ્થાને તેની ભીડ સમયે મદદ કરવામાં ધર્મ રહેલો છે - જેમ તમે પેઢીની આફત સમયે એની પડખે ઊભા રહો તેમ. પ્રત્યેક પરિસ્થિતિનો ધર્મ તે તે કાળે એક જ પ્રકારનો ન હોય. મુંબઈમાં પણ મારી ત્રણેક વાર ઝડતી લેવાઈ.

## કેટલીક સૂચના

રૂપાંતરની સાધના વખતે વેગ આવે, ઊર્મિ પ્રગટે, એનો ઉપયોગ નામસ્મરણમાં પ્રેમભક્તિથી વેગથી કર્યા કરવો. એમાંથી ઉત્પન્ન થતા રસમાં પરોવાઈ ન જવા જાગૃતિ, સાવચેતી, દઢતા અને તટસ્થતા રાખવા મથ્યા કરવું. હૃદયે લક્ષ રાખવું અને નામસ્મરણ ખૂબ શ્રદ્ધાથી અને પ્રેમભક્તિની ઊર્મિથી કર્યા કરવું. આપણે લક્ષ પોતામાં જ રાખીને નિત્ય વર્ત્યા કરવાનું છે.

હરિઃૐ ખાર, તા.૨૭-૧૦-૧૯૪૨

## ભગવાનની કૃપાનું કામ

અહીં મુંબઈમાં ગુજરાત હરિજન સેવક સંઘના ફાળાનું કામ હાથ ધર્યું છે. પૂજ્ય મોટા ભાઈ તથા રમણભાઈ રંગવાળા, મારી સાથે ફરીને ત્રણ હજાર રૂપિયા કરાવીને ગયા હતા, તે હવે ચાર હજાર થવા આવ્યા છે. પ્રભુકૃપાથી સારી જેવી રકમ ન થાય ત્યાં સુધી અહીં રહેવાનું વિચાર્યું છે. પૂજ્ય ઠક્કરબાપાને મળ્યો હતો. મુંબઈથી જલદી ઉતાવળ કરીને જતા ન રહેવા એમણે મને સૂચવ્યું છે. ભગવાનની કૃપાથી કંઈ પણ ઓળખાણ ન હોવા છતાં રોજ ને રોજ કંઈક ને કંઈક મળ્યા કરે છે.

## સાચું જીવન અને ખરું મરણ

ભાવનાને વ્યક્ત થવા દીધા કરતાં અંતરમાં તે જન્મ્યા કરી કર્મમાં સાકાર પામે તે ઉત્તમ છે. ભાઈને મારા ઉપર ઘણો પ્રેમભાવ છે. એ પ્રેમભાવને અંગે એમના ઉપર ચાલતું હોય, તો ચાલતું હોય, તે કારણથી મને તેમના ઉપર ઝાઝું અસંતોષ થવાપણું રહેતું નથી અને તેવું ડંખતું પણ નથી. એમના ઉપર કદી કદી પ્રેમના લીધે જ અકળાઉં છુ ખરો. પ્રેમની ભાવના એવી છે કે તે આપણને અભેદ બનાવશે. જે કંઈ અધકચરું રહ્યું સહ્યું હશે, તે બધું પ્રેમ વધતાં વધતાં આપોઆપ દૂર થવાનું છે. તેમ છતાં પાછું અનેક વાર ચેતવ્યા પ્રમાણે આપણે કશું ભળતું માની ન લઈએ તેની કાળજી તો અનંત વાર રાખ્યા કરવાની છે. અખંડ જાગૃતિને જીવન કહેલું છે. ધ્યેય પરત્વેની અસાવધાનતા તેનું નામ મૃત્યુ.

## શરણભાવ કેળવવાની રીત

આપણને જે કંઈ - ગાંડુંઘેલું લાગે એવું હોય તોયે - સૂચવાયું હોય, તે ઉમંગ રાખીને, તેમાં ધ્યેયનો હેતુ જાળવીને, એ જો થયા કરે તો એક પ્રકારનો શરણભાવ કેળવાતો જાય છે અને આપણી જ રીતથી કામ લેવાવાના આગ્રહો ઘટતા જાય છે.

## ઉઘરાણાનું ઘણું મુશ્કેલ કામ

તા.૨૫-૧૦-૧૯૪૨ના રોજ મુંબઈના પરામાં શ્રી જયસુખલાલભાઈ મહેતા, શ્રી વૈકુંઠભાઈ, શ્રી છોટુભાઈ કોરા વગેરે વગેરેને મળવામાં ગયો. અત્યારે સમગ્ર અને એકાગ્ર લક્ષ સંઘનો ફાળો ઉઘરાવવામાં છે. આ કામ આપમેળે રાજીખુશીથી સ્વીકાર્યું છે, તે જાણીને પૂજ્ય ઠક્કરબાપા ઘણા ખુશ થયા હતા અને આ કામ માથે લીધું તે સારુ મને અભિનંદન અને શાબાશી આપતા હતા અને એક સરસ ભલામણપત્ર પણ તેમણે લખી આપેલો છે. આની પાછળ રસિક ઇતિહાસ છે. ટ્રિચિથી સીધો મુંબઈ આ કામ માટે આવ્યો અને પૂજ્ય ઠક્કરબાપા તે વેળા મુંબઈમાં હતા એટલે તેમને વિનંતી કરી. તેમણે કહ્યું, ‘તું સંઘનો હાલમાં મંત્રી નથી, સભાસદ નથી, શિક્ષક નથી, વળી, તું સંઘમાંથી છૂટો થયેલો છે. એટલે બંધારણીય રીતે તને ભલામણપત્ર કેવી રીતે લખી આપું ? ખરી રીતે તો તને આવો ફાળો ઉઘરાવવા જ ન દેવાય, પણ તારા ઉપર મને વિશ્વાસ છે. એટલે ભલે તે કામ તું કર અને વારંવાર મને લખતો રહેજે. ભીલસેવા મંડળના ભાઈ ડાહ્યાભાઈ નાયક અને શ્રી અંબાલાલ વ્યાસ ત્યારે પૂજ્ય ઠક્કરબાપા સાથે હતા અને ભીલસેવા મંડળનું ઉઘરાણું ત્રણ દિવસમાં મુંબઈમાંથી પૂજ્ય બાપાએ કરી લીધું. ભાઈ નાયક મને કહે કે ‘મુંબઈમાં લાગવગ વિના તમારા એકલાથી આ ફાળાનું કામ થવું શક્ય નથી. આ ફાળાનું કામ આપણે માનીએ છીએ તેટલું સરળ પણ નથી. અને ઘણી મોટી લાગવગ વિના રકમો મળવી તે સહેલી વાત નથી.’

## ફાળો ઉઘરાવવાનો હેતુ

આપણે ક્યાં આ કામ આપણા માટે લીધું છે ? ૧૯ વર્ષ સુધી હરિજન સેવક સંઘમાં કામ કર્યું. એના લૂણે શરીર નભ્યું. એ સંઘે ભગવદ્કાર્ય કરી શકવાની સગવડ અને અનુકૂળતા કરી આપી. એ

સંસ્થાને તેની ભીડ સમયે મદદ કરવામાં ધર્મ રહેલો છે. જેમ તમે લડાઈની આફત સમયે બીજું બધું મૂકી દઈને કુંભકોણમ્ અને ટ્રિચિ જઈને રહ્યા, અને એકલે હાથે બે પેઢીને સંભાળવાનું કર્યું અને તે સમય (બીજું વિશ્વયુદ્ધ) કટોકટીનો હતો એટલે બંને ઠેકાણેની સુવ્યવસ્થા જાળવી અને જે તે બધું ઠેકાણે કરવાની વ્યવસ્થા તમે કરી. આ તમારો પેઢી પરત્વેનો ધર્મ હતો અને તે તમે પ્રેમથી બજાવ્યો તે પણ પ્રભુભક્તિ છે. એવી રીતે અને એવી ભાવનાથી પ્રભુભક્તિનો ઉત્કટમાં ઉત્કટ ભાવ દૃઢાવીને શ્રીપ્રભુપ્રીત્યર્થે આ કામ માથે લીધું છે.

## બદમાશીની શંકા

પૂજ્ય ઠક્કરબાપાએ ભલામણપત્ર ન લખી આપ્યો, તેમ છતાં હું તો મુંબઈમાં ફર્યા કરતો હતો. અમારા સંઘના એક દાતા શ્રી...શાહને ત્યાં ગયો અને ૧૯૪૨ની સાલની બધી હકીકત જણાવી. 'મુખ્ય મુખ્ય કાર્યકર્તાઓ બધા જેલમાં છે અને સંઘમાં કોઈ ધણીધોરી રહ્યું નથી. આશ્રમમાં બાળકોને નિભાવવા માટે પૈસાની પણ ઘણી જરૂર છે.' તે બધું સમજાવ્યું. તેમણે કહ્યું કે 'વસ્તુસ્થિતિ યથાર્થ છે, મદદ કરવાને તૈયાર છું, પરંતુ તમને હું ઓળખતો નથી. અને તમો કોઈ બદમાશ ન હોવ તેની શી ખાતરી ?' આથી, મને ઘણું હસવું આવ્યું અને ખડખડાટ હસ્યો. તેમણે મને હસવાનું કારણ પૂછ્યું. મેં કહ્યું કે 'આપે મને આવા શબ્દોથી બિરદાવ્યો તેથી હવે મારું કામ બરાબર થશે એની મને ખાતરી થઈ.'

## આખરે ભલામણ કરી

એ પછી તરત જ પૂનાની ટ્રેન પકડી પૂજ્ય ઠક્કરબાપા પાસે ગયો. તે વેળા પૂજ્ય બાપા પૂનામાં હતા. તેમણે મને જોઈને કહ્યું, 'કેમ અલ્યા...! કેટલી રકમ એકઠી કરી ?' મેં એકઠી થયેલી રકમની હકીકત કહી અને વધુમાં જણાવ્યું કે 'શ્રી...શાહને ત્યાં ગયો હતો. અને

હાલની સંઘની બધી સ્થિતિ જણાવી, તે ઉપરથી તેમણે મદદ કરવાની તત્પરતા પણ બતાવી, પરંતુ તેમણે કહ્યું કે 'તમે બદમાશ ન હોવ તેની શી ખાતરી ? યોગ્ય ભલામણ વિના તમારા જેવા ફાળા ઉઘરાવવા ઘણાય ફરે છે. તેમને કેમ કરીને રકમ અપાય ? પૂજ્ય બાપાએ સાશ્ચર્ય કહ્યું, 'હેં ! તને તેમણે બદમાશ કહ્યો !' એમ કહી તેમણે પોતાનું પૅડ કાઢી તેના કાગળ ઉપર મને એક ઘણો સુંદર ભલામણપત્ર લખી આપ્યો. તે લઈને બીજા દિવસે મરીન ડ્રાઈવ ઉપર પેલા શ્રી...શાહને મળ્યો અને તેમને પૂના જઈને પૂજ્ય ઠક્કરબાપા પાસેથી કેવી રીતે ભલામણપત્ર મેળવ્યો તેની હકીકત જણાવી. વધુમાં જણાવ્યું કે સમાજ જ્યારે આવી પાકી ખાતરી કરીને દાન આપતો થશે ત્યારે કોઈ લુચ્ચા આવી બાબતમાં ફાવી નહિ જાય અને તેમને અભિનંદન અને મુબારકબાદી પણ આપ્યાં. આવો છે ભલામણપત્ર મેળવવાનો ઈતિહાસ અને રમૂજી ઘટના.

## લેખકની યાતના

મુંબઈમાં આ સમય ઘણો કઠણ છે. કોઈ ધોળી ટોપીવાળું કે ખાદીના પહેરણવાળું ઝટ નજરે ચડતું નથી. બધા કામ કરવાવાળાઓએ પણ વેશપલટા કરી લીધા છે. ખાદીના પોશાકવાળાની ઘણી વાર ઝડતી લેવાય છે અને મારઝૂડ પણ થાય છે. હેરાનગતિનો તો પાર નથી. મારી પણ મુંબઈમાં ત્રણ વાર ઝડતી લેવાઈ હતી. હેરાનગતિ પણ થયેલી. અને એકવાર તો એક રાત પોલીસ લોક-અપમાં, (મારબાવડી પોલીસ લોક-અપમાં) ગાળવી પડેલી અને મારઝૂડ પણ થયેલી. ગુજરાત હરિજન સેવક સંઘના નામે કૉંગ્રેસનો ફાળો ઉઘરાવવાનો મારા ઉપર આરોપ હતો અને તે કબૂલ કરાવવા મારઝૂડ થઈ હતી. બીજે દિવસે છોડી મૂક્યો. શરીરનું વજન ઘટતું જાય છે.

## ઊર્મિનો ઉપયોગ કરો

રૂપાંતરની સાધના વખતે જે આંતરિક વેગ પ્રગટે એનો ઉપયોગ જ્ઞાનભક્તિપૂર્વક નામસ્મરણમાં વેગથી કરવો. તેમાંથી ઉત્પન્ન થતા રસમાં પરોવાઈ ન જવા જાગ્રતિ - સાવચેતી - દૃઢતા - મક્કમતા વગેરે વગેરે રાખવા મથ્યા કરવું. હૃદયે ખૂબ ખૂબ લક્ષ રાખવું. જેમ જેમ ઊર્મિ પ્રગટે તેમ તેમ તટસ્થતા જાળવી જાળવીને ખૂબ ભાવનાથી નામસ્મરણ કર્યાં કરવું.

જેલમાં પરીક્ષિતભાઈને તાવ આવે છે અને આંખે દુખાવો છે એમ જાણ્યું છે. એમને જે કવિતા લખેલી છે, તે નીચે મુજબની છે.

તેમાં દેશના જુદા જુદા ભાગોની બહારની પરિસ્થિતિ તથા ભવિષ્ય સૂચવવા તે વખતની ઋતુનું આલંબન લીધું છે.

મંદાક્રાંતા

ત્યાં શાંતિ છે, 'વિરમી શકવા શાંતિમાંહી તમોને,'
ડો'ળાયેલું અહીં બધું દીસે વાદળાં ધુમ્મસે તે,
વાયુ વાતો કહીંક ઝડપે, ક્યાંક તે મંદ ભાસે,
કોઈ એવા સ્થળ પણ વિશે તે પૂરો સ્થિર લાગે.

કાળાં અભ્રો કદી કદી ધસી આવતાં ખૂબ જ્યારે,
કૂળાં ઝાડો ભ્રમિત બનતાં વાયુ વાતાં પ્રચંડ,
ને કૈં હૈયાં થર થર ધ્રૂજે બીકથી માનવીનાં,
એવામાંયે તરુવર કંઈ છાતી કાઢી ઊભાં રે'.

દીઠું નો'તું કદીય પણ જે કલ્પ્યુંયે કાંઈ ન્હોતું,
એવું એવું અવનવું બન્યા આપમેળે કરતું,
હાંજા કૈંના ગગડી જ જતાં વીજળી કાટકાથી,
જ્યાં ત્યાં કોઈ બચી નવ શકે આમ-વંટોળિયાથી.

એણે ક્યાં ક્યાં ધૂળ રજકણો એવી ઉડાડી છે કે,
આંખો મીંચી કંઈ કંઈ જનો આવરી મુખ ત્યાં લે,
આઘાંપાછાં કંઈ થઈ જતાં, શાંત કો બેસી રે'તાં,
ને કોઈને નહિ પણ દીસે આભમાં તેજરેખા.

નાના નાના બહુ જ કુમળા છોડવાઓ બિચારા,
ધ્રૂજે બીકે જગ ઊગરવા ક્યાંય આરો ન એને,
ચારેબાજુ પવન બહુ જ્યાં જોરથી ને ફૂંકાતા
ઝંઝાવાતો, કઠણ મનને સૌ કરી જોઈ લેતાં.

એથી જ્યાં ત્યાં મન ઊંચા વ્યગ્ર ચિંતાથી રે'તાં,
ચોમાસું ના હજુ વીતી ગયું કો સ્થળે બેઠું હાવાં.
જ્યાં ત્યાં સૌનાં ભ્રમિત મન કૈં શું ભરેલું 'ભવિષ્યે,'
કો જાણી ના કંઈ પણ શકે ગૂઢ તે એવું ભાસે.

'પાશેરામાં પ્રથમ પૂણી આ' કોકની કિંવદંતિ,
વાયુ વાશે અધિક અદકો ઘેરી લેશે બધાંને.
આપણે તો લક્ષ હંમેશાં પોતામાં રાખીને જ વર્તવું.

---

હરિઃૐ ખાર, ૨૮-૧૦-૧૯૪૨

(અનુષ્ટુપ)

'સર્વ કર્મો સમર્પે ને તત્પર મુજમાં પૂરો,
રહે ચિંતવતો હૈયે ભક્તિ શ્રદ્ધાથી યુક્ત થૈ
પરોવાયેલ રાખે છે મારામાં ચિત્ત-પ્રાણને,
સર્વ પ્રકારથી એને ઉદ્ધારું' પ્રભુ તો વદે,
કૉલ એવો પ્રભુનો તે કદી મિથ્યા જતો નથી,
ખાલી તે વચનો છે ના, કલ્પના તે નથી કંઈ.

## ભક્તરક્ષક ભગવાન

શ્રીભગવાનમાં જેમનાં મન, ચિત્ત, પ્રાણ અને હૈયાં જ્ઞાનભક્તિ-પૂર્વક સતત પરોવાયેલાં રહે છે, એવા સાધકની સંભાળ શ્રીભગવાનને લેવી પડે છે, કારણ કે શ્રીભગવાન એના જીવનનો આધાર બની જાય છે. એનું જીવન ભગવાનમય થતું હોય છે. 'ભગવાન જ મારો આધાર છે' એવું જેણે અનુભવથી હૃદયમાં જાણ્યું છે, એવા અનુભવમાં નિષ્ઠા જેની જીવતીજાગતી બનેલી છે, એવું જ્ઞાનપૂર્વક સમજીને એકલા એના આધારે જ જે જીવન ગાળે છે, તેની રક્ષાનું કામ શ્રીભગવાનને સંભાળ્યે જ છૂટકો છે.

## ભક્તનાં ચાર લક્ષણો

આવો સાધક ભગવાનમય જીવન જે રીતે જીવે છે એ ચાર રીતો શ્રીભગવાને સ્પષ્ટપણે આપણી આગળ મૂકી દીધી છે. એને આપણે આપણો જીવનવિકાસ કરવાની ચાવી તરીકે રાખ્યા કરીએ.

(૧) મને કર્મો સમર્પીને, (૨) મારામાં પૂરેપૂરા તત્પર રહીને, (૩) મને ચિંતવતા રહીને, (૪) શ્રદ્ધા-ભક્તિથી મારામાં સંપૂર્ણ યુક્ત રહીને.

(૧) સકળ કર્મ કરવા છતાં એમાં પૂરેપૂરી સંન્યાસવૃત્તિ એટલે સર્વ કર્મનો પૂરો સંન્યાસ. (૨) 'મારામાં તત્પરતા' એટલે ભગવત્-પરાયણતા. પ્રભુ ઉપર જ બધી બાબતોમાં જે પોતાની મીટ માંડતો રહે છે, એના ઉપર જ પોતાની બધી બાબતોનો આધાર રાખ્યા કરતો હોય છે, જે ને તે એને જ પૂછીને બધું કરતો હોય છે. એને શું ગમે, કેવું રુચે, કઈ રીતે કર્મ થાય તો એ વધારેમાં વધારે રાજી થાય એમ વિચારીને જે કર્મમાં એનો પ્રેમ મેળવવા ખાતર, એને વહાલો થવા ખાતર, પ્રેરાયા કરતો હોય છે, એને જ શરણે હૃદયના ભક્તિભાવથી ઉમળકાથી રહ્યા કરે છે, પોતાનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહંકાર પોતાની રીતે,

પોતાની ટેવ પ્રમાણે, સ્વભાવ પ્રમાણે, ત્રણ ગુણની રમત પ્રમાણે ચલાવતો હોતો નથી, - એવાનું જીવન ભગવત્પરાયણ કહી શકાય. ત્રીજી શરત છે, અનન્ય યોગથી હૃદયથી હૃદયમાં એનું ધ્યાન.

## 'સંન્યાસ'ની સમજૂતી

હવે, સંન્યાસ એટલે શું ? વ્યુત્પત્તિ પ્રમાણે તો એનો અર્થ એમ થાય કે 'સારી રીતે, સંપૂર્ણપણે, યોગ્ય રીતે 'ડિપૉઝિટ' કરવું અથવા મૂકી દેવું તે.' એનો સીધોસાદો અર્થ તો એ જ કે બધાં કર્મો શ્રીભગવાનને જ સમર્પણ કર્યાં કરવાં, એનું નામ સંન્યાસ. પેઢીનો મુનીમ લાખો કમાય અને લાખો ગુમાવે તોપણ એનો હવાલો તો એ પેઢીને આપી દે છે.

## 'સારું તે મારું'

આપણે જે કંઈ કર્યા કરીએ છીએ એને સંઘરી રાખવાનો માનવીનો સ્વભાવ પડી ગયેલો હોય છે. થતાં રહેતાં સકળ કર્મોનું ફળ પણ તે પોતે ઈચ્છતો હોય છે અને તે જોઈએ એવી તેની સમજણને લીધે, તેવા અહંભાવને લીધે, માનવી કર્મ કર્યા કરે છે. આ બધાનો અસહ્ય ભાર માથા ઉપર રાખી રાખીને તે કચડાયા જતો હોય છે. તેમાંયે પાછું તે સારાં સારાં જ પરિણામને ઈચ્છે છે અને ખૂબ દુઃખ ભોગવવું પડે, ખૂબ કષ્ટ ભોગવવું પડે, એવાં પરિણામથી તે દૂર ભાગવાનું પણ કરે છે, પરંતુ તે તો કેમ બની શકે ?

## અહંભાવ તજાવો જ ઘટે

આમ, અહંભાવને લીધે કર્મોનો ભાર તે પોતાના ઉપર લાદે જાય છે. જ્યાં સુધી આપણામાં અહંભાવ છે ત્યાં સુધી નીતર્યાભાવે ભગવાનને આપણે ભજી શકવાના નથી. સ્વાર્થનો થોડોક પણ અંશ જો આપણામાં રહી ગયો હોય તો ઉચ્ચ ભાવનાના વિચાર પ્રગટાવવાને માટે તે આડખીલી રૂપ બનવાનો છે. જો સ્વાર્થની વૃત્તિ આપણામાં રહી

ગઈ હોય તો તે એનામાં આપણને પરોવ્યા કરશે. એટલે આમ આવાં જીવપ્રકૃતિનાં કે જીવસ્વભાવનાં તત્ત્વ ઉપર આપણે જ્ઞાનપૂર્વકનો અંકુશ મેળવવો રહ્યો. વિશ્વરૂપ ભગવાનની સેવા કરવા ચાહતા સાધકે સહેજ પણ અહંભાવ રાખ્યે પાલવશે નહિ. અહંભાવ રહે ત્યાં સુધી એ એની રીતે જ આપણને કર્મમાં પ્રેરાવશે.

## સમર્પણ ભાવની વૃદ્ધિનાં લક્ષણો

આવાં થતાં કર્મ પણ જાણીબૂજીને, અધૂરાં હોવા છતાં, અયોગ્ય હોવા છતાં, ભક્તિપૂર્વક એને જ સમર્પ્યાં કરવાનાં છે. આવો જ્ઞાનપૂર્વકનો લાંબા ગાળાનો સદ્ભાવથી સેવન થયેલો અભ્યાસ જેમ જેમ પડતો જશે તેમ તેમ અહંભાવ ઓગળતો જવાનો છે. અહંકારને મોળો પાડવા અને તેને સાત્ત્વિક કર્યા કરવાનો ઉપાય મદ્રાસથી મુંબઈ જતાં તા.૧૧-૧૦-૧૯૪૨ના રોજ ગાડીમાંથી લખેલા કાગળમાં લખ્યો છે.* ઉપરાંત, આપણે કર્મ કરવાનાં છે, તે એનો પ્રેમ મેળવવા ખાતર જ. આપણે જો એ ભાવથી કર્મ કરતાં હોઈએ તો ફળનો વિચાર સરખો પણ આપણે કરવાનો ન હોય. પ્રગટે તો તે આડફંટે લઈ જનારો છે. એમ સમજીને તે પળે શ્રીભગવાનને જાગૃતિ રાખીને આપણે સમર્પવો. તેવી તેવી દરેક પળે દઢતાપૂર્વક સાવચેતી રાખીને એને યુદ્ધ આપ્યા કરવું. એવા થતા રહેતા પ્રત્યેક યુદ્ધમાં અને તેની માત્રામાં વેગ, ઉત્સાહ, બળ, ધીરજ, હિંમત, જ્ઞાનપૂર્વકની જાગૃતિ, દઢતા અને સાવચેતી વધારે ને વધારે આપણામાં પ્રગટતાં રહેવાં જોઈએ અને તે લક્ષણ આપણે તપાસતાં રહેવું જોઈએ.

## પછીથી ભગવાનનાં દર્શન

દરેક વખતે એવી ફળની વૃત્તિ પ્રગટે અને પ્રગટી છે એટલું ખાલી

---

* જુઓ 'જીવનસંદેશ', પૃષ્ઠ. ૩૦૯.

ખાલી સ્મરણ થયે ચાલવાનું નથી. એવા પ્રકારનું ખાલી ઉપરછલ્લું સ્મરણ જેને થાય છે અને એવે વખતે જેના યુદ્ધની ઉત્કટતા વધતી નથી, ત્યાં સમજી લેવું કે મન ક્યાંક છેતરપિંડી કરતું લાગે છે. સાધકે એનું મૂળ પકડવાનું રાખવું. આમ, કર્મ કરવાં, તે ભગવત્પ્રીત્યર્થે અને એમાંથી અહંતા ખેંચી લઈને. આવી રીતનો જ્ઞાનભક્તિપૂર્વકનો આંતરિક અભ્યાસ વધતાં વધતાં ભક્ત અને ભગવાન વચ્ચે ભેદ ઘટતો જાય છે. જેમ જેમ ભક્તની શુદ્ધ, નિર્મળ, નીતરી દૃષ્ટિ થતી જાય છે તેમ તેમ એનામાં ભગવત્ભાવનો ભાવાવેશ વધતો જતો જણાયા સિવાય - અનુભવમાં આવ્યા વિના - રહેવાનો નથી. આમ, જેમ જેમ બનતું જાય છે તેમ તેમ સાધક ભગવત્ પરાયણ બનતો જવાનો છે. ભગવત્ પરાયણ થવાતાં અનન્ય યોગથી સાચું ધ્યાન થવાનું છે. આમ થતાં સાધક જે જે વસ્તુના સંપર્કમાં આવે તે બધાંમાં ભગવાનની કૃપાલીલા - ભગવતીનાં દર્શન થયાં વિના રહેતાં નથી અને એને એ બધું તે કાળ માટે જેટલું જેટલું જરૂરનું હોય છે તેટલું ત્યાં જણાયા કરે છે. જ્યારે સર્વાંગ દર્શનનો કાળ પાકશે, જરૂર હશે, ત્યારે તે પણ અનુભવમાં પ્રગટશે.

## ભગવાનના અનુભવની શરતો

શ્રીભગવાનના અસ્તિત્વનો હૃદયથી જ્ઞાનભક્તિપૂર્વકનો નિશ્ચય, 'સર્વરૂપ ભગવાન એ મારો આત્મા છે' એવી ઊંડી અંતરની જ્ઞાનપૂર્વકની સમજ, સર્વરૂપ ભગવાન જ છે એવો હૃદયમાં હૃદયથી જ્ઞાનભક્તિપૂર્વકનો સ્વીકાર, પોતાની જાતની સંપૂર્ણપણે ઓળખ, એને સ્વકર્મથી સંતોષવા એ જ એની પાકી સમજ, આવું આપણે શ્રદ્ધાથી રોજ ને રોજ નિશ્ચયાત્મક બુદ્ધિથી, હૃદયથી હૃદયમાં તે બધું કેળવતાં રહીએ, અને તે બધું ઊંડું ને ઊંડું સમજથી ઉતારીને તેનો અનુભવ કર્યા કરીએ તો આપણે શ્રીભગવાનના છીએ અને એ આપણો છે એવા તત્ત્વનો અનુભવ થશે જ થશે.

## સંતભક્તોની અપ્રતિમ ભેટ

વિજ્ઞાનની કોઈ એક શોધમાં અને એની રીત અને સમજમાં જેમ આપણે માનીએ છીએ તેમ આ પણ એક આત્માના વિજ્ઞાનની રીત છે. તેને અનુભવના નિચોડરૂપે અનેક સંતભક્તજ્ઞાનીયોગીએ માનવીને વારસારૂપે જગતને ચરણે ભેટ આપી છે. જગતે એને સ્વીકારવી કે ન સ્વીકારવી એ એનું કામ છે. જગતની જેમ જેમ સમજ ઊંચી થતી જશે તેમ તેમ તેને આ બાજુ વળ્યા વિના આરો આવવાનો નથી.

---

હરિઃૐ ખાર, તા.૩૦-૧૦-૧૯૪૨

(અનુષ્ટુપ)

આપણી રીત કર્મોને આપણે કરવાં નહીં,
કરવાં સર્વ કર્મોને હેતુને લક્ષમાં ગ્રહી.

ખોટું કે સારું બીજાને લાગે તે ન વિચારવું,
મિતભાવે રહી તોયે જાળવો સમતોલના.

માન્યતામાંહી જે સાચું, ફેરવાયા જશે નકી,
એમ જો તે થતું લાગે, યોગ્ય પંથે છીએ સહી.

આજનું સત્ય તે કાલે બીજું કૈંક સુઝાડશે,
લેવા તત્પર રહેવું, તે હેતુમાં પ્રાણ જો પૂરે.

હેતુને લક્ષમાં રાખી કર્મ યોગ્ય રીતે બન્યે,
ઉદ્‌ભવે રસ તો શ્રદ્ધા જામશે આપમેળ તે.

કહ્યું થાય ન થાયે કે તોય ભાવ વધારવો,
કુમળી કઠણાશેથી વર્તવું એકમેકપે.

પરતંત્ર બધાં છીએ પ્રભુ એક સ્વતંત્ર છે,
પરતંત્ર રહેવામાં જ્ઞાનભાવેથી લાભ છે.

પોતાનું માન્યું એને તો ઊંચે જ લાવવું ઘટે,
રહેવા પડી ત્યાં ને ત્યાં ઘટે દેવું ન જીવને.

કરીને કોટિ ઉપાય એને તો સમજાવીને,
સાચા કલ્યાણને માર્ગે વાળીને લાવવું ઘટે.

પોતે જ્યાં શ્રેય માનેલું સાચું તે શ્રેય છે નહીં,
એને તે ખાતરી તેવી મથી કરાવતાં જવી.

રહેવામાં પડી એને તો ત્યાં ને ત્યાં ગમશે ખરે,
સાધન આપણું તેથી ખામીવાળું રહ્યા કરે.

આપણું તે ભલે હોય આપણા શ્રેયમાં ભલે,
હોય રાજી, છતાં સૌનાં કર્મે ભેદ રહ્યા કરે.

બંનેનાં કર્મની રીતો, માન્યતા, રસ જો જુદાં,
કર્મનાં ત્યાં પરિણામે ભેદ ર્‌હેશે નવા નવા.

કર્મની સાધના જો તે એકભાવે થયા કરે,
બંનેએ તો થવા એવું મથ્યા સૌ કરવાનું છે.

---

હરિઃૐ ખાર, તા.૧-૧૧-૧૯૪૨

## ભારે કામ છતાં ચાલુ પત્રલેખન

હમણાં હમણાં રખડવામાં કાગળમાં થોડુંક લખીને વળી પાછું કામે વળગતાં તે અધૂરું રહે છે અને વળી પાછો કંઈક વખત મેળવીને તે લખવાનું બને છે. એમ કટકે કટકે ગાડીમાં લખવાનું બને છે અને ટપાલમાં નાખવાનું પણ ભુલાઈ જવાય છે અથવા તો કોઈકને નાખવા આપી દઉં છું.

## પૂજ્ય ઠક્કરબાપાની શાબાશી

પૂજ્ય બાપાએ કહ્યું કે ‘ગઈ સાલના હિસાબમાં ત્રણ હજારની ખોટ

હતી. એટલે તારે મુંબઈથી ઝટ ભાગી જવાનું નથી, પણ ધીરે ધીરે ભેગું કરવાનું રાખવું. તને તો કોઈક ને કોઈક મળી રહેશે. પૂરેપૂરો પ્રયત્ન કરીને મથજે. કંટાળી જઈશ નહિ. ઓળખાણ-પિછાણ વિના, લાગવગ વિના, એકલે હાથે તું આટલું કરી શક્યો છે તે ઘણું ઘણું છે.' પરિસ્થિતિ આવી છે. એટલે વધારે રકમ એકઠી કરવાને મંડવાનું છે.

## પત્ની કે બીજાં સગાંનો ત્યાગ ન થાય

પેલી સાધનાની બાબતમાં તો જેમ કહ્યું છે એમ જ કરવાનું રાખશોજી. આપણે જે રીતે માન્યું હોય, જે રીતે સંતોષવાની ટેવ પડેલી હોય તે રીત રાખવાની નથી. સૌ... બહેન સમજુ છે. થોડીક મહેનત તો એને પડશે. આપણો હ્દયનો પ્રેમભાવ જેમ જેમ ઊંડો થતો જશે તેમ તેમ એની સાત્ત્વિકતા અને તેનો સાચો અર્થ એમને સમજાયા વિના રહેવાનાં નથી, એ વિશે ખાતરી રાખજો. આપણે ઘણી ઘણી ધીરજ રાખવાની છે. કંટાળો આણ્યા વિના, પ્રેમની મૃદુતાયુક્ત લાગણીથી, કુમળી કઠણાશે એમને ઊંચે લેવાનાં છે. એમની સમજ, માન્યતાઓ, માપો, ધોરણો વગેરે બધાં તદ્દન જુદાં છે. એમની મનની ભૂમિકા તદ્દન જુદા પ્રકારની છે. એમને મૂકી દીધે તો પાલવે જ કેમ ? એ આપણાં છે અને આપણાં જ રહેવાનાં છે, પણ તે પડેલી ટેવની રીતે થઈ નહિ શકે. તેમના પરત્વેની આપણી સદ્ભાવના અને એમના પરત્વેની ઉત્કટતાભરી જિજ્ઞાસાની ભાવના કોઈક દિવસ આપણું વલણ એમને સમજાવશે જ. કદાચ તેમ ન બને તોયે શું ? જે કંઈ કરીએ છીએ, તે આપણા વિકાસ માટે મમતા રાખ્યા વિના કર્યા કરવાનું છે.

## સદ્ગુરુની ધન્યતા શિષ્યનો વિકાસ

તમારાં બધાંથી મારે દીપવાનું છે, એ બધું જે લખ્યું છે તે હકીકત રૂપે છે. તમારાં બધાંનો પ્રેમભાવસંબંધ જો શ્રીભગવાને ન મેળવી

આપ્યો હોત તો આ જીવથી તે શું બની શક્યું હોત ? કરતાકારવતો તો શ્રીભગવાન છે. તમારાં બધાંના જીવનવિકાસમાં મારા જીવનની સાચી યથાર્થતા રહેલી છે અને તેમાં જીવનનું ધન્ય થવાપણું રહેલું છે. જીવનવિકાસ થતો જોઈને મારામાં ઉત્સાહ, હૂંફ, ખંત, વેગ વગેરે આવતાં જવાનાં છે એ હકીકતરૂપે છે. તમારા જીવનમાં જેમ જેમ પ્રેમ, શ્રદ્ધા, ભક્તિ, જ્ઞાન, વિશ્વાસ દઢતર થતાં જશે તેમ તેમ મને તમારા પરત્વે વધારે ને વધારે આકર્ષણ થયા કરવાનું છે.

## પરગુણની રાઈને પર્વત દેખો

બીજાનું જે સારું હોય એ હૃદયથી કદર કર્યા કરવાની ભાવના પ્રભુકૃપાથી મેં તો પહેલેથી જ કેળવ્યા કરેલી. તેથી, બીજાનું થોડુંક હોય તોયે મને તો તે ઘણું લાગે છે. આપણે માટે કોઈ થોડુંક કરે અથવા બીજાનું રાઈ જેટલું પણ જો સારું હોય તે આપણને ભાવનાથી કરી પહાડ જેવું લાગ્યા કરે એવી સાધકની દૃષ્ટિ કેળવવી ઘટે. આથી, પરસ્પર હૃદય વધારે પાસે આવ્યા કરશે.

## સદ્ગુરુનું સાપેક્ષ વર્તન

મારામાં તો કશું નથી. જે કંઈ આવ્યા કરશે તે તમારા થતા જતા વિકાસને અંગે તથા તમારા મળતા જતા સક્રિય સાથ (જીવનધ્યેયની સદ્ભાવનાને પ્રેમભાવથી હૈયાના વાસ્તવિકપણે ઉત્તર) ને કારણે આ જીવથી જે તે બધું બન્યા કરવાનું છે, કારણ કે સ્વતંત્રપણે તો મારે કંઈ કશું કરવાપણું પ્રભુકૃપાથી રહેલું હોતું નથી. સ્વતંત્રપણે કંઈ કશામાં આ જીવને પરોવવાપણું રહેલું નથી. જે તે બધું relatively - સાપેક્ષ રીતે રહ્યા કરે છે. એટલે એના તરફનું જેવું વલણ રહ્યા કરે તેવું વલણ ત્યાં પણ રહ્યા કરે. એટલે તો કહું છું કે તમારા પ્રેમે, હિંમતે, સાહસે, શ્રદ્ધાએ, વિશ્વાસે, ભક્તિએ, જ્ઞાને મારાથી તેમ તેમ વધ્યા કરવાનું બનશે. હવે આ સમજાયું હશે.

## સદ્‌ગુરુની રીતરસમ

'જે રીતે સ્વભાવ કર્મ કરવાને પડી ગયો છે તે રીતે આપણે વર્તવાનું નથી.' એટલે એ રીતે પ્રેમનો આવિર્ભાવ કર્યે આપણને પાલવે નહિ. પ્રભુકૃપાથી આ જીવ એક વખત કહી દે ખરો પછી તે પ્રમાણે વર્તવું કે ન વર્તવું એ એની સમજ, બુદ્ધિ, વિવેક, શક્તિ વગેરે ઉપર છોડી દઉં છું. ત્યાં આગ્રહ ન હોય, પરંતુ જ્યાં એની હદ આવી જાય અને એની સમજ, વાતાવરણ વગેરેની પકડમાંથી એમ કરવા છતાંયે એ ન ખસે તો પછી ભગવાનને આજીજી કરવાનું આવી પડે અને અંતરમાં અંતરથી એવું ઈચ્છ્યા કરવાને ચેતનાશક્તિને જગાડવી પડે, પણ એને એમ ન કરવું પડે તે સાધકને માટે ઉત્તમ ગણાય. માટે, આપણે તો સાનમાં સમજીને જે તે કંઈ કર્યા કરવાનું રાખવાનું છે. કશામાંયે આપણે સલામત સ્થિતિ કરી દેવાની નથી. સલામતીમાં આપણાં પતનનાં મૂળ રહેલાં છે.

## પ્રેમભક્તિની અગત્ય

આ જીવને બીજું કોઈ ઊંધું સમજે એનું કંઈ લાગે નહિ, પણ આપણે પોતે સાધક થઈને આપણાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણને તે પરત્વે ઊંડા વાળી શકતાં ન કરી શકીએ અને તે પરત્વેનો શ્રદ્ધાવિશ્વાસનો અનુભવ ખાતરી થઈ શકે એવો ન બની ગયો હોય તો પછી સાધકે મનને યુદ્ધ આપ્યા કરીને જ્ઞાનયુક્ત જાગૃતિથી સતત વાળ્યા કરવું ઘટે. જેમ જેમ જીવનમાં શ્રદ્ધા, વિશ્વાસ, પ્રેમભક્તિ વધતાં જાય તેમ તેમ આ જીવમાં પણ તેવું વલણ તમારા પ્રત્યે થવાનું છે, તે વિના તો તે શક્ય નથી તે જાણશોજી. પ્રભુકૃપાથી આ જીવની બધી પ્રવૃત્તિ તેના તેના ભાવ-ના પ્રત્યુત્તરરૂપે સાપેક્ષપણે જે તે સાથે રહ્યા કરે છે. એને સમજાવી શકાતી નથી, પરંતુ આપણો વિકાસ થતો જશે તેમ તેમ આપોઆપ તે આપણને સમજાશે, એ વિશે તો ખાતરી છે.

## પ્રેમનો અર્થ

સૌ...બહેનને એમની રીતે, સમજે, માન્યતાએ, માપોએ, ટેવોએ, સમજણે એમના થર પ્રમાણે ઊંચે લેવા જઈશું તો એ કદી ઊંચે આવી શકવાનાં નથી. એમને માઠું લાગશે, ઓછું આવશે અને એમને કદાચ જીવન અકારું લાગશે, પણ એમાંથી એમના પ્રેમની પરીક્ષા થઈ જવાની છે. પ્રેમ ખરો તો એ જ કહેવાય કે જેમ જેમ તવાઈએ તેમ તેમ વધતો જાય. બાકી તો એ પ્રેમ નથી પરંતુ નર્યો સંસારી સ્વાર્થ છે અને એવા સંસારી સ્વાર્થ સાથે આપણને કશી નિસ્બત ન હોવી ઘટે.

## સાધકનું કર્તવ્ય

આપણે જ સાચાં છીએ, આપણે એમનાથી ઊંચાં છીએ, આપણી સમજ ઊંચી છે એવું આપણે મનમાં લવલેશ પણ રાખવાનું નથી. એમની ભૂમિકા ઉપર ઊતરીને, રહીને એમને સમજાવવું ઘટે. સમજે તો ઠીક, નહિતર ઝાઝું તાણવું નહિ. એમને કંઈ બેળે બેળે આપણે ઉપર લઈ જઈ શકવાનાં નથી. જ્યાં સુધી આપણે સાધક થવું છે, સાધક રહેવું છે અને સાધકની ભાવનાથી આગળ જવું છે ત્યાં સુધી એમની કે આપણી માન્યતાની રીતે જે તે કંઈ થઈ શકવાનું નથી. આપણે કંઈ સંસારી રહેવાનું નથી. તેમ જ સર્વ સાધારણ રીતે રગશિયા ગાડાની પેઠે જીવન ગાળવાનું નથી, પણ સર્વથી પર થયા જવાનું છે અને તે પણ સતત જાગ્રતિ લક્ષમાં રાખી રાખીને સમતાથી, તટસ્થતાથી વર્તવાનું છે.

## પ્રેમભર્યા કાગળો લખો

કાગળો લખવાની ઘણી જરૂર છે, પરંતુ તે પણ હૃદયમાં પ્રત્યક્ષ તે પળે પ્રેમભાવનાની છોળો ઉછાળી ઉછાળીને. પ્રત્યક્ષ હૃદય સમક્ષ આપણી ભાવમૂર્તિ હોય, તેને જાણે લળી લળીને વારી વારી જતા હોઈએ અને પ્રેમથી એને ન્યોછાવર થઈ જતા હોઈએ, તરબોળ કરી દેતા હોઈએ એવી રીતે જે તે બધું આત્મનિવેદનભાવે એને લખવું એ

તો સાધનાનું એક અંગ છે. જે તે કંઈ જણાયા જાય એમાં પ્રતાપ પ્રેમનો છે અને એવી ખબર પડે છે એવું હજી આપણને ભલે ઠશે નહિ, પણ એને તો એ ઠસીવસી ગયેલું છે. એને મન તો એ હકીકતરૂપે છે, કારણ કે એ તો પ્રત્યક્ષ પદાર્થની માફક દેખે છે અને તે અનુભવથી અનેકવાર સમજાયેલું છે. પત્રલેખન જો ચેતનાસાંકળથી સંકળાયેલા રહીને લખતી વખતે લક્ષમાં ભાવમૂર્તિને હૃદય સમક્ષ રાખ્યા કરીને લખવાનું રાખીએ તો દિલમાં ઘણો આનંદ રહ્યા કરે, તે અનુભવે સમજાશે.

...ભાઈ ત્યાં રહ્યા છે, તે એમની સાધનાને કેંદ્રિત કરવાને માટે. એમને બીજું કશું કામ નથી.

શિવમાં પાર્વતી અને પાર્વતીમાં શિવ જન્મ્યા કરે, શિવમાં પાર્વતીજીનો ઉદય થાય અને પાર્વતીજીમાં શિવનો ઉદય થયા કરે એ જરૂરનું છે.

---

હરિઃૐ ખાર, તા.૨-૧૧-૧૯૪૨

## જૂની પકડો છોડવી

તમને તમારી રીતે બળજબરીપણું લાગે, કશામાં કોઈ ગણતા નથી એવું લાગે, તે બધું સમજી શકાય તેવું છે, પરંતુ હકીકતે તેવું નથી. તમારી પડેલી રીતો, સમજો, માપો, માન્યતાઓ, ગણતરીઓ, ટેવો, પ્રાકૃતિક સ્વભાવ વગેરે છોડવાનું મન તમારે ન કરવું હોય, એટલેયે બીજાને એ રીતે પકડમાં રાખ્યા કરવાને તમારો સ્વભાવ તમને વર્તાવ્યા કરાવે છે, પણ એ બધું તમે કેમ કરીને સમજી શકો ? તમને અન્યાય કરવાની કોઈનીયે ઇચ્છા નથી. ખરી વાત તો એ છે કે આપણે પ્રેમનું સાચું સ્વરૂપ સમજેલાં નથી અને આપણી રીતે વ્યક્ત થાય તો જ એ પ્રેમ ગણાય એવો માનસિક આગ્રહ રહ્યા કરે છે. આપણે આપણી તેવી રીતની તે પરત્વેની સમજણની પકડ છોડવી જોઈએ.

## સંસારી સગપણ નહિ ચાલે

બીજાને જે સમજવા માગે, તેણે પોતે પોતાને પૂરેપૂરું સમજવું જોઈએ. તે વિના બીજાને સમજી શકાતું નથી. સાધનાપંથે જવું હોય તો સામાન્ય પત્ની તરીકેના જીવનના ખ્યાલો તમારે તજવા પડશે, છોડવા પડશે. હા ! જો એણે કે તમારે સાધક ન થવું હોય કે ન રહેવું હોય તો આ પ્રશ્ન ઉદ્‌ભવતો નથી. જો તેમ થવાનું હોય તો તેમ કર્યે જ છૂટકો છે. નહિતર જીવનમાં ક્લેશ, કંકાસ, દુઃખ, મનદુઃખ, સંતાપ, મુશ્કેલી, ગૂંચ, ઉપાધિ વગેરે થયા કરવાનાં છે. ક્લેશ, કંકાસ કે ઉપાધિ વગેરે કર્યા કરવાથી જે જીવને સાધક થવું છે અને જેમાં જે દૃઢ મનમતિવાળો છે, એ કંઈ એથી કરીને હારી જવાનો નથી. એ તો પર્વતનેયે ઓળંગવાને માટે તૈયાર રહેલો છે. તો એવો બધો ક્લેશ, કંકાસ એને પલાળી નહિ શકે, એને બાળી નહિ શકે કે દુઃખી નહિ કરી શકે. એની સાથે રહેવું હશે તો એની રીતે જ રહી શકાશે. તે વિના બીજો કોઈ આરો નથી. હા. જો તે ભાઈ આ બધું મૂકી દેતો હોય તો વાત જુદી છે, પણ જ્યાં સુધી એ એને વળગ્યો રહેવાનો હોય ત્યાં સુધી તો આપણી માની લીધેલી સુખી, આનંદી જીવની સમજણો આપણે સાધનાની રીતે સાધનાની રીતમાં પલટાવવાની રહેશે.

## સ્વતંત્રતાની વ્યાખ્યા

**‘દેવું સમાવી પોતાને પ્રિયમાં, એ સ્વતંત્રતા.’**

સ્વતંત્રતાની વ્યાખ્યા તો એવી છે. લોકો જેને સ્વતંત્રતા કહે છે, તે સાચા અર્થમાં સ્વતંત્રતા નથી. તમારી પાસેથી મને ભારે આશા છે. મને નિરુત્સાહી તમે નહિ બનાવ્યા કરો એવી વિનંતી છે… ભાઈ આવા જીવનમાં પડ્યો તે કંઈ મારે કહ્યે પડ્યો છે એવું તો થોડું જ છે ? અને તમારા મનના માનેલા સુખની કલ્પનાઓ, સ્વપ્નાંઓ બધાં તૂટી પડ્યાં, તો હવે તે સુખની કલ્પનાઓ ઉચ્ચતર, દિવ્યતર બનાવો અને ત્યાં ઉત્કટ ઝંખના રાખવાનું કર્યા કરો.

## લેખકનું જીવનદૃષ્ટાંત

આ જીવ સ્મશાનમાં સૂવા જતો તે મારી માને કેવું લાગતું હશે ? જો મેં મારી માની તેવી લાગણી સામું જોયા કર્યું હોત તો શું થયું હોત ? સાધનાનો ધર્મ કંઈ માયકાંગલો નથી. એમાં તો માથું મૂકીને સમરાંગણમાં પડવાનું છે. ઢીલાપોચાનું ત્યાં કામ નથી. પથ્થર જેવું હૈયું અને કુમળા ફૂલ જેવું હૃદય આપણું થયેલું હશે તો કામ થશે. કૉલેજમાં ભણતો હતો ત્યારે જીવનના કંઈ કંઈ ખ્યાલો રચેલા હતા. જીવનનો એક ભવ્ય અને રમ્ય એવો આદર્શ પણ કલ્પેલો અને તે તરફનાં નિશ્ચિત પગલાં પણ માંડેલાં, તે જોકે કલ્પનાઓ હતી, પણ નિશ્ચયાત્મક પ્રકારના વલણની હતી. ખાલી તરંગો કંઈ ન હતા, પરંતુ અસહકાર કરતી વેળાએ તે બધા ખ્યાલોને એકદમ ઝાટકાની પેઠે તોડી નાખવા પડ્યા.

## સ્વભાવની ઉપરવટ થવું જ પડશે

તમારી સામે તો તેવું ન હતું. જીવનના ઉચ્ચતર ખ્યાલો તમારી સામે તો પડેલા છે. તમારી ઢબે, સમજણે, તમારી રીતે, માન્યતાએ, માપે અને ટેવે તેણે કે તમારે જીવન ગાળવું આ માર્ગમાં પાલવે તેમ નથી. તો પછી છોડી દો આ બધી માથાકૂટ. એને એ બાબતમાં ફોસલાવીને આ બધું તૂત છોડી દેવાનું કહો. એને આ માર્ગમાંથી નીકળી જવાનું સમજાવો. એ નીકળી જાય તો પછી બધી પંચાત મટી જશે અને પછી લીલાલહેર થશે. માટે, એકવાર તેવું કરી જુઓ. જો તેમ થાય તો તમારી કલ્પનાઓ જીવંત સ્વરૂપ પકડશે અને તમને કૃતકૃત્યતા અનુભવાશે. બાકી, એવું કરવામાં મારાથી તો સાથ ન આપી શકાય. તમે હુકમ કરો કે... ભાઈને તમે છોડી દો - મારા સુખની તમે આડા આવો છો અને તે તેવી સંમતિ આપે તો આજની ઘડીએ છૂટી જવાને તૈયાર છું. મને ત્યાં કશી મધલાળ નથી. એનો પણ તમને બધાંને

અનુભવ થઈ જશે. વધારે તો શું લખું ? આપણે જો સાધક થવું હશે તો સ્વભાવની ઉપરવટ આપણે થવું જ પડવાનું છે, તે વિના કશો ક્યાંય છૂટકો છે જ નહિ. પ્રેમભાવ રાખ્યા કરશોજી.

---

હરિઃૐ    ખાર, તા.૩-૧૧-૧૯૪૨

મને જે કંઈ વખત મળે છે તેમાં તમને ટૂંકું ટૂંકું લખતો જ રહ્યો છું. તો તે કૃપા કરીને, પ્રેમ રાખીને, લક્ષ રાખીને સમજવાનું રાખશો એવી વિનંતી છે.

## પ્રેમની સમજૂતી

તમે લખેલો કાગળ મળ્યો છે. 'કોરું હતું ત્યાં ભીનાશ આવી છે' એમ લખ્યું છે તે જાણ્યું છે, પરંતુ તે માત્ર છેક ઉપર ઉપરની છે. વળી પાછું કંઈક તમારી માન્યતા, સમજણ વગેરેથી બીજી બાજુ તરફનું જવાનું થતાં એવું ન થઈ જાય તે જોતાં રહેશો. આપણે જીવનપ્રિયમાં એક થઈ જઈશું તો આપણું બધું થતું રહેવાનું છે, પણ પહેલું કામ તો પ્રિયમાં એક થઈ જવાનું છે. પ્રેમ બીજું કંઈ વિચારી શકતો જ નથી. પ્રેમ ભિન્નતા સહી ન શકે. એવો પ્રેમ આપણે ક્યાં જાણીએ છીએ ? પ્રેમને તો આપણે આપણી ભૂમિકાના માપથી માપવા મથ્યા કરીએ છીએ એટલે જ વાંધો આવે છેને ? લોકો જેને 'પ્રેમ' 'પ્રેમ' પોકાર્યા કરે છે તે પ્રેમ નથી, પણ પોતાના સ્વાર્થની સમજણ પ્રમાણેની માત્ર તેવા પ્રકારની લાગણી છે.

## કોરો કાગળ

તમે કાગળ લખ્યો છે, તે ઉપરથી પણ મને તો સમજાય છે કે એ કાગળમાં પહેલાંના જેવી અને જેટલી ઊર્મિ, ભાવના અને ઉત્કટતા નથી. માત્ર, matter of fact - કોરી હકીકત - જેવું મને તો લાગે છે. આમાં ખોટો પડું તો મને જરૂર આનંદ જ થાયને ! તમારા

જીવનસુખને ભાંગનાર વચ્ચે ક્યાંથી હું વળી આવ્યો ? એનો ઉપાય તમને તા.૧-૧૧-૧૯૪૨ના કાગળમાં લખ્યો છે, તે વિના બીજો નથી. તમારા કાગળથી મારા તમારે વિશેના નિરુત્સાહીપણામાં માત્ર ઉમેરો થયો છે. તમે કહેશો કે 'એવું તે શું લખ્યું છે કે તેથી તમે એમ કહો છો ?' પણ તમારો કાગળ એવો મને જવાબ આપે છે તેથી હું શું કરું ? તમે કહેશો કે મારો કાગળ ન ગમ્યો અને તેણે નરમ નરમ, નમ્રતાવાળું, ભાવવાળું લખ્યું તે તમને ગમ્યુંને ? એ પ્રશ્ન જ નથી ઉદ્ભવતો. એકને વિચારતી વખતે બીજાનું કશું લક્ષમાં લેતો નથી, એ મારી હકીકતની વસ્તુ છે, પણ એને સમજાવી શકવું અશક્ય છે. એ તો જેને એ બાબતનો એવો અનુભવ થયો હોય તે સમજી કે પિછાની શકે. તમારા કાગળમાં નથી જીવ કે નથી પ્રાણ, નથી એમાં તમારા હૃદયનું ઊંડાણ. એમાંથી તો થાક્યાના, નિરાશાના બોલ ઊઠે છે. આપણને ક્યાંયે નિરાશા શાની હોય ? હું ખોટો હોઉં તો મને લખજો. ચારપાંચ દિવસ પહેલાંનું તમને તમારું ચોક્કસ યાદ રહ્યું હોય તે સંભવી શકતું નથી. યાદ હોય તો મારે માટે તો આનંદની વાત છે. જે કંઈ લખવાનું હોય તે વાસ્તવિકપણામાં રહીને આપણા હૃદયને જણાવતા હોઈએ તે રીતે પ્રેમભાવનાથી હકીકતરૂપે લખવાનું જો રાખીશું તો આપણને સમજવાની ચાવી પણ મળતી રહેશે. આપણે જાણેઅજાણે જાતને છેતરી તો રહ્યા નથીને ? તેવી રીતે જો ભૂલેચૂકે રહ્યા કરાશે તો ઉપર આવવાનો વારો રહેવાનો નથી, તે જાણશો. તમારો કાગળ મને સાવ કોરો લાગ્યો છે.

## સદ્ગુરુને સહકાર આપો

મદદ કરવાને પ્રભુકૃપાથી આ જીવ તૈયાર થાય છે, ઉત્સુક છે, પણ તમારી પૂરી તૈયારી તેમાં મને મળે, એમાં તમારી હોંશ હોય, તમારી હિંમત હોય, કૂદકો મારવાનું સાહસ હોય, માની લીધેલાં સમજણો, માન્યતાઓ, માપો, ટેવો વગેરેની પકડમાંથી ખસવાની જિજ્ઞાસા,

તમન્ના હોય તો પ્રભુકૃપાથી આ જીવનું કામ થઈ શકે. બાકી તો મારી મદદ કામ લાગવાની નથી. તાળી પાડવામાં તો બે હાથ જોઈએ જને ? 'તમારા પ્રત્યે પ્રેમ ઊપજ્યો, ભાવ આવ્યો' એમ તમે લખો અને હું માની લઉં એવું મારા નસીબે માનવાપણું મારામાં રહ્યું નથી. બીજાઓનું માની લઉં છું ખરો પણ તે વિશે પરવા કરતો નથી, પરંતુ સાધના કરતા જીવોની બાબતમાં મારી વર્તણૂક જુદી જ રહ્યા કરે છે. એનું શું થાય ?

## હજી પણ પ્રયોગ કરી જુઓ

તમારું ચાલે તો ઘડીના છઠ્ઠા ભાગમાં મને હડસેલી મૂકો. તેમ થવાને હું સોએ સો ટકા તૈયાર છું, કારણ કે તેમ થયા કરવામાં કે રહ્યા કરવામાં મને કશો રાગ કે મોહ નથી. મારે રહેવાપણું છે તે માત્ર તમારે ખાતર. તમારા બંનેની સંમતિ મળતાં જીવનમાં જાણે ક્યાંયે ન મળ્યો હોઉં એવો ન થઈ જઉં તો મને તમારા બંનેના હજારો ફિટકાર અને ધિક્કાર હજો. કોઈનાયે સુખની આડે આવવાની મારી તો મરજી ના જ હોયને ? પરંતુ દરેકના સુખની માન્યતા, કલ્પના, સમજ પ્રમાણે કંઈ મારે થવા દેવાપણું થોડું હોય ! એમાં તો મારી પૂરી લાચારી છે. માટે, તમે પૂરતો પુખ્ત વિચાર કરી જોશોજી. હજુ ત્યાં નદીમાંથી બહુ પાણી વહી ગયું નથી. ત્યાં સુધી ફરીથી સમજી લેવાનું રાખો અને એને વાળી લો અને તમે તમારા અમનચમનમાં અલમસ્ત રહ્યા કરો અને તેવી રીતે જીવન સુખમાં વિતાવ્યા કરો. તે જોઈને હું તો દૂર રહ્યો રહ્યો પણ આનંદ માણીશ. તમારા હુકમ વિના કદી પાસે પણ આવવાનો નથી.

## પણ મારો પ્રેમ એનું કામ કરશે

માત્ર, અંતરની દશામાં તમારા બંને વિશે જાગેલો હૃદયનો પ્રેમ - એને જે કંઈ કર્યા કરવું હશે તે અલિપ્ત રીતે - જે તે કંઈ બધું કર્યા કરશે તે વાત જુદી છે, કારણ કે પ્રેમનો તો સ્વભાવ જ એવો છે કે તે અટકાવ્યો અટકી શકતો નથી, કારણ કે એને કશી અપેક્ષા રહેતી નથી

કે હોતી નથી. તમારામાં જે દિલ રહ્યા કરે છે એને ખેંચી ખેંચીને તાણવા મથું છું, પણ કોણ જાણે એ મારું કહ્યું કરતું જ નથી. એવો છેક હું તો પરતંત્ર છું !

## સ્પષ્ટપણે જણાવો

માટે, કૃપા કરીને કંઈક સમજ રાખશો તો વળી કંઈક થઈ શકે ખરું. જે કરીએ તે પ્રાણ આણીને, સમજીને દિલથી કરીએ. એની પાછળ કશી વેતરણની સમજ ન આવી ગઈ હોય કે ન આવી જાય તે બાબત ચેતતા રહીએ. મારાથી તમારું કંઈ બગડતું હોય તો કૃપા કરીને બેધડકપણે ચેતાવજો. કશુંયે કંઈ કરવાનું ભયથી ન કરવા વિનંતી છે. કોઈથીયે બીવાનું કશું કારણ નથી, પરંતુ તેથી કંઈ સ્વભાવ પ્રમાણે કંકાસ-ક્લેશ કરવાનો હોય નહિ. એનું નામ તો ત્રાગું કહેવાય. એ તો આપણી નબળાઈ સૂચવે. આપણે જેમ જવું હોય, ચાલવું હોય, જે ઇચ્છતા હોઈએ, જેવું જીવન ગાળવું હોય, તે બધું સ્પષ્ટપણે તેને જણાવી દઈએ.

## સુમેળ તો રહેવો જ જોઈએ

એ પ્રમાણે જો તેને રહેવું હશે તો તે હા પાડશે. નહિતર પોતાની રીતે પોતાને તે કેમ અનુકૂળ આવતું નથી તે બધું તમને સમજાવશે, સમજાવવા મથશે અને જો બંનેનો એવી ભાવનામાં મેળ નહિ ખાતો હોય તો પછી બંનેએ કેમ વર્ત્યા કરવું એનો ઉકેલ તમારે બંનેએ મળીને વિચારી લેવાનો રહ્યો, પરંતુ કોઈ દિવસ કંકાસ, ક્લેશ કે સંતાપ ઊભો રહેવો ન જોઈએ. સદા સર્વદા આનંદી, સરળ ચિત્ત અને પ્રસન્ન વદન રહેવું જોઈએ. વાતાવરણમાં ઉલ્લાસ, ઉત્સાહ, પ્રેમ, માર્દવતા, સરળતા, સૌમ્યતા, એકમેળપણું, સુમેળભાવ રહ્યા કરે એ આપણે જોવું રહ્યું. હું તો આટલું જ કહી શકું. વધારે તો શું લખું ?

## સુમેળની રીત

તમારાં બંનેનો સુમેળ તો જ ખાઈ શકે કે બંને જીવનમાં એક ધ્યેયનાં થઈ રહો, એક જ પંથના પ્રવાસી બન્યા કરો. બંનેની સમજ, વર્તન એક જ પ્રકારનાં હો. તે વિના બંને સંપીલાં, આનંદી, સુખી રહી શકો એમ મને તો લાગતું નથી અને તેથી જ તમે આ સાધનામાં જોડાવ એવી આ પામર હૃદયની મહત્ત્વાકાંક્ષા હતી અને છે. મારી એવી આશાને જળસિંચન કર્યાં કરવું એ તમારા હાથની વાત છે. મારી આશા તો સાપેક્ષ રીતે રહ્યા કરવાની. તમારા જીવનસુખનો વિચાર કરીને મેં આશાને જન્માવેલી, પણ એ બધું તો તમારે વિચારવું રહ્યું, કારણ કે ... ભાઈ જ્યાં સુધી તમે માનો છો તેવું જીવન જીવવાની તૈયારી જો ન બતાવે તો તમારે એના જીવન પ્રમાણે જીવવાની તૈયારી કેળવવાની રહી. કાં તો... ભાઈને તમારે ફેરવવો રહ્યો, કાં તો તમારે ફેરવાવું રહ્યું. એ બેમાંનું એક ન થઈ જાય તો જીવનમાં બંનેમાંથી કોઈ એકબીજાને સુખી કરી શકવાનું નથી, તે જાણશોજી.

## ઉત્કટ પુરુષાર્થની અનિવાર્યતા

...ભાઈએ પણ એ વાત સમજી લેવાની છે કે પોતાનો બધો ભાર જો ફગાવી દેવાની મહદ ઈચ્છા હોય, રહ્યા કરી હોય તો બીજાનો ભાર પોતે માથે રાખીને બીજાને આગળ લઈ જઈ શકશે કે કેમ તે પણ બધું પૂરેપૂરું વિચારી લેવું જોઈશે. જીવનના આદર્શમાં બંનેનો મેળ ન જ બેસી શકે એવું હું તો માનતો નથી. મેળ બેસી શકે એમ જરૂર છે, પણ એવી ઉત્કટ તૈયારી, જાગૃતિ, લક્ષ અને તે બાજુનો પુરુષાર્થ સતત કરતા રહેવાનું તો આપણે રાખવું જોઈશે, તે વિના ચાલવાનું નથી.

## પ્રચંડ પુરુષાર્થનો દાખલો

સાવ કઠણ દેખાતા પર્વતના હૃદયમાં શુદ્ધ નિર્મળ જળ બહાર વહેવાને થનગનાટ કરતું વ્યક્ત થઈ રહેલું છે. તેવી રીતે આપણામાં

કોઈ અજબ પ્રેમની માર્દવતાયુક્ત ચેતનાની ચિનગારીઓવાળું ભાવનાથી ભરપૂર એવું હૃદય વ્યક્ત થવાને થનગની રહેલું છે એની આપણને હજી ક્યાં ખબર પડી છે ! પાપ અને મૃત્યુની કટુતા ઉપર વિજય મેળવનાર પ્રેમભાવનું દિવ્ય સંગીત ગાવાને આપણે ક્યારે તૈયાર થઈશું ? આપણા શબ્દો, આપણી વાણી, આપણી ભાષા, એવી તો પ્રાણવાળી પ્રગટેલી હોવી જોઈશે અને ધ્યેય પરત્વેનું આપણું આંતરિક વલણ એવું તો ઉત્કટ પ્રગટી ગયેલું હોવું જોઈશે કે જેથી કરીને જન્મજન્માંતરની પડી રહેલી અને તે પણ છેક ઊંડામાં ઊંડે દબાઈ રહેલી હોય એવી લાગણીઓ, ઇચ્છાઓ, કામનાઓને આપણે રચનાત્મક રીતે ઓળખતાં થઈએ તો આ બધા શુષ્ક જીવનની માથાકૂટોમાંથી કેવા ઊગરી જઈએ !

આપણે હૃદયને ઓળખતાં થઈએ એટલે કે ભગવાનને ઓળખતાં થઈએ - નહિ કે માણસને.

આપણા આંતરિક જીવનનો પ્રવાહ સતત એકધારો હૃદયના આધાર પ્રમાણે વહેતો થયા કરે તો જ જીવનવિકાસ થાય.

જેના પાયા ઉપર આપણે જીવનવિકાસ રચવો છે, તે પાયામાં શ્રદ્ધા, ભક્તિ અને હૃદય પરત્વેની પ્રામાણિકતા તથા વફાદારી ભારોભાર ભરેલી હોવી જોઈએ.

એક વખત જો સાધનાના માર્ગમાં દૃઢ, નિશ્ચયાત્મક, મરણિયો નિર્ધાર પ્રગટી જાય તો પછી ગમે તેવાં પરિણામ આવે તેનાથી ડગવું નહિ.

આપણું કોઈ કર્મ યોગ્ય હતું કે કેમ તે સમજવાની ઉત્કંઠા અને આતુરતા હોય તે સમજી શકાય, પણ એક વખત કર્મ કરી દીધા પછી એ વિશે ઝાઝી ફિકરચિંતા સેવ્યા કરવી નહિ. જે તે બધો વિચાર કર્મના આદિમાં કરવો.

આપણા જીવનનો વિકાસ જેમ જેમ થતો જશે, જેમ જેમ એની સુંદર અસર, છાપ, આપણા આગળપાછળનાં ઉપર પડતી જશે, તેમ તેમ

તેમને પણ આ માર્ગના મહત્ત્વ વિશે લાગ્યા વિના રહેવાનું નથી. ઝટ દઈને લાડવો ખાઈ લેવાનું છે એવું આમાં કશું નથી.

કશુંયે નકામું કેમ જવા દેવું ? જેની જેની સાથે સંબંધમાં હોઈએ એની સાથે આપણા જીવનવિકાસ અને જીવનના આંતરપલટાથી, વર્તનથી, વાતચીતથી, પત્રવહેવારથી આપણે જે કંઈ એમનામાં વિના પ્રયત્ને સહજ રીતે ઉપજાવી શકીશું એનો લાભ કંઈ મળ્યા વિના થોડો રહેવાનો છે ?

## નિમિત્ત માત્ર

કૃપા પ્રેમ બધાંનાથી મારે તો ઊભવું રહ્યું,
કરશો ના જરા ઓછાં વારંવાર હું વીનવું.

એનું રહસ્ય હજી તમને સમજાયું નથી એટલે તમને એમ લાગે છે. મારે સ્વતંત્રપણે કશી પ્રવૃત્તિ પ્રભુકૃપાથી નથી.

જીવનનો પ્રેમ વધતો જતાં અભેદપણે જ થવાવાનું છે, એ તો સિદ્ધ હકીકત છે. તમારા હૃદયની જિજ્ઞાસા અને ભાવના જેમ જેમ વધતી જાય છે તેમ તેમ એ એનું કાર્ય કરતી જાય છે અને કરતી જશે. મારું કશું નથી. જો કંઈ હોય તો તે તમારું છે. તેમ છતાં જો કંઈ હોઉં તો નિમિત્ત માત્ર છું. એનાથી બીજું કશું નથી.

બિંદુત્રાટકમાં વધારે ઊંડું લક્ષ લેતા જશો. ભાવ જેટલો હૃદયમાં નીતરશે તેટલો લાભ છે, પણ એ તો કરતાં કરતાં સમજાઈ જવાનું છે. જે કંઈ સમજણ, અનુભવ થયાં છે તે પણ એની કૃપાથી. ભાવથી ભાવ પ્રગટે છે એવો અનુભવ સને ૧૯૩૯ પહેલાં મને થયો ન હતો. એવી દૃષ્ટિ તરફ લક્ષ પણ ન હતું. એકલો માત્ર પોતામાં જ લાગ્યો - પડેલો હતો, પરંતુ તે સ્થિતિ હવે બદલાઈ ગઈ છે.

ફાળો ઉઘરાવવાના કામ માટે આમથી તેમ આંટાફેરા કરવાનું બન્યા કર્યું છે. શરીરનું વજન તો ૧૦ શેર ઉપરાંત ઘટી ગયું. કદીક કદીક તાવ

આવે છે. શરીરે અશક્તિ સારી પેઠે છે. તોયે આ કામ જે લીધું છે, તે પ્રભુકૃપાએ પૂરું કર્યે જ છૂટકો.

---

હરિઃૐ ખાર, તા.૪-૧૧-૧૯૪૨

## તમારા જીવનવિકાસથી દીપીશ

હું ઢીલું મૂકું છું તો એવી બાબતમાં મારી સંમતિ માની ન લેશો. તમારી પોતાની ઊર્મિ થાય તો જ જે કંઈ આપવું હોય તે આપશો. બાકી, મારો ખ્યાલ કરીને કશું આપશો નહિ. મારા માટેની છાપ અને અસર તો ત્યારે સુંદર દીપી ઊઠશે કે જ્યારે આપણા જીવનનો સુંદર વિકાસ થતો અનુભવાશે તથા તેથી કરીને આપણાં પલટાતાં જતાં વર્તનો, સમજણો અને એવા જીવનની અસર જે તે કંઈ બધાંને લાગશે. આવો અનુભવ થાય તે વધારે તત્ત્વવાળું અને ઊંડી અસર કરનારું છે. આપણી પોતાની નમ્રતા, શરણભાવ, સહાનુભૂતિભર્યું વર્તન - એ બધું તથા બીજાનાં કર્મના હેતુને પણ સમજી જવાની આપણી સમગ્ર શક્તિ, અને એમની રીતે એમનું મૂલ્યાંકન કરવાની, સમજી જવાની આપણી કદરવૃત્તિ - એ બધું બધાં જેમ જેમ નિહાળશે તેમ તેમ જે ભાવ એમનો થશે એથી કરીને એમના ઉપરની આ જીવની અસર વધવાની છે. નાની નાની બાબતમાં પણ કે જેમાં કશું વિચારવાપણું ઝાઝું રહેતું નથી, ત્યાં પણ બુદ્ધિ આપણને એની રીતે વર્તાવે છે અને સાધકનું શરણપણું કેટલી હદ સુધી કેળવાયેલું થયેલું છે, તેનું માપ જોવા પણ કેટલીક વાર તેવાં વિચિત્ર ગતકડાં કરવાનું સૂઝી આવે છે.

આપણી વૃત્તિઓનું આપણને દર્શન થાય ત્યારે જ તે કંઈ કામમાં, ઉપયોગમાં આવી શકે છે. જે કવિતા હમણાં મોકલી છે, એમાં સૂક્ષ્મરૂપે તે બાબતમાં લખાયેલું છે. તે જો નિરીક્ષકની દૃષ્ટિથી વાંચી જશો તો તેમાંથી તે મળી આવશે. તેમાં લખાયેલું છે બધું સિદ્ધાંતરૂપે અને સર્વસામાન્યપણે, પરંતુ તેમાંથી જરૂર સમજવાનું મળે એવી દૃષ્ટિ પણ છે.

## ભાવના રાખીને તે મુજબ વાંચો

જીવનવિકાસ કાજે રચનાત્મક બાજુનું વાંચન આપણી સમજણ કેળવવાને માટે મદદરૂપ થઈ પડે ખરું. એમાં લાચારી સમજવાની જરાકે જરૂર નથી. જે કંઈ કરીએ તે સાધનાના અંગ તરીકે ગણી લેવાનું છે. એવું વાંચન તે પણ ભાવનાના વિકાસ કાજે છે, એ દૃષ્ટિએ જો વાંચવાનું કરીએ તો આપણને ફાયદો થાય.

## નવી ઊગેલી સમજણ

'પ્રતિક્ષણ ધર્મ બદલાતા જાય છે. એક પરિસ્થિતિનો જે ધર્મ હોય તે બીજી પરિસ્થિતિ જોતાં તેનો તે ન રહી શકે,' એવી સમજ જે તમને ઊતરી છે તેથી તો ખરેખર ઘણો આનંદ થયો છે. જીવતરનું ધન્ય ફળ એને ગણું છું. પ્રભુની કૃપાનું દર્શન અને ધન્ય ફળ તથા એનું મહત્ત્વ પ્રત્યક્ષપણે એમાં સમાયેલાં અનુભવતાં દિલમાં કેટકેટલું થયું હશે એ તો અનુભવી જાણી શકે. પ્રભુ આપણને આમ વધુ ને વધુ સાચી સમજણમાં ઊંડો ઉતારતો જાય એવી પ્રાર્થના છે.

## 'મમ મમ' સાથે જ કામ

આ જીવ Perfecr-Master છે કે નહિ એ સમજવાની આપણને જરૂર પણ શી છે ? આપણે તો 'મમ મમ' સાથે કામ છે, 'ટપ ટપ' સાથે નથી. 'મમ મમ' જ્યાં સુધી સધાતું હોય ત્યાં સુધી માટીનું ઢેફું હોય અને એનાથી જો તે સધાતું હોય તો તે આપણો પરમ ગુરુ છે એમ સમજવું.

## સદ્ભાવનું પ્રચંડ બળ

શ્રીદત્તાત્રેય ગુરુજીએ ૨૪ ગુરુ કરેલા. તેમાં માનવી જાત કરતાંયે નીચી કોટિના તે જીવો હતા. છતાંયે એમનામાંથી તેઓ જીવનતત્ત્વને પામ્યા. એમાં મહત્તા અને ખૂબી તો તેમની પોતાની હતી. એટલે એ રીતે પણ જે ખૂબી કે મહત્તા આ જીવમાં તમને લોકોને જણાશે તો તેમાં

સાચું મહત્ત્વ તો તમારી સાત્ત્વિક કેળવાયેલી દૃષ્ટિ અને ભાવનાનું હશે. કોઈનીયે પરત્વેની કેળવાયેલી સદ્‌ભાવનાની ભાવના કેવી રીતે ક્યાં ક્યાં કેવું કેવું કામ કરે છે, એની જો આપણને યથાર્થપણે ગતાગમ પડે તો આપણને ભારે નવાઈ લાગે.

## દોષમુક્તિની રીત

તમે વિગતવાર સમાચારો લખો છો તે તો ગમે છે. પોતાના દોષો પોતાની મેળે જડે અને તેમાં રાચવાનું મન ન થાય એટલું જ નહિ પરંતુ તેમાં પ્રવેશવાનું થતાં મનને અડવુંઅડવું લાગે ત્યારે તે ઉપયોગનું છે. બાકી તો દોષ જણાય પણ તેનું નિવારણ ન થાય તો તો ઠેરના ઠેર. જો સાચી પ્રેમભક્તિથી, શરણાગતિથી, પ્રભુની ભક્તિ થઈ તો તેમાં બધું જ ઓગળી જવાનું છે. પાપપુણ્ય કશું રહેવાનું નથી. પાપ પણ બંધનકર્તા છે અને પુણ્ય પણ બંધનકર્તા છે, પરંતુ આપણે તો પાપ પણ કરવું નથી અને પુણ્ય પણ કરવું નથી. આપણે તો જે તે બધું શ્રીપ્રભુપ્રીત્યર્થે કરવાનું છે.

## સદ્‌ભાવનાનું મહત્ત્વ

જે સાધકને પોતાના દોષો જણાતા હોય તે સાધકે વધારે ચેતવું. દોષના વારંવાર વિચાર ન કરવા. એના કરતાં તો ભગવાનની ભક્તિમાં મન પલળેલું રહે એ વધારે ઉત્તમ છે. માત્ર, દોષો ખોળવાને જ મથવાનું નથી. એમાં કશી ઉતાવળ કરવાની જરૂર નથી. એમાં કશું બગડી જવાનું નથી. અને ધારો કે કોઈ રીતે એથી અથડાવાપણું થયું તો જો ભક્તહૃદયવાળો તે સાધક હશે અને જો તે જાગૃતિ, દૃઢતા અને સાવચેતીવાળો રહ્યો હશે તો તે તેવી વેળાએ ચેતવાનો અને પોતાના અંતરના ભાવમાં રમવાને પ્રભુકૃપાથી ઉદ્યત થવાનો અને રહેવાનો. એટલે દોષ પ્રતિ દુર્લક્ષ કરવાનું નથી, તેમ છતાં દોષોને ટાળવાનો જ માત્ર પુરુષાર્થ કરવાને એ તો કોરું કોરું કર્મ છે. એના કરતાં સદ્‌ભાવનાથી ભીંજેલું હૈયું રહે તો સર્વ કંઈ સુતરું સુતરું વહ્યા કરે.

## ઊર્મિ લાભકારક છે

તમે જે ઊર્મિથી કવિતા લખી તે વાંચીને હું તો કૂદ્યો. કોઈ ન માની શકે કે તમે કવિતા લખી શકો. જ્યારે જ્યારે લાગણી જન્મે ત્યારે આવી પ્રાર્થના હૃદયના ઊંડાણથી, ભાવથી કર્યા કરતા રહેવાથી ઘણો ફાયદો થાય છે.

આ કાગળમાં પણ તમને તમારા દોષો જડેલા છે અને તમે તે જણાવ્યા પણ છે તે ઘણું ઉત્તમ છે. તો તે લક્ષમાં રાખ્યા કરી એનાથી દોરવાઈ ન જવાય તે બાબતમાં જાગૃતિ, સાવચેતી અને દૃઢતા રાખ્યા કરવાની છે.

## ચેતનાસાંકળનું ગૂઢ કાર્ય

**'કટોકટીની ઘડી આવેલી આબરૂ રાખજે બાપુ !'**

એવી પ્રાર્થના લખેલી અને તે પછી આપણે ડૂબતાં બચીને આવેલા અને હેમંતભાઈએ રેડિયોની સ્વિચ ખોલતાં જ

**'જલથલ મેં ધૂમ મચાઈ, ભક્તજનોં કી લાજ રખાઈ.'**

એવું તુરત સંભળાયું, એ ભલે એક પ્રકારના Co-incidents હોય - કાગનું બેસવું અને તાડનું પડવું એના જેવું હોય, પણ જીવનમાં જ્યારે એવા ઘણા Co-incidents પ્રગટે એટલે કે એવા ઘણા યોગાનુયોગ થાય ત્યારે એમાં ક્યાંક સાંકળ છે એવા અનુમાન ઉપર કોઈ ભાઈ આવે અને એને એવા હકીકતપણામાં માને તો તે માત્ર કલ્પના છે એમ ન કહી શકાય, અને એવાને માટે શ્રદ્ધાવિશ્વાસ પ્રત્યક્ષપણે તે વધારનારું થઈ પડે છે, પણ એવા યોગાનુયોગની પરંપરામાં ગૂઢ ચેતનાસાંકળ નિહાળવાની જે જીવની દૃષ્ટિ અને વૃત્તિ એવા પ્રકારની બનેલી હોય તેને એવા યોગાનુયોગ પેલી ચેતનાને આભારી છે તેવું લાગે છે. જોકે હકીકતમાં તેવું નથી હોતું એવું તો નથી, પરંતુ બીજાને એવું ન સૂઝે જે પેલાને સૂઝે. આપણાં શ્રદ્ધાવિશ્વાસ એથી કરીને નિષ્ઠામાં પરિણમે છે. પ્રતીતિમાંથી અનુભવનાં ક્ષેત્રમાં આપણે ક્રમશઃ પછી અવતરતાં જઈએ

છીએ, અને એમ થયા પછી આપણાં શ્રદ્ધાવિશ્વાસ કદી ડગવા પામતાં નથી, તે જાણશોજી.

## ખુલ્લા મનની અગત્ય

તમે કાગળ લખવાના હોવ તો તે પહેલાં... ને તમારે જણાવવું કે સાથે તે પણ લખી શકે. એમનું મન ઠંડું જોઈને મનમાં ગ્લાનિ થાય છે. એમને મારા વતી વિનંતી કરશો કે કંટાળવાનું કામ આમાં નથી. આમાં તો અપાર ધીરજ, હિંમત, સાહસ, બળ વગેરે દાખવવાનાં છે. પોતાની માનેલી સમજને પકડી લઈને બેસી રહેવાનું કામ આ માર્ગમાં નથી. એવી સમજણોને આગ્રહથી બળજબરીથી પકડી રાખવામાં ઊલટો ઉદ્વેગ વધવાનો છે. માટે ખુલ્લું મન રાખ્યા કરે તો ઉત્તમ. જે પોતાને પૂરેપૂરો સમજી જશે એને બીજાને સમજતાં વાર લાગવાની નથી.

---

હરિઃૐ ખાર, તા.૪-૧૧-૧૯૪૨

## દરેક પ્રસંગમાં ગૂઢ હેતુ

તા.૨૮-૧૦-૧૯૪૨ના કાગળમાં તમે જે પ્રેમ વિશે વિવરણ કરીને લખ્યું છે, તે વાંચીને ખૂબ ખૂબ રાજી થયો. એક તો કવિવર શ્રી ટાગોરનું લખાણ, એની ભૂમિકા, એની ખૂબી, એનું રસલાલિત્ય, તે ઉપરાંત, એનું જીવનરહસ્ય, એનું (એટલે લખાણનું) હાર્દ - એ બધું આપણને સમજાય છે, કારણ કે તે તે બધું એવા પ્રકારની સર્વ સામાન્ય ભૂમિકાની કક્ષા ઉપર ઊભા રહીને આપણે તે તે બધું અનુભવીએ છીએ. તમને એ પુસ્તક જેણે ભેટ આપેલું છે એણે કેટલા ભાવથી આપ્યું હશે ! એ પ્રેમભાવનાની કદર તેર વર્ષ બાદ આજે આપણે હૃદયથી સાચી રીતે કરવાને કદરદાન થઈ શકવાનાં. એનો આટલો સાત્ત્વિક ઉપયોગ સુંદર રીતે આપણે કરી શકીશું એનો તે વેળા એમને કે આપણને ખ્યાલ સરખો પણ નહિ હોય. પ્રભુકૃપાથી જે કંઈ મળે છે એમાં વાસ્તવિકપણું અને

કોઈ ગૂઢ હેતુ રહેલા છે એમ જે અનેક વાર લખેલું છે, એને માટે આના કરતાં બીજો વધારે મોટો પુરાવો લેવા ક્યાં જવું ?

## પ્રભુના કૃપાકિરણનો જ પ્રભાવ

હૃદયનું ગૂઢત્વ (mysticism) આ જીવના પ્રેમને આભારી છે, એમ તમે માન્યું છે, પરંતુ એ બધું કંઈ આ જીવે સાંભળવાનું હોય જ શાનું ? પ્રેમ એ તો આત્માનો પ્રકાશ છે, પમરાટ છે. આત્માના ચેતનમાં તો અનંત પ્રકાશ છે. એ તો સગુણ અને નિર્ગુણ બંને, જેમ હોઈ શકે છે તેમ એવો કોઈ ભક્ત, યોગી, આત્માર્થી હોય તે તેવા ગુણોનો પ્રકાશ ન બતાવતાં છતાંયે કેવોયે પ્રેમી હોઈ શકે છે ! એટલે એ હિસાબે આ જીવનું તો મીંડું જ ગણાય. કશુંયે એનામાં માની લેવાપણું રાખવાનું નથી. એનાથી કરી જો કંઈ આપણામાં સદ્‌ભાગ્યે એની કૃપાથી કશું ઉદય થઈ શકતું અનુભવી શકતા હોઈએ તો તે આપણા જીવનના ઊર્ધ્વમાર્ગી પુરુષાર્થના પરિણામરૂપે જે તે બધું છે. આપણા જીવનનો વિકાસ ગમે તેટલો ઉચ્ચતમ બને તોયે એમાં જો ભૂલેચૂકે પણ મારું કંઈ માની લઉં તો તો તે આ જીવની નરી પામરતા જ ગણાય. આ બધું હકીકતરૂપે છે. મહત્ત્વ, ખૂબી અનુભવવાની દૃષ્ટિ અને વૃત્તિ આપણે કેળવ્યા કરીએ. એ બાબતમાં કેટલીક વાર જે કહેવામાં આવે છે, તે તો એનો કૃપાકિરણનો પ્રભાવ તેથી કરીને આપણા અંતરમાં સ્ફુરે અને એમાં નિષ્ઠા પામીએ તેટલા પૂરતું જ. એવો પ્રકાશ આપણે વધુ પામવાને વધારે યોગ્ય સાધન બની શકીએ એવી જ ભાવના એવું કહેવા પાછળ રહેલી છે, તે જાણશોજી. એટલે એવી બાબતમાં જે કંઈ લખાયેલું હોય તેને તે રીતે સમજવાની વિનંતી છે.

## પ્રેમ તો નિરપેક્ષ છે

હૃદયમાં પ્રેમ ઉદ્‌ભવે છે ત્યારે તે ચાહ્યા વિના રહી શકતો નથી, કારણ કે એ તો એનું લક્ષણ છે. એથી કરીને પ્રેમી જ્યારે ચાહે છે

ત્યારે તે વધારે કશું કરતો હોતો નથી. એણે તો નિરપેક્ષ રીતે ચાહવું જ પડે છે.

## જીવનસાથીને અવગણો નહિ

આ બધું તમે બંને સમજતાં હશો. જો... બહેનને નહિ સમજાવ્યું હોય તો તે તમે ભારે ગેરલાભ કર્યો ગણાશે. આવી બધી હકીકત તેમને સમજાવવી જોઈએ. આવું બીજું કે એવા ભાવનું જે કંઈ તમે વાંચો, સમજો અને તેથી કરીને જે કંઈ સમજણ મેળવો, તે એમને મહેનત કરીને પણ, ખાસ વખત કાઢીને પણ, બધું સમજાવવાનું કૃપા કરીને મારી ખાતર - મને મદદ કરવા ખાતર - મારું કામ કરો છો એ ભાવે તે કર્યા કરવાનું રાખશોજી, એમાં ભૂલશો નહિ. એ ઘણું જરૂરનું છે. એમને તો જ હૃદયમાં ઊતરશે કે 'મોટા જે કંઈ પ્રેમભાવની હકીકતો કહે છે તે અને કવિવર શ્રી ટાગોર જેવા આ બાબતમાં જે લખે છે તે તો સરખું જ છે. અને આવા મોટા માણસો પણ તેમ જ કહે છે ત્યારે તો તે એકપક્ષીય ન હોઈ શકે.' આમ થાય તો એમણે માની લીધેલા પ્રેમની સમજનો ભ્રમ ભાંગી જતાં વાર લાગવાની નથી.

## શુદ્ધ હૃદય વિના પ્રેમી ન થવાય

'પ્રેમની ભાવનાનો બુદ્ધિથી કે સમજણથી ખ્યાલ સાચી રીતે આવી શકતો નથી. જ્યાં સુધી આપણાં હૃદય એટલાં ઉદાત્ત, ઉદાર અને મહાનુભાવી થયાં હોતાં નથી ત્યાં સુધી સાચા પ્રેમની ભાવનાનો ખ્યાલ અને તેની કદર કદી પણ થઈ શકતાં નથી, તે હવે સમજાતું જાય છે.' એ જાણી કોને આનંદ ન થાય ? આપણે જે કંઈ અંતરનું કમાઈએ તેનો લાભ બહેનને આપ્યા કરવાનો છે. એનો લાભ એ લે કે ન લે એનો ખ્યાલ સરખોયે આપણને તો ઊપજવો જ ન ઘટે. અંતરની પ્રગટેલી સદ્‌ભાવનાના હેતુનાં બીજ આપણે ધારીએ છીએ એના કરતાં ઘણાં ઊંડાં પડતાં હોય છે. કોક ને કોક દિવસે તે ઊગી નીકળશે. આપણે તો

આપણા પોતામાં શ્રદ્ધાવિશ્વાસ જીવતાં રાખીને એવી પ્રવૃત્તિમાં રહેવાનું છે.

## પરિવર્તન થાય, પણ વાર લાગે

ત્રાટક કરતી વેળાએ હરિઃૐ બોલવાનું સૂઝ્યું છે તે સારું છે. આપણે હૃદયના ઊંડાણમાં જ્યારે ગયા હોઈએ તે વેળાની સ્થિતિમાં એકાગ્રપણે ભાવનાથી જે કંઈ બોલાયા કરે તે તે બધું ઊંડું ઊતરવાનું છે. તો તે ચાલુ રાખશોજી. આપણાં સાધનોની સાધનાથી આપણામાં જરૂર ફેર પડતો જતો હોય છે. એની ગતિ આપણને એકદમ સમજાતી હોતી નથી એટલું જ. બાકી, ફેર જરૂર પડતો જાય છે અને એ વિશે તમે તમારા કાગળમાં પણ લખ્યું છે. આપણે જેવા થવું છે એના જેટલો તો ફેર એકદમ કેમ સંભવી શકે ? પણ એ તો એમ કરતાં કરતાં જ થયા કરવાનું છે. સંપૂર્ણપણે રૂપાંતર એકદમ થતું હોતું નથી. એક રાતમાં જીવન પલટાઈ જઈ શકે નહિ. 'એક ક્ષણમાં બધું પલટાઈ જાય છે,' એમ જે કેટલીક વાર કહેવામાં આવે છે તેમાં અતિશયોક્તિ છે. જેમ જેમ આપણા બધાની જીવનવિકાસ પરત્વેની સમજણ વધતી જાય છે તેમ તેમ મને તમારા બધામાં ઘણો રસ, પ્રેમ, ઉત્સાહ, વેગ, ખંત, આનંદ, સહાનુભૂતિ એ બધું મારામાં તે તે જીવો પરત્વે વધતું જાય છે અને એનો પડઘો જે તે કંઈ જીવોની પ્રવૃત્તિમાં પડ્યા વિના રહેતો નથી.

## આપણું ઉપયોગીપણું વધશે

આપણા જીવનનો વિકાસ જેમ જેમ થયા કરે તેમ તેમ આપણું ઉપયોગીપણું પણ વધતું જતું લાગ્યા વિના રહી શકવાનું નથી, અને જીવનમાં સાચો રસ ત્યારે આપણને અનુભવાશે. તમારા બધાના જીવનના તેવા થતા જતા મૂળગત પરિવર્તનને લીધે પ્રભુકૃપાથી આ જીવનું પણ તેવું ઉપયોગીપણું વધારે ને વધારે સ્ફુટ થતું જવાનું છે, અને તેની અસર આપણી આગળપાછળનાંને પણ થયા વિના રહી શકવાની

નથી. બહેનનું લખાણ નથી મળતું તેથી કશી નિરાંત વળતી નથી. તમારા બધા કરતાં એના કાગળની આ જીવને ઘણી ભૂખ રહે છે. એ માટે તો ઘણો ઝંખતો રહ્યા કરું છું. વખત મળતો નથી એવું બહાનું કૃપા કરીને એ ન બતાવે તો સારું !

## લુટાવાની ઝંખના

જીવનની દૃષ્ટિ અને વૃત્તિ જગતમાં બહિર્મુખપણે સંકળાયેલી રહેલી છે. તે બધી સંકેલી લઈને અંતર્મુખપણામાં વાળવાની રહે છે. પૂરેપૂરા પોતામાં હૃદયમાં હૃદયથી જ્યારે આપણે સમાઈશું ત્યારે આપણું પોતાનું અને બીજા બધાંનું સાચું સ્વરૂપ શું છે તે સમજી શકીશું. પહેલાં તો પોતાનું સ્વરૂપ કેવું છે તે જાણવાનું છે. ત્યાં બધું પલટાવવામાં કશુંયે બાકી ન રાખો. પ્રભુકૃપાથી જેને હું મારું ધન ગણું છું, તે તમને બધાંને આપવાને હૃદયમાં ભારે ઝંખતો હોઉં છું કે તમે બધાં તે ક્યારે લઈ લેશો ? મને લૂંટી કેમ લેતાં નથી ? મારી પાસે જે લક્ષ્મી છે તે તમે બધાં લઈ લો. એમાંનું બધુંય જતું રહેશે તોયે તે ખાલી થવાનું નથી. તેવો તે ભંડાર ભરેલો છે, કારણ કે તે પ્રભુએ દીધેલો છે.

## પ્રેમની ઝંખના

**મુનીમ અધૂરો હું તો એનો હજી તોયે બડાશો શી,**
**તમારી આગળે ફેંકું ! પ્રભુજી માફ કરશે તો.**

મારે તો બધાંનાં મનહૃદય જોઈએ છે. દિલ વિના દિલને ચેન ન પડે. હૃદયનો પ્રેમભાવ એ જ અમારી તો મૂડી છે અને એની અમારે તો ઘણી ઘણી જરૂર છે. એનો તલસાટ પ્રભુકૃપાથી સેવતાં સેવતાં પ્રભુભાવે બધાં સ્વજનોને હૃદયથી ઝંખ્યા કરીએ છીએ કે જેથી કરીને તેઓ જાગવાનાં હોય તો જાગી શકે. તમને બધાંને કોઈનીયે બાબતમાં ઝંખનાનો અનુભવ છે ખરો ? ઝંખનાની ભાવના ઉત્કટ થતાં જેના વિષયમાં ઝંખના જન્મે છે, તેને આપણી સામે તાદૃશ્ય કરી દે છે. એનામાં આપણે

લય પામી જઈએ છીએ અને એમ પરસ્પર વચ્ચે એક પ્રકારનું તાદાત્મ્ય જન્મે છે. અને એવી પળે જો સામો જીવ પ્રત્યક્ષપણે તેવી દશામાં થયેલો હોય તો ત્યારે જે લેણદેણ ચાલે છે તે કોઈ ઑર પ્રકારની હોય છે. તે વેળાએ હૃદયનાં દ્વાર ખૂલે છે અને અંદર પ્રવેશ કરવાને સારુ યોગ્ય ભૂમિકા પ્રગટતી હોય છે, પણ મારી દાદફરિયાદ મારે કોને કરવાની હોય ? અને આ બધું એ બિચારાં સ્વજનો સમજી પણ કેમ શકે ? અને એને હકીકતરૂપે સ્વીકારી પણ કેમ શકે ? હૃદયની પ્રેમની ભાવનાની ઝંખનામાં નિરાશા નથી. એ તો જીવે છે હૃદય કાજે. અને ઝંખે છે પણ હૃદય કાજે. પછી એને ચિંતા શાને ? જોકે એ અધીરો બને છે, તેમ છતાં એવી એની અધીરાઈમાં પણ અપાર ધીરજ રહેલી છે. એની ધીરજને મર્યાદા નથી. પ્રભુકૃપાના બળ વડે આ જીવ તો અત્યંત પામર છે. માટે, કૃપા કરીને એની વકીલાત કોઈ આગળ કશી કરવાની રહેતી નથી. જે જે સમજુ છે તે તો આજ કે કાલ સમજશે જ અને મારા જેવા ભિખારીને બારણેથી પાછો ઠાલો તો નહિ કાઢે એવી શ્રદ્ધા છે.

---

હરિઃૐ ખાર, તા.૯-૧૧-૧૯૪૨

## પ્રેમી જ મને સમજી શકે

પ્રિય... બહેન,

તા.૩૦-૧૦-૧૯૪૨ના કાગળથી તમને રડવું આવ્યું તે હકીકત જાણી છે. જો કંઈ કશાથી કોઈને રડવું આવવું જોઈએ તો તે મને આવવું જોઈએ. સંઘના ફાળાને લીધે આ જીવને કેટકેટલું અથડાવાનું થાય છે ! શરીર કેટલું થાકી જાય છે, તે તમે બધાં ક્યાંથી જોઈ શકો ! કેટકેટલા ધક્કા ખાવાના ! કોઈનીયે સહાનુભૂતિ મળે નહિ, ઓળખાણપિછાણ નહિ, લાગવગ નહિ. તેમાંયે આ શહેરની પૂરી જાણકારી પણ નહિ. કોને જઈને ક્યાં મળવું તેની કશી ગતાગમ નહિ. જેમ તેમ બાથોડિયાં મારું છું. એવાની પરત્વે સહાનુભૂતિ, પ્રેમભાવ અને આકર્ષાતું દિલ -

એને જાણવાને અને પ્રીછવાને કાજે એવા પ્રકારની આતુરતાવાળું દિલ થયેલું હોય તે સમજે.

## દિલ રેડીને લખ્યું છે

છતાંયે આ બધી ગડમથલમાં જે સમય મળે છે, તે સમયમાં તમારામાં સાચી સમજ પ્રગટે તે હેતુથી અને તમને ઉપર આણવા માટે અને તમારું શ્રેય-કલ્યાણ થાય એ ભાવના પ્રધાનપણે રાખીને અને દિલમાં જે ભાવનાનો ઓઘ છે, તે હૃદયમાં રાખીને જે તે લખ્યા કર્યું છે, પરંતુ એનો પુરાવો તો શું આપી શકાય ? એમાં તમને રડવું આવે એવું કે સંતાપ થાય એવું તે શું છે ? ઘરમાં ક્લેશ-કંકાસ જેવું વાતાવરણ ઊપજ્યા કરે તો પછી અમારા જીવનનું શું થાય ? તમારે તો અમને બધાંને પરમ શાંતિ, અનુકૂળતા વગેરે કરી આપવાની છે. એને બદલે તમારી મનોદશા જો તમે જ ન જોઈ શકો તો શું થાય ? આવા રખડપટ્ટીના સમયમાં બીજા કોઈનેય કાગળ લખતો નથી. બીજા બધાંના કાગળો નથી આવતા એમ નથી, જોકે આવે છે તો અવારનવાર, પરંતુ એક વાત એ પણ ખરી કે હાલમાં તેઓ કોયડારૂપે મારી આગળ નથી ઊભેલા. તમને સમજમાં ઊતરે તે માટે વળી વળીને કંઈક કંઈક લખ્યા કરેલું છે.

## પોતાનો દોષ જોતાં શીખો

એમાં ક્યાં ખોટું છે તે જો મને સમજાવી શકો તો મારી ભૂલ ક્યાં છે, તે સમજવાની મને તક મળે, પરંતુ જો તમે તેથી ઊલટાં દુઃખી જ થતાં હોવ તો મારે શું સમજવું ? જે કંઈ લખ્યું છે તેમાં આ જીવનું કશું ઊંધું મને ચીંધી શકશો તો જરૂર તે સમજવાને હૃદયથી પ્રયત્ન કરીશ. દુઃખી થવાનું મૂળ કારણ તો આપણે પોતે છીએ. તે જો આપણને સમજાઈ જાય તો આપણને આપણા પોતાના ઉપર જ ચીડ ચડશે અને આપણે આપણાં મનને, સ્વભાવને, પ્રકૃતિને સાચી રીતે પિછાની શકીશું તથા એ કેવાં છે એની ખબર આપણને પડી જશે. તેમનું કેવું સાચું સ્વરૂપ છે તેની ખબર

અને સમજ આપણને એક વાર જો પડી ગઈ, અને પ્રભુકૃપાથી જો એમાંથી ઊંચે આવવાનું એટલે કે તેને પરિવર્તન કરવાનું જો આપણને દિલ થયું તો તે બાબતમાં જે તે કંઈ યોગ્ય હશે તે કરવાનું પણ દિલ થશે. જે પોતાને આરપાર બરાબર રીતે ઓળખી શકે છે, તે બીજાને પણ બરાબર ઓળખી શકવાનું છે. આમ થાય તો જીવનમાં સુમેળ સાધવામાં આપણે અરસપરસ રીતે યોગ્ય ભાગ જરૂર ભજવી શકવાનાં છીએ. બાકી, ક્લેશ-કંકાસ કર્યે કદી કશું વળવાનું નથી. ઊલટાં આપણે વધારે અળખામણાં થઈ પડવાનાં છીએ.

## ગરજ મારી છે

તમે... ભાઈને પ્રિયમાં પ્રિય થઈ પડો એ જ મારી તો મુરાદ છે. અને એ કેવી રીતે બની શકે તે માટે જ મારા તો હૃદયના પ્રયત્નો છે. એમાં આપણા પોતાના-પૂરતા સાથ, સહાનુભૂતિ, હૂંફ, પ્રેમભાવ, મનહૃદયની તેવી ભાવના, કદરવૃત્તિ, શ્રદ્ધા, વિશ્વાસ ઉત્સાહ, પ્રેરણા વગેરે મને મળતાં નથી એ મારી ફરિયાદ છે અને તે મારું કમનસીબ છે. છતાંયે આ જીવે તો હિંમત હારવાની નથી અને ધીરજ પણ ખોઈ બેસવાની નથી. તમે ગમે તેમ વર્તો, ધારો, માનો, કલ્પો, ચીડ-ગુસ્સો-ક્રોધ, ગમે તે રાખો તોયે એણે તો એના ધર્મ પ્રમાણે જ વર્તવાનું રહ્યું, કારણ કે એને ગરજ છે.

## સદ્ગુરુના પ્રેમની ગતિ

એ ગરજની ધગશવૃત્તિને માત્ર કેળવવાનું, ખિલવવાનું કે કરમાવી દેવાનું આપણા પોતાના હાથમાં રહ્યા કરેલું છે. પ્રભુકૃપાથી આ જીવના હૃદયની તેવી ધગશની ભાવનાને સામેથી જો પોષણ ન મળ્યા કરે અને તેનો ભાવને યોગ્ય પ્રતિ-ઉત્તર હૃદયથી ન મળ્યા કરે તોપણ તેવી ભાવના ત્યાંની ત્યાં રહ્યા કરવાની છે. એવા જીવની એવી ભાવના ફળની કે પરિણામની કશી આશા-અપેક્ષા સેવતી હોતી નથી. એટલે

એનું શું થશે એ વિશે તો તે - ભાવના - કશુંયે વિચારતી હોતી નથી. એ તો માત્ર પોતાની મેળે વહ્યા જશે અને એના યોગ્ય સમયે વિલીન થઈ જશે, પરંતુ એવું થતાં પહેલાં એનાથી થશે એટલું તે કર્યા કરશે અને કશાનીયે અપેક્ષા રાખ્યા વિના તે કર્યા કરવાની છે, પરંતુ તેવી ભાવનાના આપણી તરફ વહ્યા જવામાં જ આપણું કલ્યાણ-શ્રેય રહેલું છે. એની ખાતરી શું ? એનો પુરાવો શો મળે ? એનું યથાર્થ દર્શન કે અનુભવ તો હૃદયમાં હૃદયથી થાય ત્યારે સમજાય તો સમજાય. બાકી, બધાંયના જીવનમાં અથડામણો ઊભી તો કરાવવાની આવે છે. અથડામણોથી સંઘર્ષણ જન્મે છે. સંઘર્ષણથી સમજણ પ્રગટે છે - જો આપણું તેવું દિલ થયેલું હોય તો. માટે, જીવનને સમજવામાં સાર છે.

---

હરિઃૐ ખાર, તા.૯-૧૧-૧૯૪૨

## કવિવર પણ એમ જ કહે છે

હાલમાં તમે શ્રી કવિવર ટાગોરનું જે લખાણ વાંચો છો, તે બધું બહેનને સમજાવવાનું રાખો છો કે નહિ ? જીવનને ઉપયોગી હોય અને જીવનવિકાસમાં મદદકર્તા લાગે એવું ભાવનાભર્યું વાંચન પા-અડધો કલાક તેમને બધું સમજાવવાનું રાખીએ તો સારું થાય. આશા છે કે આપણે તેમ કરતાં હોઈશું. અને એમ થાય તો પ્રેમભાવની હકીકતો, ભાવના વગેરે વિશે જે કંઈ આ જીવ લખે છે તે તેના એકલાની જ સમજ છે એવું કશું નથી, પરંતુ મહાન કવિ, દ્રષ્ટા અને તત્ત્વદર્શીની પણ તેવી જ તે વિષયની સમજ છે એવું સમજાશે અને તેથી આ જીવનું જે કંઈ લખાણ છે તેનું યોગ્ય મૂલ્યાંકન જો કદાચ થઈ શકે તો થઈ શકે.

## પત્ની પ્રત્યેની સાધકની વર્તણૂક

એવા વાંચનને પણ જો જિજ્ઞાસાભાવથી વાંચવાનું રાખીએ તો તે પણ સાધના છે. એનાથી આપણી સમજ ખીલે છે અને તેનું હાર્દ અને

રહસ્ય વધારે ને વધારે સ્ફુટ થતાં જાય છે, તથા એવા વાંચનની ખૂબી અને મહત્ત્વ સમજાતાં જાય છે. આપણે જે લાભ મેળવતાં જઈએ તે ... બહેનને પણ સમજાવીએ. એમણે તેવો લાભ લેવો કે ના લેવો તે તેમના હાથની વાત છે, પણ આપણે તો આપણી રીતે જે કંઈ શક્ય હોય તે કરી ચૂકીએ, અને તે બાબતમાં કશો આમ કે તેમ આગ્રહ ન સેવીએ, તેમ જ તે સાથે જ રહે એવી આસક્તિ પણ હોય તો છોડી દઈએ. એમને જો આવવાપણું હોય તો તે એમના કલ્યાણને માટે છે, એવો નિશ્ચયાત્મક દૃઢ ખ્યાલ નહિ જાગી શકે ત્યાં સુધી એમનું વળવું લગભગ અશક્ય છે અને તેમ થવું તે કંઈ આપણા હાથની વાત નથી. એના રડવાકરવાથી કે ક્લેશ-કંકાસથી આપણી શાંતિમાં, ધીરજમાં, સમતામાં વાંધો ન આવવો ઘટે. એને પણ કસોટીરૂપે ગણી લેવું. એ પણ આપણી એક પ્રકારની કેળવણી છે. તે સાથે સાથે એમના પરત્વે અણગમો કે બેપરવાપણું ન આવી જાય તે તો ખાસ જાગૃતિ રાખીને લક્ષમાં રાખતા રહેવું. એમની અવહેલના તો આપણાથી થાય જ કેમ ? જો આપણને યોગ્ય રીતે તે ન સમજી શકે તો કંઈ બળાત્કારે થોડું જ સમજાવાનું છે ? આપણે એમાં ધીરજ રાખવાની વાત પણ નથી. આપણે તો પંથે આગળ ધપ્યા કરવાનું છે. કોઈનીયે રાહ જોવાની હોય નહિ. અને તેમ છતાં આપણાં જે જે સ્વજનો છે, તે બધાં જ કંઈ આપણી રીતે આપણી સાથે થોડા જ આવી શકે છે ! અને તે બધાંને માટે આપણે થોડા જ દિલગીર થઈએ છીએ ? પત્ની જેમ સ્વજન છે તેમ મા, ભાઈભાંડુ એ કંઈ ત્યારે શું સ્વજન નથી ? પત્નીને પતિ જો જકડી રાખે તો પતિનેયે નમસ્કાર કરવા ઘટે અને પતિને પત્ની જકડી રાખવા મથ્યા કરે તો પત્નીનેયે નમસ્કાર કરવા પડે, પરંતુ એનો અર્થ એવો નથી કે આપણે એનાથી અલગ થઈ જવાનું છે. આપણને જેમ આપણી સમજમાં જવાને કોઈ નડતરરૂપ ન હોવું જોઈએ તેમ સામાની સમજણમાં પણ નડતરરૂપ આપણે ન થવું જોઈએ. આમ હોવા છતાં પતિ-પત્નીના જીવનના ધર્મો

એકબીજા સાથે એવા તો સંકળાયેલા છે કે તેમાં આપણે એકબીજાને વળગીને, સાધનરૂપ બનીને પરસ્પર સહાનુભૂતિ અને પ્રેમભાવનાના ઐક્યથી જો આગળ જઈ શકીએ તો સોનું અને સુગંધ ભેગાં મળે, જો એમાંનું એક તેમ ન જ કરી શકે તો એને મરજી ફાવે તે રીતે (અલબત્ત, આની પણ મર્યાદાઓ હોય) વર્તી શકે છે. એમાં આપણે વચ્ચે ન આવવું જોઈએ. જો કોઈ બીજો જીવ ક્લેશ-કંકાસ કે સંતાપ કર્યા કરે અને તેથી જો આપણે લેવાઈ નહિ જઈએ કે આવરાઈ નહિ જઈએ તો એનાં એ હથિયાર ભોંઠાં પડવાનાં છે તે નક્કી જાણશો અને એથી કરીને આપણે ખિજવાયાં, ચિડાયાં કે ક્રોધે ભરાયાં તો એ જીવનાં તે હથિયાર વધારે ધારવાળાં થવાનાં છે તે પણ જાણી લેશો. એટલે એવું થતાં પ્રભુકૃપાથી આપણે વધારે ને વધારે સરળ, શાંત, ધીરજવાળાં, સમતાવાળાં અને પ્રેમભાવી બનીને વધારે સહનશીલતા કેળવ્યા કરવાની છે. આપણા સત્ત્વગુણને કેળવવા, ખીલવવા માટે તથા આપણામાંની ખિજવાટની, અકળામણની ક્રોધની વૃત્તિને સબૂરી પકડવાની કસોટીરૂપે તે કૃપાતક મળેલી છે, એમ હૃદયમાં માનીને આપણે ત્યારે વર્તવાનું છે. શ્રીભગવાનની કૃપાથી એવું જો આપણે કરી શક્યાં તો સૌ સારાં વાનાં થવાનાં છે. ઉપર વર્ણવેલી સ્થિતિ જ્યારે બને ત્યારે આપણું હૃદય પ્રેમભાવથી ખૂબ ભીનાશવાળું, કુમળાશવાળું, સહાનુભૂતિવાળું અને સામા જીવની અંદરનું જે જે સારું હોય તેની કદર કરવાની તત્પરતાવાળી ભાવનાવાળું હોવું જોઈએ અને તેવે સમયે આપણામાં તેવી જાગૃતિ પૂરેપૂરી જાગેલી હોવી જોઈશે તો તેમ બની શકે.

## વિકાસ અર્થે જ પરિસ્થિતિ

જીવન આવા પ્રકારની અથડામણોથી ઘડાય છે. જે જીવનમાં કદી એવી અથડામણો, યુદ્ધો, ગૂંચો, મુશ્કેલીઓ, ઉપાધિઓ આવ્યાં નથી, તે જીવનમાં નક્કરતા કેમ કરીને આવી શકવાની છે ? ગમે તેવીયે

પરિસ્થિતિમાં સમતોલપણું જાળવવા, કેળવવા, ખીલવવા અને તેવી પરિસ્થિતિમાં આપણી માનસિક સ્થિતિ સમતાવાળી, શાંતિવાળી, ધીરજવાળી રહી શકે તેવા પ્રકારના શિક્ષણને કાજે પણ તેવા સંજોગો ઊભા થાય તે જરૂરના છે. એવી પરિસ્થિતિને તો ઊલટું ઈશ્વરે કૃપા કરીને આપણને સાબદા કરવાને અને જીવતાજાગતા કરવાને પદાર્થપાઠરૂપે આપેલી છે એમ માનીને તે સાથે વર્તવાનું જ રાખ્યા કરીશું તો બેડો પાર થવાનો છે, એમ નિશ્ચય કરીને જાણશોજી.

## ઘર્ષણમાંથી પ્રકૃતિનું દર્શન

તેમ થાય તો સામાના હૃદયને આપણે ભીંજાવી, પિગળાવી શકવાને સાધનરૂપ બની શકવાનાં છીએ એ વિશે કશી શંકા નથી. તેવી રીતે અથડામણના પ્રસંગો ઉપરથી આપણને આપણાં પ્રકૃતિ, સ્વભાવ અને સામા બીજા જીવનાં પ્રકૃતિ - સ્વભાવનાં દર્શન થતાં રહેવાનાં છે, અને એ રીતે આપણે પોતાને તથા બીજા જીવને પણ ઓળખી શકવાનાં છીએ.

## પ્રેમભાવ તો વધવો જ જોઈએ

ગમે તેવું દર્શન થાય તોયે આપણી પ્રેમભાવનામાં તો ફરક ન પડવો જોઈએ. બલકે તે વધ્યા કરવો જોઈશે. તો જ જગતના ગમે તેવાની સાથે આપણે તેવું સમતાયુક્ત વર્તન રાખી શકવાને સમર્થ નીવડી શકીશું, તો જ પાપીમાં પાપી અને દુષ્ટમાં દુષ્ટ જીવને પણ આપણે ચાહી શકીશું. જેનો જેનો જીવન પ્રર્યંત સાથ કરવાનો છે, એના સ્વભાવને, એની આંતર પ્રકૃતિને આપણે અરસપરસ સ્પષ્ટપણે જોઈ શકીએ તેવી રીતે આપણે એકબીજાને ઓળખી લઈએ, સમજી લઈએ તો ઠીક થઈ પડવાનું છે. તેમ કરવા જતાં પાછું તે અંગે કરીને કશુંયે અન્યથાપણું એકબીજા વિશે મનમાં ન પ્રવેશવા દઈએ તો કેટલી બધી ભારે કેળવણી આપણને મળી જાય !

## સાધકનું સગાં સાથેનું વર્તન

આપણે તો પૂરેપૂરી શાંતિ રાખ્યા કરવી. જે તે કંઈ કર્યા કરતા હોઈએ તે કર્યા કરીએ. આપણો દોષ થયો હોય તો લાખ વાર માફી માગી લઈએ અને તેમ ફરી પ્રભુકૃપાથી ન બનવા દઈએ. એમ કરવામાં ક્યાંય સંકોચ પણ ન રાખીએ. કશાથી ખચકાઈએ પણ નહિ, અચકાઈએ પણ નહિ. પોતાનાં હોય તે આપણા રસ્તે આડાં આવતાં હોય તેને હડસેલો મારીને, ખસેડી નાખીને આપણે જવું નથી, પણ એમને બધાંને હૃદયના પ્રેમથી ન્યોછાવર થઈ જઈને ભેટીને, મળીને, આગળ જવું છે. પછી ભલેને આપણા અંતરના એવા પ્રેમભાવની કદર એ લોકો ન કરી શકે તો એથી મનમાં કંઈ લાવીએ નહિ અને તે સાથે સાથે એમના વિશે મનમાં ઓછું પણ ના આવવા દઈએ. અથવા તો તેઓ કેવાં પામર છે એવું પણ કંઈ ન થવા કે જાગવા દઈએ. એમની પ્રકૃતિ કર્મસંસ્કારવશાત્ એવી છે અને એની ઉપરવટ જવાનું જ્ઞાન એમને પ્રગટેલું નથી એટલું જ તે છે. અને આપણને શ્રીભગવાનની કૃપાથી એવી કંઈક સમજણ થઈ છે. તેથી, આપણે મથીએ છીએ. એટલો માત્ર ફરક છે.

## બીજાને ઊંચે લાવવાની રીત

બીજાને એમની ભૂમિકામાંથી ખસેડવાનો રસ્તો આ છે. આપણે આપણી રીતે જીવનનો વિકાસ સાધીને આપણા જીવનના તેવા સ્પર્શથી, વર્તનથી, અનુભવોથી એમને જેટલું સમજાવાનું હશે તેટલું સમજાશે, એમ હૃદયમાં દૃઢ શ્રદ્ધા રાખીને સંતોષ માન્યા કરીએ, આપણામાં રાચ્યા કરીએ અને બધાં સાથે નિરાગ્રહી રીતે, સરળતાથી, શાંતિથી, સમતાથી, પ્રેમભાવે વર્ત્યા કરીએ તો બસ છે. બાકીનું તો જો તેમ આપણું થયા કરતું હશે તો પ્રભુ જરૂર સંભાળી લેવાનો છે. આપણે કોઈ વાતે કશાથી મુઝાવાનું કે અકળાવાનું નથી. જેની જેવી પ્રકૃતિ હશે એને તેવી રીતે તે દોરવ્યા કરવાની છે. આપણે તો ત્યાં એનું તેવું દર્શન

સમતાથી જોવું અને મનમાં કશી ગાંઠ ન પડવા દેવી. એટલું જો પ્રભુકૃપાથી કરી શક્યાં તો બસ છે.

---

હરિઃૐ ખાર, તા.૯-૧૧-૧૯૪૨

## દાન ઉઘરાવવાની મુશ્કેલી

તમારો કાગળ રાત્રે શહેરમાંથી આવ્યા બાદ મળ્યો હતો, પણ શરીર એવું તો લોટપોટ થાકી ગયેલું હતું કે સવારે જે તે કંઈ થશે ધારીને વાંચ્યો ન હતો. ઘણું રખડવાનું થાય છે. પૈસા એમ સહેલાઈથી મળી જતા નથી. દાન ઉઘરાવવું કેટલું મુશ્કેલ છે ! લાગવગ અને ઓળખાણ વિના દાન મેળવવું એ ઘણું અઘરું છે. તોપણ આપણે તો પ્રભુકૃપાથી પ્રયત્ન કરવો જ રહ્યો. સત્તરઅઢાર હજાર થાય ત્યારે નિશ્ચિંતતા વળે.

---

હરિઃૐ ખાર, તા.૯-૧૧-૧૯૪૨

પ્રિય ભાઈ,

શરીર એવું તો લોટપોટ હતું કે ન પૂછો વાત. સારાયે દિવસની રખડામણ ચાલે છે. કંઈ અવનવા અનુભવો થાય છે. ધોળી ટોપી અને ખાદીનો પોશાક જોઈને ઘણા તો દુકાને જ ચડવા દેતા નથી.

સ્વતંત્રપણે જે કંઈ લખવાપણું બને છે તેમાં આનંદ પ્રગટે છે. તેમાં જો વિચાર્યું હોય તો અંતરમાં આવેલાનું કે ચાલેલામાંનું જણાવ્યા વિના ન રહે.

(ગઝલ)

**સહેવાયે ગમે તેવું હૃદયમાં પ્રેમ જે પ્રત્યે,**
**નથી ત્યાં લાગતું કૈં જ્યાં હૃદય રંગાયેલું પ્રેમે.**

## વિરોધી સ્વજન તો આપણી પારાશીશી છે

...નો સ્વભાવ, એમનું અજ્ઞાન એમને તેમ વર્તાવે છે. એ તો માત્ર હથિયાર બનેલાં છે. આપણે તેવા ન થઈએ એની સંપૂર્ણ કાળજી

રાખવાની છે. જો તેમ રહી શકીશું તો તેમનું સાચું સ્વરૂપ કેવું છે તે જાણવાનું મળશે. કિંતુ આપણે તેમના પરત્વેના પ્રેમ-આદરમાં ઉત્કટતા પ્રગટાવવાની રહેશે. જો કોઈ જીવની પ્રકૃતિ સામાને નમાવવા કે ઘસડવા એની છેલ્લી હદ સુધી જતી અનુભવાય તો એ તો આપણી પોતાની કસોટી છે. અને આપણી કક્ષા કે દશા કેવી થઈ છે, તે જાણવા માટેની એક પારાશીશી છે.

## દૃઢતા અને પ્રેમની જરૂર

તેવા સમયે સામા તરફ સહેજ પણ અવહેલના થઈ ગઈ કે તિરસ્કારની વૃત્તિ થઈ યા પ્રેમભાવ અને કદરભક્તિ ઓછાં થવાં પામે તો તો આપણું પતન થયું સમજવું. સેવાનો પ્રસંગ સાંપડ્યે પ્રેમભાવે એની સેવા કરીએ, પરંતુ જ્યાં આપણે નમવું ન ઘટે ત્યાં તો ન જ નમીએ. એના આત્માને જરૂર વંદીએ, નમીએ, પરંતુ તેની પ્રકૃતિને કે એના સ્વભાવને તો નહિ જ. કોઈનાં પણ પ્રકૃતિને કે સ્વભાવને નમ્યા કે આપણે નીચે ઊતર્યા સમજવું. જ્યારે આપણે તો જ્યાં ને ત્યાં સંગ્રામ - અંદર અને બહાર - આપ્યા જ કરવાનો છે અને તે પણ જ્ઞાનપૂર્વક. શરણાગતિની ભાવના દૃઢાવીને, નમ્રમાં નમ્રપણે વર્તીને, આપણામાં અક્કડપણું ન આવી જાય તે ખાસ લક્ષમાં રાખવાનું છે. ધ્યેયની બાબતમાં અને આદર્શ પરત્વે તો મક્કમ રહ્યા કરીએ અને એને લીધે સામાને અક્કડ લાગીએ તો ભલે, પરંતુ તે હકીકત વળી જુદી છે. હૃદયની કુમળાશ તો ત્યાં ભરી પડેલી હોવી ઘટે. સંસારનાં ક્લેશ, કંકાસ, રંજ, ઉપાધિ, સંતાપ, મુશ્કેલી વગેરે વગેરેથી કશોયે સંતાપ આપણને ન થવો ઘટે. તે સાથે સાથે આપણાં કર્મમાં તેથી કરી કશું ઊંચાનીચા થવાપણું ન આવી જાય તે જોવાનું પણ રહે છે. આપણને માર્ગ ઉપરથી હચમચાવી નાખવા મારની સેના તૈયાર થઈને આપણી સામે યુદ્ધ કરવા આવેલી છે - બુદ્ધ ભગવાનની સામે આવી હતી તેમ.

## પ્રકૃતિની અજબ ચાલબાજી

જગતમાં તો પ્રકૃતિનું જ રાજ્ય છે. જ્યાં સુધી જગતના જેવા રહીશું ત્યાં સુધી તે જગત આપણને સંઘરવાનું છે. બાકી તો આપણને તે ધકેલી દેવા પ્રયત્ન કર્યા કરશે. જેમ જેમ આપણે પ્રકૃતિને વશ ન થવાનો પ્રયત્ન કરીશું તેમ તેમ તે પ્રકૃતિ આપણો સામનો વધુ ને વધુ કર્યા કરવાની છે. જેટલી એ પ્રકૃતિ વધારે પાસેમાં પાસેનું અંગ હોય, એટલી તે વધારે વળગીને, અનેક સૂક્ષ્મમાં સૂક્ષ્મ રીતે આપણી થઈને, દેખાઈને - આપણામાં ભળીને પણ - આપણને આપણા માર્ગથી ઊંધે માર્ગે પ્રેરવવાને મથ્યા કરવાની છે, કારણ કે એના રંગઢંગ ન્યારા છે, ભેદવાળા છે. એને એમ ખુલ્લું જાણી શકવું અઘરું થઈ પડે છે. ખુલ્લેખુલ્લો દુશ્મન સામનો કરી યુદ્ધ કરવા ચડી આવે તો આપણે ચેતી શકીએ છીએ, કિંતુ આપણામાં ભળી જઈને, આપણો જ થઈ જઈને, આપણામાંનો એક થઈ રહીને જ્યારે તે અંદરથી વિરુદ્ધ વર્તશે - તેમ છતાં પાછો આપણા હિતમાં છે એવી સમજણ આપણને બતાવશે - એવા સમયે એનો સામનો કરવાનુંયે આપણને ભાન રહેશે નહિ. એવી પ્રકૃતિની ચાલ હોય છે.

## પ્રેમ જ પ્રકૃતિને જીતી શકે

એવું આપણી પોતાની પ્રકૃતિ વિશે પણ અને બીજાની પ્રકૃતિ વિશે પણ હોય છે. હૃદયમાં જો સાચો પ્રેમ જાગેલો હોય તો તે આપણને બધું જ બતાવશે, માર્ગ પણ કાઢશે, ગડમથલ પણ કરાવશે અને અનેક રીતે મથાવીને, ગૂંચ ઉકેલીને રસ્તાને મોકળો કરશે. પ્રેમ કંઈ આંધળો નથી. એ તો હજાર હાથવાળો અને હજાર આંખોવાળો છે. તે પ્રકૃતિની ભૂખ પણ જાણે છે અને તપ પણ જાણે છે અને પ્રકૃતિની સામે થવાની રીતરસમો પણ જાણે છે. તેની કળા અને શક્તિ અનંત પ્રકારની છે.

અલબત્ત, તે બધું જતું કરે પણ ખરો. મનમાં ભરી તો ન જ રાખે. કશી અસર પોતાના ઉપર થવા દે નહિ. કશાથી અકળાય નહિ, મુઝાય પણ નહિ. બધું સ્પષ્ટપણે જોઈ લેશે તેમ છતાં બીજાને મન ઉપરથી ઉતારી નાખશે નહિ. પોતે પોતાના માર્ગ ઉપર અટળ રહેશે. એવો હૃદયનો પ્રેમ તો અચળ ટેકીલો રહ્યા કરશે.

## સાધક તો એકલા ધ્યેયને ખાતર જ જીવે

સાધકના જીવનમાં એવો પણ સમય આવે છે કે જ્યારે આપણાં પોતાનાં આપણને હેઠાં પાડવા મથે છે. તે મારનાં મોટામાં મોટાં હથિયાર પણ બને છે, કારણ કે તેમના પરત્વે આપણે સંકળાયેલાં હોઈએ છીએ, એમના પરત્વે આપણને બીજાં બધાં કરતાં વધુ પ્રેમ જામેલો હોય છે. કિંતુ એવી જે કૃપાતક મળે છે, તે સાધકને આંખ ઉઘાડનારી નીવડી શકે છે, જો તે ખરેખરો જાગ્રત રહ્યા કરેલો હોય છે તો. એથી કરી એવા પરત્વે આપણને રાગ, મમતા, આસક્તિ, મોહ વગેરે જે હશે, તે તે તેમની તેમની સાચી પ્રકૃતિનાં દર્શન થતાં કપૂરની પેઠે આપણામાંથી ઊડી જશે. સંસારના એવા પ્રસંગનો સાધનાની રીતે આપણે ઉપયોગ કર્યા કર્યો હશે તો એવા પ્રસંગોથી જીવનમાં સમતા, શાંતિ, પ્રસન્નતા, તટસ્થતા, ધીરજ, સહનશીલતા, સહિષ્ણુતા, ઉદારતા આદિ ગુણો કેળવવાની તે તો કૃપાતકો છે એમ સમજાશે. આપણને એવા મળેલા પ્રસંગોથી આપણે વિશેષ જાગ્રત બનવાનું છે અને જીવનના ધ્યેયલક્ષી વધારે વેગવાળાં થવાનું છે. સાધકના જીવનમાં નરી શુષ્કતા કદી પણ પ્રગટેલી નહિ હોય. તે તો સદાય કોમળમાં કોમળ બનેલો હશે. તે સાથે સાથે તેના ધ્યેય પરત્વેની મક્કમતા પર્વત કરતાંયે વધુ કઠણ હશે. જીવનમાં કારુણ્ય, ઉદારતા, વિશાળતા, પ્રેમ વગેરેને સ્થાન છે, પરંતુ તે બધાં વાપરવાનાં છે ધ્યેયને ખાતર - અસત્ય કે પ્રકૃતિના નીચલા થરોને અપનાવવા ખાતર નહિ. ઊંધા સમજાઈશું, ઘાતકી લાગ્યા

કરીશું, એવું એવું બનવાનો સંભવ લાગે તોપણ ધ્યેયને યોગ્ય એવા સમતાભર્યા પ્રેમના ભાવયુક્ત વર્તનથી સામાને જીવનની સાચી સમજ અને ઉચ્ચ બાજુ દર્શાવી શકવાનાં છીએ એ વાત પણ અનુભવની છે. એક વખતે સામી વ્યક્તિને સાચો ખ્યાલ જાગી ગયો કે આપણને તેમાંથી ચસાવવું અશક્ય છે અને જો સાચેસાચ તેવું તેને લાગ્યું તો આખરે પોતાનો તંત તે મૂકી દેવાનું છે. છતાં ‘દોરડી બળે પરંતુ પોતાનો તંત તે મૂકે નહિ’, એવું પણ પ્રકૃતિનું સૂક્ષ્મ બળ રહ્યા કરે છે. શાંતમાં શાંત જ્ઞાનપૂર્વક જેટલું વધુ રહેવાય અને કશાની પણ અસર ન થાય તેવું વલણ રાખ્યા કરવા વિનંતી છે.

**પ્રિય બહેન,**

## સાધકને સાથ આપો

મન તે કંઈ એવું થોડું જ છે કે તે એકદમ માની જાય ? એ તો એની સામે યુદ્ધ કરવું પડે, એને હરાવવું પડે. બાકી, એ તો આપણાં પ્રકૃતિ - સ્વભાવનો પટ જેવો પડ્યો હોય, જેવી ટેવો પડેલી હોય, તે રીતે તે સંતોષાવા મથે છે. તેમ ન થતાં આપણને જે સંતોષતું ના હોય તેની સામે બળવો કરાવ્યા કરે છે, દિલમાં એક પ્રકારની અંધાધૂંધી પ્રગટાવે છે. તેથી, આપણે ભાન ભૂલીએ છીએ. પ્રેમના તત્ત્વને ભૂલીને આપણે સંપૂર્ણ મોહને વશ બની જઈએ છીએ. પ્રેમ આંધળો નથી. મોહ આંધળો છે. પ્રકૃતિના કે સ્વભાવના ઉશ્કેરાટમાં આપણે હોઈએ ત્યારે આપણને આપણો પોતાનો દોષ સૂઝતો નથી. અને બીજાનું આડુંઅવળું, ખરું કે કલ્પિત આપણને ઘણું ઘણું લાગ્યા કરે છે. આપણી કામનાઓ, આશાઓ, ઈચ્છાઓ વગેરે વગેરેના અનેક પ્રકારના સંસાર અને કલ્પના રચી રચીને તેનું ઘર આપણે ચણેલું હોય છે અને માંડેલું હોય છે. તેને ધક્કો લાગતાં આપણે દુ:ખી થઈએ છીએ, અકળાઈએ છીએ, મુઝાઈએ છીએ અને તેવી વેળાએ આપણી અંતરની સમજણનાં પડળ

બંધ થઈ ગયેલાં હોય છે. આવી વેળાએ સાચી સમજણના માર્ગથી આપણે પતન પામીએ છીએ અને તેનો ભોગ બીજાને કરવાને પણ આપણે મથીએ છીએ. આપણી મોહમાયાને અંગે કરી કોઈ મહાશક્તિની સામે થતાં તો ભોઠું જ પડાવાનું છે. ક્ષુદ્ર તણખલું પણ આ જીવ તો નથી. બાકી, પ્રભુની પરમ કૃપાથી જે હોઉં તે હોઉં. તમારે જો ના ઊડવું હોય તો ભલે જ્યાં હોવ તો બેઠાં રહેજો. બાકી, બીજાને પણ ઊડવા ના દેવાં તેવું કૃપા કરીને ના કરશો. નહિતર તો ભાંગી પડાશે.

'નહિ ઉડાયે પોતાથી પણ પ્રિયની વિમાનગતિ જોઈ', આપણે રાચીએ. જીવનવિકાસના યજ્ઞમાં હાડકાં તો ન જ નાખીએ.

## પૈસાનો લોભ નથી

પૈસાને લીધે અથવા તો જીવનની બીજી રીતે કેટલીક હાજતો તે મારી પૂરી પાડે છે તેથી હું આમ કહું છું તેવું તો કશું જ નથી. તે તો મને હમણાં મળ્યો અને ભગવાને આપ્યો. તો શું તે પહેલાંની મારા જીવનની આર્થિક મુશ્કેલીઓ, તે મળ્યો ન હતો ત્યારે ફીટી શકી ન હતી ? બીજા જીવોએ મારી સંભાળ લીધા જ કરી છે. ખૂબી તો એ હતી કે તે બધા જીવો તો સામાન્ય સંસારી હતા. આ જીવમાં આવા સાધકપણાની ગંધ સરખીયે તેમને તો ન હતી, જ્યારે તમને બધાંને તો મારા એવા જીવનનો કંઈક ખ્યાલ આવેલો છે અને પ્રભુકૃપાથી તમારાં બધાંની કંઈક સેવા એણે કરાવી છે તો થઈ શકી છે. તેથી, તમે કંઈક કશુંક કરો તો નવાઈ પણ નહિ. પૈસાને લીધે કશું કંઈ અટવાઈ પડ્યું હોય તેવું પ્રભુકૃપાથી હજુ સુધી તો નથી બની શક્યું. આમ, પૈસાને લીધે અમે અમુકને વળગેલા છીએ એ તો માત્ર તમારી ભ્રમણા છે, એ બધું સમજાવ્યે હૃદયમાં ઊતરે તેવું કંઈ થોડું જ હોય છે ? પ્રભુ આપણને સદ્‌બુદ્ધિ આપે અને જીવનના સત્‌ના માર્ગે દોરી જાય એ જ પ્રાર્થના.

---

હરિઃૐ ખાર, તા.૧૦-૧૧-૧૯૪૨

**પ્રિય ભાઈ,**

## શુભેચ્છા અને પ્રાર્થના

સમજાવવાની મારામાં તો કશી શક્તિ નથી. તમારે ગળે ઊતરે છે, કારણ કે તમારું હ્રદય એવું પ્રેમભીનાશવાળું, સમજવાને આતુર, જિજ્ઞાસા-ભાવનાવાળું બનેલું છે. એટલે જે સમજાય છે, તેની ખૂબી તો તમારા હ્રદયની જાગેલી ભાવનામાં રહેલી છે. એવું ઊર્ધ્વગામી હ્રદય સતત તમારું રહ્યા કરો અને જગતમાંના સત્ત્વને - પ્રકૃતિને - ચલાવતું એવું જે ચેતન, તેને અનુભવો ! એવું અનુભવવા માટેનાં સાહસ, હિંમત, ધગશ, ઉત્સાહ, બળ, વેગ, ગતિ, ધારણા વગેરે વગેરે જે જોઈએ તે તે પ્રભુકૃપાથી તમારામાં ઊપજ્યાં કરો એવી પ્રભુને પ્રાર્થના છે. એ માટે તમે જાગ્રતપણે કોઈ સ્થિતિમાં સંતોષ ન રાખીને મથ્યા કરો અને ધ્યેયલક્ષી વધુ ને વધુ ઉત્કટપણે પ્રવર્ત્યા કરો એવી તમારામાંના જગન્નિયંતાને પ્રાર્થના છે.

## પ્રભુની જ બલિહારી

તમારામાં થતો ફેરફાર તમને લાગે એ જ મારે મન મોટી વાત છે, કારણ કે એ જ હકીકત તેના સત્યને પુરવાર કરી આપવા માટે અને તેને અનુભવવા માટે પૂરતી છે. જીવનનું આમૂલાગ્ર પરિવર્તન સાધનાની ભૂમિકા ઊપજ્યા વિના શક્ય નથી. જે કંઈ મેળવવું છે તે સાધનાથી મેળવી શકાય છે. મેળવવાને માટે પુરુષાર્થ અનિવાર્ય છે. કૃપા કરી તમારે મારી કશામાં ગણતરી ન ગણવી. હું તો સાવ નાચીજ છું. એ વહાલાનો પ્રિય થવાવા માટે જો કંઈ ઉપયોગ થઈ શકતો હોય અને એવું થવાવા માટે જે કંઈ એમાં જોવાપણું રહ્યું હોય તો એ બધી એની ખૂબી, બલિહારી છે. આપણે માનવીને મોટો બનાવવાનો નથી, પરંતુ એની દ્વારા ઈશ્વરને મોટો જોવાનો અને અનુભવવાનો છે.

## સાધકનાં કર્તવ્યો

મનની સાથે ઝઘડ્યા વિના સાધકનો કદી આરો આવવાનો નથી. સ્વભાવને પલટાવવાનો છે અને તેમ કર્યા વિના યમુનાની ગતિ ઊલટી થઈ શકવાની નથી. શાંતિ, સમતા અને તટસ્થતા દઢાવી દઢાવીને જેમ જેમ સંગ્રામ કરતા જઈશું તેમ તેમ પ્રકૃતિનું બળ પણ વધારે ઊભરાવાનું છે. એવી સંગ્રામની વેળાએ શાંતિ, સમતા અને તાટસ્થ્ય આપણામાં જાગેલાં અને જીવતાં થયેલાં હોવાથી, આપણાં પ્રકૃતિ અને સ્વભાવ તેમ જ બીજાનું તેવું તેવું સમજાયા વિના રહી શકાવાનું નથી. પછીથી ગમે તેવીયે પ્રકૃતિની સૂક્ષ્મમાં સૂક્ષ્મ ચાલ પણ આપણને આડફંટે દોરી શકવાની નથી. અંતર્બહિર્ પ્રવર્તતી સર્વ વૃત્તિઓનું અવલોકન શાંતિ, સમતા અને તટસ્થતાથી કર્યા કરીશું તો સ્વરૂપ કે વૃત્તિનાં મૂળ સમજવાં સરળ થઈ પડવાનાં છે. એકવાર તેવું સમજાયું તો એનાં મૂળને પકડીને એની ઉપરવટ થવા માટે જોઈતાં બળ, ઈચ્છાશક્તિ, એકાગ્રશક્તિ વગેરેનો જ્ઞાનપૂર્વકનો ઉપયોગ ત્યાં કરતા રહેવાનો છે. અને આવો ઉપયોગ થવાથી પ્રકૃતિ પ્રમાણે નહિ વર્તવામાં આપણે સમતા જાળવી શકીશું. આમ, આપણે ધારીશું ત્યારે પ્રકૃતિના વર્તનને મુદ્દલે સંમત પણ નહિ થઈએ તેમ તેને નમતું પણ નહિ આપીએ. નિશ્ચયનું એકાગ્ર બળ આપણે ધારણ કરવાનું છે. નિશ્ચયની દઢ મક્કમતાની ધારણા જીવનમાં સૂર્યના તાપની પેઠે પ્રગટી ગયેલી હોવી જોઈએ. મક્કમતા એટલે અડગપણું તથા ધારણા એટલે એની પાછળના જ્ઞાનની સમજ, - અને તે પણ સતત એકધારી કાર્યસાધકતાયુક્ત સમજ. આવું જીવનસાધનાનું સ્વરૂપ થઈ જવું ઘટે. એ તો જ્ઞાનભક્તિપૂર્વક વર્તન કર્યા કરવાથી તેનામાં જીવન-ચેતન પ્રગટે છે.

મુંબઈમાં મારું રહેવાનું તો લંબાતું ચાલ્યું. શરીરનું વજન ઘટતું જાય છે. પોલીસનો ત્રાસ પણ વધતો જાય છે. જ્યાં ને ત્યાં લાઠીમાર થયા કરે છે. લોકો ત્રાસગ્રસ્ત અને ભયગ્રસ્ત બન્યા છે.

(ઝૂલણા છંદ)

માનવી ગૂઢમાં શીશ ફોડ્યા કરે, ગૂઢ તેથી ન ઊકલી શકે છે,
વિરલ કો વીર તે ગૂઢ સમજી શકે, લાગતાં લગની તેને વરે છે,
ઈશના ઘરતણી ભૂખ જાગી ઘણી, એથી તે ભાવનો યંત્ર બનશે,
ગૂઢની ગૂઢતા આમ આકર્ષતી, સર્વને એમહીં એમ પ્રેરે.

---

હરિઃૐ   ખાર, તા.૧૩-૧૧-૧૯૪૨ રાત્રે

**પ્રિય બહેન,**

## કસ્તુરબાનું દૃષ્ટાંત

કોઈ સાધક સૂચનો પ્રમાણે ન વર્તતો હોય છતાંયે છેલ્લામાં છેલ્લી હદ સુધી એની સાથે હૃદયથી રહું - તેનાથી આગળ પણ જઉં જો જવાય તો - પરંતુ સંબંધ તો તોડાય જ કેમ ? ધારો કે તેવો કોઈ સાધક મને નકારે, મને ફેંકી દે, તિરસ્કારે તોપણ મારાથી તો બીજું થઈ જ ન શકે. આપણે ગમે તેવા થઈ જઈએ છીએ તોપણ ભગવાન આપણને શું નકારે છે ? ખરાબ છોકરાને શું મા ફેંકી દેવાની છે ? કિંતુ જે સાચી મા હોય તે એવા ખરાબ છોકરાને - એની રીતને - ઉત્તેજશે તો નહિ જ. પૂજ્ય કસ્તુરબા, હરિલાલને રખડવા દે છે. પૂજ્ય ગાંધીજી એવાને સંઘરે નહિ, કારણ કે આદર્શ પ્રમાણે તે જીવવા તૈયાર નથી. કસ્તુરબાના હૃદયમાં તેથી શું ઘા નહિ હોય કે ? આપણે તૈયાર છીએ એવું વર્તવા ? આપણે તો કેટલીયે દલીલો અને તર્કો કરીશું, - 'શું મારા છોકરાને રાખવાનો મને હક્ક નથી ? તમારો સિદ્ધાંત તો શું મારો સિદ્ધાંત નહિ ?' કસ્તુરબાએ કદી પણ એવી રીતે પોતાના સિદ્ધાંતને આગળ ધર્યો છે ખરો ? ગાંધીજીના જીવનઆદર્શને પોતાના જીવનમાં અપનાવી લેવા પોતે મરી મથ્યાં છે, જ્યારે આપણે તો આપણું ફેલું જ્યાં ત્યાં આગળ ધર્યા કરીએ છીએ અને પાછા પ્રેમની વાતો કરીએ છીએ.

## પ્રેમનાં લક્ષણ

પ્રેમમાં તો ત્યાગ, બલિદાન અને સમર્પણ રહેલાં છે. પ્રેમનું જોવાપણું સદાય ગગનગામી હોય છે. પ્રેમ નીચે જુએ છે ખરો, પરંતુ તે નીચેનાની દૃષ્ટિને ઊર્ધ્વગામી કરવા માટે નીચેના તેના અવતરણમાં નીચેનાને ઊંચે પ્રેરાવવાને માટે. એવો તેનો તેમાં જીવતોજાગતો ઉત્કટ હેતુ હોય છે. જીવનની ઉચ્ચ અભિલાષાને આદર્શની ભાવનામાં આકાર પમાડવી અને એવા આદર્શ પાછળ સારાયે જીવનને જ્ઞાનભક્તિપૂર્વક ફના કરી દેવું અને તેમાં આનંદ માણવો, તે જેવા તેવા શૂરાતનની વાત નથી. કોઈની કે પોતાની પ્રકૃતિનું ચાલે તો સાધકને તે પ્રભુના પથેથી જરૂર ખસેડાવી દે.

બીજા કોઈની પ્રકૃતિ દ્વારા કે પોતાની દ્વારા સાધકને ખરેખરી અને પૂરેપૂરી કસોટી થઈ જાય તે જરૂરનું છે. કશામાંયે બેળે બેળે દોરાવાથી બળતરા ઊભી થાય છે અને એવી સ્થિતિમાં કશી પ્રગતિ સાધી શકાતી નથી. દિલમાંનો ધૂંધવાતો રહેલો અસંતોષનો અગ્નિ જીવનને ક્લેશવાળું અને દુઃખી બનાવ્યા કરે છે.

### ત્યાગ

પોતાને જે કંઈ કરવાપણું ઘટતું હોય તે પૂરેપૂરી ધર્મની જાગ્રત દૃષ્ટિથી કરે જ કરે. જે કંઈ કરે તે હૃદયના પ્રાણઉત્સાહથી કરે, વિકાસની ભાવનાથી કરે. કિંતુ તે કરવાથી કરીને એને ક્યાંયે પડવાપણું ન હોવું ઘટે. એવું થાય ત્યાં તો હૃદયના સમગ્ર બળથી ઉત્કટ સામનો આદરવો ઘટે, તે એવી રીતે કે સામેનાને બની શકે એટલો ઓછામાં ઓછો ધક્કો લાગ્યા કરે. એને પણ પૂરું સમજી લે. અને સામાના વર્તનનો મેળ કેમ ખાઈ શકતો નથી તે વિશે પોતાના દિલમાં સમાધાન મેળવી લે. અત્યાર સુધી જેને આપણે ત્યાગ માનતાં હતાં તે ત્યાગ ન હતો.સાચો ત્યાગ તો આનંદમાં પરિણમે. બેળે બેળે થયા કરેલું હોય તેને ત્યાગ ન કહી

શકાય. પોતાના ધર્મ તરીકે આનંદથી, ઉત્સાહથી જેની પાછળ કોઈ પણ જાતનું બબડવાપણું ના રહ્યું હોય, તેવી રીતે થયા કર્યું હોય અને જે કર્યાથી હૈયું નિર્મળ થતું હોય, હળવું બનતું હોય, શાંત થતું હોય, હૃદય હૃદય વચ્ચેનાં અંતર સમેટાતાં હોય, પરસ્પરમાં પરસ્પરથી જીવનમાં રસ જામ્યા કરતો હોય ત્યારે તે બધું ત્યાગથી થયા કર્યું છે તેમ સમજી શકાય.

## પ્રેમ

ત્યાગના અંતરમાં તો પ્રેમની ઉગ્ર ભાવના રહે છે. પ્રેમમાં અનંત શક્તિ છે. પ્રેમ તો સર્વ કાંઈમાં અને સર્વ કોઈમાં હળી શકે છે, મળી શકે છે, ભળી શકે છે. તેમ છતાં પાછો નોખો પણ રહી શકે છે. એને તો જે તે બધાંની સાથે સુમેળ છે, પરંતુ તેથી કરીને તેના સંબંધમાં આવનાર જે તે બધાંની પ્રકૃતિને નથી ઓળખતો એવું નથી હોતું. પ્રેમમાં બીજાના વિચારને સ્થાન નથી એવું નથી. પ્રેમમાં ઉદારતા છે, વિશાળતા છે, સહનશીલતા અને સહિષ્ણુતા છે, ધીરજ પણ છે. પ્રેમનું જીવન ત્યાગ, બલિદાન અને સમર્પણનું બનેલું છે. પ્રેમમાં પ્રકૃતિની વૃત્તિ નથી. પ્રેમનો સ્વભાવ દૈવી પ્રકારનો છે. જીવનને હોમાવાપણું પ્રેમની ભાવનામાં રહેલું છે. ફનાગીરી એ પ્રેમનું લક્ષણ છે.

## પ્રેમમાં ભોગનું સ્થાન

પ્રેમમાં ભોગનું સ્થાન છે, પરંતુ એ ભોગ દ્વંદ્વ અને ગુણની દશાનો નથી અને જીવપણાનો પણ નથી. સંપૂર્ણ ત્યાગ કરી કરીને, જ્ઞાનભક્તિપૂર્વક બલિદાન આપી આપીને, ચેતનમાં પ્રગટવા માટેના હેતુનું જ્ઞાન રાખીને સર્વ પ્રકારે, સર્વ ભાવે સંપૂર્ણ સમર્પણ થઈ ગયા પછીથી જે કક્ષા પ્રગટે છે, તે કક્ષામાં એકનિષ્ઠા પ્રગટી ગયા કેડે, યજ્ઞની શેષ રહેલી પ્રસાદી તરીકે તેમાં ભોગને સ્થાન છે. એ ભોગને ભોગ તરીકે કહેવો એ પણ બરાબર નથી, કારણ કે તેવા ભોગને આપણે બધા જીવો કલ્પનામાં કે સમજમાં ઉતારી શકવાનાં નથી.

## પ્રેમનાં પરિણામ

પ્રેમની ભાવના જીવનના વર્તનમાં જેમ જેમ ઊતરતી જશે તેમ તેમ જે કંઈ ભેદો, ગેરસમજૂતીઓ, અન્યથાપણું વગેરે વગેરે પડ્યાં રહેલાં હશે, તે બધાં ધીમે ધીમે રજા લેવા લાગશે. જે કંઈ કરવાનું રાખીએ તેમાં કોઈનો ભય ન રાખીએ. અતડાપણું, સૂગ વગેરે છોડી દઈને જે કરવું હોય તે કરીએ. કોઈનાથી બીજી રીતે ચાલવાનું હોય તો તે પણ ભય છોડીને કરીએ. તેમાં ક્યાંયે અવિવેક કે ઉદ્ધતાઈ ન હોય.

## મુશ્કેલીથી તો ઉત્સાહ વધવો ઘટે

ઉઘરાણાની રકમ રૂ.૭૨૦૦/- સુધી આવી છે. ઘણું રખડવું પડે છે. ચાલવાનું પણ ઘણું થાય છે. આ ફાળો ઉઘરાવતાં ઘણા જીવોની પ્રકૃતિનો અનુભવ થયો છે અને થાય છે. ફાળો ઉઘરાવવાનું કામ અણજાણ અને લાગવગ વિનાના માનવીને માટે મુદ્દલે સરળ નથી. મુસીબતો તો ઘણી પડે છે, પરંતુ કરવા ધાર્યું છે એટલે એમાં મંડ્યા જ રહેવાનું છે. જેમ જેમ મુશ્કેલી આવે છે તેમ તેમ ઉત્સાહ પણ વધે છે, એ ભગવાનની પરમ કૃપા છે.

## જુવાનીની તક ઝડપો

જોબનિયું તો ચાર દિવસનું ચાંદરણું છે. અમારે તો પ્રભુકૃપાથી જોબનિયાને આત્માની એંધાણે પેખવાનું છે. જોબનિયું તો આજે આવ્યું અને કાલે જવાનું છે. સંસારીને મન તે અમર છે. અમારે તો પ્રભુકૃપાની ચેતનાશક્તિથી તેને ફાટું ફાટું રાખવું છે તો તે ખર્ચાઈ ગયે કેમ કરીને ટકી શકે કે રહી શકે ? જે કરી લેવાનું છે તે અત્યારે જ કરી લેવાનું છે. જે કંઈ મંડવાનું છે તે જોબનિયામાં જ મંડવાનું છે. જુવાનીનો કાળ તો અમારે દિલ આત્માની એંધાણો પારખવાનો સમય છે. એટલે તે કાળ તો સંપૂર્ણ જાગૃતિથી, સાવધાનીથી ખાંડાની ધારે ખેલવાનો છે. એના મહત્ત્વનો સંસારી જીવને ખ્યાલ સરખો પણ આવી શકે તેમ નથી.

જોબનિયું એ જીવનનો સર્વશ્રેષ્ઠ કાળ છે. એ કાળમાં જીવનના સ્વપ્નને પોતે આકાર આપી શકે છે. એ કાળને જે જીવ યદ્વાતદ્વા વેડફી દે છે, તે કશું કરી શકવાનો નથી, તે જાણશો.

---

હરિઃૐ ખાર, તા.૧૬-૧૧-૧૯૪૨

(અનુષ્ટુપ)

હૈયામાંની વરાળોને પૂરી ના રાખવી કદી,
ભરેલું અંતરે જે હો, તે કરી દેવું વ્યક્ત સૌ.
દોષ જો આપણો તેમાં હશે, તો નજરે ચઢી,
ભુલાવામાં હતા ક્યાં તે સમજાશે હૃદે વળી.
ભરી જો કાંઈ રાખ્યું તો જોશ તે પકડી વધુ
- ગાંઠરૂપે બની, એ તો સાણસે જકડાવશે.
સદા ખાલી રહેવાનું દીધા ઠાલવી સૌ કરી,
ફેર સમજણે એથી આપણામાં થયા જશે.
તત્પર ર્‌હેવું ભૂલો સૌ આપણે તો સ્વીકારવા,
ભૂમિકા બદલાવાને રહેશે સ્થાન તો સદા.
થતાં એમ જશું જેમ તેમ તેમ પરંપરા
- આવી નવી નવી પોતે સત્ય ગૂઢ બતાવશે.
ગ્રહવા સત્યને જેવા ઉમંગી હશું આપણે,
ભેટવા સત્ય ર્‌હે ઘેલું જણાઈ તે જશે હૃદે.
સમજવાનું ના ર્‌હેશે સમજાતું બધું રહે,
તૈયારી એટલી તેવી આપણે રાખવી ઘટે.
સાધનામાં ઘણું મોટું એ જ સાધન એક એ,
બીજું સર્વ મળી ર્‌હેશે, જો એ તત્પરતા હશે.

તમન્ના, સત્ય, જિજ્ઞાસા આપોઆપ વધારશે,
સૂઝશે માર્ગ સર્વે ત્યાં આગળે કેમ ત્યાં જવું.
ગુરુ પોતે જ પોતાના થવાશે એ રીતે સદા,
અંતર્યામી રહેલો જે ગૂઢ વ્યક્ત જશે થયા.
મર્યાદા આપણી જે કૈં વિસ્તાર પામતી જશે,
ખુલ્લું સર્વ જણાશે ને ભેદ તે સર્વ ભાંગશે.
વિવેક નિર્ણયે શક્તિ આપશે આપમેળ તે,
પ્રયોગે વીર તે શૂરો પોતે એવો બની જશે.
શંકાઓનું સમાધાન એવાને થતું ત્યાં રહે,
ઉચાટ ના કશી વાતે એને ર્‌હેશે કંઈ હૃદે.
નિશ્ચળ નિશ્ચયી એવો સર્વદા સર્વમાં થશે,
ગડભાંજો રહે ના કૈં એવાને દિલમાં પછે.
ઉકેલ્યા તાર પોતાના નિશ્ચલ શાંતિથી કરે,
કશું ના વળગી એને થશે ઉપાધિરૂપ તે.
રમમાણ રહે એવો પોતાનામાં જ સર્વદા,
પ્રવૃત્તિ સર્વ એવાની એને વેગ જ પૂરશે.
ઈશ્વરી ભાવનામાં તે પરોવી દિલ રાખશે,
સર્વ કર્મો થતાં ર્‌હેશે ગૌણ રીતે, સમર્પીને.
પ્રભુને શરણે એવો રહ્યા ઉમંગથી કરી,
આત્મનિવેદનો એને ભાવે નિત્ય કર્યા જશે.
પ્રભુને અંજલિ આપ્યા વિના એને ન ચાલશે,
સ્વભાવ એમ એવાનો આત્મામાં પરિણામશે.
પુરુષાર્થે રહેવાનું કૃપા માગ્યા કરી હૃદે,
કૃપાને મુખ્ય માનીને પોતાનું કરવા મથે.

એની કૃપા વિના કૈંયે થવું શક્ય નથી જગે,
પાકો નિશ્ચય એવો તે થવો ત્યાં જોઈશે હૃદે.
અહંતા તો જ પોતાની ઓછી એ રીતથી થશે,
બાકી તો ત્યાં અહંકાર સંભવ વધવા પૂરો.
હકીકતે કૃપા એની ભજવે બહુ ભાગ, તે
- અનુભવે જણાશે ને મનાશે સત્ય તે સમે.

(ઉપજાતિ)

કૃપા પ્રભુની કરી શું રહી છે !
ન ભાન એનું કશું માનવીને.

---

હરિઃૐ ખાર, તા.૨૨-૧૧-૧૯૪૨

પ્રિય ભાઈ,

તમારો કાગળ મળ્યો છે. લખેલી હકીકત વાંચી છે. આજે શ્રી જીવણલાલ મોતીચંદ ઍલ્યુમિનિયમવાળાને ત્યાં ફાળા સારુ ગયો હતો. તેમને ત્યાં પૂજ્ય ગાંધીજીના નિકટના સહવર્તી તરીકે જેમણે ઘણાં વર્ષો ગાળેલાં છે અને જેઓ ગુજરાતી ભાષાના એક સારા વિદ્વાન લેખક તરીકે જાણીતા છે, તેઓ પણ ત્યાં બેઠેલા હતા. તેઓ કદાચ સ્વાતંત્ર્ય યુદ્ધની ભૂગર્ભની પ્રવૃત્તિમાં હોય, કારણ કે ખુલ્લે ખુલ્લા જો બહાર રહ્યા હોય તો સરકારે તેમને જરૂર પકડી લીધા હોત. મેં તો શ્રી જીવણલાલભાઈને હાલની પરિસ્થિતિની બધી હકીકત જણાવેલી અને એમ પણ કહ્યું કે ‘આ કામકાજ એક શુદ્ધ ધર્મભાવનાથી પ્રેરાઈને પ્રભુકૃપાથી કરી રહેલો છું. મુંબઈનું બસ-ગાડી વગેરેનું ખર્ચ પણ પદરનું છે. કંઈ પણ વેતન વિના માત્ર પ્રભુપ્રીત્યર્થે આ કામ માથે લીધેલું છે, આટલું કહેવાનું પૂરું થતાં પેલા બેઠેલા વિદ્વાન વડીલ સ્વજને કહ્યું કે ‘હાલની પરિસ્થિતિમાં બીજી કોઈ પણ પ્રવૃત્તિને સ્થાન નથી. સારાયે

હિંદુસ્તાનનું લક્ષ એકાગ્ર અને કેંદ્રિત આ પ્રવૃત્તિમાં જ રહેવું જોઈએ. તેવા સમયે તમે આ વળી બધું કાં લઈ બેઠા છો ?' આવી જાતનું ઉત્તેજિત બનીને અર્ધા કલાક સુધી મને પ્રવચન કર્યું. પ્રભુકૃપાથી શાંત અને મુગ્ધભાવે તે બધું સાંભળ્યા કર્યું. તેમનું સંભાષણ પૂરું થયા પછીથી શ્રી જીવણલાલભાઈને ફરી મેં વિનંતી કરી કે 'આ કપરા કાળમાં આશ્રમોનાં બાળકોને સારુ અને હરિજનની ઇતર પ્રવૃત્તિઓને ચલાવવા માટે નાણાંની ઘણી જરૂર છે. જે કર્મને માટે પોતાની પસંદગી છે અને જે કર્મને જે વરેલો છે, તે કર્મ તેને માટે શ્રેષ્ઠ છે.' તેમણે મને... રકમનો ચેક આપ્યો. તેમનો આભાર માની ત્યાંથી રવાના થયો.

પેલા વડીલ સ્વજનને તે પછી મેં નીચે મુજબની એક કવિતા લખીને સૌ. હર્ષદાબહેન મારફતે મોકલી આપી.

## શક્તિનાં રમકડાં

(શિખરિણી - મંદાક્રાંતા)

ઘડાયે છે, જે જે નિજ જીવનમાં દુઃખને શીર્ષ વ્હોરે,
ઘડાયે છે, જે જે અવર જનને કારણે યજ્ઞ માંડે,
ઘડાયે છે, જે જે નિજ જીવનને પ્રેમભાવે સમર્પે,
ઘડાયે છે, જે જે નિજ જીવનને ભેટ માની જ વર્તે.

ઘડાયે છે, જે જે નિજ જીવનમાં ટોચ-આદર્શ રાખે,
ઘડાયે છે, જે જે નિજ જીવનને લક્ષ્યવેધી બનાવે,
ઘડાયે છે, જે જે નિજ જીવનના હેતુ કાજે જીવે છે,
ઘડાયે છે, જે જે સતત નિજનો ભાવ એમાં ધરે છે.

'ઘડાવાને માટે પરિસ્થિતિ મળે સર્વને વિશ્વમાંહે,'
થતું એ હેતુનું નિજ હૃદયમાં ભાન કો ધન્ય વેળે,
છતાંયે ડૂબેલો નિજ રસમહીં માનવી ખોઈ બેસે,
ઘરેડે પોતાની નિજ જીવનને શો ઢસેડ્યા કરે તે !

જનો જેને સેવા અવર જનની માનતા, તેમહીંયે
-કંઈ રાગદ્વેષો તહીં પડી રહ્યા કોણ જાણી શકે તે ?
મહત્ત્વાકાંક્ષાએ નિજ હૃદયની શુદ્ધતાથી ભરેલી
- પડેલા સેવામાં, નિજ જીવનના તત્ત્વનું શ્રેય પામે.

ખરો સેવાર્થી તે નિજ મન સદા જે ઉકેલ્યા કરે છે,
થરો કેવા કેવા મનમહીં ભર્યા, તે સદા જે નિહાળે,
નિહાળ્યાથી એવું નહિ કંઈ વળે ખાલી જો તે નિહાળે,
ઘડાશે એવો જે વિરલ વીરલો યુદ્ધ તે સાથ માંડે.

નથી સેવા પોતે નિજ પટમહીં એકદેશીય ક્યાંયે,
રહ્યાં સેવામાંયે વિવિધ રીતનાં લક્ષણો, ક્ષેત્ર, દિશા,
ખરી સેવા એ તો નિજ જીવનને સર્વતોમુખી રાખે,
રૂંધી ના રાખે કો નિજ જીવનની એક બાજુમહીં તે.

કરે સેવા પોતે અવર જનની તે જ જે સત્ય માને,
થતી સેવા કેવી નિજ જીવનની તે ન તેઓ તપાસે,
વરેલા જેઓ છે નિજ જીવનમાં સત્યને કોઈ રીતે,
તહીં તેઓ સત્યે નિજ જીવનમાં સર્વ અંગો તપાસે.

કરે છે સેવા જે નિજ જીવનમાં માત્ર સેવાની કાજે,
નથી કોઈ વાંછા અવર પણ કૈં એક સેવા વિના ત્યાં,
કદી જો તે સેવા પણ નવ કરે સર્વઅંગી વિકાસ,
રહેલી ત્યાં ખામી કહીં પણ કંઈ જાણી લેવી ઘટે જ.

(મંદાક્રાંતા)

'પોતે જે જે કંઈક કરતા તે જ છે માત્ર સાચું,
તે વિનાનું અવર કંઈ જે સત્યની ખામીવાળું,
પોતા વિના ભ્રમિત મતિનાં જે બીજાં ચાલનારાં,'
સેવાભાવી કંઈ કંઈ દીઠા માન્યતા એવી વાળા.

જેણે સાચું નિજ જીવનનું કાર્ય જે ઊર્ધ્વગામી
માન્યું, તેમાં નિજ જીવનનું સર્વ કાંઈ સમર્પ્યું,
છોને ફાવે કંઈ પણ ભલે ક્ષેત્ર તે હો ગમે તે,
સેવા એવો પણ જગતની એની રીતે કરે છે.

જેનાથી કૈં જગત પરનાં સર્વ સામાન્ય એવાં,
જેઓ જેઓ નિજ જીવનમાં કૈંક સામર્થ્ય પામ્યાં,
એવી શક્તિ ગૂઢ, સકળને જે રમાડી રહી જ્યાં,
તે શક્તિનાં સહુ રમકડાં આપણે તો બિચારાં.

આ મારી કવિતા વાંચીને તેમણે નીચે મુજબનો પ્રત્યુત્તર આપેલો છેઃ

મુંબઈ, તા.૨૦-૧૧-૧૯૪૨

'સ્નેહી ભાઈશ્રી... તમારી કવિતા મને મળી. વાંચી ઘણો રાજી થયો. કર્મ એ જ યોગ અને એ જ જીવનનું સાચું રસાયણ છે. સેવા સીડી છે, કર્મ સામગ્રી છે. માણસ સતત કર્મ અને સતત સેવા કરીને જ ઘડાય છે, એ તમારી ભાવનામાં હું મળતો છું. તમારી આગળ મેં મારા અંતરના ઉદ્‌ગારો કાઢ્યા, તે એટલા જ હેતુથી કે દરેક સાચો માણસ પોતાના અંગીકૃત કાર્ય પાછળ મરી છૂટતો હોય ત્યારે બીજા કશા તરફ વળવા, જોવા કે વિક્ષેપ પામવાનો એને અવકાશ જ ન હોવો જોઈએ. છતાં સૌ સૌનાં અંગીકૃત કર્મો જુદાં જુદાં હોઈ શકે. માણસે કરેલી પસંદગી યથોચિત થઈ છે કે કેમ તે બીજાએ ન જોવું પોતે જ જોવું.

'તૃણાદપિ સુનીચેણ તરોરિવ સહિષ્ણુતા'

તરણાની પણ નીચે રહેવાની નમ્રતાવાળા અને તરુવર જેટલી સહનશીલતાવાળા સેવકો સમાજના ભૂષણરૂપ છે. તમારાં કામમાં તમને સફળતા ઇચ્છું છું.

લિ. સેવક...

આવો તેમનો કાગળ મળ્યો તેથી ઘણો આનંદ થયો છે. તેમણે સાચી વસ્તુ સ્વીકારી અને સદ્ભાવયુક્ત નમ્રતા દાખવી, એ સદ્ગુણ આપણને સદ્બોધરૂપ છે.

## અનુભવી જ કર્મનો વિવેક કરી શકે

શ્રી જીવણલાલભાઈને હું તો ઉદ્દેશી રહ્યો હતો. મને કહેવા - કરવાનો ધર્મ શ્રી જીવણલાલભાઈનો હતો. વચ્ચે પેલા સેવક ભાઈને ટપકી પડવાનું કોઈ કારણ ન હતું, પરંતુ આ ૧૯૪૨ના સમયમાં દેશની આઝાદી માટેની પ્રગટેલી તમન્નાએ તેમને આ રીતે બોલવા પ્રેરાવ્યા. કર્મનો વિવેક કેટલો સૂક્ષ્મ છે, તે અનુભવી વિના કોઈ ન પ્રીછી શકે.

---

હરિઃૐ ખાર, તા.૨૩-૧૧-૧૯૪૨

## મંથનની આવશ્યકતા

પ્રિય બહેન ! જીવનવિકાસાર્થે મંથન જરૂરી છે. જ્ઞાનપૂર્વકનું ઉત્કટ મંથન પ્રગટ્યા વિના રગશિયા જીવનમાંથી નીકળી શકવાનું બનવાનું નથી. જીવનમાં આંચકો જ્યારે લાગે છે ત્યારે સફાળા જાગી જવાય છે. જીવનમાં કોઈ નવો ફેરફાર પ્રગટાવવાને એવા ઉત્કટ આંચકાની પણ જરૂર હોય છે. જે જીવ એવા પ્રસંગને હૃદયના ઉમળકાથી સ્વીકારે છે, તે તેનો લાભ પણ પામી શકે છે. એવી નવી પ્રગટતી પરિસ્થિતિને મળેલી જોઈને જે જીવ દુઃખી થાય છે, સંતાપ પામે છે, તેનો કશો શુક્કરવાર વળતો નથી. આપણે આપણી જાતને બરાબર સમજવી જોઈએ. ક્યાં ક્યાં મમત્વ આપણને પકડીને પડેલું છે, ક્યાં ક્યાં કામ, લોભ, મોહ, મદ, મત્સર અને અહંકાર આપણને જકડાવીને તે પ્રમાણે વર્તાવી રહેલાં છે, તે બધું સમતાથી, તટસ્થતાથી ઊંડા ઊતરીને આપણે તપાસવાનું છે. આપણી પ્રકૃતિનું પૃથક્કરણ નિર્દયપણે કરીને તેમાં જે જે પડેલું છે, તેનું યોગ્ય નિરાકરણ કરી ઉચ્છેદન કરીએ. આપણે

આપણી જાતને પૂરેપૂરી તપાસવી પડશે. આપણે આપણને સતત હૃદયથી સમજવાને પ્રયત્ન કર્યા કરવાનો છે. બધી બાબતમાંથી બધાં તરફનો ભય છોડી દેવાનો છે.

## સ્વભાવનું ભારે બળ

આપણામાં શક્તિ છે, સમજણ પણ છે, પરંતુ તેનો ઉપયોગ સ્થૂળમાં જકડાઈ રહેવામાં થઈ રહેલો છે અને તેને વળગીને પડી રહેવાનું બનેલું છે. તેમાંથી છૂટવાને ધક્કો લાગતાં આપણે બળવો કરીએ છીએ. એવું સ્વભાવનું બળ આપણા ઉપર પ્રવર્તે છે અને એથી કરીને આપણામાં દુઃખ, સંતાપ, ક્લેશ વગેરે જન્મે છે.

## શ્રદ્ધા રાખો

જીવનમાં જ્યાં ને ત્યાં ફેરફાર છે. ઉત્સવ ગણીને આનંદથી ફેરફારને જે વધાવીને સ્વીકારે છે, તેના જીવનમાં તેવા ફેરફારથી નવાં મૂલ્યાંકનો પ્રગટે છે, જીવનમાં એક પ્રકારનો આહ્‌લાદ પ્રગટે છે અને એવાને જીવન ભર્યું ભર્યું લાગે છે. જીવનમાં કામ, મોહ, સ્વાર્થ એ મહત્ત્વના નથી. એ તો જીવનને વિચ્છેદે છે. જ્યારે પ્રેમનો ભાવ ઘણો મહત્ત્વનો છે અને એ જીવનના ભેદ ટાળીને જીવનને સમરસ, સમૃદ્ધ અને એક બનાવે છે. સ્થૂળ સમર્પણની બાબતમાં મને વિગતવાર લખશો. સ્થૂળ સમર્પણ એ બધી શી વાત છે. તેની મને કશી સમજણ પડી નથી, પણ તેમાં આપણે ગભરાવાની શી જરૂર છે ? જે કંઈ મારું છે, તે શું તમારું નથી ? આપણે સર્વ પ્રકારે નિશ્ચિંત રહેવાનો પ્રયત્ન કરવો. આપણું કશું જતું રહેવાનું નથી. આપણે જો શ્રીભગવાનને શરણે ગયા કરવાનું જ્ઞાનભક્તિપૂર્વક કરીશું તો તે બધું જ આપણું સંભાળતો રહેશે. પેઢી ઉપર એકલા મુનીમને મૂકીને એના ભરોસે અને વિશ્વાસે લાખો રૂપિયાના વેપાર કરતા શેઠ આ જગતમાં પડેલા છે. એ તો અનુભવની હકીકત છે. તો શું આપણે એના ઉપર એટલો ભરોસો નહિ રાખી શકીએ ?

## સ્થૂળનો પ્રેમ એ પ્રેમ નથી

ભાઈ... સ્થૂળ સમર્પણની વાત કરે તેમાં આપણે ઘેરાઈ જવાનું કશું કારણ નથી. તેથી આપણું શું જતું રહેવાનું છે ? આપણે કોને વર્યાં છીએ ? એને કે એની મિલકતને કે એની માલમતાને ? એને કંઈક ભારેમાં ભારે ખોટ ગઈ હોત તો આપણે શું કરત ? તો શું આપણે એને છોડી દેવાનાં હતાં ? એનું જે હોય તેનું તે પ્રેમથી જે યોગ્ય લાગે તે કરે અને તેમાં આપણો હૃદયનો સહકાર હોય તે આપણા માટે યોગ્ય છે. મેં કોઈને આ બાબતમાં કંઈ કશું કહ્યું નથી. પ્રભુકૃપાથી મળેલું સ્થૂળ પણ વળગાડ તરીકે આપણને વળગેલું ન હોય તે આપણા માટે ઈષ્ટ છે. એનો રળનાર એ તો આપણો આત્મા હોય. આત્મા ખોઈએ તો બધું ખોઈએ. નર હશે તો તે તો મેળવતો રહેવાનો અને ખોતો પણ રહેવાનો. જીવનવહેવાર ચાલ્યા કરે છે અને ચાલ્યા કરવાનો. બધાંનો વહેવાર પણ આપણી દૃષ્ટિ પ્રમાણે જગતમાં ક્યાં ચાલે છે ? અને કેટલાંકનો તો મુદ્દલે ચાલતો નથી. તો શું તેઓ તે કારણે મરી જાય છે કે ? જગતમાં જીવ સ્વભાવવાળા લોકના વહાલનું દૃષ્ટિબિંદુ તો સ્થૂળમાં જ રહેલું હોય છે. લોકને પોતાના પ્રિય કરતાં તેમનું પેલું સ્થૂળ વધારે વહાલું લાગે છે. આપણા પ્રિય કરતાં એ સ્થૂળ આપણને વધારે જકડાયેલું છે. જગતનો પ્રેમ એ એમને મન પ્રેમ ભલે હોય, પરંતુ પ્રેમની સમજણ અને તેની ભાવના કોઈ ઉચ્ચતર પ્રકારની છે.

## સમર્પણયજ્ઞ

સમર્પણનો યજ્ઞ આ જગતમાં જાણેઅજાણે સતત ચાલી જ રહેલો છે. એક પળ પણ તે અટકતો નથી. એકબીજાનું ઘસાયા વિના આ સંસારમાં ચાલી શકતું નથી. એવા ઘસાવાની પાછળ જ્ઞાનપૂર્વકની ભાવના જો પ્રખરપણે જીવતી થયેલી હોય તો તે સાચો સમર્પણયજ્ઞ

ગણાય અને તેમાંથી જીવનનો વિકાસ પણ થાય. આ જગત અને તેનું જીવન અટવાઈ પડેલું છે, તેનું કારણ એ છે કે તે સમર્પણ તો કરી રહેલું છે અથવા તો તેને તેમ કરવું પડે છે, પરંતુ તેવા યજ્ઞના અંતરમાં જ્ઞાનભક્તિપૂર્વકની ધારણા એને જાગેલી હોતી નથી. તેથી, તેનાથી કરી તેનો વિકાસ થતો હોતો નથી. આપણે તો સારું કે નરસું જે કંઈ થાય તેની પાછળ જીવનવિકાસની ભાવના પ્રેરાવવાની છે. સમર્પણયજ્ઞમાંથી ઉત્કટ મંથન જાગે તે વાત સાચી, કિંતુ ડહોળામણ ન જાગે. ડહોળામણ જાગે છે તે તો અજ્ઞાનભરી સ્થિતિમાંથી. સમર્પણયજ્ઞ આપણા અંદરનાં કરણોને તેમના પ્રકૃતિધર્મમાંથી મુક્તિ અપાવે છે, જ્યારે જીવપ્રકારનું ઘસાવાપણું કે આપવાપણું આપણને વધારે જકડાવે છે. શ્રીભગવાનનો ભાવ જગતમાં અને તેના જીવનમાં ભેદરૂપે રમી રહેલો છે. એની ગૂઢતાનો કોને ખ્યાલ રહ્યા કરે ? એવી ગૂઢતા એનામાં હોયા કરવાથી તેના પરત્વેનું આકર્ષણ જાણેઅજાણે જેનું તેનું રહે છે.

## વૃત્તિનાં ઊંડાં મૂળ શોધી તેને ઉખેડો

આપણામાં અણગમો પ્રગટે તો એનું મૂળ આપણે તપાસવું જોઈએ. આપણે આપણું યોગ્ય પૃથક્કરણ કરીને પૂરી રીતે ઊંડું વિચારતા નથી એ જ મોટું દુઃખ છે. આપણે જો સરળ, સરળ, પ્રસન્ન પ્રસન્ન રહ્યા કરીએ તો કદી પણ અકળામણ-મુઝવણમાં પડી જવાય નહિ. અણગમો ઊપજવાનું કારણ આપણે આપણા અંતરમાં જો તપાસીએ તો તેની ભૂમિકા આપણા પોતામાં જ જણાશે. આપણા મન સાથે અને પ્રાણ સાથે સતત સંગ્રામ કર્યા કરવાનો છે. મનનાં વલણોને તપાસવાનાં છે, સમજવાનાં છે અને એનાં નકારાત્મકપણાને ઉઘાડું પાડીને મનની પાસે સ્વીકાર કરાવવાનો રહે છે. જો આપણે ઊંચા ચડવું હોય તો આ બધું આપણે કરવાની ઘણી જરૂર છે.

## શ્રદ્ધાવિશ્વાસનું મહત્ત્વ

આપણને આપણા સ્વજનમાં પ્રેમપૂર્વકનાં શ્રદ્ધાવિશ્વાસ પ્રગટી શકેલાં હોય તો તેના તરફના ગમે તેવા વર્તનથી આપણે કદી હાલી ન ઊઠીએ. કોઈ જાતની ચિંતા પણ ન થાય. શ્રદ્ધાવિશ્વાસ આપણને જેના પરત્વે છે, તેનામાં હૃદયના ઉમંગથી તે વળગાડી રખાવે છે. ભેદ પડવાને ટાણે તે આપણને વધારે મજબૂત બનાવે છે, ઊપજતી શંકાને નિર્મૂળ કરે છે. શ્રદ્ધાવિશ્વાસ એ સુખનું સાચું મૂળ છે. આ હકીકત સમજવાની ઘણી જરૂર છે. જેની સાથે આપણું જીવન સંકળાયેલું છે, જેની સાથે જીવનભર આપણે રહેવાનું છે, એક થવાનું છે, તેના ઉપર આપણું વારી વારીને જો સમર્પણ ન થઈ શક્યું તો પછી બીજે આનંદ ક્યાંથી પ્રગટવાનો ? કોઈ પણ નિર્ણય ઉપર બેળે બેળે ન આવવું. જેમાં દિલનો ઉમળકો નથી, ઉત્સાહ નથી, પ્રેમ નથી તો તેવું થયેલું તે તો ન છૂટકાપણાનું છે, તેમ સમજવું. તેવાં કર્મથી પરિણામ યોગ્ય પ્રકારનું ન આવી શકે. નિર્ણયની પાછળ હૃદયની સંમતિની જરૂર છે. આપણે જે વિચાર કરીએ તે વસ્તુની પાછળનાં મૂળ જ્યાં સુધી પડેલાં હોય, એ તરફ દૃષ્ટિ, વૃત્તિ અને વલણ હજી આપણાં વળ્યાં કરતાં હોય ત્યાં સુધી આપણે તેમાંથી પરાઙ્મુખ નથી થઈ શકવાનાં. આપણા જીવનનો રસ જીવનની કઈ ભૂમિકા પરત્વે છે, તેનો આપણે સંપૂર્ણપણે વિચાર કરવો જોઈએ. જીવનને આમૂલાગ્ર પરિવર્તન કરાવવું હશે તો થીંગડાં માર્યે નહિ ચાલી શકે, મૂળભૂત દૃષ્ટિ બદલાઈ જવાની જરૂર ખરી. સૌ કોઈનું વેતરણ સૌ કોઈ પોતે કરે એ જ યોગ્ય.

## સાધકનાં કર્તવ્ય

આપણને જે જે કંઈ સ્થૂળ મળેલું છે તેમાંથી મમત્વ કાઢી નાખીએ એટલે કામ પત્યું. સર્વ કંઈમાંથી આસક્તિ, મોહ વગેરે મોળાં પડવાં ઘટે અને એ તરફ આપણું લક્ષ હોવું ઘટે. શ્રદ્ધા, ભક્તિ, જ્ઞાન એ બધું કંઈ

એમ ને એમ નહિ વધે. સકળ પ્રકારના કર્મવહેવારમાં તે પ્રકારનાં જ્ઞાનપૂર્વકનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ પ્રયત્ન કરીને કેળવવાં પડવાનાં. મનને વાળવું પડવાનું. મનના થરોને સમજવા પડશે. અધોગામી ગતિઓને યુદ્ધ આપ્યા કરીને તેમને ઊર્ધ્વગામી પ્રવાહમાં પલટાવવી પડશે. અવળી સમજણોને દૂર કરવી રહેશે. આ બધું થવામાં કશું અશક્ય નથી. માત્ર, આપણું એ બાબતનું દિલ વળવું જોઈશે. એકવાર દિલ વળવા માંડ્યું કે પછી તે તરફ વળવાનું શરૂ થવાનું.

## આકર્ષણની મર્યાદામાં આવી જાવ

લોહચુંબકની શક્તિના આકર્ષણના વર્તુળમાં આપણે આવી શકીએ એટલી નિકટતાની મર્યાદામાં આવવાનું કર્મ આપણા હાથમાં રહેલું છે. પ્રભુકૃપાથી તેટલું જો આપણે કરી શકીએ અને એ શક્તિના આકર્ષણની મર્યાદામાં જો આપણે આવી ગયા, તો તો આપમેળે આપણે એના પરત્વે ખેંચાયાં જવાનાં.

(ગઝલ)

હ્રદયના ભાવ-મિલનમાં હ્રદયથી સંકળાવાને,
પ્રભુને યાચતો રહું છું, મદદ તમ માગતો હું તે.
વિના તમ સાથ મારું ત્યાં કશું ના ચાલવાનું છે.
વિના હમદર્દી પૂરી હું કરું શું એકલો ત્યાં તે ?

હરિઃૐ ખાર, તા.૨૩-૧૧-૧૯૪૨

## પ્રેમની અનોખી રીત

મારા સરનામાના કાગળો ‘સેન્સ્યોર્ડ’ થતા હોય તેમ લાગે છે. સાબરમતીથી આવેલો કાગળ તથા તમારો તા.૨૦મીનો કાગળ પણ ફોડેલો મળેલો છે. આપણે તો કશું એવું છાનું નથી. આપણા પત્રમાંથી સરકારને કશી ગંધ આવે એવું મળવાનું નથી. શ્રીભગવાનની ગૂઢતા

અગાધ અને અનંત છે. શ્રીભગવાનની કરામત કેવા પ્રકારે જીવનનાં મૂલ્યાંકનો લીલાત્મક રીતે બદલાવ્યે જાય છે, તે જો આપણે આપણા જીવનની નજર સમક્ષ રાખીને જોઈએ તો તે સમજાય તેવું છે. 'શ્રીહરિમાં નિષ્ઠા પામવાપણું બનતું જાય છે,' તેવું તમે લખ્યું છે તેથી રાજી થયો છું. આપણા હૃદયનો પ્રેમભાવ જેટલો સ્નિગ્ધ, મુગ્ધ અને જીવનને અનુલક્ષીને બનતો જાય તેટલા પ્રમાણમાં તેમાં વિસ્તાર પણ પ્રગટવાનો. હૃદયનો એવો ભાવનાત્મક પ્રેમ જ્યાં પ્રગટે ત્યાં ત્યાં નંદનવન પ્રગટાવે છે, - લાળા પ્રગટાવતો નથી. પ્રેમમાં તપ છે, કષ્ટ છે, મુશ્કેલી પણ છે, પરંતુ તે બધું સહેવામાં ક્લેશ, કંકાસ કે સંતાપ નથી જાગતાં. ફુવારાની જેમ દિલનો આનંદ તેમાં પ્રગટે છે. પ્રેમનું તેવું તેવું સહેવામાં અનેરી મોજ પ્રગટે છે. નવસર્જનની પ્રેમની રીત કોઈ અનોખી છે. પ્રેમમાં પ્રેમથી જેટલું કષ્ટ પામીએ તે તો ઊગી નીકળે છે. જીવનને નવો સ્વાંગ સજાવે છે. જીવનમાં પ્રેમનાં રહસ્ય અને મહત્ત્વ કોઈ અનેરાં છે. હૃદયમાં પ્રેમનું તત્ત્વ સમજાતાં સઘળું કંઈ સમજાઈ જવાનું છે. પ્રેમમાં વેવલી દયા નથી. પ્રેમમાં બીજા બધા ગુણો છે, પરંતુ પ્રેમ કોઈની દયા ખાતો નથી. પ્રેમમાં કરુણા છે, કરુણામાં સહાનુભૂતિની ભાવના છે. પ્રેમમાં કોઈ પ્રકારની લાચારી નથી કે કોઈથી દબાવાપણું નથી. પ્રેમમાં કશું ઘટવાપણું પણ રહેલું નથી. પ્રેમનું સર્જન તો ઉત્તરોત્તર નવી કક્ષાઓમાં ફાલતું જતું હોય છે. એના સર્જનને અંત નથી. તે એક ને એક ઠેકાણે પડી રહેતું નથી. તે કંઈ કશામાં વળગીને ભરાઈ પડતું નથી. તે તો સદાય ઉન્નતગામી રહે છે. તેની દૃષ્ટિ નીચી નથી. તે દૃષ્ટિ નીચી કરે છે તે ઉપર તારવવાને કાજે. આવા પ્રેમને આપણે જ્ઞાનભક્તિપૂર્વક જીવીએ તો એવા જીવનમાં જે રસ પ્રગટે છે, તેની તમારા મારા જેવાને કલ્પના પણ નથી.

તમે જે પર્વત અને તળાવનો આધ્યાત્મિક અર્થ સમજાવ્યો છે, તે યથાર્થ છે. આવી સમજણ ઉકેલતાં આવડી તે મારે મન તો ધન્ય ઘડીનો દિન છે. જીવન કૃતાર્થ થતું લાગે છે. તમને પણ એવું અનુભવમાં પ્રગટો.

**માબાપનો ધર્મ**

બાળકને શું થયું છે ? તે બાબતની કાળજી રાખ્યા કરશોજી. ભગવાને આપણને એ તો રત્ન આપેલું છે. આપણી રીતે નહિ પરંતુ તેની રીતે, તે શોભે એમ એને પાસાં પાડવાનું કામ ભગવાને આપણને સોંપેલું છે. એને ઓપ ચડાવવાનું કામ યોગ્ય રીતે નહિ કરી શકીએ તો આપણે ધર્મ ચૂક્યા ગણાઈશું. એને ઘડવાનું કર્મ આપણા જીવનના વિકાસ માટે છે. એ કર્મ કરવામાં આસક્તિ, મોહ, મમતા, રાગ આદિ આપણને મુદ્દલે ન હોવાં ઘટે. જેટલો મોહ, રાગ અને મમતા તેટલી જ જકડામણ વિશેષ અને મુક્ત થવું અશક્ય. જો મુક્તિને માર્ગે જવું હોય તો આ બધાંમાંથી છુટાય તેમ પ્રવર્તવું. ...બહેને તો આ ખાસ સમજવાનું છે. માને છોકરાં પરત્વે એવું હોય તે સમજી શકાય છે, પરંતુ એક સામાન્ય માના જેવું જીવન આપણે ગાળવાનું નથી. આપણે તો જીવનને ધન્ય બનાવવાને માટે તે મળેલું છે, એમ જ્ઞાનપૂર્વક સમજીને જેમાં ને તેમાં વર્તવાનું છે.

## મનને ટકોરો, સંકેલો, સંકોરો

પ્રિય બહેન ! પ્રકૃતિ અને સ્વભાવ સાથે મથામણની જરૂર. એવી મથામણ થાય તેનું નામ સંગ્રામ કે યુદ્ધ. જે કોઈ પોતાના મનને ટકોરે છે, એને વારંવાર સંકોરે છે, તે એકની એક દશામાં પડી ન રહી શકે. તેને નવું ને નવું સૂઝયા કરે. તેને ઉકેલ પણ જડે અને તે પ્રમાણે વર્તવાની સૂઝ પણ પડે. મનને ટકોરવાથી કરી, સંકોરવાથી કરી અને સંકેલવાથી કરી નવાં નવાં સત્ય સૂઝી આવે છે. એવી જાતના જ્ઞાનપૂર્વકના અભ્યાસમાંથી સાચા જીવનની શરૂઆત થાય છે. એમાંથી આપણને સાચી ઓથ સાંપડે છે, પ્રેરણા મળે છે. મુશ્કેલીમાં, દુઃખમાં, સંતાપમાં તે આપણને આશ્વાસન આપે છે. નીચી દશામાં જવાતાં ઊંચું લઈ જવામાં તે આપણને મથાવે છે. તે મથામણો પ્રગટાવે છે ખરું, પરંતુ તે સાથે સાથે મથામણની દશામાં પડી રહેવા દેતું નથી. તેમાંથી તે રસ્તો

કાઢે છે. કશામાં તે ભરાઈ જતું કે ભેરવાઈ પડતું નથી. આગળ વધવાને માટે તે ધક્કો માર્યા કરે છે. આપણાં પ્રકૃતિ અને સ્વભાવ કેવાં છે, તેની સાચી ઓળખાણ તે કરાવે છે. તેની ઉપરવટ જવાને સાચી રીતે યુદ્ધ આપ્યા કરવાની તે દિશા બતાવે છે. મથવાનું કરાવીને ફતેહ બક્ષે છે.

## મનથી અલગતા કેળવો

મનને અત્યાર સુધી આપણે એની મેળે દોડવા લીધેલું છે. એની ચાલે ચાલ્યા કર્યું છે. એની રીતે કામ કર્યા કર્યું છે. હવે, એનાથી બીજી રીતે જવાનું થતાં એ બળવો કરે તે સ્વાભાવિક છે. એવી વેળા આપણે એને વશ થઈ જઈએ તો તો તેની જીત થાય અને આપણે હારી બેસીએ. એમાંથી આપણે પછી ઊંચે ન આવી શકીએ. મનથી ઊંચી દશામાં જવાને મનનો વિરોધ પ્રગટવાનો એવી વખતે મન નિરાશા, નિરુત્સાહ, અકળામણ, મૂંઝવણ એવું કંઈક કંઈક તે પ્રગટાવે. એવી વેળાએ મનનાં વલણમાંથી મુક્ત થવાને પ્રયત્ન કરવો. નદીનાં વમળમાં તરવું અઘરું છે. તેવી રીતે જ્યારે મનમાં એવાં વમળ પ્રગટે છે ત્યારે સમતા, તટસ્થતા રાખીને તેનાથી બીજી રીતે વર્તવું દોહ્યલું છે. છતાં જો મોકળા થવાની લગની હોય તો જરૂર આપણે મોકળા થઈ શકીએ.

## મનાદિની ઉપરવટ થાઓ

મારું તો એટલું જ તમને બધાંને કહેવાનું છે કે મન કે મનની સમજણ સર્વશ્રેષ્ઠ નથી. મનનું સત્ય એ ખરું સત્ય નથી. મનની સમજણ તે સાચી સમજણ નથી. માટે, કૃપા કરીને એ રીતે જે તે કંઈ સમજવાનું, માપવાનું જેટલું વહેલું મૂકી દેશો તેટલું ઉત્તમ છે. માનવી તે કરી કરી શું કરી શકે ? અનંત અગાધમાં પૂરું જાણવું કે જાણી લેવું તે શક્ય નથી. જાણતાં જાણતાં જણાય છે તે સાચું છે. જણાયા કરવાની પરંપરા છે, અનંતતા છે, પરંતુ અંત નથી. જે કંઈ ઉત્તમ જણાય તે શ્રીપ્રભુનું છે. જેટલું

ખરાબ, ખોટું જણાય તે આપણું છે તેમ સમજવાનું છે. પ્રેમના ભાવની બાબતમાં સમજાયું છે, તે માત્ર સમજણ ન રહે, પરંતુ જીવનના વર્તનવહેવારમાં પ્રગટ્યા કરે તો તેવી સમજણમાં ચેતન પ્રગટે. આપણી પ્રકૃતિ, સ્વભાવ, મનાદિકર્મો, એ બધાં આપણને જીવદશામાં રખાવનારાં છે. આપણે જ્યાં છીએ ત્યાં ને ત્યાં ટકાવનારાં છે અને એમની સમજણ પણ એ પ્રકારની હોય છે. એટલે જીવનમાં જો ઊંચે પ્રગટવું હોય તો આપણે પ્રકૃતિ, સ્વભાવ, મનાદિકર્મોની ઉપરવટ થવું પડશે. ભગવાન આપણને ધ્યેયલક્ષી બનાવ્યા કરો !

## ભાષાનું પાંગળાપણું

જે જે કંઈ લખું છું, તે તમો બધાં મારાં સ્વજન હોવાથી સમજાવવાને માટે લખું છું. હૃદયની અંતરસ્થ, સૂક્ષ્મ મથામણો દર્શાવવા માટે ભાષા બિચારી તદ્દન લૂલી પડે છે.

## ઊથલપાથલ વખતે સાધકનું વલણ

ખેતરમાંથી પાક નિપજાવવો હોય છે તો ધરમૂળથી જમીનને ઊથલપાથલ કરી નાખવા માટે ખેડવી પડે છે. ઝાડાંઝાંખરાં નિર્મૂળ કરવાં પડે છે. કેટલી બધી મહેનત લેવી પડે છે ! કેટકેટલી સંભાળ લેવી પડે છે ! કેટલી મુસીબતો સહન કરવી પડે છે ! એવી ઊલટસૂલટ ઊથલપાથલની ક્રિયા કૃપા કરીને જ્યારે એણે જીવનમાં જન્માવી છે ત્યારે એવા અનેક ધક્કાઓ, આઘાતો પ્રગટવાના. તેવી પળે આપણાં પ્રકૃતિ કે સ્વભાવ પ્રમાણેની સમજથી આપણે દોરવાઈ ન જવું, એને વશ ન થઈ જવું. ધ્યેયયોગ્ય શું છે તે પૂરું સમજવાને મથ્યા કરવું. નિરાશાના ગર્તમાં ડૂબી ન જવું. સાચી સમજણમાં ઊતરવાને યુદ્ધ આદર્યા કરવું.

## પ્રભુકૃપાનો પ્રત્યક્ષ પુરાવો

જે સ્વજનો મળેલાં છે તેમનામાં લગની લાગે અને પછી ભરતી ઓસરવા લાગે તો પાછાં તે ઠામનાં ઠામ પણ થઈ જાય. મુંબઈમાં હજુ ફાળાનું કામ ચાલ્યે જાય છે. ફાળાનું કામ આકરું છે તોપણ પ્રભુકૃપાથી ઠીક બન્યા કરે છે. પ્રભુ મદદ કરી રહેલો છે અને પ્રેરણા આપી રહેલો છે, તે વિશેનો મારા જીવનનો આ પ્રસંગ સ્વાનુભવની હકીકતવાળો પ્રત્યક્ષ પુરાવો છે. સંઘ તેની કદર કરો કે ન કરો તેની વિચારણા જ અસ્થાને છે. આપણે પોતે પ્રભુકૃપાથી આપણો ધર્મ આચરતા હોઈએ તો તેમાંથી મળતો સંતોષ આપણા સારુ પૂરતો છે. આપણને કલ્પનામાં પણ ન ઊતરી શકે તેવો અને તેટલો પ્રભુ કૃપાળુ છે. એનો મહિમા અપરંપાર અને અગાધ છે. ધન્ય હો, જય હો. સદાય એવા પ્રભુનો !

થોડું જાગવાથી કામ થવાનું નથી. થોડું જાગે છે તે તો ઊંઘી પણ જાય. જે કંઈ લખીએ તે ઉમળકાથી, ભાવને પ્રત્યક્ષ અનુભવવાનું કરીને અથવા ભાવને હૃદયમાં રાખીને લખીએ.

## ઉપભોગ નહિ, ઉપયોગ

માણસ ધારે તે ઉપજાવી શકે છે. એ નિપજાવીને પ્રકૃતિની રીતે તે તેનો ઉપભોગ કર્યા કરે છે. તેથી, તેને જ્ઞાન પ્રગટતું નથી કે સમર્પણની ભાવના પણ પ્રગટતી નથી. જે ઉપયોગ કરે છે તેને તેના જ્ઞાનની સૂઝ પ્રગટે છે.

હમણાંના કાગળો અનિયમિત મળ્યા કરે છે. રખડવાનું ઘણું થતું હોવાથી કાગળોના જવાબો નિરાંતે લખી શકાય તેવું નથી હોતું. રાતે કે વહેલી સવારે તે કામ કરું છું.

## આંતરિક ત્યાગનું જ મહત્ત્વ

જીવનનો ભક્ત કોઈને અવગણી ન શકે. તેનો સદ્ભાવ તો હર કોઈ પ્રત્યે હોય. આપણને કોઈ તરફથી ઘણો અન્યાય થયો હોય તોપણ એના તરફનો સદ્ભાવ આપણામાં ઘટવો ન જોઈએ. બલકે તે

ક્રિયાત્મક થવો ઘટે. કોઈનાથી આપણામાં જે કંઈ નીપજે છે, તેવું નીપજવામાં તેની ભૂમિકા આપણામાં છે. બીજાનો દોષ જેટલો ન જોવાય તેટલું ઉત્તમ. સ્થૂળ સમર્પણની હકીકત તમે જણાવી છે તે ઉત્તમ છે. તેવી હકીકતથી કોઈકને મથામણ થાય, ચિંતા થાય તે પણ સ્વાભાવિક છે. સૌ કોઈ પોત પોતાની રીતે સમજતું હોય છે. તમે જે કરવા ચાહો છો તે તો જીવનવિકાસની ભાવનાને ધ્યેયલક્ષી બનાવવા અને ચેતવવા સારુ. આપણે ધારીએ તેવી રીતે બીજા ના ધારી શકે તે પણ સમજાય તેવું છે. ઉત્તમ કર્મ અને ઉત્તમ ભાવનાનું કર્મ પણ બીજા બધાંની સહાનુભૂતિ અને સાથ મેળવીને થાય તેટલું ઉત્તમ. આ બાબતમાં બીજા કોઈને આઘાત દેવાની જરૂર નથી. એની મેળે જેમ થતું હોય તેમ થવા દેવું. જીવનવિકાસના યજ્ઞમાં જે કરવાથી તેની ઉત્તમતા પ્રગટે તેમ કરવામાં શૌર્ય પ્રગટાવવું, પરાક્રમી થવું. તેવી સ્થિતિ પ્રગટાવવામાં કોઈનીયે આડખીલી સહન ન કરી લેવાય. આપણો માર્ગ જો ઉત્તમ છે અને તેની શ્રદ્ધાપૂર્વકની ખાતરી જો આપણને થઈ ગઈ હોય તો આપણે નિઃશંક થવું. આપણાથી કરી બીજાને ચડભડવા દેવા નહિ. આપમેળે તે તેમ કરે તો આપણે અત્યંત શાંત થવું. તેને તેવી બાબતમાં ઉત્તેજના પ્રગટે તેવો કોઈ શબ્દ આપણા મુખમાંથી ન નીકળવો ઘટે. આપણે તો જેમાંતેમાંથી સમૂળગુંયે મમત્વ કાઢી નાખવાનું છે, તે લક્ષમાં રાખશો. સ્થૂળ સમર્પણ કરી દેવાથી તેના પરત્વેનું આંતરિક મમત્વ સમૂળગુંયે નીકળી જવાનું છે એમ પણ માનવાનું નથી. હોવા છતાં, રહેવા છતાં, સમર્પણની ભાવનાનો યજ્ઞ ચાલ્યા કરે અને સમૂળગુંયે મમત્વ નીકળી જાય એવી સ્થિતિ પ્રગટાવવાની હૃદયની નેમ આપણે રાખવાની છે. Possess, but not be possessed. ધનના માલિક થાઓ, ગુલામ નહિ. જે જે પરત્વે જીવનમાં મમત્ત્વ હોય, રાગ હોય, મોહ હોય તે તે આપણામાંથી હઠવાં ઘટે - તે નિર્મૂળ ન થાય ત્યાં સુધી. નહિતર સમર્પણયજ્ઞની ભાવના પણ યોગ્ય પ્રકારથી ખીલી ન ઊઠે. જીવનના વિકાસમાં મમતા, મોહ, રાગ વગેરે આડખીલી રૂપે છે. તેને તો સમજી

સમજીને આપણે છોડવાં પડશે. સંસારવહેવારમાં આવી પડેલો ધર્મ આપણે પ્રભુપ્રીત્યર્થે બજાવવાનો છે તે સાચું, પરંતુ તે સાથે સાથે આપણે તેમાં ભેરવાઈ પડવાનું નથી, તે પણ લક્ષમાં રાખવાનું છે. આપણું વર્તન યોગયોગ્ય કુશળ હોવું ઘટે.

પૂજ્ય મોટા ભાઈએ સ્વતંત્રપણે ઉમંગે કરીને પૂજ્ય મામાને ત્રિચિ લખેલું કે 'ઝવેરી બજારમાંથી સંઘ સારુ ઉઘરાણું કરાવી આપવું.' તે મુંબઈ આવ્યા ત્યારે ફોનમાં મેં કહ્યું કે 'તમને તસ્દી આપવાનું દિલ થતું નથી, કારણ કે હવે બાકીની રકમ તો મળી રહેશે.' અને સાંજે પછી તેમને પેઢીએ મળ્યો હતો. તે કહેવા લાગ્યા કે 'આ વખત જ એવો છે કે પૈસા ઝટ મળી જાય.' એટલે મને થયું કે 'તેમને જરા અનુભવ થાય તો સારું.' એમણે કહ્યું કે 'તમારે જો વધારે રકમ હજી કરવી હોય તો તમને હું બેચાર ઠેકાણે લઈ જઉં.' મેં કહ્યું, 'જો તમને સંકોચ ન થતો હોય તો એ તો સોનાથી વધુ રૂડું શું ?' ઝવેરી બજારમાં ભીલ સેવા મંડળ, કાઠિયાવાડ હરિજન સેવક સંઘ, રાજકોટનો ગાંધી જન્મદિનનો થેલીફાળો એમ બધા મળી ચારપાંચ ફાળાઓ થઈ ગયેલા છે. પૂજ્ય મામા મને ચારપાંચ ઠેકાણે લઈ ગયા. છતાં કશું મળ્યું નહિ. મારા ઉપરના પ્રેમના કારણે કરીને આ કામ તેમણે માથે લીધેલું. એવા દિવસ પણ મને તો જાય છે જ્યારે ખૂબ રખડપટ્ટી થઈ હોય, છતાં કશું ન મળે. કંઈ કશું ન મળે તો નિરાશા ન છવાય. કોઈ ગમે તેવું સંભળાવે તોપણ શાંતિ જળવાય. અહંને આઘાત લાગે તેવું કોઈ વર્તન દાખવે તોપણ સપ્રમાણ રહેવાય. આવા અનુભવો જેણે લેવા હોય તેણે આવું કામ સાધના તરીકે કરવું ઘણું જરૂરી છે. કરવા ધારેલી રકમ થતાં સુધી ધીરજ અને સહનશીલતાની ઠીક ઠીક કસોટી થઈ જાય ખરી. નિશ્ચયની મક્કમતા ન પ્રગટી હોય તો માનવી જરૂર ડગી પણ જાય. પૂજ્ય મામા મને ચારપાંચ ઠેકાણે લઈ ગયા અને કંઈ ન મળ્યું. તેથી, તેમણે મને કહ્યું કે 'તમારી ધારેલી રકમમાં ખૂટતી બાકીની મારા પદરમાંથી આપી

દઈશ.' પરંતુ તેમ કરવાને મેં આગ્રહપૂર્વક ના પાડી.

## સાચેસાચી ધગશની જરૂર

પ્રિય બહેન ! આપણી પ્રકૃતિની મંદતાની સમજણ જાગી હોય અને જો તે સુધારવાને સાચેસાચી ધગશ હૃદયમાં પ્રગટી હોય તો તો આપણે દોડીદોડીને ધગશથી સવેળા સવેળા કામથી પરવારી લેવાની આદત કેળવવી જોઈશે. રગશિયા ગાડાની જેમ ઠચૂક ઠચૂક કરતાં ડગલાં ભર્યાં કરવાનાં હોય તો આગળ ઝડપી ડગલાં નહિ ભરી શકાય. જે બાબતમાં આપણે ચડવું છે, તે બાબતમાં ચેતનવંતો ઉત્સાહ પ્રગટેલો હોવો જોઈએ. પ્રકૃતિની અને સ્વભાવની સાથે સંગ્રામ આપ્યા કરીએ. ટટ્ટાર બનીએ, સ્વસ્થ બનીએ અને કટિબદ્ધ થઈએ. આપણે જે પરત્વે લક્ષ રાખવાનું છે તેમાં દિલ પરોવીએ. આપણાં પ્રકૃતિ અને સ્વભાવ આડંફટે લઈ જવાને પ્રેરાવશે. તેવું થતાં સફાળા ચેતીએ, સાવધાન બનીએ. કોઈ પાસેથી આશા-અપેક્ષા ન રાખીએ. આપણે પોતાનો ઉકેલ પોતાની મેળે કરતાં શીખીએ. એમ કરતાં કરતાં સાચી સમજણ મળે છે.

## નબળાઈનો સ્વીકાર

પ્રેમ ગમે તેવું નભાવી નથી લેતો. સામાન્ય સંસારી સમાજમાં તેમ ચાલી શકે. સાધનામાં નબળાઈ ન ચાલી શકે. નબળાઈનો સ્વીકાર સબળ થવા માટે છે, નબળાઈમાં પડી રહેવા માટે નથી. નબળાઈમાં પડ્યા રહીને 'નબળાઈ છે, નબળાઈ છે' એમ ખાલી બૂમો મારવાનો કશો અર્થ નથી. જે બાબતમાં આપણાથી હૃદયપૂર્વકનો સ્વીકાર થાય છે, તે બાબતમાં આપણે પડી રહી શકતાં નથી. જ્ઞાનપૂર્વકનો સ્વીકાર તેમાંથી ઊંચે ચડાવે છે, એ સ્વીકારનું લક્ષણ છે. સાધકના જીવનમાં ખળભળાટ તો જાગવાનો જ છે. તેનાથી ભય પામ્યે ચાલવાનું નથી. સાધનામાં સર્વ પ્રકારના ભય છોડવાના છે. સર્વથી પહેલાં અભય કેળવવાનો છે. અભય પણ એક બાબતનો નથી હોતો, અનેક બાબતનો

હોય છે. સાધનાના જીવનમાં પ્રવેશતાં પ્રવેશતાં સાત્ત્વિક ગુણો કેળવાતા જતા અનુભવાય ત્યારે જાણવું કે સાધનાનું મુખ સાચી દિશામાં છે. સાચો સ્વીકાર એનું નામ કે તે સ્વીકાર થયા પછી તેમાંથી પાછું પગલું ન ભરાય. બાકી, એકની એક વાત કહ્યા કરવામાં આવતી હોય, તે અનેક વાર કબૂલ કર્યા કરી હોય, છતાં એ બાબતમાં પ્રગતિકારક એક ડગલું પણ ન ભરાય તો પછી શું સમજવું ?

## સર્વસમર્પણ કરનાર જ ભગવાન વરી શકશે

આ માર્ગ જ એવો છે કે આપણે આપણને છેતરી શકવાનાં નથી. કાં તો નીચે પડ્યે છૂટકો કાં તો ઉપર ગયે છૂટકો. જે બાબતમાં ઠીક થવું છે તે ઠીક થવામાં આકાશપાતાળ એક નહિ કરીએ તો પછી બીજા કોઈ શું કરી શકે ? માત્ર, ભીંતમાં માથું પછાડ્યા કર્યે કંઈ વળનાર નથી. આપણે કાયર હોઈએ, પરંતુ ઈશ્વરનો ભાવ એવો બાયલો નથી. એ તો જે તે નક્કી કરી લેશે. એની ભૂમિકા રચવાને માટે જે કોઈ તૈયાર બન્યા કરશે, હૃદયની એવી ઇચ્છા બતાવ્યા કરીને, તમન્ના જિજ્ઞાસા સેવી સેવીને, એમાં અખંડિત પુરુષાર્થ કર્યા કરશે, એવાને તે વરવાને માટે ઝંખ્યા કરશે. માત્ર, શબ્દોથી, મધુર વચનથી એનું અવતરવાનું બની શકનાર નથી. જે શબ્દમાં હૃદય નથી તેમાં શબ્દની શક્તિ પ્રગટતી નથી અને એકલી એકલી કોરી સમજણથી એનો ચીલો પડી શકવાનો નથી. એને વરવાને માટે તો ભેખ લેવો પડશે અને તે ભેખ પણ કેવો ? સર્વ રીતમાં અને સર્વ ભાવમાં.

## લગ્નજીવનનો ઉપયોગ

વરવાનું એટલે લગ્ન કરવાનું. આપણાં લગ્નનો આદર્શ હૃદય-હૃદયથી જોડાવાનો અને એક થવાનો છે, પરંતુ તે સ્થૂળ રીતે ન હોય. ‘જોડાવું એટલે બંધનમાં પડવું’ એવો અર્થ નથી. ‘મહાત્મા ગાંધી’ (લેખક : પી. એ. વાડિયા) એ નામની અંગ્રેજી ચોપડી જોતાં નીચેનું

વાક્ય મળ્યું :-

'જીવનનો હેતુ મુક્તિનો છે. મુક્તિ એટલે જન્મમરણમાંથી મુક્તિ, શરીરના પાર્થિવ તત્ત્વમાંથી મુક્તિ, પ્રભુ સાથે એકરૂપતા પ્રાપ્ત કરવી તે. આ ભવ્ય હેતુની પ્રાપ્તિ કરવામાં લગ્ન બાધકરૂપ છે અને તે પાર્થિવ તત્ત્વ જોડે સંકળાવી રાખે છે.'

જોકે સામાન્ય માનવી માટે લગ્ન એ જરૂરી વસ્તુ છે. તે મર્યાદાની પણ જરૂર છે. જેમ જેમ તેમાં ભાવનાનું તત્ત્વ ઉમેરાતું જાય તેમ તેમ લગ્નની ભાવના ઊર્ધ્વ થતી જાય છે. આપણે તો પાર્થિવ તત્ત્વથી પર થવાનું છે, તે એને અવગણીને, એના પરત્વે તિરસ્કાર સેવીને બની શકવાનું નથી. એમ કરવાથી એનાં મૂળ પલટાઈ શકવાનાં નથી. એ તો એનું રૂપાંતર કરવાથી તે સાધી શકાશે. આમ, પાર્થિવ લગ્નની સાથે આપણે ઝાઝી લેવાદેવા ન હોવી ઘટે. હૃદય હૃદયની એકતા સધાય અને તેમાંથી ભાવના પ્રગટે અને એ ભાવનાથી કરી આપણા જીવનનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ ઊર્ધ્વગામી બને તે રીતે સાધનામાં લગ્નજીવનનો ઉપયોગ છે. એનાથી બીજી રીતે સાધનામાં એને સ્થાન નથી. સાધનાના પંથે પડેલા બધા જીવોને દીવા જેવું આ સમજાઈ જવું ઘટે છે.

## સૂક્ષ્મ આસક્તિના ત્યાગની જરૂર

આ જાતની સમજણની સાથે સાથે તેવી પાકી તૈયારી પણ આપણે કરવાની રહે છે. તેવી તૈયારીમાં દૃઢતા, નિશ્ચયની મક્કમતા અને મરણિયો નિર્ધાર પ્રગટવાં ઘટે છે. માનવી માનવીને ચાહે છે, તે માનવીને ખાતર નથી ચાહતો, પરંતુ કોઈ ને કોઈ જાતના તેના તરફથી સંતોષાવાપણા માટે ચાહે છે કે વળગે છે. ભરથરીને પીંગળા ઉપર પ્રેમ હતો, કે કહો કે મોહ હતો, પરંતુ એની આંખ ઊઘડતાં તે ચેત્યો અને બધું ત્યજ્યું. મારી દૃષ્ટિએ તે પણ યોગ્ય નથી. સ્થૂળ કશું ત્યજવાનું નથી. મને કશું સ્થૂળ સમર્પણ કરવાનું નથી. આપણે તો જે હોય,

તેમાંથી મમત્વ, મોહ, કામના, આશા, ઇચ્છા, લોલુપતા, તૃષ્ણા વગેરે વગેરે નિર્મૂળ થાય તે જોવાનું રહે છે અને તે જ આપણો ધર્મ છે. તો જ ચેતન છતું થાય.

## વધારે ખીલેલો જીવ વધારે સહન કરે

સૌ કોઈ પોત પોતાની સમજણ પ્રમાણે વર્તે છે. આપણી સમજણ અને બીજાની સમજણમાં જ્યાં સુધી સુમેળ ન પ્રગટે, એકતા ન પ્રગટે અને હૃદય હૃદય એક ન થયાં હોય ત્યાં સુધી ઘર્ષણ થવાનો સંભવ રહે છે. તે વેળાએ જેનું દિલ ખીલેલું છે, કેળવાયેલું છે, ઉદાર ભાવવાળું બનેલું છે, તેવાએ વધારે સહેવાનું છે અને વધારે ઉદારતા દાખવવાની છે અને તેણે જ વધારે શાંત રહેવાનું છે. આવો તેનો ધર્મ છે. સામો જીવ તો ઊલટું આપણને ઉશ્કેરાટ પ્રગટે તેવું વર્તે કે કરે અને તેવા તેના વર્તન ઉપરથી કે તેવા તેના વચન ઉપરથી તેનાં પ્રકૃતિનાં કે સ્વભાવનાં દર્શન પણ થાય. તેવું થતાં આપણે ચલાયમાન ન થઈએ અને સામા જીવ પરત્વે સદ્ભાવ વધાર્યા કરીએ અને આપણા એવા વર્તન ઉપરથી આપણા જીવનની કક્ષાની પારાશીશીનું માપ આપણને મળી રહે છે. એવું વર્તન તે આપણી આરસી બની રહે છે. જે જીવ પોતાના ચેતનને પ્રગટ કરવાને તૈયાર થયો છે એવા જીવે પોતાનું અંતર સર્વની સાથે ઘટાડી ઘટાડીને, અંતરને એક કરીને સાંધી લેવાનું રહે છે. સાધકે કશું અધકચરું મૂકવાનો અર્થ નથી. જે કંઈ ઊપજે તેનો અંત આણી દેવાની જરૂર રહે છે. જે કંઈ થવા પામે તે સહર્ષ વધાવી લેવાનું રહ્યું. તેણે કશાથી અકળાવાનું કે મૂંઝાવાનું ન હોય. તેણે જે તે બધાથી સાંગોપાંગ પાર ઊતરવાનું છે. સાધના કરનાર જીવે સર્વ સાથે સુમેળમાં રહેવાય તેટલું તેને કાજે ઉત્તમ છે, પરંતુ તેથી તે જ્યાં ત્યાં સુમેળ પ્રગટાવવાને કાજે રખડ્યા નહિ કરે. એ તો એવો પ્રસંગ આપમેળે સાંપડે ત્યારે તેમ વર્તશે.

## કર્મમાં વિવેક અને શાંતિની અગત્ય

ધ્યાન બંધ કરવાનું હોય જ નહિ. કાગળોનું મહત્ત્વ કશું નથી. કાગળો તો બે વર્ષ પછી મોડા લખાશે કે મોડા ઉતારાશે તેમાં કશું બગડી જવાનું નથી. કાગળોની આવી લગની વળી તમને ક્યાંથી લાગી ? તેટલા વખતમાં જીવનવિકાસનું કામ થાય તો તે ઉત્તમ. ધ્યાન બંધ કરવાનું હોય જ નહિ.

કાગળો ઉતારવાનો ભાર માથે રહ્યા કરતો હોય તો તેનામાં પૂળો મૂકો કે અભરાઈ ઉપર ચડાવી મૂકો. કર્મની બાબતમાં અધીરાઈ પુષ્કળ રહે, પરંતુ તે સાથે સાથે સંપૂર્ણ ધીરજ રહે તે પણ જરૂરનું છે. એ કામ તો ગમે ત્યારે થશે. એ કામ નહિ થઈ શકે તો સાધનામાં ભંગ પડવાનો નથી. પેલું (ધ્યાનનું) કામ નહિ થાય તો ભંગ પડશે. આ કાગળો જરૂર પોતાનો ભાગ ભજવે છે તે જોકે હકીકત છે. કર્મનો અંત લાવવાની અધીરાઈની જે વૃત્તિ છે અને તેનો ઝટઝટ અંત લાવવાપણામાં આપણું જે મન રહે છે, તે પણ યથાર્થ નથી. સાધકનાં કર્મમાં સમતા, શાંતિ અને તટસ્થતાએ મુખ્ય ભાગ ભજવવાનો છે અને તે ગુણોનો જીવતોજાગતો ખ્યાલ સાધકને રહેવો ઘટે. કર્મ કરવામાં જડતા, આળસ કે તામસ ન હોય તે બરાબર છે. સાથે સાથે રજસથી પ્રેરાઈને તે ન થાય તે પણ જોવાનું રહે છે. સાત્ત્વિક સ્થિતિથી પ્રેરાઈને કર્મ બને અને તે કર્મમાં સાધનાનો જ ભાવ રહ્યા કરે તેવું કર્મ આપણા માટે ઉત્તમ છે.

## ધન પાછળની ભાવના

'આવેલું અભ્યાગત આપણે ઘેરથી કોઈ ભૂખ્યું ન જવું જોઈએ' એમ મેં લખેલું તે વાત સાચી છે. એને ચોખ્ખું રાંધેલું આપવાનું રાખ્યું છે, તે વ્યવસ્થા સારી છે. તેમાં કપડાંનું ઉમેરાયું તે બાબતમાં એમ રાખવાનું કે જ્યારે એવો કોઈ માનવી યોગ્ય અને ખૂબ જરૂરિયાતવાળો નજરે ચડે અને ખ્યાલ આવે તો તેને કપડું આપવું. બાકી, કપડાં માટે તો જે તે બધાં

જ આવ્યા કરશે. આપણે આપતી વખતે ભગવાનને જ સમર્પણ કરીએ છીએ એવો ભાવ કેળવવો. બધાંને કપડાં આપવાનું ન રાખશો. ક્યાંયે ભાવનું ખંડિતપણું ન થાય અને તેની એકધારા જળવાય તેવાં આપણાં વર્તન, વહેવાર પ્રગટવાં ઘટે. વળી, જે કંઈ કર્મ બને એનું પરિણામ સર્વતોમુખી અસર કરનારું બને તે ઉત્તમ. સમયના ઉપયોગ માટેની ઝંખના પ્રશંસનીય ખરી. તે સાથે સાથે સમયનો ઉપયોગ જીવનવિકાસને કાજે છે એનું પ્રગટ જ્ઞાન જો સાધકને થાય તો તેમાં શાંતિ, સમતા અને ધીરજ સાધકને પ્રગટ્યા વિના ન રહે.

## અજ્ઞાનીનું ઘોર તમસ

જેનામાં સદ્‌ભાવના, સત્સંકલ્પ, સદ્વિચાર અને એ બાબતની જિજ્ઞાસા અને તમન્ના તથા અમલમાં મૂકવાની ધગધગતી ભાવના નથી, એવું પ્રાણી માનવ હોવા છતાં ચેતન વિનાનું જડ જેવું છે, શ્રીગીતાકારે કોઈક ઠેકાણે એમ લખ્યું છે ખરું કે અજ્ઞાનીમાં હું નથી. જે બધા ત્રિગુણમય ભાવો છે - સાત્ત્વિક, રાજસિક, તામસિક - તે બધા મારામાંથી ઊપજ્યા છે. તેઓ મારામાં છે, પણ હું તેમનામાં નથી. તેનો અર્થ ઉપર પ્રમાણે થાય ખરો. બધું જ ઈશ્વરમય છે તે વાત સાચી, પરંતુ તે સાથે કેટલુંક જાગ્રત ચેતનવાળું - ફેરવાવાને તૈયારીવાળું - કેટલુંક મધ્યમ પ્રકારનું અને કેટલુંક જડ ચેતનવાળું અને કેટલુંક ઢંકાયેલા ચેતનવાળું અને કેટલુંક મધ્યમ પ્રકારનું અને કેટલુંક જડ ચેતનવાળું અને કેટલુંક જડતાવાળું એમ બધું હોય છે. અજ્ઞાની માણસ જડતા ભરેલું ગણી શકાય ખરું. ઢોર, પશુ, પંખી કરતાં માનવીને જે શક્તિઓ ભગવાને વધુ આપેલી છે, તેનો સાત્ત્વિક ઉપયોગ કરવાનું તે જાણતો નથી. આમ, વપરાશમાં ન આવવાને કારણે તે શક્તિઓ બુઠ્ઠી બનતી જવાની અને આખરે જડ વધુ જડ બનતું જવાનું અને એમ માનવી- જીવની લાયકાતથીયે એ વધુ નીચો બનવાનો.

## ગૃહવ્યવસ્થામાં પણ જીવનવિકાસની દૃષ્ટિ

જે પ્રેમથી જીવન ગાળે છે અને તેની સંભાળ રાખે છે, તે તો આનંદની હકીકત છે. અહીં મારી સંભાળ લેનાર છે અને મને શું શું જોઈશે, કેમ આટોપવું વગેરે ઝીણવટવાળી દૃષ્ટિ રાખે છે. કોઈ પણ ગૃહની વ્યવસ્થા જોઈને તે માનવીની પ્રકૃતિ સમજાઈ જાય ખરી. બધું યથાસ્થાને અને કળામય રીતે ગોઠવાયેલું રહે તો તે આંખને ગમે છે, ચિત્તને પ્રસન્ન કરે છે. એવી દૃષ્ટિ કેળવાયેલી અને ખીલેલી ન હોય ત્યાં સુધી તેમ થવું શક્ય નથી. સુરુચિ અને સંસ્કાર પણ એમાં ભાગ ભજવે છે. જીવનના ધર્મનું યથાવિધિ પાલન પણ જીવનવિકાસના હેતુની દૃષ્ટિએ જ થઈ શકે.

## ભૂલ ભરેલી 'સંત' વિશેની માન્યતા

મને સંત ગણવાની દૃષ્ટિ રાખવાની નથી. સંત એ પણ એક ઉપાધિ અને મર્યાદા છે. સંતનો જે અર્થ સમાજમાં પ્રચલિત છે, એમાં ઘણી ઘણી ભ્રમણાઓ રહેલી છે. માટે, આ જીવ વિશે તેવું માનવાની જરૂર નથી.

---

હરિઃૐ ખાર, તા.૨૪-૧૧-૧૯૪૨

નાડીના ધબકારા ૮૨ હોય તે સાધારણરૂપે યોગ્ય સ્થિતિ ન ગણાય. ૭૨-૭૫ હોવા ઘટે. ધ્યાન પછી નાડીના ધબકારા ૫૦ થતા હોય તો ધ્યાનમાં ૩૦ સુધી હોઈ શકે. ધ્યાનની એકાગ્રતામાં હૃદયના ધબકારા ઓછા થતા જાય છે. આપણે જ્યારે ગણીએ ત્યારે તો ધ્યાનની સ્થિતિમાંથી મુક્ત થઈ ગયા હોઈએ છીએ. એટલે તેવી પળે ૫૦ હોય તો ધ્યાનની ખરી સ્થિતિમાં તો એનાથી પણ ઘણા ઓછા હોય.

## સંસારના ધર્મો આચરવા પાછળની ભાવના

સાધકે સંસારવહેવારના પોતાના ધર્મો પ્રભુપ્રીત્યર્થે અને ભાવનાના વિકાસ અર્થે પ્રેમથી અદા કરવાના તો છે, પરંતુ તે તે સંસારના ધર્મો અદા કરતાં કરતાં તેમાંથી રાગ, મોહ, આસક્તિ, કામના વગેરે વગેરેથી

આપણે મુક્ત બનતાં જતાં હોઈએ તેવી રીતે તે અદા કરવાના રહે છે. સંસારમાં અનેક પ્રકારના ધર્મો આપણે બજાવવાનાં હોય છે. અને તે ધર્મ બજાવવામાં આપણાથી પાછી પાની ન કરાય. તે બધા ધર્મોનું પાલન અનાસક્ત ભાવે, પ્રભુપ્રીત્યર્થે અને જીવનવિકાસની ભાવનાને કેળવવાના હેતુના જ્ઞાનથી જો તે તે ધર્મ આચરતા રહીએ તો તે સાધના છે. જીવનમાં આપણે જે જે સર્જન કરીએ કે કર્યું હોય, તેના પરત્વે આપણો ધર્મ તો અનેકગણો વધારે છે. તેના એટલે કે જે સર્જન થતું હોય તેના જીવનમાં પોતાનો ધર્મ યથાયોગ્ય રીતે આચરી શકે એવા સંસ્કારવાળું તે નીપજે તે માટે આપણે તેને તે ભાવે કેળવવું ઘટે. તે ઉપરાંત, આપણે માતાપિતા પરત્વેનો ધર્મ, પત્ની પરત્વેનો ધર્મ, ભાઈભાંડુ પરત્વેનો ધર્મ, મિત્રો પરત્વેનો ધર્મ વગેરે વગેરે ધર્મો પણ આપણે આચરવાના છે અને તે ધર્મના આચરણમાં આપણે તે તે વ્યક્તિનો ખ્યાલ રાખવાનો નથી, પરંતુ આપણી પ્રભુપ્રીત્યર્થની ભાવનાને કેળવવાને અને વિકસાવવાને પ્રભુકૃપાની તે તે તકો મળેલી છે, એમ આપણે જ્ઞાનભક્તિપૂર્વક સમજી સમજીને તે તે ધર્મ આચરવાનાં છે.

## પ્રેમભર્યા વર્તનનો અર્થ

જે પોતાને સાચું પૂરેપૂરું ઓળખી લેશે, તે બીજાને પણ ઓળખી લેવાનું જ. સામાને કે બીજાને સમજવાનું મૂકીને જે પોતાને જ સમજવાનું લક્ષમાં લેશે, તેનો જીવનવિકાસ યોગ્ય રીતે થવાનો છે. પ્રેમની ભાવનાની બાબતમાં જે સમજણ પાંગરવા માંડે તે પ્રમાણે જો વર્તવા માંડીએ તો આપણી તેવી ભાવના વધારે ને વધારે સાકાર બનતી જાય છે. આપણી સાથેના બીજા તેમ ન વર્તે તો તે તરફ આપણું લક્ષ જવું ન ઘટે. જે પોતાનો આવી પડેલો ધર્મ યથાયોગ્યપણે પૂરેપૂરો બજાવે છે, તેનાં આચરણમાંથી તેને પૂરો આત્મસંતોષ મળી રહે છે. એમ વર્તવા

જતાં છતાં આપણાથી આપણી સાથે સંકળાયેલા જીવને આપણું વર્તન યથાયોગ્યપણાનું ન લાગે તો શું કરવું ? આપણે તે વ્યક્તિ સાથે પહેલાં જેમ વર્તતાં હતાં, તે રીત તો જીવ પ્રકારની હતી. હવે, જો આપણે આપણી જોડે સંકળાયેલી વ્યક્તિની સાથે પહેલાંની જેમ વર્તીએ તો તો આપણે આપણું પણ ઊંધું વાળીએ અને તેનું પણ ઊંધું વાળીએ. પહેલાં આપણે જે તે બધું તેને કહેતાં હોઈએ, તેની એટલે કે કહેવાની યોગ્ય કળાની વિવેકયુક્ત સમજણ આપણને પહેલાં ન ઊગી હોય, અને હવે, આપણને એમ લાગે કે આપણને ખબર પડેલી નકારાત્મક હકીકતો સંકળાયેલી વ્યક્તિને કહેવાથી ઊલટું તેના ચિત્તમાં નકારાત્મક પ્રકારના સંસ્કારો જાગશે તો તેવા સંસ્કારો નાખવાનો કશો અર્થ નથી. એવી હકીકતો તેને જણાવવાથી તેનું કલ્યાણ નથી, એમ ભાનપૂર્વક સમજીને તેને એવું કશું હવે કહેતાં નથી. આપણે આપણું દૃષ્ટિબિંદુ તેને યોગ્ય રીતે સમજાવીએ, તેમ છતાં તે ન જ માને તો આપણે આપણી રીત અને વર્તનમાં મક્કમ રહેવું. આપણો તેના પરત્વેનો સદ્‌ભાવ વધારે તેજસ્વી અને ચેતનવંતો બનવો ઘટે. આપણે તેવા જીવપ્રકારનું વલણ સારાય સંસારમાંથી ટાળવાને બેઠાં છીએ. એમાં પછી કોઈનોય અપવાદ ન ચાલી શકે. એમાં આપણે પૂરેપૂરી જીવતીજાગતી જ્ઞાનપૂર્વકની જાગૃતિ સેવવાની છે.

સાધનાના પંથમાં બધાંનાં સહાનુભૂતિ અને સદ્‌ભાવની જરૂર છે, તે આપણને મદદરૂપ છે. સાધનાને પંથે જો જવું હશે તો જીવપ્રકૃતિ કે સ્વભાવની રીતે વર્તવાનું સમજી સમજીને મૂકી દેવું પડશે.

## નમ્રતા સાથે અભય

સૌથી પહેલાં આપણે સર્વ રીતે અભય બનવાનું છે. ભય એક જાતનો નથી. ભયના પ્રકાર પણ ઘણા ઘણા છે. એક પ્રકારનો ભય ટાળવા જતાં બીજા પ્રકારનો ભય માથું ઊંચું કરીને જન્મતો જ હોય છે. સર્વ પ્રકારે

અભય થયા વિના મમતા, રાગ, કામ, ક્રોધ, લોભ, મદ, મોહ વગેરે વગેરે ટળી શકતાં નથી. સાધનામાં પહેલો અભયનો પાયો મજબૂત કરવો પડે છે. તેટલા માટે મને તો શ્રીગુરુમહારાજે સ્મશાનમાં સૂવાનું સૂચવેલું. શહેરમાં સૂવાની મનાઈ હતી. પૂરેપૂરો બધી જાતનો અભય કેળવાયા વિના સાધનાના ભાવમાં નિષ્ઠા પ્રગટી શકતી નથી. છેલ્લામાં છેલ્લો ગુણ નમ્રતાનો છે. સાચો જ્ઞાની કે અનુભવી નમ્રમાં નમ્ર હોય છે, પણ તેની નમ્રતા એ કાયરની નમ્રતા નથી. તેની નમ્રતા તો તેજસ્વી અને સદાય પ્રગટતી શક્તિ જેવી હોય છે. એવી નમ્રતાને પિછાનવી અને જીરવવી ઘણી અઘરી છે.

## શૂરા સંગ્રામવીર બનો

મનમાં ગાંઠ વાળીને બેસી રહ્યે નહિ પાલવે. અનેક પ્રકારની ગાંઠોને આપણે સમજી સમજીને તોડતાં રહેવાનું છે. તે જો ન બન્યું તો સાધનામાં પ્રગતિ થઈ શકવાની નથી. આવા પ્રકારની મડાગાંઠો આપણને જ્યાં હોઈએ છીએ ત્યાં ને ત્યાં રખાવે છે. સર્વ પ્રકારથી આપણે નગ્ન થવાનું છે. નગ્નનો અર્થ અહીં સ્થૂળ રીતનું નગ્નપણું નહિ, પરંતુ સર્વ પ્રકારની મડાગાંઠો, ટેવો, આદતો, સમજણો વગેરે વગેરેથી સંપૂર્ણ મુક્તિ. પ્રત્યેક સાધકને સાધનાની શરૂઆતમાં અને તે પછી પણ એનાં પ્રકૃતિ, સ્વભાવ વગેરે ઉછાળા મારવાનાં જ. એ જો જ્ઞાનપૂર્વક ચેતતો રહે તો તો પ્રકૃતિની અને સ્વભાવની રમત સમજી શકે છે. સાધકને ડહોળામણની, ગૂંગળામણની, અકળામણની સ્થિતિ જન્મવાની જ. કંઈ કંઈ નવું નવું ઊભળવાનું. એવી ક્રિયા જ્યારે થવા માંડે ત્યારે એને તાબે થઈ જવામાં તો મૃત્યુ છે. જો ભૂલેચૂકે તાબે થઈ ગયા તો મૂઢ દશા જ પ્રગટવાની. જ્ઞાનીઓ મૂઢતાને મૃત્યુ ગણે છે. મૂઢતાની દશામાં તો પતન જ થાય. મૂઢતાની સ્થિતિ પ્રગટતાં જીવપણું વધારે ઘાડું બને અને દ્વંદ્વની પકડ વધારે જ્વલંત બને. પ્રકૃતિ અને સ્વભાવના હુમલા જેટલા સામાન્ય

જીવને નથી પ્રગટતા એના કરતાં અનેકગણા પ્રમાણમાં સાચી અને ખરેખરી રીતે સાધના કરતા માનવીને તે પ્રગટવાના. આ બધી અનુભવની હકીકત છે. આપણે જે યજ્ઞ માંડ્યો છે, એ યજ્ઞ ચાલુ રાખવાને સંપૂર્ણ જ્ઞાનભક્તિપૂર્વકની ભાવના કેળવ્યા કરીશું અને જેમ જેમ તે યજ્ઞની પ્રક્રિયા આગળ ધપવાની તેમ તેમ રાક્ષસો તેમાં હાડકાં નાખવા આવવાના. મહાભારત તથા રામાયણમાં એવી કથા આવે છે. તે બધી કથા પ્રતીકરૂપે છે. સાધનામય જીવનની આવી હકીકતોની તે કથની છે. તેવી હકીકતને આવાં દૃષ્ટાંતો દ્વારા વણી લીધેલી છે.

## સાચો પ્રેમ

સાચો પ્રેમ તો સંપૂર્ણ શરણે થયા કરીને પોતાનું જુદું અસ્તિત્વ મિટાવી દેવામાં સમજે છે. જે કોઈ પોતાના પ્રેમીનો દોષ જુએ છે, તેણે પોતાના પ્રેમની ભાવનામાં કચાશ છે એમ સમજવું. હૃદયનો શુદ્ધ પ્રેમ તો મળી જવામાં, ગળી જવામાં પોતાનો ધર્મ અનુભવે છે. આપણે બધા જીવો જીવકક્ષાનાં છીએ. આપણામાં તેવા સાચા પ્રેમનો ઉદય થયેલો નથી. આપણે તો મોહ, રાગ, કામ વગેરે વગેરેથી પ્રેરાઈને પરસ્પર વર્તતાં હોઈએ છીએ. અનેક પ્રકારની આશા-અપેક્ષાઓ પરસ્પર રાખતાં હોઈએ છીએ. આવા વર્તનનું નામ પ્રેમ નથી. આપણે તો આપણા સ્વભાવની લાગણીમાં તણાઈ પણ જઈએ છીએ. આપણામાં હજી તટસ્થતાનો એકડો પણ મંડાયો નથી. એવી વેળાએ અને એવી દશામાં આપણે પ્રેમની વાત કરીએ તે નરી મૂર્ખામી છે.

## ભારે મંથન પછી પ્રેમનું માખણ પ્રગટે

આપણો આદર્શ જો પ્રેમ હોય અને તેવા આદર્શને આપણા જીવનમાં પ્રગટાવવાની સાચી ભૂખ જો લાગી હોય તો તે પરત્વેનું મંથન થયા વિના રહેવાનું નથી. જેને સાચી દિશા સૂઝી છે, તેની તે તરફ ગતિ થવા માંડે છે. આપણને આપણી તેવી ગતિ થતી અનુભવાય તો સમજવું કે

આપણી દૃષ્ટિ આપણા આદર્શ પરત્વેની સાચી છે. આદર્શનું વર્તન થતાં મથામણ તો જાગવાની અને તે મથામણમાં આપણે શાંતિ અને સમતા કેળવવાની છે. સાધના થતાં થતાં અનેક પ્રકારની મથામણ જાગે છે. શાંતિ, પ્રસન્નતા, સમતા, તટસ્થતા, ધીરજ, સહનશીલતા, સહિષ્ણુતા, ઉદારતા વગેરે વગેરે ગુણો કેળવવાની આપણને હૈયા-ઉકલત પ્રગટે અને તેવા ગુણોમાં આપણે એકનિષ્ઠ થતાં જઈએ એવા પ્રકારનો હેતુ આપણે સમજી સમજીને તેવી જાગતી મથામણમાં રાખવાનો છે. સાધકને એક બાજુનું દુઃખ નથી પડવાનું, અનેક બાજુનું દુઃખ તેને ઊભું થવાનું છે. તેનાં સ્વજન તેને સમજવાનાં નથી. તેના વિશે તે ગેરસમજૂતો પણ કરવાનાં છે. તેના સંસારવહેવારમાં તે બધાં સ્વજનો તેનું અયોગ્ય દેખાય એમ પણ બોલવાનાં છે. તેમાં તેમનો દોષ નથી, કારણ કે તે સાધકને અને સાધકના વર્તનને સાધનાના ભાવના યથાયોગ્યપણાથી સમજી શકવાનાં નથી. માટે, સાધકે પોતે તેમના તેમના પરત્વેના વર્તનમાં વધારે સાવચેતી અને ચોકસાઈ રાખવાની છે. પોતાનો હૃદયનો સદ્‌ભાવ વધારે તેજસ્વી બને, તે તેણે જ્ઞાનપૂર્વક જોતા રહેવાનું છે.

---

હરિઃૐ ખાર, તા.૪-૧૧-૧૯૪૨

## પ્રમુખની પ્રોત્સાહક વાણી

અહીં મુંબઈમાં ફાળાની બાબતમાં એક કિસ્સો બન્યો. એક મંડળના મંત્રી પાસે ફાળા માટે ગયો. તેમણે મને કહ્યું કે 'એકબે દિવસમાં મંડળની સભા થવાની છે. તેમાં તમે જો આવો તો મંડળના બધા સભાસદોને આ અંગે વાત કરી શકાય અને જો તમારી હકીકત બધાને ગળે ઊતરી જાય તો ત્યાં ને ત્યાં જ બધા સભાસદોની તમારા ફાળાની ટીપ થઈ જાય.' તેમની સભા થઈ ત્યારે તેમાં હાજર થયો. સભાનું રૂઢિ મુજબનું બધું

કામકાજ પતી જતાં મંત્રીશ્રીએ બધા સભાસદોને મારી ઓળખાણ કરાવી. મારી હકીકત સહાનુભૂતિપૂર્વક સાંભળવા બધાને વિનંતી પણ કરી. ૧૯૪૨ના ઑગસ્ટની ૯મી પછી જે જે પ્રસંગ બન્યા અને ગુજરાતમાંથી એકે એક મુખ્ય રચનાત્મક કાર્યકર્તાને વીણી વીણીને પકડી લેવામાં આવ્યા છે અને તે કારણથી સંસ્થાના વિદ્યાર્થીઓ તથા સંસ્થાઓને કેમ નભાવવી તે એક મોટો પ્રશ્ન થઈ પડેલો છે - એ બધી હકીકત એવી ભાવનાથી કહી કે બધાના દિલમાં પ્રભુકૃપાથી કંઈક લાગણી જન્મી અને ત્યાં ને ત્યાં જ બધાએ ફાળામાં પોત પોતાની રકમની નોંધણી કરી. તેમાં પ્રમુખ સાહેબે રૂ.૫૦૧ની રકમ સૌથી પહેલી ભરી અને બીજા બધાએ પોત પોતાની શક્તિ પ્રમાણે નાનીમોટી રકમ ભરી.

## જબરદસ્ત આઘાત

બેત્રણ દિવસ પછી પેલા પ્રમુખ સાહેબની પેઢી ઉપર હું ગયો અને તેમને પ્રણામ કરી તેમણે બતાવેલી જગા ઉપર બેઠો. તેમણે રૂ. ૧૦૧ની રકમનો ચેક આપવાનું કહ્યું. હું તો આભો જ બની ગયો. ‘૫૦૧ને બદલે ૧૦૧ જ કેમ ?’ એમ પૂછતાં તેમણે જવાબ વાળ્યો કે ‘જો મેં ૫૦૧ ન ભર્યા હોત તો તમારા ફાળામાં આટલી રકમ ન થઈ શકી હોત. તે રકમ ભરવાથી તમને તો લાભ થયો છે. તમને સારી રકમ મળે તેટલા હેતુથી ૫૦૧ ભરેલા, નહિ કે તમને તેટલી રકમ આપવાના હેતુથી.’ આ સાંભળી દિગ્મૂઢ જ થઈ જવાયું. આવો અનુભવ પહેલવહેલો હતો.

## પ્રેમભર્યું નિશ્ચયાત્મક પ્રતિવર્તન

મેં તો તેમને સદ્‌ભાવથી અને નમ્રતાથી કહ્યું કે ‘મને તો ૫૦૧ ખપે. તે નહિ આપો ત્યાં સુધી હું તો આપની પેઢી ઉપર આવીને બેઠો રહીશ.’ તે પછી રોજ ને રોજ દશ વાગતાં એમની પેઢી ઉપર જઈને બેસું છું. મારા ઉપર આવેલા કાગળોના જવાબ લખવામાં એકધારો સમય ગાળું છું. એકબે વખત તે પ્રમુખસાહેબ ઘણું બબડ્યા

પણ ખરા. તે અંગે મેં કશું ધ્યાન આપ્યું નથી. રોજ આવીને તેમને પ્રણામ કરું અને જતી વખતે પણ પ્રણામ કરું. બધાના ગયા પછીથી અને તાળું વસાયા પછીથી હું રસ્તો માપું છું. આજે સાતમો દિવસ છે. દરરોજ હું તો મારો બધો સમય કાગળો લખવામાં ગાળતો હતો. તેઓ તે જોતા હતા.

## સાતમે દિવસે પીગળ્યા

આજે તેમણે મને પાસે બોલાવીને પૂછ્યું કે 'તમે રોજનું રોજ આટલું બધું શું લખલખ કરો છો !' મેં જણાવ્યું કે 'મારા કેટલાક મિત્રોના કાગળો મારા ઉપર આવે છે, તેના જવાબ રોજ ને રોજ લખું છું. આજના લખેલા કાગળો આપને જો જોવાનું દિલ હોય તો જોઈ શકો છો.' સાતેય દિવસ તેમણે મને સતત લખતો જોયો હોવાથી તેમને થયું હશે કે 'આ માણસ રોજનું રોજ આટલું બધું શું લખતો હશે!' એક પ્રકારની કુતૂહલતા પણ જન્મી હશે, તે કારણથી પ્રેરાઈ તેમણે મારા લખેલા કાગળો જોવા માંડ્યા અને જોતાં જોતાં કંઈક રસ પડવાથી વાંચવા પણ લાગ્યા. ઘણાખરા કાગળો તેઓ જોઈ ગયા. અંતે તે બોલ્યા, 'વાહ, તમે તો કોઈ જ્ઞાની લાગો છો!' તમે તમારા મિત્રોને સાધનાના માર્ગનું જે જાતનું લખો છો તે ખરેખર ઉત્તમ છે. આવી સમજણ સાદી સીધી સરળ ભાષામાં ઉત્તમ ભાવના પ્રગટ કરતી તમે જે લખી છે તે મોટી હકીકત છે. તમે સાત દિવસ ધીરજ રાખીને બેઠા અને રોજ સવારસાંજ મને પ્રણામ કરતા હતા. મેં તમને બે કડવાં વચનો પણ કહ્યાં છે. તમારો આ મીઠો સત્યાગ્રહ મને જીવનમાં યાદ રહી જવાનો છે. તમારા શાંત સદ્‌ભાવયુક્ત વર્તનથી રાજી થયો છું. તેમાં તમારા આવા કાગળોનાં લખાણે તમારા પરત્વેના મારા સદ્‌ભાવે ઉમેરો કર્યો છે. તમને સાત દિવસ તપાવ્યા તે માટે મને માફ કરશો. સાત દિવસ સુધી તમારું કામ મોકૂફ રહ્યું તેની મને દિલગીરી તો જરૂર છે, પરંતુ ૫૦૧ની રકમ કેમ

કરીને ઝટ એમ ને એમ છૂટી શકે ! સાચી રીતે તો મને ૧૦૧ આપવાનું દિલ હતું, પરંતુ તમારી નમ્રતાએ અને તમારા સદ્ભાવે ૫૦૧ની રકમ આપવા મને પ્રેર્યો છે. તમને સાત દિવસ તમારાં કામમાંથી રોકી રાખવાને માટે ફરીથી તમારી માફી માગું છું.' એમ કહીને તેમણે આખરે રૂ. ૫૦૧/- આપ્યા.

## પ્રભુકૃપાનો જીવંત અનુભવ

તે મળતાં મને ઘણો આનંદ થયો અને પ્રભુનો ઉપકાર-પ્રાર્થનાભાવે ગદ્ગદ કંઠે આભાર માન્યો. આંખમાંથી આંસુ પણ પડ્યાં. પ્રભુની કૃપાનો તે પ્રસાદ જીવનને ધન્ય કરનારો હતો. આ પ્રસંગે મને ભગવાનની કૃપા અને તેની શક્તિનું ભાન કરાવ્યું. પેલા વેપારી સદ્ગૃહસ્થે ભલે મારા સદ્ભાવ અને નમ્રતાને તે રકમ દેવામાં મહત્ત્વની હકીકત ગણાવી હોય, પરંતુ મહત્ત્વનું સાચું રહસ્ય તો શ્રીભગવાનની કૃપાનું હતું. એ ધન્ય પળ જીવનમાં સદાય જીવતી રહેવાની. શ્રીભગવાને આવી મારી કદર કરી, તે કંઈ નાનીસૂની વાત છે ?

## આફતો સ્વ-ધર્મ તરીકે જ વહોરી લીધી

હરિજન સેવક સંઘ મારી કદર કરે કે ન કરે તેનું મૂલ્ય મારે મન કશું નથી. મેં પોતે આ કામ મારા પોતાના ધર્મને માટે લીધેલું છે, નહિ કે સંઘને કારણે કે પરીક્ષિતલાલ કે ઠક્કરબાપાને કારણે. આ કઠણ કાળમાં જ્યારે ખાદી પહેરીને ફરવું એ આજે મુંબઈમાં નહિવત્ બની ગયેલું છે. તેવા સમયમાં ખાદીની ટોપી અને ખાદીનું પહેરણ પહેરીને ફરવાનું રાખ્યું છે. પોલીસની હેરાનગતિ પ્રેમથી સહેવી પડી છે. માર પણ ખાધો છે. મારબાવડી પોલીસચોકીમાં રહેવું પડ્યું છે. શરીરની પણ હેરાનગતિ છે. વજન ૧૧૭માંથી ૯૭ થઈને ૨૦ શેર ઘટ્યું છે. સજ્જન પુરુષ યોગ્ય કર્મની કદર કર્યા વિના રહી શકતા નથી એવો મને વિશ્વાસ છે, તે વળી જુદી વાત છે.

## સત્પુરુષનાં તટસ્થતા અને તાદાત્મ્ય

આ કામ હાથમાં લેવાથી મને તો એ જ્ઞાન મળ્યું છે કે જે કોઈ અનુભવી છે, તે પોતાને મળેલા યોગ્ય ધર્મનું ગમે તેવી આફતો હોવા છતાં પરિપાલન કરવાનો જ. તે કશાથી અલગ રહી ન શકે. તે તો બધામાં તેવો તેવો કાળ પાકતાં સમરસ થાય. અલગ હોય કે અલગ થાય તેને અનુભવી કેમ કહેવાય ? એનાં તટસ્થતા અને તાદાત્મ્ય કોઈની સાથે સરખાવી ન શકાય તેવાં હોય છે.

---

હરિઃૐ ખાર, તા. ૯-૧૧-૧૯૪૨

## સાધનાનો હેતુ પ્રકૃતિથી પર થવું

સવારે ત્રાટક મજાનું થયું તે જાણ્યું, પરંતુ એના કરતાં તો તમે મન, શરીર અને સ્વભાવની પ્રકૃતિને તાબે થઈ જવાનું ન કર્યું અને તેની સામે યુદ્ધ આદર્યું તથા યુદ્ધમાં જ્ઞાનપૂર્વકનો હેતુ જાળવ્યો, તે હકીકતથી મને વિશેષ આનંદ થયો છે. સાધનામાં સંગ્રામ અનિવાર્ય છે. આપણે આપણાં મનાદિકરણને ઉચ્ચ ભાવનામાં રાખ્યા કરવાનાં છે. અનેક પ્રકારનાં વિચાર, વૃત્તિ, લાગણી, ઉશ્કેરાટ થવાનાં કારણ, અથડામણ થવાના પ્રસંગ વગેરે વગેરે બધું જન્મવાનું તો ખરું જ, તે તે પળે પ્રચંડ જાગ્રતિ સેવી સેવીને તેમાં તેમાં આપણે આનુષંગિક આંકડો ન જોડ્યા કરીએ અને તે તે બધાંમાં સમતા, તટસ્થતા કેળવ્યા કરવાનો જ્ઞાનપૂર્વકનો પ્રયત્ન કર્યા કરીએ તો આપણે પ્રકૃતિથી કે સ્વભાવથી નોખા પડવાનું શીખી શકીએ.

## જીવનની સળંગ સાધના

આપણે શરીર નથી, મનાદિકરણ નથી, પ્રકૃતિ કે પ્રકૃતિનો સ્વભાવ નથી, તે બધું અનુભવનું જ્ઞાન જીવનના વર્તનવહેવારમાંથી આપણે કેળવવાનું છે અને મેળવવાનું છે. જીવનની સાધના કંઈ એકલી અટૂલી નથી. એ તો સળંગ જેમાં ને તેમાં વણાયેલી છે.

## ભાવનું વાહન પદ્ય વિશેષપણે છે

કવિતાની દૃષ્ટિએ મારી કવિતામાં કંઈ દમ ભલે ન હોય. પહેલાં તો એને કાવ્ય જ ન કહી શકાય, પરંતુ મારે જ્યારે ટૂંકામાં પતાવવું હોય છે અને પાછું કંઈક સચોટ અર્થવાળું કહેવાનું હોય છે ત્યારે ભાવને એકાગ્ર કરવામાં અને સચોટપણે વ્યક્ત કરવામાં કાવ્યમાં લખવાનું મને વિશેષ ફાવે છે. પિંગળશાસ્ત્રની મને ખાસ કશી ગતાગમ નથી. કવિ દલપતરામની પિંગળશાસ્ત્ર ઉપર લખેલી ચોપડી છે ખરી. તેમાંથી તમે છંદ વિશે લખી શકશો.

## પ્રેમની વ્યાખ્યા

તમારો પ્રેમભાવ વધતો જાય છે, પણ તે હજી અણુ જેટલો પણ ન ગણાય. પૂજ્ય મામાના શબ્દોમાં 'તમે જેના ઉપર પ્રેમ ઢોળો છો ત્યારે ઢગલે ઢગલા વરસાવો છો,' પરંતુ મારા ઉપર તમે તેવું કરેલું નથી. મને હજી એવું સદ્‌ભાગ્ય સાંપડ્યું નથી. મારે એવા ઢગલે ઢગલા પ્રેમનો જોકે કશો ખપ નથી. પ્રેમ એટલે હેતુપૂર્વકની જ્ઞાનપૂર્વકની જાગેલી ભાવના અને એનો અંતર્મુખ થવાપણામાં ઉપયોગ થયા કરે અને મળેલાં કર્મમાં તેની ભાવના કાર્યસાધક નીવડ્યા કરે તે. એવા પ્રેમનો મને ખપ છે.

## લાગણીનો સાધનામાં ઉપયોગ કરો

પ્રેમની લાગણીને લૂલી લૂલી રીતે વહેવરાવી દેવાનું કામ સાધકનું નથી. પોતાના સ્વજનનું સ્મરણ થતાં અથવા મારું સ્મરણ થતાં જો લાગણી પ્રગટે તો તેવી પ્રગટેલી લાગણીના વેગને અને જોશને હરિસ્મરણમાં, પ્રાર્થનામાં અથવા તો અંતર્મુખ થવાપણામાં જે એનો જ્ઞાનપૂર્વક ઉપયોગ કરે છે, તેને તેવી પ્રગટેલી લાગણી ઘણું ઘણું કામ આપી શકે છે. આપણે વાત કરતાં કરતાં એનો ઉપયોગ એવી રીતે કરવો ઘટે કે જેથી સામાનું દિલ ભાવનામાં અને યોગ્ય પ્રકારની સમજણમાં

પ્રગટી શકે. આપણી હકીકત તેને ગળે ઊતરે કે ન ઊતરે એની પરવા ન હોય, પરંતુ જ્યારે તે હકીકત કહેતા હોઈએ ત્યારે અંતરમાંની ભાવનાથી પ્રેરાઈને, ખરેખરી સદ્ભાવનાથી પ્રેરાઈને તે કહેતા હોઈએ અને તે અંતરથી બોલાતું હોય તેવી પ્રતીતિ સામાના દિલને જો થઈ શકે તો તે ઉત્તમ ગણાય.

## સાધકની વાણી

સાધકે જે તે કંઈ બોલવાનું હોય તે ઉપરછલ્લું ન હોય, પણ અંતરને પ્રગટ કરનારું હોય. સ્વભાવથી, લાગણીથી પ્રેરાઈને તેના હથિયાર તરીકે જે બોલવાનું થાય અને બોલાઈ જાય તે જુદું અને લાગણીને આપણે વાપરીએ છીએ એવા સભાન જ્ઞાનપૂર્વકના ખ્યાલ સાથે એનો જે ઉપયોગ થાય છે, તે હકીકત પણ જુદી છે. આપણે માટે બીજો રસ્તો જરૂરનો છે. નકામી નકામી વાતો થઈ, તેમાં પણ આપણે સાર લેવાનું કર્યું તે સારું થયું. ભવિષ્યમાં દુનિયાની રીતે આપણાં કાર્યો આપણે કરવાનાં નથી. આપણી રીતે ભાવજ્ઞાનપૂર્વક આપણે કરવાનાં છે.

**યજ્ઞે આહુતિ આપી આપી નિજની બાકી ન રાખી કશું,**
**ઉમામાં નીલકંઠ દિલ પ્રગટો ને પાર્વતી શિવ શું !**

એવું શાર્દૂલવિક્રીડિત છંદમાં તમે લખ્યું છે. તેમાં છંદરચના બરાબર છે. જેને કોઈ પણ જાતની કવિતાની એટલી બધી સૂગ હતી, તેને પણ એવો ભાવ થયો, તે મારે મન મોટી વાત છે.

## જ્ઞાનપૂર્વક અવિવેકનો યાદગાર પ્રસંગ

હરિજન સેવક સંઘના ફાળાની રકમ દશ હજાર સુધી થવા આવી છે. આ અઠવાડિયામાં એક રમૂજી પ્રસંગ બન્યો તે લખું. એક ઘણી મોટી સુપ્રખ્યાત પેઢીના શેઠની ઑફિસે જવાનું થયું. નામ લખીને પટાવાળાને આપ્યું. સાડા અગિયારથી ચાર સુધી રાહ જોતો બેસી રહ્યો, પણ અંદર આવવાને કે જવાને કોઈએ બોલાવ્યો કર્યો નહિ. ધીરજને પણ મર્યાદા

હોય છે અને કામમાં તો ખાસ. મેં વિચારી લીધું કે 'અંદર પ્રવેશ કરતાં તે મળવાની ના પાડશે તોપણ ભલે, કાઢી મુકાવશે તોપણ આનંદ, પરંતુ હવે તો અંદર ઘૂસવું તે ઘૂસવું જ, એવો દૃઢ વિચાર કરી, હું તો અંદર પેસી ગયો. પાછળ કારકુન અને પટાવાળો બંને દોડતા આવ્યા, 'સાહેબ, આ માણસ રજા વિના એમ ને એમ ઘૂસ્યો છે.' શેઠસાહેબે એમ ને એમ રજા વિના ઘૂસી આવેલ છે, એમ જાણતાં ભવાં ચડાવ્યાં અને મને ધમકાવીને કહેવા લાગ્યા, 'ગામડિયો છે કે કોણ છે ? રજા વિના અંદર ન અવાય એટલું પણ જાણતો નથી ? શું ભણ્યો છે ?' ભણવા કરવાની હકીકત જાણતાં તો તેમણે મને ખુરશી ઉપર બેસવાને કહ્યું. પછી મેં જણાવ્યું કે 'સાહેબ ! આ ભાઈઓ કહે છે તે હકીકત સાચી છે, પરંતુ સાડા અગિયારથી ચાર સુધી આપણી ઑફિસ બહાર તપ કર્યું છે. મારી હકીકત કૃપા કરી જો સાંભળો તો બે મિનિટમાં સંભળાવી દઉં.' તે શાંત રહ્યા. એટલે મેં ઝટઝટ ભાવપૂર્વક કહેવા માંડ્યું કે 'આ કારમા સમયમાં સરકારે એકે એક મુખ્ય કાર્યકર્તાને જેલમાં પૂરી દીધા છે. ગુજરાતમાં કેટલાક હરિજન આશ્રમો છે અને સાબરમતીનો આશ્રમ પણ છે. ત્યાં એક મોટું હરિજન કન્યા છાત્રાલય પણ ચાલે છે. આ બધા આશ્રમોના વિદ્યાર્થીઓનું ભરણપોષણ કરવાને માટે તથા શિક્ષકોના વેતન માટે પૈસાની ઘણી ઘણી જરૂર છે. હાથ ઉપર કશી સિલક નથી. વિદ્યાર્થીઓને ખવડાવીશું શું ? એવો મુશ્કેલીનો પ્રશ્ન છે. હું સંઘનો પગારદાર નથી. મુંબઈમાં દાન ઉઘરાવવા માટે હરવાફરવાનું જે ખર્ચ થાય છે તે પણ પદરનું છે. આવા કપરા કાળમાં આવી સંસ્થાઓને નભાવવી એ સમાજનો ધર્મ છે. માટે, આપને વિનંતી કરું છું. મને પ્રભુકૃપાથી અને આપના આશીર્વાદથી વિવેકનું જ્ઞાન છે, પરંતુ ચારપાંચ કલાક થવા આવ્યા છતાં આપને મળવાની તક સુધ્ધાં ન મળે તેથી આ અઘટિત પગલું લેવાયું છે તો મને ક્ષમા કરશો !' આ સાંભળી શેઠસાહેબે તે કારકુન અને પટાવાળાને કહ્યું કે 'હવેથી મને મળવા આવનારને અડધા કલાકથી વધારે થોભવું ન પડે

એમ કરજો. આ નિયમને બરાબર પાળવાનો છે, તેનું ધ્યાન રાખજો.' એમ કહીને મારે એટલો બધો વખત ખોટી થવું પડ્યું, તે બાબત તેમણે ક્ષમા માગી. આ તેમનાં સદ્ભાવ અને સજ્જનતા ભુલાય તેવાં નથી. સંઘને માટે દાનની રકમનો - સારી રકમનો ચેક પણ સાથે સાથે લખી આપ્યો. આમ, કેટલીક વખત સમજીને જ્ઞાનપૂર્વક અવિવેકનું પગલું પણ ભરવું પડે છે. તેમાં સાહસ, હિંમત અને પ્રેરણાની પણ જરૂર ખરી.

## પ્રેમની સ્વીકારાત્મક ભૂમિકાની અગત્ય

પ્રિય બહેન, પ્રભુકૃપાથી લાગણી, ભાવના, પ્રેમ જે જે કંઈ રાખવાનું બને છે, તે તે બધું તેનામાં પ્રવેશવા માટે જ્ઞાનપૂર્વકનું હોય છે. તેવો ભાવ તેમના તેમના જીવનમાં સ્પર્શ કરે એવા હેતુપૂર્વકના જ્ઞાનની સમજણ પણ તેના હાર્દમાં હોય છે, પરંતુ તે બધું મારા સ્વજનના દિલને સ્પર્શતું હું અનુભવી શકતો નથી. તે બધું ઉપર ઉપરથી વહી જતું દેખાય છે. આપણામાં જેના તરફથી ભાવનું ઝરણું વહેતું હોય અને તેના પરત્વે જ્ઞાનભક્તિપૂર્વકનું દિલ દિલનું તાદાત્મ્ય કેળવાયેલું હોય, અને તેના પરત્વેની સ્વીકારાત્મક ભૂમિકા જો પ્રગટેલી હોય છે તો સામાના દિલના ભાવનો સ્પર્શ થતો આપણે અનુભવી શકીએ છીએ. મારો એવો અનુભવ છે. એવી જ્ઞાનભક્તિપૂર્વકની તાદાત્મ્યયુક્ત સ્વીકારાત્મક ભૂમિકા જ્યાં સુધી ન પ્રગટી હોય ત્યાં સુધી ભાવને યોગ્ય રીતે સમજવાનું અને સ્વીકારવાનું બની શકતું નથી.

## દિલ વિનાનું બધું નકામું

આખરે સ્વીકારાત્મક ભૂમિકામાં વિવેક નથી હોતો એમ નહિ. તેમાં ઓડનું ચોડ આપણે કશું ગ્રહી લેવાનું હોતું નથી. જીવનવિકાસની સાધનાની ભાવનામાં વેગ, ધગશ, જોશ, ઉત્સાહ વગેરે પ્રગટે તો આપણું કામ આગળ ચાલે. અને તે કઈ રીતે પ્રગટે તે આપણે સમજવાનું છે. તે રીત જાણીને, સમજીને તેમાં હૃદયનો ભાવ પ્રવેશે તો કંઈક કામ

થાય. દિલ દીધું દેવાતું નથી, તે તો અપાઈ જાય ત્યારે સાચું. દિલ વિનાનું આપો, એટલે જીવનવિકાસની બાબતમાં બધું નકામું.

## સાચું સ્વજન

મારે પૈસા કે વસ્તુ નથી જોઈતી. મારે તો જ્યાં ત્યાંથી દિલ જોઈએ છે. સ્વજનનાં અંતર જાગે, હૃદય ઊર્ધ્વમુખી બને, જીવનવિકાસના માર્ગમાં આર્ત જિજ્ઞાસાવાળાં થાય, એવું એવું જે સ્વજન મને આપે છે, તે મારું સાચું સ્વજન છે. એવું એવું જે મને જ્ઞાનભક્તિપૂર્વક આપે છે, તેનાથી વધારે આનંદ પ્રગટે છે, એ રીતે જે મને મદદ કર્યા કરે છે, તે મને સાચી મદદ કરે છે.

## સ્થૂળ વસ્તુ માગવાનો હેતુ

મને કોઈ ધન કે એવી વસ્તુ આપો, તેથી કંઈ સંતોષાઈ જવાનો નથી. પહેલાં માગવાનું કરતો હતો, તે પણ એક પ્રકારના હેતુથી. તમને તે ઊંધું સમજાશે એવી છેક ખબર ન હતી એમ તો ન હતું. અને એવા પ્રસંગથી કરી સ્વજનના દિલનાં કક્ષા અને માપની મને સમજણ પડતી. ઊંધું સમજી સમજીને શું થઈ જવાનું છે ? બહુ બહુ તો મારો સંગ છોડી જવાનું બને, પણ તેથી મને કશી હરકત ન હોય. અત્યાર સુધી પ્રભુકૃપાથી આ જીવને કેટલીયે મદદ મળ્યા કરી છે, પણ તેનો અંગત ઉપયોગ કરેલો નથી, તે તમારાં બધાંની જાણની હકીકત છે.

## સદ્ગુરુનો પ્રેમ

જ્યારે સાચેસાચો પ્રેમ પ્રગટે છે ત્યારે તેવા પ્રેમને લીધે જેના પરત્વે પ્રેમ છે, તેની અનેક પ્રકારની ખૂબી અને રહસ્ય આપણામાં ઊગે છે. તેનાં ગુણ અને શક્તિ જેમાં ને તેમાં આપણાથી પરખાય છે. તેમના દોષ દેખાય છે તો તેવા દોષને મિટાડવાને કારણે. દોષનો સ્વીકાર તે કરે છે, પણ તે સ્વીકાર દોષમાંથી મુક્તિ કરાવવાને કાજે. આવો પ્રેમનો ધર્મ છે. પ્રેમમાં આસક્તિ નથી, રાગ નથી, મોહ નથી. કોઈ પ્રકારની આશા,

અપેક્ષા કે કામના નથી. તેમ છતાં તેમાં તીવ્ર ઉત્કંઠા છે. એની ભાવનાની ધગશની સાથે કોઈ ધગશને સરખાવી શકાય તેમ નથી. પ્રેમનો કોઈને દુઃખી કરવાનો ઈરાદો હોતો નથી. પ્રેમ સાનુકૂળ પણ વર્તે અને પ્રતિકૂળ પણ વર્તે. પ્રેમને અનુકૂળ-પ્રતિકૂળ જેવું કશું નથી. સાનુકૂળ, પ્રતિકૂળ તો સામા જીવને લાગે છે. એને દિલ તો તે બંનેમાં પ્રેમનો ભાવ જ છે. પ્રેમ તો ચાહવાનું જ જાણે છે. પ્રેમ મસ્તીમાં મુક્તપણે જે તે બધું સર્જે છે ખરો. એટલે એને કોઈ કશી વાતે અડચણ નથી હોતી. અટકવાપણું પણ બનતું નથી કે છટકવાપણું પણ બનતું નથી. પ્રેમમાં સમતા છે, તટસ્થતા છે, તાદાત્મ્ય પણ છે. પ્રેમનો ભાવ અનેરો અને અનોખો છે. તેથી, દયારામ કવિએ ગાયું છે કે 'જે કોઈ પ્રેમ અંશ અવતરે, પ્રેમરસ તેના દિલમાં ઠરે.' એટલે આપણે પ્રેમના ભાવને સ્વીકારવાને કાજે યોગ્ય ભૂમિકાવાળાં થવાનું છે, તે જાણજો.

## સદ્‌ગુરુના પ્રેમનું કાર્ય

પ્રેમ મથામણ કરાવે છે, પણ તેની તેવી મથામણમાં તે જીવને સાચું સમજાવવાનો પ્રયત્ન હોય છે. પ્રેમ હાથ જોડીને બેસી રહેતો નથી. તે સદાય જાગ્રત છે. સહજ પ્રયત્નશીલ છે. સાધકના જીવનમાં સદ્‌ગુરુના પ્રેમનું મહત્ત્વ કોઈ ન્યારા પ્રકારનું છે. પ્રેમને પચાવવાની શક્તિ અને લાયકાત જોઈએ છે. પ્રેમ જેના તેનામાં અવતરી શકતો નથી. પ્રેમ માગે છે જીવનને ઊર્ધ્વ કરવા. પ્રેમ તો જીવનને નીચલી સપાટીએથી ઊંચકીને જીવનને ઊર્ધ્વ ભૂમિકામાં લઈ જવાને સતત પ્રેરતો રહે છે. પ્રેમ નીચે ઊતરે છે ખરો, પણ ઊંચે લેવાને કાજે. તેને જો જ્ઞાનભક્તિપૂર્વકનો હૃદયનો સાથ ન મળે તો તે પાછો હઠી પણ જાય છે. પ્રેમ અવતરીને આપણી પ્રકૃતિના અને આપણા સ્વભાવનાં દર્શન કરાવે છે. પ્રેમ જીવનમાં પ્રગટીને જીવનના યદ્વાતદ્વાપણાનો અનુભવ કરાવે છે. આપણા યોગ્ય ઠામઠેકાણાં નથી તેનું ભાન કરાવે છે. આપણી અનેક પ્રકારની મડાગાંઠોનું ભાન પણ તે કરાવે છે. આપણામાં જે જે સમજણ

પડેલી છે, તે યોગ્ય પ્રકારની નથી. તેમ છતાં આપણે તેને ઝોડની માફક વળગી રહીએ છીએ, તે હકીકતનો સ્વીકાર પ્રેમ આપણી કને કરાવે છે. છતાં પણ તેવા પ્રકારની સમજણને આપણે પૂરેપૂરાં વળગી રહેતાં નથી, તે દુર્ભાગ્યની ઘટના છે.

## પ્રેમ પ્રગટવો દોહ્યલો છે

પ્રેમમાં પ્રામાણિકતા છે, વફાદારી છે, નિષ્ઠા છે, ફના થવાની તાકાત છે, સમર્પણની ભાવનાની શક્તિ પણ છે. એવો પ્રેમ પ્રગટવો એ ઘણી દોહ્યલી હકીકત છે. મારાતારામાં એ પ્રગટતો હોતો નથી. એ તો માગી લે છે આકરામાં આકરી જ્ઞાનપૂર્વકની તપશ્ચર્યા. જીવનને યદ્વાતદ્વાપણે જીવ્યાથી ત્યાં તે પ્રગટી શકતો નથી. આપણે જેને પ્રેમ કહીએ છીએ તે પ્રેમ હોતો નથી, તે તો બહુ બહુ તો મોહ કે રાગ ગણાય. પ્રેમનાં તત્ત્વને અને સ્વરૂપને આપણા લોકો જાણતા નથી. કવિઓ અને સાક્ષરો પ્રેમનો ઉલ્લેખ કરે છે, તે પણ મોટે ભાગે ઉરાંગઉટાંગપણે કરે છે. પ્રેમનું તત્ત્વજ્ઞાન તો બહુ ઊંચા પ્રકારનું છે. જીવનના પૂરા જ્ઞાનની દશામાં પ્રેમ પ્રગટી શકે છે. પ્રેમનું દ્વંદ્વની ભૂમિકામાં સ્થાન નથી. પ્રેમ એ તો પ્રભુનો વ્યક્ત ગુણ છે. સાકાર પ્રભુ તે પ્રેમ. આવા પ્રેમને આપણા જીવનમાં પ્રગટાવવાનો છે, તે જાણજો.

## દુઃખની સાચી સમજણ

આપણે જેને દુઃખ માન્યા કરીએ છીએ અને સુખ માન્યા કરીએ છીએ, તે બધી હકીકતને પ્રેમની ભાવનામાં સ્થાન નથી. આપણી દુઃખની સમજણ પણ ઘણી કાચી છે. ગમે તે પ્રકારનું દુઃખ આવી પડે, તેમ છતાં જો સાચો પ્રેમ થોડોઘણો પણ પ્રગટ્યો હોય તો દુઃખમાં પણ આપણે ભેરવાઈ પડતાં નથી અથવા તેમાં નાહિંમત થઈ જતાં નથી, નાસીપાસ થઈ જતાં નથી, નિરાશાના ગર્તમાં ડૂબી જતાં નથી. દુઃખ જીવનને ઊંચે તારવવાને માટે મળેલું છે, એવી સમજણ પ્રેમની

ભાવનાથી કરી પ્રગટે છે. પ્રેમ પોતાને પણ સમજે છે અને બીજાને પણ યોગ્ય રીતે સમજી શકે છે.

## આપણે જ સાચાં એ મડાગાંઠ છે

...ભાઈ, ટપાલ વગેરેનું જે આટલું બધું ખર્ચ કરે છે, તે કંઈ અમસ્તું નથી કરતો. સાધનાનું રહસ્ય મેળવવા, શીખવા અને એનું હાર્દ સમજવાને તથા તે જીવનમાં ઉતારવાને મથવું છે, તેવા કારણથી તે તેમ કરે છે. એ વેપારમાં હતો ત્યારે તે વેપાર પાછળ કેટલું ખર્ચ કરતો હતો ? તે કંઈ આપણને ખ્યાલમાં આવતું હતું કે ? ઊલટું એવું બધું ખર્ચ તો આપણને જરૂરનું લાગતું હતું, પરંતુ એનાથીયે વધારે જરૂરનું અને ઉપયોગી આ ખર્ચ છે. એનું એવું ખર્ચ જોઈને જે કોઈ બોલ્યું તે ઠીક ન હતું. જીવનનું ધન કમાવા માટે તો, જો એના અંતરમાં ઊગી ઊઠે અને એ લાખોને પણ ખર્ચી નાખે તો મને નવાઈ ન થાય. આપણે બને ત્યાં સુધી બીજાને યોગ્ય રીતે સમજવાની દરકાર રાખવી ઘટે. આપણાથી બીજાને જરા પણ અન્યાય ન થઈ જાય, તેની પૂરેપૂરી કાળજી રાખવી ઘટે. આપણે જરી જેટલી વાતને મોટી કરી બતાવવાની જરૂર ન હોય અથવા આપણે મનમાં તેવું લાવવાની પણ જરૂર ન હોય. અમથું અમથું મનને અન્યથાપણામાં ભટકાઈ પડવાની ટેવ હોય તો તેવી ટેવથી મુક્તિ પામ્યા વિના સામાના દિલને સાચી રીતે આપણાથી સમજાઈ શકાવાનું નથી. આપણી સમજણ તે જ સાચી સમજણ છે, તે પણ એક મડાગાંઠ છે. બીજાની સમજણ પણ સાચી હોવાનો સંભવ છે અને તે પરત્વે આપણને સદ્ભાવ જન્મવો ઘટે. એવું જ્યાં સુધી આપણને પૂરેપૂરું નહિ ઊગી શકે ત્યાં સુધી આપણે અંધારામાં અથડાઈ મરવાનાં છીએ.

## સદ્ગુરુનું વૈદ્યનું કાર્ય

પ્રભુકૃપાથી આ જીવનું કામ તો વૈદ્યનું છે. રોગ, ગૂમડાં, ચાંદાં એવું પ્રભુકૃપાથી અમારે જોવાનું પ્રગટે છે. 'શું મારામાં કશું સારું જ નથી ? એમને તો બધું ખરાબ જ દેખાયા કરે છે !' એવું સ્વજનોને થાય, પણ

જે ગુણ કે સારું છે, તે તો જતું નથી રહેવાનું, પરંતુ જે અવગુણ છે તેને અમારે પ્રથમ જોવાના છે, કારણ કે પ્રભુકૃપાથી તેને યોગ્ય રીતે મઠારાય અને તે તેના યોગ્યપણામાં પ્રગટી શકે તો તે કર્મથી તે જીવની ઉત્તમ સેવા થઈ ગણાય. આમ, તે જીવનું બધું જ સારું થઈ જાય તો આ જીવનું કામ પૂરું પાક્યું ગણાય.

## અમારું દુર્ભાગ્ય

ભગવાને કૃપા કરીને અમારા ભેખને તે ધર્મ સોંપેલો છે. સ્વજનનું તેવું તેવું બતાવવાનું થતાં અમારા વિશે અણગમો પ્રગટે છે. તેની અમને જાણ છે. સ્વજનની સેવા કરવાનો અમારો ધર્મ છે. કોઈને ગમે કે ન ગમે તે સાથે ઝાઝી પરવા નથી હોતી. સ્વજન પરત્વેનો પ્રેમ અમને તેમ કરાવે છે. સ્વજનમાંનું કશું અવળચંડાપણું જે બતાવવાનું બને છે, તે તેના શ્રેય માટે છે, એમ જ્ઞાનપૂર્વકની પૂરેપૂરી ભાવના સ્વજનના દિલમાં પ્રગટેલી નથી, તે અમારું દુર્ભાગ્ય છે.

## સાધકના અંતરનું જ્ઞાન

આપણે આપણું સ્વરૂપ કેવું છે, આપણી પ્રકૃતિ કેવી છે, આપણી સમજણો કેવા પ્રકારની છે, કેવા પ્રકારની મડાગાંઠો છે, બુદ્ધિમાં કેવા કેવા પૂર્વાગ્રહો પડેલા છે, તે બધું આપણે જાણવું પડશે. આપણાં મનાદિકરણનું નિર્દય પૃથક્કરણ આપણે કરવું પડશે. સ્વજનના દિલની મથામણોનો કંઈક ખ્યાલ એની કૃપાથી રહ્યા કરતો, એનો પ્રતિધ્વનિ પદ્યમાં★ પ્રગટ કરેલો છે. એ જો તમને બધાંને સૂઝયું હોય તો આનંદ થાય. તો એવા કાગળોનું રહસ્ય અનેકગણું વધી જાય.

## સાધકનું સ્વજન પ્રત્યે કર્તવ્ય

પરસ્પર આપણે ખુલ્લા દિલથી એકબીજાને કહી શકીએ અને તે નિર્ભયતાથી કહી શકીએ, સંકોચ વિના કહી શકીએ, પરસ્પરથી

★ લેખકનાં પુસ્તકો ‘કર્મગાથા’, ‘પુનિત પ્રેમગાથા’ વગેરેમાં

દબાઈએ નહિ, શેહમાં તણાઈએ નહિ, તે બધું ઘણું જરૂરનું છે. આપણા સ્વજનને ઊર્ધ્વગામી કરવાનો આપણો ધર્મ છે. સાદ પાડી પાડીને જગાડવાનો આપણો ધર્મ છે. એથી, સ્વજનને દુઃખ થાય તો એનો અર્થ એ કે એને ઊંચે ચડવાનું ગમતું નથી. જગાડવાને માટે આપણા સાદ પાડવાથી કરીને સામા સ્વજનના દિલને દુઃખ થાય તો તેથી આપણે ગભરાવું ના જોઈએ. તેવા થતા દુઃખથી આપણે તેની પ્રકૃતિ સમજી લઈએ. તેને શું ગમે છે તે જાણીને ચેતી જઈએ. ઊર્ધ્વ જીવનના પંથે કોઈને બેળે બેળે નહિ લઈ જઈ શકાય. જીવનના સાથીને પ્રેરણા આપવાનો, મદદ કરવાનો, સહાનુભૂતિ દેવાનો સાથીનો ધર્મ છે. તેને તેના માર્ગમાં સરળતા મળે, આપણાથી કરી તેને ખચકાવાનું ન બને, આપણે તેને વિઘ્નરૂપ ન બનીએ, ઊલટું આપણાથી કરી તેને ઉત્સાહ પ્રગટે, એવું આપણું વર્તન હોય તો તે યોગ્ય ગણાય. તો તે સાથીનો ધર્મ આપણે બિરદાવ્યો ગણાય.

## સ્વર્ગસ્થ કવિવર ટાગોરના એક ગીતનો ગુજરાતી સારાંશ

'હે મન ! તું જ્યારે જાગ્યું ન હતું ત્યારે મનનો પુરુષ બારણે આવીને ઊભો રહ્યો હતો. તેના ચાલ્યા જવાનો અવાજ સાંભળીને તારી ઊંઘ ઊડી, તે વખતે તો પાછો અંધકાર જ હતો !

તે પુરુષ જમીનની ઉપર માત્ર પોતાનો અંચળો પાથરીને મધ્ય રાત્રિએ એકલો જ પડેલો હોય છે. તે આંખે જોઈ શકાતો નથી, પણ તેની વાંસળી અંધકારમાં વાગે છે. અરે મૂર્ખ ! તું જેની પાસેથી ભાગી ગયું છે, તેને શું હવે ફરી આંખે દેખવા પામવાનું છે ! હવે રસ્તે પાછું વળીને પણ શું મેળવીશ ? એકવાર ઘરની બહાર જેને કાઢી મૂક્યો, તે કંઈ પાછો આવશે ખરો કે !'

## સદ્‌ગુરુનો સાદ માનવી સાંભળતો નથી

આપણા ધર્મનું ભાન પ્રેરાવવાને કોઈક સાદ પાડતું હોય છે. તે સાદ પાડ્યા જ કરે છે. એનું જ્ઞાનપૂર્વકનું ભાન આપણને જાગતું નથી. આપણે તો આપણા સ્વભાવની સમજમાં અને એના માપે જીવ્યા કરતાં હોઈએ છીએ. તેનાથી બીજી રીતે જવાનું થતાં આપણે ખળભળી ઊઠીએ છીએ. ઊર્ધ્વ જીવનના માર્ગમાં તો ત્યાગ, બલિદાન અને સમર્પણ કરવાથી આનંદ પ્રગટે છે. આનંદ પ્રગટે તે ત્યાગ સાચો. જો તે માર્ગે જવાનું દિલ ના હોય તો આપણે જ્યાં હોઈએ ત્યાં રહીએ તે ભલે, પરંતુ તેવો વેશ મૂકવો ઘટે. ઉપર શ્રી કવિવરના ગીતનો ભાવાર્થ જે ટાંક્યો છે, તે ઘણો સૂક્ષ્મ અને મહત્ત્વના અર્થવાળો છે. આપણાં બધાંમાં નર્યો અંધકાર છે. જીવનમાં પ્રકાશ પાડવાને માટે તે આવે છે, પરંતુ ઊલટું, તેને આપણે હડસેલી દઈએ છીએ, એવું ભાન પણ આપણને જાગતું નથી. તોયે તે વળગતો આવે છે. એ તો એના ધર્મની મર્યાદાના છેક છેડા સુધી જશે જ જશે, કારણ કે તેમ કર્યા વિના એનો આરો નથી. પ્રાકૃત માણસની પેઠે એ કંઈ કશાને તાબે થઈને કે પરતંત્ર થઈને કંઈ કશું કરતો નથી. તે તો બધું અમુક હેતુ માટે કરે છે. તથા, તેવું એનાથી કેમ બનવાપણું થાય છે એનાં કારણો પણ એના જ્ઞાનમાં હોય છે.

## એ ભાવ શાંત થવાની શક્યતા

પરંતુ એની એવી પ્રક્રિયા થતાં સુધીમાં જો આપણે જાગી ન શક્યાં, એને દિલનો સાથ ન આપી શક્યાં, એના ભાવને વેગ ન આપી શક્યાં, તો તો એ ભાવ આખરે શાંત થઈ જવાનો. એમાં પેલાને તો કશો ગેરલાભ નથી. આપણને તો, જો સૂક્ષ્મપણે વિચારીએ તો, ઘણો ઘણો ગેરલાભ છે. બિલકુલ જડતાથી તે અંગે વિચારવાનું બને તો તો, 'બલા ટળી કે કાશ મટી' એવું મન વિચારે તો નવાઈ નહિ !

હરિઃૐ ખાર, તા. ૨૭-૧૧-૧૯૪૨

પ્રિય ભાઈ ! પેઢી જેમ આપણું ઋણ સ્વીકારે છે, તેવી રીતે આપણે પણ એનું ઋણ સ્વીકારવું રહ્યું. એની સેવા કરવાનો પ્રસંગ આપમેળે સાંપડતાં હૃદયના ઉમળકાથી અને પ્રેમથી તે સ્વીકારી લેવાનો રહે. પેઢી આપણી કદર જેમ કરે છે તેમ જ્ઞાનભક્તિપૂર્વક તેની કદર આપણામાં પણ પ્રગટવી ઘટે.

## નીરવતા તો હજી શરૂઆત જ

ત્રાટકની સ્થિતિથી સંતોષ હોય તેમ છતાં એમાં ડૂબકી મારીને જેમ બને તેમ વિશેષ અંતર્મુખતા પ્રગટે અને તેવા ત્રાટકમાંથી પ્રગટેલી એકાગ્રતાથી આપણા કર્મવહેવારમાં ભાવનાનો ઝગારો પ્રગટે એ જરૂરી છે. સાધનમાં અથવા તો સાધનના અભ્યાસમાં તેના હેતુનું લક્ષ રહેવું ઘટે. હેતુનું લક્ષ રાખીને સાધનને નિશ્ચિતપણે કર્યાં કરવું. જેટલું વધુ ઊંડું ઉતરાયા કરાય તેટલું યોગ્ય. તે વેળા બિલકુલ બીજા કશા વિચાર ન ઉદ્‌ભવે તેટલું બસ નથી. એક પ્રકારની નિશ્ચિત શાંતિ પ્રવર્ત્યા કરે તે પણ પૂરતું નથી. એનાથી પણ આગળ જવાવું જોઈએ. આપણાં આંતરિક કરણોના પ્રાકૃતિક ધર્મમાં અને તેના વર્તનમાં સંપૂર્ણ નીરવતા પ્રગટે ત્યારે ખરા કામની તો હજી શરૂઆત થવાની. તેવી વેળાએ જીવનમાં નિષ્ઠા પ્રગટે છે.

## શ્રદ્ધાથી સાધનને વળગો

બિંદુત્રાટકમાં તમને સૂઝયું છે, તે પ્રમાણે જરૂર કરશો. અત્યાર સુધી તે માત્ર સ્થૂળ હતું, પરંતુ એની ભાવનાની કક્ષા વિશેષ ને વિશેષ એકાગ્ર અને કેંદ્રિત પ્રગટીને, તે જો હૃદયલક્ષી પરિણમે તો ઉત્તમ. માટે, શ્રદ્ધાથી સાધનને હેતુપૂર્વક સગડગ વિના વળગી રહેજો.

## સદ્‌ગુરુ સાથે તાદાત્મ્યભાવ રાખો

આપણું પરસ્પરનું સ્મરણ એકબીજાના સંસ્મરણ દ્વારા પ્રગટ્યા કરે અને એવા પ્રગટવામાંથી જે ઊર્મિ પ્રગટે તેનો ઉપયોગ નામસ્મરણમાં કર્યાં કરવાનો છે. જે તે કંઈનો જ્ઞાનપૂર્વક ઉપયોગ કરવાનો છે. કશું નકામું વેડફી ન દેવાય. આવા પરસ્પરના સ્મરણમાંથી એકબીજા પરત્વે પ્રેમની ચેતનાની સાંકળ સંકળાય છે, અને સદ્‌ગુરુમાં તટસ્થતાપૂર્વકનો હૃદયનો તાદાત્મ્યભાવ જ્યારે આપણામાં જન્મે છે ત્યારે સદ્‌ગુરુની ચેતનાશક્તિ આપણને સહાય કરતી આપણાથી અનુભવાય છે.

## શરણાગતિને ભજો

તમારું ધ્યાન સાંજનું સારું થવાનું. ધ્યાનથી તમોને કંટાળો નથી આવતો તે ઘણી ઉત્તમ હકીકત છે. હજી આપણે ઘણું એમાં મંડ્યા રહેવાનું છે. શરણાગતિ, સમર્પણ એ બધી બાબતમાં આપણી જાતને ટકોરી ટકોરીને, સંકોરી સંકોરીને, સંકેલી સંકેલીને જ્ઞાનપૂર્વક વર્ત્યાં કરવાનું છે, તે ખ્યાલમાં રાખશોજી.

---

હરિઃૐ ખાર, તા. ૨૮-૧૧-૧૯૪૨

## તટસ્થતાયુક્ત તાલાવેલી જોઈએ

જીવનની તાલાવેલી જ્યારે પ્રગટે છે ત્યારે આપણે કંઈ કશામાં પડી રહી શકતાં નથી. તાલાવેલીમાં લાગણી, ભાવનાનું પૂર હોય છે ખરું, અને તે એક ને એકમાં એકાગ્ર અને કેંદ્રિત બનાવે છે, પરંતુ સાથે સાથે તટસ્થતાનો ગુણ કેળવાયેલો હોય તો આપણને તે તાલાવેલીથી આગળ પણ લઈ જશે. તાલાવેલી થવી તે ઉત્તમ છે, પણ તેમાં ગળાબૂડ ડૂબી જવાય તે ઠીક નથી. તાલાવેલી ડૂબી જવા માટે નથી, પરંતુ ઊર્ધ્વ થવા માટે છે. તાલાવેલીનો ઉપયોગ છે, ઉપભોગ નથી. એનો જે જ્ઞાનપૂર્વક ઉપયોગ કરે છે, તે ચડે છે. માનવીને જીવપ્રકારની તાલાવેલીમાં ગલગલિયાં થતાં હોય છે. આપણી તાલાવેલી તેવા પ્રકારની ન હોય.

એકાગ્રતાના પણ પ્રકાર છે. એકાગ્રતાથી અનુભવ પ્રગટે. અનુભવમાંથી સમજણ પ્રગટે. તે સમજણના આધારે જીવન ઘડાતું રહે. અનુભવની સમજણ જીવપ્રકારની સમજણ જેવી નથી હોતી, તે સમજણમાં ચેતન હોય છે.

## સુમેળ પ્રગટાવવાની રીત

આપણો સ્વભાવ જે વ્યક્ત કરે તે સાચું છે, એમ માનવામાં ભ્રમણા રહેલી છે. નરી આંખે જે જોયેલું હોય છે, તે જોવામાં આપણા મનની સમજણ જે પ્રકારની હોય તે સમજણના પ્રકારથી તે જોવાનો મર્મ આપણને દેખાય છે. નજરે જોયેલું પણ કેટલીક વખત ખોટું હોવાનો સંભવ રહે છે. એટલા માટે, બીજાને યોગ્ય રીતે સમજવાને માટે આપણા સ્વભાવની સમજણથી તેને ન જોતાં, તેની સમજણની રીતે તેને જો જોવાને અને સમજવાને મથીએ તો પરસ્પરમાં સુમેળ પ્રગટી શકે. આપણે આપણા જીવનસાથીને હૃદયની પ્રેરણાથી મદદ કરવાની જરૂર છે, પરંતુ એના દબાણને વશ થઈને તો નહિ. પરસ્પરમાં જો દિલ સાચી રીતે પરોવાયેલું હોય તો એકબીજાને યોગ્ય રીતે સમજવામાં મુશ્કેલી પ્રગટતી નથી.

## પ્રસન્નચિત્ત જ રહેવું

દરેકમાં એમ તો ગૂઢતા રહેલી છે. એવી ગૂઢતાના પ્રકાર પણ નોખા નોખા છે. સાધકે સર્વ કંઈ કરતાં કરતાં શાંત અને પ્રસન્ન તો રહેવું જોઈએ. ગમે તે કંઈ કર્મ હોય, ગમે તેવી મથામણ થતી હોય, ગમે તેવી અથડામણો પ્રગટી હોય, તેમાં તેમાં પણ એની શાંતિ અને પ્રસન્નતાની માત્રા વધતી જવી જોઈશે. તો જ પોતાના જીવનઆદર્શને પહોંચવાના પ્રચંડ પુરુષાર્થમાં તે ટકી શકવાનો છે. તો જ એનામાં જોમ પ્રગટ્યા કરતું રહેવાનું છે. સાધકનો મુખ્ય આવશ્યક ગુણ તો પ્રસન્નતાનો છે. એટલે ગમે તે થયા કરતું હોય તોપણ તે પ્રસન્નચિત્ત તો રહ્યા જ કરે. જ્યાં એમાં

(પ્રસન્નચિત્તતામાં) ખેંચ કે તૂટ પડતી અનુભવાય કે 'આપણો ભાવ ક્યાંક મંદ પડ્યો છે,' એમ સમજાય તો ચેતી જવું. પ્રસન્નચિત્તની માત્રાના માપથી આપણને ઘણું ઘણું સૂઝી આવે છે. સંસ્કૃતમાં 'પ્રસન્ન'નો અર્થ નિર્મળ છે, તે ઘણો અર્થસૂચક છે.

## સાધનાની સાચી ખૂબી

આમ, સાધકને સાધનાનો પ્રત્યેક ગુણ જીવનમાં માપદર્શક બની જતો રહે છે. તે માત્ર તેની મર્યાદામાં બંધાઈને પડી રહી શકતો નથી, પણ સદાયે વિસ્તાર પામતો રહ્યા કરે છે. એ જ કારણથી સાધકને જીવનમાં આત્મવિશ્વાસ, શ્રદ્ધા, નિષ્ઠા વધતાં જતાં પ્રત્યક્ષપણે અનુભવાયાં જાય છે. સાધનાની સાચી ખૂબી તો ત્યાં છે કે એ પોતાની ખૂબીઓ અને રહસ્ય સાધકને બતાવ્યા કરશે, કારણ કે પોતે સ્વયંસ્ફૂર્તિમાંથી જન્મે છે. એવી સ્વયંસ્ફૂર્તિ પ્રસન્નચિત્તપણામાંથી પ્રગટે છે. એટલે સાધકે જાગૃતિ રાખી રાખીને ત્યાં પુરુષાર્થ કરવાપણું રહે છે.

## સદ્ગુરુની વાણીના સ્વીકારનો અર્થ

વાંચનના વાગોળ્યાના રહસ્ય વિશે તમને જે સમજાયું તેથી આનંદ થયો છે. મારા બધા કાગળો ઉતારવાનું એવા હેતુના જ્ઞાનથી રાખ્યું છે, તે ઉત્તમ છે. મારા કાગળોના અર્થ સંકુચિત રીતે ન કરવા વિનંતી છે. એ કાગળોના ભાવને લાગુ પડતી સર્વ પરિસ્થિતિમાં વિસ્તૃતતાથી લાગુ પડી શકે એવો તેમાં ભાવ છે. આપણે મથવાનું તો છે. મથ્યા વિના ચાલવાનું નથી. બેસી રહ્યે પાલવે તેવું નથી. સાચા સ્વીકારનો અર્થ જ એ કે ભાવથી સ્વીકાર થયો હોય તે સ્વીકારની ભાવનામાં આપણને તે પ્રવર્તાવે. કેડ કસીને પુરુષાર્થ કરીએ તો કામમાં જરૂર સ્ફૂર્તિ પ્રગટી શકે. એની કૃપાના આધાર વડે જે થયા કરે તે તો થયા જ કરે છે. ખુદાની રહમ ઉપર જે તે બધું રહેલું છે.

## સાધકનો બેવડોતેવડો ધર્મ

આપણા સાધનાના માર્ગથી કરી જીવનમાં મળેલાં સ્વજનોને આપણા માટે કંઈક આડુંઅવળું પ્રગટે તો આપણે થોભવાની જરૂર નથી, વિચારવાની પણ જરૂર નથી, પણ ચેતવાની જરૂર ખરી. આપણે આપણું પૂરેપૂરું તપાસી લઈએ. આપણે તેવા પ્રકારની સમજણને સ્વજનના દિલમાં ઉતારવાને સમતા અને શાંતિથી મથીએ. તે સમજે તો ઉત્તમ. ન સમજે તો આપણે તેના વિશે મનમાં કશું ન સંઘરીએ. સદ્ભાવ વધારીએ. આપણે આપણા માર્ગમાં દૃઢ રહીએ. તે કાળની આપણી તટસ્થતા સાત્ત્વિક ભાવનાના રસવાળી હોવી ઘટે. આપણે જેમ જેમ સાધનામાં આગળ વધતાં જઈશું તેમ તેમ જીવનમાં સંગાથી જેવાં સ્વજનના જીવનથી આપણે જુદાં પડતાં જવાનાં. તેમની અને આપણી સમજણ જુદી જુદી થવાની. પરસ્પરનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ પણ નોખાં નોખાં થવાનાં. એકબીજાની દિશા પૂર્વ-પશ્ચિમ થવાની. આ સ્થિતિમાં સાધકનો ધર્મ બેવડોતેવડો છે. એક તો પોતે પ્રથમ સંપૂર્ણ શાંત, પ્રસન્નચિત્તવાળા, સમતાવાળા થવું અને વર્તવું. બીજું, પોતાનાથી કરીને મળેલાં સ્વજનોની પ્રકૃતિ અને તેના સ્વભાવને પારખી પારખીને આપણાથી કરી તેઓ જેવું જેવું વિચારે, સમજે, માને ત્યાં ત્યાં આપણે એકદમ આમ કે તેમ તણાઈ ન જવું કે તેમાં ઘૂસી ન જવું. મૌન ધારણ કરવું. તે બધું થયા કરે છે તેનો હેતુ પારખવો. આપણે સાધનાના ગુણમાં તેનાથી કરીને હાલી ઊઠીએ નહિ, તે તો ખાસ જોવાનું છે. એટલે સ્વજનના તેવા વર્તનમાં આપણે રસ પણ નથી લેવાનો, તેમ તેમને તોડી પાડવાનાં પણ નથી. આપણા તેમના પરત્વેના સ્નિગ્ધતાપૂર્વકના, સદ્ભાવપૂર્વકના વર્તનથી સાચું સમજશે ત્યારે ખરું. ત્યાં સુધી પ્રેમથી ધીરજ ખમવી રહી.

## ઊંઘ અને ભાવ

શરીરની દયા નથી ખાવાની, એ મારે માટે સાચું હોય તેમ છતાં તમારે માટે તે સાચું નથી. તમારે શરીરની સંભાળ રાખવાની છે. ઉજાગરા થયા છતાં તે નડ્યા નથી અથવા એનાથી તમને કામમાં ઊણપ આવી નથી. તેવું થયું તે ગમ્યું. જે ઊંઘ જીતી શકે છે, તે તેના સાચા અર્થમાં 'બ્રહ્મચારી' થઈ શકે છે, બાકીના માટે તે શક્ય નથી તેવું નથી. ઊંઘ ઉપર જેનો ચેતનપૂર્વકનો સંયમ પ્રગટે છે, તે ઊર્ધ્વરેતસ થઈ શકે છે. એટલે કે એવા પ્રકારની સંભવિતતા એનામાં જન્મે છે. ઊંઘ શરીરને માટે જરૂરની છે. જ્યારે સતત ગંગાના પ્રવાહના જેવા ભાવના પ્રવાહમાં જ્ઞાનપૂર્વક આપણા જીવનની ધારા પ્રગટતી હોય છે ત્યારે શરીરનું સ્થૂળપણું તેમાં ટકી શકતું નથી, અથવા તો વચ્ચે પણ આવી શકતું નથી. આ પણ એક જાણવા જેવી હકીકત છે. જ્યારે ભાવ જાગતો હોય છે કે જાગેલો હોય છે ત્યારે ઊંઘ મુદ્દલે પણ ન હોય એવું બને ખરું. પૂજ્ય ગાંધીજી વિલાયતમાં હતા ત્યારે ઘણી વાર માત્ર બે ત્રણ કલાક ઊંઘતા, તે જાણીતી હકીકત છે. ભાવ એ ઘણી મહત્ત્વની હકીકત છે. માટે, આપણે જે તે બધું ભાવને સાચવીને, જીવતો રાખીને કર્યાં કરવાનું છે.

## અથડામણ પરત્વે સાધકનું વલણ

કોઈ સાથે અથડામણ થાય તેથી આપણી નિરાંત તૂટવી ન ઘટે. અથડામણ જાણી જોઈને ઊભી કરવાની નથી. આપણે તેમાં કારણભૂત ન બનીએ. સહજમેળે કોઈ પ્રસંગથી તેમ પ્રગટે તો આપણે વધારેમાં વધારે શાંત અને પ્રસન્નચિત્ત જ્ઞાનપૂર્વક રહીએ. શાંતિ અને પ્રસન્નતા પ્રગટ્યા વિના સમતા પ્રગટતી નથી, તે જાણશો. શાંતિ, પ્રસન્નતા અને સમતા જો પ્રગટેલી હોય - થોડીઘણી પણ પ્રગટેલી હોય - તો અથડામણનું હાર્દ પામી શકાય છે. અથડામણને પણ નકાર્યે કામ ચાલી શકવાનું નથી. એમાં સહર્ષ ભાગ લઈને શાંતિ, પ્રસન્નતાથી તે

સ્વીકારવાનું રાખશો. અથડામણ કેળવણી માટે છે.

## સાચો સમર્પણયજ્ઞ

સર્વ પ્રકારનું સમર્પણ ભાવપૂર્વકનું થવું એ સાધનાનું આવશ્યક અંગ છે. જે જે કંઈ બધું સ્થૂળ કે સૂક્ષ્મ હોય, તે તે બધું તે તે રીતે તજી દેવાનું નથી, પરંતુ તેમાં તેમાંથી મમત્વ, રાગ, મોહ વગેરે વગેરે સમૂળગાં નીકળી જઈને, તે પરત્વે સંપૂર્ણ નિરાસક્તિ પ્રગટે અને તે તે બધું પ્રભુ-પ્રીત્યર્થે છે એવી જ્ઞાનભક્તિપૂર્વકની સમજણ પ્રગટે તે જરૂરનું છે. લાખોની રકમ ત્યજવાથી કરી તે પરત્વેનું મમત્વ કે રાગ જતો રહે છે, તે સમજણમાં ક્યાંક દોષ છે એવું મારું માનવું છે. તેવી રકમ હોવા છતાં મમત્વ, રાગ, મોહ વગેરે વગેરેની રીતે તેનો ઉપભોગ ન થતાં તેનો ઉપયોગ જીવનવિકાસની સાધનાની ભાવનાની રીતે થયા કરે અને તે જ્ઞાનપૂર્વકના હેતુ સાથે થયા કરે તો તે સાચો સમર્પણયજ્ઞ છે.

## પ્રાકૃતિક ધર્મોનું પ્રાર્થનાભાવે સમર્પણ

તેવી રીતે આપણાં મનાદિકરણોના પ્રાકૃતિક ધર્મોનું પણ સમર્પણ થયા કરે તે જરૂરનું છે. સૌથી વધારે આપણને જો કોઈ કરણ નડતું હોય તો તે પ્રાણ છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અહં, આશા, ઈચ્છા, કામના, તૃષ્ણા, લોલુપતા વગેરે વગેરે જે જે પળે ઊઠે તે તે પળે સમજી સમજીને જ્ઞાનભાવે તેનું તેનું શ્રીભગવાનનાં ચરણકમળે પ્રાર્થનાભાવે સમર્પણ થયા કરવું ઘટે. તેવો જીવતોજાગતો અભ્યાસ જ્યારે થયા કરશે અને એવા અભ્યાસની સમગ્રતા અને સળંગતા જીવનમાં પ્રગટશે ત્યારે તેવા અભ્યાસમાં ચેતન પ્રગટવાનું છે, તે જાણશો. સમર્પણ એટલે જે તે કંઈ બધું આપી દેવું એવું કશું નથી. અત્યાર સુધી એ બધું છે, તે મોહ, મમતાથી સેવ્યા કરેલું હોય છે. તેમાં તેમાંથી પોતાપણાની વૃત્તિ નીકળી જાય, મમત્વ જતું રહે અને શ્રીપ્રભુપ્રીત્યર્થે તે વપરાયા જાય, તેવી જ્ઞાનપૂર્વકની ભાવના જામતી જામતી જીવનવહેવારમાં

પ્રગટતી અનુભવાય ત્યારે તે સમર્પણ થયું છે એમ સમજવું.

## સર્વ કંઈને ઓળંગી જવાનું છે

જરૂર પડે સર્વ કંઈને ઓળંગી જવાનું બનતાં જે જે ઓળંગી જવું પડે છે, તેનું જ્ઞાન આપણને પ્રગટવું ઘટે. તેવા જ્ઞાનના પ્રગટવાથી કરીને નિર્મમતા સંપૂર્ણપણે ઝળહળી ઊઠે છે. આવી સ્થિતિ પ્રગટતાં શરણાગતિની સ્થિતિ પાકે છે. સર્વ પ્રકારની મર્યાદાઓ ઓળંગાઈ ગઈ નથી, ત્યાં સુધી આપણે આપણું કરતાં કરતાં સર્વને ઓળંગી જવાની ભાવના દિલમાં રાખ્યા કરીને વર્ત્યા કરવાનું છે. સાધનાને પંથે જતાં જતાં જે તે બધાંને ઓળંગી જવાની હૃદયની તાકાત જાગવી જોઈશે. અમુક આપણી સાથે રહે, એવાં મમતા, મોહ, રાગ, આસક્તિ ત્યારે આપણામાં હોતાં નથી.

ફાળાનું કામ ચાલ્યા કરે છે. ઘણી રખડામણ થાય છે. ખાદી પહેરવાવાળાની ઘણી કમબખ્તી છે. પેલા ભારત વૉચ કંપનીવાળા મળી ગયા હતા. 'મનને'નું અંગ્રેજી વધારે સરળ બને તો કરાવવું છે અને બેચાર જણ પાસે તેવી ગડમથલ તેઓ કરાવે છે.

(શિખરિણી-મંદાક્રાંતા)

'મચેલો ખંતે જે કદી નહિ હઠે પીઠ પાછી કરીને,
રણે ઊભો ર્‌હેશે નિજ પર સદા આવતા ઘા ઝીલીને.
ઝીલંતાં ઘા તેવા નિજ હૃદયમાં શૌર્ય ભારે ચડે જો,
ઝૂઝેલો તે યોદ્ધો મરણ પરવા ના કરે છે રણે તો.'

(શિખરિણી)

હશે પ્રેમી સાચો જીવન લડતાં યુદ્ધ જગવે,
કસોટીએ એવો જીવતર નવું પ્રાપ્ત કરશે,
કશાં વિઘ્નો એને નડતર સમાં ના કંઈ દીસે,
યશસ્વી અંતે તે જન નીવડીને વિશ્વ જીતશે.

ભલે મૃત્યુ પામી જગતમહીં એવો જન કદી,

હૃદે જે ધારેલું પણ કરી શકે પ્રાપ્ત ન પૂરું,
અને છો હારેલો જગત નજરે તે કદી દીસે,
બિચારું શું જાણે જગત અતિશે પામર ખરે !

---

હરિઃૐ ખાર, તા. ૨૯-૧૧-૧૯૪૨

## ધ્યાનમાં નાડીના ધબકારા

ઊંઘમાં નાડીના ધબકારા જરૂર ઓછા થાય છે, એનું કારણ મનાદિકરણની પ્રવૃત્તિ સ્થૂળ રીતે શાંત હોય છે. દશબાર નાડીના ધબકારા ઓછા થાય છે, તે હકીકત છે. ધ્યાનની સ્થિતિમાં ધબકારા ઓછા થવાનું કારણ પણ તે જ છે. મનાદિકરણમાં શાંતિ અને એકાગ્રતા પ્રગટતાં તેની અસર લોહીના વહેવા ઉપર થતી હોય છે. ઉશ્કેરાટમાં હોઈએ છીએ, ક્રોધમાં હોઈએ છીએ ત્યારે નાડીના ધબકારા વધે છે, તે હકીકત છે. તેવી રીતે જ્યારે પ્રકૃતિ ઘણી ઘણી શાંતિને પામે છે ત્યારે નાડીના ધબકારા ઘણા ઓછા થઈ જાય છે. ઊંઘમાં ધબકારા ઘટે છે, તે જડતાની સ્થિતિ છે. ધ્યાનમાં ધબકારા ઘટે છે, તે ચેતનાવાળી સ્થિતિ છે. ધ્યાનનો અભ્યાસ વધતો જતાં આંતરિક પ્રવૃત્તિમાત્ર લય પામી જાય છે. એકવાર તો ધ્યાનની સંપૂર્ણતામાં નાડીના ધબકારા શૂન્યની દશાએ પહોંચે છે, એ પણ એક હકીકત છે.

## હેતુપૂર્વક બીજાનું કહ્યું કરવું

હાલમાં હરિજન સેવક સંઘના ફાળાનું કામ કરું છું, તેટલું જાણે પૂરતું ન હોય, તેમ પૂજ્ય ઠક્કરબાપાએ સંઘની સંસ્થામાં પણ જવાનો અને તેનું સંચાલન કરવાનો હુકમ કરેલો છે. હું તો જેનું તેનું બધાંનું માનું છું. આજથી નહિ, પરંતુ સંઘમાં કામ કરતો હતો ત્યારથી. તેવું તેવું કહ્યું જ્ઞાનપૂર્વક કરવાથી આપણે નિરાગ્રહી થતાં જઈએ છીએ. બીજાનું કહ્યું કરવામાં આપણી સમજણથી બીજી રીતે પણ વર્તવું પડે છે. બીજાનું

આનંદથી કહ્યું કરવા જતાં આપણે ગુલામ નથી બની જતા, ઊલટું આપણે સામાનાયે કરતાં આપણી જાતને ઊંચી પ્રગટાવ્યે જઈએ છીએ, જેમ ભારવાળી વસ્તુ હલકી ને હલકી બનતી જાય અને છેકમાં છેક હલકી બની જાય તો તે હવામાં પણ ઉપર રહી શકે તેમ. એટલે હેતુપૂર્વક સામાનું કહ્યું કરવામાં જીવનની ઉન્નતિ છે.

## યોગ્ય સમર્થને શરણે જવામાં લાભ

સ્વયંઉત્સાહથી, સ્વયંસ્ફૂર્તિથી, આપણા વિકાસ અર્થે સર્વસ્વપણે અને સર્વપ્રેમભાવે કોઈ યોગ્યને શરણે થઈ જવામાં જીવનનું તેવું બનતું હોય છે. એવા શરણનું તો મહામૂલું રહસ્ય છે. શરણ એટલે ગુલામી નથી. એવો વિચાર તો અજ્ઞાની લોકનો છે. શરણે જવાની ભાવના કેળવવામાં, રાખવામાં અને તેમ વર્તવામાં ખરી ખૂબી રહેલી છે. જો દુભાયેલા દિલે, કંટાળા ભરેલી રીતે, નાછૂટકાની રીતે, હારીને કે નિરાશાથી બીજાનું કહ્યું કરીએ તો આપણે વધારે ને વધારે કચરાઈશું તો હળવાં ફૂલ જેવાં નહિ જ બની શકીએ. સામાનું કહ્યું કરવામાં કેટલા પ્રમાણમાં ઉલ્લાસ, ઉમંગ ટકે છે અને ઉત્કટતાવાળી મનોભાવનાથી અને કેવા હેતુથી તે કરીએ છીએ તે આપણે જોવાનું રહે છે. આ મહત્ત્વપૂર્ણ હકીકત લક્ષમાં રાખશો તો તમને મનમાં કોઈ ગૂંચ નથી રહેવાની.

## સદ્‌ગુરુની અભિલાષા

મળેલાં સ્વજન સર્વોચ્ચ સ્થાને પ્રભુકૃપાથી પ્રગટે, એવું મને તો ગમે. તમે ઉત્સાહ, પ્રાણ, ચેતનાદ્યોતક હોવ એવાં મારે તો તમને જોવાં છે. જેવી ભાવના રાખીને સ્વજનમાં પ્રભુકૃપાથી પ્રેરાયો છું, તે ભાવનાને સમજાવવા પૂરતું આ લખ્યું છે. જેથી, તમને તેનો સાચો ખ્યાલ બેસે. સ્વજનનાં સાથ, સહાનુભૂતિ, ઓથ, પ્રોત્સાહન, ભાવના એની તો કેટકેટલી કિંમત છે ! જીવનનું મૂલ્યાંકન પ્રત્યેક ભૂમિકાએ જુદું જુદું હોય

છે. જીવનનું પરિવર્તન થતાં થતાં જૂનાં મૂલ્યાંકનો બદલાવાનાં. જીવનનું પરિવર્તન જેણે કરાવવું છે, તેવા જીવે જીવનની અમુક પ્રકારની માની લીધેલી સમજણોને પકડી રાખીને બેસી રહેવું નહિ પાલવી શકે.

## અથડામણને હેતુપૂર્વક સ્વીકારો

લોકોને જ્યારે ધપ્પા પડે છે ત્યારે તેમાંના કેટલાકને આર્તતા પ્રગટે છે. બાકી, કેટલાકને તો તેયે પ્રગટતી નથી. આવા આઘાતો પ્રગટવાનો હેતુ આપણે સમજણમાં ઊંડા ઉતારીએ, પોતાનાં સ્વભાવ અને પોતાની પ્રકૃતિ કેવી કેવી જાતનાં છે, તે બરાબર નિહાળી શકીએ તેટલા પૂરતું તે તે છે. આપણામાં નીચલા થરોનું જોર કેટલું છે, તેનું પ્રત્યક્ષ જ્ઞાન અથડામણના પ્રસંગથી કરીને, પ્રભુકૃપાથી જીવનમાં જાગવાનું હોય તો જાગી શકે છે. અથડામણના પ્રસંગમાં જે વધારે પ્રફુલ્લિત બને છે અને જીવનની ભાવના કેળવવાને, ખીલવવાને, સ્ફુરવાને પ્રભુકૃપાથી તે મળેલું છે, એવું જે સમજે છે, તે તો એવા પ્રસંગને વધાવી લે છે.

## પ્રભુના પ્રેમની ભાવના

આપણા પ્રેમની ભાવના કુંઠિત કેમ હોઈ શકે ? પ્રેમની ભાવના તો જીવનના સર્વ પ્રકારનાં ક્ષેત્રોને આવરી લે છે. પ્રેમના પ્રકાર અનંત છે. એને મર્યાદા નથી. તે વિસ્તૃત ને વિસ્તૃત થયા કરે છે. પ્રેમ અહીં કે તહીં અટકશે એવું નથી. એને કોઈ પ્રકારની ગણતરી નથી. એને કશામાં ઓછું આણવાપણું નથી. તેને શોક કે દિલગીર થવાપણું નથી. એ જેમાં છે તેમાં ને તેમાં છે એવું પણ કશું નથી. એ આગળ પણ છે અને પાછળ પણ છે અને મધ્યમાં પણ છે. તે પહેલાં પણ હતો, અત્યારે પણ છે અને પછીથી પણ છે. જીવનને ઘડવામાં એવો પ્રેમ ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. જીવનની સાધનામાં પ્રેમ ન પ્રગટ્યો તો સાધના જ નથી. ભાવ વિના સાધના થઈ ન શકે. પ્રેમને સમજાવવો કઠણ છે. પ્રેમને પ્રેમથી મનાવી શકાય છે, અનુભવી શકાય છે. પ્રેમને પ્રગટાવી શકાય

છે, પણ જો તેમાં સાનુકૂળ ભૂમિકા હોય તો. પ્રેમ અશક્યનું શક્ય કરે છે, તેવી સમજણ પણ તે માત્ર અપવાદરૂપે. તેને નિયમ ગણી ન શકાય. આવી મારી પ્રેમ વિશેની સમજણ છે, પણ સર્વ પ્રકારે તે સાચી છે એવો મારો દાવો નથી.

## પ્રેમની ગતિ-શક્તિ

પ્રેમ કોઈને ગુલામ બનાવતો નથી. હાથે જંજીરો પહેરાવતો નથી. ચારેકોર સ્વતંત્રપણે વિહાર કરવાની પ્રેમ સ્વતંત્રતા બક્ષે છે, - જેમ ભગવાને આપણને બક્ષી છે તેમ. પ્રેમ જીવનમાં ઘણું ઘણું પ્રગટાવે છે. જીવનવિકાસની સાધનાને કાજે જે ગુણ-શક્તિની જરૂરિયાત છે, તે તે પ્રગટાવવામાં પ્રેમની શક્તિ મહત્ત્વનો ભાગ ભજવે છે. પ્રેમની સ્થિતિ ઉત્તરોત્તર ચડતી બનતી જાય છે. જીવનની પ્રકૃતિને પ્રેમ ઉત્તમ રીતે મૃદુતાથી, સ્નિગ્ધતાથી તેમ જ નિર્દયતાથી પણ ઘડે છે. પ્રેમ કશાને જતું કરી શકતો નથી અને જો જતું કરે છે તો તે પોતાની સમજણને ન ઉતારી શકવાની વ્યર્થતાનો ખ્યાલ તેમાં નથી, પરંતુ તેવી શક્યતા હાલ પૂરતી તે ભૂમિકામાં નથી, તેવા ખ્યાલે તેનો સ્વીકાર ત્યાં નથી. એવા કારણે તે ત્યાં હોવા છતાં કામ કરતો દેખાતો નથી. પ્રેમને ક્યાંય પાછા પડવાપણું નથી. તેને હાર કે જીત નથી. પ્રેમ તો સર્વ સ્થિતિમાં અને સર્વ કક્ષામાં જીવતોજાગતો છે. તે બધાંમાં છે અને બધાંમાં નથી પણ ખરો.

## માનવી શું કરવા સમર્થ નથી ?

આપણે તૈયારી કરવાની છે. મનને પૂરું સાબૂત કરી દેવાનું છે. હરેક પ્રકારની સમજણના અને મનના દોરને કાપી નાખવાના છે. જો ધારે તો માનવી શું કરવાને શક્તિમાન નથી ?

(વસંતતિલકા)

વિદ્યા નથી, બળ નથી, નથી દામ હામ,
એવા ઢળ્યા શરણની પ્રભુ લાજ રાખ,
જાણીબૂજી જડ રહે બળ સર્વ છોડી,
પોતે પૂરો હૃદય નિર્બળ તે બનીને,
જો આશરો પ્રભુતણો સહુ વાતમાં લે,
એને પ્રભુ કદીય છોડી ન દે કહીંયે.

માનવી શું કરવા સમર્થ નથી ? જો આ વિધાનને સંપૂર્ણ સત્ય તરીકે સ્વીકારીએ તો પછી પ્રારબ્ધવાદ કે નિયતિ જેવું કશું રહેતું નથી. જ્યાં સુધી જગત છે, દ્વંદ્વ છે, ગુણ છે ત્યાં સુધી બધાં સત્યો સાપેક્ષ (relative) છે. તેમ છતાં મનુષ્યમાં ચેતન રહેલું છે. એટલે તે છતું થવાને હંમેશાં પ્રયત્નશીલ હોય છે. પ્રારબ્ધ, પુરુષાર્થ એવા બધા વાદ જેને ખરેખરી ધગધગતી તમન્ના પ્રગટે છે તેને વળગી શકતા નથી. એવો જીવ તો આ પાર કે પેલે પાર થવામાં જ સમજે છે. પૂજ્ય ગાંધીજીનો જીવતોજાગતો દાખલો આપણી સમક્ષ પ્રત્યક્ષ છે. સ્વાતંત્ર્યનું સૂત્ર 'કરેંગે યા મરેંગે' તેમણે આપેલું છે. એમના હૃદયની એવી પ્રચંડ ભાવનાએ ઘોર તામસમાં પડેલા સમાજને ખળભળાવ્યો. આમ, એક વ્યક્તિ સમાજને ઘડે છે. તેનો અર્થ એ છે કે આપણામાં જો સાચેસાચી, ચેતન માટેની ખરેખરી, પૂરેપૂરી ભૂખ જાગે તો આપણે જરૂર તેને મેળવી શકીએ છીએ. આપણી સંસ્કૃતિ જીવતી છે. અનેક મહાન ઋષિ-મુનિઓ, મહાન પરાક્રમી પુરુષો, મહાન તત્ત્વચિંતકો, મહાન વિજ્ઞાનવેત્તાઓ તે સંસ્કૃતિમાંથી જન્મ્યા છે. સંસ્કૃતિને તેમણે નવો વેશ સજાવ્યો છે. પુનર્જીવન પણ પ્રાપ્ત કરાવ્યું છે. એવા બધા જો પોતાના આદર્શને પામી શક્યા તો આપણે કાં ન પામી શકીએ ?

## ઉત્કટ તમન્નાની જ જરૂર

ઘણા લોક એવી દલીલ કરે છે કે 'તે તે મહાત્માઓએ પૂર્વ જન્મમાં એવાં ભારે તપ, જ્ઞાનભક્તિથી કરેલાં અને સંસ્કારની સ્મૃદ્ધિ લઈને તે અવતરેલા. એટલે તેઓ આ જન્મમાં તેવું ભગીરથ કર્મ કરી શક્યા અને ધ્યેયને વરી શક્યા,' પરંતુ આ દલીલમાં ભલે તથ્ય હોય કે ન હોય, તેમ છતાં એક વાત નક્કી છે. જો આપણને સાચેસાચી ચેતનને અનુભવવાની હૃદયની એકધારી ધગધગતી તમન્ના પ્રગટી જાય તો આપણે તેને માટે સર્વ કંઈ સમર્પણ કરી દેવાને જ્ઞાનભક્તિભાવે ઉમળકાભેર તૈયાર થઈશું. એવી તમન્ના પ્રગટે છે ત્યારે તેવા પ્રકારનું કરવાપણું પણ રહેતું નથી. એ તો એમ બન્યે જ જાય. પ્રચંડ તમન્ના પ્રગટતાં ચેતનાની દીપ્તિમય શક્તિ જીવનમાં પ્રગટે છે. એ શક્તિ આપણા પુરુષાર્થનો પ્રાણ બની જાય છે. આપણા પુરુષાર્થનું તે હાર્દ છે અને એ રીતે એ જાગ્રત થતી જતી ચેતના આપણને પુરુષાર્થમાં પ્રેરાવ્યા કરે છે.

## લેખકની આતુરતા

એટલે તમે બધાં સ્વજન નકામી નકામી વાતોમાં પડ્યા રહો અને આળસ સેવ્યા કરો તો એવી ઢીલ મારાથી કેમ કરી સહન થાય ? એ સહન ન થઈ શકવાની આતુરતાને અંગે તો આ બધો ઉકળાટ છે. તમને બધાંને બોલાવવા આ જીવ ગયો નથી. તમે બધાં તમારી મેળે આવ્યાં છો. જે હેતુ માટે આવ્યાં હોવ તે હેતુને સાધવાની જાગૃતિ જો ન રાખી શકતાં હોવ તો તમને તે ભાવે ટકોરવાનું બને તો તેમાં તમારે આનંદ માણવો ઘટે.

## ભલે મને છોડી દો

એવા ટકોરવાથી કેટલાંક સ્વજનો દુભાય છે ખરાં અને અણગમો પણ પ્રગટાવે છે. એવાં મળેલાં સ્વજનની ઇતરાજી કે ખફગી વહોરી લેવાનું સામર્થ્ય પ્રભુકૃપાથી અમારામાં છે. મળેલાં સ્વજનમાં ચેતનમય

દશા પ્રગટવા કાજેની કંઈક મથામણ જો જાગતી હોય તો તેવાં સ્વજન ખપનાં છે. જો તેવું ન થતું હોય અથવા તેવી તેમના હ્દયની દાનત ન પ્રગટેલી હોય તો એવાં સ્વજનોએ અમારો સાથ છોડવો. બકરીના ગળાનાં આંચળની પેઠે નકામું નકામું વળગી રહ્યે કશો દહાડો વળવાનો નથી.

## હ્દયનું આત્મનિવેદન

અને તમે શું આપવાની વાત કરો છો ? જો આપણા બધાંના હ્દયની સાચેસાચી અને પૂરેપૂરી નેમ હશે તો કશું પણ બાકી રાખ્યા વિના બધું જ આપવું પડવાનું છે. સંપૂર્ણપણે ખાલી થઈ ગયા વિના ચેતનની પ્રતિષ્ઠા થઈ શકવાની નથી, તે પણ નક્કર હકીકત છે. પરિશ્રમ તો ઘણો ઘણો લેવો પડશે. રોદણાં રડવાથી તો શું વળે ? હ્દયનું ખરેખરું આત્મનિવેદન જો થયા કરતું હોય તો તેવાં આત્મનિવેદનો તે રોદણાં નથી. તેવાં આત્મનિવેદનોમાંથી તો એક પ્રકારની શક્તિ પ્રગટે છે. તે આપણને વિશેષ જાગ્રત કરે છે. આપણી નિર્બળતાને ચીંધે છે. તેમાંથી સબળ બનાવવાને પ્રેરણા બક્ષે છે. આપણા ધ્યેયમાં એકાગ્ર અને કેંદ્રિત રખાવવાને તે આપણને ચેતવે છે. આત્મનિવેદનના એકધારા હ્દયપૂર્વકના અભ્યાસમાંથી તો ચેતનની સાથેનો હાર્દિક સંબંધ પ્રગટે છે અને આત્મનિવેદનની એ મોટામાં મોટી ખૂબી છે. જે બાબતનું આપણે આત્મનિવેદન કરતાં હોઈએ, તે બાબતની સતત જાગૃતિ જો આપણામાં પ્રગટતી અનુભવાય તો તે આત્મનિવેદન સાચું છે એમ પ્રમાણવું. આત્મનિવેદન કે પ્રાર્થનાથી કરીને કંઈક કંઈક ફળતું અનુભવાય, તેને કેટલાક સાધક પોતાની સ્થિતિનું દ્યોતક સમજે છે, પરંતુ આ એક મોટામાં મોટી ભ્રમણા છે. હ્દયપૂર્વક થતા આત્મનિવેદનથી કે તેવી પ્રાર્થનાના ભાવથી એક પ્રકારની એકાગ્રતા પ્રગટે છે અને એવી એકાગ્રતાને લીધે અજાગ્રત મનના સૂક્ષ્મ થરોમાં ખળભળાટ જન્મવાથી તેમાંથી ઘણી વાર પ્રાર્થનાની કે આત્મનિવેદનની હકીકત ફળતી અનુભવાય છે. આને સાધકે પોતાની ભૂમિકાનું લક્ષણ ન સમજવું.

## સદ્‌ગુરુ પોતાનો ધર્મ તો બજાવે જ

કોઈને ખસવા દેવાનું પાલવે તેવું નથી, કારણ કે જે ભાવે, જે હેતુથી બધાં મળ્યાં, તે હેતુમાં તે તે સ્વજન પ્રામાણિકતા અને વફાદારી ન રાખે કે ન રાખી શકતાં હોય તો ભગવાનની કૃપાથી આ જીવ પણ જે તમારું સ્વજન છે, તેનું ન માનવામાં આપણે વિચારવું ઘટે. આપણો કોઈ મિત્ર કે આપણું કોઈ સ્વજન વગેરેએ અમુક કંઈક કરવાનું કહ્યું હોય, કે વચન આપ્યું હોય અને તે જો તેમ ન કરતું હોય તો તેને તે માર્ગે મક્કમ કરાવવાનો આપણો ધર્મ છે. એટલે એ રીતે પણ તમને બધાંને મારે વારેવારે ટકોરવાં, સંકેલવાં અને સંકોરવાં પણ ઘટે. મારા ધર્મને હું કેમ કરીને જતો કરી શકું ? કોઈક સમયે રૌદ્ર સ્વરૂપ પણ ધારણ કરવાની જરૂર પડે. કોઈક વખત જબરજસ્ત આઘાત આપીને પણ કંઈક જન્માવવાને મથવું પડે. તે વખતે તમે બધાં આડાંઅવળાં થઈ જાઓ તે કેમ ચાલી શકે ? તેવે સમયે તો આપણે બધાંએ હૃદયના ભાવથી વિશેષ એકાગ્ર અને સ્વીકારદશાવાળાં થવું ઘટે, તેનો હેતુ સમજવો ઘટે અને વિશેષ નજીક આવવું ઘટે. પ્રભુકૃપાથી એવું મારે કરવું પડે તેમાં તમારે શોક અને દિલગીરી ન અનુભવવી ઘટે. આપણે બધાં જો સમજીએ તો સાચી રીતે આપણે શક્તિનાં સ્વરૂપ છીએ, પછી લાચારી શાને માટે ? સંસારવહેવારમાં આપણે જે કરવું હોય છે તે તો કરીએ છીએ. ત્યાં આપણને કશી કોઈની આડખીલી નડતી નથી તો અહીં પણ, આપણે જો સાચેસાચી રીતે ખરેખરી ભાવનાથી પ્રભુનું કર્મ કરવું હોય તો આપણે જરૂર તેમ કરી શકીએ છીએ. ન કરી શકવામાં જો કોઈની પણ આડખીલી હોય તો તે આપણી પોતાની જ છે. જે હેતુથી મળ્યાં છીએ, તે હેતુનું આપણને બધાંને સાચેસાચું, પૂરેપૂરું, ગોદાટતું, ધક્કેલતું ભાન પ્રગટે એવી સ્વજનમાંના અંતર્યામીને પ્રાર્થના છે.

હરિઃૐ   ખાર, તા. ૨૯-૧૧-૧૯૪૨

## હૃદયની જ્ઞાનભક્તિથી સમર્પણ કરો

સાધના માર્ગમાં સર્વ પ્રકારની આશા, ઈચ્છા અને કામનાની હોડીના બધાયે શઢ બાળીને આપણે પ્રવેશવાનું હોય છે. આપણે આપણી બધી હોડીઓ બાળી દેવાની રહે છે. જેથી, વાસનામય જીવનમાં પાછા ન જવાય. ભગવાનનો પ્રેમ મેળવવો હોય, જીતવો હોય, ભગવાનને મેળવવો હોય તો જે આપણે વહાલામાં વહાલું માન્યું છે, તે બધું એને ચરણકમળે માત્ર બલિદાન તરીકે નહિ, યજ્ઞ તરીકે પણ નહિ, પરંતુ હૃદયની જ્ઞાનભક્તિના સમર્પણભાવે તે ધરાયા કરાય તો જ તે કામ આવી શકે. બલિદાનની ભાવના કરતાં યજ્ઞની ભાવના ચડિયાતી છે. એના કરતાં વળી સમર્પણયજ્ઞની ભાવના વધારે ચડિયાતી છે.

## 'મૈંને લીનો તરાજૂ તોલ'

આપણે આજ સુધી જેને આપણું પોતાનું માન્યા કર્યું છે, તે બધું મનમાં સંઘર્યા કરીને આપણે ભગવાનને કદી પણ પામી શકવાનાં નથી. એને ખરીદવો એ કંઈ સહેલું નથી. હરિને તેની કિંમત આપી આપીને મીરાંએ વેચાતો લીધો હતો. આપણે તો તેની કિંમત કશી આપવી નથી અને આપણે મેળવવો છે ભગવાનને ! એ તો આકાશકુસુમવત્ છે. અરે ! જેને કિંમત આપવાની પણ દિલમાં ગણના રહે છે, તે ભગવાનનો પ્રેમ મેળવવા માટે યોગ્ય નથી. જે કંઈ આપણને જોઈતું હોય છે તેની કિંમત આપ્યા વગર તેને આપણે મેળવી શકતાં નથી, એ તો સર્વ સાધારણ હકીકત છે તો શું ભગવાન કંઈ એમ ને એમ થોડો રસ્તામાં પડ્યો છે ? એને મેળવવાને માટે, ખરીદવાને માટે કિંમત આપવાનું જેને મુશ્કેલ લાગે છે, તેમાં જેને ફુવારાના જેવો હૃદયમાં ઉત્સાહ પ્રગટતો નથી, તે કદી પણ ભગવાનને રસ્તે જઈ શકનાર નથી. એનું મહત્ત્વ અને એની ગંભીરતા તો જેને દિલમાં એવી ઊંડામાં ઊંડી તમન્ના લાગી છે, એવો

સાધક સમજી શકે છે. માન, મરતબો, લોકલાજ, મોભો, ધનદોલત, સંસાર, વહેવાર, કુટુંબકબીલો, – આપણું જે તે કંઈ બધું (આંતરબાહ્ય) એક ત્રાજવામાં અને બીજા ત્રાજવામાં ભગવાન છે, એ બેમાંથી જો ભગવાન આપણને વધારેમાં વધારે વહાલા હશે તો જ પેલું બીજું બધું આપણાથી છોડી શકાવાનું છે. એમાં છોડવાપણાની પણ દૃષ્ટિ હોતી નથી. જો ભગવાન આપણને વધારેમાં વધારે વહાલો લાગ્યો તો બીજું બધું આપમેળે ગૌણ થઈ પડે છે.

## સ્વજનો કકળી ઊઠે છે

એવો સાધક ખરેખરી રીતે જ્યારે સાધનાને પંથે પળતો હોય છે ત્યારે એનાં સ્વજન કકળી ઊઠે છે, તે બધાં બૂમ પાડી ઊઠે છે. 'પહેલાનાં જેવું વર્તન તેમનું અમારી સાથે નથી રહ્યું,' એવો પોકાર કરે છે. એ લોક કાં તો સાધનાનું રહસ્ય સમજવા માગતા નથી હોતા કે કાં તો તેના (સાધકના) પરત્વેનું તેમનું મમત્વ હઠી શકતું ન હોવાથી, તે તેમને વધારે ને વધારે વળગવાનું કર્યા કરે છે. પેલો સાધક તો તેમના વળગવાપણામાંથી અને તેમની પકડમાંથી જ્ઞાનપૂર્વક સમજી સમજીને મુક્ત થવાનું કર્યા કરતો હોય છે. આ હકીકતથી અને તેના આવા વલણથી પેલાં બીજાં બધાં સ્વજનને એક પ્રકારની તેના તરફથી ઊણપ લાગ્યા કરે છે અને તેથી તેઓ સતત ફરિયાદ કર્યા કરે છે. તે સાધકમાંથી તેઓ છૂટવા કે હઠવા પણ માગતાં નથી. એ તો તેમની તેમની રીતે અને તેમની સમજણથી રહીએ, તેમના સંસારની વૃત્તિથી વર્તીએ અને તેમને ગમે, તે રીતે તેમને વળગતા રહીએ તો તે બધું તેમને ગમે.

## સાધકની કફોડી સ્થિતિ

સાધક જ્યાં સુધી સાધક ન હતો ત્યાં સુધી તો તે તેમ કરતો હતો, પણ હવે તેને તેમ કરવું પાલવે તેમ નથી. બીજા કોઈની સાથે ભાવની સમજણમાં કે ભાવનાની હકીકતમાં તે પ્રેમથી વાત કરતો જણાય તો

તેનાં સ્વજન બૂમ પાડી ઊઠે છે અને ફરિયાદ કરે છે કે અમારી સાથે આવી સરળતા કાં નથી ? સાધનાની વિગત, સાધનાની સમજણ અને સાધનામય જીવનનું વર્તન જો એમને ન કરવું હોય, ત્યાગની ભાવનાને જ્ઞાનપૂર્વક સેવવી ન હોય અને સંસારના રંગરાગમાં જ તેમને જો પડ્યા રહેવું હોય તો પેલો બિચારો સાધક તેવા સ્વજનની સાથે ભાવનાની શી વાત કરે !

## સ્વજનોનું સાચું કર્તવ્ય

જો કોઈ જીવ ઊંચે માર્ગે જતો હોય અને આપણે જો એનાં સ્વજન હોઈએ તો આપણો ધર્મ તેની સાથે ચાલવામાં છે. પ્રેમમાં પક્ષ નથી. પ્રેમ અંતરને ઓળખી શકે છે. પ્રેમ હૃદયનો ધબકાર અનુભવે છે. પ્રેમ સાચી દાનત પારખી શકે છે. આપણે જો આપણા સ્વજનને યોગ્ય રીતે પારખી ન શકતાં હોઈએ તો આપણે 'સ્વજન' શેનાં અને શા ખપનાં ? જો આવું ચાલ્યા કરે તો પછીથી ક્યાંયે મેળ ખાવાનું રહે, તેવી શક્યતા નથી રહેતી. સ્વજન જે અંતર અત્યારે અનુભવે છે, તે જો તેવું ને તેવું રહે તો તેના કરતાં હજારગણું અંતર સમય જતાં વધતું જશે. સાધકનો નિર્ધાર જો સાચેસાચો હશે તો, તે તો તેના નિર્ણયમાંથી પાછો હઠી શકવાનો નથી. આપણે તેને ગમે તેટલો પાછો પાડવાનો કરીશું તોપણ તે તો મક્કમ જ રહેવાનો છે. આપણાથી આગળ ન વધી શકાય તેનો વાંધો નથી, પરંતુ આપણા સ્વજનસાધકની ઊર્ધ્વગતિ થતી નીરખીને આપણા હૃદયમાં જો આનંદ પ્રગટે તો આપણે સાચાં સ્વજન ખરાં.

## સ્વજનોને ચેતાવવાનો ધર્મ

મને તો કોઈ બાબતમાં નિરાશા નથી. હું તો જે તે બધું એના ઉપર જ છોડી દઉં છું. એને જેમ કરવું હોય તેમ ભલે થાય. સાધકમાં જો સાચી જિજ્ઞાસા પ્રગટી હશે તો ભગવાન એને યોગ્ય રસ્તે દોરવાનો છે, એવો મને દૃઢ વિશ્વાસ છે. કોઈના ઉપર મને રોષ નથી. પરસ્પરના જીવનમાં

સુમેળ સધાતો રહે એ જ ઉદ્દેશથી અને જીવનમાર્ગમાં અંતરાય પડવાની અણીના સમયે જો કોઈ ચેતી શકે તો ચેતાવવાં કે પછીથી કોઈને એમ ન થાય કે 'ભલા ! અમને ચેતાવવાં તો હતાં ! કહ્યું હોત તો અમે પ્રયત્ન તો કરત. અમને તક ન આપી !' તેવો માથે દોષ ન રહે એટલા માટે ચેતાવવાનો ધર્મ માન્યો છે.

## સાધનામાર્ગની નિરાશાનો પ્રકાર

અમારે તો પ્રભુકૃપા જેમ રખાવશે તેમ રહેવાનું છે. ભગવાનના માર્ગમાં નિરાશાને સ્થાન નથી. સાધકના જીવનમાં કદીક નિરાશા સાંપડે છે તો તેવી નિરાશામાંથી તે દ્વિગુણિત ઉત્સાહ અને પ્રેરણા પામે છે, વધારે હિંમત મેળવે છે અને ઝઝૂમવાને એકધારો મંડ્યા કરે છે. જીવપ્રકારની નિરાશામાં અને સાધનાના પ્રકારની નિરાશામાં આસમાન જમીનનો ફરક છે. સાધક નિરાશામાં ગૂંચળું વળીને પડી રહેતો નથી. નિરાશા સાંપડતાં, તેના પગ આગળ દોડવાને થનગનાટ કરતા હોય છે. નિરાશાનું કારણ તે તુરત સમજી લે છે. પોતાનો દોષ તેને સ્પષ્ટપણે સમજાય છે. ક્યાં ક્યાં રાગ છે, ક્યાં ક્યાં મોહ છે. ક્યાં ક્યાં લોભ છે, ક્યાં ક્યાં કેવા કેવા પ્રકારની વાસનાઓ છે, કેવા કેવા પ્રકારની આશા-તૃષ્ણાઓ પ્રગટે છે, ભવિષ્યની અમુક અમુક પ્રકારની કલ્પનાઓ પણ કેવી કેવી પ્રગટે છે, અને એ બધું તેના રસ્તામાં તેને બાધક છે, એમ સમજી શકાય છે.

## એથી વધારે જોશથી મંડે છે

જે કારણથી પોતે પડે છે તેમાંથી મુક્ત થવાને તે ચોંકીને સફાળો જાગે છે. જાગીને પ્રયત્નવંત બને છે. તે ફતેહ પામ્યા વિના બેસતો નથી. એવી એની જહેમત હોય છે. કોઈ પણ પ્રકારના દોદળાપણાને તે સેવતો નથી, તેની હડફેટે ચડતો નથી. વીંછી ચડતાં તેને જેમ માનવી ખંખેરી નાખે છે તેમ અવારનવાર આવો સાધક અનેક પ્રકારની ઊઠતી

વૃત્તિઓને જાગૃતિપૂર્વક ખંખેરી નાખે છે. એવો સાધક એકાગ્રતાપૂર્વક સાધનામાં પૂરેપૂરા વેગથી અને જોમથી એકતાર થવાને મંડેલો રહ્યા કરેલો હોય છે. તે વેળાએ સંસારની સાથે તેનો મેળ ખાઈ શકવાનો નથી. તે સંસારને અવગણતો નથી. હવે, તે સંસારની રીતે જીવી શકવાનો નથી. કદાચ કોઈ નબળાઈની ક્ષણોમાં સંસારની રીતે જીવી જવાનું થતાં તેના રોમેરોમમાં ડંખ પ્રગટે છે. એવા ડંખની વેદના તેને સફાળો જાગ્રત બનાવે છે અને વળી તે પાછો પોતાના જીવનવિકાસનાં કર્મની આરાધનામાં લાગી જાય છે. એને અંતરાયરૂપ બનતા જે તે બધાંને ઓળંગી જવાને તે થનગનતા ઘોડાની પેઠે કૂદ્યા કરવાને ઉદ્યત બનેલો રહ્યા કરે છે.

## કસોટીમાં શ્રીભગવાનની કૃપાસહાય

સાધકની એવા સંજોગોમાં ભારે કસોટી થતી હોય છે. સાધક કંઈ કશાથી ભાગી શકતો નથી તો પછી સંસારથી અને સ્વજનથી તો શેનો ભાગે ? શ્રીભગવાનને મેળવવાની અને તે માટે જરૂરી કિંમત આનંદપૂર્વક આપવાની એને કેટકેટલી ધગશ જાગેલી છે ! તે હવે તેને સમજાય છે. સાક્ષાત્ શ્રીભગવાન જેવા જેના સારથિ હતા, એવાને પણ યુદ્ધમાં વચ્ચે વચ્ચે હાર ખાવાનો વારો આવેલો છે, તે હકીકત પણ સમજવા જેવી છે. એવી રીતે સાધકને અનેક વાર હાર સાંપડવાની છે, પણ જે સાધકે પોતાના જીવનની લગામ શ્રીભગવાનના હાથમાં મૂકી છે, એવા સાધકને એ હારમાં પડી રહેવા દેતો નથી. તેને તે જગાડે છે, ઊભો કરે છે, ટટ્ટાર બનાવે છે, કૃતનિશ્ચયી કરે છે અને યાહોમ કરાવીને ઝંપલાવવાનું કરાવે છે.

## મહાત્માજીની શ્રદ્ધાભક્તિ

મહાત્મા ગાંધીજીએ ભારતવર્ષને સંહારમાંથી બચાવી લેવા ઘણીયે ધીરજ રાખી છે. પોતામાં ઘણો ઘણો સંયમ રાખી રાખીને દેશનાં

થનગનતાં જિગરોને અટકાવી રાખ્યાં છે. અનેક લોકોનાં જીવનમાં આઝાદીની લડતથી કરીને સહેવાનું જે બન્યું, એ આપણા ખ્યાલમાં આવી શકે તેમ નથી. જો સંહાર અટકતો હોય તો અટકાવી જોવાને એમણે ઘણું કર્યું છે અને તે એટલે સુધી કે છેવટની હદ સુધી. તેથી કરી તેમની ઘણા લોકો ગેરસમજૂત પણ કરે છે. આખરે એમણે ભગવાન ઉપર બધું છોડીને ભારતવર્ષ એને સોંપી દીધું છે. જે બનવું હો તે ભલે બનો. ભગવાનમાં આવો દૃઢ વિશ્વાસ આપણને નથી. મહાત્મા ગાંધીજીની સકળ પ્રવૃત્તિ ભગવાન ઉપરની શ્રદ્ધાભક્તિમાંથી જન્મેલી છે. એમની પ્રવૃત્તિનો મૂળ પાયો તે છે. આ મૂળભૂત હકીકત સેવાના ક્ષેત્રના મોટા ભાગના ધુરંધર કાર્યકર્તાઓ પણ સમજી શકેલા નથી, એવું મારું નમ્રપણે માનવું છે.

## માનવીના પ્રેમનો આધાર - લાલસાતૃપ્તિ

જીવનવિકાસની ભાવનાથી ઊંધી દિશાના વિચારો મનમાં રાખીને તે રીતે જો બધું સમજવાનું રાખવું છે તો પછી મેળ કેમ કરીને બની શકે ? તો પછી સુમેળની વાત મનમાંથી છોડી દેજો. આપણે માનવી જેને ‘પ્રેમ’ કહીએ છીએ, તે પ્રેમનો આધાર સાચી રીતે તે માનવીમાં નથી, પણ તે માનવીથી આપણને આપણી માની લીધેલી રીતે જે સંતોષ મળે છે તેના ઉપર રહેલો છે. એવો પ્રેમ જગતને લાખો વાર મુબારક હો. અમને તે ખપે તેવો નથી.

## બધું છોડીને સ્વજનને જ ચાહો

પ્રભુકૃપાથી અંગ્રેજી કહેવત પ્રમાણે, ‘ટેબલ ઉપર બધાં પાનાં ખુલ્લાં કરીને મૂકેલાં છે.’ કશું છુપાવ્યું કે બાકી રાખ્યું નથી. પસંદગી તમારે કરવાની છે. મારે કોઈની પાસેથી કંઈ કશું લઈ લેવાનું કે ઝૂંટવી લેવાનું નથી. લઈ લેવાનું કર્યે કે ઝૂંટવી લીધે કોઈ એમ ને એમ આપી દે તેમ નથી. સાધનાની રીત અને સમજણ સારી રીતે જેમ જેમ

પ્રગટતી જશે તેમ તેમ જીવનનું મૂલ્યાંકન પણ બદલાતું જવાનું છે. આપણે જો સંસારી રહ્યા તો આપણી સમજણ અને તેમની સમજણ વચ્ચે કશો મેળ રહી શકવાનો નથી. આપણે જેને પ્રિય માનીએ છીએ, તેનામાં જો આપણો સાચો પ્રેમ હોય તો તેનો આધાર તે સાચો આધાર છે. તેને લીધે જે બધું આધારરૂપે છે, તે બધું આપણને ખપનું ન હોવું ઘટે. આપણને તો તે ખપનો હોવો ઘટે. બધુંયે છોડીને આપણે તો તેને વરવાનું દિલ કરવાનું છે.

## 'એક સહારો રામ'

જે કોઈ સાધક છે અને જો તેની સાધનામાં તેનું દિલ રહ્યા કરતું હોય તો એવાના જીવનકલ્યાણના માર્ગમાં કોઈ આડખીલીરૂપ ઝાઝો કાળ બની શકવાનું નથી. એવો સાધક તો ચેતનને અનુભવવાને કાજે જે કંઈ કિંમત આપવાની હોય, એને કાજે જે કંઈ સાહસ, જોખમો ખેડવાનાં આવે, તે ખેડવાની શક્તિથી એવો તો બસ ખપી જવામાં મસ્ત રહ્યા કરે છે, કે જગત અને સંસાર એની આગળ શૂન્ય બની જતાં હોય છે. તેમ છતાં તે હારે ખરો, પણ એની તેવી હારમાંથી પરાક્રમ અને મર્દાનગી પ્રગટે છે. ભગવાનને તે સમયે વધારે ને વધારે હૃદયથી તે વળગ્યા કરે છે. તે જ એનો સાચો સહારો છે, એવા એને પ્રત્યક્ષ અનુભવ પ્રગટે છે.

## પ્રાર્થનાનો રામબાણ ઈલાજ

પ્રાર્થના એનું સબળ સાધન બને છે. ભગવાનને આર્તતા અને આર્દ્રતાપૂર્વક હૃદયથી કરેલા કાલાવાલા અને તે સમયે એનાથી થતી ગદ્‌ગદ ભાવનાયુક્ત વિનંતી, એ જ એનો (સાધકનો) તે કાળમાં રામબાણ ઉપાય છે. સાધક જ્યારે એ રીતે શ્રીભગવાનને ચરણકમળે પોતાની બધી હારજીત મૂકી દે છે અને પોતાનું એમાંનું એક પણ રાખતો નથી. - નથી રાખતો જીત કે નથી રાખતો હાર, - અને એને જ જે તે બધું સોંપ્યા કરીને જ્ઞાનભક્તિભાવે સમર્પણ કર્યા કરે છે, એવો સાધક સદાય હળવો હળવો અને પ્રસન્નચિત્ત રહે છે. એટલે એના પ્રેમમાં

ઉદ્વિગ્નતા પ્રવેશી શકતી નથી. એટલા માટે એનો પ્રેમ ઘટી શકતો નથી. એટલા માટે એનો પ્રેમ બીજા કશા આડાતેડામાં પરિણમતો નથી. નથી થતી એને એથી કશા ઉપર ઇતરાજી કે અન્યથા વૃત્તિ, કે નથી થતો કોઈ ઉપર અણગમો. સારુંયે જગત ભલેને એનાથી ઊંધું જતું હોય, એની એને કંઈ થોડી જ પરવા હોય છે ! એવાને દિલ એક બાજુ શ્રીભગવાન અને બીજી બાજુ જગત-સંસાર, એ બંનેમાં હંમેશાં મહત્ત્વ શ્રીભગવાનને જ તે આપ્યા કરતો હોય છે. એટલે એવાનું તો સઘળું હેમખેમ ભગવાન ચલાવ્યા કરતો રહે છે. સંસારનાં સ્વજન પોતાની સમજ, રીત, વહેવાર, વર્તન વગેરે બદલવાને કાજે ખંત, ઉત્સાહ, ઉમળકો જો ન દાખવે અને તેમ કરવા જવામાં જાણે આખું જગત તૂટી પડતું હોય એમ જો તેમને લાગે તો ત્યાં પેલો સાધકજીવ પણ બિચારો શું કરી શકે ? સાધક પણ આખરે તો પોતાનો પ્રયત્ન ન ફાવતાં પ્રભુ ઉપર જ છોડી દે છે, તે સ્વજન બિચારું શું કરે ? સાધક એને આત્મસાત્ કરવાને ઉદ્યત બન્યો છે, તે હકીકત પેલા બિચારાને ગળે કેમ ઊતરી શકે ? તેને તે બધું ગજા ઉપરવટનું હોય છે. ઉપાયો અને કારણોનું મૂળ બતાવવાને માટે પ્રભુકૃપાથી આ બધું બનતું કર્યું છે. તેમાં બળ, વેગ, ઉત્સાહ વગેરે મળે એવું કરવાનું પણ એની કૃપાથી કરી શકાયું છે.

## 'ધાર્યું તો ધણીનું થાય'

'આખરે ધાર્યું તો ધણીનું થાય છે,' એવી સમજણ સમાજમાં છે. જ્ઞાનપૂર્વકની સંપૂર્ણ નમ્રતા કેળવવા માટે ઉપરનું સૂત્ર અને તેની ભાવના ઉત્તમ છે, પણ સાધકમાં કે જીવમાત્રમાં ચેતન રહેલું છે. એ ચેતન કંઈ નમાલું નથી. સર્વ કંઈ કરવાને શક્તિમાન છે, તે ભૂલવું જોઈતું નથી. મરણિયો નિર્ધાર જો પ્રગટે છે તો પ્રભુકૃપાથી બધું થઈ શકે છે. આપણા સમાજમાં કેટલીક સમજણો એવી ચાલ્યા કરે છે કે જેની યથાયોગ્યતા યોગ્ય પ્રકારની નથી. લોક જેમાં ને તેમાં એવી કહેવતો ટાંકે છે. 'ધાર્યું તો ધણીનું થાય.' એમ જે કોઈ કહે છે તેવા જીવમાં અહંકાર નથી હોતો એમ નથી. જેનામાં સંપૂર્ણ જ્ઞાનભક્તિપૂર્વકની નમ્રતા પ્રગટેલી છે અને

જેનું અહં પૂરેપૂરું ઓગળી ગયેલું છે, તેવો જીવાત્મા તેવું બોલે તો તે યોગ્ય ગણાય. અથવા તો જે સાધક સંપૂર્ણ જ્ઞાનપૂર્વકની નમ્રતા કેળવવાને જીવતોજાગતો અભ્યાસ કેળવે છે, તેવો જીવ નમ્રતા કેળવવાના હેતુથી એવું ઉચ્ચારે તો તે પણ યોગ્ય ગણાય, પરંતુ મારા તારા જેવા જીવો, જેનામાં નર્યું અહં ભર્યું પડ્યું છે, તે જો તેવું બોલે તો તે વદતોવ્યાઘાત છે.

## આખરે ભગવાનને જ સોંપ્યું છે

પ્રસંગો જીવનને ઘડે છે. આવેલી તક, ઘડી - એનાથી જે ચેતે છે, એવો જીવ સાબદો બનેલો છે એમ સમજવું. બાકી તો માનવીનું મિથ્યા ઘમંડ ક્યાં સુધી ચાલવાનું છે ? માનવી ગમે તેવો હોય તોપણ આખરે તો એની આગળ પામર જ છેને ! પ્રભુકૃપાથી નરી આંખે જોઈ શકાય છે કે, હૃદયથી જીવપ્રકારની સમજનાં મૂળ જેનામાંથી ગયાં નથી, જેનું મન એમાં વીંટળાયેલું પડ્યું છે, જેને પોતાની પ્રકૃતિના વિરોધો સામે યુદ્ધ કરવાનું ઉચિત લાગતું નથી, જેને હજી એવી બધી સમજણ સાધનાના માર્ગને અવરોધકર્તા છે, એવું જ્ઞાનપૂર્વક પૂરેપૂરું સમજાતું પણ નથી અને દિલમાં ઊતરતુંય નથી - ઘણું સમજાવવા, ઘણું મથાવવાને કર્યું, તેમ છતાં પણ દિલમાં ઊતરતું નથી, - તેને પછી કેવી રીતે સમજાવી શકાય ? જેટલી ઉગ્રતાની હદ અને છેક છેલ્લામાં છેલ્લી નમ્રતાની હદ - એવી બંને સ્થિતિમાં પ્રભુકૃપાથી રહીને મારી જે ભાવના તમારામાં રહેલી છે, એના વડે તમને પ્રભુકૃપાથી હલાવી જોવાને મથાવ્યા કરું છું, શક્યતા તપાસવાનું બને તેટલું કર્યું છે, હવે તો ભગવાનને ચરણકમળ પ્રાર્થના ભાવે તે તે બધું સમર્પણ કરી દીધું છે. સાધનામાર્ગમાં કોઈને છોડી દેવાપણું નથી. એ પોતે જ જ્યાં વળગવા ન માગતું હોય ત્યાં એને પ્રભુ શું કરે ? મારે કોઈને છોડવાપણું નથી. પ્રભુકૃપાથી મારે તો એને જ સાદ પાડ્યા કરવાનો છે. બધી રીતે પ્રયત્ન કરવા છતાં જ્યારે માનવીનું કંઈ

કશું ચાલતું નથી ત્યારે 'હારે કો હરિનામ.' એવા હારેલાનું ભગવાનને જો સાંભળવાનું રાખવું હશે તો રાખશે. ભક્ત, ભગવાનનાં ચરણકમળ આગળ જ પોતાનું બધું ઠાલવે છે. એનો પ્રેમ, એનું જ્ઞાન, એનો ભાવ, એની હાર, એની જીત વગેરે વગેરે બધું જ તે શ્રીહરિને ચરણે મૂકે છે. 'एની જેમ મરજી હોય તેમ બન્યા કરો.' એવું સહર્ષ સ્વીકારવાનું રહે છે.

## હું તો ધા સંભળાવ્યા કરીશ

તોપણ આ હૃદયમાં તો એક જ બૂમ રહ્યા કરશે, એક જ આર્તનાદ ઊઠતો રહ્યા કરશે, 'પ્રભુ ! સ્વજનનાં જીવતરનો તું સાચો સુમેળ સધાવજે.' 'હે પ્રભુ ! દ્રૌપદીની લાજ રાખી છે, અનેક સંતભક્તોનાં કામ કર્યાં છે તો આ નાપાકનું આટલું કામ કરજે.' एની મરજી હોય કે ન હોય તોયે મારે તો મારી એવી ધા એને કાને નાખ્યા કરવાની રહેશે. એવો ધન્ય દિવસ પ્રગટાવવો કે ન પ્રગટાવવો તે તો શ્રીપ્રભુની મરજી ઉપર છે.

## પોતાની જાતને બરાબર ઓળખો

શ્રીભગવાનને પંથે જેણે જવું છે, એના બધી તરફના ભ્રમ ભાંગી જવાની જરૂર રહે છે. ભગવાન અનેક રીતે એને અનુભવ કરાવી રહેલો હોય છે. જેને જે રીતે એ સમજી લેવું હશે તે સમજી લેશે. પોતે કેવી જમીન ઉપર ઊભા છીએ, તે એણે નક્કર સત્ય તરીકે સમજવું જોઈશે. એણે એથી દુઃખી થઈ જવાનું નખી કે નથી કોઈના ઉપર ઈતરાજી કે અણગમો કરવાનો, કે નથી કોઈને અવગણવાનું. માત્ર, માર્ગની ભિન્નતાની મર્યાદા સ્પષ્ટપણે સમજી લેવાની રહે છે.

## મૂઢતાભર્યું દુઃખ

જે રુદનમાંથી, જે વલોપાતમાંથી, જે મંથનમાંથી કશું જન્મતું નથી તેવું વલોવામણ અર્થ વગરનું છે. માનવી અકળાય, રૂંધાય, રિસાય, આઘાત લાગે ત્યારે રડવાનું બને, પરંતુ એના પ્રત્યાઘાતોએ કરીને એના

પરિણામજનક અનુભવને હૃદયમાં સ્વીકારવાને તૈયારીવાળું જો કોઈ માનવી બની શકતું નથી તો એવું દુઃખ એ તો એની મૂઢતાને કારણે છે. મૂઢતા ન હઠે ત્યાં સુધી કશી યોગ્ય પ્રકારની સમજણ પ્રવેશી શકતી નથી. મૂઢતાને સંઘરીને નવી દિશામાં પ્રયાણ થઈ શકનાર નથી. મૂઢતા એ તો મોટામાં મોટો જ્ઞાનની આડેનો પડદો છે.

## હૃદયના ઉમળકાથી કસોટીને તથા ત્યાગને સ્વીકારો

પ્રભુ તો ઘણાને કસોટીએ ચડાવે છે. એણે કોને નથી ચડાવ્યા ? સરાણે ચડાવ્યા વિના હીરામાં પહેલ પણ કેવી રીતે પડી શકે ! સરાણે ચડ્યા વિના યોગ્ય સ્વરૂપ કઈ વસ્તુનું ઘડાયું છે ? એવી કસોટી કે એવું આપણને સરાણે ચડાવવાનું પ્રગટે છે, એને તો પ્રભુની પરમ કૃપા માનું છું, કારણ કે આપણને એણે મહેર કરીને જીવનને ઘડાવાની તક આપી. એવી તકનો લાભ એ રીતે અને એ ભાવે ઘડાવાને માટે હૃદયના ઉમળકાથી શ્રીપ્રભુનો હૃદયના ગદ્‌ગદભાવથી આભાર માનીને જ્ઞાનપૂર્વક જે સાધક લે છે અને એવી તક જે સ્વીકારી લે છે તે ધન્ય બને છે. એવી તક પ્રભુએ આપી છે અને તે આપણા જીવનના કલ્યાણને માટે છે, એવું જ્ઞાન ભાગ્યે જ કોઈ જીવને પ્રગટે છે. આખરે તો ए જ મહાન છે અને ए મહાન છે એટલા માટે તો આપણને પણ તે પ્રમાણે થવાનું શીખવે છે. આમ, માનવીએ જીવનને ઘડાવાને માટે સતત જ્ઞાનભક્તિપૂર્વકનાં ત્યાગ, બલિદાન, સમર્પણ કર્યા કરવાનાં રહે છે. એમ થયા કરવામાં જે જીવને આઠે કોઠે દીવા પ્રગટે છે તે જ સાચો છે એમ જાણવું. બાકીના આપણે બધાં જૂઠા કે મિથ્યા છીએ. અજ્ઞાનની દશામાં પણ એકબીજાને માટે ત્યાગ કર્યા વિના જીવી શકાતું નથી. ત્યાગ એ તો કુદરતનો કાયદો છે. એનાથી કોઈ મુક્ત થઈ શકતું નથી. એટલા માટે તો અનુભવીઓએ ત્યાગને જીવનવિકાસની ભાવના વિકસાવવા માટેનો સાચો યજ્ઞ ગણેલો છે.

## સદ્‌ગુરુનાં વચનનું પાલન

સાધકની કસોટી જીવનની આકરામાં આકરી પળોમાં થયા કરે છે. તેવી પળોમાં સદ્‌ગુરુનું વચન જીવનવિકાસની ભાવનાના હેતુ કાજે જ્ઞાનપૂર્વક કેટલું સ્વીકારાયેલું છે તે સમજવાની તેને તક મળે છે. સદ્‌ગુરુ એ કાંઈ માટીનું પૂતળું નથી. એ તો લુહાર છે, સુથાર છે, કડિયો છે, શિલ્પકાર છે, ચિત્રકાર છે, જીવનનો ઘડવૈયો છે. એમ બધા પ્રકારના કારીગરોનો તેનામાં સમન્વય છે. તેનામાં બધી કળા છે. કળાનો તે પ્રાણ છે. સર્વથી જીવનની કળા શ્રેષ્ઠ છે. એને એ વરેલો છે. આમ હોવા છતાં સદ્‌ગુરુનાં વચનને પારખી પારખીને તોલવાનાં છે, સમજવાનાં છે. એનાં વચનને કદી ઉપરચોટિયું સમજી લેવાનું નથી. સાધનાના હેતુની સરાણે જ્ઞાનભક્તિભાવે ચડાવી જોવાનું એને રાખ્યા કરીશું તો એની ભુલભુલવણીમાં પડી જવાનો સંભવ રહેતો નથી. સાધકમાં સર્વ પ્રકારની કળા કેળવાઈને ખીલે તે જરૂરનું છે. એની સામે આવીને ઊભા રહેતા પ્રસંગનું હાર્દ એ કળી શકે, એવી એનામાં હૃદયની સૂઝ કે પારખ પ્રગટે તો જ એ જીવનનો યોગ્ય પ્રકારનો ખેલૈયો બની શકે. કોઈ પણ ક્ષેત્રમાં કેળવાયેલી શક્તિ નકામી જતી નથી. તેવી શક્તિ સાધનામાં પણ ઘણી ખપની નીવડે છે.

## સાધનામાં સમયનું મૂલ્ય

સમય ન બગાડવાની તમારી જે ખાંખત છે, તે તમને ઘણું મદદ કરનારી નીવડવાની છે. જે જીવને સાધના કરવી છે તેવા જીવે સમયનું મૂલ્ય સારી રીતે પારખતાં શીખવાનું છે. જીવનનો સાધક એક પળ નકામી ન ગાળી શકે. આળસ અને તામસને જ્ઞાનપૂર્વક એણે ખંખેરી નાખવાં ઘટે. આળસ, તામસ સંઘરીને જીવ સાધના કદી કરી શકનાર નથી. જે જીવને પોતાનો સમય તે કેવી રીતે ગાળે છે એનું યથાયોગ્યપણે જ્ઞાનભાન નથી, તે શી સાધના કરી શકનાર છે ?

## હૃદયદૌર્બલ્ય છોડવું જ પડશે

આપણે જો છૂટવું હોય તો જરૂરી છૂટી શકીએ છીએ. આપણને કોઈએ કંઈ કશામાં બાંધી રાખેલા નથી. આપણે આપણી મેળે જ બંધાયેલાં છીએ. સાચી રીતે આપણને મુક્ત થવાની ખરેખરી પૂરેપૂરી ઝંખના પ્રગટવી જોઈએ. સાધકને જીવનસંગ્રામમાં ઝંપલાવ્યા વિના ચાલતું નથી. હૃદયના દૌર્બલ્યને સંપૂર્ણપણે તેણે છોડવું પડે છે. હૃદયના દૌર્બલ્યને સંઘરીને યુદ્ધમાં કોઈ ફાવી શકતું નથી. જે જીવ જીવનનો સાધક બને છે, તેણે હૃદયદૌર્બલ્યને છોડવું પડે છે. કાયરતાથી જીવનવિકાસનું કામ થવાનું નથી. જીવનના સાધકને એક પછી એક એટલું બધું તો મૂકવાનું આવ્યા કરે છે, અને એક પછી એક એટલાં બધાં આવરણો ત્યજવાનાં આવે છે કે જો એનો ઇતિહાસ લખવા બેસીએ તો તેમાંથી ઘણા ઘણા જીવને ઘણું જાણવાનું મળે. સાધકના જીવનમાં અનેક પ્રકારની અથડામણો જાગવાની. એમાં જેનું મન કાચુંપોચું પડ્યું, તે સાધક મટી જવાનો.

## સાધકની અપ્રતિમ વીરતા

એમાં જે જ્ઞાનપૂર્વકનો પ્રયત્ન કરતાં કરતાં, શ્રીપ્રભુની કૃપામદદ યાચતાં યાચતાં ટટ્ટાર ઊભો રહેવાને મથે છે, એવો જો કદાચ હારે તો એવી હારમાં તે માથે હાથ દઈને બેસી રહેતો નથી. તે ફરી પાછો ઊઠે છે. એની મર્દાનગીને પાંખ પ્રગટે છે, એનું પરાક્રમ તે વેળા ફાટુંફાટું થતું હોય છે. સાધકનું શૌર્ય મહાન પરાક્રમી વીર સેનાપતિની સરખામણીમાં તો ઘણું ઘણું ચડિયાતું છે. આવા પરાક્રમ વિના-અને તે પણ ખરેખરા પ્રકારના બળ વિના - જીવનવિકાસનો સંગ્રામ ખેલી શકાવાનો નથી. સાધક કશું પડતું મૂકતો નથી. જે આપમેળે આવે છે તેનો તે પ્રેમ-ભક્તિપૂર્વક સ્વીકાર કરે છે. એક હકીકત પ્રગટી તો તેના નિરાકરણ માટેના સર્વ પ્રકારના જ્ઞાનપૂર્વકના ઉપાય તે લે છે. ઉકેલ કરવામાં તે કશું બાકી રાખતો નથી. તે પ્રભુ ઉપર ભરોસો રાખે છે એ સાચી વાત છે,

તેમ છતાં પાછો તે પોતાના પ્રયત્નમાં મંદ હોતો નથી.

## પ્રતિકૂળ સંજોગોમાંથી જ્ઞાન મેળવે છે

સાધનાની ભાવનાને અનુકૂળ ન હોય એવા વાતાવરણમાં પણ સાધકને કદીક મુકાવાનું બને છે. તેવી વેળા તેની આંખો ઉઘાડી હોય છે. તેનું હ્દય પરિસ્થિતિ પારખી લે છે. પોતે સકંજામાં છે, તે તે સમજે છે. એમાંથી મુક્ત થવાને માટે પ્રભુકૃપાથી પોતાના સમગ્ર બળને તે નોતરે છે. એવા ગજગ્રાહના યુદ્ધમાં સાધકને પોતામાં રહેલી જીવપ્રકારની વૃત્તિઓ અને દ્વંદ્વાદિકનાં બળ-અબળની સાચી સમજણ પ્રગટે છે. જીવનમાં એવા જાગતા સંગ્રામમાંથી પોતાનું જીવપણું કેટલું અને કેવા પ્રકારનું છે એનું એને જ્ઞાન થાય છે. સાચા સાધકને તે ડંખ્યા વિના રહેતું નથી. ખરેખરા જ્ઞાનપૂર્વકની કંઈ કશા વિશેની અયોગ્યતા હ્દયમાં હ્દયથી જો પ્રગટી જાય છે તો તેમાંથી મનને નીકળી જતાં વાર લાગતી નથી, એવો અનુભવ પણ સાધકને એના સંગ્રામમાંથી મળી શકે છે.

## ગૂઢ સુસંવાદ અનુભવવાની રીત

આસપાસ કુદરતમાં જ્યાં જુઓ ત્યાં સુસંવાદ છે, સુમેળ છે. વિસંવાદ લાગે છે, પણ તે તો છે માત્ર ઉપરની સપાટીનો. સમુદ્રમાં પર્વત જેવડાં મોજાંઓ ઊછળે છે ખરાં, પણ એના ભીતરમાં તો ગંભીરતા છે. ત્યાં એવાં મોજાંનો ખળભળાટ નથી. તેવી રીતે સમસ્ત કુદરતમાં જેમાં ને તેમાં સંવાદ અને સુમેળ ભરેલો પડ્યો છે. માનવજીવનમાં અનેક પ્રકારના ખળભળાટ અને ઊથલપાથલો નરી આંખે જણાય છે, પરંતુ જે દેખાય છે તે જ માત્ર સત્ય હોય તો સમાજ ક્યારનોયે છિન્નભિન્ન થઈ ગયો હોત. આટઆટલા વિખવાદ, આવા કારમા પરસ્પરના સંગ્રામ, અનેક પ્રકારના રાગદ્વેષો, અનેક પ્રકારની અથડામણો, મુશ્કેલીઓ, વિરોધો, ગૂંચો - આ બધું હોવા છતાં સમાજ ટકી રહ્યો છે એ સુસંવાદના

બળ ઉપર. હવે, પ્રશ્ન એમ થાય કે સુસંવાદ છે ક્યાં ? એ સુસંવાદ માનવસમાજના હાર્દમાં ગૂઢપણે પડેલો છે. જેમ ચેતનને આપણે જોઈ શકતાં નથી, પ્રમાણી શકતાં નથી. પરંતુ જો એને અનુભવવાને ખરેખરી, પૂરેપૂરી જિજ્ઞાસા જાગી હોય છે અને તે માટે ફના થવાની તાકાત જન્મેલી છે તો તેવો જીવાત્મા તેને અનુભવી પણ શકે છે. એવી રીતે જે જે માનવીને એ સુસંવાદને અનુભવવો છે, ઓળખવો છે, તેને એના પોતાના જીવનમાં પહેલાં તો એ સુસંવાદને પ્રગટાવવો જોઈશે. 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ' એમ કહેલું છે. જેના જીવનમાં એવી સુસંવાદની - આંતરિક ચેતનપૂર્વકના સુસંવાદની - દૃષ્ટિ પ્રગટેલી છે એવો જીવ સમાજના કે કુદરતના હાર્દમાં પ્રગૂઢ રહેલા સુસંવાદને પારખી શકે.

## લેખકને સુસંવાદનો અનુભવ

આમ, સુસંવાદ અને સુમેળ જો ગૂઢપણે કુદરતના વાતાવરણમાં છે અને માનવીના જીવનમાં પણ છે, તો જો આપણે આપણી જાતને સાધક માનવાનું ઈચ્છતા હોઈએ તો જેમાં ને તેમાં સર્વ કોઈની સાથે, સુમેળ અને સુસંવાદ પ્રગટાવવાનો આપણો પ્રથમ ધર્મ છે. એવો સુંદર સુમેળ અને સુસંવાદ તથા એનું સૌંદર્ય જીવનમાં અનુભવાયેલું છે. એટલે પ્રભુકૃપાથી એનો ભક્ત બન્યો છું. એટલા માટે આપણાં બધાંના જીવનમાં એવો સુમેળ, સુસંવાદ પ્રગટે એવી મારી ખાએશ રહે છે. જીવનમાં સુસંવાદ છે એવો નિશ્ચયપૂર્વકનો જ્ઞાનાત્મક અનુભવ જ્યાં સુધી સાધકને પ્રગટતો નથી ત્યાં સુધી જીવનની અનેક પ્રકારની કસોટીમાં તે પૂરેપૂરી રીતે અણીશુદ્ધ, હાલી ઊઠ્યા વિના ઊતરી શકવાનો નથી. કસોટીના સમયમાં કે સંગ્રામમાં પોતામાં ક્યાં ક્યાં અને કેવું કેવું કાચાપોચાપણું છે, તે સમજવાનું મળે છે. સાધક એમ હારતો હારતો અને તેમાંથી ઊઠવાનો સાચો નિર્ણય પ્રગટાવતો પ્રગટાવતો આખરે તો ભગવાનની કૃપાથી જીતેલો બને છે. એ માટે અપાર અમર્યાદ ધીરજ કેળવવી રહી છે. અપાર સહનશીલતા, સહિષ્ણુતા રાખવાની રહે છે. ઉતાવળે આંબા પાકી

શકતા નથી. આમ થતાં થતાં અંતે તે સુસંવાદ અનુભવે છે.

---

હરિઃૐ ખાર, તા. ૧-૧૨-૧૯૪૨

(અનુષ્ટુપ)

પ્રેમનું દુઃખ ના લાગે, દેવાનો દુઃખ ત્યાં કશો
હેતુ એને ન હોયે છે, પ્રેમનો ભાવ ત્યાં ઊંડો.
એવો ભાવ સદાયે હું તત્પર ભેટવા હૃદે,
ગમે તે પ્રેમનું સૌ જે, સ્વીકારી ચાલવું પથે.
સ્વીકારતાં પથે તેવું શ્રેય ઉત્તમ જો વધે,
તેવી ભેટ મને વ્હાલી હૈયામાં લાગતી ખરે.
કોઈનાથી કશું દુઃખ થવાનું મુજને નથી,
દુઃખ તો થાય છે જ્યારે ફાલતાં સ્વજનો નથી.

## ભારે તપશ્ચર્યા પછી જ શક્તિ મળે

પ્રિય બહેન, તમારા તા. ૨૭-૧૧-૧૯૪૨ના પત્રમાં તમે લખો છો કે 'પત્ર વાંચી ઘણો આનંદ થયો. જે મારા મનમાં વિચારો આવતા હતા અને જેવું થતું હતું, તેનો તમે આબેહૂબ બધો ચિતાર આપ્યો છે.'

## આવું તો તમે કેટલીયે વાર સ્વીકાર્યું છે.

મારે બીજો કોઈ ધર્મ નથી. જીવનને ઊંચે પ્રગટાવવાનો ધર્મ છે. સ્વજનના વિચારના પડઘારૂપે પ્રભુકૃપાથી જે તે લખાય છે. પ્રત્યેક શરીરમાં પુરુષનો અંશ પણ છે અને સ્ત્રીનો અંશ પણ છે. અને તેવી તેવી દશાનો અનુભવ સાધકને તેની સાધનાના ઉચ્ચતર કક્ષામાં થયા વિના રહેતો નથી અને તેનાથી પણ તે પર જાય છે. આવું કંઈ એમ ને એમ બનતું નથી. યજ્ઞની વેદીમાં સકળ કંઈ હોમવાની તેની તત્પરતા અજબ અને અજોડ હોય છે. સોની, સોનારૂપાને ટીપીને એનો સુંદર આકાર બનાવે છે. તે ટીપવાનું કાર્ય આકાર ઘડવાને માટે છે. એવો

આકાર ઘડાવાનો પ્રસંગ હોય અથવા કામ હોય તે કાળે અને તેવી સ્થિતિ આપણી પ્રગટતાં આપણે તેને આવકારીને સ્વીકારી શકતાં નથી. તે આપણને ઘણું કઠે છે. એટલે એનો લાભ મળી શકતો નથી. જો જીવતર ઘડાય એમ કરવું હોય તો સંસારવહેવારના અનેક પ્રસંગો અને એવી તકો - જીવનના ઘડતર માટે છે એવા ટિપાયા કરવામાંથી ઘણું બધું સમજી લેવાનું હોય છે. જીવનનો યજ્ઞ કંઈ એમ ને એમ આચરી શકાવાનો નથી.

## આપણે તો સિંહ સમાન ગર્જવાનું છે

પરંતુ સાચેસાચી વાત તો એ છે કે આપણને બધાંને હરિના માર્ગની કશી લગની લાગી નથી. આ તો દેખાદેખીનું બધું ચાલે છે. બાકી તો આપણે કંઈ પામર નથી, કોઈ ભક્ત પોતાની જાતને પામર કહેતો હોય છે તો તે જ્ઞાનપૂર્વક તેમ કહે છે. આપણી વાણીમાં સચ્ચાઈનો તેવો રણકાર અને ઝણકાર નથી.

## અજાજૂથમાંહે, સમરથ ગાજે સહી !

એવું એક ભક્તે ગાયું છે, તે તદ્દન સાચું છે. આપણામાંના અજાજૂથ-માંહે આપણે અજાજૂથ જેવા નથી થઈ જવાનું, પરંતુ ત્યાં સિંહરૂપે પ્રવર્તવાનું છે. અજાજૂથ આગળ આપણે પામર બની જવાનું નથી. આપણી શક્તિ અનંત છે. માત્ર, એ શક્તિનું જ્ઞાન આપણને પ્રગટ્યું નથી, એટલે આપણા આવા હાલબેહાલ થયેલા છે. આપણે કેટકેટલા ભીરુ છીએ ! ક્યાંક યુદ્ધ આવ્યું, ક્યાંક મથામણ પ્રગટી, ક્યાંક અથડામણ થઈ, કે જાણે ઊભી પૂંછડીએ ભાગીએ છીએ. જીવનનો સાધક તો સંગ્રામમાં પ્રેમથી, શૌર્યથી ઝઝૂમે છે. એને તો જીવનમાં અનેક પ્રકારનાં યુદ્ધ પ્રગટે છે. એ લડતાં લડતાં ખતમ થઈ જવાની ઉમળકાથી પૂરેપૂરી તૈયારી સેવતો હોય છે. એ તો કહે છે કે કદાચ હારીશું તોયે જીતવા માટે છે.

## સત્કર્તવ્યથી તો લાભ જ થાય

તમારા વિચારના પડઘા પડે છે અને એના પ્રત્યુત્તરરૂપે લખાયેલી કવિતા કે કાગળો - એ ત્યાં સાક્ષીરૂપે છે. એટલે તમે તો નક્કર લાભ કરાવ્યો છે. એટલા માટે તમારો ઘણો હૃદયપૂર્વક આભાર માનવો જોઈએ. સત્પ્રેરણાથી પ્રેરાયેલાં કર્તવ્યમાં કદી કશું ગુમાવવાનું રહેતું નથી તો પછી તમને જો અમે દોષ દઈએ તો અમારા જેવા નરાધમ કોઈ ન હોઈ શકે. તમારા ઉપર નથી કશી ખીજ, નથી અણગમો કે રોષ, ઊલટો ભાવ વધ્યો છે.

## એક છીએ અને એક થઈએ

જગતમાં એક સિવાય કશું નથી. જ્યાં બીજું હોય જ નહિ ત્યાં બીજાને શું કહેવાનું હોય ? આપણે જો એક થવાપણું સ્વીકારીએ તો તે એકને જ કહેવાનું હોયને ? જુદાં છીએ એવો ભાવ જ કાઢી નાખવાનો છે. એક જ છો, એવી ભાવના કૃપા કરીને દૃઢાવવાનું કરો. જુદાં છો એવી ભાવના જ આપણને નડી રહેલી છે. એક છો અને એક થાઓ. પતિપત્ની સુખદુ:ખમાં એક હોય છે. એનાથીયે પરની સ્થિતિમાં પણ એક છે. બંનેએ એક થવાપણું હોય તો બંનેનાં જીવનઆદર્શ, કર્તવ્યો, મથામણો, ગૂંચ, મુશ્કેલીઓ, આનંદ, હર્ષઉમંગના પ્રસંગો વગેરે બધું પણ એક હોવું ઘટે. 'કૂતરું તાણે ગામ ભણી અને શિયાળ તાણે સીમ ભણી' એવું જો બને તો જીવનમાં એકતા કેમ કરી અનુભવી શકાય ?

## શ્રીભગવાનને આનંદથી સર્વસ્વ સોંપી દો

આપણે જે તે બધું શ્રીભગવાન ઉપર છોડવું. એને સોંપતા રહીને એવા સામર્થ્યની પ્રેરણાથી આપણે એના સાધન થઈને એને કામ કરવા દેવું. એમ કરતાં કરતાં અસ્તિત્વ સંપૂર્ણ મિટાવી દેવું. અનેક જન્મજન્માંતરનું કર્મ થોડાક દિવસમાં કંઈ થોડું નીપજી શકે ? પહેલાં તો જમીનમાં કાંટાઝાંખરાં સાફ કરીને વાળવાં પડે. પછી જમીનને ખેડવી

પડે. જમીનની આગળપાછળ વાડ કરવી પડે. પછી બી વાવીએ અને જો પ્રભુકૃપાનો વરસાદ વરસે તો કંઈક ઊગવા સંભવ રહે. ઊગે ત્યારે પણ એમાં બીજું ઘણું અનાજના છોડને વધવા ન દે, એવું ઊગ્યા કરે છે. એને કાળજી રાખીને નીંદી નાખવું પડે છે અને ઊગેલા છોડની અનેક રીતે ગોડ વગેરે વગેરે કરવાનું રહે છે. અનેક પ્રકારના જીવજંતુઓની પણ એની રક્ષા કરવાની રહે છે. જીવનમાં ભગવાનનો ભાવ એવું કર્મ કરવાને મથી રહેવા પ્રગટે છે. ત્યારે આપણે એનો ઉમળકાથી સત્કાર નથી કરી શકતાં, એટલું જ નહિ પરંતુ એને સમજી પણ નથી શકતાં. એ દિવ્ય હેતુની ગેડ પૂરી સમજપૂર્વક બેસતી પણ નથી, એનું જ મને દુઃખ ઘણું ઘણું રહ્યા કરે છે અને સાલે છે. ડૉક્ટરને નસ્તર મૂકવાનું હોય છે ત્યારે સામાને દુઃખ થશે, એની તે થોડી જ કંઈ ચિંતા કરતો હોય છે ?

## આપણું જ સંભાળો

આપણી સાથે કોઈ અયોગ્યપણે વર્તશે તો એનું ફળ એને મળવાનું છે, પરંતુ આપણે યોગ્ય રીતે વર્તીશું તો તેમાં આપણું કંઈ ખોટું થઈ જવાનું નથી. આપણે આપણું કામ કરી ચૂકવાનું છે. જીવનમાં જે પોતાનું જ લક્ષ રાખ્યા કરે છે અને બીજો કશો વિચાર કરતો નથી, એના જેવું સુખી જગતમાં બીજું કોઈ નથી.

## સ્વસુધારણા માટે જાત ઉપર નિર્દયતા

અમારી જાત ઉપર અમે શું નિર્દય નથી થયા ? જેણે સંગ્રામ ખેલવો છે, જીત મેળવવી છે, એણે તો યાહોમ કરી ઝુકાવીને ઝંપલાવવું પડે છે. ત્યારે શું જાત એની સામે પોકાર ઉઠાવે છે ખરી કે ? અમારામાંનું અમારું જ્યારે જ્યારે ગેરસમજૂતમાં પ્રગટવા કર્યા કરતું હતું ત્યારે ત્યારે એને ઠેકાણે લાવવાને કેટકેટલું નિર્દય થઈને અમારે તેની સાથે વર્તવું પડ્યું હશે ? એનો ખ્યાલ સાધનાપંથનો જે અનુભવી સાધક હોય તેને આવી શકે.

સ્વજનને અમે અમારી જાત ગણીએ છીએ. વારવાનું, વાળવાનું કર્મ અમારે માથે પ્રભુકૃપાથી આવેલું છે. એટલે એની જ્યાં સુધીની મર્યાદા હોય ત્યાં સુધી અમારે જવું પડે છે, તેમ છતાં કંઈ નહિ થતું લાગે ત્યારે એને ભગવાન છોડી દેવડાવશે તો આનંદથી મૂકી દઈશું.

## સદ્‌ગુરુને વહાલી ગુરુદક્ષિણા

જીવનવિકાસ માર્ગે સાચી રીતે, સાચી ભાવનાથી, મર્દાનગીથી, હૃદયના ઉમળકાથી, જે જીવ એક ડગલું પણ માંડે છે તેનું તે કાર્ય અમને ભેટરૂપ છે. તેવી દક્ષિણા અમને જીવનમાં ઘણી ઘણી વહાલી છે. આ કંઈ આલંકારિક ભાષામાં લખ્યું નથી. અમારે મન તે સાચી હકીકત છે.

## ભગવાનની કૃપા સામે આપણો બળવો

સંપૂર્ણ જીવપણામાં આપણે બધાં પડી રહીએ અને પછી બૂમ મારીએ કે 'અમે તમને વહાલાં નથી ! અમારા ઉપર તમારો સાચો ભાવ નથી.' એવી તમારી બાંગ તદ્દન અર્થ વિનાની લાગે છે. પોતે પોતાનું પૂરેપૂરું જોવું નથી અને દોષ બીજાના ઉપર ઢોળવાની જીવની જે ટેવ છે, તે જ્ઞાનમાર્ગને પ્રેરક નથી. સાધક કશાથી લેવાઈ જતો નથી. સ્વભાવ તો આપણને એની રીતે દોરવવાનો છે. એ પ્રમાણે થયા કરીશું તો તો આપણો સ્વભાવ વધારે ને વધારે દૃઢપણે પોતાની સત્તા જમાવતો રહેવાનો છે. આપણે તો રાજા બનવું છે કે ગુલામ ? આપણી પ્રકૃતિ જો જડતાવાળી, તામસિક અને આળસુ હોય તો આપણે એનાથી વિરોધી એવાં કર્મમાં મુકાઈ જઈને એક પળ પણ ગુમાવ્યા વિના સતત એકધારા તેમાં ઉમંગથી પરોવાઈ જવું ઘટે. તો જ આપણી પ્રકૃતિ સાચી રીતે ઘડાઈ શકાવાની છે. એવા એવા પ્રસંગમાં ભગવાનની કૃપા આપણને મૂકે છે તો ખરી, પણ ત્યારે આપણે રાચવાનું મૂકીને બળવો જગાડીએ છીએ ! એવી આપણાં બધાંની ખૂબી છે.

## સાધકને બીજા નથી સમજતાં

બીજાને કોઈ આમ તો બરાબર ઓળખી શકતું નથી. સાધનામાં યોગ્ય પ્રવેશ થવાથી પ્રકૃતિનાં મૂળ સમજી શકાય છે. એનાથી હઠવાપણું થતાં અથવા તો પ્રકૃતિ કે સ્વભાવની પકડમાંથી મુક્ત થતા જવાની ક્રિયામાં સાધક જ્યારે હોય છે ત્યારે બીજાઓને એની સમજણ પડતી નથી. તે સાધકના એવા વર્તનથી કરી કોઈક બિચારું દુઃખી રહ્યા કરે છે.

## સ્વજને કરેલી આકરી કસોટી

કોઈક સ્વજને બુદ્ધિથી આ જીવને નાણી જોવામાં બાકી રાખ્યું નથી. કોઈક સ્વજનની ઝીણવટ તથા ચોકસાઈ, વ્યવસ્થા અને કાળજીની પ્રકૃતિએ આ જીવને ચકાસવામાં બાકી રાખ્યું નથી. તે માટે હું ભગવાનનો ઘણો ઘણો ઋણી છું.

## આપણી જીત જ થશે

બીજાઓ સમજે કે ન સમજે એને આપણી સાથે કશી નિસ્બત નથી. આપણે જો આપણું સાચવ્યા કરીશું, આપણને યોગ્ય રીતે સમજ્યા કરીશું, આપણો પોતાનો ધર્મ યથાયોગ્યપણે સદ્‌ભાવથી અને પ્રેમથી આચર્યા કરીશું, ભેદમાત્રને ટાળવાને આપણો જીવતોજાગતો અને પ્રામાણિક પ્રયત્ન રહ્યા કરતો હશે તો જરૂર પ્રભુકૃપાથી આપણી જીત થવાની છે. જે સ્વજન મળેલાં છે, તેમાંનું કોઈ મારી 'હા એ હા' કરનારું નથી. એટલે મારી દૃષ્ટિ પ્રમાણે જ કે કહ્યા પ્રમાણે જ જે તે બધાં તેમ કરે છે, તેવી હકીકત એ તદ્દન પાયા વિનાની છે. જો અમારા બધાંની વચ્ચે હૃદયનો પ્રેમ અને તેનો તાર સંધાઈ જાય તો તો તેવા પ્રેમમાં એકતા છે, અભેદ છે, એ એકપણું જ છે. કિંતુ 'વો દિન કહાં ?'

હરિઃૐ　　　　　ખાર, તા.૨-૧૨-૧૯૪૨

## ભગવાનના ભાવની શક્તિ

**પ્રિય બહેન !**

જત, તમે પૂજ્ય માતાજી★ સાથે જોડાવાના જે વિચારો કરેલા, તેમાં આપણી જાતનું જે પૃથક્કરણ કરવું જોઈએ, તે તમે પૂરું કર્યું નથી. તે શક્તિ શું સ્વભાવને જીત્યા વિના આપણને સ્પર્શ કરી શકશે ખરી કે ? સ્વભાવ કે પ્રકૃતિને સંયમમાં પ્રગટાવવાનું સાધના માર્ગનું તો તે પ્રથમ કર્મ છે. ત્યાં પણ આપણી ઇંદ્રિયોના રસ, મન, બુદ્ધિ, પ્રાણ અને અહમ્ - એનાથી બનેલા સ્વભાવની ઉપરવટ થવાપણું રહેલું છે. માતાજીને બધાં જ ભક્તિભાવે રોજ ને રોજ દરેક સાધક પોતાની પ્રણામાંજલિ અર્પે છે, એ જ શું બતાવે છે ? કે ભગવાનના ભાવને પુરુષ કે સ્ત્રી એવી જાતિની મર્યાદા નથી, એને નથી કાળ કે નથી સંજોગો. એને કોઈ પરિસ્થિતિ નથી. જે શક્તિ એમનામાં પ્રવર્તે છે, તે શક્તિ બીજા સંત-મહાત્માઓને પણ પ્રેરી રહેલી છે. એવી શક્તિમાં કક્ષા હોય છે, તે વાત સાચી, પરંતુ તેમાં ચેતન પરત્વે ભેદ નથી. સાધનાની ઉચ્ચતર ભૂમિકામાં પ્રવેશતાં પ્રવેશતાં એક એવી સ્થિતિ પ્રગટે છે કે જે પછી શક્તિની કક્ષા રહે છે, પરંતુ તે શક્તિના ચેતનમાં કશો ફરક હોતો નથી. સાધનાની ઉચ્ચતર અને ઉત્તરોત્તર ભૂમિકાઓમાંથી પસાર થતાં થતાં એવી સ્થિતિ પ્રગટે છે કે જ્યારે જીવાત્મા દ્વંદ્વાતીત, ગુણાતીત બને છે. એવો આત્મા આપણને પલટાવવાને સમર્થ હોય છે.

## બધે એક જ ભાવ

જો ત્યાં જવાનું હોય તો ત્યાં પણ તેમનામાં પ્રેમભાવથી એકરસ થઈ જવાપણું રહે છે. ત્યાં પણ સર્વ પ્રકારનું જ્ઞાનભક્તિપૂર્વકનું સમર્પણ કરી

---

★ પોંડિચેરી આશ્રમનાં

દેવાનું હોય છે. વળી, ત્યાં પતિપત્નીને સાથે રહેવાનું તો હોતું નથી. છૈયાંછોકરાંને પણ સાથે રાખવાનાં હોતાં નથી.★ ત્યાં પણ આપણા મનનું કહ્યું કરવાનું હોતું નથી. તેમ જ આપણા સ્વભાવ પ્રમાણે વર્તવાનું હોતું નથી. ઇંદ્રિયોના રસમાં ક્યાંયે ફસાઈ જવાનું હોતું નથી. એમની પાસે જવાનું હોત તોપણ ઉપરના નિર્ણય ઉપર આપણે આવવાનું બન્યું હોત. ત્યાંના જે પુરુષ સાધકો છે, તે જો એવો સ્ત્રી કે કશાનો ભેદ મનમાં રાખતા હોત તો માતાજીને શરણે કેમ કરીને ગયા હોત ?

## ભારતની માતાઓની જીવંત સંસ્કૃતિ

આજે પણ ભારતવર્ષમાં ગૃહસ્થાશ્રમમાં કામ કરતી હોવા છતાં એવી સંપૂર્ણ સાત્ત્વિક બહેનો હશે, કે જેના આગળ આપણું મસ્તક ઉન્નતભાવે ભક્તિપૂર્વક નમ્યા કરે. એવી માતાઓને લીધે તો આજે ભારતવર્ષ જીવતું છે. એવી માતાઓ જીવતી ન હોત, હયાતીમાં ન હોત તો આટલા પ્રાણ, આટલી ચેતના, આટલું બળ આવા હતભાગી અને મૃતપ્રાયઃ જણાતા આપણા માનવી સમુદાયમાં ક્યાંથી હોઈ શકત ? એ પ્રતાપ અને પ્રભાવ તો એવી માતાઓની જીવંત સંસ્કૃતિને આધારે છે.

## ‘ઊંઘ તને કેમ આવે ?’

ભગવાને આપણને એ રસ્તે પ્રયાણ કરવાનું સુઝાડ્યું છે. આપણે એવા થવું છે કે પછી અળશિયાંના જેવું, માત્ર કાદવમાં રગદોળાતું જીવન ગાળી જીવતરને એળે ગુમાવી દેવું છે ? એ પ્રશ્ન આપણી આંખ આગળ સતત નજરે તરતો પ્રગટ્યા કરવો જોઈએ. જેને એવો પ્રશ્ન મનમાં સાલ્યા કરે છે, એને તો સુખે નીંદર પણ કેમ આવે ?

---

★ એ વખતે, પોતાનાં બાળકોને સાથે રાખવાની સાધકોને છૂટ ન હતી.

## મહાશક્તિની મદદની શરતો

આપણે ગમે એને માનીએ, તેની મને ચિંતા નથી. કિંતુ એનેય માનવાપણું થતાં અને તે પ્રમાણે વર્તવાનું બનતાં મૂળભૂત હકીકતરૂપે આપણામાં સાચું જે મંથન જાગવું જોઈએ, અને જો એનો જ અભાવ હોય, એનો વાસ્તવિકતાનો પૂરો ખ્યાલ જો ન બેસતો હોય તો તેવું કોઈ આપણને કશો ફાયદો કે લાભ મેળવી આપી શકવાનું નથી, તે વાત પણ નિશ્ચિત છે. જેના મનમાં એવો પ્રશ્ન નથી ઉદ્ભવતો, એવા તો ગતાનુગતિક લોકની જેમ તે શક્તિના આધારના માત્ર ખાલી ખોળિયાનાં દર્શન કરીને ખાલી ખાલી પોતાને ધન્ય માન્યા કરશે. પોતાના હૃદયના ઉમળકાથી પોતાને પલટાવવા માગે છે, એમાં જેને ખંત, ઉત્સાહ, અદમ્ય પુરુષાર્થ કરવાની ઝંખના જાગેલી છે, એવાને તે મહા ચેતનાશક્તિ મદદ, પ્રેરણા, સાથ આપ્યા કરે છે. એવા પ્રકારની હૃદયની ઝંખના જેને જાગે છે, તે બીજાનું કશું વિચારતો હોતો નથી. 'બીજા' શું કરે છે, એનો ખ્યાલ તે પોતાના મનમાં કદી ઠરવા દેશે નહિ.

## વૈજ્ઞાનિકોનો દાખલો

વિજ્ઞાનની ભારે શોધ કરનારા પોતાની શોધમાં એટલા તો મશગૂલ થઈ ગયેલા હોય છે કે બીજી બાબતનું એમને ભાન પણ રહેતું નથી. પેલી શોધના ખ્યાલ સિવાય બીજું કશું જાણે અસ્તિત્વ જ ન ધરાવતું હોય, એવું એમનું મન-જગત બની રહે છે. ત્યારે જ તેઓ એવી શોધ કરી શક્યા છે.

## પ્રાકૃતિક ધર્મો ત્યજ્યા પછી જ શરણાગતિ પ્રગટવા માંડે

આ માર્ગમાં જેણે પડવાનું છે, એણે પોતાની પ્રકૃતિ, પોતાનો સ્વભાવ, પોતાની ટેવો, સમજણો, અનેક પ્રકારની મડાગાંઠો અને આ

ઉપરાંત, આંતરિક કરણોના પ્રાકૃતિક ધર્મોને સમજી સમજીને હૃદયના ઉમળકાથી પોતાના જ્ઞાનના વિકાસના હેતુથી મૂકતા જવાનું છે. એટલે કે છોડવાનાં છે અને આ બધું ત્યાં પણ કરવાનું રહે છે. જો ત્યાંના સાધકો એમ માનતા હોય કે અમે તો માને શરણે ગયા છીએ અને મા બધું અમારે માટે કરશે તો તે મિથ્યા હકીકત છે. 'શરણે ગયા છીએ' એવું માત્ર બોલવાથી 'શરણે' જઈ શકાયું હોતું નથી.

'सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं ब्रज' - (મનાદિકરણોના પ્રાકૃતિક) બધા પ્રકારના ધર્મોથી સંપૂર્ણપણે મુક્તિ મેળવાઈ હોય છે, ત્યારે હજી તો શરણાગતિની દશા પ્રગટવાની શરૂઆત થતી હોય છે.

## મક્કમતા અને હૃદયની એકતા જોઈશે જ

આ હકીકતનો ખ્યાલ ત્યાંના સાધકોને નહિ હોય એમ હું માનતો નથી. જે શક્તિને આપણે શરણે જવાનું છે, તે શક્તિ પરત્વેનાં શ્રદ્ધા, વિશ્વાસ, પ્રેમ, ભક્તિ વગેરે હૃદયપૂર્વકનાં સંપૂર્ણપણે આપણામાં પ્રગટવાં જોઈશે. આપણો તેવો આધાર થયો હોય તો જ તેમનાં વચન આપણા ગળે ઊતરી શકે છે અથવા તો તેમની શક્તિ આપણામાં કામ કરી શકે છે. તેમની શક્તિને કામ કરવાને માટે આપણામાં સંપૂર્ણ મુલાયમતા પ્રગટી હોય, એવી ભૂમિકા આપણે રચાવી આપવી પડશે. સંસારવહેવારમાં પણ જેના પરત્વે આપણને માન, આદર અને ઘણો પ્રેમ હોય છે, તેનું વચન માનવાને આપણે તત્પર હોઈએ છીએ. આ હકીકત અનુભવથી સમજાય તેવી છે. એટલે કોઈનું કહેલું આપણે આપણામાં યોગ્ય રીતે પ્રગટાવવું હોય તો તેનામાં હૃદયપૂર્વકની એકતા પ્રગટે તો જ તેમ બની શકે. ત્યાં જઈને પણ આપણે ઉપર પ્રમાણે વર્તવાનું હોય.

## છતાં જવું હોય તો ખુશીથી જાઓ

જો અહીં તેમ વર્તી નથી શકાતું તો ત્યાં કેવી રીતે વર્તી શકાવાનું છે? તેનો ખ્યાલ કરજો. તેથી ત્યાં ન જાઓ, એવું મારું કહેવું નથી. ત્યાં જવાથી કલ્યાણ થતું હોય તો જરૂર જાઓ. મારે તો કશો ભેદ નથી. સાધનાની અમુક ઉચ્ચતર કક્ષાઓ વટાવ્યા પછી નામરૂપનો લય થઈ જતો હોય છે.

## સાધકનો સ્વજન પ્રતિ ધર્મ

ધર્મને માર્ગે પ્રયાણ કરતી વ્યક્તિ સદાય પોતે યોગ્ય વર્ત્યા કરવામાં પોતાનો ધર્મ સમજે છે. બીજી વ્યક્તિ જો પોતાનું જ અંગ હશે તો એને એવા ઊર્ધ્વગામી જવાપણામાં જરૂર મદદ કરશે. કોઈક સ્ખલન, દોષ એ જરૂર બતાવશે ખરો, અને એ એનો ધર્મ પણ હોય. આવું પરસ્પરનું પરસ્પર પરત્વે હોય તે પણ યોગ્ય છે. કિંતુ તેવો ધર્મ બજાવવા જતાં પોતાનું કેંદ્ર તો સતત પોતામાં જ રાખ્યા કરીને તેમ કર્યા કરવું ઘટે. પોતાના કેંદ્રની ધરી ઉપરથી ખસી જઈને જો તેવું કોઈ કરવા જાય તો એ પોતાના વિશેનો ધર્મ પણ ચૂકે અને જે પોતાનો ધર્મ ચૂકે છે, તે બીજા પરત્વેનો પોતાનો ધર્મ યથાર્થ રીતે બજાવી પણ કેમ શકે ? એવી રીતે બજાવાયેલ ધર્મમાં યથાયોગ્યપણું, સર્વસ્વાભાવિકતા અને યોગ્ય સરળતા ન પ્રગટી શકે.

## શ્રીઅરવિંદના પત્રો વાંચો

શ્રીઅરવિંદે તેમની પત્નીને લખેલા કાગળો તમે વાંચ્યા છે ? તેમાં તેઓશ્રી તેમને શું સૂચવે છે? જેને કંઈ છોડવાનું હોય એણે જ કંઈ કરવાનું હોયને? તે કાગળો તમે ફરી ફરી વાંચી જજો. તો આપણને આ દિશાનું સાચું જ્ઞાન પ્રગટશે.

## પોંડિચેરીમાં લીલાલહેર નથી

પોંડિચેરીમાં બધી લીલાલહેર છે અને ત્યાં મન ફાવે તેમ વર્તી શકાય છે, એમ માનવામાં નર્યું અજ્ઞાન રહેલું છે. 'ત્યાં નરી સરળતા છે, અને જેમ જીવવું હોય તેમ જીવી શકાય છે.' એવી સમજણ હોય તો તે પણ ખોટું છે. ત્યાંના સાધકો આમતેમ ફરતા ભલે દેખાતા હોય, પરંતુ જો તેમને સાચેસાચી જીવનની સાધના કરવાની હોય તો તેમણે પણ તેમની પ્રકૃતિ પ્રમાણે વર્તવાનું છોડી દેવું પડશે. જેવી પ્રકૃતિ અને જેવો સ્વભાવ છે, તેનું યથાયોગ્ય જ્ઞાન પહેલાં તો તેમને પ્રગટવું જોઈશે. તે તે પ્રકારનું જ્ઞાન મેળવીને તેવાં તેવાં વિચાર, વૃત્તિ, વલણ, લાગણી વગેરે ઊઠે, તે તે પળે પ્રચંડ જાગૃતિથી પ્રેરાઈને તે તે બધું પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક સમર્પણ કર્યા કરવાનું છે. સમર્પણનો હેતુ પ્રકૃતિ અને સ્વભાવને પલટાવવાનો છે. આવું બધું તો ત્યાં પણ કરવાનું છે. ત્યાં જઈશું તો અમનચમન છે, એ ખ્યાલ છોડી દેજો. ત્યાં પણ તપ છે, ભક્તિ છે, કર્મયોગ છે અને પળેપળનો સમર્પણયજ્ઞ છે. આવી મારી સમજણ છે.

## સદ્‌ગુરુનો નિરપેક્ષ પ્રેમ

મળેલાં સ્વજનોની પ્રકૃતિનું સભાનપણે જ્ઞાન થયા કરવા માટે જે તે બધું થયા કરે છે, એમાંથી જો હું ન શીખી લઉં તો મારા જેવો બીજો કોણ મૂર્ખો હોઈ શકે ? એટલે જેના તેના સંસર્ગથી તે તે પોતાનાં દર્શન કરાવી રહેલું છે, એવો વાસ્તવિક અનુભવ થાય છે. એવી એની મહત્તા છે. ભલે આ જીવ કોઈને ગમે કે ન ગમે. એનો મને કશો વાંધો નથી. મારી એમના પરત્વેની ભાવના તો કશા ઉપર અવલંબિત થયેલી નથી. એટલે એ તો અખંડ રહેવાની છે.

## સ્વજન-સાધકો પોતાને શોધે

પરંતુ જે બધાં સ્વજનો પોતાના જીવનવિકાસના હેતુથી વણઆમંત્રેલાં આવેલાં છે, તેમનો ધર્મ તેમણે વિચારવાનો રહે છે. તેઓ પોતામાં કેટલી પ્રામાણિકતા છે, કેટલી વફાદારી છે, કેટલી નેકદિલી છે, કેટલી શુભનિષ્ઠા છે, તે તે બધું તેમણે અંતરમાં ડોકિયું કરી કરીને તપાસવું ઘટે. વિના વાંકે, વિના દોષે, અકારણ કેટકેટલો વિરોધ આ જીવ પરત્વે છે. તેનો કોણ વિચાર કરે છે ? આ માર્ગને અનુકૂળ વર્તન પ્રગટતું ન જોઈ શકાય અને તે જો યોગ્યપણામાં ચીંધવાનું થાય તો જીવને કેમ ખટકે છે અને સારા ભાવમાં અને સારા અર્થમાં તે કેમ સ્વીકારાતું નથી, એ પ્રત્યેકે પોતાને પૂછવું જોઈએ.

## અંતરની ભૂખ ઊઘડશે ત્યારે સમજાશે

મને શૂળીએ ચડાવો એમાં મને વાંધો નથી. જગત તો તેમ જ કરતું આવ્યું છે, પરંતુ પહેલાં જે પોતે શૂળીએ ચડીને બીજાને ચડાવે છે, તેવાનું તો તેવું હું હૃદયના ઉમળકાથી સ્વીકારી લઉં, પરંતુ તમારું હું કેમ કરીને સ્વીકારી લઉં ? જેમ જેમ સારી રીતે સમજવાની અંતરની ભૂખ ઊઘડે છે, તેમ તેમ તે વિશે સમજ ઊંડી ઊતરે છે. તે વિના તો બધું ઉપર ઉપરથી પસાર થઈ જવાનું છે. ભૂખ વિના કશી મઝા આવતી નથી. એ તો જાણીતી હકીકત છે.

## ઊંચી કક્ષાનો અદ્ભુત આનંદ

જે સંપૂર્ણ નમ્રમાં નમ્ર બનતો જાય છે, તેનામાં જ્ઞાન જન્મી શકે છે. જે હળવામાં હળવો બધી રીતે બને છે, એ ઊંચામાં ઊંચો જઈ શકે છે. જીવનમાં ઊંચે ઊડવામાં જે આનંદ પ્રગટે છે, તે અધોગામી જીવનની મઝા કરતાં ઘણો ઘણો વધુ કાળ ટકનારો આનંદ છે. બંનેની સરખામણી જ શક્ય નથી, ઊંચી કક્ષાની મઝામાં ઊંચેનીચે પછડાવાપણું ક્યાંયે રહેતું

નથી. એમાં સ્થિરતા છે, અગાધપણું છે. એવા આનંદની સ્થિરતામાં ઊંડાણ, મર્યાદા, વિસ્તાર, અતુલપણું, અમાપ એ બધું વધતું જાય છે, તે હકીકત જુદી છે. અને આવું જેમ જેમ વધતું જાય છે તેમ તેમ સાત્ત્વિક ગુણની કક્ષામાં પ્રવેશીને તેમાં નિષ્ઠા અનુભવીને જીવનનો તાગ મેળવી શકવાની શક્યતામાં સાધક પ્રવેશે છે. એવાના આત્મસંતોષનો પાર નથી. એના આનંદની ઝલક ચારે દિશાઓમાં ઊભરાય છે, ગગન ગગનમાં છવાઈ રહે છે.

## નીચી કક્ષાની ચાલ

હવે, એની વિરુદ્ધનું પાસું. એની સંતોષ મેળવવાની લોલુપતામાં એક વિષયની તૃષ્ણામાંથી બીજા વિષયમાં ગયા કરવાનું તે દિલ કર્યા કરે છે. ઘડીમાં આમાં તે સુખ-સંતોષ માને છે તો ઘડીમાં તે બીજા તરફ ઢળતો રહે છે. આમ, એના સુખની કલ્પના બદલાતી રહે છે. કંઈ કશામાં એનું દિલ ઠરતું નથી. એની ભ્રમણા વધ્યા કરે છે. કોઈના ઉપર વિશ્વાસ પણ એ ઠેરવી શકતો નથી.

## મન-ઇંદ્રિયોનાં કલ્પિત સુખ

આમ ખરું જોતાં તો પ્રત્યેક માનવીની સુખ મેળવવાની ભૂખ એ પણ આત્માના સ્વભાવનું એક લક્ષણ છે, પરંતુ તે જેના દ્વારા વ્યક્ત થતો હોય છે એના પાસથી એનું તે મુજબનું પ્રતિબિંબ હોય છે, એટલું જ. જેમ સૂર્યનું તેજ લીલા કાચમાંથી જોઈએ તો લીલાશ પડતું લાગે, પરંતુ તેથી તે તેવું જ છે એમ કંઈ થોડું જ માની લેવાનું હોય છે ? એવી રીતે આપણે માત્ર ઇંદ્રિયોની લોલુપતા અને મનના આપણા કલ્પિત વ્યાપારની કલ્પના પ્રમાણે જે તે બધું સુખ અનુભવતાં હોઈએ તે એની ખરેખરી તેવી વાસ્તવિકતામાં છે એમ માની લેવાનું રાખીએ તો આપણે ભીંત ભૂલીશું. તે સુખ જેવું લાગે છે, તે ઇંદ્રિયોના તેવા તેવા પ્રકારના ધર્મને લીધે. એટલે આપણે મનાદિકરણ અને ઇંદ્રિયોના તેવા

તેવા પ્રાકૃતિક ધર્મને સાચું અંતરનું સુખ મેળવવાને પલટાવવાના રહે છે.

## અંતર્મુખતામાંથી સહજ પુરુષાર્થ અને સ્વશક્તિનું જ્ઞાન

આપણી ઇંદ્રિયો, વૃત્તિઓ, મનાદિકરણ વગેરેને જેમ જેમ જાગ્રતપણે સમજવાને મથ્યા કરીશું તેમ તેમ આપણને આપણું સ્વરૂપ કેવું છે, તે સમજાયા વિના રહેવાનું નથી. જેને ઈશ્વરાભિમુખ થવાની ઊંડી ભૂખ જાગેલી છે, એવાથી પછી એ તરફ થવાવાને પુરુષાર્થ થયા વિના રહી શકવાનો નથી, તે નિશ્ચે જાણજો. સાધક પોતે અનંત શક્તિનું અંગ છે અને સર્વ કંઈની ઉપર થઈ શકવાને સમર્થ છે, એવું ભાન એને પ્રગટવું જોઈએ. જેમ જેમ મનના થરોને સમજી સમજીને - ઘઉંમાંથી જેમ કાંકરા કાઢી નાખીએ છીએ તેમ - એની ઉપરવટ થવાયા જવાશે, જેમ જેમ સાધકને એની શક્તિનું જ્ઞાનભાન અનુભવમાં તાદશ્યપણે પ્રગટતું જાય છે તેમ તેમ એનો આત્મવિશ્વાસ વધતો જ જાય છે. એનાં શ્રદ્ધાવિશ્વાસ અનંતગણાં વધી જાય છે.

## પ્રભુભાવની રહસ્યમય હકીકત

એવાને પછી પાછા હઠવાપણું ક્યાંયે રહેતું નથી. એવાને તો જે જે મુશ્કેલીઓ આવશે, તેનો સામનો કર્યે જવાથી એનામાં અનંત પ્રકારનું બળ છે એવો એને અનુભવ થયા કરે છે. આમ, એવી જુદી જુદી કક્ષાની જુદા જુદા પ્રકારની મુશ્કેલીઓ અંતરનું જ્ઞાન દર્શાવનારી થઈ પડતી હોવાથી એવી મુશ્કેલીઓને એ ભગવાનની પરમ કૃપા સમજે છે. આમ, સાધકને જ્યારે જીવંતપણે આવો અનુભવ થયા કરે છે ત્યારે કશાથી નિરાશ પણ તે થતો નથી કે હતાશ પણ થતો નથી. જે તે બધાંમાં એને તો શ્રીપ્રભુ તરફ ખેંચાવાનો રસ મળ્યા કરે છે, જે તે બધાંમાંથી એને પોતાને ખપનો ખોરાક મળતો રહે છે, પોતામાં તે પોતાની પ્રતીતિ પ્રગટાવતો રહે છે. એટલે જ તો જે તે

કંઈ એને આવી મળેલું હોય, એની રહસ્યપૂર્ણ ઘટનાઓની આગળ ઉકેલતું રહે છે. એવી ભગવાનના ભાવની તે પરમ રહસ્યમય હકીકત અને વાસ્તવિકતા છે.

હરિઃૐ ખાર, તા. ૩-૧૨-૧૯૪૨

## સદ્‌ગુરુને ભારે કસોટીમાં આનંદ

પ્રભુ મારી પરીક્ષા કરાવી રહેલો છે, એવું તાદૃશ્યપણે ભાન આ બધા દિવસોમાં રહ્યા કરેલું છે. ઘણી ઘણી ખેંચ અને તાણ વેઠવી પડે, એવું એવું આનંદથી સહેવાતું જાય છે, એ એની પરમ કૃપા છે. જગતમાં મોટા થવું સહેલું નથી. જેને પોતાનો ધર્મ એવો ત્યાં સૂઝયો છે, અને તે પ્રમાણે સહૃદયતાથી ભાવના રાખ્યા કરીને અડગપણે (સામા જીવનું પોતા વિશે અન્યથાપણું પૂરેપૂરું હોવા અને જાણવા છતાં) જેણે નિર્ધાર કરેલો છે અને ત્યાં એવા સૂક્ષ્મ ભાગ ઉપર જે તંત ચાલ્યા કરતો હોય છે, એની તાણ તો તેવા કોઈ અનુભવીને જ સમજણ પડે. મારે ભાગ્યે તો જ્યાં ત્યાં એવું જ આવે છે. મને તો એ આનંદની વાત છે.

### અથડામણના લાભ

આનંદનું કારણ એ છે કે અંતરમાં વસી ગયું છે કે અથડામણ વિના અગ્નિ પ્રગટી શકતો નથી. અથડામણ, ઘર્ષણ વિના વીજળી ઉત્પન્ન થતી નથી. ટિપાયા વિના આકાર ઘડાતો નથી. જે કંઈ પ્રાપ્ત થાય છે, તે પણ અથડામણ વિના મળી શકતું નથી. એટલે જીવનમાં અથડામણને સ્થાન છે. તેનું હેતુપૂર્વકનું ભાન કેળવીને સમજીએ તો તેવી આવેલી અથડામણ એનો પાઠ આપણને સમજાવી શકે છે અને જો તેથી આપણે જીવનનું યોગ્ય ઘડતર નિપજાવી શકીએ તો તેવી મળેલી તક સાર્થક થયેલી ગણાય.

હરિઃૐ ખાર, તા. ૪-૧૨-૧૯૪૨

## મૈત્રી, કરુણા, મુદિતા અને નિઃસ્પૃહતા

મૈત્રીની ભાવના જેમ જેમ વિસ્તારને પામે છે તેમ તેમ સ્પર્ધાની લાગણી ઓસરવા માંડે છે. કરુણા જેમ જેમ જ્ઞાનપૂર્વક કેળવાતી જાય છે અને જેમ જેમ એનો વિસ્તાર વધે છે તેમ તેમ અહંકારનો લય થતો જતો અનુભવાય છે. સર્વ પ્રકારની પ્રસન્નતાનો (મુદિતાનો) ઉદય થતાં અદેખાઈનો નાશ થતો જાય છે. નિઃસ્પૃહતાથી ક્ષોભ, ક્લેશ, મોહ, મમતા આદિનો લય થવા માંડે છે. એટલે સાધકે જીવપ્રકારની પ્રકૃતિની લઢણોને કાઢવા માટે તેના ઉપર જોસ ન દેતાં કે મહત્ત્વ ન દેતાં મૈત્રી, કરુણા, પ્રસન્નતા, નિઃસ્પૃહતા એવી સાત્ત્વિક ભાવનાઓને કેળવવામાં જાગૃતિ રાખી રાખીને જ્ઞાનપૂર્વક મથ્યા કરવું જોઈએ.

## 'ભાવના'નો 'પુટ' આપો

આવા પ્રકારની ભાવના પ્રગટશે તો જ યોગ્ય પ્રકારની માત્રા બનવાની છે. આયુર્વેદમાં પણ માત્રા બનાવવાને માટે 'ભાવના'નો 'પુટ' આપવામાં આવે છે. આ હકીકત તમે બધાં જાણતા હશો. આપણે પણ જીવની જીવ પ્રકૃતિને ઊર્ધ્વ કરવાને જ્ઞાનપૂર્વક ભાવનાના પુટ આપવાના છે. તેવી તેવી ભાવના પ્રગટ્યા વિના જીવપણું ટળવું સહેલું નથી.

નિંદા, અતિ નિદ્રા અને લોકવાર્તા સાધકના જીવને બાધક છે અને તે આપણે જ્ઞાનપૂર્વક ટાળવી ઘટે. આ ત્રણમાં જો આપણું દિલ જતું અનુભવાય તો સમજી લેવું કે આપણામાં હજી સાધનાની યોગ્યતા પૂરી પ્રગટેલી નથી.

## અંતઃકરણ અરીસા અને સમુદ્ર જેવું થવું જોઈશે

સાધકનું અંતઃકરણ સ્ફટિક જેવું આરપારદર્શક બની જવું જોઈશે. આપણે આપણા અંતઃકરણને એવું જ્ઞાનપૂર્વક પ્રગટાવી દેવાનું રહે છે કે, જેમ અરીસામાં ડુંગર દેખાય તો ડુંગરના ભારથી તે તૂટી જતો નથી, અરીસામાં પાણી દેખાય તો પાણીની ભીનાશથી તે પલળતો નથી, તેવી રીતે આપણું અંતઃકરણ જ્ઞાનપૂર્વકનું સમુદ્ર જેવું પ્રગટી ગયેલું હોવું

જોઈશે. એ સમુદ્રમાં જેમ નદીઓ ઠલવાતી જાય છે તેમ છતાં તે વધતો પણ નથી અને ઘટતો પણ નથી, અને એમાં જે અનેક પ્રકારનો કચરો તણાઈને આવે છે, તેને તે કિનારે ફેંકી દે છે, તેવી રીતે પ્રભુકૃપાથી સાધનાની તેવી કક્ષા પ્રગટતાં, કામાદિનું સ્ફુરણ થતાં તે એમનો એમ અચળ રહે છે. સંપૂર્ણ શાંત અને તટસ્થપણે પ્રવર્તેલો હોય છે. તે તેનાથી ચલાયમાન થતો નથી તો તેના રૂપમાં તો ભળે જ ક્યાંથી ? તે તો પોતાના સ્વરૂપમાં એકતાર અને તલ્લીન રહ્યા કરેલો હોય છે. એનામાં જે તે ભળતું હોવા છતાં તેના તેનાથી તે સંપૂર્ણ અલિપ્ત છે. આવું બધું કંઈ કામના-વાસનાઓથી જે ભરપૂર અને ઘેરાયેલા હોય છે, તેને થતું નથી, તે તો સતત ચિંતા, ફિકર અને અશાંતિમાં જ રવડ્યા કરવાનો.

## કેટલાંક કર્તવ્યો

આપણામાં આપણને ગુણ અને અવગુણ બંનેનું જે દર્શન થાય છે, તેમાં ગુણને સાત્ત્વિકપણું કેળવવાને કદરભાવે આપણે નીરખવો રહ્યો. અવગુણથી આપણને હાલવાપણું ન બની જાય, અન્યાયપણું સામા જીવ વિશે ન પ્રગટે, એવા પ્રકારની સ્થિરતા, સમતા, શાંતિ કેળવવા માટે એનું દર્શન થયું છે એમ અનુભવવું. જેમ એરંડિયું પીવાની ગરજ જ્યારે ઉદ્ભવે છે ત્યારે ઉપયોગ પૂરતું જ લેવાનું રાખીએ છીએ, એને વધારે લેવાની ભૂખ રહેતી નથી, તેવી રીતે તમામ ભોગવવા જેવા પદાર્થોને વિશે હોવું જોઈએ. વસ્તુઓને તે માત્ર નિર્વાહ જેટલા જ યોગ્ય પ્રમાણમાં ઉપયોગ અર્થે વાપરવાની છે. એમ યોગયોગ્ય વર્તન થતાં યોગ્યતાની ભાવના કેળવાતી જશે અને સહજ સંયમ પ્રગટશે. પ્રભુનો હૃદયમાં હૃદયથી ગદ્ગદભાવે આભાર માન્યા કરીને શ્રીપ્રભુપ્રીત્યર્થે જ્ઞાનપૂર્વક જે તે કંઈ વાપર્યા કરવાનું છે. એથી કરી સાચી વૈરાગ્યની ભાવના સાધકમાં કેળવાય છે.

## આત્મસંતોષ અને નીરવતા મેળવવાના ઉપાય

જીવનમાં અનુકૂળ પ્રતિકૂળ સર્વ બાબતોમાં, સર્વ પ્રસંગોમાં, વસ્તુઓમાં વગેરેમાં જે મળ્યા કરે છે, તેમાં રાગદ્વેષ રહિત થઈને, સમજી સમજીને વર્ત્યા કરીને, મથી મથીને અંતરસ્થ ભાવનાથી પ્રેરાઈ પ્રેરાઈને, પ્રભુનું મનનચિંતવન કર્યા કરી જો આપણાથી સંપૂર્ણ જાગૃતિ અને સાવધાની કેળવાયા કરે તો તે સ્થિતિનું નામ આત્મસંતોષ છે. કોઈ પણ વસ્તુ, પ્રસંગ, પરિસ્થિતિ મેળવવા માટે સ્વયંભૂ ઇચ્છા તો કરવી જ નહિ. તો પછી મનની નીરવતા પ્રાપ્ત થવામાં કશી મુશ્કેલી નડે નહિ. જે કંઈ સારુંનરસું, ઓછુંવત્તું મળ્યા કરે, એના પરત્વે સંતોષની લાગણી ધરાવીને નિર્વાહ કર્યા કરીએ અને એમાંથી પ્રભુનો હેતુ સમજવાનું રાખીએ અને એવી રીતે જીવનનું ઘડતર કરવાનું આપણે રાખીએ તો તેવું તેવું મળેલું યથાર્થ ગણાય.

## સામીપ્યની ભાવના, અડગ નિશ્ચય અને પ્રીત નિભાવતાં શીખો

સદ્ગુરુ કે પ્રભુ આપણી પાસેમાં પાસે છે. એ વહાલો આપણને દેખી રહ્યો છે, એ આપણો અંતર્યામી છે, એવી ભાવના સદાય જ્ઞાનભક્તિપૂર્વક કેળવ્યા કરવાની છે. અડગ નિશ્ચયથી કર્મનો આરંભ કર્યા કરવાનું રહે તો તે તેવી રીતે કરવું. મંદ અને ડગમગતો નિશ્ચય તો હાનિકર્તા છે. દ્વેષ, તિરસ્કાર, તુચ્છકાર, ક્રોધ, કામના, લોલુપતા, તૃષ્ણા એ બીજાના કરતાં પોતાને જ વધારે નુકસાનકારક છે. પ્રીતિ કરવી સરળ છે, પણ નિભાવવી ઘણી મુશ્કેલ છે. સજ્જન પુરુષો નિભાવી જાણે છે.

## કેટલીક અમૂલ્ય સૂચનાઓ

સાધનાને માટે જે જે કર્મો કરવાનાં હોય છે, તે આરંભમાં તો વિષતુલ્ય લાગે છે, પણ પરિણામે અમૃતતુલ્ય થાય છે. માટે, જે કંઈ કર્મ કરવાનાં છે, તે અધ્યાત્મભાવના કરી કરીને, તે તે ભાવનાને પ્રત્યક્ષ

સાકારપણામાં પ્રગટાવી પ્રગટાવીને કર્યા કરવાનાં છે. શબ્દને તો નામસ્મરણમાં જોડ્યા કરવાનો છે. ટાઢ, તડકો અને ત્વચાને જીતવાં, ત્રાટકથી નેત્રને જીતવાં. ચાલતી વખતે ન જોવા તરફ આંખ ફરકે, ત્યારે આંખને ઘણો ઘણો ઠપકો આપવો. ભૂખથી ચાર આની ઓછું ખાવું. આત્માની પ્રસન્નતા અર્થે જ અન્ન દ્વારા પ્રાણ લઈએ છીએ તેવી ભાવના ભોજનમાં કેળવ્યા કરવી અને તે પણ પ્રેમભક્તિપૂર્વક હૃદયથી નૈવેદ્ય ધરીને એટલે કે માનસિક તેવી ભાવના રાખી રાખીને.

## કેળવવાની ભાવનાઓ

નીચેની ભાવનાઓ સાધકે એકાગ્રભાવથી કેળવવાની છે :- સાધનામાં તત્પરતા અને પરાયણતા. વાણીમાં સ્પષ્ટપણું, કઠોરતાને ઓગાળીને મધુરતા પ્રગટાવવી. વાણી સત્યને જન્માવનારી, અસત્યને પોષણ ન આપનારી. જ્ઞાન વિશે ઉત્સાહ. મિત્ર પરત્વે નિષ્કપટતા. વડીલો પરત્વે આદર અને માનની ભાવના. ગુરુ પરત્વે વિનયભાવ. ચિત્ત વિશે ગંભીરતા. ગુણ વિશે રસિકતા અને કદરભાવ. પ્રભુ વિશે ભક્તિ. શ્રીપ્રભુપ્રીત્યર્થે કર્મ કરવાં. એનાથી વિરોધી વસ્તુ કે વાતાવરણમાં ભમવું, મળવું કે હળવું નહિ.

મૂર્ખ સાથે, ગાંડા સાથે, બાળક સાથે, હઠીલી સ્ત્રી કે પુરુષ સાથે, વડીલ સાથે, ગુરુજન સાથે, વગેરે વગેરે સાથે, વિશેષ લાભહાનિ ન હોય ત્યારે 'હા જી, હા' કરવું. એમાં ઘણી શાંતિ છે.

સમજ્યા વિનાનું વાંચવું તે વાંચ્યું ન કહેવાય, પરંતુ સમજવાનાં દ્વારને બંધ કર્યું ગણાય. સમજીને વાંચવાનું રાખવું. જે કંઈ સમજીને એનું રહસ્ય, હેતુ, ગાંભીર્ય અને જોખમદારી પૂરેપૂરાં પ્રીછીએ. આવી રીતથી અને ભાવનાથી વાંચીએ તો જ સમજનાં દ્વાર ઊઘડે. સાચું શું છે, તે સમજવાને આપણે પોતે ખુલ્લા થવું પડશે. તે વિના ગમે તેમ વાંચેલું ખપમાં આવવાનું નથી.

આપણને જે પ્રકારે માનસિક શાંતિ, સંતોષ, સરળતા, પ્રસન્નતા મળ્યા કરે, તેવી રીતે અને તેવા ભાવથી વર્તવાનું રાખવું. કંઈક વસ્તુ જો કોઈ લઈ જાય તો સંતોષ માનવો. કોઈકનો અપરાધ થાય તો ઘણી ઘણી નમ્રતાથી હૃદયથી માફી માગવી. કોઈ વસ્તુ મળ્યાથી કરી ક્લેશ રહેતો હોય તો તેનો પ્રેમથી ત્યાગ કરવો. સંસર્ગથી રાગદ્વેષ થતા અનુભવાય તો તેવા સંસર્ગને એવી રીતે સમજી સમજીને ટાળ્યા કરવા કે જેથી એની સાથે તેવા વાતાવરણમાં ઊતરવાપણું ન પ્રગટે. કોઈ પણ પ્રકારના ફળની ઇચ્છા વિના પ્રભુમરજીથી મળેલા સર્વ પ્રસંગોમાં સર્વસુખરૂપ માની, તે મેળવવાનો હેતુ સમજી, એને એ રીતે અને તે ભાવે જીવનઘડતરની તક તરીકે હૃદયના ઉમળકાથી સ્વીકારીને વધાવી લેવા. આપત્તિકાળમાં જો ઉચ્ચ ભાવના ઉદય થાય તો થાય.

અનેક વસ્તુઓ મળેલી હોય કે ન હોય, પરંતુ જે થોડામાં થોડીથી પણ નિભાવી લઈને સંતોષ માનીને સુખ અનુભવે છે, એ જ સાચો સુખી છે. ઘણું ઘણું હોવા છતાં અનેક પ્રકારના નવા નવાની જ ઇચ્છા રાખ્યા કરે છે તે દુ:ખી છે અને ગરીબ છે.

## માનમરતબો છોડો અને અપમાનને વધાવો

આખો સંસારવહેવાર વગેરે મનથી કરીને છે. એટલે સ્થૂળ વહેવારનો ત્યાગ કે સંસારનો ત્યાગ એ સાચો ત્યાગ નથી, પરંતુ તે તે બધાંનો મનથી જ્ઞાનપૂર્વક જો ત્યાગ થાય તો તે તે બધું ફળી શકે. જ્યાં જ્યાં માનમરતબો કે આદર મળતાં થાય અને તેમાં રસ લેવાનું બન્યું તો તેમાં તપની ક્ષતિ થવાની. માનઆદર મળ્યા કરે એવી પ્રગટેલી સ્થિતિને ગૂઢપણે રાખ્યા કરીએ તો જ સાધના ફળી શકે. સત્કારથી પુણ્યનો ક્ષય જરૂર થાય છે. આપણે આટલું જરૂર યાદ રાખવાનું છે કે ભૂખ, દુ:ખ, અપમાન અને આપણા પ્રતિ વિરોધી વર્તન રાખનાર પરત્વે પણ પ્રીતિ રાખતા થઈ જઈ શકીએ તો બધે જ અનુકૂળતા પ્રાપ્ત થઈ જવાની છે.

અપમાનને અમૃત કરી સેવનાર અને માનને ઝેર સમાન લેખનાર સાધકને કદી પતન થવા પ્રસંગ આવતો નથી. માનથી દેહાભિમાન ઊલટું વધે છે.

## સૂક્ષ્મ સંબંધ વધુ અગત્યનો

આ બે દિવસોમાં જેટલું કહી શકાય એના નિચોડરૂપે આપી દીધેલું છે. હવે કાગળો નહિ લખાય તો સંપૂર્ણપણે નિશ્ચિંત રહેવાનું છે. અવારનવાર સ્મરણ કર્યા કરશો. કાગળ જ કંઈ આપણી વચ્ચેનો વહેવાર છે એવું થોડું છે ? જે કંઈ થાય છે તે આંખો ઉઘાડવા, હૃદયમાં સમજ પૂરવા, ચેતવવા, ઘડવા-ઘડાવવા ત રૂપે કંઈક થતું હોય છે. આ જો બધું હકીકતરૂપે સમજાતું જાય તો ઈશ્વરના અસ્તિત્વની સાબિતી એ પણ એક હોઈ શકે.

હવે, જે કંઈ બન્યા કરે, તેમાં સ્વસ્થતા જાળવ્યા કરશો. કશાથી ઉદ્વેગ થવાપણું ન બને તેની કાળજી રાખજો. હળવું હળવું, સરળ સરળ, પ્રસન્નચિત્ત સદાય રાખ્યા કરવું. જરા પણ કશુંક ભારે લાગે તો તુરત મેદાનમાં જઈને ખૂબ મોટેથી હરિઃૐ હરિઃૐની બૂમો ભાવનાથી લગાવજો. કોઈ પણ સૂક્ષ્મકાર્ય પાછળનો મર્મ તે ને તે વખતે બતાવાઈ શકાતો નથી, ત્યારે તે સમજાય પણ નહિ. માટે ધીરજ ધરવી.

## સાધનાની પ્રગતિમાં દિલનું અતિમહત્ત્વ

સ્થૂળના અર્પણ કરતાં સૂક્ષ્મનું અર્પણ થવું ઘણું ઘણું કઠણ છે. માટે, સ્થૂળ અને સૂક્ષ્મનું પ્રેમભક્તિપૂર્વકનું અર્પણ શ્રીભગવાનને કરશો. મારે તો શ્રીહરિકૃપાથી ખપે છે માત્ર બધાં સ્વજનનાં દિલ. એ ન મળે તો તમારાં બધાંની સાથેના જીવતરમાં ધન્યતા ન અનુભવી શકાય. એ દિલ ન મળતું રહે તો જે રીતે અને જે ભાવે ત્યાં જે કામ થવાપણું રહ્યું હોય, તેમાં ઊણપ પ્રગટે. એટલે સાધનાના સંબંધમાં દિલની જરૂરિયાત મુખ્યત્વે ઘણી ઘણી રહેલી છે. એના વિના સાધનાનું કામ થવું શક્ય નથી.

## ધન મળી રહેવાના પ્રભુકૃપાના પ્રસંગો

ભગવાનની કૃપાથી પૈસા વિના આ જીવ હેરાન થવાનો નથી, એટલી નિશ્ચિંતતા રાખજો. એને તમારા પૈસા કરતાં, તમારા દિલની અને તમારા પ્રેમની કેટલી બધી જરૂર છે ! એનો ખરેખરો અનુભવ હૃદયથી દઢપણે થતાં તમારો મારા હૃદય પરત્વેનો પ્રેમ અનંતગણો વધવાનો છે. અત્યાર સુધી જીવનમાં તમે કે હેમંતભાઈ વગેરે વગેરે ક્યાં હતા ? તેમ છતાં જીવનનું નાવ શ્રીહરિકૃપાએ ચાલ્યા કરેલું છે. વેતન તો સ્વેચ્છાએ ઘણું ઓછું મળતું હતું અને કુટુંબની નિભાવવાની વ્યક્તિઓ તો ઘણી વધારે હતી. જીવનમાં આર્થિક મુશ્કેલીઓ નહિ નડી હોય, એવું તો કશું નથી. ત્યારે ત્યારે ભગવાનની કૃપાએ આ જીવને મદદ કર્યા કરેલી છે. એવા એકબે નહિ પણ કેટલાયે અનુભવો છે. ભગવાનની કૃપાથી આ જીવે પૈસાને કદી મહત્ત્વ આપ્યું નથી. એટલે પૈસાની બાબતમાં કોઈ પ્રકારનું આમ કે તેમ ન માનવા વિનંતી છે. આ કઠણ કાળમાં ખાદી અને ધોળી ટોપી પહેરનારને કોઈ દુકાનમાં કે ઘરમાં ઊભું રહેવા દેતું નથી અને પોલીસનો ખાદી પહેરનાર ઉપર ઘણો ત્રાસ અને હેરાનગતિ પ્રવર્તે છે. એવા કાળમાં લાગવગ વિનાનાને, કોઈને પણ જે ઓળખતો નથી, કોઈ સંબંધ નથી, એવા એકલા, અટૂલા, પ્રખ્યાતિ વિનાના જીવને સંઘના કામ માટે આટલી મોટી રકમ મળે, એ કંઈ શું નાનોસૂનો અનુભવ છે ? ભગવાનની કૃપામદદ વિના આ થવું શક્ય ન હતું. એનો સદાય જયજયકાર હો.

હરિઃૐ ખાર, તા.૪-૧૨-૧૯૪૨

વર્તવાની બાબતમાં કવિતામાં સૂક્ષ્મપણે બધું જ લખ્યે ગયો છું. વિચારનાં આંદોલનો તે કાવ્યમાં વ્યક્ત થયાં છે.

સાધકને જીવનના અથડામણના પ્રસંગોમાંય ઘણું ઘણું શીખી લેવાનું મળે છે, જો તેની દૃષ્ટિ ધ્યેય પરત્વે એકાગ્ર અને કેંદ્રિત થયેલી હોય છે તો.

## સ્વજન વિશે અડગતા સાથે શ્રદ્ધા અને ધીરજ

સાધનાના હેતુ માટે મળેલાં બધાં સ્વજનો માર્ગમાં જેમ જેમ ખરેખરાં ઊંડાં ઊતરતાં જશે તેમ તેમ તેમને સાધનાના માર્ગની સાચી હકીકત સમજાતી જશે. સરખો સરખાની સ્થિતિ સમજી શકે. देवो भूत्वा देवंयजेत् (દેવ બનીને દેવનું યજન કરવું) એવું એક સંસ્કૃત સુવાક્ય છે. જીવનના સાધકે સાધનાની બાબતમાં સંપૂર્ણ અડગ રહેવાની ઘણી ઘણી જરૂર છે. સાધનાના ભાવ પ્રમાણેના જીવનવર્તનમાં તેણે નિશ્ચયી અને નિશ્ચલ થવું, રહેવું અને વર્તવું ઘટે છે. એક વખત આપણા વિચારથી સમૂળગું આપણું અંગનું માણસ જુદું પડી જાય તોપણ એના વિચાર સાથે અથડામણ કરવાનું રાખવું નહિ અને એણે પણ આપણને અથડામણ થાય એમ કરવું નહિ. તેમ છતાં પાછું કોઈ કશાથી ભાગી છૂટવાનું કરે તો તે તો અયોગ્ય ગણાય. આપણે તો સદાયે આશાવાદી પ્રવર્તવું. સ્વજનના જીવનમાં પણ પ્રભુ અજવાળું કરશે એમ શ્રદ્ધા પ્રગટાવવી. આશા છોડી દેવાનું કશું કારણ નથી. સાધનાના હેતુ અર્થે મળેલાં કેટલાંક સ્વજનની શ્રદ્ધા તો નરી સ્વાર્થી હોય છે અને જીવનના તેવા તેવા વર્તનના પ્રસંગોએ તે શ્રદ્ધા સ્વાર્થી જ હતી એવું નીવડ્યું છે. સાધનાના માર્ગનું સંપૂર્ણ ગાંભીર્ય શરૂ શરૂમાં તો જીવ ન સમજી શકે તે સમજાય તેવું છે. આપણને પણ તે હજી પૂરેપૂરું ક્યાં સમજાયું છે ?

## પોતાની જાતના રૂપને બરાબર ઓળખો

જેણે સફળ સાધક થવું છે, એણે તો પોતાની જાતને પૂરેપૂરી ઓળખી લેવી જ જોઈએ. સાધકને ભગવાન એવા પ્રસંગો આપે છે કે જેથી દર્પણમાં જેમ પોતાનું રૂપ જોઈ શકાય તેમ સ્પષ્ટપણે પોતાનું સૂક્ષ્મ રૂપ જોઈ શકે અને તેથી બદલવું હોય તો બદલી પણ શકે. હજી એવું ઘણું બનવાનું છે, જેમાંથી જો શીખવાનું રાખશો તો જરૂર લાભ જ થવાનો છે.

## મનાદિની મડાગાંઠો રાખીને કોઈને જોશો નહિ

આપણા મનમાં કેવી કેવી મડાગાંઠો પડેલી છે તે કંઈ છાની રહી શકવાની નથી. અને તેને જો સમૂળગું બદલવાનું નહિ કરો તો જીવનમાં કંઈક કંઈક પ્રગટતા પ્રસંગથી મનના તેવા તેવા પ્રકારના વળ વધતા જવાના છે અને એવા આમળા ચડેલા વળથી જોવાનું, માનવાનું અને સમજવાનું જો રાખ્યા કર્યું તો કોઈ દિવસ સુખી થવાનો વારો પ્રગટવાનો નથી, તે નક્કી જાણશો.

## શ્રદ્ધાભક્તિ વિના બધું નકામું

અમુક જીવના મનમાં કેવી કેવી મડાગાંઠો પડેલી છે, તે વિશે વાતચીત થયા પહેલાં જ એટલે કે તેવા પ્રસંગ ઊભા થયા પહેલાં જ બનારસના કાગળોમાં હેમંતભાઈને લખેલું હતું. સર્વાંગસંપૂર્ણ છું એવો દાવો તો કદી કર્યો નથી, પરંતુ સાધનાની બાબતમાં જે સાથે જોડાયો છું, એમના વિશે ભગવાન કંઈક એવો ઝાંખો ઝાંખો ખ્યાલ મનમાં ઊભો કરાવે છે, એટલા પૂરતું જ કંઈક એવું લખવાનું બને છે. માનવીનું હૃદય જ્યાં સુધી એવું આર્ત, આર્દ્ર, જિજ્ઞાસાવાળું અને શ્રદ્ધાભક્તિવાળું બનતું નથી ત્યાં સુધી એને એવી હજાર સાબિતીઓ કશા કામમાં આવી શકતી નથી અને એના મનને તે સ્થિર કરાવી શકતી નથી.

## વિશેષપણાની એક સાબિતી

જે જે સાથે પ્રભુકૃપાથી સંબંધ થયા છે, તે તે બધા જીવોએ પોતાના અંતરની છાની છાની હકીકતો, વહેલી યા મોડી, પ્રભુકૃપાથી આ જીવ આગળ ખુલ્લી કરેલી છે. જે જે પાસે આવ્યું છે, તેણે તેણે તેના જીવનની એવી કેટલીયે છાની હકીકતો - કોઈ પણ આગળ ન કહી શકાય એવી નાજુક, છૂપી હકીકતો - આ જીવ આગળ ખુલ્લા થઈને કહેલી છે. લોક કંઈ જેની તેની આગળ આવી હકીકત કહેવા બેસી જતા નથી. જે વ્યક્તિ આગળ જે જે કોઈ પોતાનું સર્વ રીતે અંતર ખુલ્લું કરે છે, તે વ્યક્તિ સવિશેષપણે હોય છે, એટલો તો ખ્યાલ જો આપણે બુદ્ધિ, મન, ખુલ્લાં રાખ્યાં હોય તો આવી શકે એવો છે.

હરિઃૐ ખાર, તા. ૫-૧૨-૧૯૪૨

## આનંદથી જાતને હોમું છું

તમે રકમ મોકલી છે, તે રકમ તો તમારે ખાતે આશ્રમમાં જમા કરાવીશ અથવા તમે લખશો તો મદીનાપુરના વંટોળિયાને લીધે થયેલા ઘણા નુકસાનમાં મદદને માટે મોકલાવીશ. તમારો જવાબ મળશે તેમ વર્તીશ તે જાણશો. હમણાં તો કંઈ લેવાય તેમ નથી. નથી એમાં કોઈ રીસ કે ક્રોધ. મળેલાં સ્વજન પ્રભુની કૃપાએ સંપૂર્ણ કસોટીએ ચડાવે, ભગવાન એમાં મને તાવે અને સંપૂર્ણ સો ટચનું સોનું સાબિત કરી આપે એવી એને પ્રાર્થના છે. એનાં વહાલાં સ્વજનની ખાતર આ જીવન કદાચ હોમાઈ જાય તો તે અમૂલો, જીવતરને ધન્ય કરનારો અવસર છે. કેસરિયાં તે એનું નામ. એમાં એટલે કે એવા પ્રસંગમાં માનવી આનંદથી કેમ હોમાતો હશે, તે હું ભણતો હતો ત્યારે સમજાતું ન હતું. આજે આ પ્રસંગ મળતાં હૃદયમાં હૃદયથી આનંદ સ્ફુરે છે.

## શાંતિ મળવાની શરતો

સાધનાનાં ક્ષેત્રમાં સર્વ પ્રકારની નિશ્ચિતતા અને નિઃશંકપણું પ્રગટવાં ઘટે છે. એવી સર્વ રીતની અને સર્વ પ્રકારની દિલની નિરાંત જ્યારે પ્રગટે છે ત્યારે એક પ્રકારની હળવાશ જન્મે છે અને તો જ સર્વ પ્રકારની શાંતિ અને પ્રસન્નતા ટકી શકે છે. નિર્ભયતા કેળવ્યા વિના સર્વ પ્રકારની શાંતિની સ્થિતિ પ્રગટવી અશક્ય છે.

## બેળે બેળે સાધકને સાથ ના અપાય

આપણે...ની સાથે બેળેબેળે જવાનું કરવું નહિ. સમજી વિચારીને જે કરવું હોય તે કરવું, કારણ કે જો સાધનામાં તે ઊંડો ને ઊંડો ઊતરતો ગયો તો એ તો આપણી સમજ અને કલ્પનામાં પણ ન હોય તેમ વર્ત્યે જાય, અને તો પછી એનામાં આપણી ગેડ બેસે કે નહિ એ એક પ્રશ્ન રહે છે. ત્યારે માત્ર એકલી સાત્ત્વિક શુદ્ધ પ્રેમભાવની લાગણી એનામાં આપણી ટકી શકે કે કેમ તે પણ જોવાનું છે. તે ગમે તે હોય તોયે એના

પરત્વે પ્રેમભાવના કશી અપેક્ષા વિના ટકી શકે, એવા પ્રકારની માત્ર ચેતનયુક્ત ભાવના રહેવાનું બની શકે તો તો કશી ભાંજગડ રહે નહિ.

## જ્ઞાનપૂર્વક પહેલેથી વિચારીને સાથ આપો

સાધક પોતે જ્ઞાનભક્તિપૂર્વક પોતાના માર્ગે ગયા કરતો હશે તો એને એના યોગ્ય ધર્મનું દર્શન થયાં કરવાનું છે. એનાથી થતા દોષો એને આપમેળે સમજાયા કરવાના છે. જો તેની કેડે તણાયા વિના જીવનની ભાવના રાખીને પ્રવર્તવાનું થશે અને એની કેડે જવા વિશેની શુદ્ધ સમજણ, એનું ગાંભીર્ય એમાં જે જે કરવાપણું, સમજવાપણું રહેલું છે, તેની અસરો અને એના પ્રત્યાઘાતો એ બધું જો પૂરેપૂરું પહેલેથી વિચારાયેલું નહિ હોય તો દરેક પગથિયે આપણને આવી જ ગડભાંજો ઊભી થવાની છે. માટે, એની કેડે જવાનું હોય તો આ બધી સમજણને પૂરેપૂરી યોગ્ય રીતે વિચારીને જવાનું રાખજો. સાધનાના માર્ગમાં આગળ જતાં જતાં સાધનાના જ્ઞાનભક્તિપૂર્વકના અભ્યાસથી કરી માનવીના શરીરની પ્રકૃતિ પણ બદલાતી જાય છે એમાં શંકા નથી. પ્રભુકૃપાથી આ જીવને તેના તેનામાં પ્રગટતા દ્વિધાપણાને અંગે કરીને સંબોધવાનું થાય છે.

મારી બાબતમાં ગમે તેવા ખ્યાલ આવે, વિચાર આવે તે પણ મને જણાવી દેશો તો તે ઉત્તમ. એથી મનમાં કશું ભરાઈ રહેશે નહિ તે જાણશો અને મન હળવું રહેશે. તે ઉપરથી તમને જે લખવાનું બનશે તેથી તો ઊલટું સાચું સમજવાનું પ્રગટશે.

## તવાઈશ તો એક જીવ તો શ્રદ્ધા રાખશે

સાધનાના વિકાસ અર્થે મળેલાં સ્વજનને મારી તો વિનંતી છે કે એકવાર તે તે એમની છેવટની હદ સુધીની કસોટી કરી લે. મારી કશી કોઈ સ્વતંત્રપણે ઇચ્છા નથી. જીવનનાં સર્વ પાસાંમાં આ જીવને કોઈ સ્વજન પૂરેપૂરી કસોટીએ ચડાવી લે, તો તેથી કરી એક જીવ તો એવો

રહે કે જે મારામાં પ્રામાણિકતા, વફાદારી, પ્રેમભાવ, નિષ્ઠા વગેરે રાખી શકે. અથવા તેવો જીવ મારા દિલની સચ્ચાઈ વિશે સંપૂર્ણ ખાતરી ધરાવી શકે. આવી સ્થિતિ પ્રગટતાં તે જીવની સગડગ ઘણી ઓછી થાય છે.

## સાચી ગુરુદક્ષિણા

સાધનાના ક્ષેત્રમાં જો પડ્યા તો તેમાં સંપૂર્ણપણે હોમાઈ જવાનું રહે છે. જુદી જુદી દિશામાં વહેંચાયેલા દિલને સંકેલી સંકેલી, સંકોરી સંકોરીને સતત યજ્ઞમાં હોમ્યા કરવાનું રહે છે. એવો પળે પળનો જીવંત યજ્ઞ જીવનમાં પ્રગટ્યા વિના સાધનાનું કામ પાકવાનું નથી. જીવનમાં જીવનનો એવો સતત એકધારો ચાલતો યજ્ઞ એ જ સાચી ગુરુદક્ષિણા છે. એની કિંમત મારે મન લાખો રૂપિયા કરતાં ઘણી વધારે છે. એવું સાચેસાચ થતાં હું તો તેના ઉપર વારી વારીને ન્યોછાવર થઈ જઉં.

## સુખદુઃખ જરૂર ટાળી શકાય

જેમ જેમ સાધનાની સમજણ આગળ જાય છે તેમ તેમ સુખદુઃખની સમજણ પણ બદલાય છે. તે સુખદુઃખ કાયમનાં નથી. સુખદુઃખ ટાળ્યાં તે નવ ટળે, એવું નરસિંહ મહેતાએ તો વિશિષ્ટ અર્થમાં ગાયું છે. ભગવાનની કૃપાથી છાતી ઠોકીને કહી શકાય એવું છે કે સુખદુઃખ ટાળી શકાય છે. સુખદુઃખ ભલે પડે, પરંતુ તેનાથી આમ કે તેમ જો હાલી ન ઊઠીએ તો તે આપણને વિવશ કરી શકતાં નથી અને સાધનાની તે મુખ્ય ચાવી છે. લાગણીને હૃદયના એકાગ્રતાભર્યા ભાવ સાથે વહેવા દેવી એ પણ એક સાધનાની Technique- પદ્ધતિ કે શૈલી છે – સાધનાની એક પ્રકારની લાક્ષણિકતા છે.

## હોમાઈને એક થઈને અનેકમાં પ્રસરવાનું છે

સાધકે પહેલાં તો સંપૂર્ણપણે હોમાઈ જવું પડશે. અનાજનો દાણો પહેલાં જમીનમાં પૂરેપૂરો દટાઈ જઈને નાશ પામે છે તો તે ફરી પાછો સજીવ થવાની શક્યતાવાળો બને છે. તે સજીવન થાય છે. ત્યારે તો

એકનો અનેકગણો થાય છે. આ બધી અનુભવની હકીકત છે. તેવી રીતે સાધનાનાં ક્ષેત્રમાં ચડતાં ચડતાં સાધક એક એવી કક્ષાએ પહોંચે છે કે જ્યારે તે એકમાં હળે છે, ભળે છે, મળે છે અને પછી એકનો અનેક થવાને સહજપણે પ્રેરાય છે. અજ્ઞાનની જીવદશામાં પણ જીવ અનેક થવાને પ્રાકૃતિક પ્રેરણાથી પ્રેરાયેલો રહે છે. એકનું અનેક થવું એ કુદરતનું સહજ ધોરણ છે.

## બીજા પણ સાચાં હોય

આપણે સમજીએ છીએ તે જ સાચું છે એવી મડાગાંઠ વાળીને પડ્યા રહીએ તો બીજાનું દૃષ્ટિબિંદુ કદી પણ આપણે ગળે ઊતરી શકવાનું નથી. જો આપણી ખરેખર રીતે સાચેસાચ સાચું સમજવાની તૈયારી હોય તો સંપૂર્ણ ખુલ્લા રહેવું જોઈએ. બીજાનું પણ સાચું હોવાની શક્યતા છે, તેમ આપણા દિલમાં ઠસી જવું જોઈશે.

## ગાંધીજીએ સ્વજનને હોમ્યા

પૂજ્ય ગાંધીજીએ પોતાનાં સ્વજનને દુઃખની પરંપરામાં જોડેલાં હતાં. સાબરમતી આશ્રમમાં જ્યારે મકાનો બંધાયેલાં ન હતાં ત્યારે નાના તંબુઓમાં રહેવાનું કરેલું. માથાના વાળમાં પણ કદીક ઊધઈ ચડી હતી. રસોઈ રાંધવાને માટે પૂરતાં વાસણો પણ ન મળે. પતરાંના ડબ્બાઓમાં ખાવાનું કાઢી લેવું પડે. વળી, ચંપારણ્યમાં પણ કેવી સ્થિતિમાં એમને રાખેલાં તે આપણે જાણવું ઘટે.

## સદ્‌ભાવથી, આનંદથી સ્વજનો હોમાયાં

તે તે સ્વજનને ગાંધીજીને માટે હૃદયમાં અપૂર્વ સદ્‌ભાવ છે. એવી સ્થિતિમાં મૂકી દેવા માટે એમણે ગાંધીજીને વખોડ્યા નથી. આનંદથી તેમણે તે તે બધું કંટાળ્યા વિના કર્યું હશે. મુસીબતોને એમણે ગણકારી નથી. આ બધાંએ જો મોહ, માયા કે મમતાની દૃષ્ટિ રાખ્યા કરી હોત

અને એ પરત્વેનું વલણ રાખ્યું હોત તો એમનું આવું આટલું પરિવર્તન થવું શક્ય ન હોત.

## સાધનામાં તો 'આપણું' બધું જ છોડો

સાધનાના જીવનમાં તો એનાથીયે વધારે ભારે ત્યાગ અને સમર્પણ કરવાનાં રહે છે. આપણે આપણી જાતને બીજાની આગળ કદી ઊંચે રાખવાની નથી. આપણે જો સાધનામાં રહેવાનું હોય તો આપણો વિચાર છોડી દેવાનું રહે છે. તો જ બીજાનામાં ભળી શકીએ.

## શ્રીઅરવિંદના સાહિત્ય દ્વારા મને સમજશો

શ્રીઅરવિંદનાં દર્શને જવાનું દિલ થાય, એને હું અહોભાગ્ય ગણું છું. તમે જરૂર રજા મંગાવજો. એમનામાં આ જીવનો હૃદયનો પ્રેમભક્તિભાવ અને આદરભાવ જ્ઞાનભાવે પ્રગટેલો છે. ત્યાં જવાનું બને એ તો મને ઊલટું ઘણું ગમે છે. ત્યાં જવાથી કરી અને તેમના સાહિત્યનું વાંચન થવાથી, તમે બધાં ઊલટું, મને સાચી રીતે અને વધારે સમજી શકવાનાં છો. હરિ જ માત્ર સાચો છે, એ જ આપણા જીવનનું સર્વ કંઈ છે. એ જ આપણા જીવનનો સૂત્રધાર છે. એવા અનુભવો એના અસ્તિત્વની સાબિતી આપતા રહે છે. તેથી, અનુભવને સાચો ગુરુ અને સાચું જ્ઞાન કહેલું છે.

---

હરિઃૐ     વડોદરાથી અમદાવાદ જતાં ગાડીમાં

તા. ૧૦-૧૨-૧૯૪૨

તમને લખવાને નવરાશ મળી નથી. એટલાં બધાંને મળવાનું બને છે અને તે ઉપરાંત, સંઘનું હિસાબી કામ. નવસારી, સુરત, વડોદરા વગેરે સ્થળોની સંસ્થાઓના પૂજ્ય ઠક્કરબાપાને હેવાલો લખવાના હતા અને હિસાબ પણ સોંપવાનો હતો.

## ચિદાકાશની ભૂમિકા

'આકાશથી ઉત્પન્ન થયેલા હૃદયમાં' એટલે હૃદયની નિરાકાર વૃત્તિ, નિર્ગુણ ભાવ, ભાવથી પરની કક્ષા, સાધનાની ઉચ્ચ, ઉચ્ચતર કક્ષાઓ

વટાવતાં વટાવતાં ઉપર કહી તેવી જાતની ભૂમિકા પ્રગટે છે. એવી ભૂમિકાને ચિદાકાશ પણ કહી શકાય.

## પ્રેમનાં લક્ષણો

આપણાં પોતાનાં જ આપણને ન સમજે, એટલું જ નહિ પણ આપણને ઊંધું સમજે, તોયે આપણે સર્વ ભાવે એમના ઉપર સદ્ભાવ અને પ્રેમ વધાર્યે જવું. એ પણ સાધનાનું એક અગત્યનું અને જરૂરી કેળવણીનું અંગ છે. માટે, ખૂબ ખૂબ પ્રેમ કેળવજો. સાધનાની દશામાં આઘાતો પ્રગટવાની કે આવવાની ઘણી ઘણી જરૂર રહે છે. તો જ પ્રકૃતિમાંનાં ઊંડાણનું સ્વરૂપ સાચી રીતે ઉપર તરી આવે છે. સાધનાના ક્ષેત્રમાં સર્વ પ્રકારના હક્કને જ્ઞાનપૂર્વક ઓગાળી દેવાના રહે છે. સમજી સમજીને તે મૂકવાના છે.

## બીજાનો માર્ગ ન રોકવો

આવી સ્થિતિની સમજણ આપવાનું કર્મ અને ધર્મ બંને મારાં છે. યોગ્યપણે તેવી સમજણ આપવાનું થતાં કોઈએ આડુંઅવળું સમજી લેવાની જરૂર ન હોય. સાધનાના વિજ્ઞાનશાસ્ત્રની જે જે હકીકત લખું, તેવી હકીકતમાં પ્રવેશવાનું આપણું દિલ ન હોય તો આપણે ના કહી દઈએ, પરંતુ તેથી કરીને જેનો એ પ્રદેશ છે અને એમાં જેણે પ્રવેશવું છે અને તેમાં તેણે પ્રવેશવા માંડ્યું છે, તેવાને પછી આપણી રીતે આપણે સમજવાનું જો રાખીએ તો ભારે ભુલાવામાં પડીશું. આ હકીકત મારે વારંવાર આપણાં બધાં સ્વજનને લખવી પડે છે, તે અફસોસની વાત છે. દબાઈ ગયેલા માનસમાં નવા પ્રાણનો સંચાર થવો અઘરો થઈ પડે છે. માટે, મનનો તેજોવધ ન થવા દેજો. જે કંઈ કરીએ, તે સમજપૂર્વક, જ્ઞાનપૂર્વક, હેતુપૂર્વક કરવાનું રાખીએ તો જ એ બધાંમાં નવા પ્રાણ, નવી ચેતના, નવો ઉલ્લાસ પ્રગટશે.

હરિઃૐ સાબરમતી આશ્રમ, તા.૧૪-૧૨-૧૯૪૨

## સદ્‌ગુરુનું સ્વજન સાથે એકાકાર થવું

જેની સાથે સાધનામાં જોડાવાનું બને છે, તેની સાથે બધી રીતે હ્રદયના ઉમળકાથી, જ્ઞાનભક્તિભાવથી એક બનવાનું થયા જવાય તો તે ઉત્તમ છે. કિરાપટ્ટીના વસવાટ વેળા તે પરત્વેનું તમારું ખાસ લક્ષ દોરાય એવું પણ બન્યું હતું. તમને ત્યારે શરીરમાં અમુક અમુક થતું તેવું મને પણ થતું બેત્રણ વાર તે બતાવેલું પણ ખરું... ભાઈ સાથેના તો તેવા ઘણા અનુભવો એમને થયા છે.

---

હરિઃૐ કરાંચી, તા. ૧૭-૧૨-૧૯૪૨

## કોઈ પણ ભોગે ઋણનો બદલો

વડોદરાવાળા પૂજ્ય ધનુભાઈને - જેમણે મને નાનપણમાં કેળવણીમાં આગળ વધવાને માટે મદદ કરી હતી, તેમને - મદદરૂપ થઈ શકું તે માટે મેં પૂજ્ય ઠક્કરબાપાને લખ્યું હતું. તેમણે મને માસિક રૂ.૩૦ થી ૩૫ આપવાનું કહેલું. આ હકીકત જણાવીને પૂજ્ય ઠક્કરબાપાનો પત્ર પૂજ્ય બાપુને★ કરાંચી જેલમાં બતાવ્યો હતો. તે અંગે બધી સગવડ થઈ જશે અને મારે તે માટે નોકરી કરવાની મુદ્દલે જરૂર નથી, એવું તેમણે ખાસ ફરમાવ્યું છે.

---

હરિઃૐ કરાંચી, તા. ૨૦-૧૨-૧૯૪૨

(તમે મારા દેવના દીધેલ છો, એ રાગ)

તમે મારાં જીવનસાથી છો,<br>
તમે મારાં હૈયાહુલામણ છો,<br>
તમે મને પ્રાણના દ્યોતક છો.

★ લેખકના એક વડીલ સ્વજન.

તમ જેવાંની જે પ્રભુએ
અણમોલ દીધી ભેટ,
એ પ્રભુનો શો પાડ હું માનું ?
રખાવજે પ્રભુ ટેક.

ગરીબને આમ કોણ નવાજે ?
કો પ્રીછે રૂડી પેર ?
નૂર ન હોવા છતાં કશુંયે
એવા પરે શી આ મ્હેર !

મનની વૃત્તિઓ, લાગણીઓ સૌ,
વિચારો, કલ્પના, સર્વ,
ઊંડું ઊંડું શું સુપ્ત રહેલું,
દેતા રહો વાર વાર.

ખાલી ખાલી થઈ સર્વ પ્રકારે
ભિખારી બનજો ઉર,
થઈ ભિખારી પછી દીધેલું
બનશે અમૃત તુલ.

મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહં સૌ
તે હોવા છતાં ન હોય,
એ રીત રૂપાંતર જેમ થાયે
ગ્રંથિઓ છૂટશે સર્વ.

(કાચબા-કાચબીનો રાગ)
પ્રભુ ! મારી આબરૂ રાખી,
લેજે મને પડખે તારી.

કંઈ કંઈ આશ ધરી હું આવ્યો, પ્રભુજી ! તારી પાસ.
ગળથૂથીમાં મને કાં ન દે તું, તુજ હૃદયમીઠાશ. પ્રભુ ૦

કૈકંને પોષ્યા, કૈંકને ઠાર્યા, એકલો મારો શો વાંક ?
વાંક હોયે તોય મ્હેર કરીને રાખજે ઠેકાણે ઠામ. પ્રભુ ૦

લગામ વિનાનું મોઢું મારું પ્રભુ, લવતું તે ગમે તેમ,
તે સામે તું શું જોવાનું રાખે, ગ્રહી લે કહેવાનો મર્મ. પ્રભુ ૦

---

હરિઃૐ કરાંચી, તા. ૨૩-૧૨-૧૯૪૨

## ફકીરીનો અર્થ

બજારમાં ઘણી દુકાનો હોય છે. ત્યાં દરેક જાતના સોદા થાય છે. ભગવાનની કૃપાથી આ જીવે પણ દુકાન ખોલી છે. એમાં સોદો થાય છે, પરંતુ તે સોદો તો છે ફકીરીનો. જેણે તે કરવો હોય એણે જ એ દુકાને પગ માંડવાનું મન કરવાનું છે. ફકીરી એટલે બધું જે તે કંઈ હોવા છતાં તે તે બધાંનો ઉપયોગ તેમની તેમની રીતે કરવાનો નથી, બધું હોવા છતાં નિર્મમત્વવાળા થયા કરીને આપણે જ્ઞાનભક્તિપૂર્વક તેનો ઉપયોગ કરવાનો છે. ખાલી વાસણ હોય તો જ તેમાં કંઈક ભરાવાનો સંભવ હોઈ શકે. ભરેલું હશે અને એમાં બીજું કંઈ ભરવું હશે તો જે ભરેલું છે તે બધું પૂરેપૂરું કાઢી નાખવું પડશે.

કવિવર ટાગોરનું એક બંગાળી ગીત છે. ગઈ રાતે મેં તે સાંભળ્યું. મને ખૂબ ગમ્યું. એનો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે.

(શિખરિણી-મંદાક્રાંતા)

હવા તારી ખુલ્લી, મુજ સઢ વિશે તું કૃપાથી ભરી દે,
ભલે તેથી દોરી તટ થકી મને બાંધી લેનારી તૂટે,

ભલે ડૂબી જાઉં, વળી નવ રહે નામ નિશાન મારું,
હું તો તે માટે છું મનમહીં પ્રભુ રાજી સંપૂર્ણ, પ્રાર્થું.

(વસંતતિલકા)

એળે પ્રભાત સુરખીભર્યું સૌ ગયું ને,
મધ્યાહ્ન આ પણ હવે કંઈ વેડફાયે,
ના બાંધી રાખ તટની સરસો મને તું,
છોડી જ દે ભરસમુદ્ર, ભલે ડૂબું હું.

(શિખરિણી-મંદાક્રાંતા)

સુકાનીની જોતાં ટગર નયને રાહ હું રાત જાગ્યો,
મને મોજાંએ તો રમકડું ગણી આમ ને તેમ ફેંક્યો,
હવે ના જોવાશે મુજ થકી કંઈ રાહ તારી વધારે,
થવાનું જે કૈં હો મુજ સહુ, ભલે ન બનો, ઝંપલાવ્યે.

બધાં વાવાઝોડાં જળનિધિતણાં મિત્ર માનીશ હું તો,
મને કોઈ રીતે નહિ ડરવશે સર્વ ભ્રૂભંગ એના,
પ્રભુ ! છોડો ! છોડો ! ઝટ તટ થકી બાંધી રાખેલ નાવ,
હવે તો તોફાનોમહીં કૂદી પડું, તો જ જીવી શકાય.

(અનુષ્ટુપ)

નિંદ્યમાં નિંદ્ય હો કર્મ, તેમાંયે શુભ તારવી,
કલ્યાણ ભાવના પોષ્યા જે કરે, શ્રેય તે વરે.

કર્મ આ સારું કે ખોટું એવું ત્યાં ન વિચારવું,
શુભ ત્યાં ભાવના પેખી તે રીતે કરવું રહ્યું.

વૃત્તિઓ ના થવા દેવી યદ્વાતદ્વાપણે ત્યહીં,
સધાયે હેતુ જે રીતે કરો તે રીત તે પૂરું.

હતું અંધારું તેથી તો ઘેર શો દીવડો થયો !
ભૂલ્યો'તો હું તને દીએ રાત્રિથી ઓળખી લીધો.

હવે જાણી ગયો છું કે ઉર શું આટલું બધું,
- કોની તે દિવ્ય લીલાથી હિંડોળે હીંચકી રહ્યું !

પ્રભુના ગૂઢ હેતુને મૂર્ખ પામર માનવ
- પામી શકે કઈ રીતે ? હૈયે તે જો રહે જડ.

દેખે, છતાં ન દેખે છે પોતાની આસપાસનું,
જણાશે ક્યાંથી એવાને મહત્ત્વ પછી કોઈનું ?

નરી આંખે બધું જોયું જેનું ધ્યાન થવાપણું,
એવાને બાંધવાના તે વિચારો કરવા વૃથા.

લઈ તે ભાગ્ય એનું જે એ તો જન્મેલ આ જગે,
આપણે સાચવીશું જો આપણું, યોગ્ય સૌ થશે.

સાચવી સાચવી તે શું સાચવી શકીશું બધું ?
આપણે શું થઈ બેઠાં કર્તાહર્તાય સર્વનાં ?

ક્ષણ એક પછી કેવું જીવી તે શકશું ભલા !
એની તો જાણ ના કૈં છે, - શું કરો પછી વેતર્યાં !

## ધ્યાન અને ત્રાટક

ત્રાટક વખતે જે વિચાર આવે તે ગમે તેવા લલચાવનારા હોય, તોય એમાં રસ લેવો નહિ. એમ આનુષંગિક વિચારની સાંકળ જોડવાનું રાખવું નહિ. ત્રાટકમાં એકાગ્રતા પ્રગટી હોય, તે વેળાએ આપણી નાડીના ધબકારા કોઈ ગણી લે તો તે જરૂરનું ખરું. ધ્યાનની બાબતમાં પણ કદીક કદીક નાડીના ધબકારા નોંધવાનું રાખવું. ત્રાટક સમયે હૃદયમાં જેટલું ઊંડું જવાય તેટલું ઉત્તમ. ત્યાં જ વધારે મહત્ત્વ આપશો. ધૂન, જાપ, ભજન સિવાય પણ ત્રાટકમાં ભાવ જામી શકે તો તે ઉત્તમ. સારાય દિવસની પ્રસન્નચિત્તતા, શાંતિ વગેરે ઉપર ધ્યાનનો ઘણો

આધાર રહે છે. આખા દિવસમાં જે સુરીલાપણું ટક્યું હોય, સરળતા જામી રહી હોય, કશું ઊથલપાથલ થવાપણું ન પ્રગટ્યું હોય, એ બધા ઉપર ધ્યાનનો ઘણો આધાર રહે છે. વળી, નામસ્મરણમાં ભાવાત્મક નિરંતરતા જેમ જેમ પ્રગટે છે તેમ તેમ ધ્યાન પણ ઉત્તમ પ્રકારનું થતું જવાનું. સર્વ કંઈ અને સકળ કર્મ, વહેવાર, વર્તન, જે તે બધું શ્રીહરિને સોંપી દેવાનું અને તેવો અભ્યાસ જો પ્રાણચેતનપૂર્વક પ્રગટ્યા કરતો હોય તો તેવા કર્મની અસર ધ્યાનમાં અવતરે છે.

## સદ્‌ગુરુ સાથે હૃદયનો મેળ જમાવો

ગમે તેવા વિચારો આવે તોપણ તે સાથે ખેંચાઈ ન જવું. આપણી સમજ પ્રમાણે તે તે માની ન લેવું. બને તેટલી શાંતિ, પ્રસન્નતા, તટસ્થતા કેળવવાને મથ્યા કરવું. સાધનાનો હેતુ સમજવો, જેનાથી સાધનાનું તત્ત્વ પામવાપણું હોય, એની સાથે હૃદયના તાર પ્રેમભક્તિ-પૂર્વક જોડાયેલા રાખતા રહેવું. તેના વિશે જ્ઞાનાત્મક વિશ્વાસ-શ્રદ્ધા મનાદિકરણમાં પ્રગટે તેમ તેને કેળવતા રહેવું. સાવ નિરાંતવાળા અને નિશ્ચિંતપણે જેટલું રહેવાય તેટલું સારું, તેવું સમજી સમજીને રહેવા પ્રયત્ન કરવો. જે કંઈ સાધનાના હેતુને દૃઢાવે, એની ભાવનાને પ્રજ્વલિત કરે, એવું જે જે હોય તે તે તે ભાવે કરવાનું રાખવું. કોઈનું કહેવાનું ઝટ ગળે ન ઊતરતું હોય તો એનો અર્થ સમજવાનો પ્રયત્ન કરવો. મનમાં ઊઠતા વિચારનાં મૂળ તપાસવાં. કેમ એવું કહેવું ઝટ ગળે ઊતરતું નથી ? શેને લીધે તેવું બને છે ? કયો વિચાર ત્યાં આવે છે ? શાથી આવું અંતર પડે છે ? આ અંતર વધારવું છે કે અટકાવવું છે ? અને અટકાવવું હોય તો શું કરવું જોઈએ ? એ બધું આપણે પૂરેપૂરું વિચારવું ઘટે. હમણાંનું ભલે એવું ન બન્યું હોય, પરંતુ એવું માનસ જ્યાં સુધી છે ત્યાં સુધી તો તે ગમે ત્યારે ઝબકી ઊઠે. એટલે તેવું બને કે ન બને તોયે, જેને લીધે તેવું બનવા સંભવ છે, તે માનસને પલટાવવા આપણે મથવું

જોઈએ. એકવાર આપણા માનસે મરણિયા નિર્ધારથી નક્કી કર્યું કે હવે તો ગમે તે થાય, પરંતુ અંતર વધારવાનું નથી, એક કરવાનું છે. તો પછી મનના નિર્ણયોમાં ફરક પડી જવાનો છે, તે જાણશો.

'આવો સ્વજનો ઓ વહાલાં રે ! અંતર અંતર રમીએ,
એકમેકથી અળગાં રે, ઘડીએ ઘડીએ નવ થઈએ.'

એવી પ્રાર્થના કન્યાકુમારીમાં નહાતાં નહાતાં જે કરેલી, તે તમને યાદ હશે અને એનું રહસ્ય તો દેખીતું છે.

---

હરિઃૐ   કરાંચી, તા. ૨૯-૧૨-૧૯૪૨

## સદ્ગુરુનો ભાવનાપ્રવાહ

છે બંધાયેલ સંબંધો સૌ સાથે ભાવના વડે,
ભાવનાનું પરિણામ કૈં થયા વિણ ના રહે.

ભાવના તો અખંડિત, અબાધિત વહ્યા કરે,
ગ્રહી કોઈ ન જો તે લે તો પાછી ફરતી ઘરે.

ભાવના પાછી આવેલી, પેલાને શું કર્યા કરે,
- એને તે એકલો જાણે, કે જાણે પરમેશ્વર.

એવી તે ભેટથી કૈંક જાણ સાધકની થતી,
પ્રભુનો પાડ માનીને એમાંયે શુભ તે જુએ.

હેતુ જો આપણો સારો, તો વૃથા શું જગે કશું ?
જે જે મળે, હ્દે રાજી ર્‌હેવાનું છે ત્યહીં પૂરું.

ભાવના શુદ્ધ જ્યાં હોય, ત્યાં ભળેલ બીજું કંઈ,
જણાઈ આવશે મેળે એવાને ત્યાં કૃપા થકી.

---

હરિઃૐ   સુરત, તા. ૨-૧-૧૯૪૩

## વાતાવરણથી અલિપ્ત રહો

ધ્યાન હમણાંનું ઠીક નથી થતું એનું કારણ વાતાવરણની ક્લિષ્ટતા પણ હોય. વાતાવરણને અંગે કરીને મનની ચંચળતા જોર પકડે છે. એથી કરી ચિત્ત ડહોળાઈ જાય. એની છાયા પણ રહે. એના વિચારો પણ ધ્યાનમાં પ્રગટે. બીજાનાં કરતાં તમને છાયાની અસર બહુ થોડો સમય રહે છે, પરંતુ ઘણાંને તો ત્રણચાર દિવસ સુધી છાયાની અસર રહ્યા કરે છે. વાતાવરણથી જેટલું અલિપ્ત રહેવાય તેટલું ઉત્તમ. તેવો જાગ્રત પ્રયત્ન કરતા રહેવું. પ્રસન્નચિત્તતા અને શાંતિ મથી મથીને જાળવતા રહેવું. વાતાવરણ ક્લિષ્ટ હોય ત્યારે જ્ઞાનપૂર્વક જાગૃતિ રાખી રાખીને ભાવનાપૂર્વક નામસ્મરણ કર્યા કરવું.

## છેક મૂળ સુધી પહોંચો

મારા આવવાથી તો ઊલટી અવ્યવસ્થા વધવાની. તમારું બધું નિયમિતપણું તૂટી પડવાનું. તેમ છતાં તમે જેમ ચલાવતા હોવ તેમ ચલાવજો. સમર્પણની કેળવણી સંપૂર્ણ મળી રહેતાં તે જેમ થવાનું હોય તેમ ભલે બને. એની હૃદયપૂર્વકની સહજ સમજણ જાગેલી હોય ત્યારે જે બને તે યોગ્ય કહેવાય. કશું ઉપરચોટિયું કર્યે સાધનાના માર્ગમાં પાલવે તેવું નથી. જેમાં જઈએ કે જેમાં ઊતરીએ તેમાં એનાં મૂળ સુધી જઈ પહોંચવાનું છે.

## તમારી ઉત્કટ ભાવનાનું જ મહત્ત્વ

મારી પાસેથી કોઈ પણ પ્રકારની આશા-અપેક્ષા રાખશો નહિ. આપણી સમજણમાં કે સમજણની ગેડમાં જ્યાં ન બેસતો માલૂમ પડું, ત્યારે જરૂર વિદાય કરી દેજો. મને તેથી કંઈ ઓછું આવવાનું નથી, પરંતુ કોઈ જીવ સાધક થઈને મારી પાસેથી કંઈ આશા-અપેક્ષા રાખે તે સહી લેવાતું નથી. સમર્પણની ભાવનાની બાબતમાં મારે કશું કરવાપણું

નથી. આપોઆપ જ્યારે તમારા દિલની ભાવના ચેતનાથી રસવાળી ઉત્કટપણે પ્રગટેલી હશે ત્યારે બધુંયે યોગ્યપણે સૂઝયા કરવાનું છે. વળી, તેવી બાબતમાં મારે કશું કહેવાની જરૂર ન હોય. જે કંઈ થયા કરશે, એમાં પ્રતાપ, પ્રભાવ, મહત્ત્વ, એ બધું તમારી ઉત્કટ ભાવનાનું હશે.

## નાગો સિદ્ધાંત

સમજેલામાં કુશળતા પ્રગટવી ઘટે તો તે સમજણ સાચી ગણાય. પરિસ્થિતિથી તદ્દન અલગ પડી જાય અને જાણે તે સાથે કશી લેવાદેવા ન હોય એવો સાવ નોખો સિદ્ધાંત કશો ન હોઈ શકે. એવો સિદ્ધાંત હોય તો તે નાગો સિદ્ધાંત ગણાય. એને સિદ્ધાંત પણ ન ગણાય.

## વક્રતા નિર્મૂળ કરવા મથો

આપણામાં કંઈ કંઈ વૃત્તિઓ છૂપી છૂપી પડેલી હોય છે અને તે અનેક રીતે સંતોષાવાને ઈચ્છે છે. સંતોષ ન મળતાં અને સંતોષાવાની વચ્ચે જો કંઈ આડું આવે છે, ત્યારે તેવી વૃત્તિ વિકૃતિને પામે છે અને જીવનમાં વક્રતા પ્રગટાવે છે. આમ, આપણે વક્રતા જોઈને બેસી રહેવાનું નથી. વક્રતા શેને કારણે પ્રગટી છે, તે સમજવું જોઈએ અને તે નિર્મૂળ થાય એમ પ્રવર્તવું ઘટે.

## મળેલા સંસારમાંના ધર્મોને ન ઉવેખાય

બાળકના જીવનમાં સારા સંસ્કાર પડે તે ધર્મ માબાપનો છે. એ ધર્મથી ચલિત થયે નહિ પાલવે. બાળકને ઉત્તમ કેળવણી આપવા માટે તમારે બંનેએ મથવાનું છે. જીવનના કોઈ પણ ક્ષેત્રના ધર્મને અવગણીને સાધનાના પંથે આગળ વધી શકાવાનું નથી. આપણું એકાગ્ર કે કેંદ્રિત લક્ષ સાધનામાં પ્રગટેલું રહે તે ઉચિત છે, તેમ છતાં આપણે આપણને મળેલા ધર્મને વેગળો મૂકી શકતાં નથી. જેમ સત્યને અનેક પાસાં છે, તેમ જીવનનાં પણ અનેક પાસાં અને અનેક ક્ષેત્ર છે. તે તે પરત્વેના ધર્મને

સાધકે સાધનાની ભાવના વિકસે એવી રીતે નિરાસક્તભાવે આચરવાના રહે છે. આ હકીકત લક્ષમાં રાખવાની જરૂર છે. પોતાને સાધક ગણાવનાર એવા કોઈક જીવને મેં જાણેલા છે. તે પોતાની પત્નીની વારંવાર અવગણના કરે, તિરસ્કાર પણ કરે, ક્રોધમાં વર્તે. આવી વર્તણૂક સાધકને નથી છાજતી. પોતાના વર્તનથી કરી મળેલાં સ્વજનને આપણા વિશે સંતોષ પ્રગટતો રહે, તે સાધકમાં સરળતા પ્રગટાવવાને માટે ઘણું ઘણું જરૂરનું છે.

---

હરિઃૐ તા. ૪-૧-૧૯૪૩

## હું તો ઉત્પાત જ મચાવીશ

...મને ત્યાં બોલાવવાને ઘણો આગ્રહ કરે છે, પણ મને બોલાવીને કોઈ કાંદો કાઢવાનું નથી. હું તો કંઈ છાનોમાનો બેસી રહેવાનો નથી. કોઈને જંપીને ઠરીને બેસવા દીધા નથી. બધે જ ઉત્પાત મચાવ્યો છે. જે તે બાબતે મારા તરફથી ગોદાટી રહ્યા કરશે, તે બધાંને નહિ ગમે અને નહિ રુચે. મનમાંનો અણગમો વધશે. એટલે આ બધું વિચારીને બોલાવવો હોય તો બોલાવવો. જો મને બોલાવવામાં મારી ગરજને બદલે પોતાની જ ગરજનું ભાન સર્વભાવે પૂરેપૂરું રહ્યા કરશે તો તો કશો વાંધો નથી.

## સલામત સ્થિતિ

કંઈ પણ કશે સલામત સ્થિતિ થઈ જાય તો તે ઉલટાવતા રહેવું. સાધકને માટે તે જરૂરનું છે. જેમ મંથન કરનારી પરિસ્થિતિ મળે તો એમાં દૃઢ, સ્થિર, શાંત, પ્રસન્નચિત્ત, તટસ્થ વગેરે વગેરે કેમ કરીને રહી શકાય, તે પ્રકારની કેળવણી લેવાની તે તક છે, એવું તેવી પરિસ્થિતિ મળવામાં જે જીવ જ્ઞાનપૂર્વક સમજે છે, અને તેવી પરિસ્થિતિમાં તેવો

હેતુ ફળવવાને જાગૃતિ સેવી સેવીને જે જીવ અતૂટ મથ્યા કરે છે, તેને તેવો લાભ મળે છે. સલામત સ્થિતિમાં જે જીવને પડી રહેવાનું ગમે છે, તે કદી સાધના કરી શકવાનો નથી. સલામત સ્થિતિ શોધવાની જેની વૃત્તિ છે, તે તો જીવપણામાં જ ઢસડાવાનો. ભૂલેચૂકે પણ જો કોઈ સાધકની તેવી વૃત્તિ થાય ત્યારે તેમાં તેણે સંતોષ ન માનવો, પરંતુ બળવો પોકારીને ધમપછાડા કરવા. સલામત સ્થિતિમાં કદી વિકાસ થઈ શકે નહિ.

## ઉત્તમ વાતાવરણ સર્જો

બાળકને ઉત્તમ બનાવવાનું સાનુકૂળ વાતાવરણ જે માબાપ સર્જી શકતાં નથી, અને છતાં તેના ઉત્તમ થવાની નિષ્ક્રિય આશા રાખ્યા કરે તો એ તો ખાલીખાલી ઉપરછલ્લું આકાશકુસુમવત્ ગણાય. બાળક ઉત્તમ થાય એવું જો આપણે સાચેસાચ ઈચ્છતાં હોઈએ તો તેવું વાતાવરણ સર્જીને તેનું તેવું જીવન પ્રગટાવવાને માટે સર્વ પ્રકારના પ્રયત્ન આપણે કરવા રહ્યા. ભગવાન પણ ખાલી ખાલી પ્રાર્થના કદી સાંભળતો નથી. જે પ્રાર્થનાની પાછળ હૃદયના ઊંડા ઊંડા ભણકાર નથી, અંતરનો આર્તનાદ નથી, એવી ઊંડી ધા પ્રગટેલી નથી, એવી પ્રાર્થના કદી મદદ કરી શકતી નથી. બાળક ઉત્તમ થાય એવું જો આપણને ગમતું હોય તો પહેલાં તો આપણે પોતે ઉત્તમ થવું.

## કવિવર ટાગોરના એક ગીતનો ગુજરાતી અનુવાદ

(સ્રગ્ધરા)

જાગ્યું જ્યારે નહોતું, મન, પડી રહ્યું'તું ગાઢ નિદ્રામહીં તું !
તે વેળાએ તહારો, પુરુષ મનતણો, દ્વાર તારે પધાર્યો,
એના ચાલ્યા જવાનો, પદરવ સૂણીને, ઊંઘ ઊડી ખરી તો
અંધારામાં પરંતુ મન ! તું રહી ગયું ચોળતું હાથ તારા.
રાત્રિની મધ્ય વેળા જમીન ઉપર તું, અંચળો પાથરીને

કેવુંયે કાઢતું'તું તુજ સમયે બધો એકલું એકલું તે !
અંધારામાં શી ત્યારે, મધુરી કંઈ બજે, વાંસળી એની પ્યારી !
કાને તો સંભળાયે સૂર, પણ નજરે ના ચડે તે કહીંયે.
(શિખરીણી-મંદાક્રાંતા)
અરે ! જે પાસેથી પીઠ કરી ગયું નાસી તું એકવારે,
પછી તેને આંખે ફરી ફરી મથી શોધવાથી વળે શું ?
મૂક્યો કાઢી જેને તુજ ઘર થકી બહાર તેં એકવારે,
હવે એને પંથે પણ વળગતાં લ્હાણ પામીશ શી તું ?

## ઘણાંનો ગૂઢ અનુભવ

કવિવર ટાગોર માનવીજીવનનાં જુદાં જુદાં પાસાં અને માનસિક વલણોને કેવી સુંદર રીતે રજૂ કરે છે ! કવિવરે ઉપરના કાવ્યમાં જે હકીકત નોંધી છે, તેનો અનુભવ મારા તમારા જેવા ઘણાને થતો હશે. આપણે એને ઘણીયે વાર ઘરમાંથી ધકેલી દીધો હશે. પાછળથી કોઈકને વળી પસ્તાવો પણ થયો હશે. કેટલાકને તો તે આવ્યો છે તેનું ભાન સરખું પણ નથી પ્રગટતું. કેટલાક તો તેમણે જ એને બોલાવ્યો હોય છતાં તે જ્યારે આવે છે ત્યારે તેને ધકેલી દેવાનું પણ કરે છે. આવી વિચિત્રતા પણ આપણાં બધાંની છે. જીવનના આવા ગૂઢ અનુભવને કવિવરે કેટલી સ્પષ્ટતાથી કાવ્યમાં ઉતાર્યાં છે ! કદાચ કવિવરને પોતાને પણ જીવનમાં એવું બન્યું હોય, તેની સાચી સમજણ પ્રગટી હોય અને તેવા સંસ્કારની પ્રેરણાને લીધે ઉપરનું કાવ્ય લખ્યું હોય તેમ બને.

## અવનવા પ્રસંગો દ્વારા શિષ્યને ઊંચે લાવવાનો હેતુ

શિષ્યની સાથે એના અંતરના ઉપરના થરથી માંડીને છેક નીચેના થર સુધી પહોંચવાને માટે શું શું કરવું, એની કળા કે પારંગતપણું એના ઓલિયાને એની કૃપાથી તે તે પળે મળી રહેતાં હોય છે. એનો સદુપયોગ કરવાની કળા તેમના સમાગમમાંથી મેળવી લઈએ તો ઘણો લાભ થાય.

બાકી તો જેમ માટીનો ઘડો લેતાં પણ એને ટકોરા મારી મારીને ખરીદવાનું રાખીએ છીએ, તેમ સદ્‌ગુરુને પણ એકવાર ટકોરા મારી મારીને, નાણી જોઈને સંગ્રહવા સારા. આ બાબતમાં લાખ વાર મારે ચેતાવવાપણું બધાંને રહે છે, તે જાણશો.

---

હરિઃૐ સુરત, તા. ૫-૧-૧૯૪૩

## આર્ત જિજ્ઞાસા અને સ્વદોષદર્શનથી પ્રગતિ

બધુંયે સંસ્કારથી બદલાય છે. આપણે ભલેને ગમે તેવાં હોઈએ, પરંતુ ગમે તેમ કરીને આપણે બદલાવું જ છે, એટલી અને એવા પ્રકારની આર્ત જિજ્ઞાસા દૃઢ રાખી શકાઈ તો બીજું બધું સુગમ થઈ પડવાનું છે. એવાંએ બીજાંની વાત મૂકી દેવી જોઈએ. 'મને આમ બધાં કહે છે, બધાં મારો વાંક કાઢે છે. મને કોઈ સમજતું નથી. મારામાં શો દોષ છે ? ફલાણામાં ઘણા દોષો છે. એને તો કોઈ ટોકતું નથી તો મને જ કેમ ચીંધ્યા કરે છે ?' આ પ્રકારનું માનસ અજ્ઞાનીનું છે તેમ સમજવું. જો પોતાના દોષ સૂઝવા માંડ્યા તો આપણે સમજવું કે હવે આપણે સુધરવા વારો આવ્યો છે. હવે જીવનનું મંગળાચરણ થયું એમ નક્કી પ્રમાણવું.

## સાધના માટે નાલાયકી

જ્યાં સુધી જીવને પોતાનો દોષ વસતો નથી, પોતાનું વર્તન તદ્દન યોગ્ય છે એમ જ લાગે છે અને મને બધાં કેમ આમ ટકોરે, એ જેને સમજાતું હોતું નથી, અને પોતાનો દોષ સાંભળે અથવા તો કોઈ તેવું બતાવે તો તે મનમાં ક્રોધે ભરાય, ગુસ્સે થાય છે, એવો જીવ સાધનાના માર્ગમાં પ્રવેશી નહિ શકે. જેને સાંસારિક સુખવૈભવમાં દિલ છે, ધનદોલતની લોલુપતા છે, મોહ, મમતા, પ્રતિષ્ઠામાં મન જેનું રમી રહેલું છે, તેવાને ભગવદ્‌ભક્તિ પ્રાપ્ત થવી શક્ય નથી. જે જીવે ભગવાનને પંથે વળવું છે, તેણે તો એવાં બધાંમાંથી મનને હઠાવ્યે જ છૂટકો છે.

## એકાગ્ર રસની જરૂર

આપણાથી બે ઘોડે નહિ ચડી શકાય. ગોઠે તો કામ ભોગવો, ગોઠે તો રામ ભોગવો. બંનેમાં જીવ નહિ રાખી શકાય. એમ કરવા જતાં તો બાવાનાં બંનેય બગડે. બાકી, આપણે ગમે તેવાં હોઈએ, એની મને ચિંતા નથી, પરવા પણ નથી, કિંતુ એવા ને એવા રહીને એમાંથી ચસવાનું દિલ કર્યા વિના જે 'સાધનામાં છીએ' એવું મનાવ્યા કરે છે, એ પોતાને છેતરે છે. એવો પોતે પોતાને જ છેતરી રહ્યો છે. એનું પણ એને ઉત્કટ ભાન પ્રગટતું હોતું નથી એટલો અજ્ઞાનને વશ તે હોય છે.

## સંસ્કારથી જીવનપલટો થઈ શકે

બાકી, સંસ્કારથી શું નથી થઈ શકતું ? જન્મ થયા પછી બોલતાં ક્યાં આવડતું હતું ? ચાલતાં ક્યાં આવડતું હતું ? દૂધ પીતાં ક્યાં આવડતું હતું ? પહેલાં તો માનું જ દૂધ પચતું હતું. તે પછીથી ગાય-બકરીનું પચવા માંડ્યું. તે બધું બને છે તેવા તેવા પ્રકારના સંસ્કારની પ્રેરણાથી. એકડો પણ આવડતો ન હતો, તે પણ સંસ્કારથી બની શક્યું. આમ, જગતની એકે એક રીતમાં આપણે અનભિજ્ઞ હતા. તેમાં તેમાં સંસ્કાર વડે જાણકાર થઈ ગયા. એવી જ રીતે સાધનામાં પણ છે. કોઈ કામ જે આવડતું ન હતું, તે કરતાં કરતાં પહેલાં તે બગડવાનો ડર લાગતો હતો, તેમાં પણ પાકો અનુભવ થતાં થતાં તે કર્મ ઉત્તમ રીતે કરતા પણ થઈ શક્યા. આમ, ઉત્સાહ, ખંત, પુરુષાર્થ અને ધીરજ રાખીને મંડ્યા રહીએ છીએ તો આપણું કામ સાધી શકાય છે.

## પોતાના જીવનધર્મો સાધનાભાવે પાળવા જ

તેવી રીતે સાધનાના માર્ગમાં સાધકે સાધના સિવાયના તમામ આગ્રહો ઓગાળી દેવાના રહે છે. આનો અર્થ એમ નથી કે તેણે પોતાના જીવનના ધર્મ આચરવાના નથી. પત્ની પરત્વેનો ધર્મ, માતાપિતા પરત્વેનો ધર્મ, બાળકો પરત્વેનો ધર્મ, વગેરે તેણે નિરાગ્રહપણું,

નિર્મમત્વ, નિરાસક્તિ વગેરે વગેરે પ્રગટાવીને જીવનની સાધનાનો ભાવ વિકસી શકે તેવા હેતુના જ્ઞાનથી તે તે ધર્મ તેણે આચરવાના છે. જીવનના કોઈ પણ પાસાના ધર્મને સાધક પાછો ઠેલી નહિ શકે. તે કશાયને મોકૂફ નહિ રાખી શકે.

## સત્ત્વગુણનાં લક્ષણ અને પરિણામ

જે જાગેલો છે, તે સમજી શકે છે. સતત જાગ્રત પ્રયત્ન કરનારને માટે ઉન્નતિનું દ્વાર સદાય ખુલ્લું છે. જેમ જેમ આંતરિક ભૂમિકા સાધનાના ભાવને સાનુકૂળપણે પ્રગટશે તેમ તેમ સાત્ત્વિક ગુણ પ્રગટતો જવાનો. સાત્ત્વિક ગુણમાં સ્થિરતા છે, સમતા છે, શાંતિ છે, પરંતુ તામસના જેવી તેમાં મંદતા નથી. તેમાં તેજસ્વિતા છે, શક્તિ છે, ઉન્નતપણું છે. આવી સ્થિતિમાં એનાં મનાદિકરણની ગતિ જીવપ્રકારની નથી હોતી. જીવપ્રકારનાં વૃત્તિ, વિચાર, વલણો વગેરે વગેરે તેનામાં મોળાં પડી ગયેલાં હોય છે. જેમ જે બાજુ આપણું દિલ નથી હોતું, તે બાજુ આપણે જોઈ શકતાં નથી, સાંભળી શકતાં નથી. એટલે આપણું પહેલાં જેવું મન હતું, તેના કરતાં તે જુદા પ્રકારનું થઈ જશે. તેનું મુખ્ય લક્ષણ તો એ છે કે પ્રાણનો પ્રાકૃતિક ધર્મ બદલાતો જતો અનુભવાય છે. જીવપ્રકારના આકર્ષણનું મૂળ જે અનેક પ્રકારની જીવની આશા, ઈચ્છા, કામનાઓ વગેરેમાં હતું તેમાંથી પલટાઈને તેનું એકાગ્ર કેંદ્ર પ્રભુ તરફનું વળેલું રહ્યા કરે છે. એનામાંથી દ્વિધાભાવ સમૂળગોયે ચાલ્યો ગયો હોય છે અને એવા સત્ત્વગુણની વૃદ્ધિ થયા પછી નિષ્ઠા પ્રગટતાં અને તે સ્થિતિની બહાર ડોકિયું થતાં સાચું અંતરનું જ્ઞાન પ્રગટ્યા કરે છે.

## પ્રકાશિત બુદ્ધિનું સત્કાર્ય

બહારનો આપણો બધો સંબંધ મન વડે કરીને છે, એ તો સમજાય તેવું

છે. મન જેવું વિચારે તેવું સમજાય. મન વિચારે છે ચિત્તમાંના પડેલા સંસ્કારોને આધારે, પરંતુ પાછો ચેતવવાને બુદ્ધિરૂપી ચોકીદાર આપણને શ્રીભગવાને આપેલો છે. એ બુદ્ધિમાં શક્તિ તથા તેજ છે. બુદ્ધિ વડે જેનું તેનું જ્ઞાન જન્મી શકે છે. જીવનમાં જે જે કંઈ સમજણો છે, તે બુદ્ધિના પ્રકાશથી પ્રગટેલ છે. આપણા આધારમાં ચેતનનું કોઈ નજીકમાં નજીક અંગે હોય તો તે બુદ્ધિ છે. એટલે મનમાં ઊઠેલા વિચારોમાં અને વૃત્તિમાં કયા કયા દોષ છે, તે વિચારવામાં બુદ્ધિની મદદ તટસ્થતાપૂર્વક જાગ્રત રહીને જો લઈએ તો આપણને તે વિવેકભ્રષ્ટ નહિ થવા દે. આપણે કેવા થવું છે, કેવું વર્તવું છે, આપણી કઈ નેમ છે, એનાથી વિરુદ્ધ વિચાર થતાં આપણું યોગ્ય વર્તન શું હોઈ શકે ? એ બધું બુદ્ધિ આપણને બતાવશે. બુદ્ધિ બિચારી સહદેવ જોશી છે, એ વાક્ય પણ બરાબર નથી. સહદેવ જોશી તો પૂછે તો જ કહેતા. બુદ્ધિમાં યોગ્ય પ્રકારની વિવેકદૃષ્ટિ ધ્યેય પરત્વેનાં જાગૃતિયુક્ત વલણમાંથી પ્રગટે છે. જે પ્રકારનું વલણ જાગે તેમાં તેમાં મનાદિકરણ ડૂબી જતાં હોય છે, પરંતુ સાધકની સાધનામાં રત થયેલી એવી બુદ્ધિ, કંઈ માયકાંગલી હોતી નથી. એવી બુદ્ધિ સાધકને પોતાનો યોગ્ય ધર્મ ચીંધ્યા વિના રહી શકવાની નથી. આવી બુદ્ધિ આપણે જેવા સ્વરૂપમાં હોઈશું, તેવા આપણા સ્વરૂપને બતાવશે. સાધકમાં એટલું પૂરતું બળ પ્રગટેલું નહિ હોય અને તેમાં તે તણાવા માંડશે તો તેમાં 'મારે કશી લેવા દેવા નથી' એમ બે હાથ ઊંચા કરીને તે બેસી રહેવાની નથી. જે બુદ્ધિમાં સત્-અસત્નો સંપૂર્ણ વિવેક પ્રગટેલો છે, તે બુદ્ધિ તો અંતરની આંખ છે. તમારી કોઈ પણ છાનીછપની કરામતને દીવા જેવી કરીને તમારી આંખ આગળ તે પ્રગટાવશે. આમ, આપણી જિજ્ઞાસા જેટલા પ્રમાણમાં જીવતીજાગતી રહ્યા કરી હશે તેટલા પ્રમાણમાં બુદ્ધિ પણ તેની સાથે સાથે તેજસ્વીપણે પ્રગટશે. તે માર્ગદર્શક બનશે. બુદ્ધિમાં પણ અનેક પ્રકારની મડાગાંઠો અને સમજણો પડેલી હોય છે અને તે તે રીતે જ તે આપણને સમજાવવાને મથે છે. એટલે બુદ્ધિ આ

બધી મડાગાંઠોથી અને આવી બધી સમજણોથી મુક્ત બને, તે પણ જરૂરનું છે.

## સાત્ત્વિક ગુણ કેળવવાનો ઉપાય

એ ત્યારે જ બને કે જ્યારે સાત્ત્વિક ગુણ સંપૂર્ણપણે જીવનમાં પ્રગટેલો હોય અને આવો સાત્ત્વિક ગુણ કંઈ એમ ને એમ પ્રગટી જવાનો છે ? તે કાજે સાધકે ઘણી ઘણી જહેમત ઉઠાવવાની રહે છે. તે યોગ્ય રીતે કેળવવાનો ઉપાય તો એક જ છે. સર્વ પ્રસંગોમાં આપણે જેમ જેમ શાંતિથી, સમતાથી, પ્રસન્નતાથી, ધીરજથી, તટસ્થતાથી, સહનશીલતાથી, સહિષ્ણુતા આદિ વગેરે વગેરે ભાવથી સમજી સમજીને વર્ત્યા કરીશું, તેમ તેમ જીવનમાં સાત્ત્વિક ગુણ કેળવાઈ શકાવાનો છે, તે નક્કી જાણજો. જ્યાં જ્યાં દોષ થાય ત્યાં ચેતવું ઘટે. દોષને સ્વીકારવો. દોષનો સ્વીકાર એટલા માટે કે તેમાંથી આપણે ઊંચે તરી આવીએ. આ બધું, ધ્યેય પરત્વેનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ રાખ્યા કરીને તેવા જ્ઞાનપૂર્વકના જાગ્રત પ્રયત્ન જો કર્યા કરીશું તો તે તેમ બનવાનું છે.

## શ્રીભગવાનની કૃપાશક્તિ

જ્યાં જ્યાં સ્ખલન થાય ત્યાં ત્યાં આપણે ભગવાનની કૃપામદદ માગતાં રહીએ તે યોગ્ય છે. ભગવાનની કૃપાશક્તિ માનવીને લૂલો બનાવવા માટે નથી હોતી. તામસ, જડતા કે ધમાલિયા જીવનમાં પડી રહેવાને માટે પણ તે નથી હોતી. અગ્નિ ગરમ લાગ્યા વિના રહે નહિ, તેમ ભગવાનની કૃપાશક્તિ આપણા ઉપર હોય તો આપણને તેના સ્વરૂપ પરત્વે મથાવ્યા કરે. ભગવાનની કૃપા માગનાર સાધકે પ્રચંડ પુરુષાર્થી પહેલાં તો બનવું ઘટે. ભગવાનની કૃપા જે માગે છે તેનામાં જો ભગવાન પરત્વેનું પ્રેમભક્તિપૂર્વકનું એકધારું સતત આકર્ષણ જાગેલું નહિ હોય તો તેવો માનવી કૃપા માગવાને અધિકારી નથી, એવું મારું નમ્ર માનવું છે. સંસારવહેવારમાં જેની સાથે આપણો ઘણો ઘરોબો હોય

છે, તેની પાસે આપણે સૌ કંઈક માગી શકીએ છીએ. એવી રીતે પહેલાં તો આપણો અને આપણા ભગવાનનો પરસ્પર એવો ઘરોબો હૃદયપૂર્વકનો જામેલો હોવો ઘટે. તો જ એની કૃપા માગવાની સ્થિતિ આપણામાં પ્રગટેલી છે એમ ગણાય.

## ધગધગતી તમન્ના જોઈશે

બાળકને એક બાજુથી ચાલવાનું શીખવાની અદમ્ય પ્રેરણા પ્રગટેલી હોય છે અને બીજી બાજુથી ચાલવાનું શીખતાં શીખતાં ઘણીએ વાર તે પડે છે પણ પાછું તે ઊઠે છે. અનેક વાર પડવાનું થતું હોવા છતાં ચાલવાનું શીખવાની એની અદમ્ય પ્રેરણા અને તેનો ઉત્સાહ તેનામાંથી મુદ્દલે ઘટતાં નથી. આવી જાતની ઉત્કટ ધગધગતી તમન્ના સાધના પરત્વે જે જીવની પ્રગટે છે, તેવો જીવ સાધનામાં પ્રગતિ કરી શકે છે, બાકીના નહિ.

## બાળકની જેમ બીજાની મદદની જરૂર

એવું બાળક જે ચાલવાનું શીખવા માટે મથ્યા કરે છે, તેને માબાપની જ્યાં આંગળી મળી જાય છે કે તેને પોતાને સર્વ આધાર, ચાલણગાડી, બાળક માને છે. પોતે કેટલીય વાર પડે છે અને અથડાય છે તોય તે ચાલણગાડીને છોડી દેતું હોય એવો અનુભવ કોઈ બાળકનો સાંભળ્યો નથી. બાકી, એકવાર સગડીએ અડકવાથી દાઝેલું બાળક ઘણું ખરું તો સગડીને નહિ અડકે, પરંતુ એનાં માબાપની આંગળીથી છૂટી જઈને પડી જવાનું થતાં તે ફરી ઊઠીને એને પકડે છે. એ એને છોડી દેતું નથી. એવી આંગળીરૂપી ચાલણગાડીને આધારે એને જે જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે, તે પ્રાપ્ત થઈ જતું નથી ત્યાં સુધી બાળક તે ચાલણગાડીને પોતાનું સર્વસ્વ માનીને વળગી રહે છે. આમ, દરેકને કશું નવું શીખવા માટે મદદ તો લેવી પડે જ છે.

## ગરજની જરૂર

નવું ક્યારે શિખાય છે કે જ્યારે આપણને એની પૂરેપૂરી ગરજ લાગેલી હોય છે. ભૂખ લાગે છે એવો અનુભવ થઈ ગયેલો હોવાથી એનો સમય થઈ જાય તે પહેલાંથી પણ એના માટેની પૂર્વ પ્રવૃત્તિકર્મમાં આપણે પરોવાઈ જઈએ છીએ. તરસ લાગ્યા વિના પાણી પીવું ગમતું નથી, તેમ જેને ગરજ લાગી નથી તેનાથી આ માર્ગમાં આગળ વધી શકવાનું બનતું નથી. માટે, જેમાં ને તેમાં પૂરેપૂરી, સાચી, ખરી ગરજની મુખ્ય જરૂર રહે છે. ગરજ હોય તો બધું બને.

## ગરજ પ્રગટાવવાની રીત

એટલે હવે ગરજ કેવી રીતે પ્રગટી શકે તે આપણે વિચારવું જોઈએ. કોઈ આપણને ઊંચે લેવા મથે તો ખરું, કિંતુ સાથે સાથે આપણે પણ તેમાં રસ લઈએ, એમાં ઉત્સાહ પ્રગટાવ્યા કરીએ, એ પરત્વેનો પૂરો ખંત રાખ્યા કરીએ, એને યોગ્ય વિચારતા રહીને વર્તન કર્યા કરીએ, એને યોગ્ય જ્ઞાનપૂર્વકનું જીવન ગાળવાનું વિચારતા હોઈએ, એને યોગ્ય જીવનની ભાવનાસૃષ્ટિ ઘડાતી જતી હોવી જોઈએ, એનાથી ઊંધું અન્યથાભાવે જે જે સ્ફુરતું હોય એને મારી હઠાવવા કટિબદ્ધ થયા કરતાં હોઈએ, આવું આવું આપણે કરતાં હોઈએ તો જ કોઈક આપણને ગરજ પ્રગટાવવાની દિશામાં મદદ કરી શકવાનું છે.

## બાળક જેવી દૃઢ શ્રદ્ધા રાખો

બાળક કેટલી બધી વાર સુધી - પોતાને પૂરું જ્ઞાન પ્રાપ્ત થતાં સુધી - માબાપની આંગળીરૂપી ચાલણગાડી ઉપર અટળ શ્રદ્ધા રાખ્યા કરે છે ! તેવું આપણામાં પણ શ્રદ્ધાયુક્ત વલણ પ્રગટવું ઘટે. આપણે એક, બે, ત્રણ વાર સદ્‌ગુરુની ખાતરી કરી લઈએ કે ઘડો કાચો છે કે પાકો છે, બોદલો છે કે ફૂટેલો છે, એ બધું જાણી લેવું જરૂરનું છે કે જેથી જીવનને તે જોખમાવે નહિ. આ બાબતમાં જો હૃદયપૂર્વકની ખાતરી થઈ જાય અને

એવી ખાતરી મળી શકે એવાં લક્ષણો હકીકતપણામાં મળી જતાં હોય (આવું તો ત્યારે જ સમજાય કે જ્યારે આપણી અંતરની આંખ અને આપણું હૃદય તે સમજવાને, સ્વીકારવાને યોગ્ય તત્પરતાવાળાં પ્રગટેલાં હોય) તો એનામાં સર્વ ભાવે, સર્વ રીતે અને સર્વ વાતે જ્ઞાનાત્મકપણે શ્રદ્ધાવિશ્વાસ રાખ્યા કરવાં જોઈએ અને એ જ્યાં લઈ જાય ત્યાં જવા તૈયાર રહેવું ઘટે. જીવનધ્યેયના હેતુની ભાવનાના સ્વીકાર અર્થે ત્યાં સાધકે જાગ્રતપણે ચેતતા તો રહેવું જોઈએ.

## પોતાનો વિકાસ એ જ માપ

શ્રદ્ધાવિશ્વાસ રાખવાં એટલે આંધળા બની જવું એવો એનો અર્થ નથી. સાધકમાં યોગ્ય પ્રકારનો વિવેક જાગ્રતપણે પ્રગટેલો હોવો જોઈશે. ઘણી વાર શીખનારની સદ્‌ગુરુ અનેક ગૂઢ રીતે પરીક્ષા પણ લેતા રહે છે, કારણ કે એને જેમ જેમ એના અંતરની ગમ પડે છે તેમ તેમ અને પ્રત્યક્ષપણે પણ એની પરીક્ષા તે કરતો રહે છે. આ બધી હકીકતની પેલા શીખનારને તો કશી ગતાગમ હોતી નથી. શીખનારે પોતાનો વિકાસ થયા કરે છે કે નહિ એ માપે ચાલ્યા કરવાનું છે. એના જીવનનો થતો જતો વિકાસ એ જ એની પારાશીશી - સાચું માપકયંત્ર છે. જીવનનો વિકાસ જો થતો જતો હોય તો તે કંઈ સમજાયા વિના થોડો જ રહી શકે છે? કોઈ શીખનાર સાધનાના વાતાવરણના ઉત્કટપણામાં મુગ્ધ બનેલો હોય, એને લીધે પોતાની પ્રગતિ થયા કરે છે એમ માન્યા કરતો હોય તો તેવી માન્યતામાં તેવા શીખનારને એનો ગુરુ રહેવા દેશે નહિ. વખત આવ્યે એને તે ચેતાવ્યા વિના રહેશે નહિ. આમ, શીખનારે તો પોતાના વિકાસની પ્રગતિનો ઈતિહાસ કેમ રચાતો જાય છે, એવું એને તટસ્થતાપૂર્વક સ્પષ્ટ દર્શન જો થયાં કરતું હોય તો ગમે તેનાથી એને ક્યાંયે છેતરાઈ જવાનો ભય રહેતો નથી. તે હકીકત તો નિઃસંશય છે.

## પોતાને ન સમજે તે બીજાનેયે ન સમજી શકે

જેને સુધરવું છે ખરું,,,, પરંતુ ઉત્તમ સંસ્કાર પ્રગટાવવાની ખરેખરી ઝુંબેશ ઉઠાવવી નથી, તેમાં પ્રાણ ચેતાવીને સતત ઉદ્યોગશીલ રહેવું નથી, જેની પ્રેરણા દ્વારા તેવા પ્રાણ, ઉદ્યોગ, ખંત, રસ, નવી દૃષ્ટિ, નવી સમજણ વગેરે વગેરે પ્રગટવાનાં છે, છતાં એને એવી રીતે સ્વીકારવાનું સૂઝી શકતું નથી, જેની પોતાની (સાધકની) દૃષ્ટિ સમગ્રતાની અને સળંગતાની પ્રગટી શકતી નથી, જેની સમજૂતી એટલી ઉદાર અને વિશાળ થતી નથી, તેવો જીવ જ્યાં પોતાનું જ પૂરું સમજી શકતો નથી, અને જ્યાં સંસારજીવન વર્તનવહેવારમાં મળતા અનેક પ્રકારના પ્રસંગોની અથડામણોમાં જેને યોગ્ય હૈયાસૂઝ પ્રગટતી નથી, એવો જે પોતાને યોગ્ય રીતે સમજી શકતો નથી, તે બીજાને શું સમજી શકવાનો છે ?

## ગરજ જાગવી જોઈએ

લૂલાને જો પોતાનું લૂલાપણું ખરેખરું સાલે છે, ત્યારે તે લાકડીરૂપી ટેકો લે છે. આંધળાને પોતાનો અંધાપો સાલે છે. એટલે જ એ જેમ તેમ કરીને કોઈને દોરવા-ભોમિયારૂપે લે છે. એ દોરાવો પેલા બિચારાને કેવું સતાવે છે, એનો જેને અનુભવ હોય તે જ જાણે. આમ, જીવને પણ પોતાનો અજ્ઞાનરૂપી અંધાપો ઘણો ઘણો સાલે છે અને જ્યારે પોતાના લૂલાપણાનું સભાન જ્ઞાન પ્રગટે છે ત્યારે તે લાકડી કે દોરાવાને વળગી શકવાનો છે, કારણ કે એની એને ગરજ જાગે છે.

## સદ્ભાવ વિસ્તરતો જાય

જ્યાં જ્યાં પ્રામાણિક પ્રયત્ન છે, સદ્ભાવના છે, ત્યાં ત્યાં જીવનનો સાધક સદ્ભાવથી વર્તશે. સત્યનાં અનેક પાસાં છે. તે પ્રત્યેક પાસાના જીવનને તે સાચું સમજશે. પોતાનો લીધેલો માર્ગ જ એકમાત્ર સાચો છે, એવી મડાગાંઠ તે કદી નહિ બાંધે. જીવનમાં જ્યાં જ્યાં એવા સત્પ્રયત્નનાં એને દર્શન થશે ત્યાં ત્યાં એ પ્રેમભક્તિભાવથી પોતાનું મસ્તક નમાવશે. આમ, સાધકના હૃદયનો સદ્ભાવ વિસ્તાર પામતો

જાય છે. જે માણસને પોતાના દોષ વસી શકતા નથી, તે કદી પણ શ્રીભગવાનના હૃદયમાં વસી શકતો નથી. એવો જીવ કદી પણ ઊંચે આવી શકતો નથી.

## સત્પુરુષનો ભાવ ન ટકવાનું કારણ

અહીં તો આગળ ઉલાળ પણ નથી અને પાછળ ધરાળ પણ નથી. પ્રભુકૃપાથી સાવ નિશ્ચિંત છીએ. કશું ખોવાપણું રાખ્યું નથી. તેથી ફિકર થતી નથી અને ચિંતા પણ નથી. સંસારીઓને ગાળો પણ દઈએ છીએ કે જેથી એમની આંખ ઊઘડે અને તેમની સાથે પ્રેમ પણ કરીએ છીએ કે જેથી તે ભળી, હળી, મળી શકે, પરંતુ જેનું દિલ પૂરેપૂરું, ખરેખરું જાગ્યું નથી એને શું થઈ શકે ! હૃદયના પ્રેમને માનવી કદીક વશ થાય છે તોપણ તે માત્ર થોડા સમય માટે, એવો મારો અનુભવ છે. આપણા દેશમાં મહાન આત્માઓ પાક્યા છે, અવતારો થયા છે, તેમની અસર સમાજના જીવન ઉપર પડીને કેટલી સ્થાયી રહેલી છે ? તે તપાસો. એ સમાજ તો પાછો એનો એ. ગાંધીજીએ દાંડીયાત્રાની કૂચ કરી ત્યારે જેમ જેમ એક દિવસ પસાર થતો તેમ તેમ પ્રજાના માનસમાં, પ્રજાના દિલમાં ભાવનાના ઓઘ પ્રગટતા હતા, તે આપણા બધાંની જાણીતી હકીકત છે, પરંતુ એ ભાવનાના ઓઘ જાણે સમય જતાં જતાં એટલે કે ૧૯૩૦ અને ૧૯૪૨ના ગાળાના વચગાળામાં ઓસરતા થયા હોય એવાં દર્શન પણ આપણને થયાં છે. એટલે કે માનવીજીવનમાં ભાવનાનો સ્પર્શ કદીક કદીક થાય છે, પણ તે ટકતો નથી, કારણ કે એના દિલની એવી ભૂમિકા પ્રગટેલી હોતી નથી અને એને એવા પ્રકારનું જીવન જીવવાની ખરેખરી ઉત્કટ લગની લાગેલી હોતી નથી. સમાજના જીવનને ભાવનાનો સ્પર્શ થાય છે, એ હકીકત જેમ સાચી છે તેમ ઉચ્ચ ભાવનાશાળી આત્માની ભાવનાનો સ્પર્શ મારા તારા જેવાનેય થાય છે ખરો, પણ તે ટકતો નથી. આપણે તો પાછા હતાં તેવાં ને તેવા, 'ધોયેલા મૂળા જેવા' રહીએ છીએ

અને જીવન-જીવનની ખાલી ખાલી વાતો કરીએ છીએ.

અહીં તો સમજી શકવા કે પારખવા અંગે મન સ્વેચ્છાએ કશી મહેનત કરતું નથી. સહજપણે જ્યારે, જેમ કંઈ, જેવું સૂઝવાનું પ્રગટતું હોય છે તેમ તેનું દર્શન થતું જાય છે અને એવા અનુભવથી દઢ શ્રદ્ધા પણ પ્રગટેલી છે.

## અભય અને નમ્રતા

અભય અને નમ્રતા બંને જ્ઞાનભક્તિપૂર્વક કેળવવાની ઘણી ઘણી જરૂર છે. અભય કેળવવાને માટે ભારેમાં ભારે પરાક્રમની, સાહસની, હિંમતની, ધીરજની વગેરે વગેરેની ઘણી ઘણી જરૂર પ્રગટે છે. ભય તો એવો પ્રગટે છે કે તે રોમેરોમમાં ફેલાઈ જાય છે ત્યારે કંપ થાય છે, પરસેવો પરસેવો થઈ જાય છે, ઝોબો વળી જાય છે અને મળમૂત્ર પણ કદીક થઈ જતાં હોય છે. સાવ ભાન-સાન પણ જતાં રહે છે. આ બધું કલ્પનાથી લખતો નથી, પરંતુ મૌનમાં બેઠેલા કેટલાક જીવની અનુભવની આ હકીકત છે.

## મુક્તાત્માનો અદ્‌ભુત આનંદ

જીવનમાંથી સર્વ પ્રકારના ભય જ્યારે ટળી જાય છે ત્યારે સર્વ પ્રકારની મોકળાશ ઝળહળતા પ્રકાશની પેઠે પ્રગટી ઊઠે છે. એવા મુક્તપણાના જીવનની ખૂબી, તેનો આનંદ, તેનું અંતરંગપણું, એ બધું આપણે જે જીવસ્વભાવવાળાં છીએ તેને ખ્યાલમાં ક્યાંથી આવી શકવાનું ? હું તો કહું છું કે આ બધું પ્રયોગયોગ્ય છે. ખરેખરી ઝંખનાપૂર્વક, જ્ઞાનભક્તિપૂર્વક એનો પ્રયોગ કરી જોવાથી એની સાચી સમજણ પડી શકે અને એનો આનંદ પણ મળી શકે એમ છે.

## ગણતરી વગર યાહોમ કરો

પરંતુ એમાં સંપૂર્ણપણે યાહોમ કરીને પૂરેપૂરું ઝંપલાવનાર કોણ છે ? પરિણામને જોઈને આ માર્ગમાં ઝંપલાવ્યે પાલવે તેવું નથી. સંસારનાં ક્ષેત્રમાં તો પરિણામ પ્રત્યક્ષ હોય છે. જેમ કે વેપાર કરીએ તો ધન રળી શકીશું અને એ હકીકત મોટા ભાગે નિશ્ચિત હોય છે. એટલે તેમાં ઝંપલાવવાનું જીવને ગમે છે. આ માર્ગમાં પણ શાંતિ, સમતા, તટસ્થતા, સહિષ્ણુતા, સહનશીલતા, ધીરજ, ઉદારતા વગેરે વગેરે ગુણોની વૃદ્ધિ અને વિકાસ થયા કરવાનાં છે, એ તો સ્પષ્ટ હકીકત છે. એ પરત્વેનું પણ જેને આકર્ષણ છે, તેને પણ તેમાં ઝંપલાવ્યે જ છૂટકો છે. બાકી, પરિણામની વિચારણા ગોઠવી ગોઠવીને, કરી કરીને, જીવનના કોઈ પણ ક્ષેત્રમાં આગળ ધપી શકાતું નથી. 'આમ કરીશું તો આમ થશે જ', એવી ચોક્કસ ગણતરી આમાં નથી અને ગણતરી કરીને, ચોકસાઈ રાખીરાખીને, સંભાળ રાખીરાખીને, ઘણું વિચારી વિચારીને, તોલવાનું કરીકરીને, સાવચેતી રાખીરાખીને, આ બધું કર્યા કરીને આગળ જવાનો આ માર્ગ નથી.

## સદ્‌ગુરુ પરત્વે હૃદયનો પ્રેમ જોઈશે જ

જીવનનાં સર્વ ક્ષેત્રમાં કોઈ ને કોઈ પાસેથી આપણે શીખતાં હોઈએ છીએ. જેની પાસેથી શીખવું છે, તેના પરત્વે હૃદયનો સદ્‌ભાવ, નમ્રતા અને ઊંડો પ્રેમ પ્રગટેલાં હોય છે તો આપણામાં તે વિદ્યા ઝટ અને સારી રીતે પ્રવેશી શકે છે. કોઈ પેઢીમાં બે કારકુન શીખવાને રહે છે. એ બંનેને પેઢીનું કામકાજ શીખવાની ધગશ તો છે, પરંતુ એક છે તે તેવી કામ શીખવાની ધગશ પૂરેપૂરી રાખતો હોવા ઉપરાંત, જેની કનેથી કામકાજ શીખવાનુંછે, તેનું કહ્યું કરવામાં ઉમંગ, ઉત્સાહ બતાવે છે, તેનું કહેલું કામ એકદમ ઉમળકાથી કરે છે. તે આવે તે પહેલાં તેની આગળ-પાછળનું કામ બધું તૈયાર કરી રાખે છે, તેને આવતાંવેંત શું જોઈશે ? તે તે બધું વિચારીને તૈયાર રાખે છે અને વખતો વખત તેને શું શું જોઈશે ? અને તે

શેના વિચારમાં છે, તે પકડી પાડીને પોતે તેને સરળતા જેમ પ્રાપ્ત થાય, તે પ્રમાણે સમજી સમજીને વર્તે છે. એવાની ઉપર પેલા શીખવનારનો હૃદયનો ભાવ ઘણો ઘણો જાગે છે. જ્યારે પેલો બીજો કારકુન પણ છે તો શીખવાની ધગશવાળો, પરંતુ પેલા પહેલા કારકુનની પેઠે શેઠ પ્રત્યે તે કંઈ વર્તતો નથી. એ તો પોતાને જે કામ મળે તે માત્ર કરે છે. આથી, પેલો પહેલો જે શીખનાર છે તેનામાં પેઢીના કામકાજની ઘણી આવડત પ્રગટી જાય છે અને તે આગળ વધે છે તથા તેના ઉપર શેઠની મહેરબાની પણ થાય છે. આ અનુભવની હકીકત છે. તેવી જ રીતે આપણે જીવનની વિદ્યા જે શીખવી છે, તે વિદ્યા જેની કનેથી શીખવી છે, તે વિદ્યા શીખવનારની સાથે અતડા રહ્યા કર્યેથી આપણામાં નહિ પ્રગટી શકે. હજી કદાચ બીજી વિદ્યાઓ તો શિખાય, પણ આ તો નહિ જ. હૃદયમાં હૃદયથી તેની કને નજીકમાં નજીક જવું પડશે. તેનામાં આપણી સહૃદયતા પ્રગટ્યા વિના, તાટસ્થ્યપૂર્વકનું જ્ઞાનભક્તિપૂર્વકનું તાદાત્મ્ય પ્રગટ્યા વિના હૃદય હૃદયનો તેનામાં આપણે એકરાગ પ્રગટ્યા વિના, તેના જીવનના હાર્દને આપણે પામી શકવાનાં નથી, તે નક્કી જાણજો.

## અહમ્ પ્રેમથી ઓગળે

માનવીજીવનમાં અહંકારનું તત્ત્વ બહુ જબરું છે. તેનો લય હૃદયમાં સાચો પ્રેમ પ્રગટ્યા વિના થઈ શકતો નથી. પ્રેમ એક એવી શક્તિ છે કે જેના વડે પરસ્પર એક બની શકાય છે, પરસ્પર નજીક પ્રવર્તી શકાય છે અને જ્યારે પ્રેમના ગુણથી આકર્ષાઈને એકબીજામાં એકબીજાથી ભળવાનું, હળવાનું અને મળવાનું થાય છે ત્યારે અહમ્ આપમેળે ઓગળી જતો અનુભવાય છે. અહમ્‌ને જો ઓગાળી દેવાનું ખરેખરું દિલ હોય તો હૃદય હૃદયનો એવો ભાવ પ્રગટે, તે ઘણું ઘણું જરૂરનું છે. તો જ આપણે એક થઈ શકીએ.

## અહંકારનાં અનિષ્ટ

અહંકાર ઓગળતાં ઓગળતાં અનેક પ્રકારના આગ્રહો પણ ઓગળી જવાના છે, તે નક્કી જાણશો. અહંકારને લીધે આપણે જે તે અને તેવી તેવી સમજણની પકડમાં રહ્યા કરીએ છીએ. અહંકારને લીધે આપણને અનેક પ્રકારનાં મમત્વમાં પડી રહેવાનું બને છે. અહંકાર આપણને જીવપ્રકૃતિમાં જકડાવી રાખે છે. પ્રકૃતિના અસ્તિત્વનું મૂળ કારણ અહંકાર છે. દ્વંદ્વમાં જોડાવી રાખનાર પણ અહમ્ છે. ગુણની ભૂમિકામાં પણ અહમ્ પ્રવર્તે છે.

## અહમ્‌નો લય કરવાના ઉપાય

આમ, જીવનના સાધકે જો સાધનાના હાર્દમાં પ્રવેશવું હોય તો તેણે સર્વથી પ્રથમ અહંકારથી મુક્તિ મેળવવાને જ્ઞાનપૂર્વકના સકળ પ્રયત્ન કરવા ઘટે. સૌથી પ્રથમ સાધકે નમ્રમાં નમ્ર બનવાની જ્ઞાનપૂર્વકની કાળજી અને ઉત્સાહ સેવવાં ઘટે, અને પ્રેમની ભાવના સમજી સમજીને, પ્રગટાવી પ્રગટાવીને પ્રેમથી વર્તવાનું કર્યા કરવું જોઈએ. જ્યારે જ્યારે અહમ્ પોતાનું માથું ઊંચું કરે, તે વેળા તેણે જાગ્રત થઈ જઈને અહમ્‌ની પ્રેરણાથી કશું પણ ન કરવું ઘટે. અહમ્‌નું અસ્તિત્વ છે ત્યાં સુધી સાત્ત્વિક ગુણ પૂરેપૂરો પ્રગટી શકનાર નથી. સમજણોની પકડ બને તેટલી ઓછી થાય, તથા વધારેમાં વધારે નમ્રતાથી વર્તાય, સમજી સમજીને હરેક પ્રકારના આગ્રહથી ન વર્તી જવાય તેની કાળજી રાખવાપણું પ્રગટે, અને પ્રેમની ભાવના ઉત્તરોત્તર વધારે ને વધારે પ્રગટાવતા જવાય, આ બધાં પગલાંથી જીવનમાં મળતા પ્રસંગોમાં જ્ઞાનપૂર્વક જો આપણાથી ઉપરની રીતે વર્તવાનું બની શકે તો અહમ્‌નો લય થયા વિના ન રહે.

## જીવનવર્તનમાં પરાક્રમ દાખવો

આ બધા ઉપયોગ તો બતાવ્યા છે, પણ એનું જ્ઞાનભાન રાખીને વર્તે છે કોણ ? આપણે તો વર્તવામાં પરાક્રમ દાખવવાનું છે, તેનો કૃપા કરીને ખ્યાલ રાખજો. આપણા પ્રત્યેક વર્તનવહેવારમાં તેના હેતુનું જ્ઞાન

ઝળહળતું હૃદયમાં હૃદયથી પ્રગટેલું હોવું જોઈશે.

## ખુલ્લા થવું જ પડશે

જીવનવિકાસની ભાવનાના હેતુ અર્થે જે જે સ્વજન પ્રભુકૃપાથી મળ્યાં છે, તેમને તેમને તેમનું સાચું સ્વરૂપ સમજાવવું અને જીવનમાં તેવા તેવા પ્રસંગોમાંથી તેમના સ્વભાવનું તેમને દર્શન કરાવવું, તે મારો ધર્મ છે. એવું બતાવવાનું થતાં તે તે સ્વજન પ્રેમથી તેને સ્વીકારતાં નથી એવો અનેક વાર મને અનુભવ છે. અને તેથી મને તો લાગે છે કે જે હેતુ અર્થે તે મળેલાં છે, તે તેમનો હેતુ સાચો નથી. કોક વાર પોતાનું કબૂલે છે ખરાં, પરંતુ તે પણ અર્ધુંપર્ધું. જીવનનો વિકાસ પૂર્ણપણે અને બધી રીતે, સંપૂર્ણ ખુલ્લા થયા સિવાય થઈ શકવાનો નથી.

## હૃદયના ખુલ્લા એકરારની જરૂર

આ હકીકતનું અંતરનું જ્ઞાન સાધકને જ્યાં સુધી પ્રગટી શકતું નથી ત્યાં સુધી તે પ્રગતિ પણ કરી શકવાનો નથી. જે જે વૃત્તિ, વિચાર, લાગણી, પરસ્પરના વર્તનથી પ્રગટતી વૃત્તિ કર્મ-પ્રસંગ અને વર્તનમાં જાગતાં વલણો અને તેમાં તેમાં પોતાની પ્રગટતી જતી સ્થિતિ, તે બધાંનો હૃદયનો ખુલ્લો એકરાર પૂરેપૂરો થયા વિના સાધકથી ખુલ્લું પણ થઈ શકાવાનું નથી, તે જાણજો.

## મનની વ્યથા મનમાં સમાવવી પડે છે

ભગવાનની કૃપાથી મળેલાં સ્વજનને તેમની પ્રકૃતિ અને તેમના સ્વભાવનું તથા તેમના અહમ્નું અને તેમની વૃત્તિઓનું જીવનમાં પ્રગટતા જુદા જુદા પ્રસંગોમાંના વર્તન વડે કરીને દર્શન કરાવેલું છે, તે હકીકત છે. જેણે ચેતવું છે તેણે ચેતી શકાય એવા પ્રકારની તેમની તેમની સ્થિતિનું જ્ઞાનભાન તેમને થયેલું હોવાથી તેમ થઈ શકે તેવી શક્યતા તો પૂરેપૂરી છે, કિંતુ ધ્યેય પરત્વેની મહત્ત્વાકાંક્ષાની ગરજ તેમને પૂરેપૂરી

જાગેલી નહિ હોવાથી તે સ્વજન ત્યાં ને ત્યાં પડ્યાં રહેલાં છે. કોક આગળ વધે છે, આગ્રહમાં મોળાશ પ્રગટેલી છે, સમજણ વધેલી છે, તથા બીજી બાબતમાં કંઈક પ્રગતિ દેખાય છે તો તેને સાધનાના હાર્દને પકડવાની પૂરેપૂરી ખરેખરી તાલાવેલી લાગી નથી, એટલે પણ આગળની પ્રગતિ થતી નથી. આ બધું જોઈ જોઈને કૂવાની છાંયડી જેમ કૂવામાં સમાય તેમ અમારું બને છે.

## બધા ભ્રમો ભાંગી જવા જોઈએ

જીવનવિકાસના માર્ગે જવા માટે બધા પ્રકારના ભ્રમો ભાંગી જવા જોઈએ. નહિતર તો મન ત્યાં ચોંટી રહે. બધા ભ્રમ ભાંગ્યા વિના સાચો વૈરાગ્ય પ્રાપ્ત થઈ શકતો નથી. એક જ વસ્તુને અનેક રીતે જોઈ શકાય છે. જે કોઈ જે રીતે જુએ છે, વિચારે છે, સમજે છે, તે ઉપરથી એનું માનસ પણ અંકાઈ જાય છે. જોકે તેથી એવા નિયમને સર્વસામાન્યપણે એકધારી રીતે જડતાથી જ્યાં ત્યાં લગાડી શકાય નહિ. કેટલીક વાર એકનો જે ધર્મ હોય, તે બીજાનો અધર્મ પણ ઠરે એવું પણ બનવા સંભવ રહે છે.

## સ્વજનોનો ઉત્કર્ષ - એ એક જ ગરજ

હું તો પ્રભુકૃપાથી કોઈનું કશું સાંખી લેતો નથી. જ્યાં જ્યાં સાંખી લેવાનું બને છે ત્યારે તેનો હેતુ સામા જીવમાં સહાનુભૂતિપૂર્વક ભળવાપણાનો હોય છે. સાંખી તે લે છે કે જેને કંઈ ગરજ હોય છે. મારે કશી કાંઈ કોઈની ગરજ નથી. ગરજ કોઈ પ્રકારની આશા-અપેક્ષા અને કામનાને અંગે કરીને પ્રગટે છે. જીવનમાં જ્યારે સંપૂર્ણ નિઃસ્પૃહતા પ્રગટે છે, નિર્મમત્વ પ્રગટે છે, નિરાસક્તિ પ્રગટે છે, સંપૂર્ણ નમ્રતા પ્રગટે છે ત્યારે કોઈનામાં જીવપ્રકારની ગરજ કંઈ કશા વિશે પ્રગટી શકતી નથી, તે નક્કી જાણશોજી. પ્રભુકૃપાથી એક ગરજ છે કે જે હેતુ અર્થે સ્વજન મળ્યાં છે, તે હેતુ હૃદયથી કેમ કરીને તેઓ પ્રીછ્યા કરે અને તે પ્રમાણે

વર્ત્યાં કરે અને જીવનમાં પ્રગટે.

## પ્રેમ-સદ્ભાવ વિના ઉત્તમપણું ન પ્રગટે

કિંતુ એવી ભાવનાને પણ કોણ પ્રીછી શકે છે ? કોઈને પોત પોતાની જીવનવિકાસની બાબતમાં પૂરેપૂરી પડી નથી. એટલે તેમાં તેમનો દોષ પણ શો ? ગુણનો ધર્મ જો સમજી શકે તોપણ જીવનમાં ઉત્તમતા પ્રગટે. જીવનમાં ગુણની કદરભક્તિ પણ જો પૂરેપૂરી પ્રગટે તોપણ જીવનમાં સદ્ભાવ પ્રગટ્યા વિના ન રહે. પરસ્પરમાં ગુણની કદરભક્તિ જો પ્રગટી જાય તો સુમેળ થતાં વાર ન લાગે. બંને બાજુનો જ્ઞાનભક્તિ-પૂર્વકનો વર્તાવ હૃદયથી પ્રગટ્યા વિના ઉત્તમપણું પ્રગટી શકવાનું નથી, તેમ જ ઉત્તમનું દર્શન પણ થવાનું નથી.

## પ્રથમ સદ્ભાવપૂર્વકનું જીવન અને પછી ઉપદેશ

અનેક સ્વજનની ગાળો ખાધી છે. અનેક સ્વજનથી ધુતકારાયેલો પણ છું. કેટલાંક સ્વજને તો પાછો ધકેલવાનું પણ કરેલું છે. કેટલાંકે ઘણો વિરોધ પણ કરેલો છે. કેટલાંક સ્વજને તો મનમાં કંઈ કંઈ અન્યથાપણે માની લીધેલું છે. ઉચ્ચ જીવનમાં પ્રગટી શકે એવા ગુણનું દર્શન અને શક્તિના પ્રસંગ અનુભવમાં પ્રગટેલા હોવા છતાં, તે અંગેનું મહત્ત્વ કોઈને જાગેલું નથી. કેટલાંકે અન્યાય પણ કરેલા છે. કેટલાંક સ્વજને તો ઘણો અવગણ્યો પણ છે, તેમ છતાં કોઈ પણ પરત્વેનો આ જીવનો સદ્ભાવ ઘટેલો છે એવું બન્યું નથી. તેમના તેમના ખપમાં આવવાને પ્રભુકૃપાથી ખડેપગે તૈયાર રહી શકાયું છે. કોઈકે અપકાર પણ કર્યા છે તો પ્રભુકૃપાથી તેના ઉપર ઉપકાર કરવાનું પણ બની શક્યું છે. જીવનમાં સદ્ભાવનો સંપૂર્ણ પ્રભાવ પ્રગટ્યા વિના જે તે બધા જીવો સાથે આપણે ઉત્તમતાથી વર્તી શકવાનાં નથી. સદ્ભાવમાં એવો જ્યારે પ્રાણ પ્રગટે છે ત્યારે તે તે જીવનું ઉત્તમપણું આપણા દિલમાં પ્રગટ્યા વિના રહેતું નથી. કોઈ કોઈ જીવની તો અતિ ગંદી ગાળો પણ ખાવાનું બન્યુંછે. છતાં

પણ પ્રભુકૃપાથી તેમના તેમના ઉપર પ્રેમ કરવાનું જ ભગવાને અમને સુઝાડ્યું છે, તે એની પરમ કૃપા છે. જે કોઈએ થોડોક પણ ઉપકાર કર્યો હોય છે કે કોઈનું આ જીવે ઉપર થોડુંક પણ ઋણ હોય છે તો તેને ચૂકવવાને માટે પ્રભુકૃપાથી આ જીવે ઘણી જહેમત પણ ઉઠાવેલી છે, તે જીવનની હકીકત છે. એટલે જ જે તે મળેલાં સ્વજનને તે તે પ્રમાણે વર્તવાનું કહી રહેલો છું. જીવનમાં જે કદી આચર્યું નથી, એવું આચરવાને કદી પણ આ જીવે કોઈને કહેલું નથી, તે નક્કી જાણશોજી.

---

હરિઃૐ ખાર, તા. ૮-૧-૧૯૪૩

## સૂક્ષ્મ તત્ત્વોને આપણે દેખી શકતાં નથી

દરેક વસ્તુને ગતિ છે. વસ્તુ દેખાય છે, તે ગતિને લીધે. ગતિથી વસ્તુ ઓળખાય પણ છે. ચેતન તેમ જ જડ બંનેમાં ગતિ હોય છે. જેઓ માનવી જીવનની ઉપર ગયા છે, માટી તત્ત્વની ભૂમિકાથી ઉપર ગયા છે, તેઓ આપણને સંજોગોવશાત્ સાંભળી પણ શકે અને જોઈ પણ શકે, પણ આપણે તેમને તેમના પોતાના સ્વરૂપમાં જોઈ શકતાં નથી, કેમ કે તેઓ તેમની સૂક્ષ્મતાને લીધે એટલી પ્રચંડ ગતિમાં આંદોલન કરતા હોય છે કે સ્થૂળ શરીરમાં જકડાયેલા આપણે તે સૂક્ષ્મ તત્ત્વોને દેખી શકતાં નથી.

જ્યારે આપણે બોલીએ છીએ ત્યારે એ શબ્દની ગતિનાં મોજાં બીજાના કાન ઉપર પડે છે. તેવી રીતે તેજમાં કિરણોની ગતિને લીધે આપણે જોઈ શકીએ છીએ. શબ્દ તથા તેજને સ્વીકારી શકે એવું યંત્ર જો આપણામાં યોગ્ય રીતનું ન હોય, (જેમ કે બહેરો કે આંધળો) તો આપણે સાંભળી કે જોઈ શકતાં નથી, તેવી રીતે આપણી ઇંદ્રિયો, આપણી દુનિયાદારીની સમજથી પર ગયેલી ન હોવાથી, એનાથી બીજા કશાના અસ્તિત્વની એને ઝાઝી ગતાગમ પડતી નથી.

## જ્ઞાની, યોગી વગેરે ભક્ત એ સૂક્ષ્મ સૃષ્ટિ અનુભવી શકે

સૂક્ષ્મ વિશ્વમાં જે કંઈ બને છે તે પ્રત્યે આપણે બહેરાં અને આંધળાં છીએ. આપણાં જોવા-સાંભળવાનાં સાધનો, આંખ અને કાન, તે બધું જોઈ સાંભળી શકવા જેટલાં સમર્થ નથી, પરંતુ માટીના દેહધારી હોવા છતાં પણ, જે વિરલ આત્માઓએ સૂક્ષ્મ તત્ત્વવાહક શક્તિ કેળવી છે કે જેમને તે મળેલી છે અથવા વધારે યોગ્ય શબ્દોમાં કહીએ તો જેઓ ભગવાનની દિવ્ય સૃષ્ટિ સાથે અને તેના દિવ્ય હેતુ સાથે જાતે જ સંકળાયેલા છે, તે લોકો પેલાં સૂક્ષ્મ તત્ત્વોને જોઈ તથા સાંભળી શકે છે, કેમ કે તેઓ પોતે પોતામાં એવાં આંદોલનો ઉપજાવી શકે છે કે જે પેલાં સૂક્ષ્મ તત્ત્વોનાં આંદોલનો સાથે તાર મિલાવી શકે.

## પ્રેમની અદ્‌ભુત શક્તિ

પ્રેમનાં આંદોલનો એટલી બધી બળવાન અસર ઉપજાવી શકે છે કે હૃદયનો-હૃદયસ્થ આત્મતત્ત્વનો - આ મહાન ગુણ એની અંતિમ હદ સુધી કેળવવાની આપણને આપણા પોતાના જ સુખને માટે જરૂર છે. પ્રેમ સમજણ પ્રગટાવે છે અને જ્યારે તે પ્રજ્ઞાની સાથે સંલગ્ન થાય છે ત્યારે દિવ્ય પ્રકૃતિ અને વિશ્વનાં રહસ્યોના પડદા ઉકેલવાની શરૂઆત આવો પ્રેમ કરે છે.

## ગતિની સર્વવ્યાપકતા

આખુંયે વિશ્વ ગતિનું બનેલું છે. આપણાં બધાંનું અને આસપાસ દેખાતાં ન દેખાતાં બધાંનુયે તે તત્ત્વ છે, ચેતન છે, પ્રાણ છે. એ આપણા આધારનું મૂળભૂત તત્ત્વ છે. બધાંને જોડનારી તે સાંકળ છે. ચેતનવાળી અને ચેતન વગરની બધીયે વસ્તુમાં જેવી જેની પ્રકૃતિ તેવાં તેનાં ગતિનાં મોજાં.

**આપણાં મોજાંને એ જોવામાં ભૂલ કરતો નથી.**

આપણાં પણ તેવાં ગતિનાં મોજાં છે. તે મોજાંને એટલે આપણને કોઈક તેવો પારખી પણ શકે. ક્રોધમાં હોઈએ, પ્રસન્નચિત્ત હોઈએ, વિચારમાં ગરકાવ હોઈએ, વિકારી વૃત્તિમાં હોઈએ કે કોઈ અન્ય કશામાં હોઈએ તે તે કાળે તે પ્રકારની ગતિનાં મોજાં પ્રગટેલાં રહે છે. જેવો વિચાર અને એની જેવી ઉત્કટતા તેવાં તેવાં એની ગતિનાં મોજાં થતાં રહેવાનાં. આ બધું સમજમાં ઊતરી શકે એટલું સ્પષ્ટ સમજાવવાને પ્રયત્ન કર્યો છે, પરંતુ પૂરતું સમજાવી શકાયું નથી, કારણ કે એવું કદી આવડ્યું નથી. પ્રભુકૃપાથી અનુભવતાં આવડે અને એમાં રસ પડે. ઉપર પ્રમાણેની પારખવાની કળા જે જીવાત્માને સાંપડે છે, તેની આકલનશક્તિમાં ફેર પડી શકતો નથી. તે કહે તે સાચું હોવાનો પૂરો સંભવ રહે છે.

## હૃદયનો સહકાર જ બસ છે

જીવનના વિકાસના હેતુ અર્થે મળેલાં સ્વજનો પોતાની તેવી ને તેવી સ્થિતિમાં પડી રહે અને હાલેચાલે નહિ ત્યારે અમારે પણ શું છાનુંમાનું જોયા કરવું ? બોલીએ છીએ તો તે ગમતું નથી અને ઊલટું કઠે છે. જે બોલીએ છીએ, તેનું હાર્દ જ્ઞાનાત્મક ભાવે હૃદયથી પૂરેપૂરું સ્વીકારાતું નથી. આમ, મનહૃદયનો સર્વ ભાવે સહકાર ન મળતો હોય, એટલે તે અંતરની ભાવના બિચારી પાછી પડે છે. દુનિયાદારીનાં સુખો, વૈભવો, ધનદોલત, પ્રતિષ્ઠા, મોભો, મરતબો વગેરે મારે જોઈતાં નથી. એ બધાંય ભંડારો રાખો ભરી ભરીને તમારાં બધાંની પાસે. પ્રભુકૃપાથી મારે તો જે જોઈએ તે જ આપતા રહેશો તો તમારાં બધાંનો ઘણો પાડ. એવો ખોરાક જો મળતો રહે તો ધન્ય ધન્ય. કૃતાર્થ થઈને જીવી શકાય. જે હેતુથી જોડાવાનું બન્યું હોય, તે હેતુ કૃપા કરીને ફળાવવાને માટે બનતું બધું કરી ચૂકો એટલી હૃદયભરી બધાંને પ્રાર્થના છે.

## મારી આગળ સાધનાની જ વાત કરો

સંસારી કામના, આશા, અપેક્ષા વગેરેની વાત જ મારી આગળ ન કાઢશો, કારણ કે ધનદોલત કે એવું કંઈ કશું હોય તો જ આપણામાંની એવી વૃત્તિને ઊછળવાનું કારણ મળેને? અને એ પ્રકારની ગતિમાં મોજાં પ્રગટેને ? એ રીતે આપણામાં એવી ગતિ ઉત્પન્ન થતાં, એના રૂપ જ આપણે બની જઈએને ? અને એ જ ગતિના પ્રકારની સૃષ્ટિ આપણે સર્જતા બની જઈએ છીએ. વિચારની પરંપરા પણ તે પ્રકારની જાગતી રહે છે. એટલે કૃપા કરીને એવું કશું મારી સાથે ન રાખતાં જે કરવાનું છે તે જ કર્યા કરવાનું રાખશો.

## તાવણીનો હૃદયપૂર્વક સ્વીકાર કરો

જોકે જે જે કંઈ માર્ગમાં જરૂરી હોય અને જે કંઈ ઊભું થવાનું હશે તે થવાનું છે. તેથી, હું કંઈ દિલગીર થતો નથી, પરંતુ જે ઊભું થાય છે, એનાં રહસ્ય, હેતુ અને એનાથી જે પ્રકારે લેવાવો જોઈતો અંતરનો લાભ, એ બધું યથાર્થપણે થયા કરે તો મને ઘણો સંતોષ થાય. લોઢાને તપાવવાપણું એ તો એનો આકાર ઘડવા માટે તેમ બનતું હોય છે. એટલે જીવનમાં તવાવાનું જે બનતું હોય છે, તે આકાર ઘડાવાને માટે હોય છે, પરંતુ તેનો હૃદયપૂર્વકનો સ્વીકાર કરવાને બદલે આપણે તો ઊલટો તેનો સામનો કરીએ છીએ. આપણી જાતને તે માટે આપણે સહર્ષ ધરી દેતાં નથી. એટલે હેતુ માર્યો જાય છે અને મળેલી પરિસ્થિતિનો અર્થ સરી શકતો નથી.

## સમજણ છતાં સ્વભાવવશ વર્તે તે મૂઢ

જે કોઈ પરિસ્થિતિને જડપણે લાચારીથી વશ થાય છે, તેનું જીવન તો કચડાયા જતું હોય છે. પરિસ્થિતિનો હેતુ સમજવા છતાં, એનો ખ્યાલ આવેલો હોવા છતાં અને તે આપણા જીવનના કલ્યાણ માટે છે, એવી ભાવના એની સમજણમાં હોવા છતાં જે એવા વિરુદ્ધપણે વર્તે છે, એટલે કે પોતાના તેવા તેવા સ્વભાવને વશ થઈ જાય છે, તેવા જીવને કઈ

કોટીમાં મૂકવા તે સમજાતું નથી ! એવા જીવ પોતાના કલ્યાણને જાણતા હોવા છતાં પોતે અકલ્યાણના સકંચામાં સપડાયે જાય છે. એવા એ વિવશ અને મૂઢ લોક છે. આપણામાં શક્તિઓ તો ભરી પડી છે. આપણે ગમે તે થઈ શકવાં સમર્થ છીએ. આ કંઈ ગપાટા નથી, હકીકતથી ભરેલું સત્ય છે. કંઈક જીવો તેવા થઈ શકેલા છે, એ આપણે જાણીએ છીએ. કૃપા કરીને આપણી પોતાની જીવપ્રકારની માથાકૂટો છોડો. પોતાનું પકડી રાખીને કોણ શું પકડી રાખી શક્યું છે ?

હવે તો કોનો દોષ છે અને કોનો દોષ નથી અને કોનો દોષ કેટલો છે ? એવા ભાગ વહેંચવાનું આપણે પૂરેપૂરું મૂકી દેવું જોઈએ. માટે, હવે એવું બધું છોડી દઈને રસ્તે વળવાનું રાખીએ તો ઘણું ઘણું સારું. જીવનના ધર્મને એકરૂપ કરવાપણામાં આપણું લક્ષ ચોંટે તો તેવું કર્મ ભાવનાથી કરવા જેવું છે.

## ધન પરત્વેની સાચી દૃષ્ટિ ઊગી નથી

પૈસાદાર લોકના પૈસાએ દુનિયામાં ઘણું અવળું ઉપજાવ્યું છે. એ શક્તિ આજે અણઘડના હાથમાં જઈ પડેલી છે. એના સદુપયોગની કળા તેઓ જાણતા નથી. તેઓ ભોગમાં પડેલા છે. ધન એ તો શક્તિ છે. એનું હોવાપણું ખોટું નથી. એના પરત્વેની આપણી વિચારસરણી, એને દિવ્ય હથિયાર તરીકે વાપરવાની કળા, એના ઉપયોગની જ્ઞાનપૂર્વકની યોગ્ય સમજણ આપણને હૃદયથી પૂરેપૂરી સમજાઈ નથી. તેથી, આ બધો ગૂંચવાડો છે.

## પૈસા જીવનને અર્થે જ

જીવન શું પૈસાદારને જ વરેલું હશે કે ? જે જીવનમાં ભાવનાની કદર નથી, ભાવનાનું મૂલ્ય નથી, ભાવનાનો મર્મ જે જીવન સમજતું નથી, તેવા જીવનને કરવાનું શું ? જે જીવને જીવનની જો સમજણ જ ન હોય તો એ પૈસાને કરી કરીને શું કરવાનો છે ? જીવનને અર્થે જ એ બધાંનો

તો ઉપયોગ છે. જો એનાથી જીવન જ ન ઘડાતું હોય અને ઊલટું જો જીવન એનાથી જકડાતું જતું લાગતું હોય તો એ પૈસાને શું કરવાના ? એવા પૈસા આપણા વહાલામાં વહાલા સ્વજનના શબ જેવા છે. પૈસાનું આટલું બધું મહત્ત્વ જીવનમાં વિકૃતિ પ્રગટાવે છે, તે નક્કી જાણજો. જીવનની સંસ્કૃતિની તેજસ્વિતા ઘટી એટલે પરિણામ તો એવું જ આવેને ?

---

હરિઃૐ ખાર, ૮-૧-૧૯૪૩

## બાકીના જીવનનું એક જ કર્તવ્ય

આ શરીરનું બાકીનું જીવન જે કોઈ ભગવાનનું નામ શીખવાને એની કને આવશે એને એની કૃપાથી ગોદાટી કરાવી કરાવીને પણ તે રસ્તે લઈ જવામાં ગાળી શકાવાનું છે. એ જ એના જીવનનું અંતિમ કર્તવ્ય છે. પછી તો જેની જેટલી જિજ્ઞાસા હશે તેટલું તેટલું થયા જશે. ગોદાટીને લીધે પણ કેટલાકને તો ચસવું પડશે. આ જીવતરમાં પ્રભુકૃપાનો એવો યોગ છે. પ્રભુના નામનું સાચી રીતનું મહત્ત્વ જો કોઈ પણ જીવમાં જગાડી શકાયું તો એવા આછાપાતળા કર્મથીયે મને તો પૂરેપૂરો સંતોષ થવાનો છે. જે કોઈ જેવાં પ્રકૃતિ-સ્વભાવવાળું મળશે, તે એની રીતે એના પ્રમાણમાં લાભ લઈ શકાવો શક્ય હશે તો તે લેશે. પ્રભુકૃપાથી આ જીવે તો એનો ધર્મ બજાવ્યે જ જવો. જે જે મળે એમને આ ધર્મમાં એમની એમની રીતે - એ ન જાણે તેમ - સૂક્ષ્મપણે એમને દોરવાં. જે બધાંમાંથી છૂટો થઈ ગયેલો છે, તેવો જ બધાંનામાં એની રીતે જકડાયેલો પણ રહી શકે છે.

## પુરુષના દેહમાં પણ સ્ત્રીત્વ પ્રગટી શકે

જે ભાવનાના ગુણો સ્ત્રીહ્રદયમાં રહેલા છે, એને સ્ત્રીત્વ કહેવાવું જોઈએ. ભાવનાપૂર્વકનું એવું સ્ત્રીત્વ કેટલાક પુરુષોએ કેળવેલું છે એવું જાણેલું છે. ગાંધીજી પોતાને સ્ત્રી તરીકે પણ ઓળખાવે છે. રામકૃષ્ણ

પરમહંસના જીવનમાં એવો ભાવ પ્રગટેલો હતો. એટલે એવા સ્ત્રીત્વની ભાવના પુરુષપણામાં પ્રગટી શકે છે, એની સંપૂર્ણ શક્યતા છે.

## આકાશપાતાળ એક કરવા જેટલા મથવાનું છે

પ્રભુકૃપાથી પાછળ લાગવાપણું આવેલું છે તે વાત સાચી છે. 'આ તો વાંસે પડેલો છે અને ખાઈખપૂસીને મંડેલો છે,' એમ કોકને લાગે તો તે પણ નવાઈ નથી. ગાડીને પાટા ઉપરથી ઉથલાવી નાખીશું તો જાતે પોતે હેરાન થઈશું. માટે, કૃપા કરીને સંભાળ રાખવી જોઈએ. જો બદલાવાનું હોય તો આપણા સ્વભાવના સ્વરૂપને પણ બદલી નાખવું પડશે. સ્વભાવનું સ્વરૂપ કંઈ એકદમ બદલાઈ જતું નથી. એને માટે તો કેટકેટલી સમજી સમજીને જહેમત ઉઠાવવાની રહે છે ! આકાશપાતાળ એક કરવાનાં રહે છે. આપણે કોઈને પણ અકારા ન લાગી જઈએ તો ઉત્તમ. અને એનો ખ્યાલ પણ આપણને જાગવો જોઈશે. સાધનાની દૃષ્ટિ તો ભળેલાં-મળેલાં હોવા છતાં અનોખા છીએ, એવી દૃષ્ટિ છે. જેને ફેરવાવું છે તેને મથ્યા વિના ચાલવાનું નથી. એમાં ગોકળગાયની ગતિ રાખ્યે ચાલે તેવું નથી. હજી તો મૂળમાં જ્યાં એકડો માંડવાની શરૂઆત હોય ત્યાં અવળી ગણતરી થવા માંડતી દેખાતી હોય ત્યારે શું કરવું ?

## દોષ દેખાડવાનો હેતુ

પ્રભુકૃપાથી મથીને, મંથન કરાવીને તેમની તેમની પ્રકૃતિનું યથાર્થ સ્વરૂપ તેમની આગળ સ્પષ્ટ રીતે થયા કરે એમ કરું છું. તે દોષરૂપે તેમ થાય છે તેવું નથી, પરંતુ પોતાના સ્વભાવનાં તેવાં તેવાં દર્શનથી કરીને તે તે સ્વજન તેમાંથી મુક્ત થવાની ઝંખના પ્રગટાવે એવો તેમાં જીવતોજાગતો હેતુ રહેલો છે, પરંતુ અહીં તો દળીદળીને કુલડીમાં જ વાળ્યા જેવું થાય છે. ए પાનાં પડાવે છે અને માથાં ભટકાવે છે, એવી તેની અજબ અને ગજબ કળા છે. દુનિયાદારીની, સંસારીની સમજ અને

ગણતરી જીવનવિકાસના માર્ગમાં પકડી રાખીને આગળ વધી શકાવાનું નથી. બાળકને જેમ આંગળી પકડીને અંદર ઓરડામાં લઈ જવાનું બને છે તેમ ઘણાં સ્વજનને તેમની પ્રકૃતિમાં લઈ જઈને તેમની પ્રકૃતિને નગ્નપણે બતાવવાનું એની કૃપાથી બન્યું છે.

## પોતાની પ્રકૃતિ જાણવાની જરૂર

એટલે હવે આપણે તો આપણી પ્રકૃતિને સાચી રીતે ઓળખીએ અને એમાંથી પાછું વળવાનું કરીએ તો ઉત્તમ. સાધકને પોતાનાં પ્રકૃતિ અને સ્વભાવને જાણવાની પૂરેપૂરી જરૂર છે. એમાં કોઈ કોઈને છેતરી શકવાનું નથી. સૌ કોઈને પોત પોતાનું માપ આવી જવાનું છે. સર્વ પ્રકારની ભ્રમણામાંથી નીકળી જવાનું છે. ઉકળાટ અને ઉશ્કેરાટમાં એકાદ કોઈ શબ્દ નીકળી જાય છે, તે ઉપરથી સારુંયે તે માનવનું માનસ સમજાઈ જતું હોય છે. જે કંઈ સંગ્રહી રાખેલું હોય એને આધારે કોઈ મત કે અભિપ્રાય આપણે બાંધવા નહિ.

## શંકા મનમાં ભરી ન રાખવી

જે શંકા થાય તે કૃપા કરીને લખજો. એને મનમાં ભરી રાખવાથી ફાયદો થવાનો નથી. ઊલટું આ માર્ગે તો તેનાથી નુકસાન છે. જ્યાં સુધી મનમાં ઊંધી સમજણ ભરી પડી હોય ત્યાં સુધી તે સાચી શ્રદ્ધા ઊપજવા ન દે. એટલે શંકાનું નિરાકરણ કરી લેવું ઉત્તમ. કોઈ ગમે તેમ બોલે કે કરે તેની પરવા કરવી નહિ, પરંતુ મનમાં જે કંઈ થયું હોય તે શાંતિથી, સમતાથી, પ્રેમથી કહી નાખવું, તે ઉત્તમ.

## શંકાનાં ઘણાં જ ઊંડાં મૂળ

જીવનમાં વિકાસ કરવાનું જો દિલ હોય તો મનને સર્વ પ્રકારના સંકોચ વિનાનું અને સગડગ વિનાનું રાખ્યા કરશો તો લાભ છે. શંકાની વૃત્તિ સત્યને જાણવાને માટે છે, સત્યને પકડવાને માટે છે, સત્યને

અનુભવવા માટે છે. અને તે ઘણા કાળ સુધી આપણા સ્વભાવમાં ટકી પણ રહે છે. તેના થર કેટલાં પડ સુધી ઊંડા ઊતરેલા છે, તે એકદમ જાણી પણ શકાતું નથી. આ અંગે ૧૯૩૪માં, સાધનાકાળમાં મારે માટે મેં એક કવિતા લખી હતી, તે તમને લખી મોકલું છું :-

(વૈષ્ણવ નથી થયો, એ ઢાળ)

શંકા ડાકણી રે, તેનો કોઈ ન કરશો સંગ,
પ્રેમી સજ્જનો રે ! એનો પાડો રખે પરસંગ. શંકા૦
ડસે સાપણી, એ તો લેતી એક જ જનના પ્રાણ,
પણ જો નાગણ શંકા ડસશે, અનેકના લે પ્રાણ. શંકા૦
પાપણી શંકા, નાગણી શંકા, ડંસીલી વેર ભરેલી,
મોહક રોચક મુખડું એનું, અંદર ઝેર ભરેલી. શંકા૦
ચશ્માં એનાં નવીન ઢબનાં, ઘડીભર મન લલચાય,
હોય તે થકી બતાવે ઊલટું, ચગવે ભ્રમને પાંખ. શંકા૦
એકવાર કંઈ સંગ કરી જો લપટાયા તે સાથ,
નવા નવા નિત વેશ બતાવી, મન કરી લે નિજ સાથ. શંકા૦
સગાં, સંબંધી, સ્નેહીજનની સોબતને તે ટાળે,
પ્રિયમાં પ્રિય પણ પ્રેમીજનનો વિરોધ દિલ પડાવે. શંકા૦
જીવનનાં સંતોષ, સુખો ને પ્રેમ થશે સૌ નાશ,
જીવ્યું તમ ધૂળધાણી થશે ને બનશો છેક હતાશ. શંકા૦
ભાળ્યું એટલું માની ન લેશો, રાખજો દિલ ઉદાર,
નહિતર વ્હોરશો સર્વ નાશ જો, એ પર ધર્યો મદાર. શંકા૦
સત્ય પરખવા શંકા-તત્ત્વનું પ્રભુએ દીધું સ્થાન,
તાટસ્થ્ય સમતુલા જાળવી તે સાથે લો કામ. શંકા૦

તેથી, કંઈ શંકા ઉદ્‌ભવે એનું કોઈ ને કોઈ રીતે સમધાન મેળવી લેવાનું રાખવું.

## કવિવરનું વાક્ય

કવિવર ટાગોરનું વાક્ય તમે જે ટાંક્યું છે : 'Let my love See you even through the barrier of nearness.'

'ખૂબ નિકટતાના ગાઢ આડપડદામાંથી પણ આરપાર તને જોઈ શકું એવો ઉત્કટ અને આર્દ્ર મારો પ્રેમ હજો.'

ખૂબ નિકટપણું પ્રેમને અનુભવવાને આવરણરૂપ છે. જીવનના તેવા અનુભવને કવિવર ઉપલા શબ્દોમાં સ્પષ્ટ ટાંકે છે. એટલે આપણે સ્થૂળ રીતે નિકટવર્તી હોઈએ, તેમ છતાં હૃદયના પ્રેમને પારખવાની, સમજવાની અને અનુભવવાની કળા હૃદયથી જો નહિ મેળવી શકીએ તો એવું નિકટપણું આપણને અંતરાયરૂપ પણ થઈ પડે અને પાસે આવવા ન દે.'

## શંકા થાય ત્યારે તટસ્થતા રાખવી

કવિવરના વાક્યનો મર્મ આપણે જીવનમાં ઉતારવાનો છે. તેવું જો સાચેસાચ બની જાય તો કંઈ કશા સંદેહ પ્રગટે નહિ. ગુરુનાં વચનમાં જરૂર વિવેક વાપરવો જોઈએ, એટલું જ નહિ, પરંતુ એના હેતુને ફલિત કરવાને સૂક્ષ્મમાં સૂક્ષ્મ સાત્ત્વિક બુદ્ધિનો ઉપયોગ પણ કરવો જોઈએ. કશુંયે યદ્વાતદ્વાપણે ન થઈ જાય, ઊર્મિ અને આવેશમાં તણાઈને કશું ન થઈ જાય, તે તો ખસૂસ જોવાનું છે. એમ યોગ્યતાથી વર્તાય તો સમતુલા પ્રગટી શકે. ગુરુનું વચન ગમે તેવું હોય, પણ જો જીવનવિકાસની ભાવના પ્રગટાવવાનો હેતુ તેમાં જીવતોજાગતો રહી શકે તો કશો વાંધો ના આવે. શંકાનું બીજ તો સાધકના મનમાં - તે સાધનાની ઊંચી સ્થિતિમાં આવેલો હોય છે તે કાળમાં પણ - ટક્યા કરે છે. એને પોષણ મળી જાય એવી રીતે આપણે ન વર્તવું જોઈએ. સંશય ઊઠે તે કાળે સાધકે સંપૂર્ણ તટસ્થતા જીવતીજાગતી સમજી સમજીને રાખવાની છે. તેવી વેળાએ સાધકે આમ કે તેમ તણાઈ ન જતાં, તેણે તટસ્થ ઊભવું ઘટે.

સંદેહના વિષયનો બારીકાઈથી તેણે અભ્યાસ કરવાનો રહે છે અને બંને બાજુના સમતુલાથી વિચાર કરવા ઘટે. પૂરેપૂરી તટસ્થતા પ્રગટ્યા વિના કંઈ કશાનો યોગ્ય વિવેક પણ પ્રગટી શકતો નથી, તે જાણશો.

## મત જ ન બાંધવો

એટલે મારા તમારા જેવા સામાન્ય જીવે તો જ્યાં સુધી એવી જ્ઞાનાત્મક પ્રકારની તટસ્થતા પ્રગટી નથી ત્યાં સુધી જે કંઈ આમ કે તેમ વિચાર ઊપજે, તેનાથી આમ કે તેમ કશો મત કે અભિપ્રાય ન બાંધી દેવામાં ડહાપણ રહેલું છે. કોઈ પણ મત કે અભિપ્રાય બાંધ્યો એટલે બંધાયા, અને એટલા સંકુચિત થયા એમ સમજવું. કોઈ પણ જાતનો મત કે અભિપ્રાય પ્રગટી ન શકે એવું સહજ બંધારણ હોય તો તે ઉત્તમ છે.

## ભગવાનની પસંદગીનું ધોરણ

કેટલાક મિત્રો

'यमेवैष वृणुते तेन लभ्यः'

(એ જેને પસંદ કરે છે તેને તે મળે છે.)

એમ વારંવાર મારી સામે આ વચન ફેંક્યા કરે છે, પરંતુ સંસારવહેવારમાં પણ પરસ્પર સમાનધર્મ હોય છે, ત્યાં જ પ્રસન્નતા પ્રગટે છે અને પસંદગી થવાપણું રહે છે. સમાન ગુણધર્મની એમાં પણ જરૂરિયાત છે. જો ચેતન આપણને પસંદ કરે એવું ઇચ્છતા હોઈએ અથવા ભલેને ન ઇચ્છતા હોઈએ તોપણ એના જેવા ગુણધર્મ આપણામાં પ્રગટેલા હોય તો તે આપણને પસંદ કરે અને વરે. જેમ કે,

'समानशीलव्यसनेषु सख्यम्'

(જે જીવના ગુણધર્મો, પ્રકૃતિ, સ્વભાવ અને અભ્યાસ સરખેસરખાં હોય છે ત્યાં મૈત્રી જામે છે.) આમ, ચેતનાના ગુણધર્મો જો આપણામાં પ્રગટ્યા હોય તો તે આપણને પસંદ કરે અને તેને આપણે જરૂર મેળવી શકીએ.

'यमेवैष वृणुते तेन लभ्यः'

એનો અર્થ ઉપર પ્રમાણે બંધ બેસે તેવો છે. તે પ્રમાણેનો અર્થ હું તો કરું છું. બીજાને જેમ ગમે તેમ ખરું. ઉપર કર્યો છે તેનાથી બીજી રીતનો કોઈ અર્થ સમજાવવાનો અથવા ઉપર કરેલો અર્થ ખોટો છે તેમ સમજાવવાનો કોઈ પ્રયત્ન કરશે તો તે સ્વીકારવાને પ્રભુકૃપાથી જરૂર ખુલ્લો રહીશ, તે જાણશો.

## ઊંઘ

કેટલાક મને પૂછે છે કે સાધકે કેટલા કલાક ઊંઘવું જોઈએ ? અને સાધકની ઊંઘ કેવા પ્રકારની હોય વગેરે વગેરે. જે પ્રકારનું કર્મ કરતા હોઈએ તેના ઉપર ઊંઘનો આધાર છે. ઘણી ધમાલનું કામ હોય, શોરબકોરનું કામ હોય, જ્યાં વારંવાર મોટા મોટા અવાજો કાને અથડાતા હોય, ઘણા માણસોની ગિરદી હોય, યંત્રના કાન ફાડી નાખે એવા અવાજો થતા હોય, જ્યાં જોશથી, વેગથી અને ત્વરાથી કામ કરવાનું હોય, કર્મમાં ઉશ્કેરાટ અને તંગદિલી રહ્યા કરતી હોય, આવા આવા પ્રકારમાં ઊંઘનું પ્રમાણ વિશેષ જોઈએ એટલે કે સાતઆઠ કલાક પણ જોઈએ. ઉપલા પ્રકારનાં કર્મોમાં જ્ઞાનતંતુને ઘણી ખેંચ અને તાણ પડે છે અને તેવા પ્રકારની ખેંચ અને તાણના સમારકામ કરવાને માટે ઘણા સમયની ઊંઘની જરૂર. જ્યાં અથડામણ, સંઘર્ષણ, ક્લેશ, સંતાપ, અકળામણ, મૂંઝવણ, ઉશ્કેરાટ, તંગદિલી, ખેંચતાણ વગેરે વગેરે આંતરિક પ્રકારની મનોવ્યથા પ્રગટતી હોય તેવી દશામાં પણ ઊંઘમાં સમયનું પ્રમાણ વિશેષ જોઈએ, પરંતુ જે કર્મના પ્રકારમાં શાંતિ, પ્રસન્નતા હોય, કોઈ પણ પ્રકારની અથડામણ કે ઘર્ષણ ન હોય, સમતા પ્રગટેલી હોય, સુવ્યવસ્થિતપણે જે તે થયા કરતું હોય, જેમાં વ્યવસ્થિતિ પ્રગટેલી હોય, જે કર્મમાં રાગદ્વેષ ન હોય, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર અને અહંકારથી ભરેલાં કર્મ ન હોય, તેવા પ્રકારનાં કર્મ જે

જીવથી થતાં હોય તેવા જીવને ઊંઘનું પ્રમાણ ૪ થી ૫ કલાકનું હોય તો બસ છે. જે જીવનું રોજિંદું એકધારું સતત મનનચિંતવન સાત્ત્વિક પ્રકારનું છે, તેની ઊંઘ તો તેનાથી પણ ઓછા સમયની હોય તો તેથી પણ ચાલી શકે છે. જ્યારે, જે કર્મમાં ઉત્કટ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અહમ્, આશા, ઈચ્છા, કામના, લોલુપતા, તૃષ્ણા વગેરે જીવપ્રકારના ઉત્કટ અને ઉન્માદભર્યા આવેશ અને આવેગો પ્રગટેલા હોય છે, તેવા જીવને તો ઊંઘની વધારે સમયની જરૂર રહેવાની. એવા પ્રકારનો ઘણો ઉશ્કેરાટ જ્યારે હોય છે ત્યારે ઊંઘ ન આવે એવું પણ બને છે. જે જીવને ઓછામાં ઓછી ઊંઘથી પોતાના જ્ઞાનતંતુનું સમારકામ (પ્રગટી ગયેલા સાત્ત્વિક ગુણને લીધે) થયેલું અનુભવાય છે, તેવા જીવને ઉત્તમ પ્રકારનો જાણવો. ઊંઘ એ જ્ઞાનતંતુના સમારકામ માટે છે. જ્ઞાનતંતુની નબળાઈ અનેક કારણોને લઈને પ્રગટે છે.

જન્મથી જ શરીર નબળું હોય અને તેને કારણે જ્ઞાનતંતુઓ નબળા હોય તોપણ તેવા જીવનું મનનચિંતવન સતત એકધારું જો સાત્ત્વિક પ્રકારનું થયા કરતું હોય, અને એવા એકાગ્રતાભર્યા મનનચિંતવનમાં હૃદયની ભાવના પ્રગટેલી હોય તો તેના જ્ઞાનતંતુમાં નવું જોશ અને નવા પ્રાણ પણ પ્રગટે છે. આપણા જ્ઞાનતંતુઓને સબળ બનાવવા હોય તો તેનો આધાર આપણું કેવા પ્રકારનું રોજિંદું મનનચિંતવન થયા કરે છે તેવા ઉપર રહેલું છે. આ અનુભવેલી હકીકત છે. સાધનાકાળ પૂર્વે આ જીવના શરીરને 'હિસ્ટીરિયા' લાગુ પડેલો અને તે નામસ્મરણ લીધા કરવાથી મટી શકેલો. આમ, મન, જ્ઞાનતંતુ કે બીજાં કરણો ગમે તેટલાં વિકૃત હોય તોપણ આપણે જો પ્રામાણિકતાથી, પ્રેમભક્તિપૂર્વકની નિષ્ઠાથી, ચેતન પરત્વેનું એકધારું મનનચિંતવન કર્યાં કરીએ તો તે તે વિકૃતિ જરૂર સુધરી શકે તેવી છે, તે જાણશોજી. માટે, બીજી બધી માથાકૂટ મૂકીને આપણાથી બની શકે તેટલું, પ્રવર્તી શકાય તેટલું તે દિશામાં પ્રવર્તવું એ આપણે કાજે ઉત્તમ છે. આપણે જે જીવનનું ધ્યેય

દિલ કરીને લીધું છે, તેમાં કોઈ પણ રીતે એકનિષ્ઠા પ્રગટાવીએ અને તેવી એકનિષ્ઠા પ્રગટતાં આપણી ઊંઘના પ્રકારમાં ફરક પડતો અનુભવાશે. ધારો કે આપણને ઘણા કલાક સુધી ઊંઘ આવ્યા કરતી હોય અને તે વિના પૂરતો આરામ ન મળતો હોય તો તેવા જીવે સાધનાર્થે શું કરવું ? એમ કોઈ પૂછે તો તેનો જવાબ તો એ છે કે ઊંઘના માત્ર કલાક ઘટાડવાથી તેમાં સુધારો નહિ થાય, એટલું જ નહિ પણ ઊલટો બગાડો થશે. તેના કરતાં તો પોતાને શાંતિ, પ્રસન્નતા, સમતા વગેરે કેમ કરીને કર્મ કરતાં કરતાં જળવાઈ રહે, બને તેટલાં ધાંધલ, વેગ, આવેશ, આવેગ, ઉશ્કેરાટ વગેરે ઓછામાં ઓછાં થાય, કર્મમાં ઓછામાં ઓછી અથડામણ થાય, સંઘર્ષણ, અકળામણ, વ્યથા, સંતાપ, ક્લેશ વગેરે જેટલાં ઓછામાં ઓછાં થાય, મનોવ્યથા જેટલી ઓછામાં ઓછી થાય, તામસ અને રજસ પ્રકારનું ગુણનું ધોરણ ઘટીને સાત્ત્વિક પ્રકારનું પ્રગટે અને પ્રભુનું મનનચિંતવન જેટલું પ્રેમભક્તિથી વધારેમાં વધારે સમય થયા કરે, આ બધાથી કરીને ઊંઘમાં જે ફેરફાર પ્રગટશે, તે ઉત્તમ હશે, અત્યંત ઉત્કટ ઉશ્કેરાટ, ખેંચ, તાણ, તંગદિલી, ભારે ચિંતા, ફિકર વગેરે વગેરે ઘણાં પ્રમાણમાં પ્રગટેલાં હોય ત્યારે પણ ઊંઘ ન આવે, પણ તેવી ઊંઘ ન આવવાને કારણે શરીરમાં બેચેની રહે, શરીર સુસ્ત રહે, મનાદિકરણો ઉપર પણ તેની અસર થાય, તમસ અને જડતા પણ વધે, ઉત્સાહ-ઉમંગ ન પ્રગટે, હૈયાસૂઝ કંઈ કશા વિશે ન પ્રગટે અને પોતે શરીરથી જાણે મડદું હોય એના જેવી એની દશા થઈ જાય.

રાજકારણના ઘણા અટપટા અને મુશ્કેલીભર્યા કોયડાઓને લીધે અને તેવા માનસિક બોજાને લીધે ઊંઘ ઓછી થઈ જતી હોય એમ પણ બની શકે છે. રાજકારણના ઘણાયે અટપટા પ્રશ્નોને તેમાં સતત સંડોવાવાનું બન્યા કરતું હોય, તેમ છતાં જેના આધારની સમગ્ર ભૂમિકા પ્રભુમય દશામાં પ્રગટવા માંડેલી છે, અને પ્રભુ ઉપર જેનાં શ્રદ્ધાવિશ્વાસ અટળ છે અને જેના જીવનમાં તે પરત્વેની એકાગ્રતા પ્રગટેલી છે, તેવાને પણ ઊંઘ

સાત્ત્વિક પ્રકારે ઓછી હોઈ શકે છે. જીવનમાં સંપૂર્ણ આત્મનિષ્ઠાનો ભાવ પ્રગટી ગયેલો છે ત્યારે ઊંઘનો સ્થૂળ પ્રકાર સંપૂર્ણપણે બદલાઈ જાય છે. એ ઊંઘતો હોવા છતાં, ઊંઘતો નથી એમ પણ અનુભવમાં આવે છે.

## મહત્ત્વ ઊંઘને નહિ સાધનાને જ

કેટલાકની શરીરપ્રકૃતિ જ એવી હોય કે ઊંઘ ઓછી હોય અને કેટલાકની શરીરપ્રકૃતિ ઊંઘ વધારે આણનારી હોય. આ કારણથી સાધકે ઊંઘની બાબતમાં વિચારવાનું કર્યા કરતાં પોતે પોતાના રોજિંદા જીવનમાં શ્રીભગવાનના ભાવને કેટલો વધારેમાં વધારે સમય ધારણ કરી શક્યો છે, તે તેના આગળ એક ભારે મહત્ત્વનો વિષય હોવો ઘટે અને તેમાં તેણે વધારે લક્ષ પરોવવું જોઈએ. જો હૃદયના એકાગ્રભાવથી તેમ થયા કરશે તો બીજું બધું સુતરું સુતરું પ્રગટ્યા કરવાનું છે, તે નક્કી જાણજો.

## ખુલ્લું મન રાખી સુમેળ સાચવો

કોઈક જીવ એમ પૂછે છે કે આપણે સાધકદશામાં હોઈએ ત્યારે કોઈ કારણથી કરીને મનમાં ક્લેશ થાય, અકળામણ થાય, સંતાપ થાય અને તેની અસર ઘણા વખત સુધી ટકે તથા જ્ઞાનતંતુને તેથી અસર પહોંચે અને તેના કારણે પણ ઊંઘ વધે, તો એવાએ શું કરવું ? એવાએ વિખવાદના ઝઘડામાં મન પરોવવા કરતાં અને તેનાં સંતાપ અને ક્લેશની ચિંતામાં પડવા કરતાં તેનો ઉપાય વિચારી તે પ્રમાણે વર્તવું. વિખવાદનું મૂળ ન રહે તેમ પ્રવર્તાય તો ઉત્તમ. વ્યક્તિ વ્યક્તિ વચ્ચે સુમેળ અને સદ્‌ભાવ ખરેખરો હૃદયથી પ્રગટ્યા કરે અને પરસ્પર એવો હૃદયનો ભાવ પ્રગટેલો વહ્યા કરે તો પરસ્પરથી એવા ઝઘડા ઉત્પન્ન થવાનો સંભવ રહેતો નથી. એવી સ્થિતિ ન થઈ હોય અને અથડામણ થવાની શક્યતા હોય તેવી વેળાએ આપણે જાગ્રત થઈ જઈને ભિન્નતાની કે ઉદ્વેગની પકડમાં પરોવાઈ ન જવું. આપણી રીત અથવા તો આપણી સમજણ એ જ

સાચી છે એમ પણ માનીને ન બેસી જવું. સામો પણ તેની રીતે સાચો હોવાની પૂરી શક્યતા છે. વ્યાવહારિકતાની દૃષ્ટિએ કોઈ વ્યક્તિ અમુક રીતે અમુક કામ કરે અને કોઈ બીજાને તેની સૂઝ ઓછી હોવાથી બીજી રીતે પણ કરે અને એમ પાસે પાસે રહેતા હોવાથી કોઈક વખત અન્યથાભાવ પણ પ્રગટે, પરંતુ જે સાધક છે, તેવાએ તો જાગૃતિ રાખી રાખીને તેવા કાળે તેવા અન્યથાપણામાંથી બચી જવું ઘટે.

## જાગૃતિ થતાં આત્મસંતોષ અને શાંતિ

એવો જે જાગ્રત પ્રયત્ન કરે છે અને તે રીતે મથે છે, તેનો તેવો સત્પ્રયત્ન થતાં થતાં તેનામાં તે પરત્વેની જાગૃતિ પણ પ્રગટે છે. જેમ જેમ જાગૃતિ વિશેષ ને વિશેષ પ્રગટે છે તેમ તેમ તેવી જાગૃતિમાં અને તેવી જાગૃતિથી થતા રહેતા પ્રયત્નમાં તેનો ભાર કે બોજ ઓછો થાય છે અને અંતે મુદ્દલે રહેતો નથી. પોતાથી થતા રહેતા ઉત્તમ કર્મનો અને તેની ઉત્તમતાનો આત્મસંતોષ તેને પ્રગટે છે. તેથી, તેની શાંતિમાં અને પ્રસન્નતામાં કંઈક વૃદ્ધિ પણ થતી રહે છે.

## પોતાનો જ દોષ જોવો

પરસ્પરના પ્રકૃતિભેદને કારણે, રુચિભેદને કારણે, વ્યવહારુ-અવ્યવહારુપણાને લીધે જે જે સંઘર્ષણ જાગે, તે તો હંમેશાં પોતાના જ પરત્વે જે તે લઈને પોતે ચેતવાને જાગ્રતપણે મચ્યો-મંડ્યો રહે છે. અને આ ઉપરાંત, જેમ જેમ પરસ્પર સદ્ભાવ પ્રગટતો જાય છે તેમ તેમ એવાં સંઘર્ષણ ઓછાં ને ઓછાં થતાં જાય છે. ભલેને કોઈ ઓછામાં ઓછા પ્રકારની વ્યવહારુકતાવાળો હોય અને કોઈ ઉત્તમ પ્રકારની વ્યવહારુકતાની દશાવાળો હોય તોપણ આપણા દિલનો સદ્ભાવ અને પ્રેમ જો તેવી તેવી અથડામણાંથી વિશેષ ને વિશેષ જાગ્રત અને તેજસ્વી થયા કરશે તો સુમેળ અને સંવાદ પ્રગટવાનો છે, તે નક્કી જાણજો.

## સાત્ત્વિક ગુણો વર્તનમાં પ્રગટાવો

પ્રયોગ કરી જોવાથી પરિણામ વિશે સંતોષ પ્રગટી શકે છે. વચન કે વાણીનું માહાત્મ્ય નથી, પરંતુ તેને જે ભાવથી અને જે રીતે પ્રેમભક્તિથી પાળીવર્તીને જીવનમાં ઉતારવાનું બને છે, તેમાં વચનનું સાચું માહાત્મ્ય રહેલું છે. જગતમાં વ્યક્તિને વ્યક્તિની સાથે રહેવાનું બનવાનું, એટલે સુમેળ અને સુસંવાદ પરસ્પર પ્રગટેલો રહે તો અથડામણ, સંતાપ, ક્લેશ વગેરે વગેરે ઓછામાં ઓછાં પ્રગટે અને તો આપણાં શાંતિ, પ્રસન્નતા આદિ ઘવાય નહિ. સમજી સમજીને જ્ઞાનપૂર્વક સાધનાપંથે પળનાર જીવાત્માએ સહનશીલતા, ધીરજ, સહિષ્ણુતા વગેરે ગુણને કેળવવાના છે. એટલું જ નહિ પણ જો તેના વર્તનમાં પ્રત્યક્ષપણે તે ન પ્રગટતા હોય તો તે સાધના જ કરી શકવાનો નથી.

## પોતાના દોષો ખૂબ સાલવા જોઈએ

પોતાનાં પ્રકૃતિ અને સ્વભાવની ઊણપ પારખીને તથા તેને સ્વીકારીને તેનાથી મુક્ત થવાનો જોરદાર પ્રયત્ન તેણે કરવાનો રહે છે. જો તે તેમ કરે છે તો તેમાંથી તેને જરૂર વિકાસનો માર્ગ આગળ ને આગળ સૂઝી આવે છે. બીજા જીવોની સાથેના વહેવારમાં જ્યાં સુધી તે અને આપણે, બંને જીવદશાનાં છીએ ત્યાં સુધી તો પરસ્પર પ્રકૃતિ અને સ્વભાવનાં વર્તન અને પરસ્પરના પરસ્પરથી થતા રહેતા અનેક પ્રકારના વહેવારથી માનવી પોતાના માપે એકબીજાને સમજે છે અને માપ્યા કરે છે અને જે જીવમાં જીવનવહેવારને અંગે યોગ્ય પ્રકારની હૈયાઉકલત નથી કે પરસ્પર સાથે યોગ્ય રીતે વર્તવાની જીવનકળા પ્રગટી નથી અને પ્રસંગે પ્રસંગે સાનુકૂળપણે વર્તવાની હૈયાસૂઝ જેનામાં નથી, તેવા માનવી વિશે બીજાના મનમાં જરૂર અન્યથાભાવ જાગવાનો જ. તે કોઈને પોતાના વિશે સંતોષ પ્રગટાવી શકવાનો નહિ. આવી હકીકત તેવા જીવને અંતરમાં અંતરથી ખરેખરી સાલતી નથી અને તેની તેને ઊંડી ઊંડી વેદના પ્રગટતી નથી ત્યાં સુધી તે તેની સ્થિતિમાંથી ચસી શકતો

નથી.

## આપણે તો આપણું જ સંભાળવું.

સદ્‌ગુરુ તો તેને અનેકવાર તેવા પ્રસંગો પ્રાપ્ત કરાવીને તેની પ્રકૃતિ અને તેના સ્વભાવનાં પ્રત્યક્ષ દર્શન કરાવે છે, પરંતુ તેનો જે સ્વીકાર જ નથી કરતો અથવા તો ખાલી સ્વીકાર કરે છે અને પોતાનાં પ્રકૃતિ અને સ્વભાવમાંથી મુક્ત થવાને જાગ્રત અને પ્રયત્નવંત નથી બનતો, તે પોતાનાં પ્રકૃતિ અને સ્વભાવનાં વલણમાં વધારે ને વધારે જકડાતો જવાનો છે, તે પણ નક્કી. આમ, એવા માનવીને વિશે જો કોઈ બીજા, સાથે રહેનારા જીવાત્માના દિલમાં હંમેશને માટે અસંતોષ રહ્યા કરે તો તેનું કારણ તે પોતે છે, એમ નિશ્ચે સમજવું. અલબત્ત, સામો જીવ હૃદયની સંપૂર્ણ સહાનુભૂતિ અને પ્રેમભાવ પ્રગટાવીને અને સદ્‌ભાવને આચરણમાં મૂકીને પેલા જીવ સાથે વર્તે તો તેમાં જરૂર ફરક પડે ખરો, પરંતુ બીજા જીવ પાસે એવી અપેક્ષા રાખવી એ યોગ્ય નથી. સાચી રીતે તો આપણે જ આપણું પૂરેપૂરું સંભાળવું ઘટે.

## માત્ર સ્વદોષદર્શન બસ નથી

સાધકે પ્રાકૃત જીવનની એકે એક વૃત્તિને અને વલણને તેનું પ્રગટીકરણ તેના તેના ઉચ્ચ વર્તન-સ્થિતિમાં થાય તે કાજે મથવું જોઈએ. એની કોઈ એક રીત નથી હોતી. પોતાને સાનુકૂળતા પ્રગટે એવી રીતે સાધકે પોતે મથી મથીને તેવી રીતો શોધી કાઢવાની પણ રહે છે. સદ્‌ગુરુ તેમાં મદદ પણ કરી શકે છે. બધું દેખી રહ્યે અને બેસી રહ્યે કશો દહાડો વળવાનો નથી. તે પરત્વે સતત સમજી સમજીને જહેમત ઉઠાવવાની છે.

## બધું જ પ્રભુ કરાવે છે

'બધું જ પ્રભુ કરાવે છે અને કરાવશે,' તેવું બોલવું એ તદ્દન મિથ્યા છે. જ્યાં સુધી આપણામાં અહમ્ છે, અનેક પ્રકારની દ્વંદ્વાદિક વૃત્તિઓ છે, ત્યાં સુધી તેમ બોલવું એ નર્યો મિથ્યાચાર અને દંભ પણ છે. એમ

બોલીને માનવી પોતાને કંઈ ન કરવું પડે એવા પ્રકારની છટકબારી શોધતો હોય છે. જીવને એવા પ્રકારનાં સંપૂર્ણ શ્રદ્ધા, વિશ્વાસ, ભક્તિ પ્રભુ ઉપર પ્રગટેલાં તો હોતાં નથી, 'બધું જ પ્રભુ કરાવે છે,' એ જાતની ભાવનાનો સંપૂર્ણ નિર્ધાર એનામાં પ્રગટેલો નથી, એટલે જીવનું તેવું બોલવું 'વદતોવ્યાઘાત' છે.

## સાચી સાધના

એના કરતાં તો પોતાના પ્રત્યેક જીવપ્રકારના વલણને તેની ઉચ્ચતમ સ્થિતિમાં પ્રગટાવવાને અને પલટાવવાને જાગૃતિ રાખી રાખીને, સચ્ચાઈથી, પ્રામાણિકતાથી અને એકનિષ્ઠાથી હૃદયપૂર્વક જો મથ્યા કરીએ તો તે સાચી સાધના છે. અને તે આપણને જરૂર મદદ કરશે. દોષ થતાં છતાં આપણને જાગૃતિ પ્રેરાવશે અને ઊંચે લઈ જવાને પ્રેર્યા કરશે.

## અથડામણમાંથી જાગૃતિની જરૂરનું ઉત્કટ ભાન

સાધકને ઘણી વાર અથડાવાપણું પ્રગટે છે. ઘણી વાર સદ્‌ગુરુ પણ જાણીબૂજીને તેમ કરતો હોય છે. જોકે સાધકને તેની જાણ તે પડવા દેતો નથી અને એવું બધું પ્રગટાવેલું એના માથા ઉપરથી કેટલીક વાર તો પસાર થઈ જતું હોય છે. આમ થતું હોવા છતાં તે એને ચેતાવે છે પણ ખરો. આપણે કેટકેટલું જાગ્રત રહેવાનું હોય છે એની ઉત્કટ માત્રાની તેથી સમજણ પ્રગટે છે.

## મડાગાંઠો

સાધકના જીવનમાં અમુક પ્રકારની મડાગાંઠને હઠાવવા એને જીવનમાં કંઈક કંઈક પ્રસંગો સાંપડે છે. પ્રસંગોથી કરીને એને જીવનની કેળવણી મળે છે. મડાગાંઠો છૂટવી જ જોઈએ. છૂટ્યા વિના સર્વ પ્રકારે ખુલ્લા પણ ન થઈ શકાય. મડાગાંઠ હોય ત્યાં સુધી જકડાયેલા જ રહેવાય અને મડાગાંઠને લીધે તે તે પ્રકારની સમજણ પ્રમાણે વિચારવાનું, સમજવાનું, માપવાનું, તોલવાનું બને છે. જીવનવિકાસની ભાવનાને

વિશેષપણે પ્રગટાવવાને માટે આ બધું વર્જ્ય થવું ઘટે.

## પૂજ્ય ઠક્કરબાપાની કદર

આજે પૂજ્ય ઠક્કરબાપાને મળવા ગયો હતો. તેમણે ગુજરાતની બધી હરિજન સંસ્થાઓમાં ફરવાને, દેખરેખ રાખવાને અને વ્યવસ્થા પ્રગટાવવાને માટે હુકમ કરેલો છે. વચ્ચે નડિયાદ અને ખેડા તો જઈ આવ્યો છું. હેમંતભાઈને પણ આમાં રોકવાના છે. તેમણે તો મને મંત્રીપદ લેવાને ઘણું કહ્યું, પરંતુ ઘસીને ના પાડી. ત્યારે તેમણે સૂચવ્યું કે 'હેમંતભાઈને મૂકીને તારે બધી દેખરેખ રાખવી. પરીક્ષિતલાલ આવે ત્યારે તારે છૂટા થવું.' એમણે તો વેતન લેવાને પણ મને સૂચવેલું હતું, પરંતુ તે બાબતમાં તો મેં સ્પષ્ટ ના પાડી. ઉઘરાણાની પણ બધી હકીકત પૂછી. એકલે હાથે કશી લાગવગ વિના આટલી મોટી રકમ એકઠી થઈ શકી, તે માટે તેમણે ઘણી ખુશી બતાવી. ગુજરાત હરિજન સેવક સંઘને એક વર્ષ સુધીની પૂરેપૂરી નિરાંત થઈ ગઈ. હજી પણ રકમ તો ઉઘરાવ્યા કરવાની છે. પૂજ્ય બાપાએ કહ્યું કે 'સંઘમાંથી મુક્ત થયા પછી પણ, તું આપમેળે આટલું બધું કામ કરશે એવો ભરોસો ન હતો. તારા આ કામથી રાજી થયો છું.'

---

હરિઃૐ   ખાર, તા. ૧૩-૧-૧૯૪૩

## બંધ કાગળનું તથા સામાની પ્રકૃતિનું જ્ઞાન

કરાંચીમાં રહેતો હતો ત્યારે કોઈકના એક જણ ઉપર કાગળ આવતા હતા અને કાગળને ફોડ્યા વિના તેમાં શું શું લખેલું છે, તે બધી હકીકત તેની હાજરીમાં કહેવાનું પ્રભુકૃપાથી થતું. આવા પ્રસંગો એકબે નહિ, પણ આઠદસવાર થયેલા. એ તો એક પ્રયોગ તરીકે અનુભવવા પૂરતું તેમ બનેલું. તેવો પ્રયોગ ચાલુ ન રાખી શકાય. વળી, કરાંચીમાં પૂજ્ય બાપુ મને અમુક અમુક માણસો વિશે અને તેમની પ્રકૃતિ વિશે પણ

પૂછતા. ત્યારે પણ તે તે જીવ અંગે કહેવાનું બનતું. પરંતુ, પ્રભુએ કૃપા કરીને સુઝાડ્યું કે તેમ કરવું અને તેમ કહેવું એ અયોગ્ય છે. અને પછી તેમને પણ મેં જણાવી દીધેલું કે ફરીથી તેવું તેઓ મને કૃપા કરીને ન પૂછે. સાધનાની અમુક અમુક કક્ષાઓ વટાવ્યા બાદ આવી સ્થિતિ પ્રગટે છે, તે એક હકીકત છે.

---

હરિઃૐ નવસારી, તા. ૧૪-૧-૧૯૪૩

## ગાંડપણ મટવાની આગાહી

ભાઈ...ને ગાંડપણની સ્થિતિ થયેલી છે, તે જાણ્યું છે. તમે તે બાબતમાં સંપૂર્ણ નિશ્ચિંત રહેશો. કુંભકોણમ્‌માં મારી ઘણી સેવા તેમણે કરી છે, તે તેમની સેવા પ્રભુ જરૂર ફળાવો એવી પ્રાર્થના છે. એમને સંપૂર્ણપણે નિશ્ચિંત થવા મારા તરફથી કહેશો. જો કંઈક આર્થિક મુશ્કેલી હોય તો મને જણાવજો. તો તે હું મોકલી આપવાની વ્યવસ્થા કરીશ. તેમની માનસિક સ્થિતિ જરૂર સારી થઈ જવાની છે, તે નક્કી જાણજો. તે વિશે કશી સગડગ ન સેવશો. તેમને ઊંઘ મળે તેવું કરજો. એમને પ્રેમથી ઊંઘાડવાનો ઘણો ઘણો પ્રયત્ન કરજો. એમને જરૂર સારું થઈ જશે.

## આઘાત આપવાની કળા

આઘાત પ્રત્યાઘાતને કારણે જ આપણી ભૂમિકામાં જે તે ઊતરતું હોય છે. આઘાત પ્રત્યાઘાતને કારણે મંથન પ્રગટે છે. તેને લીધે વિચારવાનું બને છે. તે ને તે સ્થિતિમાં પડી રહેતા સાધકના જીવનને ત્યાંથી ધકેલવાને માટે તેને આઘાત-પ્રત્યાઘાત મળ્યા કરે, તે ઘણું જરૂરનું છે. સમજી સમજીને જ્ઞાનભક્તિપૂર્વક કેટલાંક સ્વજનને એવા આઘાત પ્રત્યાઘાત આપવાની કળા આ જીવમાં એની કૃપાથી ઊગેલી છે અને તેનો ઉપયોગ પણ કરું છું. એનો યોગ્ય પ્રકારનો મર્મ, હેતુ અને રહસ્ય હજુ

કોઈ સાધકના જીવનમાં પ્રગટેલાં હોય એમ ન જણાતું હોવાથી, તે કળાનો ઉપયોગ ઓછામાં ઓછો થયા જતો અનુભવું છું.

## શ્રદ્ધાપૂર્વક આજ્ઞાપાલન

કોઈને સાચી રીતે અને પૂરેપૂરી રીતે કોઈક માને છે, એવું પણ અનુભવતો નથી. ખાલી ખાલી માન્યા કરવાથી અને સમજવાથી કશું દળદર ફીટી શકતું નથી. જો પૂરેપૂરી રીતે અને સાચી ભાવનાથી હૃદયમાં હૃદયથી માનવાનું બની શકે તો સાચી વસ્તુ ગળે ઊતર્યા વિના ન રહે. સંસારવહેવારમાં કોઈના પરત્વે આપણો ઘણો આદરભાવ હોય છે તો તેનું કહેવાનું આપણે માની જઈએ છીએ, એ તો પ્રત્યક્ષ વહેવારના અનુભવની હકીકત છે.

## જોરથી કહેવાનો હેતુ

પ્રભુકૃપાથી કોઈ પણ જીવ વિશે અન્યથાપણું સેવવાનું બની શકતું નથી. તેમના તેમના આ જીવ પરત્વેનાં વહેવાર, વર્તન, સમજણ વગેરેથી તેમની સ્થિતિનાં દર્શન થાય છે. જીવનવિકાસની ભાવનાને અર્થે તેમને વર્તવાનું જે જે કહેલું હોય છે, તે પ્રમાણે તેમનાથી વર્તાતું નથી, તે ઉપરથી તેમની ભાવનાનું અને જીવનવિકાસ પરત્વેનું માપ નીકળી જતું હોય છે. જોરદાર કહેવાનો અર્થ પણ એટલો જ હોય છે કે પ્રભુકૃપાથી તે વચન તેમનામાં ઊતરી શકવાનું હોય તો ઊતરે. એથી કરીને કંઈ ગભરાવાની જરૂર ન હોય. 'ગભરાઈ જવાથી યોગ્ય વર્તન થતું નથી.' એમ વળી જે કહે છે, તે યોગ્ય નથી.

---

હરિઃૐ નવસારી, તા. ૧૫-૧-૧૯૪૩

કોઈના પણ જીવનમાં તેની શક્યતાઓ ખ્યાલમાં રાખીને તેવી શક્યતાઓને સહેજ પણ જો ઊંચે લઈ જવામાં ભગવાનની કૃપાથી આપણાથી મદદ થઈ શકતી હોય તો તે સાચી સેવા છે, એમ પ્રમાણવું.

## જ્ઞાની અને અજ્ઞાનીનું બીજાનું દોષદર્શન

જ્યાં સુધી બીજા જીવ વિશે આપણને અન્યથાપણું પ્રગટે છે ત્યાં સુધી આપણે હજી સમજવાનું રહે છે કે આપણને હજી જ્ઞાનની દશામાં પ્રગટવાને ઘણી વાર છે. પ્રકૃતિ અથવા સ્વભાવના દોષને અનુભવી જુએ છે, પણ તે અમથો અમથો નહિ. જે જીવ એવા હેતુથી તેની કને આવેલો છે, તેવા જીવને ઊંચે લાવવા કાજે તે જીવને વિશે તે તેમ જ્ઞાનપૂર્વક પ્રભુકૃપાથી કરતો હોય છે. એમ કરવાથી તેવો જીવ જો પોતાને વિશે તેમ યોગ્યપણે સમજે તો તે ઊંચે આવી શકે એવો તેમાં હેતુ હોય છે. જ્યારે મારા તમારા જેવા જીવમાં કોઈના વિશે અન્યથાપણું પ્રગટે ત્યારે આપણે ચેતવું. આપણે આપણી જાતને ખંખેરવી અને તેવાં વલણથી મુક્ત થઈ જવાને ખડેપગે તૈયાર રહીને તેમાંથી નીકળી જવું. એવું અન્યથાપણું ઉદ્ભવતાં અન્ય વિશેના વિચારો પ્રગટે છે અને તે સાધનામય જીવનના વિકાસમાં બાધક છે. સાધકને આવી સમજણ નથી હોતી એમ નથી, એટલું જ નહિ પરંતુ આટલી પણ યોગ્ય સમજણ ન પ્રગટી હોય તો તે સાધક જ ન ગણાય.

## વ્યવસ્થિતિની અનિવાર્યતા

નમ્રતાના ભાવથી, હૃદયની શરણ-ભાવવાળી ભાવના કેળવી કેળવીને જીવનમાં જ્ઞાનપૂર્વક જે જીવ વર્તી શકે છે, તે સાધનામાં આગળ ડગલાં ભરી શકવાનો છે, તે નક્કી જાણજો. જીવનમાં ગમે તેમ યદ્વાતદ્વા વર્તન કરવાથી પ્રકૃતિ અને સ્વભાવની પકડમાં આપણે વધારે ને વધારે જકડાતાં જતાં હોઈએ છીએ. સાધકના જીવનમાં જો યોગ્ય પ્રકારની વ્યવસ્થિતિ પ્રગટેલી ન અનુભવી શકાય તો તેવા જીવે જાગીને સમજવું ઘટે કે પોતે માની લીધેલા સાધનામય જીવનમાં અને તે પ્રમાણેના વર્તાવમાં પોતે ક્યાંક ભ્રમણા સેવી રહેલો છે. જ્યાં સુધી વ્યવસ્થિતિ પ્રગટતી જતી તે અનુભવતો નથી ત્યાં સુધી સાધકે, પોતે સર્વતોમુખી

સાધનામય જીવન ગાળી રહ્યો છે એવું કદી ન માનવું. જ્યારે જ્યારે જીવનમાં ભાવનાપૂર્વકનું, સમજી સમજીને, જ્ઞાનભાવથી, જીવનવિકાસના હેતુથી જેમ જેમ યોગ્ય પ્રકારે વર્તાતું જવાય છે, તેમ તેમ તેના જીવનવર્તનમાં વ્યવસ્થિતિ પ્રગટે છે. આ પણ એક માપ-લક્ષણ છે, તે આપણે સમજવું ઘટે છે.

## આપણી વસ્તુનો બીજાને હાથે દુરુપયોગ

કોઈ જીવે યોગ્ય પ્રકારનું વર્તન ન કર્યું હોય, એટલે કે આપણી કોઈ વસ્તુ આપણે તેને વાપરવા આપી હોય અને તેની ગમે તેમ વ્યવસ્થા તે આપણી સંમતિ લીધા વિના કર્યા કરે તોપણ આપણે સ્વસ્થ અને શાંત રહીએ. અને જો તે વસ્તુ વિના આપણે પ્રેમથી અને આનંદથી ચલાવી શકીએ તો તો ઘણું ઉત્તમ. તેના વિશે મનમાં કશા વિચાર થવા દેવા નહિ. એવા પ્રસંગથી કરીને તે જીવની જેવા પ્રકારની પ્રકૃતિ હતી, તેનો આપણને અનુભવ થયો અને ભવિષ્યમાં આપણે તેની સાથે વિચારીને વર્તવું ઘટે તો તેમ વર્તીએ. અથવા આપણી પોતાની ઉદારતા અને વિશાળતા કેળવવાને અર્થે પણ, તે જીવને ફરીથી પાછું તેવું આપવાનું ભલે બને, પણ તેમાં એક હકીકત વિચારવાપણું રહે છે કે આપણા તેવા વર્તનથી તેની પોતાની પ્રકૃતિની પકડને વધારવામાં અને તેના અયોગ્યપણાના વર્તનમાં આપણે મદદ કરતાં થઈ રહીએ છીએ કે કેમ ? આમ, સાધકે પ્રત્યેક સાથેના વર્તનવહેવારમાં જ્ઞાનપૂર્વક વર્તવાનું હોય છે. સામાન્યપણે તો કોઈ પણ જીવને આપણે જે મદદ કરીશું તેનો ઉપયોગ તે પોતાનાં પ્રકૃતિ અને સ્વભાવ પ્રમાણે કરવાનો છે, તે નક્કી સમજી લેવું. તેથી પાછું કોઈને મદદ ન કરવી એમ પણ ન રાખવું. આમ જો કોઈ જીવે આપણી મદદથી કરીને કોઈ વસ્તુ મેળવીને તેનો દુરુપયોગ કરેલો હોય તો તે હકીકત તેની સાથે તેવો પ્રસંગ સાંપડતાં, આપણે સ્પષ્ટપણે નમ્રતાથી તેને જણાવવી તો ઘટે. તેમ કરવાથી તેને ખોટું

લાગશે કે ઓછું આવશે એવો ભય આપણે સેવવાની જરૂર નથી. તેને જો આપણે નથી કહી શકતાં તો તેનું કારણ આપણી એક પ્રકારની ભીરુતા છે, તે નક્કી જાણજો.

## જીવનવિકાસનાં લક્ષણો

ભાવના તેની ઉત્કટમાં ઉત્કટ માત્રામાં અને ઘનતામાં કર્મમાં ઊતરતી અનુભવાય ત્યારે જીવનમાં સાધના થતી રહે છે, એમ પ્રમાણવું. કર્મ કરતાં કરતાં હૃદયની ભાવના તેમાં જો ન પ્રગટતી અનુભવાય તો જીવે ત્યાં થોભવું. જ્યાં જ્યાં ભાવનાની સળંગતા અને સમગ્રતા તૂટતી અનુભવાય, ક્યાંક ખચકો અનુભવાય, ત્યારે સાધકે સમજવું ઘટે કે ક્યાંક પોતે ખોટવાયો છે. તે વેળા જે સફાળો જાગે છે અને ચેતે છે, તેને જીવનવિકાસ માટે ગરજ પ્રગટેલી છે, એમ ગણી શકાય. જાગીને, પોતાનું ખોટકાવાનું મૂળ શોધીને તેમાંથી મુક્ત થવાનો તે પ્રયત્ન કરે છે. એવી હૃદયની જાગ્રત ભાવના જ્યારે જીવનમાં પ્રગટે છે ત્યારે જ બીજાના ગુણની, બીજાના યોગ્ય પ્રકારના વર્તનની આપણે જ્ઞાનપૂર્વક કદર કરતાં બની શકીએ છીએ. બીજા જીવમાં રહેલા ઉત્તમપણાની કદર આપણું હૃદય કરતું અનુભવી શકાય ત્યારે જાણવું કે જીવનમાં ભાવના કંઈક ભાગ ભજવી રહેલી છે.

## પૂર્ણ શરણભાવનો અજ્ઞાત દંભ

**'કર્તાહર્તા પ્રભુ પોતે આપણાં સર્વ કર્મમાં,'**
**- એવું તો એકલો પૂર્ણ જ્ઞાની માત્ર કહી શકે.**

આ આપણે સમજવા જેવું છે. 'કર્તાહર્તા તો ભાઈ ! ભગવાન છે, એની મરજી પ્રમાણે બધું ચાલ્યા કરે છે.' એવું એવું બોલનારા જગતમાં ઘણા લોક નજરે પડે છે. એવા બોલવાપણાનો કશો અર્થ નથી. તેવું બોલવું માત્ર ઉપરછલ્લું અને ખાલી ખાલી છે. જ્યાં સુધી ભાગવત જીવન પ્રગટાવવાનો મરણિયો નિર્ધાર પ્રગટ્યો નથી, જ્યાં સુધી તે અમલમાં મૂકવાને ખાએશ, ખંત, ઉત્સાહ, ધીરજ, સાહસ, હિંમત,

સહનશીલતા વગેરે વગેરે પ્રગટ્યાં નથી ત્યાં સુધી ઉપર પ્રમાણે બોલવું એને હું તો એક પ્રકારનો અજ્ઞાત દંભ માનું છું. કેટલાક એનો એમ પણ બચાવ કરે છે કે તે સમયે તેનો તેવો Mood-માનસિક વલણ - હોય એટલે તેના પ્રવાહમાં તણાઈને તે તેમ કદાચ બોલતો હોય. તે ગમે તેમ હોય, પરંતુ મારી જે સમજણ છે, તે મેં તમને સ્પષ્ટ લખી જણાવી છે, તે જાણશો.

## નિશ્ચિતતા અને નિયમિતતાની જરૂર

ઝાઝા ઉજાગરા જાણી જોઈને કરવા નહિ. જેમાં ને તેમાં નિયમિતતા પ્રગટાવવાની ઘણી જરૂર છે. 'સાધકને કંઈ કશાનું બંધન ન હોય' તે સોએ સો ટકા અજ્ઞાનભરી સમજણ છે. જેમાં ને તેમાં તેણે નિશ્ચિત અને નિયમિત થવાની ઘણી ઘણી જરૂર છે. ગમે તેમ વર્તવાથી કરીને કદી પણ જીવનમાં યોગ્ય વ્યવસ્થિતિ પ્રગટી શકતી નથી. જીવન પણ એક કળા છે અને તે ઉત્તમમાં ઉત્તમ કળા છે. ગમે તેમ પીંછી ચલાવવાથી કંઈ કળા પ્રગટતી નથી, એ તો અનુભવનો વિષય છે.

## સંકોચ

સંકોચ કંઈ એક પ્રકારનો હોતો નથી. અનેક પ્રકારના હોય છે અને તેમાંથી મુક્ત થવું એ પણ કંઈ સરલ હોતું નથી. ભારે ભય પ્રગટતાં બધા માનવી તેમાંથી એકદમ ભાગી જ છૂટે છે, એવું પણ કેટલીક વાર નથી બનતું, એવા ભયથી કેટલાકને ધ્રૂજારી વછૂટે છે અને રોમેરોમમાં એવો ભય પ્રગટે છે કે તે ત્યાંનો ત્યાં ઢગલો થઈને પડે છે. સંકોચનું પણ તેમ છે. સંકોચથી મુક્ત થઈને વર્તવું એ એકદમ નથી બનતું. જ્યાં સુધી સર્વ પ્રકારના સંકોચથી જીવનમાં મુક્તિ ન મેળવાય ત્યાં સુધી જીવનમાં જ્ઞાનભક્તિપૂર્વકનું, સાધનાના ભાવનાના વિકાસ માટેનું યોગ્ય વર્તન પ્રગટી શકતું નથી. આવું જેને જ્ઞાન છે તેવો જીવ તેના વર્તનમાં પ્રગટતાં સંકોચને ટાળી શકવાને જાગ્રત થઈ શકવાનો અને ઉદ્યત પણ થઈ શકવાનો છે. પહેલાં તો આવા પ્રકારના સંકોચની યોગ્યતા કે અયોગ્યતા

સમજવાની જરૂર રહે છે. એવી અંતરની વિવેકની આંખ જીવનના યોગ્ય પ્રકારના વર્તનમાંથી પ્રગટે છે, તે જાણશો. હૃદયની ઉન્નત, તીવ્રતાભરી, માર્ગ પરત્વેની જાગ્રત ભાવના જેમ જેમ વિકસતી જશે તેમ તેમ તે જ આપણને મદદ કરતી રહેવાની છે.

## સદ્‌ગુરુની ઝંખના

બાકી, આ જીવનું દિલ તો કેવું ઝંખતું હશે એનો મળેલાં સ્વજનને ખ્યાલ પ્રગટી શકે એવા પ્રસંગો તો ઘણા બનેલા છે અને તે પ્રસંગો હકીકતપણાના છે, તેની કોઈ ના કહી શકે તેમ નથી. જો કોઈને આપણે આપણા હૃદયનું સાચેસાચું સ્વજન માન્યું હોય અને તે સ્વજનની ઝંખના આપણા જીવનના વર્તનને વિશે અને જીવનમાંના આપણા અયોગ્યપણા વિશે ખૂબ ઉત્કટતાપૂર્વક જાગતી હોય અને તેમ છતાં જો આપણે પાછા ઠેરના ઠેર રહેતાં હોઈએ તો પેલા આપણા સ્વજનને કેવો આઘાત લાગતો હશે ! આપણે જેને પોતાનું સ્વજન માન્યું છે - અને તે પણ જીવનવિકાસની ભાવનાને કેળવવાને માટે સ્વજન માન્યું છે - તેના પરત્વેનો આપણો ભાવ કેટલો કેળવાયેલો છે તે આપોઆપ સમજણ પડી જાય છે. જો આપણા વર્તનથી કરીને આપણા તેવા સ્વજનને આઘાત થતા હોય અને તેમ છતાં જો આપણે ચેતીને યોગ્ય પ્રકારનું વર્તન ન પ્રગટાવી શકતાં હોઈએ તો તે સ્વજન પરત્વેના આપણા હૃદયના પ્રેમની સમજણમાં ક્યાંક દોષ છે એમ જરૂર સમજવું.

## સાધકના જીવનનું લક્ષણ

પ્રકૃતિમાં એક પ્રકારની સમજણ વારંવાર જાગે તોપણ ફરી ફરીને તે ને તે દોષની ભુલભુલવણીમાં પડી જવાતું હોય છે, તે પણ એક હકીકત છે, પરંતુ તેવું જે સામાન્ય સંસારી જીવ છે તેનામાં બને છે. જે જીવનનો સાધક છે અને તેમ થવાને જે સતત જ્ઞાનભક્તિપૂર્વક યોગયોગ્ય વર્તવાને મચેલો, મંડેલો અને ખૂંપેલો રહે છે, તેવાના જીવનમાં આવા દોષ

વારંવાર નથી બનતા. એવા દોષોનું પુનરાવર્તન થવાનું ક્રમે ક્રમે ઘણું ઘણું ઘટતું જાય છે. આવા પ્રકારનો ક્રમ આપણે જો આપણા જીવનમાં પ્રગટતો અનુભવી શકીએ તો આપણે સાધનાના માર્ગે છીએ એમ જરૂર સમજી શકાય.

## પ્રકૃતિના વધતા જતા હુમલા સામે વધતી જતી જાગૃતિ

સાધનાના માર્ગ પરત્વે જે જીવ ચાલ્યા કરતો હોય, તેની પ્રકૃતિ કંઈ એકદમ સુધરી જતી નથી. તેને સુધરતાં ઘણો કાળ જાય છે. જેની સાચેસાચી ખરેખરી સાધના થતી હોય છે, તેના જીવનમાં ઊલટું કેટલીક વાર તો પ્રકૃતિના હુમલા સવિશેષપણે પણ પ્રગટે છે, તે એક હકીકત છે, પરંતુ તે સાથે સાથે તેનો યોગ્ય પ્રકારનો ઉત્કટ સામનો કરવાની તત્પરતા અને જાગૃતિ પણ તેનામાં વિશેષ પ્રમાણમાં પ્રગટેલી હોય છે, તે પણ એટલું જ સાચું છે.

## દોષદર્શનથી ઊંચાનીચા થવાપણું

જે જીવનપથ ઉપર ચાલે છે અને ચાલવાની જેની ખરેખરી હૃદયની ખાએશ પ્રગટેલી છે, તેને 'શું કરવું ?' એવો પ્રશ્ન રહેતો નથી. તેને તો ચાલતાં ચાલતાં જે ગ્રંથિઓ પ્રગટે છે, તેનું સચોટ ભાન જાગે છે અને તેમાંથી મુક્ત થવાની ખાંખદ પણ પ્રગટે છે. સાધક દોષની નિરુત્સાહપ્રેરક ચિંતા નથી કરતો. દોષ સ્વીકારે છે, તે તેમાંથી મુક્તિ મેળવવાને માટે. શેમાંથી મુક્તિ મેળવવી છે ? તેનું પ્રત્યક્ષ જ્ઞાન પણ સાધકને જાગી જવું જોઈએ છે. કંઈ પણ કશાથી કરી ઊંચાનીચા થવાપણું ન કરવું, તે તો યોગ્ય છે, પરંતુ તેવી દશા થતાં આપણે વિચારવું કે તેથી કરીને આપણી પ્રગતિ થવાની છે કે નથી થવાની ? આપણે જેમ જે કરવું છે, તે કરવાની નેમમાં આપણી વિશેષ ને વિશેષ એકાગ્રતા અને કેંદ્રિતતા પ્રગટે તે માટેની ઝંખના ઉત્તરોત્તર વધતી જતી અને તેજસ્વિત થતી જો ન અનુભવી શકાય તો આપણે ઠેરના ઠેર રહેવાનાં છીએ તે

જાણશો. જ્યારે હ્રદયની ભાવના આપણા ધ્યેય પરત્વે જ્ઞાનભક્તિપૂર્વક એકાગ્રતા અને કેંદ્રિતતા સેવતી જશે અને તે જ્યારે જીવનવહેવારવર્તનમાં પ્રગટતી જશે ત્યારે કંઈ કશા પરત્વે ઊંચાનીચા થવાપણું બનવાનું નથી, તે નક્કી જાણશો. બાકી તો મારા તમારા જેવા જીવે પોતાનાં પ્રકૃતિ કે સ્વભાવના અયોગ્ય વર્તનથી કરીને ઊંચાનીચા થવાપણું તો જરૂર રાખવું અને તેમાંથી જે લાગણી પ્રગટે, એ લાગણીના આધારથી આપણા અયોગ્યપણાને મઠારવું. મડદાના જેવું નિષ્ક્રિયતા પ્રેરક ઊંચાનીચા થવાપણું રાખીએ તો આપણે સુધરી શકવાનાં નથી, તે નક્કી જાણજો. ઊંચાનીચા થઈને આપણાં પ્રકૃતિ અને સ્વભાવની વાસ્તવિકતા કેવી કેવી છે, તેને પૂરેપૂરી સમજવી અને તેમાંથી ઊઠવાનો પ્રયત્ન કરવાને માટે તેવું થવું જરૂરનું પણ છે, પણ તેથી તેની વધારે પડતી ચિંતા ન કરીએ, ફિકર ન કરીએ, ઉદ્વેગ ન સેવીએ, તે બધું પણ જરૂરનું છે. જે જીવે પોતાનું અયોગ્યપણું સુધારવું છે, તેને પોતાનું તેવું થવાપણામાં જો ઊંચાનીચા થવાપણું પ્રગટે, તો જાણવું કે તેને તેની તેવી દશામાંથી ઊંચે ચડવું છે અને પોતાનું અયોગ્ય વર્તન થવાથી તેને પોતાના પરત્વે એક પ્રકારનો અસંતોષ જાગે છે અને તેવી અસંતોષની તીવ્રતાની લાગણીથી કરી તે લાગણીને પોતાના ઊંચા થવાના પ્રયાસમાં વાપરે છે.

## મિથ્યા ઊંચાનીચા થવાપણાનું લક્ષણ

ઊંચાનીચા થવાપણાથી જેને ઘણો ઘણો ઉદ્વેગ થાય પણ જો તેમ છતાં તેથી કરીને તે ત્યાં ને ત્યાં પડી રહે તો તેનું તેવું ઊંચાનીચા થવાપણું ફોગટ અને મિથ્યા છે અને તેને ઉદ્વેગ થાય છે તે ખોટું છે. જેને સાચેસાચી પોતાની અયોગ્યતાની ખાતરી થયેલી છે, તે તો અયોગ્યતા પ્રગટતાં જરૂર જાગવાનો, પણ જેનાથી અયોગ્યપણું થતાં અને તેનો ખ્યાલ પણ આવવા છતાં જાગીને ઊંચે આવવાપણું જો પ્રગટતું ન હોય તો તેની ઊંચે આવવાપણાની નેમમાં સાચેસાચી અને પૂરેપૂરી ઉત્કટતા પ્રગટી નથી એમ

જાણવું. જે જીવને ઊંચે આવવાપણામાં ખરેખરો આનંદ પ્રગટે છે, તેને ઊંચે પ્રગટવાને સાચેસાચી ઝંખના પ્રગટેલી છે, એમ પ્રમાણવું. જેને જે બાબતની ખરેખરી ગરજ જાગે છે, તેને તે બાબત પરત્વેનાં ઉકેલ અને હૈયાસૂઝ પ્રગટે છે, એ તો અનુભવની હકીકત છે.

## સાધના કાજે પત્રવહેવાર

આપણો પત્રવહેવાર એ માત્ર સ્થૂળ હકીકતોથી ભરેલો ન હોવો ઘટે. પત્રવહેવાર એ પણ ભાવના પ્રગટાવવાને માટે છે, ભાવના તેજસ્વિત કરવાને માટે છે, તેને એકાગ્ર અને કેંદ્રિત કરવાને માટે છે. તે લખતી વખતે આપણું હૃદય, જેને લખી રહ્યા હોઈએ તેનામાં, જ્ઞાનભક્તિપૂર્વક એકાગ્ર અને કેંદ્રિતપણે પ્રગટે તે પણ જરૂરનું છે. પત્રવહેવાર પાછળનો હેતુ અને તેનું જ્ઞાન આપણામાં જીવતુંજાગતું અને લખતી વેળા પ્રગટેલું હોય કે પ્રગટતું જતું હોય તો તેવો પત્રવહેવાર જીવનવિકાસના માર્ગમાં મદદકર્તા અને પ્રેરક છે, તે જાણશોજી.

## વડીલો પ્રત્યેનું વર્તન

આપણી મા કે એવું આપણું કોઈ વડીલ આપણા વિશે ડર કે ભય સેવે એ આપણા માટે શરમજનક હકીકત છે. જે જીવને જીવનની સાધના કરવી છે, તેવા જીવનું માતાપિતા પરત્વેનું વર્તન જીવપ્રકારનું હોય તે નહિ ચાલી શકે. સાધકનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ તેના પ્રત્યેક થતાં જતાં કર્મમાં, વહેવારમાં, વર્તનમાં ઊંચા પ્રકારનાં હોવાં જોઈએ. અને એમ થતાં થતાં એને જીવનવહેવારવર્તનમાં જ્યાં જ્યાં અયોગ્યપણું પ્રગટશે ત્યાં તે જરૂર ચેતવાનો.

## ભાવનાને અખંડિત રાખો

અયોગ્યપણું થતાં ભાવનામાં ખંડિતપણું પ્રગટે છે અને ભાવનાનું એકધારાપણું જ્યાં તૂટે ત્યાં એકાગ્રતા પણ તૂટે. આમ, સાધકને એકાગ્રતા તૂટવાનું કારણ અને તેનું મૂળ શું ? તેની જરૂર ખબર પડે છે. ભાવનાની અખંડતા જાળવવા માટે અને કેળવવા માટે તો તે સતત જાગ્રત રહે છે.

ભાવનાનું તૂટવું તેને પોષાય તેવું નથી હોતું. ભાવના એ કદી લૂલી લૂલી હોઈ શકતી નથી, લાગણી લૂલી લૂલી વહી જતી હોય છે, પણ તે ત્યારે જ ખાલી ખાલી વહી જાય, કે જ્યારે જીવને જીવન પરત્વેનો જીવતોજાગતો હેતુ ન પ્રગટેલો હોય. જેને જીવનનો હેતુ પ્રગટ્યો છે અને તે ઉત્કટપણામાં પ્રગટ્યો છે, તેવી દશામાં તો ભાવના આકાર લેવાને જરૂર મથતી હોય છે. હૃદયની માર્દવતા જેટલી વધુ પ્રગટે તેટલું ઉત્તમ છે. દરેકમાં ઉપયોગનું જ્ઞાનભાન પ્રગટાવતા રહેવું.

## માતૃભક્તિની અગત્ય

જીવનમાં આપણું શરીર એક મોટામાં મોટો ભાગ ભજવે છે. શરીર ન હોય તો જીવને મુક્તિ સાંપડવી શક્ય નથી. શરીર માબાપને લીધે મળે છે. જે શરીર મુક્તિનું સાધન છે, જેના વડે કંઈક કરી શકીએ છીએ, એવું જે અણમોલું સાધન મળેલું છે અને જેના વડે કરીને તે મળેલું છે એનું જો સાચું જ્ઞાન આપણને થાય તો તેમના પરત્વેનો ભાવ આપણો કેટકેટલો જાગે ! મા એ સ્થૂળ મા નથી, એ તો જીવનની પ્રેરક અને દ્યોતક છે. માને લીધે આપણા જીવનનો આધાર પ્રગટેલો છે. આપણા જીવનમાં માની પ્રેરણા અનેક પ્રકારની છે. મા પરત્વેનો હૃદયપૂર્વકનો યોગ્ય ભાવ જો આપણામાં પ્રગટ્યો નથી તો આપણી 'સાધના'ની વાત મારે ગળે ઊતરતી નથી, તે નક્કી જાણજો. જો આપણે આપણી પત્નીનું યદ્વાતદ્વાપણું સહી લેતાં હોઈએ, જો આપણે તેનું બીજું આડુંતેડું ચલાવી લેતાં હોઈએ, અને તેની કદર થતી હોય અને તેના પરત્વેની ભાવના જાગતી હોય તો આપણી જનની પરત્વેના વર્તાવની બાબતમાં પણ આપણે ખાસ જાગવું જોઈશે. પત્ની પરત્વેનો તેવો ભાવ હોય તે યોગ્ય છે. સાથે સાથે, મા પરત્વેના ભાવમાં જો સાધકનું યોગ્યપણું પ્રગટેલું ન અનુભવાય તો તે તેને માટે ઘણા ઘણા ખેદની હકીકત છે. અહીં મા એટલે માત્ર એક વ્યક્તિ નહિ, પરંતુ સર્વ વડીલ સ્વજનોના પ્રતીકરૂપે પણ આ બધું લખાણ સમજવાનું છે. મારા જીવનમાં - અથવા તો સર્વ કોઈના જીવનમાં - માની મદદ અનોખી છે. માનું માહાત્મ્ય પણ અનેરું

છે. માના પરત્વે ગંગાના પ્રવાહની પેઠે આપણા હ્રદયની ભાવના વહેતી જ્યાં સુધી અનુભવાય નહિ ત્યાં સુધી મને આપણું કાચું લાગવાનું, તે નક્કી જાણશો. આ પરત્વે આપણે હજી ઘણું આગળ જવાનું છે, તે જાણીને તેમ વર્તવાને જ્ઞાનભક્તિપૂર્વક મથજો. એમાં સમગ્રપણે સળંગ સર્વતોમુખી ભાવ પ્રગટે તે પણ ઘણું જરૂરનું છે. મા પરત્વેનું વર્તન આપણા હ્રદયસ્થ ભાવને વિશેષપણે પ્રગટાવવા માટે છે.

## આપણું કે સ્વજનોનું જીવપણું ન વધે તેમ વર્તો

પરંતુ એમાં પણ મોહ, રાગ, આસક્તિ, કામના વગેરેનો તો છેદ કરવાનો જ છે. તેવી જ રીતે જીવનમાં સર્વ પ્રકારનાં સ્વજનોની સાથેના વર્તાવમાં આપણે મોહ, રાગ, દ્વેષ, કામ, મદ, અહંકાર, મત્સરાદિ દ્વંદ્વાદિ પ્રકૃતિથી વર્તવાનું ત્યજવું પડવાનું છે. તેમની સાથેના વર્તનમાં આપણી સર્વ પ્રકારની આસક્તિ ઘટે અને નિર્મોહત્વ, નિર્મમત્વ વગેરે વગેરે કેળવાતું જાય, તે આપણે ખાસ લક્ષમાં રાખવાનું છે. આપણા કોઈ પણ વર્તનથી કરીને અથવા આપણા તેવા પ્રકારના અભિલાષથી તેમનું તેમના પ્રકારની મોહદશામાં વધારે જકડાવાનું બને તે અયોગ્ય છે. તે તેમની મેળે તેમ થતાં જાય તો ભલે, પરંતુ તેમના જીવ- દશાપણામાં તેમનું વધારે મુગ્ધ થવાનું કારણ આપણે ન થઈ પડીએ તે વિશે તો આપણે જાગ્રત થવાની અને રહેવાની ઘણી જરૂર છે. આ હકીકત ઘણી ઘણી ધ્યાનમાં રાખજો.

## આગ્રહ અને નિરાગ્રહ

આપણામાંથી આગ્રહવૃત્તિ જવાની જરૂર છે, તે તો જાણીતી હકીકત છે. અહમ્‌ને ટાળવાને માટે સર્વ પ્રકારના આગ્રહો ટળી જાય તે જરૂરનું છે. નિરાગ્રહ પ્રગટતાં પ્રગટતાં સર્વ પ્રકારની મડાગાંઠો ઓગળવાની છે. આગ્રહપણાને લીધે જે તે પ્રકારની સમજણ વળગીને ચોંટી રહે છે. આગ્રહને લીધે તેમાંથી મુક્ત થવાતું નથી. આગ્રહ છૂટે તો સાચી સમજણ

પ્રગટે. પરંતુ આ વિશે સાધકે ચેતવાનું પણ છે. સાધનાના અભ્યાસ પરત્વેનો એનો આગ્રહ તો અણનમ અને ટેકીલો રહ્યા કરવો ઘટે. થવાપણું એટલે ઢીલાપોચાપણું નહિ. નિરાગ્રહ થવાપણામાં સાચો નિશ્ચયનો ભાવ પ્રગટતો હોય છે. નિરાગ્રહ થવાપણાના વર્તનમાં અને તે દિશામાં ઉત્તરોત્તર, એક પછી એક, જેમ જેમ પગલાં મંડાતાં જતાં હોય છે તેમ તેમ તેમાં નિશ્ચયની છાપ-અસર-પ્રગટેલી કે પ્રગટતી જતી અનુભવાય છે. ભાવ ભાવનું કામ કરે છે, તે હકીકત સાચી છે. તે સાથે સાથે ભાવની ઉત્કતા પ્રગટેલી હોય છે ત્યારે તે તેમ બને છે, તે પણ સમજવું ઘટે છે.

## કસોટીના લાભ

જેમ પોતાનું તટસ્થતાથી પૃથક્કરણ કરવાને તથા પોતાને યોગ્ય રીતે સમજવાને અને અવલોકવાને કસોટી જરૂરની છે તેમ આપણને આગળ ધકેલવાને માટે પણ તે જરૂરની છે. કસોટીનો કાળ કપરો છે એમ ઘણાંએ કહેલું છે, કિંતુ રણક્ષેત્રમાં પરાક્રમી વીર કેસરિયાં કરે છે અને ઝઝૂમીને સંપૂર્ણપણે યાહોમ કરીને ઝંપલાવે છે, તે કાળે તેમાં તેને સંપૂર્ણપણે જોશ અને જોખમપૂર્વકની એકાગ્રતા પ્રગટે છે, તેમ કસોટીના કાળમાં જીવનના યોગ્ય સાધકને પ્રગટતું હોય છે. કસોટી વિના કશું કસાતું નથી. જીવનના યથાર્થ પ્રકારના પ્રગટતા જતા વિકાસને કાજે કસોટી જરૂરની છે. કસોટીએ ચડ્યા વિના જીવનનું ખમીર પરખાતું નથી. કસોટીએ ચડતાં ચડતાં જેને જીવનની તેજસ્વિતા પ્રગટે છે, જીવનમાં શક્તિ પ્રગટે છે, પ્રભા પ્રગટે છે, તે જીવનનો સાચો ખેલૈયો છે એમ પ્રમાણવું. કસોટી, એ જીવનમાં ઊંચે ચડવા માટેનું પગથિયું છે. કસોટી, એ પરીક્ષાકાળ છે, તે સાચું છે, મંથનનો કાળ છે, તે પણ સાચું છે. વિમાસણનો કાળ છે, તે પણ સાચું છે. જીવનવિકાસને કાજે મથનારને માટે તે દિલગીરીનો શોકનો કે મોહનો કાળ કદાપિ નથી. સાચો સાધક તો કસોટીમાં ઊલટો વધારે જાગ્રત બને છે. કસોટી કંઈ ભુલભુલવણી નથી. કસોટી તો આંખ

ઉઘાડનાર છે, હૃદયને વિકસાવનાર છે, ભાવના અને જોશ પ્રગટાવનાર છે અને જીવનને આગળ ધકેલવાને માટે પરોણી-ગોદાટી-રૂપ છે. તેથી કસોટીકાળને આપણે તો પ્રેમભક્તિથી સ્વીકારીને તેમાં યોગ્ય રીતે તેના હેતુપૂર્વકના જ્ઞાન સાથે વર્તીએ તો શોભીએ.

## સત્પુરુષ પાસે જતાં, રાખવાની ભાવના

પૂજ્ય રામદાસ સ્વામીને ત્યાં જાઓ ત્યારે ઘણા ઘણા જિજ્ઞાસાવાળાં, શ્રદ્ધાભક્તિવાળાં અને નમ્રતાવાળાં થઈને આપણે જવું. જે કંઈ દિલમાં થાય તે અંગે વાત કરવી. સંકોચ રાખવો નહિ. સમજણ જે પ્રગટે તેનો વર્તનમાં ઉપયોગ કરવાનો હોય અને તેમ થાય તો જ તે સાચી સમજણ છે એમ પ્રમાણવું. સત્યનો ભક્ત તે કહી શકાય કે જે સત્ય લાગે તે મરણાંતે પણ સ્વીકારીને તે પ્રમાણે વર્તવાનો સોએ સો ટકા પ્રયત્ન કરે.

## કળથી મેળવેલી રકમ

આ વખતે પૂજ્ય બાપા મુંબઈમાં હતા. તેમને મળ્યો હતો. રૂ.૧૧,૦૦૦/- ઉપરાંતની રકમ તો થઈ ગઈ હતી. હજી પણ વધારે રકમ એકઠી કરવાની જરૂર હતી. કોઈકે મને શ્રી મફતલાલ ગગલભાઈનું નામ સૂચવ્યું. પૂજ્ય બાપાને મેં તે વાત જણાવી. તેમણે મને કહ્યું કે ‘મને તો એક પણ પૈસો તેમના તરફથી મળ્યો નથી, તેમની કને ગયેલો હોવા છતાં. જો તું લઈ આવી શકે તો તને ઘણી ઘણી શાબાશી આપું.’ ભાઈ ખંડેરિયા મારી સાથે હતા. શેઠશ્રીના જે મુખ્ય કર્તાહર્તા હતા, તેમના ઉપર વિશેષ લાગવગ કોની પહોંચે છે, તે કેટલાક તેમના સંબંધમાં આવેલાને મળીને ખોળી કાઢ્યું અને તેવી લાગવગ લઈને તેમને મળ્યા. મેં તેમને ભાવનાપૂર્વક ગુજરાત હરિજન સેવક સંઘની બધી હકીકત સમજાવી અને ૧૦૦૦ની રકમ મળી. ભાઈ ખંડેરિયાએ આમાં ઘણી મદદ કરી હતી. આ રકમ મેળવીને પૂજ્ય બાપાને અમે બંને તુરત મળેલા. અમે હજારની રકમ લઈ આવ્યા. તેથી, પૂજ્ય બાપાને ઘણો આનંદ થયો. સૌ. હર્ષદાબહેને પણ રૂ.૩૧૮/-

ઉઘરાવી આપેલા અને ભાઈ ખંડેરિયાની મદદથી બીજા પણ રૂ.૫૦૦/- મળ્યા. ભાઈ અમૃતલાલ ચોકસીએ પણ મુંબઈમાં મને રાહત આપેલી અને મદદ કરેલી છે.

હરિઃૐ નવસારી, તા. ૧૫-૧-૧૯૪૩

## સાધકનું બીજા સાથે વર્તન

હેતુની શુદ્ધતાથી, જ્ઞાનપૂર્વકના નમ્રતાયુક્ત વર્તનથી અને તેવા વર્તનમાં ભારોભાર પ્રગટતી જતી હૃદયની માર્દવતાથી આપણે વડીલનાં મનહૃદયને જીતી લેવાનાં છે. આપણા જીવનપથમાં આપણે કોઈનાથી નોખું થવું નથી. આપણે તો સર્વ પ્રકારના ભેદ ટાળવાને બેઠાં છીએ. આપણે તો હૃદય હૃદયને સાંધવાને મથવાનું છે અને જ્ઞાનપૂર્વકના વર્તનમાં અભેદભાવ પ્રગટે એવું જીવન પ્રભુકૃપાથી પ્રગટાવવું છે. એટલા માટે આ ભેદપણું જે છે તે સાધન તરીકે લીધેલું છે. ભેદને અભેદમાં પ્રગટાવવાનો છે. એમ તો સર્વના જીવનમાંથી સર્વ પ્રકારના ભેદને અભેદમાં પ્રગટાવવાનો નિશ્ચય કરેલો છે. એનો અર્થ એવો નથી કે સ્વજનના અજ્ઞાનપૂર્વકના વર્તનને અનુમોદન આપ્યા કરવું. જ્યાં જ્યાં અજ્ઞાન છે, જ્યાં જ્યાં પરવશતા છે, જ્યાં જ્યાં રાગ છે, કામ, મમતા, મોહ ઇત્યાદિ ઇત્યાદિ છે ત્યાં ત્યાં અમારો સાથ નથી, અમારું દિલ પણ નથી અને અમારો ભાવ પણ નથી. જીવનની નબળાઈની ક્ષણોમાં તેમાં તેમાં જો ભળવાનું બન્યું તો તે અમારે મન ઘણા અફસોસની હકીકત છે. તેમ ન વર્તાતાં આપણું કોઈ નજીકનું સ્વજન તેના વર્તનથી દુભાય તો તે માટે આપણે બીજું તો શું કરી શકીએ ? પરંતુ આપણે તેની ચિંતા ન કરીએ. સરતચૂકથી કંઈ દોષ થઈ જાય તો તે વિશે કંઈ અકળામણ થવા દેવી નહિ, પરંતુ તે પરત્વેની સંપૂર્ણ સાવધાની, સાવચેતી અને જાગૃતિ પ્રગટ્યા કરે તે તો ઘણું ઘણું જરૂરનું છે.

## પ્રાકૃતિક ધર્મો ત્યજવા જ પડશે

ત્રાટકમાં હજી ૭૨ beats - ધબકારા રહે છે તે ઠીક ન ગણાય. એમાં મન-ચિત્ત લય પામતું નથી એમ જરૂર સમજવું. પ્રકૃતિની પકડ એમાં ઢીલી થઈ શકેલી નથી. કંઈક અંશે ધ્યાનમાં ઢીલી થઈ છે. મન-ચિત્તની ઇતર પ્રવૃત્તિ જેમ જેમ જ્ઞાન-ભાવમાં લય પામતી જાય તેમ તેમ નિર્મળ, શાંતિ, સમતા, પ્રસન્નતા, હૃદયમાં જામ્યા કરે છે અને તેની અગાધતા અપરંપાર હોય છે. તેવી વેળા નાડીના ધબકારા ઓછા થતા જતા હોય છે. ઍલૉપથી (અંગ્રેજી વૈદકશાસ્ત્ર) એમ તો કબૂલે છે કે ઊંઘમાં નાડીના ધબકારા દિવસ કરતાં બારેક સુધી તો ઘટે છે. એ ઘટવાનું કારણ સ્થૂળ પ્રવૃત્તિનું શમન છે. જેમ જેમ મનાદિકરણની પ્રાકૃતિક પ્રવૃત્તિનું શમન થતું જાય છે તેમ તેમ જીવનમાં સાત્ત્વિક ગુણ પ્રગટવા માંડે છે. મનાદિકરણના પ્રાકૃતિક ધર્મોને ત્યજાયા વિના શરણાગતિ થવી અશક્ય છે. જીવનમાં જ્યારે ભાવ પ્રગટવા માંડે છે ત્યારે ભાવનાયુક્ત વર્તનની અને તેની સમજની કદર થઈ શકે છે.

## દરેક પ્રસંગનો સાધનામાં ઉપયોગ

ઝાઝા ઉજાગરા કૃપા કરીને જાણી જોઈને કરશો નહિ. કરવા પડે અને ફરજ અંગે તેમ થાય તો તેમાં જે ભાવ રાખવાનો હોય તે ભાવ જાગૃતિપૂર્વક જ્ઞાનથી કેળવ્યા કરવાનું બને તો તેવી મળેલી તકનો સુંદર ઉપયોગ થયા કરશે. જે જે મળેલું હોય એનો એનો લાભ જીવનની સાધનાના વળાંકમાં લઈ લેવાની કળા, એવી રીતે જ્ઞાનભક્તિપૂર્વક વર્તતાં વર્તતાં, સંપાદન થઈ જવાની છે. યથાર્થતાની કદર હૃદય કરતું થાય છે ત્યારે સામી વ્યક્તિના કર્મનું હાર્દ પણ સમજાતું હોય છે. હૃદયની તીવ્રતમ ઉત્કટ ભાવના જેમ જેમ વિકસતી જશે તેમ તેમ જીવનમાં મદદ મળ્યા કરતી અનુભવાશે.

## યોગ ફળવાનાં લક્ષણો

આ શરીરધારી મા કદાચ અજ્ઞાનને લીધે ભલે આપણે ઇચ્છીએ છીએ તેવી ન થઈ શકે તોપણ આપણે તો માની ભાવનાને જ્ઞાનભક્તિપૂર્વક સતેજ કરી કરીને એને જગતજનનીની ભાવનામાં જીવંત મૂર્તિરૂપે હૃદયમાં પ્રગટાવવાની છે. એ જ એની પાછળનાં રહસ્ય અને હેતુ છે તે સમજવા કૃપા કરશો. જે કંઈ કામ હાથ ઉપર હોય તેને સમગ્રપણે અને સર્વતોમુખી ભાવે અનુભવી શકાય તે માટે તે પ્રમાણે થવાની દૃષ્ટિ, જીવનવિકાસના હેતુના જ્ઞાન સાથે, તે કર્મમાં એની કૃપાથી રખાયા જાય અને એવી રીતે વર્તવાનું થયા જાય તો તો નિશ્ચિતતાથી અને નિશ્ચિતતાથી આપણો યોગ ફળ્યે જાય. જ્યાં સુધી આપણું જીવપણું આપણને ડંખતું નથી ત્યાં સુધી તે જવાનું નથી, તે નક્કી જાણજો.

---

હરિઃૐ નવસારી, તા. ૧૬-૧-૧૯૪૩

જલાલપુરમાં ભાઈ રમણલાલને ત્યાં સાઇકલ લઈને ગયો હતો. અંધારું થવા આવ્યું અને સાઇકલને લાઇટ ન હતી. તેથી પાછું જવું પડ્યું. ખંડેરિયા સાથે આવ્યા ન હતા. એ તો કહે, 'તમારે જલાલપુર જવું હોય તો જાઓ. હું તો સાથે નહિ આવું. ત્યાંનો નવો ફોજદાર જેને તેને બહુ જ હેરાન કરે છે અને માર પડે છે તે જુદો. અને ત્યાં જઈએ તો જરૂર સપડાઈ જ જઈએ.' તેથી એકલો ગયો હતો. કચેરી પાસે થાણું છે ત્યાં પોલીસે ટોક્યો. નામ પણ પૂછી લીધું અને સારી પેઠે ઉગ્રતાથી ધમકાવ્યો, પણ બીજું કંઈ કશું થયું નહિ.

## કર્મ ખોરાકની જેમ જીવનસાધના માટે જ

પૂજ્ય બાપાએ ગોધરા અને ખેડાનું કંઈક કામ સોંપેલું છે, તે તો કરવું રહ્યું. સાબરમતી આશ્રમમાં કામે બેસવાને હેમંતભાઈને મોકલવા પડશે. કર્મ પણ ગુણ કેળવવા અને ભાવ કેળવવાને માટે જરૂરનાં છે. કર્મ,

માત્ર કર્મને માટે નથી. કર્મ તો જીવનની સાધનામાં પ્રેરાવવાને માટે મળેલું હથિયાર છે. જેમ અન્નની મદદ વડે પ્રાણ ટકે છે તેવું પાછું અન્નને લીધે પ્રાણમાં અયોગ્યતા પણ પ્રગટે છે. ખોરાક કેટલો, કેવો અને કેમ લેવો ? એ પણ એક કળા છે. જીવનના ભક્તે ખોરાક વિશે સમજી લેવાની જરૂર છે. જેમ ખોરાક જીવનને ટકાવવાને માટે, જીવનનો વિકાસ કરાવવાને માટે, શક્તિ જાળવી રાખવા અને શક્તિ પ્રગટાવવા માટે છે તેવી રીતે કર્મનું છે. કર્મ એ મુખ્ય હકીકત નથી, પણ કર્મમાં આપણો ભાવ કેવો ટકી રહે છે, તેમાં સાધકે વિશેષ લક્ષ જાગ્રતપણે પરોવવાનું છે.

---

હરિઃૐ નવસારી, તા. ૧૭-૧-૧૯૪૩

## સામાન્ય માનવીની પ્રેમની સમજણ

તમારા બંને કાગળ આજે ફોડાયેલા મળ્યા છે. સૌ કોઈ માનવી પ્રેમને એની એની રીતે વ્યક્ત કરે છે. સાધારણ રીતે કોઈ આપણને પ્રેમ કરે છે એમ ત્યારે લાગે છે કે જ્યારે તેનાથી આપણને સંતોષ થાય. અને માનવીને સંતોષ તો ત્યારે થાય છે કે જ્યારે આપણી માન્યતા, સમજણ, ટેવ, રીત, કલ્પના વગેરે વગેરે પ્રમાણે તેને આપણી સાથે વર્તતો અનુભવીએ. આવી સામાન્ય માનવીના જીવનની હકીકત છે.

## સાધકનું દેખીતી રીતે અતડું વર્તન

પરંતુ જે સાચી રીતે સાધક થવાને મથે છે તેનાથી એ રીતે વર્તવાનું નહિ બની શકે. એ તો એવા પ્રકારની માન્યતા, સમજણ, રીત, કલ્પના વગેરે વગેરેને હથોડા વતી તોડવાને ઇચ્છે છે. વળી, તેવો સાધક બીજા સાથે માયા, મમત્વ, રાગ, મોહ, કામ વગેરે વગેરેના પાશ-બંધનથી પણ સમજી સમજીને વર્તવાનું ત્યજતો - છોડતો જતો હોય છે. તેવા તેવા વર્તનથી તેનાં સ્વજનને તે જરૂર અતડો, અડવો લાગે તે સમજાય તેવું છે,

પણ તેથી કરીને તે પાછાં પગલાં ભરી શકે તેમ નથી, - જો તેને સાધનાને માર્ગે રહેવું હોય તો.

## સાધનાપોષક પ્રેમ રાખવો

પ્રેમને વ્યક્ત થવાની રીત અમુક કોઈ બીબામાં જકડાઈ ગયેલી હોતી નથી. આપણે પ્રેમને જે રીતનો માનીએ અને સમજતાં હોઈએ અને તેને વ્યક્ત થવાની જે રીતથી આપણને સંતોષ થતો હોય તેવો પ્રેમ જ સાચો એ માન્યતામાં નર્યું અજ્ઞાન રહેલું છે. પ્રેમની ભાવના જીવનમાં હૃદયથી જ્ઞાનભક્તિપૂર્વક જો કેળવાયા જાય તો તેમાંથી સુમેળ અને સુસંવાદ પ્રગટે છે, એ પણ નક્કી જાણજો. જીવનના સાધકને સાધનાની ભાવના પ્રમાણે યોગ્ય રીતે વર્તવાનું થતાં તેનાં સ્વજન બરાબર નહિ સમજશે અને તેનાથી વેગળાં થયા કરશે, પણ તેથી તેવા સાધકે તો તેવાં પરત્વેનો સદ્ભાવ અને પ્રેમ પોતાની રીતે વ્યક્ત કરવાનો રહે છે.

## સ્વજન પ્રત્યે અણગમો

જો તેમાં સ્વજન પરત્વે પોતાને અણગમો પ્રગટે તો તેની સાધના બરાબર નથી એમ જાણવું. પોતાનાં સ્વજનનો આપણા પરત્વે વિરોધ પ્રગટે એ તો સમજી શકાય તેવું છે અને જો આપણે જીવનની ગતિના પંથે પળવું હોય તો આપણે એવા વિરોધને જ્ઞાનપૂર્વક નમતાં ન હોઈએ, તે પણ સમજાય તેવું છે. કિંતુ તેમાંથી સંઘર્ષણ, અથડામણ વિરોધ વગેરે વગેરે પ્રગટે છે તો તે તો પેલા જીવદશામાં જકડાઈને પડી રહેલ સ્વજનને, નહિ કે આપણને. તે તો સ્વજનને તેમના તેમના સ્વભાવ પ્રમાણે તેમ થયા કરતું હોય તો તેનો ઉકેલ આપણે કાઢી શકવાનાં નથી.

## બહુ વાર ખુલાસા પણ ન આપવા

આપણે તેમને સમજાવવાની ખાતર આપણા વિશેનું યોગ્ય સ્પષ્ટીકરણ એકબે વાર જરૂર કરીએ અને તેથી કરીને તેની સાચી સમજણ તેમનામાં ન પ્રગટી શકતી હોય તો તેવી સમજણ તેમનામાં

ઊગવા માટેની શક્યતા પૂરેપૂરી પ્રગટેલી નથી એમ જાણી પોતે સ્વસ્થ બનવું. કંઈ કશાની માથાઝીકમાં ન પડવું અથવા માથાઝીકને પકડી પણ ન રાખવી. આપણે આપણી રીતમાં અને વર્તનમાં ભાવનાથી મથ્યા જવું અને સ્વજન પરત્વેના સદ્ભાવમાં ઊણપ ન પ્રગટે, બલકે વધારો થયા કરે, એ રીતે આપણે તેમની તેમની સાથે વર્તવાનું છે, તે જાણશો. આપણું વર્તન યોગ્ય છે, એ પ્રકારના વારંવાર ખુલાસા અને સાબિતીઓ આપવાની પણ જરૂર ન હોય. સમજાવવાથી કોઈ સમજી જાય છે એવું નથી હોતું. સમજવાની ભૂમિકા પાક્યા વિના સમજણ ઊતરવી પણ દોહ્યલી છે.

## આગળ જતાં એકલરામ જ

અને ખરેખરી રીતે તો સાધનાના પંથે આગળ જતાં બધાં સ્વજન આપણને છોડી દેવાનાં છે, તે પણ સાચી વાત છે અને આપણે એકલાંએ જવાનું છે, તે પણ સમજવા જેવી હકીકત છે. એટલું જ નહિ, પણ આપણાં પોતાનાં સ્વજન આપણને ખેંચી ખેંચીને પછાડ ખવડાવવાને પણ મથવાનાં. અનેક રીતે ભુલભુલવણીમાં પણ પ્રેરવવાનાં. આપણો માર્ગ સાચો નથી એમ પણ વારંવાર ટકોરી ટકોરીને કહ્યા કરવાનાં. આ બધાં ભયસ્થાનોને ઓળંગીને આપણે પેલી પાર જવાનું છે, તે નક્કી જાણજો. એમાં જો અટવાઈ પડ્યા તો મૂઆ સમજવા. કોઈને બેળે બેળે સાથે લઈ જઈ શકવાનાં નથી. અંતરમાં પોતાની તેવી ગરજ પ્રગટ્યા વિના તે બાબતમાં કોઈ આગળ ધપી શકે તેમ નથી. આ બધી હકીકતોનો શાંતિથી, સમતાથી, તટસ્થતાથી, પૂરેપૂરો વિચાર કરવાનો રહે છે, તે જાણશો.

## પોંડિચેરીની યાત્રા બાબત માર્ગદર્શન

પોંડિચેરી જવાના છો તો ત્યાં ૧૫ દિવસ વહેલા જવું. ત્યાં બધો સમય ભાવનાથી ગાળવો. એકાગ્રતાથી ગાળવો. નકામી નકામી

ચર્ચાનાં ચૂંથણામાં ન પડવું. ખુલ્લા થવું અને ખુલ્લા રહેવું. સાચી સમજણને સ્વીકારવાને તત્પર રહેવું. ત્યાં રહેવાય તેટલા દિવસ ખૂબ ખૂબ આનંદમાં, પ્રસન્નતામાં અને તે વાતાવરણમાં હૃદયસ્થ ખૂબ ખૂબ લાભ લેવાય તેમ જાગૃતિપૂર્વક, જ્ઞાનભક્તિપૂર્વક રહેવું.

## હકીકતની મર્યાદાને ઓળંગો

હવે, ખાસ શ્રીઅરવિંદનાં દર્શને સિદ્ધાર્થને લઈ જવાનો છે, તે નક્કી. બાળકને તેમનાં દર્શન નથી કરવા દેતા તે હકીકત ભલે સાચી હોય, કિંતુ આપણે તો હકીકતની મર્યાદાને પણ ઓળંગી જવું છે. તે કેમ શક્ય બને તે પણ પ્રભુકૃપાથી જોવાનું છે. પહેલાં તેમ નહિ કરતા હોય તેમાં પણ યોગ્યતા હોય અને હવે કદાચ થાય તેમાં પણ યોગ્યતા હોય.

## દર્શન બાબતની ઝીણવટભરી સલાહ

દર્શનસમય પહેલાં, ભાવનાથી કોઈ એક પ્રાર્થનાના ભાવ સાથે એકાગ્રતા કેળવવી. દર્શનની પળે પણ તેવી એકાગ્રતા સાથે તેવી પ્રાર્થના ભાવપૂર્વક કરવી. લાઇનમાં પોતાને જ્યાં ઊભા રહેવાનું આવે ત્યાં દૂરથી ત્રાટકના એકાગ્રભાવ સાથે હૃદયસ્થભાવને પ્રેરી પેરીને એમની સાથે જ્ઞાનભક્તિપૂર્વકનું તાદાત્મ્ય હૃદય હૃદયથી સંધાયા જાય એમ પ્રવર્તવું. આવું કંઈ એકદમ નહિ બને અને આપણે દર્શન પહેલાંના પંદરવીસ દિવસના ગાળામાં ભાવનાને એકાગ્ર અને કેંદ્રિતપણે રાખી રાખીને, દૃઢાવી દૃઢાવીને આપણે વર્તવાનું છે, તે લક્ષમાં રાખશોજી. ત્યાંના વાતાવરણનો સૂક્ષ્મ ભાવ શાહીચૂસની જેમ ચૂસી લેવાને માટે હૃદયથી સ્વીકારાત્મક બનવાનું છે, તે જાણશો. તેઓશ્રીનાં દર્શન કરવાનો પ્રત્યક્ષ સમય આવે, તે પહેલાં આપણા મનની સ્થિતિ ધ્યાનની મધ્યસ્થ વેળાએ જેવી રહે તેવી કરવાની છે. પહેલેથી કશા વિચાર ન કરવા કે ન ઉદ્ભવવા દેવા. તે સમયે આમ કરીશ કે તેમ કરીશ, એવું કશા પરત્વે દ્વિધાપણું ન થવા દેવું, ભાવથી ભાવમાં એકાગ્રતા અને

કેંદ્રિતતા થાય તો આમાંનું કશું ન ઉદ્ભવતાં આપમેળે તે ભાવમાં જરૂર રહી શકાય છે.

## દર્શન પછી

દર્શન પછીનો સમય કોઈ એકાંત સ્થળે જઈને ધ્યાનમાં ગાળવાનો હોય. દર્શન પછી કોઈની સાથે હળવું, ભળવું, મળવું નહિ. દરિયાકિનારે કોઈ સુંદર એકાંત સ્થળે જઈ, યા જ્યાં મુદ્દલે કોઈની અવરજવર ન હોય ત્યાં જઈ ધ્યાનાદિમાં ગાળવો. દર્શનથી પ્રગટતી અસરનો આવો રચનાત્મક જ્ઞાનપૂર્વકનો ઉપયોગ કરવો તે આપણા કાજે ઉત્તમ છે.

## સાધકોનું કંઈ ન જોતાં પૂરેપૂરો લાભ લો

ત્યાંના સાધકો તેમ કરતા હોય કે ન કરતા હોય તેની સાથે આપણે કશી નિસ્બત નથી, તે જાણશો. ત્યાં જે સાધકો છે તેમાંના બધા જ સાચેસાચી રીતે જીવનની સાધનામાં પૂરા પ્રવેશેલા છે એવું કશું નથી, એવું મને લાગે છે. એમાં મારી ભ્રમણા નથી અને મને તેની વાસ્તવિકતા હકીકતપણે લાગેલી છે. માટે, આપણે તો ઉપર જે રીત બતાવી છે, તેમ વર્તવાનું છે, તે જાણશો. તે ગાળામાં તમારે મને ત્યાંથી કાગળ ન લખવો. કાગળ લખવામાં સમય જતો ન રહે અને તે સમયનો બને તેટલો વધારે જ્ઞાનભક્તિપૂર્વકનો સદુપયોગ થયા કરે તે ઉત્તમ. સમૂહધ્યાનના સમયે આપણે જવાનું રાખવું. તેની રજા મંગાવી રાખવાની હોય તો અગાઉથી મંગાવી રાખશો. આગળથી જઈને નિરાંતે સ્વસ્થતાથી બેસી શકાય એમ પ્રવર્તવું. બાળકને પણ ત્યાં લઈ જઈને એકાદ દિવસ તમારે બેસી જોવું. તે બેસી શકતો હોય તો ઉત્તમ. પ્રયત્ન અને પ્રયોગ બંને કરી જોશો.

## જૂના સ્નેહીઓનાં પ્રેમસંભારણાં

મારા બાળલંગોટિયા મિત્ર શ્રી મોહનલાલ મહેતાને જરૂર મળશો. તેમને સપ્રેમ પ્રમાણ કહેશો. મારાથી શરીરની ઉંમરે એ મોટા છે. માટે, મારા આજના જીવનની કશી હકીકત કહેવાની જરૂર નથી. ત્યાં એક શ્રી ગિરધારીલાલ શેઠ કરીને છે. મારી સાથે તે વડોદરા કૉલેજમાં હતા. તેઓ ઉમરેઠના છે. કૉલેજના સમયમાં તેમની સાથે મારે ઠીક સંબંધ હતો એમ હું પોતે તો જાણું છું. તેમને મારા વતી બોલાવશો.

## ભાવનાનું મહત્ત્વ

ત્યાં સત્સંગની ભાવનાથી જીવનમાં સાધનાની ભાવનાને દઢાવવાને અને કેળવવાને માટે ગયેલા છો, તે રીતે લાભ લેજો. અને કદીક નવરાશનો સમય મળતાં દરિયાકિનારે બેસજો. એકાંતનું વધારે સેવન કરજો અને ધ્યાન કરતા રહેજો. આપણાં બધાંનું માનસ ત્યાંનો યોગ્ય લાભ લેવાય એવી રીતનું પ્રગટેલું હોય તો ઉત્તમ. શાંતિ, સમતા, પ્રસન્નતા, તટસ્થતા વગેરે વગેરે જે રીતે વધારેમાં વધારે સમય સુધી રોજિંદા વહેવારવર્તનમાં પ્રગટેલી રહ્યા કરતી હોય તેવી રીતે વર્તીએ તો ભાવનાથી જીવનમાં પ્રવર્તાવું શક્ય બને છે. ભાવનામાં એકાગ્રતા અને કેંદ્રિતતા પ્રગટ્યા વિના સાધનાનું હાર્દ પકડી શકાતું નથી. ભાવના એ જ્ઞાનપ્રેરક છે. ભાવ પ્રગટતાં જ્ઞાન પ્રગટે છે.

## અન્યાય કરનાર પ્રત્યે પ્રેમભાવના

જીવનવિકાસને અર્થે મળેલાં સ્વજનને જે ખોટી રીતે અને આડી રીતે અન્યાય કરે છે અને અપમાન કરે છે, તે તો પ્રભુકૃપાથી મને સોંસરવું ઊતરે છે. કિંતુ એથી કરીને કદી પણ અન્યાય કરનારનું બૂરું ઇચ્છી શકવાનો નથી. એથી કરીને જે જુસ્સો પ્રગટે છે, એ જુસ્સાના રૂપાંતર થયેલા ભાવને એ જીવના કલ્યાણ થવાના નિમિત્ત કારણરૂપે ગણવાનું બને છે. એ એની પરમ કૃપા છે અને સાચા જીવનનું તે એક લક્ષણ છે,

કારણ કે તે સર્વનું કલ્યાણ ઇચ્છે છે. આ જીવના જીવનમાં તમે એવા કેટલાય કિસ્સા અનુભવેલા છે. તેના ઉપરથી તમારે સ્વજનોએ બોધ લઈને જેમણે જેમણે અન્યાય કે અપમાન કર્યાં હોય તેમની તેમની સાથે પણ ઉપરના ભાવે વર્તવાનું હોય, તે ધ્યાનમાં ઉતારજો.

## ઋણ વાળવાની હૈયાસૂઝ પ્રગટો

મુંબઈમાં ભાઈ ખંડેરિયાએ ફાળો ઉઘરાવવામાં સારી મદદ કરી. આ જીવના શરીરને તાવ રહેતો હતો. એટલે વાહન વગેરેમાં પણ સારો ખર્ચ થયો. તેમણે મને ધોતિયાં આપ્યાં, શાંતિને માટે અર્ધી પેટી જેટલા સાબુ આપ્યા. આપણે ત્યાંથી મારે ખાતે ઉધારીને એક ચાંદીનો હજામત કરવાનો અસ્ત્રો તેમને જરૂર મોકલાવશોજી. આપણા ઉપર કોઈકે થોડો ઉપકાર કર્યો હોય તો આપણે તેને પર્વત જેટલો સ્વીકારવો જોઈએ. મારા ઉપર જેમનું જેમનું ઋણ છે, તેમનું તેમનું કાર્ય પ્રભુકૃપાએ કરાવ્યું છે તેટલું ઉમળકાથી કર્યું છે. કોઈનું પણ ઋણ ઊભું રહેવા દીધું નથી, એવા મારા જીવનના કેટલાયે દાખલા તમે બધાં જાણો છો અને આ હકીકત લખવાનું કારણ તો એ કે તેવા પ્રકારની હૈયાની સૂઝ આપણાં બધાંના જીવનમાં પ્રગટો, એ હેતુ છે.

---

હરિઃૐ સાબરમતી આશ્રમ, તા. ૨૦-૧-૧૯૪૩

## સત્પુરુષને કોઈક જ સમજે છે

કોઈ જ્ઞાની કે અનુભવી ભગવાનનો પ્રેમી ભક્ત જગત સાથેના વહેવારમાં તો જગતના સામાન્ય માનવી જેવો જ લાગ્યા કરવાનો. એની દ્વંદ્વાદિક વૃત્તિ જેમ કે કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર વગેરે વગેરે તેના મૂળ સ્વરૂપે તેનામાં નહિ હોય, પરંતુ તેવા પ્રકારની રૂપાંતરિત ભાવના તેના જીવનમાં પ્રગટેલી રહે છે ખરી. જેમ જીવદશાની પ્રકૃતિની વૃત્તિઓ તે વેળા બીજા જીવોની સાથે ઉપભોગમાં ખપમાં આવતી હતી

તેમ હવે તે તે વૃત્તિની પેલી રૂપાંતરિત થયેલી ભાવના, હેતુ અર્થે બીજા જીવના જીવન પરત્વે ઉપયોગમાં પ્રવર્તે છે. વિષ-ઝેર આમ તો ખરાબ છે, પ્રાણનાશક છે, પરંતુ યોગ્ય રીતે મારેલું ઝેર દવા તરીકે ઘણું જ પ્રાણવાળું અને અસરકારક નીવડે છે. તેવી રીતે જીવપ્રકારની વૃત્તિઓનું રૂપાંતરિત થયેલું સ્વરૂપ ઉપયોગમાં આવી શકે છે, પરંતુ બીજા માણસોને એની એવી કશી ગતાગમ પડી શકતી નથી. બધા માણસો તેવાને યોગ્ય રીતે સમજી શકે એ પણ શક્ય નથી. એવાને સમજનાર માત્ર ગણ્યાંગાંઠ્યાં હોવાના.

## શંકા અને સંશય

શંકા, સંશય persist થયા કરેલાં - ચોંટીને વળગ્યા કરેલાં - તેમ છતાં તમે ખુલ્લા રહી શક્યા, તેથી મને આનંદ થયો હતો. હજી પણ શંકા અને સંશય નહિ થાય એવું નથી. શંકા અને સંશય પ્રગટે તે વેળા જેટલું તટસ્થ રહેવાય તેટલું ઉત્તમ. તેથી કરીને કશો નિર્ણય બાંધી ન લેવાય તો તે વધારે ઉત્તમ. તેથી તેવા વિચારોની પરંપરા ન જાગ્યા કરે તેની સાવચેતી રખાય તો તે પણ ઉત્તમ. શંકા અને સંશયને લીધે જો તે પ્રકારના વિચારો જાગ્યા કર્યા તો તેને ટેકો આપવાપણું થયું એમ સમજવું અને એથી તેનું જીવન પણ લંબાવાનું. શંકા અને સંશયનાં જોશ, વેગ અને ગતિ ઘટે તેમ આપણે વર્તવું. કેટલીક વખત શંકા આપણને કંઈક સાચું બતાવવાને માટે પણ પ્રગટે છે. શંકા અને સંશય વેળાએ, એટલે કે લાગણી પ્રગટેલી હોય તે વેળાએ શાંતિ, સમતા, તટસ્થતા આદિ પ્રગટેલી રહ્યા કરે તો તેમાં ભેરવાઈ પડવાનું કદી ન બને.

## પોતે માથે લઈ લીધું

તા.૧૭-૧-૧૯૪૩ની રાતે ગુજરાત મેઈલમાં નડિયાદ જવા બેઠો. તે જ ડબ્બાના જાજરૂમાં બૉંબ ફાટ્યો. બીજા વર્ગના ડબ્બાના જાજરૂમાં પણ તેવું થયેલું. એટલે કીમ સ્ટેશને મેઈલ ઊભો રહ્યો. અમારા ડબ્બાના

જાજરૂમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા હતા અને હું તો ખાનામાં પાટિયા ઉપર સૂતો હતો. ત્યાંથી મેં બૂમ મારી કે 'સાંકળ ખેંચો, સાંકળ ખેંચો !' કોઈકે સાંકળ ખેંચી. ગાડી ઊભી રહી. પોલીસના માણસો અમારા ડબ્બા અગાડી આવ્યા અને કોણે સાંકળ ખેંચી છે ? એમ જોરથી બૂમ મારી. સાંકળ પ્રત્યક્ષ ખેંચનાર તો કોઈક બીજું હતું, કારણ કે હું સૂતો હતો તે જગાએથી તો સાંકળ ખેંચાય એવું હતું નહિ. મેં તે માથે લઈ લીધું. પોલીસને મેં કહ્યું, 'જાજરૂમાં કંઈક ફૂટ્યાનો જોરથી મોટો ધડાકો થયો છે. બધાંએ તે સાંભળ્યો છે. તેમાંથી આ ધુમાડાના ગોટેગોટા નીકળે છે અને ગંધકની વાસ આવે છે. તેથી કદાચ તેમાં કશું ફૂટે એવું હોય તો આખો ડબ્બો પણ સળગી ઊઠે અને માણસોના જીવ જોખમાય. તેથી, અગમચેતી વાપરીને આ સાંકળ મેં ખેંચી છે.'

## પોલીસત્રાસમાં પણ સ્વસ્થતા

પોલીસે મારો ખાદીનો પહેરવેશ જોઈને મને નીચે ઉતાર્યો અને ઘણું ધમકાવીને કહ્યું કે 'આ જાજરૂમાં તેં જ બૉબ મૂક્યો છે. માટે તું માની જા, કબૂલ કરી દે અને ક્યાંથી બૉબ લાવ્યો છે અને ક્યાં તે બને છે, અને બીજા કોણ કોણ તેમાં સામેલ થયેલા છે ? તે બધું બરાબર કહી દે. નહિતર તારું આવી બન્યું સમજવું. તારું એક હાડકું પાંશરું નહિ રહે, જો સાચું નહિ માન્યું તો.' થોડીક વાર ગાડી થોભી અને પછી કીમ સ્ટેશને મેઈલ ઊભો રહ્યો. ફરીથી પાછી મારી જડતી લેવાઈ, પરંતુ મેં તો જે પહેલાં કહ્યું હતું, તે જ કહ્યું. 'ભરૂચ સ્ટેશને તારી હવે પાકી જડતી લેવાશે.' એમ ધમકી આપીને એક પોલીસને મારા ડબ્બામાં બેસાડ્યો અને ગાડી ઊપડી. તારનાં દોરડાં જરૂર ખણખણ્યાં હશે એમ લાગ્યું, કારણ કે ભરૂચ સ્ટેશને જેવી ગાડી ઊભી રહી કે તરત પોલીસનું ટોળું, બેચાર પોલીસ ઇન્સ્પેક્ટર વગેરે ત્યાં આવીને ઊભા રહેલા. મને એકદમ હાથ પકડને જોરથી ખેંચીને ડબ્બાની બહાર ધકેલી કાઢ્યો અને સ્ટેશન

ઉપર વેઈટિંગ રૂમની અંદર આવેલી એક ઓરડીમાં લઈ ગયા અને બધી હકીકત પૂછી. ફરીથી પાછું જેમ બન્યું હતું તે હકીકત મેં તો કહી. સંપૂર્ણ સ્વસ્થતાથી. મને ઘણું ઘણું ધમકાવ્યો, પણ હું જાણતો હોઉં તો બીજું કહુંને ? થોડી ધોલઝાપટ પણ થઈ. પછી ફોજદાર સાહેબ તડૂકીને બોલ્યા કે ‘સાલાને બરાબર ગરમ કરો. તે વિના એ નહિ માને.’

## લેખકનું અસામાન્ય વર્તન

તે સમયે, કોણ જાણે દિલમાં એવું થઈ આવ્યું કે પળવારમાં શરીર ઉપરનાં બધાં કપડાં આપોઆપ કાઢી નંખાયાં. તે જોઈને તે લોક બધા સ્તબ્ધ થઈ ગયા. મેં કહ્યું કે ‘હવે, આ શરીરને મારવામાં તમને ઘણી સરળતા થઈ પડશે. માટે એને જોઈએ તેટલું મારી લો.’ આથી, ઘણા ગુસ્સે થઈને તેમણે કહ્યું કે ‘તું પહેલાં કપડાં પહેરી લે. પછી બધી વાત.’ ફોજદાર સાહેબે મારી બધી વિગત પૂછી, નામ પૂછ્યું અને મને ભરૂચમાં રોકી લેવામાં હુકમ કર્યો. મેં કહ્યું કે ‘મારી ટિકિટ નડિયાદની છે. એટલે કોઈ પણ મુસાફરને ચાલતી ગાડીએ એમ અધવચ ઉતારી ન શકાય. મને નડિયાદમાં તમારે રોકવો હોય તેટલો રોકજો.’ આ દિવસોમાં કાયદાનું રાજ તો મુદ્દલે નથી. તે લોકોએ વળી તેટલું કહ્યું માન્યું. એ પ્રભુનો ઉપકાર અને મને ગાડીમાં ચડવા દીધો.

## સુખદ અંત

સવારે નડિયાદના સ્ટેશને ઊતરતાં ત્યાંની પોલીસ તો સામી હતી જ. તેમણે પણ બધું ફરીથી પૂછ્યું અને મેં ઉપર મુજબની જ બધી હકીકત કહી. કોને ત્યાં જવું છે ? કેટલું રહેવું છે ? ક્યારે જવાના છો ? એ બધું પૂછ્યું. ‘મારા નાના ભાઈ મૂળજીભાઈ ભગતને ઘેર જવાનો છું અને આજે સાંજે જ પાછો સાબરમતી, ગાંધી આશ્રમમાં જવાનો છું.’ એમ જણાવ્યું એટલે એક પોલીસ અમલદારે કહ્યું કે ‘જો આ ભાઈ આજે ને આજે જ ત્યાં જવાના છે તો આપણે આ બધી માથાકૂટમાં ક્યાં પડવું ! સોંપને

અમદાવાદને,' આમ, તેમણે મને છૂટો કર્યો. સાંજે હું તો અમદાવાદ ઊતર્યો ત્યારે પણ પોલીસ ભેટી અને જેમ બન્યું હતું તે બધું જણાવ્યું. તે દિવસે મને સીધો આશ્રમમાં જવા દીધો તે તેમનો મોટો ઉપકાર. તે પછી બીજે દિવસે આશ્રમમાં એક પોલીસ અમલદાર આવીને મારું નિવેદન મારી કને લખાવી ગયા. આ રસિક કિસ્સો વાંચીને તમને બધાંને જરૂર આનંદ થશે.

## જ્ઞાનપૂર્વકની પ્રેમભક્તિથી સંત પરખાય

હૃદયના અંતરનાયે અંતરમાં ડૂબકી મારી મારીને કોઈ પરમ દિવ્ય, ઉચ્ચ સત્ય પોતાના ચૈતન્યમાં અવતારવું, પ્રાપ્ત કરવું, તેનો અનુભવ કરવો અને વિસ્તાર કરવો એ જેમના જીવનનું પ્રધાન કર્મ થઈ પડેલું હોય, એવાઓ તો એવા કોઈ પરમ આખરના સત્ય વડે પોતાનું જીવન નિયત કરતા હોય છે. એવા ઉચ્ચ જીવનની સાચી અસર પામવા માટે કે તેને સમજવા માટે સ્થૂળ પુરાવા મળી શકે નહિ. એ તો એવાના જીવનમાં જિજ્ઞાસાભાવે પ્રેમભક્તિથી જે ડૂબવા માગતો હોય અને પોતાની પ્રકૃતિના થરોને સમજી સમજીને, મથી મથીને, યાહોમ થઈ જઈને પલટાવવા માગતો હોય એવાને એમાં કંઈક સમજ પડવાની. બાકીનાને તો તેની કશી ગતાગમ પડવાની નથી, તે જાણજો.

## માનવજીવનના ઉદ્ધારકો

બાકી, જીવનવિકાસ પ્રાપ્ત કરવાને પરિણામે એવાઓના જીવંત સંપર્કથી અને સંબંધથી સામી બાજુએ, સાચી આત્મપ્રગતિ અને વ્યક્તિનું તથા માનવસમુદાયનું કલ્યાણ થયાનાં દૃષ્ટાંતો વિરલ નથી. શ્રીશંકરાચાર્ય, શ્રીચૈતન્ય મહાપ્રભુ, ભગવાન ઈસુ ખ્રિસ્ત, બુદ્ધ ભગવાન, હજરત પયગંબર સાહેબ વગેરે વગેરેના જીવનના સ્પર્શે કેટકેટલાં જીવનનો ઉદ્ધાર થઈ ગયેલો છે ! એ તો ઇતિહાસની હકીકત છે.

## સદ્‌ગુરુચેતનાના સ્વીકારનો આધાર

આધ્યાત્મિક દિવ્ય શક્તિનું પરિણામ અમુક અમુક હતું એવું સાબિત કરવાનું નિરર્થક છે. દરેકે પોત પોતાનું દૃષ્ટિબિંદુ તે બાબતમાં નક્કી કરી લેવાનું છે. જો સાધકના જીવનમાં એવું કંઈક બને છે અને એવું તે જો સ્વીકારે છે તો તેવા સ્વીકારવાના હાર્દની પાછળ માત્ર સ્થૂળ બૌદ્ધિક સમજણથી તે પ્રગટેલું છે એવું કશું નથી હોતું અથવા તેવા ઉચ્ચ જીવનના મળેલા અમુક અમુક પુરાવા અને સાબિતીઓને કારણે એમ બનેલું હોય છે તેમ પણ નથી હોતું. તેનું સ્વીકારવાપણું જે તેનાથી બને છે, તે તેના એવા પ્રકારના અનુભવને કારણે અથવા શ્રદ્ધાના જીવંત થતા જતા નિષ્ઠાના ભાવને કારણે, હૃદયની પ્રગટ થતી જતી તેવી પ્રેરણાના ભાવને કારણે. કેટલાક જીવોને તેવા ઉચ્ચ આત્માના જીવનના અનુભવ તો થતા હોય છે, કિંતુ તેવા અનુભવની અસર તેમના જીવનમાં પ્રગટતી નથી, કારણ કે તે અનુભવ માત્ર માથા ઉપરથી વહી ગયેલા હોય છે. જોકે એની સ્મૃતિ તે તે દરેકને રહેલી છે, તે હકીકત સાચી છે. તેવા તેવા પ્રકારના અનુભવને ટકવાને માટે પણ ભૂમિકાની જરૂર છે. તે તે પ્રત્યેકની પાછળ શક્તિ, પુરાવા કે સાબિતીઓની પાર કંઈક છે એવું અથવા તેની તેની પાર શું છે એવું જે સાત્ત્વિક બુદ્ધિએ અનુભવે સમજી લીધું છે એને લીધે તે સ્વીકારાયેલું છે. આધ્યાત્મિક ચેતના તો તેવી રીતે કશો દાવો પોતાને માટે કરતી હોતી નથી. એવા પ્રકારના જીવનમાં સત્યનું અમુક અમુક રીતે પ્રગટ થવાનું સાહજિક છે અને તેમ તે બન્યા કરે એમ તે માત્ર તેના વાસ્તવિકપણાથી કહે છે, પરંતુ તે તે દરેકના તેવા તેવા સ્વીકાર માટે તે કદી પણ આગ્રહ રાખી શકે નહિ.

## સ્ત્રીને આદર - પ્રેમભાવ આપો

કોઈ પણ જીવની મૃદુ લાગણીને ભૂલથી પણ અવજ્ઞાની નજરે જોઈ શકાય નહિ. પ્રત્યેક સ્ત્રીનો સ્નેહ કહો, ભાવ કહો, પ્રીત કહો, લાગણી

કહો, એ આપણા હૃદયમાં જીવનવિકાસની ભાવનાના એક પ્રતીકરૂપે સ્પર્શાવી ઘટે. તેમને માટે જીવનમાં સંપૂર્ણ સદ્‌ભાવ, આદર અને ભક્તિ આપણા જીવનમાં પ્રગટેલાં હોવાં ઘટે. આપણા સમાજમાં તેમના વિશેની જે પ્રચલિત માન્યતાઓ છે તે ઘણી અણઘડ છે, જેમ કે 'नारीनरकस्य द्वारम्' સ્ત્રી તો નરકનું દ્વાર છે, 'સ્ત્રીની બુદ્ધિ પાનીએ.' અને આપણા શાસ્ત્રમાં પણ કેટલેક ઠેકાણે તેને ઉતારી પાડેલી છે, પરંતુ ત્યાં તેનો હેતુ ઉતારી પાડવાનો નથી. 'નારી એટલે પ્રકૃતિ' જો એમ અર્થ ઘટાવીએ તો તે સ્ત્રી તેમ જ પુરુષ બંનેને લાગુ પડે છે. સ્ત્રી તો જગજ્જનની છે. આપણું સર્જન કરનાર માતા છે. આપણો સમાજ આજે પડેલો છે એનું કારણ આપણી માતાઓ ઉન્નત નથી, તે છે. સ્ત્રીજીવન એના સાચા ભાવાર્થમાં જ્યારે ઉન્નતિના શિખરે પ્રગટશે કે પહોંચશે ત્યારે આપણો સમાજ પણ ચેતનવંતો બનશે. સ્ત્રી પરત્વેની આપણી કદરભક્તિ, તેના પરત્વેની જ્ઞાનભક્તિપૂર્વકની આપણી દૃષ્ટિ અને જીવનમાં એને મહત્ત્વ આપવા પરત્વેનું આપણું વર્તન, તે તે બધું યથાર્થપણે જ્યારે સમાજમાં પ્રગટશે ત્યારે માતાઓનું જીવન પૂરબહારમાં ઉત્તમ પ્રકારે ખીલી ઊઠશે.

## જીવનની સાધનાનું મહત્ત્વ

સંસારના જીવનવહેવારમાં આપણે અનેક પ્રકારના ભારથી લદાઈ જઈએ છીએ અને કચડાઈ પણ જઈએ છીએ. અનેક જાતનાં બંધનોથી બંધાઈ પણ જઈએ છીએ. જ્યારે જીવનની સાધનાનું મહત્ત્વ તો એ છે કે એથી કરીને કોઈ પણ જાતના અનુભવથી આપણે લદાઈ કે કચડાઈ જતાં નથી, અનેક પ્રકારનાં બંધનોથી બંધાઈ જતાં નથી અથવા કોઈ જાતની સાંકળથી સંકળાઈ પણ જતાં નથી. એથી કરી સાધકને કોઈ દિવ્ય પરમ મંગળમય શક્તિનાં દર્શન અગમ્ય રીતે ક્રમશઃ થયાં કરે છે.

## દાનનો ખરો હેતુ

દાનનો મૂળ હેતુ 'सर्वभूतहितरतः' થઈ જવાનો છે. તે સ્થૂળ દાનથી બનવું અઘરું છે. જીવંત સાધનામાંથી પરિપક્વ થતાં અને એના પરિણામરૂપે ઉદ્ભવેલા ભાવનું સર્જન થતાં અને એથી કરી જીવનમાં કળાતું જે નવું સ્વરૂપ પ્રગટે છે તે પ્રગટતાં સર્વભૂતહિતરત થવાપણું પ્રકટે છે. બાકી, જગતની રીતે કરેલાં દાનનું ફળ તો કેટલીક વખતે અહંતાને પોષવામાં અને વધારવામાં પણ પરિણમે છે. કેટલીક વખતે એવા દાનમાં માનવીની વૃત્તિ અઘટિત રીતે સંતોષ માને છે ને એવા એવા દાનમાં માનવીની વૃત્તિ અઘટિત રીતે સંતોષ માને છે અને એવા ઉપરછલ્લા સંતોષમાં પોતાની જાતની છેતરામણ થાય છે. જીવનવિકાસની સાધનાથી જે સર્વભૂતહિતરતપણું પ્રગટે છે, તે ઉત્તમ પ્રકારનું દાન છે. જીવનવિકાસમાં સ્થૂળ દાનનો કશો જ અર્થ નથી, એમ નથી, પરંતુ દાન કર્યાને પરિણામે આત્મસંતોષ માની તે જાણે અજાણે આત્મવંચના પોષાય છે તે અહિતકર છે, અને આજે તો દાનની પ્રથા ઘણી વેળા એક પ્રકારનો વહેવાર પણ થઈ ગઈ છે.

## જીવનસાધનાની તમન્નાનાં ફળ

જીવનની જિજ્ઞાસા અને તમન્ના જીવનમાં જ્યારે સંપૂર્ણ નિષ્ઠાને પામે છે ત્યારે સાધના અંતર્મુખતામાં પ્રવેશે છે, અને એમ થતાં એને માટેનાં સર્વ દ્વાર ખુલ્લાં થઈ જાય છે. તેવા સમયે શક્તિનું અવતરણ થતું અથવા તો શક્તિને છતી થતી અનુભવીએ છીએ. આ પણ એક અનુભવની હકીકત છે. આને માટે મનને સર્વ પ્રકારે અને સર્વ ભાવે ખુલ્લું રાખ્યા કરવાનું. સાધનાની સમજણની વાસ્તવિકતા અને એની ભાવનાને કર્મમાં જ્ઞાનપૂર્વક ઉતાર્યા કરીને એનાથી મનાદિકરણને દ્રવિત કરતા રહેવું અને સાધનાની ભાવનાથી સાધનાના ભાવમાં એકનિષ્ઠા પ્રગટતાં પ્રગટતાં એમાંથી એક પ્રકારનો જીવનરસ પ્રગટે છે, અને એ રસમાં જીવનને જો ભીંજાવ્યા કરવાનું પ્રગટી શકે તો હૃદયની શક્તિનાં

દર્શન થાય. જીવનના યોગની સાધના જીવનની સર્વ પ્રકારની શ્રેષ્ઠ શક્યતાઓને પ્રગટ કરતી રહે છે. જે શક્તિઓ ઘણી વાર નિષ્ક્રિયપણે પડી રહેલી હોય છે અને જેની આપણને જાણ પણ હોતી નથી, એ બધી છતી થાય છે. એથી આપણે જે થવું છે, તેનું ઉત્કટ ભાવપૂર્વકનું વર્તન જેમાં ને તેમાં જો દાખવ્યા કરીએ તો એવી દિવ્ય શક્તિની દૃષ્ટિ અને શક્તિ પણ જીવનમાં ઊગે છે.

## યોગસાધનાથી જ પરમ પ્રાપ્તિ

એવી દિવ્ય, રમ્ય, પરમ દૃષ્ટિ તો યોગની સાધનાથી ઉપજાવી શકાય. આત્મસાક્ષાત્કારની પૂર્ણ ચેતનાના પ્રકાશના અનુભવ વડે યોગસાધનાની પરિપૂર્ણતા જાણી શકાય. એવા એના પ્રકાશ વડે કરીને માનવીજીવનને શા માટે પામ્યા છીએ, તે આપણે સ્પષ્ટપણે અનુભવી શકીએ છીએ. એવી રીતે તે અંતરનો સાચો સ્વઅધિકાર જાણી શકે છે. તો કોઈ એમ દલીલ કરે કે પરંપરાગત ચાલતા આવેલા ધર્મશાસ્ત્રોના અભ્યાસ વડે કે બુદ્ધિના સૂક્ષ્મ ઊંડા ચિંતન દ્વારા તેમ શું ન થઈ શકે કે ? હંમેશાં નહિ, કારણ કે દ્વંદ્વ પ્રકારની વૃત્તિ-વાસનાથી મુક્તિ પામ્યા વિના, અંધકાર-અજ્ઞાનની દૃષ્ટિ લુપ્ત થયા વિના, રાગદ્વેષથી મુક્તિ પમાયા વિના અને અહંકારથી સંપૂર્ણ નિર્મૂળ થવાયા વિના બુદ્ધિની સંપૂર્ણ શુદ્ધિ અને સાત્ત્વિકતા પ્રગટી શકતી નથી, તે જાણશો. યોગની સાધના દ્વારા એવી શુદ્ધિ પ્રગટી શકે છે. સાધનાના મૂળ હાર્દમાં તો કામનાની અને અહંતાની મુક્તિ રહેલી છે. એમ ઉત્તરોત્તરપણે જીવનમાં પ્રગટતાં જઈશું તેમ તેમ સાધનાનું રહસ્ય આપોઆપ સમજાયા જશે. પછીથી તેમાં આપણને કોઈ પણ ડગાવી શકવાનું નથી.

## સાચી 'યાત્રા' અને તીર્થનું 'સુફળ'

પોંડિચેરી, તીર્થમાં ગયા છો તો હૃદયમાં તેવા પ્રકારની ભાવનાને સતત સંકોરતા રહેજો. કોઈ મહાન, જીવંત, જ્ઞાની, અનુભવી આત્માની

પ્રેરણાત્મક જીવંત સંસ્કૃતિથી તીર્થ પ્રગટે છે. તીર્થ એ જીવની ભાવનાનું અને સંસ્કૃતિનું પ્રતીક છે. તેથી તો તીર્થનો મહિમા છે. જાગતા નરના (આત્માના) સીધા સંપર્કમાં આવવું એના જેવું બીજું કોઈ ઉત્તમ તીર્થ નથી.

'સંતો ! જાગતા નર સેવીએ.'

એવું એક જૂનું ગોરખનું ભજન છે. જાગતા નરની હૃદયપૂર્વકની જીવનવિકાસના હેતુ અર્થે જ્ઞાનપૂર્વકની આરાધના થઈ શકે તો તે તીર્થનું ઉત્તમ ફળ ગણાય. અસલથી જે તીર્થ મનાયેલાં છે, તે તીર્થોનું માહાત્મ્ય પણ એવા એવા જાગેલા પુરુષોની જીવંત સંસ્કૃતિથી કરીને પ્રગટેલું છે. એટલે સ્થૂળ તીર્થોમાં જવા કરતાં એવા જાગતા નર એ સૂક્ષ્મ તીર્થ છે અને ત્યાં જીવનવિકાસના હેતુનું જ્ઞાન પ્રગટાવીને જો જવાનું થાય તો તે ઉત્તમ છે અને તે સાચી યાત્રા છે.

## આવ્યા, તો બરાબર સાથ આપો

આ જીવ તો ઘણી વાતે નાદાન અને મૂર્ખો છે. એનું કોઈ વાતે ઠામઠેકાણું નથી અને આપણે બધાં તો એનામાં ઠામઠેકાણું ખોળવાને મથીએ છીએ. એણે આમ કેમ કર્યું અને તેમ કેમ કર્યું, એવી પંચાતમાં પડીએ છીએ. તે બધાં અંગે વિગતવાર સમજણ બને તેટલી પ્રભુકૃપાથી અપાય છે, પણ એ બધું ગમતું નથી, તે જાણશો. મેં, કંઈ કોઈને મારી પાસે બોલાવેલાં નથી. આપણે બધાં આપમેળે સમજીને આવેલાં છીએ. ઠીક ન લાગે તો જતા રહેવું. કોઈએ બાંધી રાખેલા નથી, પરંતુ પાસે રહેવાથી જો મનનો મેલ વધતો હોય તો તે અમને ઘણું ઘણું દુઃખ પ્રગટાવે છે, માટે વિચારવું.

## પ્રતિષ્ઠિત મંત્રીપદ ન સ્વીકારવાનું કારણ

હરિજન સંઘની બધી સંસ્થાઓ જોઈ આવ્યો. તેનો વિગતવાર હેવાલ લખ્યો અને પૂજ્ય ઠક્કરબાપાને તે મોકલ્યો છે. એમણે તો મને મંત્રીપદે નીમી પણ દીધો છે અને એવો કાગળ પણ મોકલી આપ્યો છે. તેનો વળતો જવાબ લખતાં લખતાં એમ લખ્યું કે '… માં એક ભાઈના

મનનું સમતોલપણું રહ્યું નથી અને ગાંડા થઈ ગયા છે તે માટે ત્યાં જવાનું છે.' લખતાં લખતાં મેં તો એમ જ લખી નાખ્યું.

## અન્યથાભાવને તરત ખંખેરી નાખો

કંઈ કશા વિશે કે કોઈના પરત્વે અન્યથાપણું પ્રગટે ત્યારે શરીર ઉપર પાણી પડતાં કૂતરું જેમ શરીર વીંઝી નાખે છે તેમ આપણે ત્યારે મનને ખંખેરી નાખવું. આવું કરવાને પણ માગી લે છે, તે પરત્વેની આપણી ખાંખદ અને જાગ્રતિ.

## વિયોગની સાધના

પ્રેમની ભાવનાને તીવ્રતમ કરવાને માટે વિયોગની સાધનાની પણ જરૂર હોય છે. આ ભાવમાં જીવપણું નથી, પ્રભુ પરત્વેનો પ્રેમ એ જીવપણાની કક્ષાનો નથી. એ પ્રેમની કળા અને શક્તિ આપણી સમજણમાં પણ ન પ્રગટી શકે એવી અનંત છે. પ્રેમની સાચી ભાવના માત્ર બુદ્ધિની - સમજણની દૃષ્ટિએ પણ પ્રભુકૃપાથી મળેલાં સ્વજનોને સમજાય એટલા માટે તો પ્રેમ વિશે ઘણું ઘણું લખ્યા કરું છું. એક મોટી ચોપડી છપાય એટલું બધું તે લખાણ છે.* હું તો એમ પણ સ્વજનોને કહું છું કે તેનું બધાં પારાયણ કરો. એનાથી બીજું કંઈ નહિ તો સાચા પ્રેમ પરત્વેની બૌદ્ધિક સમજણ તો પ્રગટે ! તમે બધાં જીવનમાં એક પ્રકારનું કમાવાને માટે તે તીર્થમાં જઈ રહેલાં છો અને ત્યાં જતાં પહેલાં તમને બધાંને મળી લઉં, અંતરથી જોઈ લઉં, ભેટી લઉં અને પછી બસ તમે જાઓ, એવું દિલમાં થયું એટલે જ ત્યાં વહેલા આવવાનું મન થયા કરે છે. ક્યારે બધુંયે ફગાવીને ત્યાં આવતો રહું, એમ પણ થયા કરે છે, પરંતુ જીવનમાં જે જે કંઈ મળતું હોય તેનો તેનો પણ અર્થ છે. એટલે કશુંયે નકારાય નહિ.

---

* લેખકનું 'પુનિત પ્રેમગાથા' નામે પુસ્તક તે પછી છપાયું છે.

## પ્રભુમય જીવનને સૌથી વહાલું ગણો

જીવનના મૂળગત હેતુને સુસંગત એવા પ્રેમના પરિપાકમાં ભાગીદાર થવું કોને ન ગમે ? તીર્થગંગામાં મનાદિકરણનો બધો મેલ ધોવાનો ખ્યાલ રાખજો. મનમાં કશું ભરી ન રાખશો. ખુલ્લા થયા કરજો અને જીવનની ભાવનાને સ્વીકારવાની અને તે પ્રમાણે વર્તવાની તત્પરતા દાખવજો. બાબા કરતાં પણ જીવનને વધારે વહાલું ગણજો.

---

હરિઃૐ     સાબરમતી આશ્રમ, તા.૨૧-૧-૧૯૪૩

## દિવ્યાનંદ માટે પાર્થિવ સુખના ત્યાગની જરૂર

માનવી જેની પાસે પોતાના જીવનનો પ્રકાશ પામે છે, તેની વાત કરવાને હ્રદયની ઊર્મિ સ્વયંપણે તેને જાગે છે. એવી હ્રદયની ઊર્મિને સંયમ અને વિવેકની મર્યાદામાં રાખવાની છે. નહિતર તે ઊર્મિનો પૂરતો સદુપયોગ નહિ થઈ શકે. એવી પ્રગટેલી ઊર્મિનો સાધનાના ભાવમાં ઉપયોગ કરવાનો છે તે જાણશો. જીવનના જે બધા આનંદો જીવનના નીચલા થરોની ભૂમિકાના છે અને જ્યાં સુધી તે અતિ મહત્ત્વના લાગ્યા કરે છે, એટલું જ નહિ પરંતુ તે જીવનમાં નિશ્ચિતતા રૂપે મનમાં દૃઢ બનેલા હોય છે ત્યાં સુધી આપણે તે બધાને છોડી દઈ શકીએ એવું નથી બનતું. નીચલા થરોના એવા એવા સુખની વાસના માનવી ત્યારે જ છોડી દઈ શકે કે જ્યારે એ બધાનો અને એ બધામાંથી, હ્રદયના દૃઢ અનુભવે એનો પૂરેપૂરો ભ્રમ ભાંગી ગયો હોય. જ્યાં પાર્થિવ સુખનો પૂરો અંત પ્રગટે છે ત્યાં ને ત્યાંથી, તે ક્ષણથી જ પારમાર્થિક આશ્વાસન શરૂ થાય છે.

### જીવનની હાકલ

આમ હોવા છતાં પણ માનવીની ગણતરી પ્રમાણેના ભરપૂર સુખના આનંદમાં પણ કદીક કદીક અતૃપ્તિ કે અસંતોષની જ્વાળા પ્રગટતી હોય છે. બધુંયે ભર્યું ભર્યું હોવા છતાં એમાંથી એને સંતોષ વળતો નથી કે

મળતો નથી. એવા એના જીવનની ફાટમાં થઈને પણ કેટલીકવાર હૃદયના કોઈ ઉન્નતગામી જીવનની હાકલ પડતી સંભળાય છે. કિંતુ તેવી વેળાએ આપણી યોગ્ય તત્પરતા પ્રગટેલી ન હોવાથી એવી જાગ્રત પ્રેરણા શમી જતી હોય છે અને ફરી વાર પાછો અંધકાર છવાઈ જતો હોય છે. તેમ છતાં પણ જીવનવિકાસ કાજેની ખરેખરી સાચી પૂરેપૂરી ધગશ જો પ્રગટેલી હોય છે અને તે પરત્વેનું જો યોગ્ય પ્રકારનું કોઈ સાધન પકડેલું હોય છે તો સાધનાના તેવા પ્રકારના થતા રહેતા અભ્યાસમાંથી એક એવા પ્રકારનું બળ પ્રગટે છે કે જે જીવનને ઉપર ધકેલ્યા કરે છે અને આમ થતાં જોરદારપણે તેના જીવનની હાકલ વધતી જતી તે અનુભવે છે. જીવનની સાધના જામતી જાય છે કે નહિ, - એ તેનું એક રીતે માપ પણ ગણી શકાય.

## બુદ્ધિની શક્તિ અને મર્યાદા

વાસનાની પાછળ ખેંચાતા બળને આપણે જ્ઞાનપૂર્વકની સમજણ સાથે એના હેતુને સમજીને જો તોડી ન શકીએ, તે પરત્વે પૂરા અનાસક્ત ન થઈ શકીએ તો તો જીવનને તે ગુલામીમાં જ રખાવ્યા કરે. આપણને તે મનના અધોગામી થરો સાથે જ જકડાયેલા રાખ્યા કરે, પરંતુ જે જીવ જાગે છે, તેની જાગ્યા પછીની યોગસાધના તો તેને બુદ્ધિના મર્યાદાનાં ક્ષેત્રથી પર-ઊંચ-લઈ જાય છે. ત્યાં બુદ્ધિથી કામ લેવાતું હોતું નથી. બુદ્ધિ મદદકર્તા પણ છે અને અવરોધકર્તા પણ છે. કિંતુ સાધનાના ઉત્તરોત્તર અને ઉચ્ચ ક્ષેત્રમાં, એક કક્ષા એવી પ્રકટે છે કે જ્યાં બુદ્ધિ દેખી શકતી નથી, તેમ છતાં ત્યાં પણ તે ઉપદેશ આપવા મંડી પડે છે ત્યારે આફત ઊભી થાય છે.

## જીવનની સાધનાનો અર્થ

મનના નીચલા થરોમાં આપણે બંધાયેલાં હોઈએ છીએ અને તેમાંથી મુક્ત થવાની જે સૂક્ષ્મ ક્રિયા ચાલી રહેલી હોય છે, તેવી વેળાએ તે સ્થિતિમાંથી હઠાવવા માટેની આવી બધી રમત હોય છે. એને આપણે

જ્ઞાનપૂર્વક એની વાસ્તવિકતા સાથે પારખવી જોઈશે. સાધકે કશું પણ યદ્વાતદ્વાપણે કર્યે કે માની લીધે ચાલવાનું નથી. જીવનનું પ્રત્યેક અંગ-ઉપાંગો, સમજણ, ટેવ, વલણ વગેરે વગેરે બધાંનો પ્રત્યક્ષપણે ફેરફાર થતો જતો જીવનના વર્તનવહેવારમાં જો અનુભવી શકાય તો જીવનની સાધનાની યથાર્થતા છે. તો સાચી રીતે સમજી શકાય કે સાધનાના માર્ગે આપણે દૃઢ થતાં જઈએ છીએ. સાધનાનો માર્ગ એ કંઈ નિષેધાત્મક નથી, તેમ જ એ કંઈ મનની કુતૂહલતાની હકીકત નથી, એ તો અનુભવવાનું તત્ત્વ છે. એટલું જ નહિ, પરંતુ એનાથી આગળ જઈને જીવન દ્વારા સમગ્ર શક્તિ વડે અનુભવવાનું તે તત્ત્વ છે.

## આગળની સ્થિતિ

એથી સાધનામાં સમગ્ર રીતે, સર્વ ભાવે પૂરેપૂરું દૃઢ થવાતાં ચેતનામાં જીવનનો વિકાસ થતો સાધક અનુભવે શકે છે. ત્યારે જ ઉચ્ચતમ દિવ્ય રસની તમન્ના ખૂબ તીવ્રપણે પ્રગટે છે. એમ, માનવીના આંતરવિકાસમાં અને એ પછીની ઉત્તરોત્તરની સાધનાની દૃઢ ભૂમિકામાં યોગને માર્ગે દિવ્ય પ્રકાશ અને શક્તિના અનુભવ એને થતા રહે છે. એ બધું સાધક હૃદયે અનુભવશે ત્યારે એને અનુભવાત્મક પ્રતીતિ, હૃદયમાં હૃદયથી થયા કરવાની છે. આવું જ્યારે બને છે ત્યારે આપણાં મનાદિ-કરણને યોગસાધન સિવાય બીજું કશું જ કરવા જેવું લાગવાનું નથી, તે નક્કી જાણજો. સાધકથી પોતાનાં જીવપ્રકૃતિ તથા સ્વભાવને જીવનવિકાસની સાધનાના સાધનમાં ખૂંપાવવાનું અને અનુભવો દ્વારા દૃઢાવવાનું બને તો પછી એ ક્યાંયે જવાનું મન કરી નહિ શકે.

## સાધક થીંગડાંથી ન સંતોષાય

આપણે જરાતરા, અહીંતહીં જીવનના કે જગતના કે સુખદુઃખના કોયડાનું કંઈક સમાધાન મેળવી લીધે ચાલવાનું નથી. ત્યારે જ આપણને ખાતરી થશે કે અત્યારે ને અત્યારે જ આ બધું કરી શકાય તેવું નથી અને

જીવનની બધી સમસ્યાઓ અને બધા પ્રશ્નોના ઉકેલ આપણે પૂરેપૂરો કરી શકીશું અને તે અત્યારે ને અત્યારે જ, એવું જે માનવાપણું બનેલું છે એમાં કેવળ અજ્ઞાન રહેલું છે, તે નક્કી જાણજો. થીંગડાં દીધે નવી વસ્તુ બની જતી નથી. આ બધા પ્રયત્નોની પાછળ અને તેના હાર્દમાં ચેતનાનું બળ નથી.

આવા બધા સમાજના સુધારણાના પ્રયત્નમાં સાચી પ્રમાણિકતા હોય, વફાદારી હોય, નેકદિલી હોય અને પૂરી સચ્ચાઈ પણ હોય, તેમ છતાં 'આ એક જ સાધન એવું છે કે જેની પરિપૂર્ણતા થતાં સમાજનો પૂરેપૂરો ઉદ્ધાર થઈ જશે' એવી પ્રચારની ઉગ્રતા જ્યારે પ્રગટે છે ત્યારે તેમાંથી સત્યની શક્તિ મોળી પડી જાય છે. સત્યનું કોઈ એક જ પ્રકારનું અંગ હોઈ ન શકે. સત્ય અનેક રીતે વ્યક્ત થયા કરે છે. એટલે જ્યારે 'આ જ ખરું અને બીજું નહિ' એવી સમજણ જે જે પ્રયત્નમાં પ્રગટેલી રહે છે ત્યાં ત્યાં ચેતનાનું સાચું પૂરું વ્યક્તિત્વ નથી એમ સમજવું.

## સદ્‌ભાવ તો રાખવો જ

તેમ છતાં આપણે તો જેમાં સત્પ્રયત્ન છે. પ્રમાણિકતા, સચ્ચાઈ ને વફાદારી છે તથા નિષ્ઠાપૂર્વકનું વર્તન છે, ત્યાં ત્યાં સદ્‌ભાવ જ રાખવો રહ્યો. આપણી રીત સંપૂર્ણ છે અને બીજાની સંપૂર્ણ નથી એમ માનવામાં પણ દોષ છે. સત્યનાં અનેક પાસાં હોય છે. તેથી અમુક જ રીત સાચી એવો આગ્રહ ન સેવવો. જીવનમાં જીવનની સાધનાથી જ્ઞાનપૂર્વકની એક પ્રકારની મુલાયમતા પ્રગટે છે. એવી મુલાયમતા જીવનમાં જ્યારે પ્રગટે છે ત્યારે સર્વ પ્રકારની પ્રમાણિકતા પરત્વે આપણું દિલ નમતું આપણે અનુભવી શકીએ છીએ. જેમ જેમ સાધકનો આંતર વિકાસ પ્રગટતો જાય છે તેમ તેમ એની જીવનદૃષ્ટિ પણ બદલાતી જાય છે. એટલે કોઈ સાધક સાધનાને અમુક ઉદ્દેશથી જ - ધારો કે દેશના ઉદ્ધાર અર્થે શક્તિ પ્રાપ્ત કરવાના હેતુથી - વળગે, પરંતુ તેમાં ઊંડા ઊતરતાં ઊતરતાં એણે ધારણ કરેલા હેતુની દૃષ્ટિની પાછળ તે વેળા એનું અજ્ઞાન હતું એમ

એને ત્યારે સમજાયા વિના રહેતું નથી અને એમ એ ઉત્તરોત્તર ઉચ્ચ પ્રકારના જીવનમાં પ્રવેશતો જતો હોય છે. જગત એવાને સમજી શકતું નથી અને સમજી શકવાનું પણ નથી. માત્ર કોઈક કોઈક સમજે છે.

## 'ગુરુ'નો અર્થ

જ્યાં જ્યાંથી જીવનમાં શ્રદ્ધા જન્મે, જ્યાં જ્યાંથી હૃદયમાં ભક્તિના અંકુરો પેદા થાય, જ્યાં જ્યાંથી અંતરના ઉમળકાએ પ્રણામ કરવાની પ્રેરણા મળે, એવા હૃદયના ઉમળકાનો ફુવારો જ્યાં ફૂટે ત્યાં ત્યાં જીવનના ગુરુ છે એમ જાણવું. ગુરુ એટલે કંઈ તેનું શરીર નહિ, તેની પ્રભા પણ નહિ, પરંતુ તેનામાં પ્રગટેલી કોઈ અલૌકિક દિવ્ય શક્તિ અને ક્રિયમાણ થઈ રહેલું તેનું જીવંત દૈવત.

## નવું જીવન મેળવવાની રીત

સાધનાથી ઊપજતી જતી સમજણને માત્ર વાગોળ્યા કરવાથી કશું નહિ બને. આંધળું અનુકરણ કર્યે પણ નહિ ચાલે. એમાંથી દેખીતી કે અનુભવાતી પ્રતિભાથી અંજાઈ ગયે પણ નહિ ચાલે, પરંતુ એમાંથી જે ચેતના જાગે, તેને નવા પ્રકારે સર્જન થવા ઈચ્છતા તત્ત્વને સ્વીકારવામાં અને આવકારવામાં કામે લગાડ્યા કરવી પડશે. તો જ નવું નવું જીવનમાં મળ્યા કરવાનું છે. સાધનામાંથી જીવનની રસજ્ઞ દૃષ્ટિશક્તિ ખીલતી જવી જોઈશે. તો જ પ્રત્યેક કર્મમાં એનો આગળપાછળનો હેતુ અને તેનું જ્ઞાન મળ્યા કરશે.

(અનુષ્ટુપ)

પ્રસન્નતાતણી માત્રા જ્યારે ઓછી થતી દીસે,
ચેતીને શોધવું ત્યારે 'એવું કેમ બન્યું હશે ?'
પરોવાઈ ન ત્યાં જાવું, વૃત્તિનું મૂળ શોધીને,
તેથી થૈ અળગા પોતે, ત્યાં પ્રસન્ન ફરી થવું.

હરિઃૐ હરિજન આશ્રમ, તા.૨૩-૧-૧૯૪૩

## સદ્‌ગુરુ પણ મથે જ

સ્વતંત્ર વ્યક્તિત્વ તથા પોતાપણાનો ખ્યાલ કે 'મારી સમજણ આવા પ્રકારની હતી અને છે' અથવા 'મારું આમ માનવું હતું,' એવી ગડભાંજો જીવનમાં ઊભી થવા વારો ન પ્રગટે તે ઉત્તમ છે. માબાપ ! હવે તો સ્વરૂપનો ખ્યાલ કરી કરીને કંઈક કડક દૃઢ બનવાનું કરી શકો તો ઘણું ઉત્તમ. તમારી અકળામણ તો તમે કોકને જણાવી પણ શકો, પરંતુ મારે કોને જણાવવી અને સંભળાવવી ? મારી અંતરની વ્યથા કોણ શમાવે ! મારો બાપલિયો કેટલુંક સાંભળે છે ખરો, પરંતુ એ તો મારો પ્રાણપ્યારો, વહાલામાં વહાલો છે. એને ઝાઝી તસ્દી પણ કેમ અપાય ? અત્યંત પ્રેમ કરીને એણે મને એનો ભાવ જે આપ્યો છે તો તે શું કરવા ? સ્વજન પરત્વેની સહાનુભૂતિની પ્રેરણાથી પ્રેરાઈને પ્રભુકૃપાથી મારે પણ તેટલી મથામણ કર્યે જ છૂટકોને ?

## ઊંચી કક્ષાની સાધનાથી શરીર બદલાય

એમાં તૂટી પડવાપણું એ કરાવે નહિ. શરીરનો ધર્મ તો વધવા ઘટવાનો ભલે હોય. એ પણ એના ભાવનું આધારમાત્ર છે. એટલા પૂરતું એનું યોગ્ય રક્ષણ કરવું એ આપણી પવિત્ર ફરજ છે. એ બાપડું એવું બધું દિવ્ય તત્ત્વ, દિવ્ય પ્રકારની તારતમ્ય શક્તિથી જીરવી શકવાની તાકાતવાળું પૂરેપૂરું બને તે પણ ધર્મકર્તવ્ય છે. તે કર્તવ્ય પણ ઉત્તરોત્તર ઉચ્ચતમ સાધનાનું એક અંગ છે. એની કૃપાથી એવું પણ એને બનાવવાનું રહેશે.

## જીવનનો યોગ્ય મર્મ ગ્રહે તે જ સેવા કરી શકે

બધાં સ્વજનોએ જ્ઞાનપૂર્વક ત્યાગ કરીને બધાં પરત્વે તેમ જ પોતાના જીવનમાં સુમેળભાવના પ્રગટે એવાં દૃષ્ટિ અને વર્તન કેળવી કેળવીને

રાખ્યા કરવાનાં છે. ખૂબ પ્રેમભાવનાથી હૃદયનું ઐક્ય થઈ શકે એમ ભાવનાને કેંદ્રસ્થ કરી કરીને, પ્રેમાર્દ્ર ભાવયુક્ત વર્તન પ્રગટાવી પ્રગટાવીને તેવી ભેટ - શ્રીભગવાનનાં ચરણકમળમાં પ્રેમભક્તિભાવે ભેટી ભેટીને - સમર્પણ કર્યાં કરવાની છે. જે એકને ધર્મ લાગે તેવું ભલેને બીજાને તેના યથાર્થપણામાં ન લાગ્યું હોય, પરંતુ ત્યાં જીવનવિકાસનો હેતુ જેના જીવનમાં છે તેવાએ ચેતવું ઘટે છે. એમાંથી જેણે જેણે જીવનનો યોગ્ય પ્રકારનો મર્મ ગ્રહણ કર્યો હશે - આ જીવ સુધ્ધાંએ - તે બધાંએ જીવનને મદદ કરી ગણાશે. કોટિ કોટિ હૃદયના તેવા જીવને પ્રણામો !

## આપણું બધું શક્ય કરી ચૂકો

જે કોઈને જે કંઈ કહેવાનું હતું તે બધુંયે કહેવાઈ ચૂક્યું છે. તેથી, સર્વ સ્વજનને પ્રાર્થના છે કે એમનાથી જે જે થાય તે ખંત રાખી રાખીને કરે. તેમ છતાં જીવને ઊંધે પાટે લઈ જવાનું કોઈ કરાવે તો નહિ, પરંતુ અજાણતાં એમનો સ્વભાવ તેમને દોરવીને આપણને તેમ કરવા પ્રેરે તો એનું એને દર્શન કરાવીએ. અને તે પણ અત્યંત નમ્ર, પ્રેમઆર્દ્રતાભરી પ્રેમભાવનાએ. ક્યાંયે તેમાં કચાશ ન રહે. આપણે ભાગે તો સર્વ કંઈ કરી છૂટવાનું અને કરી ચૂકવાનું રહેશે. જ્યાં સુધી શક્ય હશે તેટલું બધુંયે કરી ચૂકીશું નહિ ત્યાં સુધી આપણો અંતર્નાદ પણ જાગવાનો નથી. જીવનના સાચા ભાવથી અને યોગ્યપણે સાધના કરનાર સાધક કદી હારતો હોય છે, તેમ છતાં તે પાછો પ્રભુને તે તે બધું જ્ઞાનભક્તિપૂર્વક સોંપનારો પણ હોય છે અને અંતે તો એવો જીત મેળવે છે. ભગવાનનો સાચો ભક્ત આખરે કદી હાર પામતો નથી, એવું ભગવાનનું ભક્તને આશ્વાસન છે. કંઈ કશામાં આ જીવની ધીરજ ખૂટતી નથી. 'ભગવાન કરતાં ભક્ત ચડે' એમ કહેવત છે, કારણ કે ભગવાન અવ્યક્ત છે, ભક્ત વ્યક્ત છે.

## ધીરજને પણ મર્યાદા હોય

માનવીની શક્તિ અનંત છે. એ શક્તિને કામે લગાડ્યા કરીને એને ઓળખવાનું જો લક્ષ ન સેવીએ તો થાય શું ? તો તો સ્વભાવને વશ થઈ જવાય. તેમાં બીજું કોઈ શું કરી શકે ? તમે બધાં સ્વજન સમજી સમજીને જ્ઞાનભક્તિપૂર્વક કૃપામદદ કરતાં રહો તો સૌ કંઈ થાય. આખરે કોઈ સ્વજને આ જીવની દયા ન જાણી તે ન જ જાણી, એ પણ પ્રભુની જ કરામત છે. પ્રત્યેક માનવીને પ્રત્યેક બાબતમાં અમુક અમુક હદ હોય છે. તે હદ વટાવાઈ જવાતાં અને તેની ધીરજની મર્યાદા વટાવાઈ જવાતાં આપણા વિશે તેનામાં યોગ્ય પ્રકારનું વલણ પ્રગટી શકતું નથી, તે જાણશો.

## સદ્‌ગુરુની ઝંખના

સહસ્રદલ પાંખડીઓ જેની ખીલી ઊઠે છે, એવા વિકસતા કમળ જેવા શ્રીભગવાનનાં ચરણકમળે ધરવા યોગ્ય જેનું જીવન પ્રફુલ્લિત અને સુવાસિત પ્રકટેલું હોય એવું સૌભાગ્ય અને શુભ અવસર જોવાને હૈયું તો ઘણું ઘણું ઝંખે છે. એની શક્યતાઓ તો છે, તે વિના હું અમથો શું કરવા મથું ?

## તમે નહિ, હું રાહ જોઉં છું

જીવનમાં જો આપણે બધાંએ સુમેળથી, પ્રેમથી, સુસંવાદથી જીવવાનું હોય, પરસ્પરમાં હૃદયમાં હૃદયથી એક થવાનું હોય તો તે માટે આપણે શું કરવું જોઈએ ? તે આપણે બધાં સ્વજન શા માટે પૂરેપૂરું ઊંડું વિચારતાં નથી ? ક્યાં શું ખટકે છે, તે કેમ જણાતું નથી ? અને જો જણાતું હોય તો એને ઠીક કરવા કમર કસવાને બદલે જંપીને કેમ બેસી રહેવાય છે ? રાહ તો હું ક્યારનોયે જોઈ રહ્યો છું. સ્વજનોએ મારી રાહ જોવાપણું ક્યાં રહ્યું છે, તે મારા જેવા મૂર્ખાથી તો સમજાતું નથી.

## દોષ દૂર થવાના ઉપાયો

કોઈનોયે દોષ બતાવવાને કશું કહેવાપણું નથી. કૃપા કરીને જે કંઈ સાચું હોય તે પણ ખુલ્લા દિલે સ્વીકારવાનું પૂરેપૂરું ન બની શકે ત્યાં સુધી તો શું થઈ શકે ? જો આપણો દોષ હોય એમ દિલથી ઠસ્યા કરતું હોય તો એ દૂર કરવાને માટે જે વાતાવરણ આપણે ઉપજાવવું ઘટે, તેવું વાતાવરણ જડતા-તામસમાંથી કે દરિદ્રીવેડામાંથી નથી નીપજવાનું એ તો મનની દૃઢ સ્વસ્થતામાંથી, શાંતિ સમતામાંથી, પ્રસન્નતામાંથી નીપજી શકવાનું છે. છોકરાનું ગમે તેમ થતાંયે એના ઉપર કેમ વહાલ વરસાયા કરાય છે ? ત્યાં જેવી વૃત્તિ છે તેવી વૃત્તિ અમારામાં જો પ્રગટે તો કામ તો સુલભ છે.

## હેરાન કરવાનો હેતુ નથી

સર્વ પ્રકારે સમજવાને ખુલ્લા બન્યા કરવાનું છે. આ માર્ગમાં પ્રથમ ખુલ્લા થવાની મહત્ત્વની હકીકત છે. આ માર્ગે મળેલાં સ્વજનના જીવનમાં ખુલ્લા થવાપણું પ્રગટે, જીવનના વિકાસના પંથની સાચી સમજણ પ્રગટે, એ માટે માથાં ફોડ્યા કરીએ છીએ. એને જો સ્વજનના હૃદયની સહાનુભૂતિ ન મળે, હૂંફ ન મળે, સ્નિગ્ધ હૈયું થાય એવો ભાવ ન મળે તો અમારા સારા જીવતરમાં ધૂળ મળી. કૃપા કરીને અમને ઉવેખશો નહિ. અમારી દયા પણ કોઈ ન ખાશો. અમારા કઠોરપણાને અન્યથાપણે ન સમજવા પ્રાર્થના છે. મનમાં દૃઢપણે ગાંઠ વાળીને ન બેસી રહેશો. કોઈનેયે હેરાન કરવાનો તો હેતુ નથી. હેરાન કરવાના તે એવા કંઈ શોખ થતા હશે ?

## જીવનવિરોધી તત્ત્વોને વશ ન થશો

શા માટે પ્રકૃતિમાંના કંઈકને વશ થઈને એને મદદ કર્યા કરવાનું થાય છે ? જે તત્ત્વ જીવનમાં જીવનને પરસ્પર સાંધવા માગે છે, ઊર્ધ્વગામી જીવનમાં ઐક્યનું સુખ કેળવવાને અને મેળવવાને મથવાનું કરે છે, એની સામેનું તત્ત્વ આપણને પકડીને બેઠું છે અને એને આપણે એક યા બીજી

રીતે પોષી રહેલાં છીએ. અમે તો પ્રેમથી જેમાં ને તેમાં નમતું આપી દેનારા છીએ. એમાં અમને કંઈ નાનમ થોડી છે ? પરંતુ એમ કરવાથી કોઈ ઘડાવાનું નથી. નમતું આપવામાં જે હેતુ છે, તે જો સધાતો હોય તો તેમ કરવામાં તો હૈયાનો ઉમળકો છે. સાધનાના જીવનપંથને વિરોધી નહિ હોય તે સઘળુંયે આનંદથી, ઉત્સાહથી અને પ્રેમથી તમારે ચરણે ન્યોછાવર કર્યા કરીશું. જો સંસારી જગતની માન્યતાઓ, ગણતરીઓ, સમજણો, લાગણીઓ, વહેવારો, રીતરિવાજો વગેરે વગેરે પ્રમાણે જીવન ગાળવાનું દિલ હોય તો જીવનની સાધનાના માર્ગમાં મેળ ખાવો શક્ય લાગતો નથી.

## હવે તો જીવનક્ષેત્ર નક્કી કરી લો

તેમાં છતાં જ્યાં સુધી છેવટમાં છેવટની શક્યતા અને મર્યાદા હશે ત્યાં સુધી આનંદથી તમને સાથ આપ્યા કરીશું, પરંતુ હવે આપણે બેમાંથી એક ક્ષેત્રની પસંદગી તો કરવી જ રહી. જે પ્રમાણે જીવનક્ષેત્રની પસંદગી રહે, તે અંગેનું જીવન, એની સમજણ અને એનું વર્તન પણ તે રીતે અને એ ભાવનાએ પ્રગટ્યા કરે અને તેવું અનુભવમાં અચૂક પ્રત્યક્ષ નીરખાય, ત્યારે આપણી નેમ સાચી છે, એમ ગણાય.

## ચેતનાયુક્ત જિજ્ઞાસાવાળું દિલ રાખો

જો આપણું તેમ વર્તવાનું બનતું હોય તો અથડામણમાં આવી પડવાનો પ્રસંગ ઉપસ્થિત થવાનો નથી, પરંતુ આપણે તો ઝડપાઈ જઈએ છીએ, ત્યાં થાય શું ? આપણામાં કોઈ ભાવ રાખી રાખીને કેટકેટલો રાખે ? તેવું વર્તવાથી કોઈ કંઈ ખોવાનું તો કશું નથી. એને દિલ આવા પ્રકારની પરસ્પરથી પ્રગટતી મથામણનું મૂલ્ય ગમે તે હોય, પરંતુ એની તેવી પ્રમાણિક જહેમતને અને તેની ભાવનાને સત્કારવાને આપણું દિલ ચેતનાયુક્ત જિજ્ઞાસાની ભૂમિકાવાળું રહ્યા કરે, એટલી અને તેવી તીવ્રતમ તમન્ના તો આપણે રાખીએને ! એટલું હોય કે થાય, તોપણ

બસ છે.

## સ્થૂળ સુખ અને જીવનનું સુખ

મારે મન તો તમે બધાં જ છો તે છો. એનું વર્ણન કરવાનો કશો અર્થ નથી. આપણે પ્રકૃતિ કે સ્વભાવને તાબે ન થવાનું કરીએ તો આંતરિક બળ ઘણું ઘણું પ્રગટે છે. એમાં આપણે કશું ખોવાપણું નથી. એમાં જીવનનું ધન વેડફાઈ જતું નથી. ઊલટું તે તો વધવાનું છે. તમારું જે સ્થૂળ ધન છે તે તો ક્યાંયે જતું રહેવાનું નથી. એને જે જીવ વળગીને સાચવવાનું કરે છે, તે જો જીવનના સુમેળપણાનું સુખ નહિ ધરાવતો હોય તો પેલા ધનને પકડીને શું કરશે ? જીવન માત્ર કંઈ પૈસાથી જ ટકે છે, તેવું કશું નથી, સુખ માત્ર ધનમાં રહેલું છે, સગવડમાં રહેલું છે, આરામમાં રહેલું છે, એ માન્યતા પણ સાચી નથી. સુખ શેમાં રહેલું છે, તેને આપણે ચારેબાજુથી સમજવાનું રહે છે. અને સુખનું સાચું કારણ કયું છે, તે સમજણમાં ઉતારવું પડશે. સુખ બાહ્ય પ્રકારના સાધનમાં નથી. સુખ તો અંતરમાંથી પ્રગટતી સાચી સમજણમાં છે.

## તે સુખ માટે આટલું કરો

માટે, ચિત્તને સ્થિર રાખ્યા કરો. પવનના નવા નવા ઝપાટે જેમ દીવાની જ્યોત હોલવાઈ જાય છે, એવું આપણું શા માટે થયા કરવું ઘટે ? જીવનની મહા મંગલમયી જગજ્જનનીની દિવ્ય શક્તિને જન્મવાને પૂરતી તક આપ્યા કરો, એનો અપરાધ ન કરો એ જ અભ્યર્થના. હવે તો પસંદગી કરી જ લેવી પડશે. એ પસંદગી અનુસાર સમજણ, દૃષ્ટિ, વર્તણૂક રાખવી પડશે. મહેનત કરવી પડશે. જીવનને પછાડવા માગતા તત્ત્વને તાબે થઈ જતાં પહેલાં જ્ઞાનપૂર્વક જીવતોજાગતો સામનો કરવાનો પ્રમાણિક પ્રયત્ન કરવો પડશે. સાહસ, હિંમત પ્રગટાવી પ્રગટાવીને ઝૂઝવું પડશે. સમયને ઓળખવો પડશે. પળ પણ નકામી ગાળવાનું થતાં, તે ઘણું ઘણું ડંખે એવું જીવનમાં સમજી સમજીને આપણે વર્તવાનું

છે.

## આપણી ખામીના સત્યને સ્વીકારો

સામનો કરવાની સ્થિતિ પ્રગટી હોય, તેમ છતાં તેવો સામનો કરવાની શક્તિનું યોગ્ય પ્રકારમાં જાગ્રત થવાપણું ન પ્રગટતું હોય તો જાણવું કે આપણા ઉત્સાહમાં મંદતા છે, આપણી ધગશમાં મંદતા છે, આપણા વર્તનમાં યોગ્ય પ્રકારની ઉત્કટ હેતુપૂર્વકની તમન્ના નથી. સત્યને નકાર્યે નહિ ચાલી શકે. સત્યને નકારતાં તો આપણે નકારાઈ જઈશું, તે ખ્યાલમાં રાખજો. સત્યને નકારીને કોઈ ભગવાનને પંથે જઈ શકવાનું નથી, તે જાણશો. તમે નિઃસીમ પ્રેમની નિશાની તરીકે જે લખ્યું છે, તે સાથે સહમત નથી થઈ શકતો. જ્યાં સુધી ગમે તેવું ભલે હોય, પણ એની સત્યની વાસ્તવિકતાના પાયા ઉપર તે હ્રદયમાં ન ઊતરી શકે ત્યાં સુધી બધું રદબાતલ સમજવાનું છે.

## મન ખુલ્લું કરો અને ખુલ્લું રાખો

મારું ગમે તેવું કર્મ તમે સાંખી ન લો, એવું પોકારી પોકારીને મારે કહેવાનું છે. ન સમજાય એવું લાગે તે જવા ન દેવું. યથાર્થ રીતે તે સમજવા મન ખુલ્લું રહ્યા કરવાની ભૂમિકા રચ્યા કરવાની છે, તે જાણશો. મારું ગમે તે હોય, એમાં અનિષ્ટ ન લાગે કે તેમ ન સમજાય એવી મનોભૂમિકા થઈ જાય એ જોકે ઈષ્ટ છે, તે સાથે એનાં હેતુ, રહસ્ય અને મહત્ત્વ જ્યાં સુધી દિલ પૂરેપૂરાં સ્વીકારે નહિ ત્યાં સુધી આપણું મન પાંશરું કદી બેસવાનું નથી, તે પણ લક્ષમાં રાખશો. અને આ માર્ગમાં જે તે બધું સમજાવવાનું બની શકતું નથી અને સમજાવવા જતાં તે સમજાઈ પણ શકાતું નથી. 'કાને સાંભળ્યા છતાં, આંખે જોયા છતાં, ગમે તેવું દુનિયાની દૃષ્ટિએ અઘટિત લેખાતું કર્મ તમારું હોય, તોયે તે ઈષ્ટ લાગ્યા કરે છે.' એવું માનવું એ મને ઠીક લાગતું નથી. મન કે મનની સમજણ તેવું કદી પણ સ્વીકારી લેશે નહિ. માટે એવું કંઈ દેખાતાં, જણાવતાં

રહેવું કે જેથી મન કશું પકડી લે નહિ. માટે કૃપા કરીને ગમે તેવું હોય, તે જણાવ્યા વિના રહેશો નહિ, કદી પણ ખચકાશો નહિ, કે સંકોચ રાખશો નહિ. મનને યદ્વાતદ્વાપણે આપણે સંતોષી શકવાનાં નથી. મનના વળાંકો અને એની સૂક્ષ્મ ગતિને પૂરી સમજવી એ કામ મુશ્કેલ છે, કિંતુ સાધનામાં જે જીવ ઊતર્યો છે અને જેનામાં તટસ્થા કામ કરતી અનુભવાઈ છે, તે મનમાં જે જે મળે કે ઊગે છે, તેનું યથાર્થ પૃથક્કરણ કરી શકે છે. તે આમ કે તેમ કશું ધારી લેતાં પહેલાં ઘણો ઘણો વિવેક વાપરે છે. કોઈ પણ પ્રકારનો મત ન બાંધી લેવામાં તે શૂરવીર છે. હેતુના જ્ઞાનને સમજી સમજીને જે તે કંઈ મનમાં લેવાયા કરાય, તે જ યોગ્ય સમજ જન્માવવામાં મદદ કરનારું થઈ પડવાનું છે. તીર્થમાંથી મેળવવાની હૃદયપૂર્વકની જિજ્ઞાસા પ્રેમભક્તિવાળી પ્રગટ્યા કરે, એ ઘણું જરૂરનું છે.

---

હરિઃૐ તા. ૨૩-૧-૧૯૪૩

## સંગ્રામમાંથી પુર્નજન્મ

ગમે તેટલોય સત્યનિષ્ઠ રહેવાવાનો હૃદયનો પ્રયત્ન હોય તોપણ બીજાના સદ્ભાવને હૂબહૂ પકડી શકાતો નથી. એને તે પોતાને અનુકૂળ બનાવી લે છે અને એ રીતે એનાથી આપણા જીવનને ઘડાવાની શક્તિ ને તેનો હેતુ તે ઓછાં કરી નાખે છે. જીવનવિકાસની સાધનામાં જેટલી જેટલી મુશ્કેલીઓ પ્રગટે, તેની સાથે શાંતિથી, પ્રસન્નતાથી, તટસ્થતાથી સામનો કરવાને આપણે ઉદ્યત થવું પડશે. સામનો કર્યા વિના જીવનની તેવી શક્તિ પ્રગટતી પણ નથી. તેવા ગજગ્રાહ સંગ્રામમાંથી નવા નવા પુનર્જન્મનો વિકાસ થતો રહે છે. પુરુષાર્થનું ગૌરવ એ તો સાધનાના જીવનનો શ્વાસ છે.

## સાધનાની પ્રગતિની ચિંતા

પ્રગતિની નિષ્ક્રિય ચિંતા કરવાનો કશો અર્થ નથી. આપણે જો સાચી રીતે, પ્રમાણિકપણે, વફાદારીથી, એકનિષ્ઠાથી, ધ્યેયની દશામાં હૃદયથી જાગ્રત રહી રહીને પ્રયત્ન કર્યા કરતાં હોઈશું તો પ્રગતિ તો નિશ્ચિત છે. મોટી મોકાણ આપણો યોગ્ય પ્રકારનો પૂરતો હૃદયનો પ્રયત્ન નથી હોતો તેની છે. પોતાની સમજણ, પોતાનો મત, ઈચ્છા-અનિચ્છા વગેરેનાં માપનાં ચશ્માંથી જીવનને જોવા જતાં સાચું તત્ત્વ ઢંકાઈ જશે. તા.૨૪-૧-૧૯૪૩. અખાનું એક નીચ પ્રમાણેનું ભજન છે. જે હેતુથી તીર્થભૂમિમાં આપણે જવાનાં છીએ તેને પ્રેરણા પાનારું તે થઈ પડશે, એમ સમજીને તે લખી મોકલ્યું છે :-

સંત સેવો રે, ભાઈઓ, સંત સેવો,
જો ઈચ્છો રામ હૃદયમાં રહેવો - સંત સેવો રે.
નીપજ ન હોય કશી એવા પાખે,
સંત સેવ્યે રામ પોતાના કરી રાખે, - સંત સેવો રે.
મહા રત્ન મળે સેવ્યે જ સાગર,
સંતસમાગમ એવો રે આગર, - સંત સેવો રે.
જેમ અભ્રની ઓથે વિદ્યુત ચમકે,
તેમ એ રામ મળે સંત-ગુરુ કર્યે, - સંત સેવો રે.
જે જનને મહા ભવસાગર તરવો,
દૃઢ નૌકા સંતસમાગમ કરવો, - સંત સેવો રે.
જેમ બચ્ચું દેખી ગૌરી દૂઝે,
ત્યમ હરિ ઈચ્છે તે તો હરિજન પૂજે, - સંત સેવો રે.
સોય પૂંઠે જ્યમ ચાલે દોરો,
ત્યમ હું ફરું જ્યાં સંત ફરે મોરો, - સંત સેવો રે.
સર્વોત્તમ મારા જન જ્ઞાની,
કહે હરિગીતા વાત નહિ છાની - સંત સેવો રે.

કહે અખા શ્રીમુખ વાચક ગ્રહેશે,
તે સ્વામીને તત્ક્ષણ લહેશે. - સંત સેવો રે.

## સદ્ગુરુ પ્રત્યે વિવેક ભરેલો ઉત્કટ પ્રેમ રાખો

યોગયોગ્ય વિવેકભર્યો વિચાર અને બુદ્ધિની સમતાયુક્ત જાળવણી જ્યાં સુધી આપણાં સકળ કર્મમાં પૂરેપૂરાં નથી ત્યાં સુધી આવેશ, આવેગ કે એવી લાગણીનો જોઈએ તે કરતાં વધારે વિશ્વાસ આપણે કરીએ છીએ - એમાં તદ્રૂપ હોઈએ છીએ - અને પાછી ખરી ખૂબી તો એ છે કે એને આપણે હકીકત તરીકે લેખીએ છીએ. એવી સ્થિતિમાંથી ઉદ્ભવતી સમજણ પોતાના કોઈ ગુરુજન પરત્વે રાખ્યે પાલવશે નહિ. ઉત્કટ આદરભાવના ભલે હોય, હૃદયને ભીનું રાખ્યા કરે એવો ઉત્કટ પ્રેમ ભલે હોય અને તે આપણને અંગેઅંગ આવરી પણ ભલે લે, પરંતુ તે સાથે સાથે એનો જ્ઞાનપૂર્વકનો, સમતા-તટસ્થતાભર્યો ડોલન વિનાનો પૂરેપૂરો વિવેક જો ન જળવાય તો એનો યોગ્ય લાભ ન મળે.

## યોગ્ય વિવેકનો અર્થ

આપણને જે ગમે છે કે નથી ગમતું એને જ આપણે ઘણી વાર બુદ્ધિને સ્થાને, તર્ક-દલીલને સ્થાને, આમ કે તેમ વિચારીને સ્થાને, બેસાડી દઈએ છીએ. આથી, ધીમે ધીમે આપણને માલૂમ પડે છે કે આવા આવેગથી છેતરાવાનું બને છે. આથી, સાધકે ઊંડા જતાં પોતાના આત્મપરિચયની બાબતમાં કંઈ કશાને મહત્ત્વ આપતાં પહેલાં પૂરેપૂરો વિવેક વાપરવો જોઈએ. તે વિવેક એવી રીતેનો વાપરવો ઘટે કે જેથી પેલી સામી વ્યક્તિના પ્રેમ, સદ્ભાવ, આદર-ભાવના કેળવાતાં જતાં અટકી કે ખોટકાઈ ન પડે. એવો વિવેક આ ગુણોને ખીલવનારો, વિકસાવનારો, ગતિ આપનારો, યોગ્ય બળ પ્રેરનારો નીવડવો ઘટે. આવો યોગ્ય વિવેક કરવાની ત્યારે જ શક્યતા છે કે જ્યારે યોગ્ય પ્રમાણની તટસ્થતાની શક્તિ પ્રગટેલી હોય.

## આવેશ કે આવેગ

જીવનમાં પ્રગટતા આવેશ કે આવેગની હકીકત એકાંતિક વ્યક્તિગતપણાની છે. આપણને તેમાં જેવું લાગે તેવું બધાંને લાગવાનો સંભવ ન પણ હોય. જ્યારે આવેશ કે આવેગથી પૂરા આવરાઈ ગયેલા હોઈએ છીએ ત્યારે બીજું કંઈ તેમાં પ્રવેશ કરી શકતું નથી. તેથી, તેવા આવેશ કે આવેગની વૃત્તિમાં એક પ્રકારની ગૂઢતા પણ હોય છે. એટલે તે પોતાની મર્યાદાનાં ક્ષેત્રમાં ગમે તેવી ભલેને મોટી હોય, પરંતુ તેના ક્ષેત્રની બહાર એને છાપરે ચડાવવાનો આગ્રહ જો ભૂલેચૂકે પણ સેવીએ તો અવગણના થવાનો સંભવ રહે છે, તે જાણશો.

## મારું કર્મ અને મારો ધર્મ

આપણે બધાં પ્રકૃતિથી અને સ્વભાવથી કેવાં છીએ એ વિશે સ્પષ્ટ વાત કરવાનો મારો ધંધો નથી. આપણને શું નડ્યા કરે છે, શાથી આપણે ખચકાઈ જઈએ છીએ, શાથી અચકાઈ જઈએ છીએ, મન, બુદ્ધિ કંઈ પણ કશાના યોગ્ય હાર્દને કેમ પકડી શકતાં નથી અને કેમ તેનો યોગ્ય જ્ઞાનપૂર્વકનો સ્વીકાર કરી શકતાં નથી, તે બધું જીવનવિકાસના હેતુ અર્થે મળેલાં સ્વજનને, પ્રેમભાવથી પ્રેરાઈને જણાવવાનું કેવળ કર્યા કરું છું. જે ભાવનું આરોપણ તમે બધાંએ આ જીવમાં કર્યું છે, તે ભાવનો ધર્મ વિવેકથી બજાવવાનું કર્તવ્ય પ્રભુકૃપાથી કરવું રહ્યું. એવો રસ્તો ચીંધવાનું કર્મ એ તો ધર્મ છે અને ધર્મ બજાવ્યા વિના તો જંપાય કેમ ? આવું થતાં જતાં કેટલાંકને તે નથી ગમતું અને કેટલાંક તો કહે છે કે ‘તમે અમને ઉઘાડા પાડો છો’ એવી બૂમ અને ફરિયાદ પણ સંભળાય છે. જે સ્વજને મને સમજવાને પણ આંખ, મન, હૃદય જો ખુલ્લાં નથી કર્યાં, તેમને મારે શું કહેવું ! તેમ છતાં પ્રભુકૃપાથી મારે અટકવાનું રહેતું નથી. મને તેમ કરતાં કોઈ અટકાવે તોપણ પ્રભુકૃપાથી જેટલું બને તેટલું કર્યા કરું છું,

પરંતુ તેમાં ભાવનું ખંડન થતાં વેગમાં ક્ષતિ આવી જવાનો સંભવ રહે છે. જેને આપણે પ્રેમભક્તિથી સ્વીકારી શકીએ નહિ, તેને આવકારી તો કેમ કરીને શકીએ ? તેને પછી આપણા હૃદયમાં પ્રવેશતાં સંકોચ રહે કે થાય, તે સમજી શકાય તેવું છે.

## પ્રેમ એ હૃદયનો પ્રદેશ છે

આજકાલ આશા-અપેક્ષાનો ઉપદ્રવ ઉભય પક્ષે વધી ગયેલો છે. એટલે આશા પૂરી કરનાર મળવું અઘરું થઈ પડે છે. આપણે તો અપેક્ષાહીન જ રહ્યા કરીને પ્રેમ રાખ્યા કરીએ. પ્રેમની યોગ્યતાનો વિચાર બુદ્ધિ ન કરી શકે એ પ્રદેશ હૃદયનાં ક્ષેત્રનો છે. પ્રેમના રહસ્યનું, જીવનના સ્વરૂપનું, હૃદયના વિકાસ પામતા તત્ત્વનું, કોઈ એક પરમ અકલ્પ્ય રહસ્ય છે. જે દૃષ્ટિથી આપણે પ્રેમનો મેળ જોવા માગીએ, તે દૃષ્ટિનું તત્ત્વ કોઈ સત્તા વડે ચોક્કસ કરી શકાતું નથી. આપણાં જીવન, મન, ચિત્ત, પ્રાણ, હૃદયને જેનો રંગ હોય એને સાનુકૂળ જો જીવનનો સાથી થઈ શકે તો તો જરૂર લાભ છે, અનંતગણો લાભ છે, પરંતુ ન થઈ શકે તો હૃદયના પ્રેમની માત્રામાં તો ફરક ન જ પડવો ઘટે, ભલે એને એથી સંતોષ ન પ્રગટે, એ વળી જુદી હકીકત છે. જો સામેથી હૃદયપૂર્વકનો તેવો પ્રામાણિક પ્રયત્ન થયા કરતો હોય તો તો પરસ્પર અને અરસપરસનું હૃદયનું સંધાન થયા કરવાનું.

## પ્રેમ વધવાનો ઉપાય

અંતરમાંથી ચાહવા માટે આપણે અમુક અમુક ગુણોની એક યાદી બનાવીએ, તે સામે ઘણો વાંધો છે. એવી લાખો યાદી બનાવવાથી ચાહના વધતી નથી. એ તો પ્રત્યક્ષ તેવા પ્રકારના સદ્ભાવપૂર્વકના વર્તનમાંથી પ્રગટે છે, વધે છે અને પોસાય છે. આપણા જીવનવિકાસને આપણું જો કોઈ સ્વજન રૂંધતું હોય તો શું કરવું ? એ પ્રશ્ન ઊઠે ખરો અને ઊઠવો પણ જોઈએ. ત્યાં સાધકે એમ ને એમ બેસી રહ્યે અથવા એવી પરિસ્થિતિમાં સંતોષ માની લીધે કે ગમે તેવું ચલાવી લેવાની વૃત્તિ રાખ્યે

પાલવે તેવું નથી. તેવાની સાથે ભયંકર અનૈક્ય હોય અને તે કારણે કઠિન કષ્ટ પામવાનું થાય તોપણ આપણે એને ઉત્કટપણે ચાહવું ઘટે. (પરંતુ જીવનધ્યેયની સદ્‌ભાવનામાં મોળાશ પ્રગટે તેવી રીતે તો નહિ જ, અથવા તો તેમાં ભંગાણ પડે એવી રીતે પણ નહિ. તેની એકધારા તૂટે એવી રીતે પણ નહિ. જીવનવિકાસની ભાવનાને સર્વથી પ્રથમ મહત્ત્વ આપી આપીને પછી બીજું બધું જે કંઈ કરવાનું હોય તે કરી શકાય.)

## પ્રેમમાં સામાની આશા-અપેક્ષા નથી

સામાના સહકારની આશા-અપેક્ષા આપણને ન હોય, એથી તે માથે ચડી વાગશે એવી ભ્રમણાને પોસાય નહિ. ચડી વાગશે તોપણ એને આપણે ક્યાં વશ થઈ જવાનાં છીએ ? આપણે જે પ્રેમ કરીએ છીએ તે તો પ્રેમના તત્ત્વના ગુણના સ્વભાવને લીધે. જીવનમાં સહાનુભૂતિ, મદદ, પ્રેરણા, ઉત્સાહ આપ્યા કરે એવો સાથી હોય તો ઑર આનંદ. તેમ ન હોય અને એને લીધે આપણું મન અસ્વસ્થ, અસંતુષ્ટ રહ્યા કરતું હોય તો આપણે એને ચાહતાં નથી, એવું આપોઆપ પુરવાર થઈ જવાનું છે. પ્રેમી પાસેથી સહાનુભૂતિ મળે તો આપણને ઉલ્લાસ, આનંદ, પ્રેરણા મળે એ વાત સાચી, પરંતુ એ તો સામાના હાથની વાત છે. પ્રેમની ભાવનાની હકીકતમાં કોઈ પણ પક્ષમાં આશા-અપેક્ષાને, આકાંક્ષાને સ્થાન નથી. આવી ભાવના તે ઉત્તમ ભાવના છે. એને કોઈ યોગ્ય રીતે સમજે કે ન સમજે, તે સાથે નિસ્બત નથી. કોઈ આપણને સાચી રીતે પ્રેમ ન કરતું હોય તોપણ આપણા પ્રેમમાં કશો અભાવ ન પ્રગટવો ઘટે. અમુક ન હોય તો પ્રેમ ન હોઈ શકે, એવી સમજણ પોસાય તેવી નથી. પ્રિય જન પાસેથી હૃદયની કમનીય, ઇચ્છનીય, પ્રાર્થનીય ભાવના મળ્યા કરે તો તેથી આનંદ પ્રગટે. તેમ ન હોય તો પ્રેમ ન ટકી શકે એ વાત ખોટી છે. પરસ્પરના હૃદયનો સુમેળ પ્રગટે, સુસંવાદ પ્રગટે તો તેથી જે ઉચ્ચતર, ઉચ્ચતમ પ્રકારનો પ્રેમ છે, તે પ્રેમની શક્તિ જીવનવિકાસનું કામ કરવાને પ્રવેશી શકે છે. એ હકીકત જોતાં જો સુમેળ

અને સુસંવાદ હોય તો જીવનવિકાસ થવાને સાનુકૂળતા પ્રગટે છે, એ સમજવાની જરૂર છે. જ્યાં સુમેળ હોય ત્યાં પ્રેમ ટકીને, પોતાનું કર્મ સાધી શકે છે.

## પ્રેમને તો સામે જઈને ભેટો

પ્રેમની શક્તિનું માપ આપણે હજી કાઢી શકવાંને સમર્થ નથી થયા. એ દિવ્ય ભાવનાને વિકસાવવાનું, જીવંત બનાવવાનું, એને મૂર્તિમંત સ્વરૂપ આપવાનું, એ બધું તો ત્યારે બની શકશે કે પરસ્પરની એવી સાનુકૂળ ભૂમિકા પ્રગટેલી હોય તો. પરસ્પરની એવી સાનુકૂળ ભૂમિકા પરસ્પર પરત્વે સ્વીકારાત્મક બને છે, એકબીજાને વધારે નિકટતામાં પ્રવેશ કરાવે છે. પરસ્પરનું હાર્દ તે પ્રકડી શકે છે. પ્રેમને વધારે ને વધારે જીવનમાં કામ કરતો અનુભવવાને માટે આપણે તેને સત્કારવો પડશે. તેવા પ્રકારના આપણે થવું પડશે. પ્રેમની હૂંફ, ઓથ, સહાનુભૂતિ અને પ્રેમનો રસ, આ બધું જો આપણે ચાખવું હોય, એવી સાચેસાચી આપણી હૃદયની ઇચ્છા હોય તો આપણે સામે જઈને પ્રેમને ભેટવું પડશે.

## પ્રેમને સમજવા પ્રેમમાં ભળી જાઓ

પ્રેમ કેવો છે ? તે તો જ્યાં સુધી આપણે પૂરેપૂરાં એમાં મળી ગયેલાં નથી ત્યાં સુધી સમજી શકાવાનું નથી. તે આવો છે અને તેવો છે, એમ વિચાર્યા કરતાં પહેલાં હળી, ભળી, મળી જવાનું પૂરેપૂરું કરો અને તેમ પૂરેપૂરું થતાં આપણે તેને અનુભવી શકીશું. ત્યારે તે કેવો છે તે આપણને સમજાશે અને એની ઓળખાણ પડશે. માટે, અત્યારથી બીજી બધી લમણાઝીક મૂકીને એનામાં પૂરેપૂરું હૃદયના ઉમળકાથી હળવાનું, ભળવાનું, મળવાનું કરો. એને જ મહત્ત્વનું કર્તવ્ય સમજો. બાકી તો આ બધા વિનાનો પ્રેમ, તે પ્રેમ નથી, પરંતુ માત્ર મોહ, મમતા, રાગ છે, એમ જાણજો.

## પુરુષ અને સ્ત્રી

સારાય વિશ્વમાં જે દ્વૈત છે, એનું રહસ્ય પણ પ્રેમમાં રહેલું છે. દ્વૈત હોવાને કારણે જ આકર્ષણ રહ્યા કરે છે. તેમાં એક બાજુ આરોહણ છે અને બીજી બાજુ અવતરણ છે. સ્ત્રીપુરુષનું દ્વૈત પણ ચેતનના અનુભવ કાજે છે. પુરુષ, સ્ત્રીના સંયોગે, પુરુષ સર્જનકાર્યમાં ગૌણ ભાવે રહીને સ્ત્રીની સર્જનશક્તિને સક્રિય બનાવે છે. સર્જનને માટે દ્વૈત જરૂરનું છે, અનિવાર્ય છે. સર્જનના પરિણામમાં જે મહત્ત્વ પુરુષનું છે, તે સ્થાન માનવસર્જનમાં સ્ત્રીશક્તિનું છે. પુરુષ, સ્ત્રી પાસેથી માત્ર સેવાનો આનંદ નથી માગતો, પરંતુ તે તો સ્ત્રીના હૃદયની પ્રેરણાથી સંતોષાવા માગે છે. ગૃહવ્યવસ્થામાં જ્યાં સૌંદર્ય પ્રગટેલું છે, શાંતિ-સમતાવાળું અને પ્રસન્નતાવાળું વાતાવરણ છે, જ્યાં યોગ્ય પ્રકારની સુવ્યવસ્થા પ્રગટેલી છે, જ્યાં જે તે બધું તેના તેના યોગ્ય સ્થાને છે, જે જોતાં દિલ અને આંખ ઠરે છે, એવી કળા જે સ્ત્રીજીવનમાં પ્રગટેલી છે, ત્યાં પુરુષનું દિલ પણ ઠરી શકે છે. પુરુષનું પણ દરેક બાબતમાં યદ્વાતદ્વાપણું સ્ત્રીના દિલને ઠારી શકતું અને સંતોષ પમાડી શકતું નથી. સ્ત્રીહૃદય પણ માગે છે દિલ અને પ્રેમની સમર્પણની સંપૂર્ણ ભાવના. બંને એકત્વને કાજે છે. સર્વ કંઈમાં ચેતનની શક્તિ તો ભરી પડેલી છે, પણ એનો જે ઉપરની રીતે ઉપયોગ કરતું અનુભવાય છે, ત્યાં જરૂર દિલ વારી જતું હોય છે. આ બધું કોઈ સ્ત્રીજીવથી ઊપજ્યા કરતું હોય અને તે પુરુષના દિલના આકર્ષણને માટે ગમે તેટલું જરૂરી હોય તોપણ જીવનની પરમ સાધના માટે અને તેના માટેના આકર્ષણ માટે તે તે બધું પૂરતું નથી. આપણા સમગ્ર જીવનને પ્રેરણાન્વિત, ઉન્નત, ઉદ્યત બનાવી મૂકે, તેવા હૃદયની જરૂર છે. તે રૂપ કે ગુણમાંથી પ્રગટતું નથી.

## ‘રૂપ’, ‘ગુણ’ અને ‘વ્યવસ્થિતિ’

રૂપ તથા ગુણ સ્ત્રી અને પુરુષ બંનેમાં હોય છે. રૂપ અને ગુણ ઉપરાંત, ત્રીજી શક્તિ, એ એની વ્યવસ્થિતિનો સ્વભાવ છે. રૂપ, ગુણ

અને વ્યવસ્થિતિ એ ત્રણે પરસ્પરને પ્રેરે છે. જીવનમાં તે બધું સૂક્ષ્મપણે બન્યા કરતું રહે છે. એટલે પ્રત્યેક સ્ત્રીપુરુષના આકર્ષણને જીવતું રાખી શકવું હોય તો ગુણ, વ્યવસ્થિતિ અને રૂપની આવશ્યકતા છે. અહીં રૂપ એટલે માત્ર શરીર એકલાનું જ રૂપ એમ ગણવાનું નથી. શરીરનું રૂપ હોય તે ખોટું છે એમ કહેવાનો અર્થ નથી, પરંતુ રૂપની સમગ્રતા લેખવાની છે. મનાદિકરણમાં જે ઉચ્ચ પ્રકારની સંસ્કૃતિ અને સમૃદ્ધિ પ્રગટેલી છે, તેને પણ રૂપ ગણી શકાય છે. જીવનસંસ્કારની ખીલી ઊઠેલી ભાવનાને પણ રૂપ ગણાય છે. એવું રૂપ જીવનને વિકસાવવાને કાજે અગત્યનું છે. એવું રૂપ તે લાલસાનું દ્યોતક નથી. એવું રૂપ તો જીવનવિકાસની ભાવનાને પોસક છે. સંસારી માનવીને સાચા રૂપની કલ્પના પણ નથી. એને સ્વ-રૂપ પણ કહી શકાય. જીવનની આમૂલાગ્ર સંસ્કૃતિ જેનાથી કરીને પ્રગટે છે, જેનાથી કરીને જીવનનું સંશોધન કરવાને પ્રેરાયા જવાય છે, જેનાથી કરીને સત્ત્વની શક્તિ તત્ત્વમાં પરિણામ પામે છે, જેનાથી કરીને તત્ત્વમાંથી ચેતનશક્તિનો અનુભવ પમાય છે, તે છે રૂપ. તે રૂપ નિર્વિકારી છે. તે રૂપ સ્થૂળ નથી. એવા રૂપમાં ગુણ અને શક્તિ બંને સહજમેળે પ્રગટેલાં રહેલાં છે. તે રૂપ માત્ર ભાવના પણ નથી. તે રૂપ તો નિર્ગુણ, નિરાકાર તત્ત્વનું લક્ષણ છે. એ રૂપથી તો સમગ્ર વિશ્વ આકર્ષાય છે, સમગ્ર બ્રહ્માંડ નાચે છે. એ રૂપ તે જ ચેતનનું વ્યક્ત સ્વરૂપ છે. એવા મહાન ચેતનસ્વરૂપ રૂપને માનવીએ પોતાની જીવપ્રકારની લાલસા વડે કરીને ઉતારી મૂકેલું છે. રૂપ તો પરમ મંગળમયી શક્તિ છે. એની શક્તિ-મહત્તા પ્રબળ હોય છે.

## સ્ત્રીજીવનનો હેતુ

સ્ત્રીપુરુષના આવા દ્વૈત દ્વારા જીવનમાં એક શક્તિ પેદા થાય છે. જીવનનાં ક્ષેત્રમાં બંને જો સમભાવી, સમઅંગી અને સમરસિક નથી થઈ શકતાં તો તેઓ અધમૂઆં જેવાં રહેવાનાં છે. કશું યોગ્ય સર્જન કરી

શકવાનાં નથી. સ્ત્રીની પ્રકૃતિ ઉન્નતગામી, ઊર્ધ્વગામી, દિવ્ય બની શકેલી નથી, અને દિવ્ય ચેતનાને પોસક બનેલી નથી માટે જ આપણે પામર રહ્યા છીએ. માટે જ આ બધા ભવ્ય આદર્શોનાં વલખાં માર્યા કરીએ છીએ. સ્ત્રી ફક્ત દેહની ભૂખ શમાવવાને માટે છે, એવું સમજનારા પુરુષ તે પુરુષ નથી, પણ સંપૂર્ણપણે અજ્ઞાની અને મૂર્ખ છે, એમ સમજવું. એ તો જીવનની ભૂખ શમાવવાને માટે છે. પુરુષ પ્રકૃતિના વિકાસને અનુકૂળ નારીશક્તિ એટલે જગજ્જનની, આદ્યશક્તિ. એનાં દર્શન આપણને એનામાંથી મળે. એ આપણને સદા ઉદ્યમશીલ, ખંતવાળા, સાહસ-હિંમત પ્રેરનારી અને રણક્ષેત્રમાં કેસરિયાં કરાવનારી હોય છે. પુરુષ હીન પ્રયોજન દ્વારા સ્ત્રીને પણ હીન બનાવે છે, એવો પુરુષ તે કાપુરુષ છે. જ્યાં અપેક્ષા નથી, બદલાની ભાવના નથી, કશાની કુતૂહલતા નથી, પ્રયોજનની બિલકુલ માગણી નથી, જ્યાં આવું બધું છે ત્યાં પુરુષનું પુરુષપણું સ્ત્રીની મર્યાદા અખંડ રાખે છે.

## સ્ત્રીની પ્રતિભાનાં દર્શન

સ્ત્રીની મર્યાદા જ્યાં ગૃહિણીરૂપે છે ત્યાં મર્યાદા પણ છે, પરંતુ તેટલામાં જે યથાર્થતા અનુભવે, ત્યાં જ પરિપૂર્ણતા માને, એમાં જ પોતાનું સામંજસ્ય સમજે, તેનો વિકાસ કુંઠિત બને છે. જે સ્ત્રીમાં અંતરનાં ઉલ્લાસ, ઉત્સાહ, ધીરજ, સહનશક્તિ, સહિષ્ણુતા, ઉદારતા, પ્રેરક તત્ત્વ અને રસજ્ઞતાની શક્તિ ખીલી છે, એવી સ્ત્રીની વિશેષ પ્રતિભાની તો વાત જ શી ? એવી પ્રતિભાનાં દર્શન પ્રભુકૃપાથી થયાં છે. એવી સ્ત્રી-જગજ્જનનીનો હું જ્ઞાનપૂર્વક ભક્ત છું. પુરુષના ચિત્તમાં શક્તિનો પ્રેરણા-સંચાર કરવો એ પરમ કર્તવ્ય બંનેનું છે. બંને પોતાનો સ્વયંધર્મ ભૂલ્યાં છે. ચેતનવંત તથા આત્મામાં અને આત્માની શક્તિમાં જે સ્થિર નિષ્ઠાને પામ્યાં છે એવા મા, અને એનાં દર્શન એ તો જીવનને

પાવન કરનારાં છે, તે નક્કી જાણજો. આ બધી હકીકત કલ્પનાના ઉડ્ડયનની નથી. તેમાં હ્દયની ભાવનાની વાસ્તવિકતા પ્રગટેલી છે, તે સમજશો. એવી સ્ત્રીશક્તિનો મહિમા અનુભવવાનું જેના જીવનમાં સદ્‌ભાગ્ય અને સૌભાગ્ય પ્રાપ્ત થાય છે, તે જરૂર ધન્ય થઈ શકે છે. એવી સ્ત્રીશક્તિ જગતને ઉદ્ધારી શકે છે. એવી પરમ સ્ત્રીશક્તિ આગળ આપણે માત્ર વેંતિયા, પામર છીએ, તે સમજશો.

હરિઃૐ

(ઝૂલણા છંદ)

સ્વજનને જોઈને, સ્વજન સંભારતાં,
દિલમહીં ઉમળકો જો ન પ્રગટે,
તે પ્રભુને કઈ રીતથી હ્દયમાં,
મનહ્દયથી કરી ચાહી શકશે ?

સ્વજનના પ્રેમમાં રાગ ને દ્વેષ ના,
ભાવનો પ્રેમ જો હો જ્વલંત,
એ જ આધારથી સ્વજનના હ્દયમાં,
એક ડગલું પ્રવેશી શકાય.

પ્રેમ તે ભાવથી શો તવાતાં જતાં,
શુદ્ધ બનતો જશે સર્વ ભાવ,
ભાવની શક્તિથી કર્મ કરશે પછી,
ભાવને તે કરે મૂર્તિમંત.

ભાવ પ્રગટાવવા સ્વજન વિશ્વે મળ્યાં,
એ વિના એમનો કો ન અર્થ,
એ રીતે, દૃષ્ટિ, વૃત્તિ અને વલણ સૌ,
ધારી કર્મે, કરો જીવ્યું સાર્થ.

હરિઃૐ

(શિખરિણી-મંદાક્રાંતા)

મહા ઝંઝાવાતો બહુ પવનના જ્યાં થયા સૌ કરે છે,
મહા અગ્નિકેરો પ્રલય જીવને ઉદ્ભવેલો જહીં ર્‌હે,
કૃપાશક્તિને કો ત્યહીં અનુભવી જે શકે છે પ્રભુની,
ઘડે છે એવો કો પરમ વિરલો જાતને શી અનેરી !

બધી બાજુએ જ્યાં નિજ જીવનને ઘોર અંધાર ઘેરે,
છવાયું વિનાશે જીવન નીરખો, વજ્ર આઘાત થાયે,
અને એનાથીયે પણ વિષમ હો જ્યાં નિરાશા ભલેને,
પરંતુ ત્યાંયે શી પરમ વિલસે ગૂઢ એની કૃપા તે !

ઘણું ભૂસી નાખી ફરીથી ચિતરે ચિત્રાને ચિત્રાકાર,
છતાં સંતોષાતાં હૃદય નવ ત્યાં તે મૂકે ચિત્ર દૂર,
ભુસાવાની એવી દૂર થઈ જવાની ક્રિયામાં પ્રભુનો
- ઘડાવાનો એવો ગૂઢ અખતરો શો રહેલો અનેરો !

પૂરો જે પ્રેમી છે સહુ સમજશે ચિત્રાની જેમ પોતે,
પૂરા ભાવે એવાં ચરણશરણે તે રહેશે સદાયે,
ઘડાવાની જેવી હૃદયભૂમિકા ઇચ્છતો ચિત્રાકાર,
લગારે ના હાલી સ્થિર મન થકી તે પડી ર્‌હે સદાય.

તમારે ઈશારે પ્રભુ નચવવાનું બધું મૂકી દેજો,
ઈશારે એને સૌ જીવન રચવા ભાવ-તૈયારી પ્રેરો,
ગૂંદાયે છે માટી કણકણ વિશે પાત્ર-આકાર-યોગ્ય
બને છે ત્યારે તે, પણ ત્યમ થવા દેવું કોને ગમે છે ?

કહેલુંયે જે કૈં પણ કરી શકો ના તમે જ્યાં ઉમંગે,
વધારેની આશા કહીં થકી ધરું કેવી રીતે પછી તે ?
કશે પૂરેપૂરું સ્વરૂપ નિજનું ઓળખી ના શકો ને
છતાં દાવો મોટો ક્યમ કરી ધરો, ના ગળે ઊતરે તે.

થવા મોટું ઇચ્છે સહુ જન બધાં, કિંતુ તેવું ઘડાવા
- પડે કેવા કેવા વિષમ ટપલા ! તે ખમાયે બધા ના,
ખમાવાનું ક્યાંયે દૂર દૂર રહ્યું, ભાગતાં દૂર ક્યાંયે !
પછી કેવી રીતે પ્રભુ ઘડી શકે ઉર વિચારજો તે.

---

હરિઃૐ ત્રિચિ, તા.૧૧-૨-૧૯૪૩

## દિલનું જ મહત્ત્વ

પત્રલેખનને જે સાધના સમજે છે, તેનાથી એ અલગ ન થઈ શકે, તે સમજાય તેવું છે, તોપણ જે લાભ મેળવવા જવાનું બન્યું છે, એનો ભોગ પત્રલેખનથી ન આપી દેવાય. તે કરવામાં એટલી સાવધાની, જાગૃતિ અને કાર્યદક્ષતા રાખી રાખીને જે કરવાનું હોય તે કરવાનું છે. જે આપવાનું છે તે જ તમે બધાં આપો. એવા કોઈના સોનારૂપાથી કામ થવાનું નથી. જેને એ બધું ગળે ઘંટીના પડની પેઠે વળગાડીને ફરવું હોય તેને તે બધું મુબારક હજો. મારે તેવો ભાર ઉઠાવવો નથી.

## બીજાની યોગ્ય કદર કરવી જ જોઈએ

ગાંધીજીને માટે ત્યાં ગમે તે સાંભળો, તોપણ એમનું ખરેખરું મહત્ત્વ આપણા હૃદયમાંથી ઓછું થવા દેવું નહિ. દરેક પ્રવૃત્તિમાં ભગવાનની શક્તિ કામ કરી રહેલી છે. જેમને અતિમનસ મેળવવાની સાધના કરવી હોય તેઓ તે પ્રેમથી કરે, પરંતુ એને યોગ્ય ઠેરવવાને બીજી પ્રવૃત્તિનું પણ યોગ્ય મૂલ્ય આંકવાની અને એની યોગ્ય કદર કરવાની સાત્ત્વિક માનસિક તૈયારી તેવા સાધકની હોવી ઘટે. ત્યાં આપણે તો હૃદયસ્થ તેવી ભાવના દૃઢાવીને સહાનુભૂતિથી જે તે બધાંનું સાંભળવું. ચર્ચા કરવી નહિ. ચર્ચા કરવાની જો આવે જ, તો તે માત્ર જાણવા-સમજવા માટે હૃદયની નમ્રતાભરી જિજ્ઞાસુ ભાવનાથી તેમ કરવાનું રાખવું.

## ગાંધીજીની કદરભક્તિ

ભારતવર્ષનો માનવસમાજ જેનાં વચન પાછળ દોડે છે, હજારો માણસો જેની પાછળ જીવન ફના કરી ચૂક્યા છે, એવાનીયે માનવી જીવનના ઘડતરમાં જરૂર છે. સંતપુરુષો વિવિધ રીતે કામ કરે છે. સૌ કોઈની એક રીત હોતી નથી. ગાંધીજી એ તો काळ પુરુષ છે. જીવનના અમુક અમુક ભાવ પરત્વે એ વિશેષ મહત્ત્વ મૂકે છે, કારણ કે તેમને તે પ્રમાણે કામ કરવાનું છે. એટલે એ જે બધું કહે છે, તે સંપૂર્ણ સત્ય નથી, પણ સાપેક્ષ સત્ય છે એમ સમજવાનું છે. ભગવાનની ચૈતન્યશક્તિ મહાત્મા ગાંધીજીના અંતરમાં પણ છે. જેનામાં યોગ્ય રીતે પ્રવર્તતી પ્રામાણિકતા, એકનિષ્ઠા અને જીવનને પોતાના ધ્યેયને ખાતર સર્વસ્વપણે ફના થઈ જઈને સમર્પણ કરી દેવાની જ્ઞાનભક્તિપૂર્વકની તમન્ના છે, એવા પરત્વે તો જીવનનો સાધક સદ્‌ભાવ જ પ્રગટાવી શકે. કોઈની કોઈ સાથે સરખામણી કરવી એ તદ્દન અયોગ્ય છે. આપણે તો શક્તિનાં પૂર જ્યાં જ્યાં વહેતાં હોય, ત્યાં ત્યાંથી તરસ્યા થઈને ચાંગળું પાણી પીવાની વૃત્તિ ધરાવ્યા કરીએ, તે પૂરતું અને યોગ્ય છે.

## માના હૃદયને પ્રાર્થના

(અનુષ્ટુપ)

મળમૂત્ર ભર્યા ક્ષેત્રે પુરાયેલા અમે હતા,  
માતારૂપે તમે મુક્તિ કરાવી, તેથી તો છૂટ્યા.

આભાર કેટલો એનો તમારો માનવો ઘટે !  
આદર-ભક્તિ માતાની ભૂલ્યા, તેથી પડ્યા અમે.

પડેલા કિંતુ જોઈને કાદવે અમને જગે,  
તમે માડી ! ન જો ઝાલો હાથ, તો કો બચાવશે ?

અમોને સડવા દેશો શું તમે જાણી જોઈને ?  
અમોને નિંદીને કેવી રીતે ઉપર આણશો ?

તમારામાં બધી શક્તિ સર્વાર્પણ કર્યાતણી,
અમોને જીતીને પ્રેમે બનાવો ભક્ત આપના.
ભૂલ્યા અમે ભલે, માડી ! લ્યો સંભાળ હવે પૂરી,
રમાડી પ્રેમથી અંકે ભાગ્યશાળી કરો વળી.
તમારા પ્રેમના ભાવે અમે ન્યાલ પૂરા થશું,
તાકાત ના અમોમાં તો, હાથ ઝાલી તરાવશો.
ભલે માનો હજી છીએ માડીના પેટમાં હતા
મળમૂત્રે પડ્યા તેવા, ઘટે ત્યાંથી ઉગારવા.
તમારા પ્રાણથી માડી ! અમારું તરવું બને,
અમોને તારવા શક્તિ તમો સર્વોપરી હ્રદે.
સડેલા તો અમે છીએ કિંતુ એમ કહ્યા કરી,
અમારો એમ ઉદ્ધાર થનારો કેમ તે કરી ?
તમે જો દિલ મૂકીને અમોને પ્રેમના બળે,
ખેંચીને લાવવાનું જો રાખો તો સર્વ કૈં બને.
લડાવો છો તમે માડી ! કેવી કેવી ઢબે શિશુ,
તમારા પ્રેમમાં મુગ્ધ કરાવી ઠીક લો બધું.
અમારી જેમ જો માડી ! તમેયે આડું ભાળશો,
અમારી શી ગતિ થાશે ? વીનવું, સામું ભાળજો.
શુદ્ધ સાત્ત્વિક ભાવે જો પવિત્રમાં પવિત્ર થૈ,
અમોને તારવા આવો, દ્‌હાડો તો તો કશો વળે.
અમે નાદાન, તારાથી થવાયે તેમ કેમ ? મા !
સર્વનાશ અમારો તો થયેલો જાણવો જ ત્યાં.
જવાબદારી તારી તો અનેકગણી વિશ્વમાં,
માનું સ્થાન અનોખું છે, પવિત્રમાં પવિત્ર શું !

નિર્દોષતા ભર્યા ખેલ માતાના અંકમાં રમ્યા,
કર્યા અન્યાય તે માને પતિત તેથી તો થયા.

સંભાળીને અમોને મા ! હવે તો ઠામ પાડવા,
તમારી પ્રેમશક્તિ સૌ વાપરી, લો હૃદે હાવાં.

અમોને જોઈને ખોટા થયેલા, થઈને ઊંધાં,
ભાંડવાથી નર્યા તેમ ઉદ્ધારી શકશો, ન મા !

તમારા દિવ્ય સૌ પ્રેમે અમોને મુગ્ધ શા કરી,
ઠેકાણે લાવજો માડી ! તે વિના ન ઉપાય કો.

છંછેડવા અમોને મા ! આમ ઉદ્યત કાં થતાં ?
અમોને એવી રીતેથી સુધારી શકશો ન મા !

સર્વાપણ કરીને મા ! ઉછેર્યા ત્યાગ સૌ કરી,
કર્યા મોટા ઘણું વેઠી તે શું આપ ગયાં ભૂલી ?

હવે એવું અમો સાથે વર્તવાનું તમે કરો,
જોવાના દોષ સૌ મૂકી અમોને પ્રેમ મા ! કરો.
તમારા પ્રેમભાવેથી અમારું સૌ ગળી જશે,
અમારામાં નર્યો રેડ્યા કરો સૌ પ્રેમ, ચાહીને.

અદ્‌ભુત શક્તિ શી દિવ્ય તમારા પ્રેમમાં વસે !
શું ના કરાવવા શક્ય ? સર્વ રૂપ ઘડી શકે.

ઘડેલા છે અમોને મા ! તમારા ઉર-લોહીથી,
હવે તે લોહી દેવાનું મા ! મૂકી દેવું કાં વળી ?

યોગ્ય આકાર જે હોવો ઘટે, તેવા બનાવજો,
અમોને સૌ અમારામાં ભળીને ત્યાં ખમાવજો.

લેજો ઊંચા અમોને મા ! જોશો અમારું ના કશું.
અમોને મા ! ઘડો પ્રેમે કળે કળે કરી બધું.

ખાલી નિંદા અમારી તે કર્યાથી વળશે શું ? મા !
માડીના ભાવને યોગ્ય વર્તવું તેવું ના, ભલાં !
દોષને માત્ર જોવાથી થશે તેવું તમારુંયે,
બાવાનાં બગડે બંને, કદાપિ થાય તેવુંયે.
સાચેસાચી અમારી મા પ્રેમભાવે પૂરી બનો,
સુધારી મા ! બધી રીતે તારે યોગ્ય બનાવજો.
માંડ્યું શું છે અમો સાથે યુદ્ધ ! તે એવું ઠીક શું ?
કલાવીને પટાવીને અમોને ઠીક મા ! કરો.
જગદંબા તમે મા ! છો અમોને તો બનાવશો
મહાન શક્તિશાળી સૌ, આદર્શો તે રમાડજો.
પાદપદ્મે તમારે મા ! પ્રાર્થના આટલી ધરું,
પ્રેમપ્રસાદથી તારા અમોને તારજો ખરું.
તમો જો ખ્યાલમાં લો તો અમારું સૌ કરી શકો,
અમોને ભાંડીને કિંતુ અમોને શું ઘડી શકો ?
તમે મા ! સર્વ ભાવેથી અમારું પરિવર્તન
કરાવો તે પૂરેપૂરું રેડીને સર્વ ચેતન.
ખુવાર સૌ અમો માટે તમે જ્યાં ત્યાં થયાં કરો,
જ્ઞાનભાવે હવે તે સૌ અમારે માટ મા ! કરો.

---

હરિઃૐ ટ્રિચિ, તા.૧૨-૨-૧૯૪૩

## સાધના વિના અંધકાર ન ટળે

ઇંદ્રિયો પોતાના વહેવારમાં હોવા છતાં પણ આપણે પોતે અલગ રહી શકીએ છીએ એવો પ્રત્યક્ષ અનુભવ જો સાધકને મળી શકે તો કેવું સારું ! જીવનમાં જીવનની શક્તિનાં દર્શન થયાં નથી હોતાં, એનો

અનુભવ પ્રગટેલો નથી હોતો, એટલે જ આપણને ઇંદ્રિયો, મન, ચિત્ત, બુદ્ધિ, અહંકાર, પ્રાણ વગેરે વગેરેની પાછળ પાછળ આંધળિયાં કરીને દોડ્યા જવાનું બન્યા કરતું હોય છે. એવી શક્તિનાં દર્શન અને અનુભવ સાધના વિના થઈ શકતાં નથી. આપણું જીવન, આપણા વહેવારો, આપણા સંબંધો, આપણું વર્તન, આપણું વાતાવરણ વગેરે જાણે માત્ર અંધકારમાં ચાલતા હોઈએ એવું ન હોવું ઘટે. એ સર્વમાં અમુક એક પ્રકારની નવસર્જનની પાપા પગલીઓનાં ચિહ્ન પડવાં ઘટે. જીવનમાં મળતા પ્રત્યેક પ્રસંગમાંથી ઉન્નતકારી તત્ત્વને શોધતાં શોધતાં, એનો સ્વીકાર કરતાં કરતાં એની શક્તિની મદદથી ઘડાતા જવાની જીવનકળામાં આપણે પ્રગટતાં જઈએ છીએ કે કેમ તે પણ આપણે જાણવું જોઈશે.

## સમાજમાં રહીને અલગતા કેળવો

સમાજ તો એના વહેણ સાથે આપણને ઘસડવાનો. આપણે પ્રયત્ન કરી કરીને ઉપર રહેવા નહિ મથીએ, તો કાં તો તણાઈશું કે કાં તો ડૂબી જઈશું અને સાચું અસ્તિત્વ આપણે ગુમાવી બેસીશું. એટલે આપણે સમાજમાં હોવા છતાં, તેમાં રહેવા છતાં, બીજાથી ભિન્ન રહીને, પોતાનું વ્યક્તિત્વ આપણે જાળવીને, કેળવીને વિકસાવવું રહ્યું છે.

(શિખરિણી)

લીધેલું માથે જે મથી મથી પૂરું પાર કરશે,
ખરે ! એને ઊંડો નિજ હ્દય વિશ્વાસ સ્ફુરશે,
તરંગો એને કૈં કદી પણ સતાવી નહિ શકે,
પથે એવી રીતે ડગ ડગ ભરી આગળ જજે.

શ્રીઅરવિંદનાં દર્શન કરવાની બાબાને રજા મળી તેથી ઘણો ઘણો આનંદ થયો. 'તમે તો રજા નહિ મળે' એમ જ કહેતા હતા, પણ ભગવાનની કૃપાશક્તિ ન્યારી છે. આ હ્દયની પ્રાર્થના ભગવાને કૃપા

કરીને ફળાવી, તે એક નોંધવા જેવી હકીકત છે.

## સદ્‌ગુરુની આજ્ઞાનું પાલન વિવેકપૂર્વક કરવું

હાલ જે કામ માથે હોય, તે પૂરી રીતે યોગ્ય થયા વિના કોઈ આવેશના માર્યા બીજામાં પ્રવેશવું તે યોગ્ય નથી. એવી રીતે કરવું, વિચારવું, તે યોગ્ય નથી. 'મોટા'એ કહ્યું હતું માટે તે કરવું રહ્યું, એવું ઓઠું લીધે નહિ પાલવે. મેં કહ્યું હોય તો તે ભલે, પરંતુ તે કહ્યા પ્રમાણેની પરિસ્થિતિથી બીજી પરિસ્થિતિ બદલાતી હોય તો તે પ્રમાણેનું વિચાર કરવાનું રાખવું જોઈએ.

સાબરમતી આશ્રમમાં મેં લખ્યું છે કે 'જો સંઘનાં કામમાં મને રસ લેતો કરવો હોય તો જે જે કામમાં સંકળાયેલો હોઉં એની બધી હકીકત તમારે મને જણાવવી જોઈએ. તો જ મારો તે કામમાં રસ રહી શકે. બાકી, હું કંઈ ગધ્ધાવૈતરું કરનારો નાહકનો વેઠિયો નથી.'

## જ્ઞાનપૂર્વકની નમ્રતાથી તીર્થયાત્રાનો હેતુ ફળાવો

ત્યાં તીર્થમાંથી તમારા કાગળો નહિ આવે તો કશો વાંધો નથી. આવશે તો નથી ગમવાનું એમ પણ નથી, પણ તે યદ્વાતદ્વાપણે આવે તે ન ગમે. ભગવાન સૌ સૌને એમનું સ્વરૂપ સમજવાની વિવેકશક્તિ પ્રગટાવે, એટલું જ નહિ પણ પોતે લીધેલા ક્ષેત્રમાં કેમ કુશળ વર્તન રાખવું, તેવી સાત્ત્વિક બુદ્ધિ પ્રગટ્યા કરે એવી તેમના અંતર્યામીને પ્રાર્થના છે. ત્યાં તીર્થમાં જે હેતુને માટે જવાનું બન્યું છે, તે હેતુ હવે જો બદલાઈ ગયો હોય તો તે પ્રભુ જાણે. તે તીર્થમાં જે હેતુથી ગયાં છીએ, તે ત્યાંના વાતાવરણમાંથી આપણે મેળવવાનું છે. આપણી થતી જતી સાધનામાં ક્યાં ક્યાં ઓછપ છે, ઊણપ છે, અણસમજ છે, તે તે આપણે ત્યાંથી સમજવું ઘટે. બુદ્ધિ સૂક્ષ્મ સાત્ત્વિક કેવા પ્રકારની થઈ છે અને કેટલા પ્રમાણમાં ઊંડામાં ઊંડાં તાત્ત્વિક રહસ્ય સમજવાને તત્પર રહેલી

છે, એવું પ્રત્યક્ષ અનુભવાતાં એનાથી જીવનનું માપ-લક્ષણ પણ સમજાશે. બીજું, વાતોમાંથી તો ઘણુંય નીકળતાં નીકળતાં સમજાય. જિજ્ઞાસુભાવે હૃદયથી નમ્ર રહીને જે કંઈ જાણવાનું હોય તે જાણી શકાય. જ્ઞાનપૂર્વકની નમ્રતા પ્રગટ્યા વિના વિદ્યા આપણામાં પ્રવેશી શકતી નથી, તેનો ખ્યાલ રાખજો.

(ગઝલ)

અરે ! મન ! શેખી કાં મારે ? ભલે બંધાઈ ત્યાં રહે તું,
છતાં તુજ સાથ બંધાવા જિગરમાં કોણ તલસે છે !
વળગવા તું ભલે જાયે અને વળગી ભલે રહેજે,
અપેક્ષા કાંઇયે રાખી ન કોઈની કદાપિયે.
સદા કલ્યાણ વાંછીને થવાવા શુભ સૌ રીતે,
હૃદય એ હેતુ ધારીને ગયું ત્યાં, તોય શું પામ્યું ?
નથી કોઈનું કશું ભૂંડું કર્યું તેં તો કદાપિયે,
છતાં ત્યાં ચાખવા સ્વાદ મળ્યા શા શા અરે ! તુજને !
જગતમાં મન, વચન, કર્મે અહિત વાંછ્યું નથી કોનું,
છતાં કાં માનવી આપે બીજું કંઈ પ્રેમને બદલે ?
ખૂબી એમાં રહેલી છે, મળ્યું તે તે પ્રસાદી છે,
અમારે રાચવું એમાં અમારું ભાગ્ય એમાં છે.
નથી ફરિયાદ કરવાની અમારે કોઈને જગમાં,
હશે ફરિયાદ જો અમ કૈં પ્રભુ, સંભાળી લેશે ત્યાં.

---

હરિઃૐ

(શિખરિણી-મંદાક્રાંતા)

કસોટીએ એણે મુજ જીવનને જો ચડાવા ચહ્યું છે,
ભલે હું તો રાજી પ્રિય મરજીમાં જેમ થાવું થવા દો,
જવાનું કૈં તેથી મુજ કશું નથી ન્હાવું ત્યાં નિચોવું
રહ્યું છે ના મારે, પ્રિય મુજ ચહે જેવું થાવું, થવું સૌ.

(શિખરિણી-મંદાક્રાંતા)

## મારી અભિલાષા

મને તો ના વ્હાલું મુજ પ્રિય થકી કૈં વધારે કશું છે,
મને એને સાટે ત્રિભુવનતણું રાજ્યયે તુચ્છ લાગે,
ઘણીયે વારે કૈં મન અવગણ્યો પ્રિયને મેં હશે તે
નથી લીધું એણે મન પર કશું ભૂલું તે કેમ હૈયે ?

વહાલાને જેવું મુજ કરવું હો તે ભલે તે કરે છો,
ગમે તેવું મારું કંઈ પણ થતાં મારું કલ્યાણ ત્યાં સૌ,
ગમે તેવું વર્તે મુજ પ્રિય ભલે, મારી સાથે ન બોલે
- છતાં તે મારો ના કદી મટી જશે, હું જીવું તે ભરોસે.

સદા મારે એને શરણ રહીને જીવવું પ્રિયમાં તે,
થઉં વ્હાલો કેવી રીતથી પ્રિયને જીવવા તેવું ચાહું,
હું તો પૂરેપૂરો મટી જઈ હૃદે પ્રિયમાં એકરૂપ
- થવાને ઇચ્છું છું મુજ પ્રિયતણા કંઠમાં નાખી હાથ.

જુદું ર્‌હેવાતાં કૈં મુજ પ્રિય થકી મારું અસ્તિત્વ તેવું,
નકામું લાગે તે જીવતર બધું એવું મારું જીવેલું,
મને તો વ્હાલામાં સબરસ થઈ એહના પ્રાણરૂપે
પ્રતિવછાયા એની બની રહી પૂરી એહનામાં સમાવું.

તમો સૌને દીધાં ઉપર સમજવા શક્તિની દિવ્ય લીલા,

- રમી કેવી તે રૂહે નિજ હૃદયના તાર તેમાં સધાતાં.

(અનુષ્ટુપ)

દિવ્ય આનંદ ખાલી તે નથી ભોગવવા મળ્યો,
ક્રિયાત્મક રૂપે એણે વર્તવાનું સદા રહ્યું.
સાધન, સાધના, સાધ્ય, ત્રણેનું ઐક્ય તે થવા
જન્મેલો જે પ્રભુભાવ અંગે અંગ ઉતારવો.

## તીર્થમાં ભાવના

કશાથી ધરાઈ જવાવું નહિ. વધારે ને વધારે સમજવાને ચિંતવવું. હૃદયમાં ઊતરી શકે એવો પ્રાર્થનાભાવ દૃઢાવવો. ઘણા લોક તીર્થમાંનું તીર્થમાં જ પાછું મૂકતાં આવે છે, તેવું આપણું થવા ન પામે એટલું કૃપા કરીને જોજો. એ જ મહાન છે. એ સર્વ કંઈનો કર્તાહર્તા છે. આપણે માથે ભારનો ટોપલો લઈને નાચ્યા કરીએ છીએ. એની જ જીત થવાની છે. માનવીના ધમપછાડા બધા જ વ્યર્થ જવાના છે. ભગવાનનું બળ કદી હારતું સાંભળ્યું છે ? થોડોક વખત તેમ દેખાય, - જગતની નજરે - પણ તે ત્યારે અંતરમાં કામ કરી રહેલું હોય છે જ.

તીર્થયાત્રાને પરિણામે આપણો બધાંનો ભક્તિભાવ, શરણભાવ, સમર્પણભાવ અને ભગવાનમાં શ્રદ્ધા-વિશ્વાસ એ બધું જીવંત બનો એ જ પ્રભુને પ્રાર્થના.

આસક્તિ વિષયોની ના થઈ નિર્મૂળ જ્યાં સુધી,
ત્યાં સુધી સાંભળેલું સૌ સાચું કામ ન આપશે.

જિજ્ઞાસા જાગીને થાય વાસનામુક્ત જે હૃદે,
શ્રવણાદિ ફળે તેને, એ નિશ્ચે જાણશો હૃદે.

## વિરહીની વ્યથા પ્રભુને જ ચરણે

તમે તો ત્યાં બધાં ભાવનામાં અને ભગવાનના ભાવમાં મસ્ત રહો અને ત્યાંથી કંઈક કમાઈને આવો એ જ શ્રીભગવાનને ચરણે નમ્ર વિનંતી-પ્રાર્થના છે, પણ જે કંઈ અહીં થાય છે તે તો એના વિના કોણ સમજી શકવાનું છે ? એના વિના કોને ખોળે માથું મૂકી હાલમાં વિરહીની વ્યથા ઠાલવી શકાય એમ છે ? એ આગને પ્રીછનાર પણ હાલમાં કોણ છે ? તો વળી એને બૂઝવનાર, હૃદય હૃદયના તાર સતત મિલાવી રાખનાર, તેમાં સંવેદન અને સહસંપન ધરાવનાર, એવો સુસંવાદી અને સુમેળ હૃદયમાં સતત રાખી એની આગને પોતામાં જલાવી એને બૂઝવનાર તો વળી હાલમાં કોણ છે ? એટલે એ પણ એને જ ચરણે આજે તો નિવેદન કરવાનું રહ્યું.

## ગાંધીજીને અંજલિ

(અનુષ્ટુપ)

(પૂજ્ય ગાંધીજીએ જેલમાં ૧૯૪૩માં અપવાસ કર્યા તે સમયે)

સારા જીવનનો પોતે ભોગ આપ્યા કર્યો સદા,
લોકને માટ જીવી શી તપશ્ચર્યા કરી રહ્યા !

લોકોને ના પડી એની, એનું ના ગણકાર્યું છે,
છતાં તે લોકને કાજે જીવવાનું ચહ્યા કરે.

લોકનો તો પ્રભુ જેવો લોકોત્કર્ષ ચહે હૃદે.
શી રીતે લોકનો પ્રાણ ચડે ઊંચે, ચહ્યા કરે.

લોકના પ્રેમને લેવા એનું દિલ ચગે નહિ,
જે રીતે શ્રેય સૌ થાય કરાવા તે રીતે ચહે.

ભલેને પિંજરે એને સડાવ્યા લોક તો કરે,
ભલેને કેદ એવાને રાજસત્તા પૂર્યા કરે.

પુરાયેલો નથી એ તો, યજ્ઞ જીવનનો કરે,

જીવનસાધના એની ત્યાં સધાયા કરે ખરે.
એની ઇચ્છા થવા મુક્ત જે વેળા હૃદયે થશે,
કોઈ શક્તિ પછી એની આડે ઊભી નહિ શકે.
પ્રભુનું કાર્ય તે ત્યાં તો એકભાવે કર્યા કરે,
મર્યાદા સ્થૂળની ક્યાંયે એવાને તો નહિ રહે.
કેદ કે મુક્તિ એવાને બે વચ્ચે ભેદ ના કશો,
બંનેનો હેતુ જાણી લૈ વર્ત્યા તેમ કરે ઊંડો.
એવું એવું સહેવામાં પ્રભુનો અર્થ શો હશે !
કળી લૈ હેતુ તે રીતે ફળાવા હેતુ તે જીવે.
ભલે તે લોક માને કે એ તો કેદમહીં રહ્યો,
લોક કાજે જીવે છે ત્યાં લોક માટે મરી રહ્યો.
ભલેને છેહ દે લોકો એને કાંઈ પડી નથી,
'ઉત્તેજના છતાં કેમ આવે' તે ચિંતવ્યા કરે.
એક માત્રા ચડાવીને જુએ લોક જુવાળને,
સહેવા શક્તિ તૈયારી કેટલી થઈ છે હૃદે.
જેમ જેમ થશે પેદા સહેવા શક્તિ આપણી,
તેમ તેમ પછી દેશે આકરાં શસ્ત્ર તે વળી.
ઘડાવાને પ્રજાને તે પોતે હોમાઈને પૂરો,
હોમાવા નોતરે સૌને મહાત્મા ધન્ય શો ખરો !
એવાને અંજલિ દેવા લાયકાત કશી નથી,
સમગ્ર શક્તિ સૌ આપો એવાને પ્રભુ પ્રેમથી.
છોડ્યા વિના નથી આરો એવાને કોઈનો કદી,
બ્‌હાર કે પિંજરે એવો પોતાના હેતુથી જીવે.
વિચારે લોકને માટે 'તે ઊંચા આવી શેં' શકે,

- શક્તિ પોતાની પામીને સ્વાતંત્ર્ય સિદ્ધિ મેળવે ?'

દુઃખ વેઠ્યા વિના શક્તિ કોઈ પામી શક્યું નથી,
તો દુઃખ જ્ઞાનભાવેથી આનંદે સ્‌હેવું હેતુથી.

સહે દુઃખ પ્રજા આજે ભૂખમરાનું કેવું તે !
એની બૂમ ન પાડે કો, કરે ના ફરિયાદ કો !

આપેલાં દુઃખને લોક વગોવ્યા કરતા જગે,
પડેલાં દુઃખને કાજે હવે કોને વગોવશે ?

આપેલો તો પ્રભુએ છે મહાત્મા તે કૃપા કરી,
દિવ્ય જીવ્યું કરીને સૌ એને અંજલિ આપવી.

પોબાર પાડશે કે ના પ્રભુ એના જગે બધા,
જોવાનું આપણે ના તે મિથ્યા ચિંતવવું, ભલા.

પ્રજાની શક્તિને એણે ઊંચી કેટલી આણી છે
- એકલા માપથી એવા એને મહત્ત્વ આપશો.

હજારો વંદનો એને પાદપદ્મે હજો લળી,
પ્રભુનો હેતુ એનામાં જે હોય, ફળવો પ્રભુ !

## સ્વજનોને

(શિખરિણી-મંદાક્રાંતા)

તમારી સંગાથે જીવન જીવવા પ્રેમ જે ઉદ્‌ભવ્યો છે,
તહીં જેવી આપો ઉર સરળતા તેવું હુંથી મથાશે,
તમો સાથે મારે, પ્રભુમય થવા, ગોઠડી રાખવી છે,
વિના કો હેતુ તે અવર હૃદયે કૈં વસેલો નહિ છે.
ફળાવા તે હેતુ સતત હૃદયે ઝંખના સેવતો હું,

તમો સાથે તેવું સતત હૃદયે લક્ષ હું તો ધરું છું,
તમો સાથે તેવું જીવન હૃદયે સંકળાવા મથું, ને
- તમે જેવો દેશો હૃદય મુજને સાથ, તેવું થવાશે.

તમારાથી ભારે મુજ હૃદયથી કેટલાયેગણું તે
- મથાવે છે જેવું પ્રભુજી મુજને તેમ ભાવે રહું કૈં,
તમારા સૌનીયે કંઈ અવનવી શી પ્રસાદી મળે છે !
તમારી માગું છું લળી લળી કૃપા આપતાં, થાય શું તે ?

તમે મારો ઊંધું, મુજ સહુ ચણ્યું તે ઉકેલી જ નાખો,
તમારી બુદ્ધિની અનુપમ કળા શી અનોખી દીસે છે !
કરેલું મારું કૈં બહુ ખૂબી થકી શું 'સુધાર્યા' કરો છો !
તમો શી શી આપો 'મદદ' મુજને પાડ શું માનું હું તો !

તમે કેવું હાંકો તમ મરજી હો તે પ્રમાણે અનેરું !
તમે ડાહ્યા કેવા અજબ રીતના ! શું કરો કામ એવું,
કરો જે જે તેથી હૃદય ઊપજે ભાવ શો, ના જુઓ તે,
છતાં પોતે માનો 'સરળ દિલ છે' શી તમારી ગતિ તે !

તમે મારે માટે તમ હૃદયમાં માનતા કેવું કેવું !
કરો મારે માટે કંઈ કંઈ બધું કેટલું કેવું કેવું !
વધારો છો કેવો મુજ ઉપર સૌ ભાર તે કેટલોયે !
મને બોજો એવો કંઈ કંઈ તમે ઊંચકાવ્યા કરો છો !

ઘટે દેવી ભારે મદદ મુજને, ત્યાં તમે શું કરો છો ?
વિચારી જોજો કે તમ હૃદયમાં કેટલું ત્યાં કરો છો ?
તમારું સૌ શ્રેય સતત કરવા ઝંખું હૈયે હું કેવું !
તમે એનો કેવો પરત બદલો આપતા, તે વિચારો.

⋆

તમે ઊંધું વાળો મુજ કંઈ કર્યું, હેતુ ત્યાં ના વિચારો,

ગમે તે ફેંકો છો મને પર ચડ્યું; સાવચેતી ન રાખો,
હદે પોતે ઠામે સતત નવ ર્હો, ક્યાંય ને ક્યાં ભમો છો ?
અને ડાહી વાતો વળી ઉપરથી શી કરો છો તમે તો !
તમારી આ વાતો અવનવી ખરે, શી બલિહારી, જોઉં !
નમું કોટિ વારે જીવન મુજનું ધન્ય કેવું બનાવ્યું !
તમે મારું કાર્ય બહુ સરળતાથી કરી કેવું દો છો !
મને આપો શી શી અનુપમ ગુરુદક્ષિણા પ્રેમથી સૌ !

★

વધારો છો કેવી જગતમહીં સૌ નામના મારી ન્યારી,
કરી દો છો જ્યાં ત્યાં નરી સરળતા કેવી કેવી અનેરી !
પ્રસારો છો કેવી સરળ ભૂમિકા બેસવા ઠામ મારે !
તમારી લીલાને ક્યમ કરી કથું શેં સ્તવું હું તમોને !

★

મને કેવું કેવું તમ તરફથી દાન રૂડું મળે છે !
તમે ફેંક્યે રાખો તમ જીવનને શા અનેરા પ્રવાહે !
જવાનું ક્યાં છે ને કઈ તરફ ને કેવું હંકારતાં ર્હો,
પૂરું પાછું વાળી કંઈ ન નીરખો યોગ્ય પૂરેપૂરું શું ?

★

વિના વિચાર્યું જો કરવું કંઈ હો, તો મને છોડી દેજો,
તમારું સૌ જે તે પ્રભુ કરવશે શ્રેય પૂરેપૂરું ને,
મને બિચારાને ગરદન તમે મારતા કાં નકામો,
બગાડ્યું ના મેં તો તમ કંઈ કશું, કૈંક એ તો વિચારો !

તમે પોતે માનો નિજ કંઈ કર્યું, ડાહ્યું સૌ વાતથી તે,
વિચારો ના કિંતુ ‘અસર કરશે શું બીજાને હ્દે એ’,
દબાયેલું તે સૌ ફરી ઊભરશે, તે ન હૈયે વિચાર્યું,
વદો વણી તેમાં સહુ તરફનું રાખજો તોલવાનું.

---

હરિઃૐ ટ્રિચિ, તા.૧૭-૨-૧૯૪૩

## સર્વ રીતે ‘નગ્ન’ થઈને પ્રભુશરણે જાવ

હજી આપણા દિલમાં અને આખા આધારમાં એમ રહ્યા કરે છે કે ‘રખેને કોઈક આપણને કદીક બીજી રીતે સમજી બેસે !’ ત્યાં કંઈક કોઈક પ્રકારની સંકોચની વૃત્તિ છે, એમ જણાય છે. તે સમજી સમજીને ફગાવી દો. સંપૂર્ણપણે સર્વ રીતે અને સર્વ ભાવે ‘નગ્ન’ થઈ ગયા વિના શ્રીભગવાનનાં ચરણકમળે શરણે જઈ શકાવાનું નથી, પરંતુ તે સ્થૂળ રીતે નહિ. એનો અર્થ તો સમજવા જેવો છે. ‘સર્વ ધર્માન્ પરિત્યજ્ય’ એ પ્રમાણે જ્યારે આપણે જ્ઞાનભક્તિપૂર્વક પૂરેપૂરાં થઈશું ત્યારે આપણે ઉપર પ્રમાણે થઈ શકવાનાં છીએ, તે જાણશો.

## સર્વ ગુણધર્મો છોડી શકવાના ઉપાયો

આમ આપણા પ્રત્યેક વ્યવહાર, વર્તન, સંબંધ, સંપર્ક વગેરે વગેરેમાં સમજી સમજીને તે પ્રમાણેનું વર્તન થાય અને તે પ્રમાણેનો તેમાં ભાવ નીપજે તો તેમ તે થઈ શકે. બાકી, ખાલી ખાલી વિચારથી કે તેવી સમજણથી કશું બનવાનું નથી. જે પ્રકારના બનવું છે, તે પ્રકારની સતત એકધારી જાગૃતિ પ્રગટ્યા કરે તો તેમ બની શકાય છે. જ્યારે પગમાં વાગેલો કાંટો ખૂંચ્યા કરે છે, તે કાઢવાને મથીએ છીએ છતાં તે નીકળતો નથી, ત્યારે છેવટમાં છેવટની હદ સુધી મહેનત કર્યા કરીને એને કાઢીને જ જંપીએ છીએ. આવું જેમ તેવા સ્થૂળ પ્રકારના વહેવારમાં કરીએ છીએ, તેવું આ સાધનાના માર્ગમાં પણ આપણે કરવાનું છે. ભગવાનને

વારંવાર પોકાર્યા કરવો. સર્વ પ્રકારનું હ્દયના ભાવથી નિવેદન કર્યા કરવું અને એની કૃપામદદ પ્રાર્થનાભાવે હ્દયમાં હ્દયથી માગ્યા કરવી.

## પ્રભુકૃપાના અનુભવોથી ભરપૂર જીવન

આમ, જ્ઞાનભક્તિપૂર્વક વર્તતાં તે સહાયે આવેલો જણાયા વિના રહેવાનો નથી. આમ, જ્યારે જીવનમાં પ્રત્યક્ષપણે આપણને મદદ મળતી અનુભવાય છે ત્યારે શ્રીભગવાન છે એમ સાધકને અનુભવ થયા વિના રહેતો નથી. એવા અનેક અનુભવોથી પ્રભુની કૃપાથી આ જીવન ભરપૂર છે. એણે કૃપા કરીને આ જીવને કદી છોડ્યો નથી. આ જીવે અનેક વાર એને છોડી દીધો હશે, જોકે જ્યારથી સાધનાના માર્ગમાં પ્રવેશવાનું બન્યું ત્યારથી તો એ વહાલાને પળેપળ સ્મરણ કરવાની જાગૃતિ રાખવાને એની કૃપાથી મથવાનું બનતું હતું. તેમાં ભુલાઈ જવાતું તો તરત જ વેદનાના ડંખથી પાછો જાગી જતો અને એને પોકારતો.

## સ્વજનોને અનુભવીનો આર્તપોકાર

મને એ વહાલાના અસ્તિત્વની નોબત કાજે એવી સાન પ્રગટેલી હોવાથી તમને, બધાં મળેલાં સ્વજનોને, પોકારી પોકારીને કહું છું કે એને આપણે સંપૂર્ણપણે અને હ્દયના ભાવથી, વફાદાર, પ્રામાણિક, એકનિષ્ઠ બની બનીને એને વારંવાર પ્રેમભક્તિપૂર્વક વળગ્યા કરો. એને કૃપા કરીને છેહ ન દેશો. જો જીવનમાં એને ચરણકમળે સર્વસ્વ સમર્પણ કરવાનું નિર્ધાર્યું છે, તો પછી ખચકાવાપણું શેનું છે ? અને આટલા બધા આંચકા શેના આવે છે ? સઘળુંયે દૌર્બલ્ય કૃપા કરીને ફેંકી દો. આપણે મરદ બનવાનું છે. સાધનાનો માર્ગ પરાક્રમનો છે. કાયરનું આમાં કામ નથી. મથીમરીને પણ સંગાથ રાખો. જ્યાં જ્યાં નિર્બળપણું પ્રગટે ત્યાં ત્યાં પ્રભુકૃપાથી ટટાર બનવાને પ્રયત્નવંત બનવું.

## આત્મપ્રદેશના પ્રયોગવીરોની કદર

ત્યાં તમે તીર્થમાં છો, અને ત્યાં બધા જીવો સાધના કાજે ભેગા થયેલા છે. તેમણે પણ પ્રયોગશાળા માંડી છે. તેઓ પ્રામાણિકપણે, પ્રેમભક્તિથી પ્રયોગ કરી રહેલા છે. તેમાંથી જગતને લાભ થવાનો છે - જો જગતને તે લેવાની હૃદયની સાચેસાચી જિજ્ઞાસા પ્રગટી હશે તો. જે માનવી જ્ઞાનપૂર્વકની જાગૃતિના ભાવ સાથે અને જીવનના તેવા હેતુ સાથે પ્રયોગ કરે છે, તેની પાછળ કંઈ અંધશ્રદ્ધા નથી હોતી, પરંતુ જીવંત શ્રદ્ધા હોય છે.

## તીર્થધામનો લાભ લેવા રાખવો જોઈતો ભાવ

એવાના થતા રહેતા પ્રયોગમાંથી જગતને સાચું જાણવાનું મળે છે. ત્યાં આપણે આપણા આગ્રહો, મતમતાંતરો, આપણી રીતરસમો, સમજ કે દૃષ્ટિબિંદુના સકળ મદારને છોડીને - માત્ર જિજ્ઞાસુભાવે સંપૂર્ણ જ્ઞાનપૂર્વકની નમ્રતા ધારણ કરી કરીને જેટલું સ્વીકારાત્મક ભાવે સમજવાને મથીશું, તેટલું સમજવાનું, જાણવાનું અને અનુભવવાનું વિશેષ મળશે.

## ચૈતન્યશક્તિનાં દર્શન

શ્રીમાતાજીની સાથે ત્રાટક કરતાં જે અનુભવ થયો છે, તે પોતાના ત્રાટકની એકાગ્રતાને અંગે નથી, પરંતુ શ્રીભગવાનની ચૈતન્યશક્તિનાં તે એક પ્રકારનાં દર્શન છે. આપણે તે પ્રત્યક્ષ આંખોએ જોયું છે. કંઈ માત્ર કલ્પનાથી હોય તો જુદી વાત. એનું સાચું ખરું સ્વરૂપ આપણે જોઈએ છતાં પણ આપણે એને આપણી માન્યતા, સમજ વગેરે વગેરેની કક્ષા પ્રમાણે ઉતારી પાડીએ તે યોગ્ય નથી. આપણી સમજને ત્યાં ને ત્યાં ઠરવા ન દઈએ. એને ભાવથી ભાવમાં ખેંચી ખેંચીને ઉચ્ચતર સૂક્ષ્મતમ ભૂમિકામાં લઈ જવાને સાધકે મથવું જોઈશે. એવી આંતરદૃષ્ટિ કેળવવા જ્ઞાનપૂર્વક અંતરનો પ્રયાસ કરવો જોઈએ. માટે, ત્રાટક થતાં જે અનુભવ થયો છે તે આપણા પ્રયત્નને અંગે કરીને છે એવું માનશો નહિ. ફરીથી એવો અનુભવ થાય તો પૂરેપૂરાં પ્રેમ, શ્રદ્ધા અને ભક્તિભાવ વડે ત્યાં

હૃદયની પ્રાર્થના કરતાં કરતાં એવા અનુભવને એના યોગ્ય સ્વરૂપમાં સ્વીકારશો અને કૃપામદદથી કરીને આપણું જીવપણું ટળે તેવી તે સમયે પ્રાર્થના કરશો.

## પોતાના અનુભવો ન જણાવવા

આપણને ત્યાં જે અનુભવ થાય તેની નોંધ રાખશો. કોઈને પૂછશો - ગાછશો નહિ. સહુ કોઈ પોતપોતાની સમજણ પ્રમાણે એને ઘટાવવા મથે. અને એમ તો એનું મહત્ત્વ ઘટી જવાનું. ત્યાં જે જે બધા સાધકો છે, તે બધા જ કંઈ ઉત્તમ કોટિના છે એવું કશું નથી અને ત્યાં જે બધા સાધકો છે તે પૂરેપૂરી રીતે સાધનાના ભાવથી પળેપળ જ્ઞાનપૂર્વકના જીવનઉદ્દેશના ધ્યેયના હેતુને ખ્યાલમાં રાખી રાખીને જાગ્રતિ રાખનારા નથી. વળી, તેમની બધાની ભક્તિ જ્ઞાનાત્મકદશાની ભક્તિ છે એમ પણ આ જીવને અનુભવવાનું મળ્યું નથી. એટલે તેમના વિચારથી પણ આપણે દોરવાઈ જવાનું નથી, તે જાણશો.

## માન્યતાની અને સમજણની પકડ

આપણી બુદ્ધિમાં કે સમજમાં ન ઊતરી શકતું હોય માટે એનાથી ઉચ્ચતર એવું દિવ્ય કશું ન હોઈ શકે એમ માનવું યોગ્ય નથી, અને સાધનામાં પ્રગટેલી એકાગ્રતાના પરિણામની પણ પર કશુંક હોઈ શકે છે, એવા પ્રકારની જ્ઞાનાત્મક શ્રદ્ધા સાધકમાં પ્રગટેલી હોવી ઘટે છે, તો જ તે પોતાની ભૂમિકાની સમજમાંથી ઊંચે ને ઊંચે ગયા કરવાનો છે. પોતે માને છે, તેટલું જ માત્ર સાચું છે, તે પણ એક પ્રકારની મડાગાંઠ કહેવાય. જે જે માનતા હોઈએ, તેનાથી ઊંચા પ્રકારનું આગળ ને આગળ છે જ, તે નક્કી જાણવું. માટે, જે જે માનતા હોઈએ તે, નવાનો સ્વીકાર કરવાને માટે છોડતા જવાનું છે. તે જાણશોજી.

## પ્રેમભક્તિના ભાવનું જ મહત્ત્વ

ત્યાં જે વડીલ છે એની સેવા તે કંઈ એમને માટે કરવાની નથી. આપણા સર્વ સંકોચથી મુક્ત થઈ જવાને માટે, ગુરુભાવને વિસ્તારવાના હેતુથી હૃદયની માર્દવતાભરી પ્રેમભક્તિથી સેવા કરવાની છે. એવો હૃદયનો પ્રગટેલો પ્રત્યક્ષ ભાવ તે સમયે નહિ હોય તો તેવી થતી જતી સેવામાં પ્રાણ પ્રગટી શકવાના નથી, તે જાણશો. આપણે જે તે કંઈ માત્ર સ્થૂળ રીતે કર્યે પાલવી શકવાનું નથી. જેમાં ને તેમાં આપણે તો ભાવને મહત્ત્વ આપ્યા કરવાનું છે, ભાવને સાનુકૂળ તેવા પ્રકારનું તેની ઉત્તમતામાં તે તે કર્મ બન્યા કરે તો તે સાચી ભક્તિ છે, તે જાણજો. સેવા કરતાં કરતાં જે ભાવના કે લાગણી પ્રગટે તેમાં તણાઈ ન જતાં, તેમાં ખૂબ ખૂબ સાવચેતીથી પ્રભુનો ભાવ દૃઢાવવાનું કરશો. જે કોઈના સંપર્કમાં અને સંબંધમાં આવવાનું પ્રભુકૃપાથી બને, ત્યાં ત્યાં અનન્ય પ્રેમભાવનું ઝરણું વહ્યા કરે એમ સમજી સમજીને વર્તવાનું છે. આપણે જો સાચા સાધક હોઈએ તો સર્વથી પ્રથમ સદ્‌ગુણ પ્રતિ જ્ઞાનપૂર્વક કદરભાવ આપણામાં પ્રગટવો ઘટે છે, અને આવા પવિત્ર તીર્થમાં જો હૃદયનો તેવો ભાવ સેવા કરતાં કરતાં ન પ્રગટી શક્યો તો બીજે ક્યાં પ્રગટવાનો છે ?

## સત્ય પ્રસરવાની રીત

સત્યને સમજણથી, તર્કથી બીજાને ગળે ઉતારી શકવાના નથી, પરંતુ સત્યને તો જ્ઞાનભક્તિપૂર્વક જીવી જીવીને એને મૂર્તિમંતપણે આપણા આધારમાં રોમેરોમમાં પ્રગટાવી પ્રગટાવીને, પ્રસરતું કરી કરીને અનુભવવાનું છે. તે પછીથી એની પ્રતીતિ બીજાને થવાની હોય તો થાઓ. તેવા પ્રકારનું આપણું દૃષ્ટિબિંદુ રહેવું ઘટે છે.

## આપણો ભાવ જ આપણી સ્થિતિની પારાશીશી

પોતાના હૃદયના ભાવને જે જે સમજી સમજીને તે પ્રમાણે વર્તે છે, એનું નામ સાચી સેવા છે. અને એ સેવા તે કંઈ કોઈ વ્યક્તિની સેવા નથી, પરંતુ એ તો શ્રીભગવાનની સેવા છે, એવો જીવતોજાગતો ખ્યાલ તે સેવામાં પ્રગટાવતા રહેવું. જ્ઞાન, ભાવમાંથી પ્રગટે છે અને અંતે તો જ્ઞાન અને ભાવ જુદાં નથી તે સાચું છે; તેથી, આપણા જીવનવહેવારવર્તનમાં આપણા હૃદયનો ભાવ તેવો પ્રગટવો ઘટે છે, તે જાણશો. સર્વ જીવોની સાથેના વહેવારવર્તનમાં આપણે પોતે પોતાની જાતને પારખવી. આપણો ભાવ તેમની તેમની સાથે કેવા કેવા પ્રકારનો પ્રગટે છે, તે નીરખવું અને જેવો ભાવ પ્રગટતો જણાય તે પ્રમાણેની આપણી સ્થિતિ થયેલી છે એમ સમજવું. ભાવ પ્રગટ્યા વિના કોઈ પણ પ્રકારની સ્થિતિ શક્ય નથી. જો ભાવ ન પ્રગટતો હોય તો પૂરેપૂરા જીવપ્રકારના છીએ અને અજ્ઞાનમાં છીએ એમ સમજવું.

## જ્ઞાનની માત્ર વાતો કરવાને બદલે સમજણપૂર્વક વર્તો

ભગવાનના ભાવનું આરોહણ અને અવતરણ થવું, એ સાધના કર્યા વિના કદી શક્ય નથી. સાધના એની મેળે કંઈ થયા કરવાની નથી. એવો જ્ઞાનભક્તિપૂર્વકનો સહજભાવ તેમાં પ્રગટે ત્યારે તે આપમેળે થયા કરે, તે હકીકત વળી જુદી છે. ત્યાં સુધી તો આપણે બધાંએ ઘણું ઘણું મથવું પડશે. મને કોઈ જીવ જ્ઞાનની ખાલી વાતો કરે તે રુચતું નથી. જ્ઞાનમાં જે અનુભવની હકીકત હોય, અથવા તો જે સાધના કરતો હોય અને તેમાં તેની જે મુશ્કેલી હોય તે સાંભળવાનું તો જરૂર ગમે છે, પણ ખાલી ખાલી જ્ઞાનની વાત કે વેદાંતની વાત મને ગમતી નથી. આ કાળમાં તો જ્ઞાનની વાતો કરનારા જ્યાં ત્યાં પ્રગટેલા છે, અને જ્ઞાન જાણે વાણીમાં જ પૂરેપૂરું સમાઈ જતું હોય એવો કાળ પ્રવર્તે છે. માટે, આપણે તો કંઈ પણ કશું બોલવું નહિ, આપણે તો માત્ર આચરવાનું રાખવું. જ્ઞાનમાં બોલવાપણું નથી. માટે, જેટલું બને તેટલું પૂરેપૂરું મૌન જાળવો.

સમજી સમજીને વર્તો. જાગીજાગીને આચરો. ક્યાંય પણ અહમ્ ડોકિયું ન કરી જાય તેની સાવચેતી રાખો. ભૂલેચૂકે પણ જીવપણાથી વર્તાતાં પોતાની જાતને સાત સાત ખાસડાં મારો અને ચેતીને જાગો. વાતો કરવાનું મૂકી દો. જે કંઈ થાય તે સતત એકધારું કર્યા કરો. સતત મંડી રહો.

## કળાકારો ચૈતન્યશક્તિની પૂર્વભૂમિકા સમા છે

જેઓ ઉચ્ચતમ કળાકાર છે, જેઓ ઉચ્ચ પ્રકારના સંગીતજ્ઞ છે, જેઓ મહાન કવિ છે, તે તે બધા એ ચૈતન્યશક્તિના અવતરણની સૂક્ષ્મ પૂર્વભૂમિકા સમા છે. તેમાંના કેટલાક તો તે ચૈતન્યશક્તિનો (તેઓ જ્યારે ભાવની ઉચ્ચ કક્ષામાં પ્રગટેલા હોય છે ત્યારે) સ્પર્શ પણ કરતા હોય છે, અને એવા સ્પર્શના પરિણામે તેઓ ઉત્તમ કોટિનું સર્જન કરી શકતા હોય છે. એવા મહાન લેખક, કવિ કે કળાકારનું જીવનચરિત્ર સદાચાર કે નીતિની દૃષ્ટિએ ઉત્તમ પ્રકારનું કદાચિત્ ન જણાય તો તેથી આઘાત સેવવાની જરૂર નથી. ભાવનાની એકાગ્રતા પ્રગટે છે અને તેનું ઉડ્ડયન અમુક ઊંચાઈએ પ્રગટે છે ત્યારે એક પ્રકારનો ચેતનાત્મક સ્પર્શ જીવનમાં અનુભવાય છે અને મહાન કળાકારનું, કવિ કે લેખકનું તેવા કાળનું સર્જન કે લખાણ તેવા સ્પર્શને કારણે નીપજતું હોય છે, તે જાણજો. એવું સર્જન કે સાહિત્ય તો શ્રીભગવાનની શક્તિનું સર્જન છે એમ પ્રમાણવું. તેની સાથે સર્જકના સ્થૂળ જીવનને સંકળાવવું નહિ. આવા પ્રકારનો વિવેક જરૂરનો છે.

## આત્મપ્રદેશનાં છૂપાં રત્નો

એવા કેટલાય સંત-ભક્ત હોય છે, જેને પોતાની હૃદયની નમ્રતાને લીધે કોઈ પામી શકતું નથી, ઓળખી શકતું નથી. એવાની હૃદયની એવી નમ્રતા તેમની દિવ્ય ચેતનાનું ઢાંકણ બની જતી હોય છે. એવી નમ્રતા જ્યાં ત્યાં તેમનું રક્ષણ કર્યા કરે છે, તેમ છતાં એવાની પ્રતિભા

ઢાંકી ઢંકાઈ રહી શકતી નથી - જો આપણે હૃદયથી તેવા ગુણની કદરભક્તિવાળાં પ્રગટેલાં હોઈએ તો.

## ભાવદર્શન માટેની તૈયારીઓ

તા.૨૧-૨-૧૯૪૩નાં દર્શનના આગલા દિવસથી સતત પ્રાર્થનાનો ભાવ હૃદયમાં હૃદયથી વારંવાર ઘૂંટ્યા કરવાનું રાખીને તે દિવસે તો એને જ આપણું મુખ્ય કર્મ ગણીને વર્તવાનું છે. બધાંને મળવા-કરવાનું મૂકી દેવું. મહત્ત્વના કર્મને જરા પણ ન વીસરાય તે જોજો. એના ભાવની Pitch-માત્રા-ઘણી ઘણી ચડાવ્યા કરજો. ધ્યાનની એકાગ્રતા, સચોટતા, ભાવનાનો જુસ્સો - ખાલી રોમાંચભાવવાળો નહિ, પણ જે જુસ્સાનો પ્રવેશ પ્રાર્થનાના હેતુભાવમાં થયા કરતો એવો - તે બધું જીવંતપણે પ્રગટાવ્યા કરીને પ્રાર્થનાનો ભાવ દૃઢાવ્યા કરજો.

## સદ્ગુરુની ભાવના

સદ્ગુરુની ભાવના હેતુ અર્થે છે. જીવનના વિકાસ કાજે તે સાધન છે. તેથી તેનામાં ભાવ કેંદ્રિત કર્યા કરીને એને વિસ્તારતા રહીએ તો જ એની કાર્ય-સાધકતા અને તે ભાવના જીવંત થયા કરવાની છે. સદ્ગુરુ સ્થૂળ નથી, તે તો જેમાં તેમાં પ્રગટ્યા કરીને આપણને સદ્બોધ પ્રેરતો હોય છે. જે તે કંઈ છે તે જ્ઞાન પ્રગટાવવાને કાજે છે. તેથી, પ્રસંગ, વાતચીત, વર્તન, વહેવાર, તે તે બધું જ્ઞાન મેળવવા માટે હોઈ ત્યાં ત્યાં સદ્ગુરુની ભાવના આપણે સમજી સમજીને પ્રગટાવવાની છે, તે જાણશો. સદ્ગુરુ કંઈ માત્ર શરીર નથી.

## હેતુનું ભાન રાખો

ત્યાં ખૂબ કલ્લોલ કરજો ખરાં, પણ અંતરસ્થ વૃત્તિ ઊંડામાં ઊંડી રાખ્યા કરીને, ત્યાં જ લક્ષ, એકાગ્ર અને કેંદ્રિત કરી કરીને. આપણે જેવા થવું છે તેનું પળવાર પણ વિસ્મરણ થવું ન ઘટે. ત્યાં સર્વ કોઈ સાથે

સહાનુભૂતિથી, પ્રેમથી વર્તજો.

## શ્રી અંબુભાઈની કદરભક્તિ

પૂજ્યશ્રી અંબુભાઈને માટે ભાવથી પ્રેરાઈને એક નાનકડું પદ્ય મોકલેલું હતું. તેની સારા અક્ષરે નકલ કરીને તમે આપી હશે, એમ માનું છું. ગુજરાત વિદ્યાપીઠમાં (શ્રી ડાહ્યાભાઈ ઈજતરામના બંગલામાં) જ્યારે રહેવાનું હતું, - કોચરબના પહેલા ઢાળે - ત્યારે ત્યાં લગોલગ જે ઓરડીઓ હતી કે છે, તેમાં તેમનાં પત્ની રહેતાં હતાં. હું પણ તે જ કંપાઉંડમાં રહેતો હતો. જોકે બોલવાચાલવાનો બિલકુલ વહેવાર ન હતો. બાવીસ વર્ષ પછી એમને આજે આપણે ઘરે જોયાં, તેમનાં દર્શનથી - પૂજ્યશ્રી અંબુભાઈ પરત્વે આ જીવના હૃદયમાં જે પ્રગટેલો ભાવ છે તે ભાવથી પ્રેરાઈને - ઘણું ઘણું ગદ્દગદતાથી ભાવભીનું થઈ જવાયું. શ્રી અંબુભાઈની ગુજરાતના જુવાનો પરત્વેની સેવા ગુજરાત પૂરેપૂરું સમજી શકેલું નથી. ગુજરાતના તે કાળના જુવાનોમાં તેમણે જે ઉત્સાહ, ઉમંગ, સાહસ, હિંમત, સહનશક્તિ, બળ અને દેશભક્તિ પ્રેરેલાં છે, તે સ્મરણીય છે. તે કાળમાં તેમના જીવનનો અદ્ભુત જુસ્સો તેમના સહવાસમાં તેવા ભાવે જે કોઈ આવ્યું હોય તે જ સમજી શકે એમ છે. તેમની પ્રતિભા અને શક્તિ અજોડ અને અજબ હતી. હું તેમના અખાડામાં જોકે જોડાયેલો ન હતો, તેમ જ તેમના સમાગમમાં કે પરિચયમાં પણ આવેલો ન હતો, પરંતુ કદીક કદીક તેમનાં પ્રવચન સાંભળવા જતો ખરો. ત્યારથી તેમના પરત્વેની ભક્તિ મારા દિલમાં પ્રગટેલી હતી.

શ્રી ઈંદુલાલ યાજ્ઞિકે તેમની રીતે, અને શ્રી અંબુભાઈએ પોતાની રીતે ગુજરાતને જાગતું કરવાને જે પ્રયત્ન કર્યા છે, તે ખરેખર વંદનીય છે. ગુજરાત ઉપર શ્રી અંબુભાઈનું ઋણ છે, તેની કદરભક્તિ પૂરેપૂરી ગુજરાતે હજી સુધી તો કરી જાણી નથી. અનેક કહેવાતા સંત-મહાત્માઓને પણ ગુજરાતે ઘરેડ-પ્રકારની ભાવનાથી કરીને નવાજ્યા

છે, તે જોતાં શ્રી અંબુભાઈની કદરભક્તિ યોગ્ય પ્રકારે ગુજરાતે હજી નથી કરી એ મારે મન એક શરમની હકીકત છે. સાચી રીતે તો જે જીવ જ્ઞાનપૂર્વક કદર કરે છે, તેનામાં તે પ્રકારના જ્ઞાનની સ્વીકારાત્મક ભૂમિકા પ્રગટે છે. એવી જે કદરભક્તિ કરવાની છે તે આપણા પોતાના કાજે કરવાની છે.

---

હરિઃૐ  ટ્રિચિ, તા.૧૮-૨-૧૯૪૩

## 'ત્યાં સુધી આપણો સંબંધ'

સાધનાના જ્ઞાનભક્તિપૂર્વકના પ્રખર એકધારા અભ્યાસ વિના (અથવા સાધનાની પણ અનેક રીતો હોઈ શકે છે, પરંતુ પોતાની રીતના અનન્ય ચિંતવનના અભ્યાસ વિના) સ્થૂળને ભેદીને સૂક્ષ્મને રંગ લગાડી શકાવાનો નથી, તે જાણશો. એકવાર શ્રીભગવાનની કૃપાથી ત્યાં પ્રવેશ થાય અથવા તો સાધનાનું કામ ઘણી ગતિવાળું થયા કરવાનું બની જાય ત્યાં સુધી સાધકે અત્યંત ઉમળકાથી, શરણભાવે - સમર્પણયજ્ઞભાવે - જે તે બધું કર્યા કરીને સાધનામાં પ્રાણ પ્રગટે એવી રીતે તે સાધના કર્યા કરવી જોઈએ. તે પછી કોઈને કંઈ કશું સમજાવવાપણું રહેશે નહિ. ત્યાં સુધી જ આપણો સંબંધ છે. બાકી તો સજ્જન માનવી પોતાને પાલવે જે પડે છે એને પ્રેમથી પાળ્યા કરે છે.

## તીર્થયાત્રાની સાર્થકતાનું ધોરણ

તીર્થયાત્રાના દિવસમાં જેટલું પારમાર્થિક ચિંતવન રહ્યા કરે તેટલું ઉત્તમ. અથવા તેવું ન થઈ શકે તો એકલા હોઈએ અને મૌન, નામસ્મરણ પ્રેમભક્તિપૂર્વકનું મનનચિંતવન, આવું બધું થયા કરે તો તે ઉત્તમ માનજો. એવું થયા કરે તો જ તીર્થે ગયા છો તે સાર્થક. બાકી તો નકામા પૈસા ખર્ચ્યા અને સમય વેડફ્યો એમ હું તો ગણું. તીર્થ એ જીવનનું સાચું મહત્ત્વ પ્રગટાવવાને માટે છે. તીર્થે જવાથી કરીને જો એના

એ પ્રકારનું ઘરેડયુક્ત જીવન પછી પણ જીવવાનું બન્યા કરે તો તે 'તીર્થે ગયા હતા' એમ ન ગણાય; પણ 'ખાલી મુસાફરી કરવા ગયા હતા' એમ ગણાય. માટે, તીર્થે ગયાનો હૃદયમાં હૃદયથી ભાવ પ્રગટાવજો.

## જ્ઞાનપૂર્વક આધીનતા

સાધકે સ્વતંત્રપણે પોતાની ઈચ્છાથી કશામાં પ્રેરાવું કે પ્રવેશવું નહિ. એણે તો જ્ઞાનપૂર્વક આધીનતામાં - હેતુને ખ્યાલમાં રાખી રાખીને - પ્રવર્તવું. તે પણ પોતાની રીતે અને સમજણે નહિ પણ બીજામાં તાદાત્મ્યભાવથી બીજાને સમજીને (સાથે સાથે તાટસ્થ્યનો ગુણ પ્રગટાવી પ્રગટાવીને) જ્ઞાનપૂર્વક જે તે બધું કરવાનું રાખવું કે જેથી કરીને પોતાપણું બધું ટળી જાય.

## હૃદયનો સમગ્રભાવ

દર્શનનો આગલો દિવસ (તા.૨૦-૨-૧૯૪૩) હૃદયના ઉમળકા સાથે સતત પ્રાર્થનાભાવમાં ગાળ્યા કરશો. આપણે આપણું થતું પૂરેપૂરું કરી ચૂકવું અને તે પણ એની છેલ્લામાં છેલ્લી હદ સુધીનું, અને પછી નિશ્ચિંત રહ્યા કરવું. એવી મારી તમને બધાંને પ્રાર્થના છે. વાણીથી બોલી બોલીને કે લખી લખીને શું જોર દઈને કહી શકું ? તમારા પરત્વેનો આ હૃદયનો ભાવ આવું આવું લખાવ્યા કરે છે, બાકી તો લખવાનો પણ અર્થ નથી. હૃદય હૃદયને અનુભવતાં થઈ જાય તે જ યોગ્ય સ્થિતિ છે. આ જીવનમાં કોઈ પણ કાળે ભાવ ન દીધો હોય, એટલો ઉત્કટ અને સમગ્ર ભાવ અને ચિંતવન હૃદયથી રાખ્યા કરવાનાં છે, તે જાણશો.

## પ્રાર્થનાનો નાદ સંભળાય છે

હાલની રાજનીતિમાં સામાવાળાની નીતિ જાણી લેવા માટે કેટલીક વાર feelers (પ્રયોગાત્મક ચકાસણી) મૂકવામાં આવે છે, અને તેવી રીતે સામા દેશની રાજનીતિનાં વલણને તેઓ સમજવાને પ્રયત્ન કરે છે.

જોકે રાજનીતિમાં તો તે એક ચાલબાજીનું પગલું હોય છે, પણ અહીં તો તે તે રીતે થયું નથી. હૃદયની શુદ્ધ ભાવનાથી જ તેમ થયું હતું તે લખવાની કંઈ જરૂર હોય ખરી કે ? તેમાં પ્રભુકૃપાથી આ હૃદયનો સંપૂર્ણ પ્રેમભક્તિપૂર્વકનો પ્રાર્થનાનો ભાવ છે. સાધનાની ઉચ્ચતમ અમુક પ્રકારની કક્ષામાં તો નામરૂપ લય પામી જાય છે. તેમાં જ્યારે અમુક પ્રકારના હેતુનો ઉત્કટ ભાવ પ્રગટે છે ત્યારે તે પ્રાર્થના જરૂર સંભળાય છે, જેમ કે સિદ્ધાર્થને મળેલાં દર્શનની હકીકત.

## ધન્ય ઘડીનો ઉત્તમ ઉપયોગ કરો

અંતરની અભિલાષા પોસતી અને સર્વ રીતે અસર પ્રસારતી ધન્ય ઘડી ઝડપથી પાસે આવે છે. ભગવાન આપણને એની કરુણા અને કૃપા-પ્રેમથી નવાજીને એના દિવ્ય કાર્યનું યોગ્ય સાધન બનાવો, એ પ્રાર્થના !

દર્શન થયાં બાદ દર્શનમાંથી ઊપજેલી ભાવનાને બીજાઓ સાથે હળીમળીને કે વાત કરીને વેરવિખેર કરી આપણે વેડફી નાખવી નહિ. દર્શન પહેલાં અને દર્શન પછીના સમયમાં ધ્યાન કરવા બેસવું. આ જીવ તીર્થમાં ફરતો ત્યારે એકલરામ જેવો જ રહેતો. બીજી કશી ઉપાધિ મનમાં મનથી રાખતો ન હતો. એક જ રટણ અને એક જ કામ. ઘણા લોક જે દર્શન માટે આવેલા હોય છે તેમને દિલમાં તેની ગંભીરતા પૂરેપૂરી જાગેલી હોતી નથી, એનું મહત્ત્વ અને રહસ્ય પણ પૂરેપૂરાં ઠસેલાં હોતાં નથી, પરંતુ, આપણે તો આપણી રીતે તેનો પૂરો લાભ લેવાનું રાખવાનું છે. બીજાં બધાંથી જુદી રીતે, બધાંથી અનોખી રીતે રહેવાનું, વર્તવાનું રાખીને હૃદયમાં એકાગ્ર અને કેંદ્રિત થયા કરવાનું છે. હવે તો કોઈ સાથે બોલવા-કરવાનું રાખવું નહિ. શાંતિ, પ્રસન્નતા, સમતા, તટસ્થતા જ્ઞાનપૂર્વક રાખી રાખીને ધ્યાનસ્થ રહ્યા કરવાનું છે.

---

હરિઃૐ ત્રિચિ, તા.૨૦-૨-૧૯૪૩

## સદ્‌ગુરુની આર્જવભરી પ્રાર્થના

અંતરની આરજુભરી પ્રાર્થના છે કે એકધારા, નિરંતર, સતત, હૃદયના પૂરા ભાવથી પ્રાર્થનાભાવમાં રહો. આ બેઉ દિવસ તે જ પ્રકારના તાર મેં તમને મૂક્યા છે. એનું મહત્ત્વ સમજજો.

સર્વ પ્રકારના સંકોચ દૂર થયા વિના આપણામાંથી ભય નીકળી શકવાનો નથી. જેમ જેમ અનેક પ્રકારના સંકોચ દૂર થતા જાય છે, તેમ તેમ હૃદયની મોકળાશ પ્રગટતી જવાની.

## દૃષ્ટ-અદૃષ્ટનો દૈવાસુર સંગ્રામ

સાધકના જીવનના પ્રત્યેક કર્તવ્યમાં એની ચૂડ તથા યુદ્ધ બને રહેલાં છે; known (ચેતન) અને unknown (અચેતન) વચ્ચે એક સતત યુદ્ધ ચાલી રહ્યું હોય છે, પરંતુ સાધકને તેની ગતાગમ પડેલી હોતી નથી. એનો એ રીતે સ્વીકાર કરી શકતો નથી. કાં તો એ પોતાની કોઈ સમજણને અંગે તેમ થવાવાનું સમજે છે કે તે સ્વભાવ અંગે કે કોઈક એવાં કારણો તે આપી દે છે.

ચેતન હંમેશ ઇચ્છે છે કે અચેતન એને જીતી ન જાય. ચેતનને અચેતમાં પૂરેપૂરો પ્રવેશ પામીને ત્યાં સંપૂર્ણપણે વ્યક્ત થવું છે. અચેતન એક ઇંચ પણ એમ ને એમ મૂકી દેતું નથી. અહીં ચેતનાનો અર્થ જેટલો વિસ્તારીએ તેટલો ઓછો.

સાધનાની ઉત્તરોત્તર કક્ષામાં અનંત પ્રકારના સંગ્રામ પ્રગટે છે. એમાં જીવ હારતો, જીતતો, અંતરની શક્તિને વધારતો એક એવી નિર્ણયાત્મક અને નિશ્ચયાત્મક સ્થિતિ ઉપર પ્રગટે છે કે જે વેળા પછીથી એની શક્તિને ક્યાંયે હારવાપણું રહેતું નથી. એવી રીતે તેની આંતરિક શક્તિ સતત બઢતી રહેતી હોય છે. સાધનાની કક્ષામાં તેની આંતરિક શક્તિ કદીક હાર પામતી જણાય, છતાં એ હારને વશ થઈ જતી હોતી નથી. આવા પ્રકારના આંતરિક યુદ્ધનું પ્રતિબિંબ બહાર પણ પડતું હોય છે અને

એની અસર પણ છે.

## પૂર્ણ નિઃસ્પૃહતા પછી જ ચેતનમાં પ્રવેશ

આપણે ભગવાનનો ભાવ મેળવવો છે એ પણ એમ તો એક 'desire' ઇચ્છા થઈ, પણ અંતે તો એ પણ નિર્મૂળ થઈ જવાની. કોઈ પણ ઇચ્છા રહેલી ન હોય, કોઈ પણ જાતની સમજણ, કલ્પના, માપ, ગણતરી, રાગદ્વેષાદિ દ્વંદ્વો રહ્યાં ન હોય, - એ બધાંયે જતાં રહે, એ બધાંથીયે સંપૂર્ણ મુક્તિ મેળવાય - તો જ ચેતનાના અનુભવના પ્રદેશમાં પ્રવેશ કરી શકાય. ત્યારે કંઈક અનુભવ થવાની દશામાં પ્રગટેલા ગણાઈ શકીએ, બાકી. તે વિના આપણું જીવન અધૂરું છે એમ સમજીએ.

## ચિરસ્મરણીય સંસ્મરણ

આપણા જીવનમાં આ શુભ ધન્ય દિન સદાય સ્મરણીય રહો ! સદાય એનાં ચરણકમળની પગલીઓ આપણા હૃદયમાં અંકિત રહો. નોકરને દર્શન આપવાં માટેની વિનંતીના પત્ર સાથે દસ રૂપિયા મૂક્યા તેનો વાંધો ન હોય, પણ એની પાછળ જે ગણતરીઓ રહેલી છે તે ઉપર ઘણો આધાર છે. એટલે એવું ન થયું હોત તો ઠીક, પરંતુ થઈ ગયા કેડે તેવું મનમાં રહ્યા ન કરે, તે સાધકે ખ્યાલમાં રાખવાનું છે.

## શરીરની આળપંપાળ

આ શરીરનું વજન ૯૮ થઈ ગયું છે. હવે પાછું ઠીક થવા લાગ્યું છે. ગઈ કાલ બપોરથી સારું છે. શરીર ઉપર જ જે સાધક લક્ષ રાખ્યા કરે એનો કશો પત્તો ખાય નહિ. શરીરનો ધર્મ તો વધવાઘટવાનો છે. તેની આળપંપાળ ન થાય.

## ભાવ ખાતર જ ભાવની અગત્ય

પ્રત્યેક કર્મની પાછળ અંતરસ્થ ભાવના કેવી અને કેટલી જ્ઞાનભક્તિપૂર્વક જાગ્રતપણે હોય છે, એના ઉપર જ બધો આધાર રહે છે. સોનાના કટકાને જોરથી ભાર દઈને કસોટી ઉપર ઘસવાથી એના

ટચમાં જરાક જેટલો કંઈક વધારો પ્રગટે છે, તેવું કર્મમાં પણ સમજવાનું છે. જોકે આ ઉપમામાં પૂરતી યથાર્થતા નથી. સોનાને કસોટી ઉપર વધારે ભાર દઈને ઘસવાથી માત્ર રજ જેટલો ફરક પડે, પરંતુ કર્મમાં તો ભાવનું જેટલું વધારે લક્ષ દઈને મહત્ત્વ આપીએ તેટલો કર્મમાં ફરક પડે છે. કર્મ મહત્ત્વનું નથી, તેની પાછળની ભાવના કેવી અને કેટલી છે, તે મહત્ત્વનું છે. એટલે આપણે તો પ્રત્યેક કાર્યની પાછળ ભાવનો જ ખ્યાલ દઢપણે રાખ્યા કરીએ અને તે પણ કોઈ પણ પ્રકારની અપેક્ષા વિનાનો, હેતુ વિનાનો, ભાવ ખાતર જ ભાવ રાખીએ તો આપણું કામ આગળ ધપે.

## સાચી ભાવના એળે નથી જતી

જ્યારે જ્યારે ઉત્તમ ભાવવાહી એકાગ્રતા જામે છે ત્યારે ભ્રૂકુટિમાં એવું થાય છે. તેવી વેળાએ ધ્યાનમાં બેસવાનું કે નામસ્મરણ કરવાનું સૂઝે તો તે ઊંડું જાય. તમને એકવાર ભ્રૂકુટિએ લક્ષ રાખીને ધ્યાન કરવાનું સૂચવેલું, પણ તે ફાવી શક્યું ન હતું. હવે, તમને થયેલા અનુભવથી તે સમજાયું હશે. અનુભવ વિના આવી બાબતો સ્પષ્ટપણે સમજી શકાતી નથી. ભગવાનની પાસે ખરા દિલથી પ્રેમભક્તિપૂર્વક જવાને જે મથે છે, એને તે સ્વીકારવાનો જ છે. જે ભાવના જીવનમાં મળેલી છે એને હૃદયમાં ઉતાર્યા કરશો, વર્તનમાં પ્રગટાવશો. ભાવના વર્તનમાં પ્રત્યક્ષપણે ન પ્રગટે ત્યાં સુધી પૂરી ખપની નથી. ભગવાનને શરણે જવાથી કશું બગડતું નથી. એની ખાતરી રાખજો. એનાં ચરણકમળે હૃદયના ઉમળકે સમર્પણયજ્ઞભાવે (કશીએ અપેક્ષાની દૃષ્ટિ, વૃત્તિ વિના) જે જે આપ્યું હશે તે તે બધું ભગવાન કંઈ પોતાની પાસે રાખવાનો નથી. ભક્તને તેનું વળતર જરૂર મળ્યા કરે છે. સાચી રીતની પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકની ભાવનાથી થતી જતી સાધના વડે શ્રદ્ધા, વિશ્વાસ, બળ, ઉત્સાહ, હિંમત, ધીરજ વગેરે વગેરે ગુણ પ્રગટ્યા કરે છે. યોગ્યપણે સાધના થયે જવાનાં તે માપ-લક્ષણ છે. આપણે સાધનામાં પ્રવેશવાનું કર્યું છે, તો તેની યોગ્ય રીતે અને ભાવનાએ વર્તવાનું છે.

કુમળા છોડને સંભાળવાનો રહે છે. એને જળસિંચન કરવું પડે છે, નહિતર તો એ સુકાઈ જાય. માટે, સંભાળ રાખ્યા કરશો.

## સ્ત્રીહૃદયની શક્તિ

જગતના જીવનમાં આપણને સ્ત્રીહૃદયશક્તિનો અનુભવ થયો નથી. પુરુષ ગમે તેવું ભલેને કરતો હોય, પણ એની પાછળ સ્ત્રીની સૂક્ષ્મ ભાવના કામ કરી રહેલી હોય છે. કર્મમાં પ્રેરાઈ શકાવાને કાજે કોઈ ને કોઈ ભાવના તો હોય છે જ. સૂક્ષ્મપણે અને સ્થૂળપણે સ્ત્રીહૃદયશક્તિની અસર પુરુષના જીવન ઉપર થયા વિના રહી શકતી નથી. પુરુષ કે સ્ત્રી, કોઈ ક્યાંયે પણ પોતાની એકાંતિક ભાવના વડે કશામાં પરોવાતું નથી.

---

હરિઃૐ ટ્રિચિ, તા.૨૨-૨-૧૯૪૩

## અપ્રતિમ દિવ્ય અનુભવ

ગઈ કાલે તાંજોર છોડ્યા પછી આનંદની લહેર વધવા લાગી. બ્રહ્મરંધ્રમાં અંદરબહાર બધો પ્રદેશ ખુલ્લો થઈ ગયો. રોમેરોમમાં આનંદ આનંદના ઉત્સવનું થનગનાટ કરતું નૃત્યુ પ્રસરેલું હતું. તેવું અત્યંત ઉત્કટ માત્રામાં પોણો કલાક હતું. ત્યાર પછી થોડુંક ઊતરતું હતું. તે રાત્રે પાછું ચડતું હતું. જોકે ક્રિયા સળંગ, પ્રશાંત, સક્રિય, વેધક, છંદોમય અને સુખદ હતી તોપણ તે પીડા કરતી હતી, કારણ કે જ્યારે પસાર થતી હતી ત્યારે તેને પોતાનો માર્ગ કરવા માટે કંઈક સખત ગાંઠ કાપવાનું બનતું હતું. આમ છતાં અતિશય આનંદને કારણે દુઃખ હોવા છતાં લાગતું ન હતું; અને છતાં તે દુઃખના અનુભવનું ભાન તો હતું જ.

ઉપર્યુક્ત અનુભૂતિની લાગણીઓ મારામાં અને મારી એમ પારસ્પરિક હતી અને છતાં તે હું તટસ્થભાવે એકલો અનુભવું છું. એકીસાથે ત્રિવિધ ક્રિયાઓ, અને સાક્ષી, ચોથો, તેમ છતાં ચારેની

એકરૂપતા - એકસામ્યતા - એકરસતા એકમાં જ અનુભવાતાં હોય, એવો તે લીલાખેલ હતો. એ તો આપણા હ્દયમાં બીજા પરત્વે જે હ્દયનો પ્રેમ હોય છે, એ પ્રેમમાં જેટલા પ્રમાણમાં એકરૂપતા હ્દય હ્દય વચ્ચે જામવા માંડે છે ત્યારે એવું અનુભવાયા વિના રહેતું નથી, તે જાણશો. એમાં કંઈ કશાં મહત્ત્વ કે મહત્તા હોય તો તે પ્રેમનાં છે.

આ સ્થિતિ તમને બધાંને લક્ષમાં રાખવાને કારણે જ્ઞાનપૂર્વક એની કૃપાથી કરવાનું બન્યું હતું. આટલું લખી રહેતાં ટ્રિચિથી પ્રિય ચંદ્રકાંતભાઈનો કાગળ મળ્યો અને તેમાં તમોએ ટ્રિચિ જે તાર કરેલો :- ‘દર્શન બપોરે ત્રણ વાગ્યે થશે. હ્દયના પ્રણામ’ તે વાંચ્યો, આનંદ થયો.

## નોકરને દર્શન

નોકરને, નોકર હોવાના કારણે જ, ત્યાં દર્શન નથી મળતાં, એ હકીકત માન્યામાં અને સમજણમાં ઊતરી શકતી નથી. સાથે આવેલા નોકરને ત્યાં દર્શન નથી મળી શકતાં એમ જે કહેતા હોય તે સાચું છે એમ માનવાને કશું કારણ નથી. તથા ત્યાંના સાધકો સાધના અંગે જે બધું કહેતા હોય તે પણ તેમની તેમની આગવી સમજણનું હોય, તેમ પણ બને. આપણે તેથી દોરવાઈ જવું નહિ. તમારા નોકરને દર્શનનો લાભ નહિ જ મળે એમ માનવાને કશું કારણ નથી. એને પણ દર્શન હવે પછી મળશે.★

હરસ ન હોવા છતાં તમને હરસ થયા હોય એવી રીતે લોહી પડ્યું એનું આંતરિક ગૂઢ રહસ્ય પણ હોવા સંભવ. એવી એની શક્યતાનો સ્વીકાર કરીએ. એ પરત્વે ખુલ્લું મન રાખીએ તે પણ જરૂરી છે. એ માટે - એનાથી પરિણમતા ફળ માટે - નમ્રતા ને કદરભાવ પણ આપણે રાખીએ, પરંતુ એ થયું તે તેમ જ થયું છે એવું હાલમાં ભલે ન માનીએ

---

★ આ જ નોકરને બીજે વર્ષે દર્શન કરવાની રજા મળી હતી.

પણ કોઈક કાળે આપણને તે સમજાય પણ ખરું. ભગવાનનો ભાવ જ્યારે કામ કરે છે અથવા તો આપણા આધારમાં તે સ્પર્શતો હોય છે ત્યારે તે ને તે કાળે જ તેનું પરિણામ નીપજે એવું ન પણ બને. એની યોગ્ય અસર થવાપણાનો આધાર આપણા ઉપર પણ રહે છે.

આપણે ઝટ ઝટ અને હકીકત કરતાં વધારે પ્રમાણનું માની લેનારા ન થઈએ અને સાથે સાથે એ દિવ્યશક્તિની શક્યતાઓને અશક્ય પણ ન ગણી કાઢીએ.

## સદાય ગતિમાન રહેવું

અમુક દશા થતાં સાધક પોતામાં પોતાનું થતું મરણ અને જીવન સમજી શકવાની ભૂમિકામાં પ્રગટે ત્યારે તે પરત્વે પણ એનું લક્ષ ન રહેતાં પ્રત્યેક સ્થિતિમાં ફેરફાર થતો જવાનો છે, એમ સમજીને ક્યાંયે એણે સલામતી ભોગવવાની હોય નહિ અને એણે એકમાંથી બીજામાં અને બીજી અવસ્થામાંથી ત્રીજીમાં એમ ગયા જ કરવાનું છે, પરંતુ તે સાથે સાથે તેમાં પણ ક્યાંયે ભેરવાઈ પડવાનું નથી. એમ જતાં જતાં અને એમ જે તે બધાં પરત્વે તટસ્થ રહેવાયા જતાં આપણે ભાવની ઉત્તરોત્તર ઉત્તમ કક્ષામાં પ્રગટતાં જઈએ છીએ.

## લેખકની ઉત્કટ હમદર્દી અને શુભ વાંછના

તમને બધાંને હું જે કહું છું તે આ જીવનની પોતાની પ્રત્યક્ષ અનુભવની સાબિતી વિના કે માપ-લક્ષણ વિના કહેતો નથી. તીર્થના આ ગાળાના સમયમાં તમારા બધાંમાં મન ખેંચાયેલું હોવાથી શરીરનું વજન જે ૧૦૮ રતલ હતું, તે ૯૮ થઈ ગયું છે. આનું મહત્ત્વ તમે બધાં સમજજો. અને ત્યાં એવો એકાગ્ર અને કેંદ્રિત ભાવ પ્રગટાવજો. અમારે દિલ તો તે સ્થળ સાથે કશી જુદાઈ નથી.

ધ્યાન દ્વારા આપણને ત્યાંથી કંઈક વધારે મળવા સંભવ છે, તે

જાણશો. આનંદાશ્રમમાં જપ ઉપર વિશેષ મહત્ત્વ હૃદયની ભક્તિથી આપજો.

---

હરિઃૐ ટ્રિચિ, તા.૨૪-૨-૧૯૪૩

(શિખરિણી-મંદાક્રાંતા)

ઊંડું કૈં હૈયામાં હૃદય સરસાં એકભાવે રહીને,
મથ્યા રહેવું તેવું ઉર-ઉમળકો આણીને આણીને તે,
સ્વભાવે જે લાગે સરસ-નરતું બેઉથી સ્થિર ચિત્તે
- રહીને તાટસ્થ્યે વરતવું રહ્યું, ભાવ જેથી વધ્યો રૂહે.

## ખુલ્લા થવાપણું

તમને જે પુછાવવાપણું લાગેલું છે, તે અંગે તા.૨૬-૨-૧૯૪૩ના કાગળથી જો ખુલાસા જેવું થઈ ગયું ન હોય તો જરૂર પુછાવશો. કશું પણ મનમાં રાખશો નહિ. નોંધ કરી રાખશો અને રૂબરૂ પૂછી લેશો. મારી આપેલી સમજણથી પણ હૃદયથી જો તે ન સ્વીકારાય તો બેળે બેળે ગ્રહણ કરવાનું ન જ રાખવું, પરંતુ એનો સ્વીકાર કરવા માટે આપણું હૃદય તો ખુલ્લું રાખવાનો પ્રેમથી પ્રયત્ન કરતા રહેવું.

## થવાપણું

આ માર્ગમાં જેટલું વધારેમાં વધારે ખુલ્લું રહેવાયા જવાય તેટલું વધારે ઉત્તમ છે. સંપૂર્ણ તાટસ્થ્ય પ્રગટ્યા વિના ખુલ્લું રહેવાવું અશક્ય છે. ત્યાં સાધકને માત્ર જે ખુલ્લું રહેવાનું કહેવામાં આવે છે તે વાત તો સાચી છે, પરંતુ કેટલામાં ત્યાં એવું સંપૂર્ણ તાટસ્થ્ય પ્રગટેલું હશે ! ખુલ્લા થવું ખુલ્લા રહેવું એ એમ ને એમ તો શક્ય નથી. તે પણ માગી લે છે જ્ઞાનભક્તિપૂર્વકની તે પરત્વેની સંપૂર્ણ જાગૃતિ. જો પૂરેપૂરું ખુલ્લું થવાય તો તો સાધનાનું કામ સરળ બની શકે. ખુલ્લા થવું એટલે જીવપ્રકારની સમજણ, રીત, માન્યતા, ટેવ, આગ્રહ તથા મનાદિકરણની પ્રાકૃતિક ધર્મથી મુક્તિ. આવું ખુલ્લા થવું તે જ્ઞાનપ્રકારનું ખુલ્લા થવાપણું ગણાય.

એવું ખુલ્લા થવાપણું એટલે જ્ઞાનાત્મક શરણાગતિ. એવું ખુલ્લા થવાપણું એટલે જીવનું જીવપણું ટાળવાની મંગળમય પ્રાથમિક ભૂમિકા. ખુલ્લાં થવું એટલે જીવપ્રકૃતિએ જીવપ્રકૃતિમાંથી મુક્તિ મેળવીને ચેતનના પ્રદેશમાં પગલાં માંડવાનાં મંગળાચરણ. ત્યાંના સાધકને એમ જે કહેવામાં આવે છે કે - એમ સાંભળ્યું છે કે : 'અહીં તો માત્ર ખુલ્લું જ થવાનું છે, એટલે બીજું બધું કામ થઈ રહેશે;' તે જો ઉપરના અર્થમાં ઘટાવીએ તો યોગ્ય પણ ગણાય, પરંતુ કોઈ સાધક જે કંઈ કહે તે તેના સંપૂર્ણ અર્થમાં માની લેવાની જરૂર ન હોય. સદ્‌ગુરુનાં વચનના તાત્પર્યને તેની સંપૂર્ણ જ્ઞાનાત્મક દશાથી ગ્રહણ થવું એ કંઈ જેવું તેવું કર્મ નથી. સૌ કોઈ પોત પોતાની અધૂરી રીતે તે સમજતું હોય છે, માટે, આપણે તો કંઈ કશા વિશે મત ન બાંધવો. કંઈ કશા વિશે મત ન બંધાય, કંઈ કશા વિશે વિચારવાનું ન બને, કંઈ કશા વિશે આમ કે તેમ ન વર્તાય, તેનું નામ પણ ખુલ્લા થવાપણું છે, તે જાણશો.

## વિવેક તો રાખવો જ

શ્રીમાએ જે પ્રસ્તાવના લખી છે, એની નકલ તમે લખી મોકલી છે તે વાંચી છે, પરંતુ સાધકે તે તે બધું વિવેક રાખીને કર્યા કરવાનું છે. નહિતર વૈષ્ણવ ધર્મમાં પણ એ જ લક્ષણ છે, કિંતુ આજે એનો જ્ઞાનભાવે સદુપયોગ થઈ રહેલો નથી, કારણ કે જેમણે જેમણે એ બધું કર્યા કર્યું તે જડતાભરી રીતે, ગતાનુગતિક રીતે અને અજ્ઞાનથી, - જ્ઞાનભક્તિથી સમજી સમજીને જીવનને ઉચ્ચતર લઈ જવાની ધગશ વગર. એમાંથી એનાથી નીપજતાં જતાં પરિણામને તો તે જોતા ન રહ્યા. અંતે એમાંથી સમાજને લાભ ન થયો, પરંતુ જડતા લાધી.

## ભાવના સર્વ ક્ષેત્રમાં પ્રસરાવી ઘટે

આપણો સમાજ મંદિરમાં કે ઘેર પ્રાર્થના વગેરે કરતો હોય છે ત્યારે તે વેળા હૃદયની સચ્ચાઈ અને થોડોઘણો પણ ભાવનાવાળો તે જરૂર હોય છે, પરંતુ એમાંથી પ્રગટતી ભાવનાનો વિસ્તાર જીવનનાં અન્ય ક્ષેત્રમાં

થયા કરતો નથી, એટલે તે તે ક્ષેત્રનાં કર્મમાં એમનો સ્વભાવ એવો ને એવો રહ્યા કરે છે. જ્યારે આપણે તો તેવી સાધનાની ભૂમિકાની ભાવનાનો વિસ્તાર અને તેનો જ્ઞાનપૂર્વકનો અમલ જીવનનાં સર્વ ક્ષેત્રોમાં કર્યા કરતાં રહીએ તો જીવની ભાવના વિસ્તૃત થયા કરે. એમ જ્ઞાનપૂર્વક વર્તતાં જીવનમાં અન્ય ક્ષેત્રોમાં સ્વભાવનું રૂપાંતર થતુ રહે તેમાં તે મદદકર્તા પણ નીવડી શકે છે. જેમ વાયરલેસની શોધ વૈજ્ઞાનિકે કરી ખરી, પરંતુ એને જ્યાં સુધી પ્રત્યક્ષ ક્ષેત્રમાં મુકાઈ ન હતી ત્યાં સુધી બધાંને એનો લાભ મળી શકતો ન હતો, તેના જેવું કંઈક આ ગણાય.

## મહાન સત્યની અવહેલનાનાં કારણો

વૈષ્ણવ ધર્મમાં ગુરુમહારાજ એવા નીકળ્યા કે જે ધર્મના સિદ્ધાંતો હતા તે તો જીવનને ઉચ્ચતર દિવ્ય બનાવવા કાજે, પણ તેવા પવિત્ર કાર્યમાં વાપરવાને બદલે તેઓ તો તેમને પોતાના સ્થૂળ વૈભવવિલાસને માટે વાપરવા લાગ્યા અને જનતામાં એ સિદ્ધાંત ઉપર સર્વ ભાર બધી રીતે અપાયા કરાય એવી રીતે તે પ્રકારની ભક્તિનો પ્રચાર થયા કર્યો અને પ્રકૃતિના રૂપાંતર તરફ સાધકની દૃષ્ટિને ખોલવાનો કે કેળવવાનો પ્રયત્ન તો થયો જ નહિ. એના પરિણામે આવા મહાન સત્યની જગતમાં આજે અવહેલના થઈ રહેલી જણાય છે, તો તેવું આપણામાં ન થવા પામે તે જોવું રહ્યું. બાકી, સત્યનો આપણે કેટલી અને કેવી ભાવનાથી અમલ કરીએ છીએ તેના ઉપર આપણા જીવનમાં સત્યના ટકવાનો આધાર છે.

## સાધનાની યોગ્ય સમજણ

સાહજિક રીતે અને આપમેળે તેનાં પરિણામો આપણામાં જણાવાં ઘટે. તે જો ન જણાતાં હોય તો સાધકે અચકાવું જોઈએ. નહિતર તો તે ખાડામાં પડતો જવાનો. પોતાની વૃત્તિઓનું રૂપાંતર થતું જતું હૃદયથી એ અનુભવી શકતો હોય તો જ સાધના, એ સાધના છે. નહિતર એ સાધના, એ તો વળગાડ છે એમ સમજીને એણે એવી સાધનાને ફગાવી

દેવાને વાર પણ લગાડવી જોઈએ નહિ, પરંતુ આમ કરતાં પહેલાં આપણે પોતાની જાતને પૂરેપૂરી તટસ્થતાથી તપાસી લેવી ઘટે છે. તે ઉપરાંત, સાધનાની ભાવનાથી પળે પળ જ્ઞાનભક્તિપૂર્વકની જાગૃતિ સેવી સેવીને તે પ્રમાણેનું સોએ સો ટકા વર્તન આપણાથી બન્યા કરેલું છે કે કેમ અથવા તો આપણી તેવા પ્રકારની જ્વલંત ભાવના આપણા થતા જતા પ્રત્યેક વહેવાર, વર્તનમાં અને કર્મમાં ઊતર્યા કરેલી હતી કે કેમ, – આ બધું આપણે સંપૂર્ણ તટસ્થતાથી અવલોકીને જાતને તપાસી લેવી ઘટે છે. આવું આપણે કરી શકતાં હોઈએ અને તે યોગ્ય માલૂમ પડ્યું હોય તો આપણે ઉપર લખ્યું છે તે પ્રમાણે વિચારવાને યોગ્યતાવાળાં છીએ એમ સમજવું, તે વિના નહિ. આમ લખવાનું કારણ આજે તમારા પુસ્તકાલયનું કબાટ ઉઘાડતાં The history of the sect of Maharaj (પુષ્ટિમાર્ગના મહારાજના સંપ્રદાયનો ઈતિહાસ)એ ચોપડી હાથમાં આવી અને તે પ્રખ્યાત ‘લાએબલ’ કેસની હતી. તે ઉપરથી આ વિચારો લખવાનું મન થયું, તે સહેજ. જોકે આવું તો ઘણી વાર લખ્યું છે. છતાં ઉપર જે લખ્યું છે તેને મહત્ત્વ આપીને જેટલું વર્તાય તેટલું ઉત્તમ.

જો ત્યાંના કોઈ સાધક સાથે શુદ્ધ ભાવનાનાં ક્ષેત્ર સિવાય બીજી રીતે સંકળાયેલા ન હોઈએ તો આપણી સાધનાના સમયના બાદના સમયમાં તેવા સાધક માટે તેવી પ્રાર્થના જરૂર કરી શકાય, પરંતુ એવી પ્રાર્થના કરવાને આપણને પ્રેરાવાનું બન્યું, તેથી સૂક્ષ્મપણે મન તે બાબતમાં કોઈ પણ પ્રકારનું અહમ્ સેવ્યા ન કરે તે પણ સાધકે લક્ષમાં રાખવાનું છે.

## આ બધું બરાબર છે

આધ્યાત્મિક બાબતમાં કંઈક સૂચન હોય કે હકીકત જણાવેલી હોય તો તે બાબતમાં ખુલ્લું દિલ રાખવું તે જરૂરી છે. તેવું વર્તન આપણું પ્રગટેલું રહે અને તેવી જ્ઞાનપૂર્વકની સમજણ રહે તે પણ આવશ્યક છે.

જેનો આજે સ્વીકાર નથી થઈ શકતો તેનો કાલે સ્વીકાર થવા સંભવ પણ હોય, અને તેમ થયા વિના સંતોષાવાનું ન રખાય તે પણ યોગ્ય છે.

આપણો ખ્યાલ આપણા પૂરતો જ રહે તો તે ઉત્તમ. બીજાના સત્કર્તવ્યની કદરથી હૃદયને પ્રેમભાવે ભીંજાવવું જોઈએ, પણ આપણે તેવું નહિ કરીએ તો બીજાને ઠીક નહિ લાગે અથવા બીજા આવું ધારશે એવું મનમાં ન થવું જોઈએ. કદર જે કરવાની છે તે તો આપણો ગુણગ્રાહકતાનો ગુણ કેળવવા અને પ્રગટાવવા માટે.

## સમર્પણની ભાવનાનો અર્થ

સમર્પણની ભાવનાનો સ્થૂળ અર્થ આપણે છોડવો ઘટે. સમર્પણ-યજ્ઞની ભાવનાનો વિસ્તૃત અર્થ તો એ છે કે જે તે કંઈ બધું એનું જ છે. તે તે બધું એની રીતે, એની ભાવનાવાળા જીવનમાં અને એવા જીવનને વધારે ને વધારે દિવ્યતામાં પ્રગટાવવાને માટે તે તે બધાંનો જ્ઞાનભક્તિપૂર્વકનો ઉપયોગ તેવી તેવી ભાવના, દૃષ્ટિ અને વર્તનથી થયા જાય, અને પાછું તે પણ એને જ સોંપાયા કરાય એનું નામ સમર્પણ. સ્થૂળ બધું આપી દીધે જો આપણાથી તે પ્રકારનું વર્તન ન બન્યા કરતું હોય તો પેલું આપેલું અર્થ વિનાનું ગણાય. જેમ જંગલમાં એકાદ લાકડી કે કંઈક હથિયાર પાસે હોય છે તો એની એક પ્રકારની હૂંફ રહ્યા કરે છે તેમ ભાવના પણ એવી એક શક્તિ છે. એના અનુશીલન-પરિશીલનથી, સતત અભ્યાસથી, જીવનમાં એની હૂંફ, ઓથ, મદદ અનુભવમાં પ્રગટવી ઘટે.

## ભાવના અને કર્મ

ખાલી કેવળ સ્થૂળ કાર્યનો કશો અર્થ ન હોય. જે એવું સ્થૂળપણે અપાયા કરાય અને તેની પાછળ જીવતીજાગતી ભાવના જો ન હોય તો એવા સ્થૂળપણાનાં કર્મથી કશું ઉચ્ચ પ્રકારનું જીવન પ્રગટવાનું નથી, તે જાણશો. કર્મનો જે રીતે ઉપયોગ થાય અને એવા ઉપયોગમાં જે પ્રકારનો

રસ લેવાયા કરાય તે પ્રમાણે કર્મનું પરિણામ આવવાનું શક્ય બને છે. કર્મની સાથે ભાવનાનો સંબંધ રહે છે. જો તે સાથે ઉચ્ચ, રમ્ય અને દિવ્ય ભાવનાનો મેળ નહિ મળેલો હોય તો તેવાં કર્મમાં મન તેના સ્વભાવ પ્રમાણે જોડાયેલું રહેવાનું અથવા તો માત્ર એક ટેવ કે ઘરેડ પ્રમાણે તે થયા કરવાનું. એટલે એમાંથી નવા પ્રાણ, નવચેતના કદી જન્મી શકશે નહિ. સાધકને મળતાં કે થતાં જતાં સકળ કર્મ એના હૃદયની ભાવનાથી સમજણપૂર્વક થવાવાં ઘટે છે.

## જાગૃતિ એ જ યોગ

જીવનના સાધકે આ બાબતમાં સંપૂર્ણપણે જાગ્રત થઈ જવું પડશે. ગમે તેમ કર્મ કર્યે એને ચાલવાનું નથી. પ્રત્યેક કર્મમાં જાગૃતિપૂર્વકનો તેના હેતુનો ખ્યાલ તેને જન્મવો જોઈશે. એમ કરતાં કરતાં તે પ્રકારની અખંડિત જાગૃતિ તેનામાં પ્રગટવી જોઈશે. તેવી સતત એકધારી પ્રગટેલી જાગૃતિ, પછી તો તેના અનાયાસપણામાં પ્રગટી જશે. આમ ન બન્યું હોય ત્યાં સુધી સાધકે સતત જાગ્રત પ્રયાસમાં રહેવું જોઈશે. કોઈક વાર નીચી ભૂમિકામાં ઊતરી પડાય તો તેવી ભૂમિકામાં હોવા છતાં પણ પોતાની પ્રગટેલી ઉચ્ચ સ્થિતિની જ્ઞાનપૂર્વક ભાવના પ્રગટાવી પ્રગટાવીને તેને કેટલી જળવાઈ રખાય છે તથા પોતે જે સ્થિતિમાં ઊતરી પડ્યા છીએ તેનાથી પર રહીને પણ ત્યાંના થવાનાં કર્મો પોતે કેવી રીતે કરે છે, તે જોવાની ઉત્તમ તક એને એવી નીચલી ભૂમિકામાંથી મળે છે. અને તેથી કરી તેવી તેવી સ્થિતિમાંથી પોતાની યોગ્ય સમજણ કેટલી પાકી થઈ શકી છે, અને પોતે કળણમાં ઊભો હોવા છતાં તેમાં તેનામય નથી થઈ જતો, એટલું જ નહિ પરંતુ તેવી નીચલી દશાના પ્રવાહના વહેણમાં તણાઈ ન જતાં તેનાથી ઉચ્ચતર ભૂમિકાના ભાવથી પોતે કેટલા પ્રમાણમાં વર્તી શકે છે, તેનો જ્ઞાનપૂર્વકનો અનુભવ તેને તેવી દશામાંથી થાય છે. આવો અનુભવ સાધકને થવો ઘણો જરૂરનો છે. પોતે જે ભૂમિકામાં હોય, એનાથી વધારે જ્ઞાનાત્મકપણે ભાવના પ્રગટાવી

પ્રગટાવીને ઊંચી દશામાં પ્રગટવાની હોંશ સાધકના દિલમાં પ્રગટેલી હોવી ઘટે છે.

## અનુભવ

સાધકની પ્રત્યેક ભૂમિકા નક્કર અનુભવની સમજણ અને પરિણામ ઉપર રચાયેલી હોવી ઘટે. જોકે એનાથી પરની ભૂમિકાઓ હોવાની શક્યતાઓનો તે સ્વીકાર કરે, એની કદર પણ કરે, એને આવકારવાની હોંશ પણ રાખે, પરંતુ અનુભવને માત્ર કલ્પનાના બળે બેળે બેળે ખેંચી લાવવાનું તો ન થઈ શકે. સાધનાની ભાવનાનું સમગ્રપણે હૃદયસ્થ ઊંડા ઊતરી ઊતરીને એનું નિત્ય સતત દઢપણે જ્ઞાનપૂર્વકનું પરિશીલન પૂરેપૂરું વર્તનવહેવારમાં થયા કરે, એ જ અનુભવ પ્રગટાવવા માટેનું મહત્ત્વનું અંગ છે, તે સાધકે ખ્યાલમાં રાખવાનું છે. તેવો અનુભવ પણ કશાના આધાર વિનાનો હોવો જોઈશે. એટલે કે સ્વયંભૂ પ્રગટ્યા કરેલો હોવો જોઈશે. એવા અનુભવની આગળપાછળ કશી કલ્પના, સમજણ, માની લીધેલી કલ્પનાનું જોશ, સંસ્કાર વગેરે વગેરે એવું કશું ન હોવું જોઈએ. તે આપોઆપ પ્રગટેલો હોવો જોઈએ. તે (અનુભવ) થયેલો હોય એને તેની યોગ્યતા અને મહત્ત્વની દૃષ્ટિ સાથે જે સાધક હૃદયથી સ્વીકાર કર્યા કરીને, પ્રેમભાવથી હૃદયથી એની નિષ્ઠા રાખ્યા કરે છે અને એની શક્તિ ઉપર પોતાના જીવનનું સર્વ કંઈ ન્યોછાવર કર્યાં કરે છે, તો તેને જીવનમાં પ્રગટેલો તેવો અનુભવ આગળનો માર્ગ ખુલ્લો કરીને બતાવ્યા કરે છે અને તેમાં પ્રવેશ કરાવ્યા કરે છે. આમાં ભ્રમણામાં પડી જવાનો કદી સંભવ રહેતો નથી.

## સાધના અને ભાવ

સાધનાને માટે જોઈતાં બળ, શ્રદ્ધા અને દઢ સંકલ્પ જ્યારે પૂરેપૂરાં પ્રગટે છે ત્યારે સાધક એકની એક સ્થિતિમાં પડેલો નથી રહી શકતો. દઢ સંકલ્પ, બળ અને શ્રદ્ધા એ તો જીવંત શક્તિરૂપે છે અને એની

પ્રેરણાત્મક ભાવના આપણા જીવનવહેવારવર્તન અને કર્મમાં જ્યારે પ્રગટે છે ત્યારે સાધક પૂરેપૂરો સાબદો બને છે. તેની આંખો ખૂલી જાય છે ત્યારે તે કંઈ રેતીમાં નાવ ચલાવતો હોતો નથી. જોકે જગત તો એને એવું જ કહેતું હશે, પરંતુ એનો પ્રત્યક્ષ અનુભવ એને બીજું જ કહેતો હશે. એટલે એવો તો પોતાના ઉપર જ, પ્રભુ ઉપર જ મુસ્તાક રહેતો હોય છે. એવાને પછી ક્યાંય છેતરાવાપણું રહેતું નથી. સાધનાના ભાવ પ્રમાણેનો વિચાર, તે પ્રમાણેનું કર્તવ્ય અને તે પ્રમાણેનું તેનું વર્તન એ ત્રણેમાં સાધકે સમજી સમજીને સુમેળ પ્રગટાવવાનો છે, તે જાણશો. એવો સુમેળ પ્રગટતો જ્યારે અનુભવાય ત્યારે સાધકને આપમેળે નિશ્ચિંતતા પ્રગટે છે.

જેમ કોઈ કરોડાધિપતિ ધનિકને બેચાર પૈસામાં વૃત્તિ જતી નથી, તેમ સાધનામાં પ્રચંડ-પ્રખર મહત્ત્વાકાંક્ષાવાળાને ‘ધર્મ, અર્થ અને કામમાં’ દિલ ચોંટતું નથી. એનો બધો જ પુરુષાર્થ તો દ્વંદ્વાતીત અને ગુણાતીત કેમ થવાય એવી સ્થિતિ પરત્વે ચોંટ્યા કરતો રહેવાનો છે. એવું થતાં પોતે દૃઢ સ્થિતિવાળો સાધક થયો છે એમ માનવાનું છે. પછી તો આકાશવૃત્તિ ઉત્પન્ન થયેલા એવા હૃદયમાં રાગદ્વેષવાળા (જોકે એવું પૂરેપૂરું આકાશી તત્ત્વવાળું હૃદય થઈ ગયું હોય તો તેમ થાય જ નહિ, પરંતુ એવું થવાની ક્રિયામાં હોય ત્યારે) વિચારો માઠાં ફળ નિપજાવે છે. ઉપલા દોષોવાળાં આંદોલનો ચિદાકાશમાં મળી, પોતાનાં સ્વજાતીય દોષવાળાં આંદોલનોને આકર્ષીને તે વિચારનાં આંદોલનોનું ફળ સમષ્ટિમાં ઉત્પન્ન કરાવે છે. આમ, પોતે જગતમાં શાંતિને બદલે અશાંતિ જન્માવવામાં મદદ કરે છે.

## યોગ્યપણે વર્તવાનાં લક્ષણ

આપણને કોઈ મોટું ગણે, સારા ગણી સન્માન અને આદર આપે, ઉત્તમ કદર કરે, ઉત્તમ મોટા આસને બેસાડે તો આપણે એ અધિકારને પાત્ર નથી એમ સમજવું, પરંતુ સર્વના કૃપાપાત્ર છીએ એમ જાણવું અને

બધાંએ કૃપા કરીને એવો અધિકાર પ્રેમથી આપ્યો છે, એમ જાણી ગુનેગારની માફક ઘણો ઘણો સંકોચ સેવવો અને ઈશ્વરનો આભાર માની સર્વની કૃપા યાચ્યા કરવી. સામાના ઉપકારનો બદલો વાળી ન શકાય એવું જ્યાં હોય ત્યાં ઘણી ઘણી હૃદયની આદરભક્તિ બુદ્ધિથી પ્રગટાવી પ્રગટાવીને જીવતી રાખ્યા કરવી. જો એમ નહિ કરીએ તો કૃતઘ્નતાનું મહાપાપ આપણને લાગવાનું છે, તે નક્કી જાણશો. આપણે બધાંએ ઉપલી હકીકત ઘણી ઘણી જાગૃતિથી લક્ષમાં રાખવાની છે, કારણ કે આપણે તો ચેતનને અનુભવવા તૈયાર થયેલાં છીએ. માટે, કૃપા કરીને તે બાબતમાં ચેતતા થજો. પરમ તત્ત્વને મેળવવાના ઉપાયોના જાણકાર કરતાં, એની પ્રાપ્તિના માર્ગનાં વિઘ્નોને યથાર્થ રીતે જાણનાર અને હામ ભીડીને એને પ્રભુકૃપાથી હઠાવનાર એને ઉત્તમ ગણેલા છે. મનને ઉત્તમ ભાવનાવાળું સતત રાખ્યા કરવાનું છે. તે ઉચ્ચ ભાવનાવાળું એમ ને એમ તો રહી શકવાનું નથી. એને કાજે કોઈ સાધન જોઈશે. એ સાધનનો એકધારો જ્ઞાનભક્તિપૂર્વકનો અભ્યાસ પ્રગટ્યા વિના તેવી ઉચ્ચ ભાવના કેવી રીતે પ્રગટી શકવાની છે ? માટે, તે પ્રકારનો અભ્યાસ ઘણો ઘણો જરૂરી છે. અભ્યાસમાં હેતુનું જ્ઞાન પ્રગટ્યા કરે તે પણ જરૂરનું છે. આપણને સ્વાર્થની જ્યારે ખૂબ તાલાવેલી પ્રગટેલી હોય છે ત્યારે આપણે જેમ સર્વનું સારુંખોટું સહન કરી લઈએ છીએ, તેમ પરમાર્થના વિષયમાં પણ પ્રતિકૂળતાઓ જે જે પ્રગટે તેને પ્રેમપૂર્વક સ્વીકારીને, તપશ્ચર્યાભાવે સહી લઈને, કોઈના પણ ગુણદોષ ન જોતાં સર્વને અનુકૂળતા કરી આપવી, તે પ્રભુની પ્રાપ્તિ થવામાં સાધનરૂપ છે.

## દોષનિવારણ

જે કોઈને પોતાના સ્વભાવનું કે પ્રકૃતિના દોષનું ભાન થયું હોય અને તેમાં ઘણા ઘણા જ્ઞાનપૂર્વક અત્યંત પુરુષાર્થ કર્યા કરવા છતાં જો તે ન હઠે તો એણે એવા દોષોનું સંપૂર્ણ નિવારણ થઈ જાય તે કાજે પ્રભુના પ્રેમભક્તિપૂર્વકના સ્મરણમાં સંપૂર્ણ એકાગ્રતા પ્રગટાવવાને સતત મથ્યા

કરવું જોઈએ. એના મનન, ચિંતવન અને ધ્યાનમાં બધો સમય ગાળવાને સદાયે ખડેપગે ઉદ્યત થવુ જોઈએ. સંબંધી, સ્વજનના વિચાર તથા વર્તનને ન જોતાં, તેમના કલ્યાણ તરફ જ આપણે તો ધ્યાન રાખવાનું છે, તે જાણશો. જ્યારે તેઓને સમજાશે કે આપણે તો તેમના કલ્યાણમાં જ તત્પર રહીએ છીએ ત્યારે તેઓ આપણા પરત્વે પોતાનું પ્રતિકૂળ વર્તન છોડી દઈને આપણને અનુસરવાનાં હશે તો અનુસરશે.

### પ્રસન્નતા

જેનું હૃદય સદાય અવિરત પ્રસન્ન છે, એવા ઉપર શુભ સંસ્કાર પડવાથી પ્રાપ્ત થનાર પ્રત્યેક પ્રસંગમાં આનંદને અનુભવવાની મનને સતત ટેવ પડે છે. પછી એને કોઈ વસ્તુ, પ્રસંગ, બનાવ અરુચિકર જણાતા નથી. જેમાં ને તેમાં આનંદ, રસજ્ઞતા અને માધુર્યને અનુભવવાનો જ્ઞાનભક્તિપૂર્વકનો અભ્યાસ પાડવાથી મનને શાંતિ મળે છે. પ્રસન્નતા પ્રગટે છે તથા એની તેજસ્વિતા અને શક્તિ ઑર વધે છે.

---

હરિઃૐ કુંભકોણમ્, તા.૨૪-૨-૧૯૪૩

## અનુભવોનો ઉપયોગ

સાધકના જીવનમાં જ્યારે શ્રદ્ધા, વિશ્વાસ અને પ્રેમભક્તિ વધતાં જાય છે ત્યારે જેના વિશે પૂર્વે કંઈ વિચાર ન ઊઠ્યા હોય તેમ છતાં અમુક કામ બની જાય તો તેની વાસ્તવિકતા અને એના દોરી સંચારપણાનો ખ્યાલ સાધકને પ્રગટી જવો જોઈએ અને સમજવો જોઈએ, તો જ તે તેના બીજા અનુભવોનો યોગ્ય ઉપયોગ-લાભ થઈ શકે.

## પૂરું ઝંપલાવવાથી સિદ્ધિ મળે

કોઈ વેપારી વેપાર કર્યા કરે છતાં તે પૂર જોસથી અને ભાવનાથી સાધના પણ કર્યા કરે, એવી શક્યતા જરૂર છે, પરંતુ એવાં જિગર જગતમાં ક્યાં મળે છે ? વહેવાર વેળા વહેવાર અને સાધના વેળા

સાધના, એમ બે જુદાં જુદાં ખાનાં પાડી નાખ્યે નહિ ચાલી શકે. સાધનાનો ભાવ જો પ્રેમભક્તિપૂર્વકનો, સાફ દિલવાળો પૂરેપૂરો હોય તો તેવી ભાવનાનો જ્ઞાનપૂર્વકનો ઉપયોગ સર્વ ક્ષેત્રમાં કર્યા કરવાનું રાખે તો સાધકના સ્વભાવનું રૂપાંતર થયા કરવાનું બને, બાકી નહિ. જેમ પહેલાં આપણને વેપારની કશી ગતાગમ ન હતી અને તેમાં કશી સૂઝ કે હૈયાઉકલત ન હતી, અને તેમાં યાહોમ કરીને ઝંપલાવીને સર્વ રીતે અને સર્વ ભાવે જો પડ્યા તો તેમાંથી વેપારની બધી રીતરસમો, એની સમજણ અને એની ચાવીઓ તથા કળા આપણને સાંપડી છે, તેવું જ આ સાધનાના માર્ગમાં છે, તે જાણશો. 'આપણે પોતે જે એક ક્ષેત્રમાં કરી શક્યાં તે સાધનાનાં ક્ષેત્રમાં પણ કરી શકવાનાં છીએ, એવો દઢ આત્મવિશ્વાસ સાધકે પ્રગટાવતા જવાનું છે. પોતે જે આત્મવિશ્વાસથી બીજા ક્ષેત્રમાં કામ કર્યું છે, તે જ બળ આમાં સમજી સમજીને વધારે પ્રમાણમાં પ્રગટાવ્યા કરવાનું છે. ત્યાં જો ફતેહમંદ થઈ શક્યા તો આમાં પણ કેમ નહિ થઈ શકીએ, એમ તેણે વિચાર કરવાનો છે.

## અનુભવો

(અનુષ્ટુપ)

મરેલું હો પૂરેપૂરું માંહેથી તૂમડું યદિ,
પોતાને તારવા શક્તિ પામે છે તે હ્દે નકી.
પારો જ્યારે મરેલો હો, શક્તિ રોગ સુધારવા
- આપમેળે મળે એને, એવું આપણું જાણવું.

મહાત્મા ધન્ય કે જેણે મૃત્યુને ઘોળી પી લીધું,
એવી કૃપાની શી શક્તિ આજે તે જાણવા મળ્યું.
મૃત્યુને ભેટવામાંયે જેને પ્રેમ રહ્યા કરે,
મૃત્યુ ને જીવવું - બેથી એવો નિત્ય વસે પરે.

ઉપરનું લખાણ એક કાગળિયામાં લખીને રાખી મૂક્યું હતું. હસમુખભાઈ એ વાંચવા જતા હતા ત્યારે મેં ખેંચી લીધું. મહાત્મા ગાંધીજી અંગે રેડિયોમાં બ્રૉડકાસ્ટ થઈ ગયા પછી તે કાગળિયું વાંચવા આપીશ એમ કહ્યું હતું. એકવાર તો જાણે જતું જતું ચેતન અમોને તક આપવાને એણે રહેવા દીધું. એ પ્રસંગના સ્મરણના અનુભવ ઉપર ઉપલું લખાણ લખ્યું હતું. ચંદ્રને કંઈક અવતરવાનું, તે અંગે તા.૧૫-૨-૧૯૪૩ના રોજ બહેનને પણ લખેલું અને તેમાંના એકાદ વાક્ય નીચે તેવી અંડર લાઇન પણ કરેલી. તેવી રીતે કવિવર ટાગોરના શરીરના મૃત્યુ વિશે પહેલેથી જાણવાનું બની શકેલું. હું અને હેમંતભાઈ ખારમાં બજારમાં ફરવા નીકળેલા, તે વખતે કંઈ પણ છાપાંના સમાચાર જાણ્યા કર્યા વિના તેમને તે હકીકત કહેવાપણું બનેલું. આવા કેટલાક પ્રસંગો બનેલા છે. આ બધું લખવામાં આ જીવનું મહત્ત્વ બધાંમાં પ્રગટાવવાનો હેતુ નથી, પરંતુ સાધનામાર્ગમાં આગળ જતાં જતાં આવી શક્યતાઓ પણ છે, તે સમજાવવાને કારણે ઉપરની હકીકતો કહેવી પડેલી છે, તો તે અંગે મને માફ કરશોજી.

## વહાલ

લોહી પડવા છતાં ગુદામાં બળતરા બળતી નથી, એ જણાવ્યું તે ઠીક થયું છે. માટે, કૃપા કરીને હરસ કે એવું કંઈ દઢપણે માની લેવાનું રાખશો નહિ. લોહી પડવા વિશે આગળના કાગળમાં લખી ગયો છું. (પૃષ્ઠ ૩૩૭ ઉપર) કોઈને, કોઈક અમુક પ્રકારનું વહાલનું સંબોધન કરે છે, તેથી કંઈ તે હૃદયમાં, તેવા માત્ર લખવાથી વહાલું થઈ શકવાનું નથી. હૃદયમાં, વહાલા થવાપણું રાખવા વિનંતી છે. બહારનાં એવાં શુષ્ક લખાણથી ઠીક લાગતું નથી. જે ભાવ હોય તે હૃદયમાં ઊંડો ઉતારીને, કેળવીને વહેવારવર્તનમાં પ્રત્યક્ષ ઉતારી શકીએ તો તે ખપનો છે. બહારના ડોળમાં કશું મહત્ત્વ આપ્યા કરવાનું નથી. જે તે કંઈ બધું

હૃદયના ભાવથી બન્યા કરે તે જરૂરનું છે. બહારનાં સાધન હૃદયનો ભાવ કેળવવા માટે ભલે જરૂરનાં હોય, પરંતુ અમુક વર્ષના તેના અભ્યાસ પછી જો તેવો ભાવ પ્રત્યક્ષ વર્તનમાં પ્રગટી શકતો ન હોય તો તેવાં બહારનાં સાધન કશાં ઉપયોગમાં નથી, તે જાણશો. આપણે એક તરફથી કાગળમાં 'વહાલો' એવું લખીએ અને બીજી તરફથી હૃદયમાં તેના પરત્વે ઉકળાટ અને અન્યથાભાવ પ્રગટતો હોય તો એવું સ્વજનનું વર્તન મને તો ઘણું ઘણું ખૂંચે છે. એવી ઉપરછલ્લી પ્રથાને ત્યાગવી ઘટે. એના કરતાં કોઈ મારો છડેચોક વિરોધ કરે, ગાળ દે, તે વિશેષ સારું છે. વહાલનો પ્રકાર સહુ કોઈ પોત પોતાની રીતે એકબીજા પરત્વેનાં કર્મમાં જો બતાવ્યા કરશે અને તેમાં હૃદયની સાચી ભાવનાનો ઉત્તમ પડઘો પડ્યા કરશે તો તે વહાલ ક્રિયાત્મક યોગ્યપણે દર્શાવાયેલું લેખાશે. મહત્ત્વ હૃદયના સાચા ભાવને દેવાનું છે. હૃદયનો એવો પ્રેમભાવ પ્રગટે છે ત્યારે તેવા પ્રેમભાવની એકાગ્રતામાં કશો ઉકળાટ કે અણગમો પ્રગટેલા હોતા નથી, તે જાણશો. હૃદયની સરળતા, પ્રામાણિકતા, વફાદારી, ઉલ્લાસ, ઉત્સાહ, ખંત, ભાવના મળેલાં સ્વજન પરત્વે વહ્યા કરે, બીજાને જ વધારેમાં વધારે મહત્ત્વ આપ્યા કરાય, પોતે તો નીચામાં નીચાં રહ્યા કરીએ, બીજાનું કંઈક કરેલું હોય તેની હૃદય સંપૂર્ણપણે કદર કર્યા કરે અને તેમ અનુભવે, પોતાપણાનો ખ્યાલ કંઈ કશામાં ન રહેવા દે, એવું એવું જ્ઞાનપૂર્વક વર્તાયા જવાય અને તે સાથે સાથે જીવન-વિકાસની સાધનાની ભાવના આપણાં કર્મ અને વહેવારવર્તનમાં પ્રગટ્યા કરતી હોય તો ઉત્તમ.

## ખુલ્લા થવાપણું

આ જીવનાં તમને પૂજ્ય માતાજીમાં અને પૂજ્ય રમણ મહર્ષિમાં દર્શન થયાં તેથી શું વળે ? તમને તેથી જો મારા કહેવા-કરવામાં અને તે પ્રમાણે જીવન ગાળવામાં જીવતોજાગતો ઉત્સાહ, નદીના પ્રવાહના જેવો ન

રહ્યા કરતો હોય તો તે બધું, એટલે કે તેવાં દર્શન થવાં મારે મન તો મિથ્યા જેવાં છે. માટે, સર્વ પ્રકારના સંકોચ કાઢી નાખીને સર્વ પ્રકારથી ખુલ્લા થવાપણું જેટલું બનશે, તો તેટલા પ્રમાણમાં કોઈના વિશે કંઈ કશું સંઘરવાનું નહિ બની શકે. ખુલ્લા થવાપણું બધી રીતે તમારે છે, તે જાણશો.

## તટસ્થતાયુક્ત તાદાત્મ્યભાવ

ગાંધીજીને પેશાબમાં ઝેરી જંતુઓ ઘણાં જણાતાં હતાં. તે અંગે 'આજે હવે નહિ હોય' તેવું તા.૨૪-૨-૧૯૪૩ને રોજ તે અંગેનું બ્રૉડકાસ્ટમાં જાહેર થયું તે પહેલાં, પેશાબ લઈને વહેલી સવારમાં હસમુખભાઈને તાત્કાલિક તપાસ કરાવી લાવવાને સુધરાઈના દવાખાનામાં મોકલ્યા હતા. આ હકીકત તમને પ્રેમભાવે જણાવી છે. ગાંધીજી સાથેનો હૃદયની સરળતાભર્યો ભાવ, અત્યંત સ્નિગ્ધ માર્દવતાયુક્ત આદરભાવ, ૧૯ વર્ષ તે ક્ષેત્રમાં કામ કરેલું હોવાથી તેવો હૃદયનો પ્રેમભાવ રહેલો હોય તે તે બધું એટલે કે તેવા તેવા ભાવ તેમની સાથે તટસ્થતાયુક્ત તાદાત્મ્ય પ્રગટતાં તેમનું આપણામાં તેવું તેવું પ્રગટાવે છે. જે સંસ્મરણની પાછળ રાગ-આસક્તિ રહેલાં હોય, તેવાં સંસ્મરણ ભૂલેચૂકે પણ જો ઊગે, તો તેમાં જરાકે રસ ન લેવાઈ જાય તે પરત્વે સંપૂર્ણ પૂરેપૂરી જાગૃતિ રાખવી ઘટે છે. જે કંઈ કશામાં આપણાથી રાગ, આસક્તિ, મોહ, મમતા કે એવી દ્વંદ્વની વૃત્તિમાં પડાય, તેવું કશું આપણાથી થવા દેવાય જ નહિ. તેવું થાય તે જીવનનું મરણ કહેવાય. સાધકે એવા એના જીવનના થતા મૃત્યુમાંથી વારંવાર ઊગરી જવાની જ્ઞાનપૂર્વક આદત કેળવવી રહે છે. કર્મ સાથે સાથે જો જીવનવિકાસની ભાવનાના હેતુનું જ્ઞાન અને તેનું બળ જીવતુંજાગતું રાખી શકાય તો તેવું કર્મ જીવનમાં પ્રેરણાત્મક શક્તિ અર્પ્યા કરે છે.

હરિઃૐ ટ્રિચિ, તા.૨૭-૨-૧૯૪૩

## ગાંધીજીની ધા

(શિખરિણી-મંદાક્રાંતા)

હ્દે દૈવી ગુણો, પદકમળની દિવ્ય તે ચેતનાને
ગ્રહાવાને કાજે જરૂરી સઘળા, ઉદ્ભવ્યા સૌ કરો તે,
થવાયું ના તેવું, જહીં સુધી હ્દે, પાત્રતા યોગ્ય તેની
- ઠરી તે ના રહેશે, નિજ શરત તે સૌ ફળંતાં ઠરે છે.

તેથી, સાધનાનું નિષ્ઠાના પ્રકારનું અંતર્મુખીપણું પ્રગટતાં તેવા તેવા ગુણો અને તેની તેવી તેવી સમજણો અને તેવી તેવી ભૂમિકાઓ સાધકના જીવનમાં પ્રગટતી રહેવાની. નામસ્મરણની ભૂમિકા ત્યાં વધારેમાં વધારે જ્ઞાનભક્તિપૂર્વક દૃઢ થાય તેમ વર્તવાનું કરશોજી. ગાંધીજી અત્યારે નામસ્મરણની ભાવનાના એકાગ્રપણાથી પ્રગટતી ધૂનના પ્રતાપના આધારે જીવન જીવી રહ્યા છે. એમની તેવી ધૂન અત્યારે 'હે રામ' છે. 'હે રામ'ના ધ્વનિમાં એમનું અંતર ધા નાખી રહેલું છે. એમાં એમના હ્દયનો દુઃખભર્યો આર્તભાવ છે. એમાં પીડિત હ્દયનો પ્રભુહ્દયને પોકાર છે. હ્દયની તીવ્ર અકળામણનો સૂર છે. હ્દયના તંતુએ તંતુમાં એમાંથી જે અસુખ ઊપજી રહેલું છે, એની તે ગંભીર વ્યક્ત ગર્જના છે. જેના સ્મરણની પાછળ એમણે કાયાને નિચોવી નાખી છે, તેનાં ચરણમાં આપણે ધા નાખવા જઈએ ત્યારે જીવનના સર્વ કંઈ વિચાર છોડીને જ જવાનું હોય છે. અસલના કાળમાં ચારણ લોક રાજા-મહારાજાને ત્યાં ધા નાખવા જતા. છતાં જ્યારે એમના ઉકેલ માટે કોઈ રસ્તો ન નીકળતો હોય, ચારેબાજુથી હાથ હેઠા પડ્યા હોય ત્યારે તે પોતાનું જીવન હ્દયની ધા નાખીને ત્યાં ન્યોછાવર કરી દેતા. એવી ધા ગાંધીજીએ ભગવાનનાં ચરણકમળમાં નાખેલી છે. 'હે રામ ! હે રામ !' એ એમનો અંતરધ્વનિ છે. એમની મીટ સતત એના ઉપર જ મંડાતી રહે છે.

## નામસ્મરણ

આવો નામસ્મરણનો મહિમા જાણનાર આવા કઠણ કાળમાં પણ તે જીવતાજાગતા હયાત છે. નામસ્મરણનો મહિમા હું શું કહી શકું ?

અનેક સંતભક્તોએ ગાયો, ગાયો તુલસીદાસે,
રાંક તે હું શું વર્ણી જાણું ? ગાવું શી રીત હું તે.

માટે, તમે બધાં ઊઠતાં, હરતાંફરતાં, સર્વ કંઈ કરતાં કરતાં પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક નામસ્મરણ કર્યા કરશો તો ખપનાં છો. બાકી તો ઉકરડે નાખવા જેવાં.

---

હરિઃૐ  તાંજોર, તા.૨૮-૨-૧૯૪૩

હૃદયની એકાગ્ર, એકાત્મભાવનાવાળી પળોમાં શ્રીપ્રભુકૃપાથી અમુક અમુક સ્વજનના સ્મરણને અંતરસ્થ ચેતનામાં સંકળાવી રાખવાને ભાવ રખાયા કરાતો હોય છે. એથી કરીને જે કંઈ થવાવું ઘટતું હોય તે ભલે બનો. કિંતુ તેવા ભાવને સ્વીકારાત્મક સાનુકૂળ ભૂમિકા હજુ સ્વજનમાં પ્રગટેલી અનુભવી શકતો નથી, તે મારે મન મોટું દુઃખ છે.

## ભાવનું મહત્ત્વ

કંઈ પણ કશાથી જરા પણ ઊંચાનીચા થવાપણું પ્રગટ્યું તો સમજવું કે તાટસ્થ્ય પાકેલું નથી. જે કંઈ આવે એને પ્રેમથી, આનંદથી સ્વીકારી લેવાની હૃદયની ભાવના પ્રગટતી જતી સર્વ પરિસ્થિતિમાં જીવતીજાગતી પ્રભુકૃપાથી રહેવાવી ઘટે. જો આપણે ભગવાનની ભાવનાને હૃદયમાં હૃદયથી માન્યા કરતાં હોઈએ, જો એને હૃદયમાં ઉતારીને આપણા કર્મવહેવારવર્તનમાં એની ચેતનાનું જ્ઞાન- ભક્તિપૂર્વકનું પરિશીલન કર્યા કરતાં હોઈએ તો તેવા પ્રકારની ભૂમિકાની છાયા હૃદયમાં પ્રગટેલી હોવી ઘટે. અને તેમ હોય તો તે પ્રમાણે તેવું તેવું સ્વીકારાઈ શકે. આમ, જેમાં

ને તેમાં ભાવનાનું મહત્ત્વ વિશેષપણે છે. સ્થૂળનું નથી. તે કારણથી આ જીવના સ્થૂળ શરીરની ચિંતા કે સંગ કરવાની વૃત્તિ આપણામાં હોવી તે પણ ઠીક નથી. જો સાધકને તે પરત્વે તીવ્ર હૃદયની ઉત્કંઠા હોય તો તેવી ઉત્કંઠા તેના પરત્વેની ભાવનાને માટે હોઈ શકે. જ્ઞાનભક્તિપૂર્વકનું, તટસ્થતા-પૂર્વકનું તાદાત્મ્યનું અનુસંધાન હૃદયમાં હૃદયથી પ્રગટતું અનુભવી શકાતું હોય અને એવી ભાવનાનો જીવનના વિકાસમાં જ્ઞાનપૂર્વક ઉપયોગ થતો જતો હોય તો તો તે પણ ખપનું છે. પરસ્પરની ભાવનાનું જ્ઞાનપૂર્વકનું તાદાત્મ્ય પ્રગટે તો તો સૂક્ષ્મમાં પણ ઊંડું ઊતરી શકાય.

### ઋણ

જગતમાં પ્રભુકૃપાથી આ જીવને રહેવાનું છે. તેની મર્યાદાઓ છે. આ જીવને માથે કંઈક કંઈક દેવાં અને ઋણ પણ છે અને પ્રભુકૃપાથી પ્રેમથી તેને અદા કરવાનાં પણ છે. પ્રભુકૃપાથી થયેલો સંકલ્પ પણ ઉધાર રાખી શકાતો નથી, એવો તમને બધાંને અનુભવ છે. કોઈનું પણ ઋણ પ્રભુકૃપાથી રાખેલું નથી. જેનું જેનું ઋણ હતું, તેમનું તેમનું ભગવાનની કૃપાથી કામ કરી કરીને તે ઋણ ફેડવાયેલું છે. કશું જ કંઈ પ્રકારનું બાકી ન રહે એમ વર્તવાનું એ વહાલાની કૃપાથી બન્યે જાય છે. આમ હોવાથી કોઈ પણ એક સ્થળે રહેવાનું બની શકતું નથી.

## નામસ્મરણ અને મનાદિનું પૃથક્કરણ

ટ્રિચિ, તા.૩-૩-૧૯૪૩. જ્યારે મનનું હળવાપણું ન લાગે ત્યારે વધારે ખુલ્લાપણે હરિઃૐના નામસ્મરણની ઉત્સાહથી અને પ્રેમથી ધૂન ચલાવવી જોઈએ. મનનો આવેગ અને આવેશ કંઈ કશા વિક્ષેપને કારણે આડફંટાયો હશે, તેની આપણને સમજ નહિ પડી હોય. એવું બને ત્યારે નામસ્મરણ કરતાં કરતાં તટસ્થતાપૂર્વક આપણું પૂરેપૂરું પૃથક્કરણ કરવું ઘટે અને મૂળ કારણને પકડી પાડવું જોઈએ. સાધકને માટે આ બધું ઘણું

જરૂરનું છે. કંઈ કશું એમ ને એમ સરકી જવા દેવાપણું ન બનવું જોઈએ. ખરી રીતે જોતાં તો સહજપણે તેવું થતાં સાધકને સમજાઈ જવું ઘટે. તેવું સમજવાનો પ્રયત્ન ન કરવો પડે તો તે ઠીક ગણાય. તેવી સ્થિતિ સહજ થઈ જવી ઘટે, પરંતુ તેવી સ્થિતિ પ્રયત્ન કરતાં કરતાં જ પ્રગટવાની છે, તે નિશ્ચે જાણજો. જ્યારે આપણે સમતા-તટસ્થતાપૂર્વક પૃથક્કરણ કરતાં હોઈએ, તે વેળાએ હૃદયનું મહત્ત્વ તો નામસ્મરણમાં પ્રગટ્યા કરે અને પૃથક્કરણ કરવામાંથી આડે ફંટાયાનું મૂળ કારણ સમજી જવાય અને તેનું નિરાકરણ થાય એવી રીતનું ધોરણ જીવનમાં પ્રગટવું ઘટે.

## શ્રદ્ધા

સાધકની લક્ષવૃત્તિ દ્વિધાપણે કામ કરતી રહે તે જીવનવિકાસને માટે ખતરનાક છે. અથાગ અને અતાગ શ્રમ, તપ, પ્રેમપૂર્વક વેઠ્યા વિના પરમ ભાવને પામવાના અનુભવની ઈચ્છાને સેવ્યા કરવી, તે શ્રદ્ધાનું સાચું સ્વરૂપ નથી. એને હું તો જડ શ્રદ્ધા પણ ન કહું. એ તો માત્ર શેખચલ્લીના વિચાર ગણાય. જેની શ્રદ્ધામાં પ્રાણ પ્રગટેલા નથી એવાની શ્રદ્ધા જીવનવિકાસનાં કર્મમાં ખપમાં લાગતી નથી. હૃદયપૂર્વકની ભાવનાથી થતા જતા પુરુષાર્થમાં કાળે કરીને સમજણ અને અનુભવ પ્રગટવા માંડે છે. એવા પ્રકારની સમજણ અનુભવની પરંપરામાંથી પ્રગટતી શ્રદ્ધાના બળથી તેના જીવનધ્યેયમાં તેને એક પ્રકારનું આત્મબળ પ્રગટે છે, અને એવા આત્મબળના આધાર વડે અનુભવની શ્રેષ્ઠતામાં પ્રવેશીને, શ્રદ્ધાને ભાવમાં પરિણીત કરાવીને, તેવા ભાવથી હૃદયમાં તત્ત્વને પણ પ્રીછી શકે છે. શ્રદ્ધા એ તો આત્માની આંખ છે અને તે હકીકત છે. જેમ વહેવારની બધી ચીજો ઇંદ્રિયથી પરખાય છે, એમનું આકલન પણ થાય છે, તેવી રીતે જે ભગવાનનો ભાવ છે અને જે અનિર્વચનીય છે, તેને પામવા કે પારખવા માટે જે

શક્તિ આપણને ખપ લાગે, તેનું નામ શ્રદ્ધા. કોઈના ઉપરની શ્રદ્ધા એટલે તેના સર્વ પ્રમાણમાં વિચારરહિત મૂઢપણે જે થયા કરે, યાંત્રિકની જેમ જે થયા કરે, તે શ્રદ્ધા નથી, પરંતુ તે તો જડતાભર્યું અજ્ઞાન છે. એને શ્રદ્ધા ન કહી શકાય. એમાંથી નવા પ્રાણ ન સ્ફુરી શકે, નવું બળ ન પ્રગટી શકે. આમ, શ્રદ્ધા એટલે તો અંતર્દષ્ટિ. શ્રદ્ધા તો જીવનનો ઉલ્લાસ છે. શ્રદ્ધા વડે કરીને તો જીવનના ધ્યેયમાં ટકી શકાય છે. શ્રદ્ધા તો સત્ત્વગુણની શક્તિ છે. શ્રદ્ધામાંથી સત્ત્વગુણ પ્રગટે છે અને સત્ત્વગુણમાંથી શ્રદ્ધાનો નવો પલટો જન્મે છે. તમસ, રજસ અને સત્ત્વગુણ, - આ ત્રણેમાંના દરેક ગુણથી શ્રદ્ધાનો પ્રકાર કોઈ નોખો નોખો છે.

## યજ્ઞાર્થે જીવન

આજે ભગવાનની શક્તિનો વિજય છે. આજે દશેરા છે. જગતના માનવીઓના હૃદયની આંખને ગાંધીજીએ દૈવી શક્તિ તરફ કેટલી બધી ખુલ્લી કરી મૂકી છે ! જીવનનો ત્યાગ કરી કરીને, મહાન ભોગ આપી આપીને, જ્ઞાનભક્તિપૂર્વક આત્મસમર્પણ કર્યા કરીને, શ્રીભગવાનને ચરણકમળે શરણ રહ્યા કરીને, જગતના માનવીનું હિત ચાહી ચાહીને, પોતાના જીવનને જેણે ફના કરી નાખ્યું છે, તે મહાત્માએ પોતાના ઉપવાસને કારણે જગતનું ચિત્ત પોતાના તરફ ખેંચેલું છે. ૭૪ વર્ષની પાકટ ઉંમરે ૨૧ દિવસ મુદ્દલે ખોરાક લીધા વિના તે જીવી શક્યા, તે ઉપરથી એમના જીવનને પ્રેરણાશક્તિ આપનાર કોઈ સ્થૂળ કારણોને બદલે બીજી કોઈ પરમ ગૂઢ શક્તિ છે, એવી પ્રતીતિ જગતના માનવીને થયા વિના નહિ રહી હોય. જે ઉચ્ચ આત્માઓ છે તે અત્યંત ગતિમાન હોવાથી સ્થિર જેવા છે. એટલે તેમનો લાભ લઈ શકે તેવી સ્થિતિમાં જગતના માનવી સાધારણ રીતે નથી હોતા. આવા ઉચ્ચ આત્માઓ દુનિયાના માનવીના ઉપલા થરને કેટકેટલું ગતિમાન કરીને ઊંચે લાવવા પોતાના જીવનનો યજ્ઞાર્થે ભોગ આપ્યા કરે છે ! માનવી

જીવનની નજરે જોઈ શકાય, જાણી શકાય અને સ્થૂળ રીતે સમજણમાં પણ પ્રગટી શકે એવો પ્રત્યક્ષ પદાર્થપાઠ આપીને તામસમાં પડી રહેલા માનવીને પણ હચમચાવવાનો અને જગાડવાનો પ્રયત્ન આ રીતે ગાંધીજી કરે છે. પ્રત્યેક ગુણની ભૂમિકાવાળા જીવને પ્રેરાવવા પોતાના જીવનની આહુતિ આપી આપીને સ્વયંપણે સહજસ્ફૂર્તિથી આવા સંતમહાત્માઓ તેવું જીવન પ્રભુપ્રીત્યર્થે જીવ્યા કરે છે. આવા પ્રકારના આધ્યાત્મિક જીવન પરત્વે પ્રત્યેક માનવીની દૃષ્ટિ, વૃત્તિ ભિન્ન ભિન્ન પ્રવર્તેલી રહ્યા કરવાની, કારણ કે તેમાં ભૂમિકાભેદ રહેલો છે. એમના સંપર્ક અને સંબંધમાં આવેલા જીવાત્માઓ જે પ્રકારના હેતુથી તેમની સાથે સંકળાયેલા હોય છે, અને જે રીતે તેમની સાથે જીવવામાં તેમનો હૃદયનો સહકાર પ્રગટેલો છે, તેવા પ્રકારની તેમના જીવનમાં શ્રેષ્ઠતા પ્રગટેલી અનુભવાય છે. બાકી, બાકીના બીજા બધા તો અનેક વર્ષ સાથે રહેતા હોવા છતાં તેવા ને તેવા રહે છે. એવા ઉચ્ચ આત્માની એકેએક પ્રવૃત્તિ જીવનમાં એકાદ આશાનું કિરણ પ્રગટાવવાને માટે શું બસ નથી ? પોતાનું સારુંયે જીવન ક્ષણેક્ષણ જે પારમાર્થિક ભાવે જીવે છે, તેને માનવી બિચારો શું સમજી શકવાનો છે ! જે નર્યા સ્વાર્થમાં અને અજ્ઞાનમાં રચ્યોપચ્યો રહેલો છે, પોતાની ગતિથી એક તસુ પણ ઊંચે આવવાની  જેને કશી પડી નથી, તેવા જીવ પણ આજે તો તેને તોલવાને કંઈક કંઈક બોલે છે ! જગતની મૂર્ખતાનો પાર નથી. જીવનને આમૂલાગ્ર પરિવર્તન કરાવવાને અનેક રીતે તેના સંપર્કમાં આવેલા જીવાત્માને આવાઓ ઢંઢોળે છે, પરંતુ તે તો એમનો એમ ટૂંટિયું વાળીને પડ્યો રહે છે. ત્યાં એનું બીજું થાય પણ શું ? સમાજને ઊંચે પ્રગટાવવાના હેતુથી અવતાર જેવા મહાત્માઓ અવતર્યા, સંતમહાત્માઓની પરંપરાઓ પ્રગટી, તેમ છતાં સમાજ તો બિચારો તેનો તે છે. એટલે સારોયે સમાજ ઉન્નતિનાં સર્વોત્કૃષ્ટ શિખરે પહોંચી જાય તેવું બનવું શક્ય લાગતું નથી. વ્યક્તિ ચડી શકવાની છે અને

ચઢશે. સમાજ પણ વ્યક્તિ તરફ મીટ માંડતો હોય છે, વ્યક્તિથી દોરવાતો હોય છે અને વ્યક્તિથી પોતાની પ્રાણશક્તિ બઢતી તે અનુભવે છે. વ્યક્તિથી સમાજ બનેલો છે. આમ, વ્યક્તિ જેટલું ઊંચે ચડવામાં મથશે અને વિશેષ ને વિશેષ વ્યક્તિઓ ઉચ્ચ જીવન પ્રગટાવવામાં રસ લઈને તે પરત્વે નિષ્ઠા જેટલી પ્રગટાવશે, તેટલા પ્રમાણમાં સમાજનો પણ ઉદ્ધાર થવાનો છે, તે નક્કી જાણજો.

## ઉચ્ચ આત્માઓનું ઋણ

ઉચ્ચ આત્માની દિવ્ય, રમ્ય, ઉચ્ચ ભાવના અને પ્રેરણાત્મક જીવનની ઝલક મોટા મોટા ગણાતા કે જણાતાઓમાં ન જોવાઈ હોય તો તેથી આપણે નિરાશ થવાનું કશું કારણ ન હોય. ઊલટું તે તો આપણા જીવનનો પલટો પ્રગટાવવાને માટે મોટામાં મોટું કારણ નીપજવું ઘટે. પ્રભુકૃપાથી સમાજને ઊંચે પ્રગટાવવામાં એવા ઉચ્ચ આત્માઓનું ઋણ અનંત પ્રકારનું છે. પ્રેમભક્તિભાવે તે ઋણ હૃદયથી સ્વીકારી સ્વીકારીને જીવનશક્તિ પ્રગટાવવામાં આ જીવે તો તેનો લાભ લીધો છે. ભૂતકાળના સંસ્કાર અને સંસ્કૃતિ પરત્વે જેનામાં આદરભક્તિ નથી, પવિત્રતાનો ભાવ જાગ્યો નથી, તેવો જીવ કયા પગથિયા ઉપર ઊભો રહી શકે ? પૂર્વપરંપરાગત પવિત્રતાની પ્રણાલિકાને જે આદરણીય માને છે, એના હૃદયમાં તેવી ભૂમિકા પ્રગટે છે અને તેમાંથી તે શક્તિસંચારને પામે છે. એવો જીવ જીવનનો વિકાસ એટલે શું તે સમજવાને પ્રાણવાળો બની શકે છે અને એવો જીવ પોતાની પેઢીઓગત સંસ્કૃતિના વારસાને પેઢી દર પેઢી જીવંત રાખવાને જીવનને ન્યોછાવર પણ કરતો રહે છે. તે સમાજની સાચી સેવા છે. અંતે તો એવા જીવાત્માનું સમગ્ર જીવન પળેપળ સેવાભક્તિરૂપ બની જતું હોય છે. પોતે સેવા કરે છે, એવો ખ્યાલ પણ એનામાંથી અદૃશ્ય થઈ જતો હોય છે. દરેક સમાજને પોત પોતાની વ્યક્તિગત તથા વિશિષ્ટ પરંપરા અને સંસ્કૃતિ હોય છે, જેને ભલે

આપણે વિશિષ્ટ ગુણશક્તિ પણ કહી શકીએ. તેના ચીલે ચીલે તે ચાલે તો એનો વિકાસ થઈ શકે છે. દરેક સમાજને એવી સ્વતંત્ર સંસ્કૃતિ હોય છે જ.

## ગુણ અને સુમેળ

જેમ સમાજને તેમ વ્યક્તિને અનેક પ્રકારની પ્રકૃતિવાળા માનવી સાથે આપણે કામ પડેલું છે. કોઈ જીવની પ્રકૃતિ વક્રતાવાળી હોય, બાલિશતા ભરી હોય તો તેમની પરત્વે કરુણા, ક્ષમા, સહાનુભૂતિ, સહનશીલતા, ધીરજ, સદ્‌ભાવ વગેરે વગેરે ગુણો આપણે કેળવવા રહ્યા. તેવી તેવી પ્રકૃતિવાળા જીવ પરત્વે ઉપલા ગુણો જો આપણે કેળવવાનું રાખીશું તો તેમાં લાભ તો આપણને પોતાને જ થવાનો છે, તે નક્કી જાણશો. ઊંચા પ્રકારના ગુણના વિકાસમાંથી જીવનવિકાસ પ્રગટતો હોય છે. આધ્યાત્મિક જીવનનો તે સાચો પાયો છે. સાધકનું જીવન જેણે ગાળવું છે, એવાએ તો જ્યાં ત્યાં બધે, બધાંની સાથે સુમેળની ભાવના જ્ઞાનપૂર્વક કેળવ્યા કરવાની છે અને બધાં સાથે હૃદયનો પૂરેપૂરો સદ્‌ભાવ રાખ્યા કરવાનો છે. એવું બની શકે તો સર્વ તરફથી એને નિરાંત, શાંતિ, સરળતા અને પ્રસન્નતા મળી રહે છે. બાકી નહિ. આમ, જે સાધક પોતાના જીવનવિકાસના હેતુનો ખ્યાલ રાખીને હૃદયની પ્રામાણિકતાથી, માર્દવતાથી બધાં સાથેનું વર્તન ઉપર પ્રમાણેનું આચર્યા કરશે તો તેવા વર્તનથી તેના જીવનનું પરિવર્તન થતું જરૂર પોતે અનુભવી શકવાનો છે.

## સદ્‌ગુરુનું કર્મ

ગુરુનું કામ કંઈ કશું આપણને પરાણે સ્વીકાર કરાવવાપણાનું નથી, પરંતુ સાધકની ઊંચે ચડવાની જિજ્ઞાસાને જ્યારે ને ત્યારે વધારે ને વધારે ચેતનવંતી બનાવ્યા કરવાનું છે. સાધકને તે અનેક રીતે ગોદાટે છે, અનેક રીતે તેને મથાવે છે. મંથન પ્રગટાવી પ્રગટાવીને સત્ય સુઝાડવાને તેને

આંખ પ્રગટાવવાનું પણ કરે છે. જુદી જુદી રીતોથી તેને ભ્રમમાંથી ઉગારવાને તે ચેતવે છે. અનેક પ્રતીક દ્વારા તે એવી સમજણને તેજસ્વીપણામાં પ્રગટાવવાને પ્રેરે છે. અનેક પ્રકારની ભ્રમણાઓનો જીવ ભોગ બની જતો હોય છે. ભ્રમણા એ તો કેવળ કચાશની નિશાનીરૂપે છે. તેવી ભ્રમણામાંથી તેને આંચકો આપીને તારવવાને તે મથે છે. સાધકની નબળાઈઓ પરત્વે કડકમાં કડક થઈને એનું તેને પૂરેપૂરું ભાન પ્રગટાવે છે, જ્યારે બીજાની નબળાઈઓ પરત્વે પૂરેપૂરા જ્ઞાનપૂર્વક ક્ષમાશીલ રહ્યા કરીને ક્ષમાશીલ રહ્યા કરવાને સાધકને તે સૂચવ્યા કરે છે. બીજાની નબળાઈનું દિલમાં જો ભાન પ્રગટે અને જો પૂરેપૂરી જ્ઞાનયુક્ત તટસ્થતા ન પ્રગટી હોય તો તે વેળા તે જીવ બીજાની નબળાઈઓ પરત્વે નરક ઉપર માખી જેમ બણબણે છે તેમ તે બણબણવાનો. જે સાધક છે તેને આવું કર્યે પાલવવાનું નથી. તે તો તેનું મોટામાં મોટું પતન છે. એ પરત્વે ક્ષમાશીલ સમજપૂર્વક બનવું એમાં તો સાચો જીવનવિકાસ રહેલો છે. સાધકનું તે કર્તવ્ય થઈ પડવું ઘટે. એવા પ્રકારની સમજણ, સાધકને અનેક વાર ચીંધી ચીંધીને, તેમાંથી વારી વારીને જીવનનું ઉચ્ચ પ્રકારનું સદ્વર્તન પ્રગટાવવાને સદ્ગુરુ, સાધકને અનેક વાર તેમ મથાવે છે. આમ, જે જીવ પોતે જીવનવિકાસના હેતુનો ખ્યાલ રાખીને તે ભાવે સકળ કંઈ કરે છે, અને બીજાની સાથેના વર્તનવહેવારમાં પણ જીવનવિકાસ પરત્વેના ગુણોનો વિકાસ કેળવ્યા કરવાનો સભાનપણે ખ્યાલ રાખ્યા કરે છે, તેવો જીવ કદી અજ્ઞાનમાં પડી જઈ શકવાનો નથી. તે પોતાનું પણ કલ્યાણ કરે છે અને બીજાનું પણ કરે છે. સદ્ગુરુ આમ સાધકને જીવનના ઉચ્ચ માર્ગ પરત્વે હડસેલ્યા કરે છે ખરો, પરંતુ તેની સાથે સંકળાયેલો જો કોઈ જીવ તેનું તે રીતનું બતાવેલું જ્ઞાનભક્તિયુક્ત વર્તન આચરણમાં ન મૂકતો હોય તો તે તો તેવો ને તેવો રહેવાનો.

## સદ્ગુરુ અને સાધક

આપણા જીવનમાં ઊંડે ઊંડે જડ ઘાલીને બેઠેલાં સર્વ સંસ્કાર, વિચાર, વૃત્તિ, સમજણ, માન્યતા વગેરે વગેરેનો વારસો ગુરુનો હુકમ થતાં વેંત જ એકદમ બદલાઈ જવાનો છે એમ માનવું એ નરી મૂર્ખામી છે અને નર્યું અજ્ઞાન છે. સદ્‌ગુરુ તો દૃષ્ટિ પ્રેરે. આપણને જુદી જુદી પરિસ્થિતિઓ પરત્વે યોગ્ય વિચાર કરવાને પ્રેરાવે. જીવનવિકાસના હેતુનું લક્ષ્ય રાખવાને સમજાવે. બાકી, બીજું બધું તો આપણે જ કરવાનું રહે છે. પોતાના જીવનને આમૂલાગ્ર પરિવર્તન પમાડવાને જે જીવને કશી ઊથલપાથલ થતી નથી, જે જીવનું તે પરત્વેનું સંપૂર્ણ લક્ષ પ્રગટેલું નથી, જે જીવ એ પરત્વેની કશી કોઈ પ્રકારની હિલચાલ પણ કરતો નથી અને તેવો જીવ ગુરુ ઉપર બધા પ્રકારનો મદાર રાખે છે એમ તે માને છે; તો તેનું માનવું અને બોલવું તદ્દન મિથ્યા છે. તેવો જીવ ગુરુ ઉપર તો શું પણ કોઈના ઉપર મદાર રાખી શકે એવી સ્થિતિનો હોતો નથી. જો જીવનનો વિકાસ કરવો હોય અને તેવી સાચેસાચી દિલની ભાવના પ્રગટી હોય તો તેણે મથ્યા વિના તો છૂટકો નથી. અજ્ઞાન દશામાં સર્વ કોઈ પરિસ્થિતિ જીવને અસ્થિર બનાવ્યા કરવાને મથે છે. તેવા સંજોગોમાં જીવ તો બિચારો આમથી તેમ અફળાયા જ કરે છે, પરંતુ જે સાધક છે, તે પણ જો તેમ થયા કરતો હોય તો તેને ‘સાધક’ કેમ કરીને ગણી શકાય ? તેવું જેનું થયા કરતું હોય તેણે સાધનાનું નામ મૂકી દેવું.

## સાધનામય વર્તન

આપણો મત, અભિપ્રાય, સાચાપણું કોઈને પણ આગ્રહથી ઠસાવવાને મથવું તેમાં પૂરી હિંસા રહેલી છે. આપણી સાથે જે હોય એના જીવનના સંસ્કારને ઉચ્ચપણામાં પ્રગટાવવા પરત્વે આપણું લક્ષ રહે તે યોગ્ય પણ હોય, અને બીજાના વર્તન પરત્વે આપણી દૃષ્ટિ પડે અને તેવું વર્તન જીવનને ઉચ્ચપણામાં પ્રગટાવવા માટેનું યોગ્ય પ્રકારનું ન હોય ત્યારે તેવા જીવને તેના જીવનના રચનાત્મક વલણ પરત્વે એને પ્રેરાવવાની આપણામાં ‘ધગશ’ પ્રગટે, તેના કરતાં વિશેષ ઉત્સાહ અને

ધગશ આપણા પોતામાં યોગ્યપણે જીવવાને માટે પ્રગટેલી હોવી ઘટે છે. આપણી સાથે જે હોય તેને બેળે બેળે કદી પણ ઊંચે લઈ જઈ શકવાનાં નથી, તે નક્કી જાણશો. સાધનાની ભાવનામાં તેવા પ્રકારનું જીવન જીવતાં જીવતાં જેમનો જેમનો સંસર્ગ પ્રભુકૃપાથી થાય તેમની શક્યતાઓને કંઈક ઊંચે લઈ જવાનું સહજપણે બને એવી રીતે આપણાથી વર્તાય તો જ સાધનાની ભાવનાવાળા જીવનનું સાર્થક થતું ગણાય અને તો જ સાધનાનો કંઈક અર્થ ગણી શકાય.

## જોબન એ તાજું ફૂલ છે

શ્રીભગવાનને ચરણકમળે તાજાં જ ફૂલો ચડાવવાનાં હોય છે, તેવી રીતે જુવાનીમાં પ્રભુમય જીવન કરવાનું જેણે સ્વીકાર્યું છે તે જ વધુ યોગ્ય છે. જોબન એ તાજું ફૂલ છે. ઘડપણમાં મોટા ભાગે કોઈ ગોવિંદ ગાઈ શકવાનું નથી. જીવનની સાધના એટલી સહેલી નથી. સાધનામાં જોઈતાં સાહસ, હિંમત, અડગ પુરુષાર્થનું બળ, ઉત્સાહ, ખંત, ધીરજ વગેરે વગેરે ગુણો જુવાનીમાં જ ખીલેલા રહે છે, તે વેળાએ જીવનની સાધનામાં જો ખૂંપી જઈ શકવાનું બને તો એવા એના ગુણોનો ઉત્તરોત્તર વિકાસ થતો રહેવાનો છે. એવા ગુણો એની શ્રેષ્ઠ કક્ષાએ પહોંચીને, પરિપક્વપણે થઈ દિવ્યતાના અંશરૂપે પરિવર્તનને પામી શકવાના છે, ત્યારે તે ગુણ, ગુણ પણ નથી રહેતા પણ શક્તિરૂપે પ્રગટેલા હોય છે. ત્યારે એવા માનવીને ઘડપણ હોવા છતાં ઘડપણ નહિ હોય. જીવનની સાધના એ હાંસીખેલ નથી. એ તો મર્દાનગીના ખેલ છે. એના મહત્ત્વનો, ગંભીરતાનો ખ્યાલ હજુ આપણને પૂરેપૂરો પ્રગટેલો નથી. સર્વ પ્રકારે, સર્વ ભાવે જીવનને ન્યોછાવર કરી કરીને વારી વારી જઈને ત્યાગ, બલિદાન અને સમર્પણ કરવાની ઉત્કટ ભાવના પળેપળ જીવતીજાગતી રાખ્યા કરીને આપણે હોમાયાં જવાનું છે, તે જાણશોજી.

---

હરિઃૐ તા.૨૦-૧૨-૧૯૪૩

ઢાળની પોળ, અમદાવાદ

## અમારી પ્રેમકથની તે

(ગઝલ)

ગરીબી તે અમીરાઈ અમોને પ્રાણપ્યારી છે,
અમારી તે બધી મિલકત, અમારીયે ન તે રહી છે.
ગરીબીનું મઝા-અમૃત સહેવાયું ન એનાથી,
બધું લૂટી લીધું તેયે કર્યા ખાલી જ ધરમૂળથી.
ન દે રહેવા દશાયે તે દશા જુદી જુદી શી ત્યાં !
ભરાવે દમ પરે દમ શા ! થયા શા હાલ ન્યારા જ્યાં !
રહ્યું પ્રત્યક્ષ સહુ પેખો, અપ્રત્યક્ષે શમે પાછું,
અકળ એવી દશા કોઈ અરે ! જાણે, અજાણ્યું શું ?
બધું ભરપૂર આવે છે, બધું ભરપૂર લાગે છે,
બધું ભરપૂર ભરપૂરે શું પાછું લીન થાયે છે !
નજરમાં તે રહે પાછું, નજરમાં તે શમાયે ના,
નજરથી શું શમાઈને નજરમાંયે નજર રે' જ્યાં !
ભરીને પેટભર ખાધું છતાં ખાલી રહે કેવું !
પચીને જે ચરાચરમાં ફરીથી શું બધું વ્યાપ્યું !
થઈ જે ભાવથી વ્યક્ત છતાં ભાવે રહેલું તે,
અભાવે ભાવ શો લાગે ! અને ભાવે અભાવેયે.
ઊગે ભાવે અભાવેય દશા શી રીતથી એવી
- શકું શું વર્ણવી ? જેમાં શમાયું સૌ શમાવાથી.
અમોને પૂછશો ના કો, અમારી શી દશા છે તે,
'દશા છે ને નથી કોઈ ' અમારી પ્રેમકથની તે.

**॥ હરિઃૐ ॥**

# સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી....૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવન અંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં....૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં....૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં....૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં....૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હૃદયકેરા લોહીમાં,
રગરગમહીં, નખશિખમહીં,ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં....૬

ખટરસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં, પ્રાણમાં;
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં....૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં....૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડાઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવન-ભાતમાં,
રસીલું વણાયા ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં....૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ- સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવન-અંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયારૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ - **શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથેસાથે હૃદય પ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતવન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે.પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.
૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.
૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.
૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.
૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.
૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો, ફળની આસક્તિ છોડો, પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દૃઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દૃઢતર કર્યા કરો, અભીપ્સા, ઇન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વ્યવહારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદૃચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવન-સાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.
૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો.

- **શ્રીમોટા**

॥ હરિ:ૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. ‘મનને’ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું ‘ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ’ અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા-ટેપવાણી | ૧૮ |
| ૪. | શ્રીમોટા પ્રવચન-વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | |
|---|---|
| ૧૩. આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. ભાવ | ૧૯૭૧ |
| ૧૭. જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. જીવનઆહ્‌લાદ | ૧૯૭૨ |
| ૨૬. રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. મોહ | ૧૯૭૩ |
| ૩૬. કૃપા | ૧૯૭૩ |
| ૩૭. સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | શ્રીમોટાની દાંપત્ય-ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા-પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કૅન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

•

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા-ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | **મોટા** - મારી મા | ૨૦૦૩ |

•

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

•

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મ-મૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

१७. दुर्लभ देह मनुष्यनो २००७
१८. दैवासुर संग्राम २००७
१९. प्रसादी (गुजराती) २००८
२०. पूज्य श्रीमोटाना बे बोल २०१४
(तमाम पुस्तकोमांथी
लेखकना बे बोलनुं
स्वतंत्र पुस्तक)
२१. जीवनयोग भाग १
अने २ २०१६
२२. बुद्धि २०१७

●

## जीवनकवन

| नं. | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | श्रीमोटा-जीवन अने कार्य भाग-१,२ | १९७५ |
| २. | पारसलीला | १९७५ |
| ३. | तरणामांथी मेरु | १९७६ |
| ४. | विद्यार्थी **मोटा**नो पुरुषार्थ | १९८९ |
| ५. | महामना अब्राहम लिंकन | १९९३ |
| ६. | प्रेरक विभूति महात्मा गांधी | १९९४ |
| ७. | श्रीकेशवानंदजी धूणीवाळा दादा | १९९६ |
| ८. | गोधराना बापजीनुं जीवनचरित्र | १९९८ |
| ९. | मारी साधनाकथा | २००५ |
| १०. | पूज्य श्रीमोटाना वहाला झीणाभाई | २००५ |
| ११. | जीवन सार्थकतानी केडीए पूज्य श्रीमोटाना वहाला 'भाई' श्री नंदुभाईनी संक्षिप्त जीवनविकासगाथा भाग-१ अने २ | २०२० |

●

## अन्य पुस्तको

| नं. | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | श्रीमोटाचरणे | १९७० |
| २. | बाळकोना **मोटा** | १९८० |
| ३. | श्रीमोटा चित्रकथा | १९८७ |
| ४. | आहुति मंत्र अने आरती | १९९५ |
| ५. | हरिःॐ आश्रम श्रीभगवानना अनुभव काजेनुं स्थळ | १९९६ |
| ६. | कृपायाचना शतकम् | १९९६ |
| ७. | ध्येय अने ध्यान | २००० |
| ८. | चिदाकाश | २००० |
| ९. | प्रार्थना पोथी | २०१० |
| १०. | श्रीमोटा उपलब्धि अने उपदेश | २०१४ |
| ११. | श्रीमोटाचरणे आंतर प्रवेश | २०१६ |
| १२. | श्रीमोटाचरणे त्रिभाषी (गु. हिं. अं.) | २०१८ |
| १३. | बधुं आपणामां ज छे | २०१८ |
| १४. | समर्थ सद्‌गुरु पूज्य श्रीमोटा | २०१८ |

●

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तकों का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम (श्रीभगवानकेअनुभवकास्थान) | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के **मोटा** | २०१२ |
| ११. | विद्यार्थी **मोटा** का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet | 1948 |
| 2. | To The Mind | 1950 |
| 3. | Life's Struggle | 1955 |
| 4. | The Fragrance Of A Saint | 1982 |
| 5. | Vision Of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-Interest | 2005 |
| 9. | Inquisitiveness | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children | 2008 |
| 14. | Against Cancer | 2008 |
| 15. | Faith | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human To Divine | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace | 2012 |
| 20. | I Bow At Thy Feet | 2013 |
| 21. | Attachment And Aversion | 2015 |
| 22. | The Undending Odyssey (My Experience Of Sadguru Sri Mota's Grace) | 2019 |
| 23. | Pujya Shri Mota Glimpses of a divine life (Picture Book) | 2020 |
| 24. | Genuine Happiness | 2021 |

●

॥ હરિ:ૐ ॥



**કૃપા પ્રભુની કરી શું રહી છે !**
**ન ભાન એનું કશું માનવીને.**

'જીવન મંથન', પ્ર. આ., પૃ. ૯૨ **- શ્રીમોટા**